ધર્મોનું તુલનાત્મક અધ્યયન

[COMPARATIVE STUDY OF RELIGIONS]

: લેખક :

ડૉ. ભાસ્કર ગોપાળજી દેસાઈ

ફિલોસોફીના રીડર અને અધ્યક્ષ, જનરલ એજ્યુકેશન સેન્ટર,
તથા આચાર્ય, પ્રિ. યુનિ. આર્ટ્સ અને કૉમર્સ,
મ. સયાજીરાવ યુનિવર્સિટી, **વડોદરા.**

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

પુસ્તક પરિચય

આ પુસ્તકની ગૂંથણી ત્રણ વિભાગમાં થઈ છે. પ્રથમ વિભાગમાં ધર્મના સામાન્ય સ્વરૂપની ચર્ચા ઉપરાંત વિવિધ અધ્યયન પદ્ધતિઓની તથા તુલનાત્મક અધ્યયનના વિવિધ દૃષ્ટિબિંદુઓની વૈજ્ઞાનિક રીતે છણાવટ કરી ધર્મના તુલનાત્મક અભ્યાસીઓનું વલણ કેવું હોવું જોઈએ, તેની ચર્ચા કરી છે. ધાર્મિક સત્ય તથા ઐતિહાસિક દૃષ્ટિએ ધર્મના બદલાતાં સ્વરૂપોની રજૂઆત કરવામાં આવી છે.

બીજા વિભાગમાં જગતના પ્રવર્તમાન અગિયાર ધર્મોની તુલનાત્મક રૂપરેખા આપવામાં આવી છે. પ્રત્યેક ધર્મમાં કયા વિષયોની રજૂઆત થઈ છે તેનો તેમ જ એક ગતિશીલ બળ તરીકે જે તે ધર્મનો કેવો અને કેટલો વિકાસ થયો છે એનો અન્ય ધર્મોને અનુલક્ષીને વિચાર કરવામાં આવ્યો છે.

ત્રીજા વિભાગમાં ધર્મ સંસ્થાપક વિશે, ધર્મનાં સંગઠક બળો વિશે તેમ જ ધર્મનાં સ્થાપના સમય અને સ્થાન વિશેની ચર્ચા ઉપરાંત ધર્મોમાં ઉપદેશાયેલ ધર્મબોધ વિષય તુલના તથા ધર્મયુગલ તુલના પણ આ વિભાગમાં હાથ ધરાઈ છે. પ્રવર્તમાન ધર્મોની વિશિષ્ટતાઓને અનુલક્ષીને, સામ્યવાદને પણ ધર્મ તરીકે ઠેરવી, ધર્મના ભાવિ વિશેનો ખ્યાલ અપાયો છે.

વિવિધ વિદ્યાશાખાના તજ્જ્ઞોના સહકારયુક્ત વિચાર વિનિમયના પરિપાક જેવાં પંદર પરિશિષ્ટો પુસ્તકના ઉપયોગમાં સહાયરૂપ થવા ઉપરાંત એના મૂલ્યમાં અનેકગણો વધારો કરે છે.

આ વિષયક્ષેત્રમાં વધુ ખેડાણ કરવા ઇચ્છતા જિજ્ઞાસુ અભ્યાસીને આ પુસ્તકમાંથી અનેક ક્ષેત્રો મળશે.

ધર્મોનું તુલનાત્મક અધ્યયન

[COMPARATIVE STUDY OF RELIGIONS]

: લેખક :

ડૉ. ભાસ્કર ગોપાળજી દેસાઈ
ફિલોસોફીના રીડર અને
અધ્યક્ષ, જનરલ એજ્યુકેશન સેન્ટર,
તથા આચાર્ય, ફ્રિ. યુનિ-આર્ટ્સ અને કૉમર્સ,
મ. સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬.

પ્રકાશક :
શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ
અધ્યક્ષ
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬.

© યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૩

નકલ : ૧૦૦૦

કિંમત : ૩. ૨૩ = ૦૦

"Published by the University Book Production Board, Gujarat State under the Centrally Sponsored Scheme of production of Books and Literature in Regional Languages at the university level, of the Govt. of India in the Ministry of Education and Social Welfare (Department of Culture), New Delhi."

મુદ્રક :
શ્રી. પ્રફુલ્લભાઈ સી. શાહ
(ભાગીદાર)
શાહ બ્રધર્સ પ્રિન્ટિંગ પ્રેસ,
પાનકોર નાકા, અમદાવાદ

વિક્રેતા :
મેસર્સ બાલગોવિંદ બુકસેલર્સ,
ગાંધીરોડ,
અમદાવાદ-૧.

પ્રકાશકનું પુરોવચન

ઉચ્ચ કેળવણીનું માધ્યમ માતૃભાષા બને એ ખ્વાહિશ મૂર્તિમંત કરવી હોય તો યુનિવર્સિટીએ અનેક વિદ્યાશાખાઓ માટે વિપુલ ગ્રંથસામગ્રી તૈયાર કરવી જોઈએ. આ સામગ્રી અનેક કક્ષાના અને રસના વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓને ઉપયોગી થાય તે રીતે નિર્માણ થાય તો વિદ્યાવ્યાસંગનું ઉત્તમ કાર્ય હાથ ધરી શકાય. યુનિવર્સિટી કેળવણીનું સનાતન ધ્યેય યુવાન પેઢીમાં વિદ્યાવ્યાસંગની વૃત્તિ જન્માવવાનું છે. આ વૃત્તિ યુવાન વિદ્યાર્થીના માનસ જગતનું એક આજીવન અંગ બને તેવી ઇચ્છા આપણે સૌએ સેવવી જોઈએ.

આ ઇચ્છાને બર લાવવા માટે કેન્દ્રીય સરકારે રાજ્ય સરકાર દ્વારા હરેક ભારતીય ભાષા માટે ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન સહાય કરવાની હૈયાધારણ આપી ભૌતિક પરિસ્થિતિ સર્જી છે. આવી ભૌતિક સગવડના સંદર્ભમાં ઉત્તમ માનક ગ્રંથો ગુજરાતની નવી પેઢીને ચરણે ધરવાનો પડકાર યુનિવર્સિટીઓની વિદ્યાપ્રવૃત્તિ સાથે સંકળાયેલા સૌની સમક્ષ પડેલો છે.

ગુજરાત સરકારે ગ્રંથનિર્માણનું આ કામ ત્વરાથી અને અપેક્ષિત ધોરણે થાય તે હેતુસર યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની રચના કરી છે. આ બોર્ડ પર ગુજરાતની યુનિવર્સિટીઓના બધા કુલપતિઓ તેમ જ વિદ્વાનો, સંલગ્ન સરકારી ખાતાંઓના નિયામકો વગેરે નિયુક્ત થયા છે અને માનક ગ્રંથોની ધારણા પરિણામજનક બને તે માટે વિદ્યાશાખાવાર વિષયવાર અનુભવી વિદ્વાન પ્રાધ્યાપકોનાં મિલન યોજી એમની ભલામણ અનુસાર લેખન માટે પ્રાધ્યાપકોને નોતર્યા છે અને લખાણ સૂક્ષ્મ તથા ધ્યેયપૂર્ણ બને તે હેતુસર એવા જ વિદ્વાનોને પરામર્શક તરીકે નિમંત્ર્યા છે.

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં વિનયન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને સુયોગ્ય ગુજરાતી ગ્રંથો મળી રહે તે હેતુથી આ યોજના અન્વયે તૈયાર થયેલા પુસ્તક 'ધર્મોનું તુલનાત્મક અધ્યયન'ને પ્રકાશિત કરતાં હું આનંદ અનુભવું છું, એ આનંદમાં ઉમેરો એ વાતે થાય છે કે પુસ્તકના લેખક ડો. ભાસ્કર ગોપાળજી

દેસાઈ તદ્‌વિષયક જ્ઞાતા છે અને પોતાનાં જ્ઞાન અને અનુભવનો લાભ વિદ્યાર્થીઓને આપવાનું એમણે સ્વીકાર્યું છે.

પ્રેસ તથા બોર્ડના સ્ટાફે આ ગ્રંથ આ વિદ્યાના અભ્યાસીઓને જલદી પ્રાપ્ત થાય તે માટે જે જહેમત ઉઠાવી છે તે બદલ સૌનો આભાર માનું છું.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, **ઈશ્વરભાઈ પટેલ**
ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬ અધ્યક્ષ

પ્રસ્તાવના

ધર્મોના તુલનાત્મક અધ્યયનનું લખાણ કાર્ય હાથ ધર્યું ત્યારે મનમાં વસવસો હતો કે એ કામ ક્યારે પૂરું કરી શકાશે. મુરબ્બી શ્રી ઈશ્વરભાઈ પટેલ, અધ્યક્ષ, ગુજરાત રાજ્ય ગ્રંથ નિર્માણ બોર્ડ, તથા વેરાવળ કૉલેજના પ્રિન્સીપાલ શ્રી ઇન્દુભાઈ ત્રિવેદીનો પ્રેરણાથી આ કામ સરળ થઈ શક્યું છે. આ ક્ષેત્રમાંના આપણી ભાષામાંના પ્રથમ કાર્ય તરીકે સંતોષ આપે એવું આ કામ થયું છે એમ હું માનું છું. પરંતુ, આ તો માત્ર પ્રારંભ છે. ગુજરાતના અભ્યાસીઓ જો આ ક્ષેત્ર ખેડશે અને એમાંથી નવાં પ્રકાશનો બહાર આવશે તો આ કાર્યની યથાર્થતા રહેશે. ખેડાણના આવાં કેટલાંક ક્ષેત્રોનો ઉલ્લેખ આ પુસ્તકમાં મળશે.

આ પુસ્તકની ગુંથણી ત્રણ વિભાગમાં કરી છે : વિભાગ એકમાં સામાન્ય સ્વરૂપના કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કરી એની સમજ પામવા પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત, એ વિભાગમાં વિવિધ અધ્યયન પદ્ધતિઓ, તુલનાત્મક અધ્યયનનાં વિવિધ દૃષ્ટિબિંદુઓ તેમ જ તુલનાત્મક અભ્યાસીનું વલણ કેવા પ્રકારનું હોવું જોઈએ તેની ચર્ચા કરી, ધાર્મિક સત્ય તથા ઐતિહાસિક દૃષ્ટિએ ધર્મના બદલાતા સ્વરૂપની રજૂઆત કરવામાં આવી છે.

બીજા વિભાગમાં જગતના પ્રવર્તમાન અગિયાર ધર્મોની તુલનાત્મક રૂપરેખા આપવામાં આવી છે. પ્રત્યેક ધર્મમાં કયા મુદ્દાઓ ચર્ચાયા છે, તેમ જ એક ગતિશીલ બળ તરીકે ધર્મનો કેવો અને કેટલો વિકાસ થયો છે એનો, અન્ય ધર્મોને અનુલક્ષીને, એ વિભાગમાં વિચાર કરવામાં આવ્યો છે.

ત્રીજા વિભાગમાં ધર્મ વિશેના કેટલાક સામાન્ય પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે. ધર્મના સંસ્થાપક વિશે, ધર્મનાં સંગઠક બળો વિશે તેમ જ ધર્મના સ્થાપના સમય વિશેની ચર્ચા ઉપરાંત ધર્મોમાં ઉપદેશાયેલા ધર્મબોધ વિષયની તુલના તથા ધર્મ યુગલ તુલના પણ આ વિભાગમાં હાથ ધરાઈ છે. છેવટના ભાગમાં પ્રવર્તમાન ધર્મોની વિશિષ્ટતાઓને અનુલક્ષીને, ધર્મના ભાવિ વિશેનો ખ્યાલ આપવાનો પ્રયાસ કર્યો છે.

ધર્મ વિશે તેમ જ એને લગતા વિવિધ વિષયો વિશે તથા ધર્મના તુલનાત્મક અભ્યાસ વિશે ઘણા વિચારકોએ લખ્યું છે. એ બધાનો ફાળો આ પુસ્તક ઘડતરમાં છે એ સ્વીકારી એમનું, અને સવિશેષે એડ્વિન બર્ટ તથા રોબર્ટ હ્યુમનું ઋણ સ્વીકારું છું.

આ પુસ્તકમાં આપેલા કોઠાઓ, રેખાંકનો તથા પુસ્તકસૂચિ વગેરે જિજ્ઞાસુ અભ્યાસોને સૂચક અને સહાયરૂપ થશે એવી આશા રાખું છું.

પરિશિષ્ટો તૈયાર કરાવવામાં જનરલ એજ્યુકેશન સેંટરના કુ. નયનાબેન દેસાઈ તથા શ્રી. પદ્મમન દવે અને શ્રી ભૂપેન્દ્ર ગાંધીએ તથા શ્રી નીતિન વ્યાસે સહાય કરી છે એમનો હું આભારી છું. પરામર્શક શ્રી પ્રિ. આઈ. વી. ત્રિવેદી તથા વડોદરા વિશ્વવિદ્યાલયના ઇતિહાસ વિભાગના ડૉ. એસ. કે. દેસાઈ, આર્કિયોલોજી વિભાગના વડા પ્રો. રમણલાલ એન. મહેતા તથા ભૂગોળ વિભાગના વડા પ્રો. જાનકી સાથે આ અંગે થયેલી ચર્ચા વિચારણા ફળદાયી નીવડી છે, એ માટે એમનો પણ હું આભારી છું.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ તરફથી આ કામગીરી મને સોંપવામાં આવી તે માટે એમના કાર્યવાહકોનો તથા મારી યુનિવર્સિટીના સંચાલકોએ આ કાર્ય હાથ ધરવાની રજા આપી એ માટે તે એઓનો પણ હું આભારી છું. ભારત પ્રકાશનના સંચાલકોએ કુશળતાપૂર્વક અને ઝડપભેર મુદ્રણકાર્ય સંભાળ્યું એ માટે એમનો હું આભાર માનું છું.

આ પુસ્તકનો આમુખ લખવા માટે મુરબ્બી ઈશ્વરભાઈ પટેલ, કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી, નો હું અત્યંત આભારી છું.

વડોદરા, એપ્રિલ, ૧૯૭૩. —ભાસ્કર ગોપાળજી દેસાઈ

આમુખ

માનવ ઇતિહાસમાં માનવજીવનના ધારક અને પ્રેરક બળ તરીકે તેમ જ સમાજજીવનના ચાલક અને ગતિશીલ બળ તરીકે ધર્મનો સ્વીકાર થયેલો છે. પરંતુ, પ્રશ્ન એ થાય છે કે એ ધર્મ કયો ? ધર્મ એટલે શું ? આ મહત્ત્વનો પ્રશ્ન ડૉ. દેસાઈએ ઉપસ્થિત કર્યો છે અને એ કાળના પ્રવાહમાં શાશ્વત મૂલ્ય તરીકે ધર્મને રજૂ કરી, એના વિવિધ પ્રકારો, એનો વિકાસક્રમ તેમ જ એને અંગેના અનેકવિધ પ્રશ્નોની એમણે છણાવટ કરી છે.

ધર્મના તુલનાત્મક અધ્યયનમાં પ્રત્યેક ધર્મની ઓળખ અને અભ્યાસ સમાઈ જાય છે એ સ્વીકારી ડૉ. દેસાઈએ પુસ્તકના બીજા વિભાગમાં જગતના વિદ્યમાન ધર્મોની તુલનાત્મક રૂપરેખા આપી છે. આવી રજૂઆત કઈ રીતે થવી જોઈએ એના માપદંડ એમણે પોતે જ પુસ્તકના પહેલા વિભાગમાં વૈજ્ઞાનિક રીતે ઉપસાવ્યા છે અને એ આનંદની વાત છે કે તેમની, પ્રત્યેક ધર્મની રજૂઆત એ માપદંડે પાર ઊતરે છે. કોઈ પણ ધર્મ તરફ પક્ષપાત ન રાખતાં. માત્ર વૈજ્ઞાનિક દૃષ્ટિએ જ, પ્રત્યેક ધર્મના મહત્ત્વના સિદ્ધાંતોની, માન્યતાઓની, ધર્મગ્રંથોની, ધર્મ સંપ્રદાયોની, નીતિશાસ્ત્રની એમણે કરેલી રજૂઆત પ્રશંસાપાત્ર છે. સહજ એવી આશા રહે કે જેવી અને જેટલી રજૂઆત એમણે હિંદુધર્મની કરી એવી જ રજૂઆત બધા ધર્મ વિશે તેઓ કરી શકત તો વધુ સારું થાત.

પુસ્તકના ત્રીજા ભાગમાં ડૉ. દેસાઈએ ઘણી મૌલિક રજૂઆત કરી છે. ઇતિહાસ દૃષ્ટિએ ધર્મને અવલોકીને એમણે અનેક પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે અને તેના ઉત્તરો રજૂ કર્યા છે. ધર્મનાં સંગઠક બળો તરીકે તેમણે રજૂ કરેલાં બળો. ઉપરાંત તીર્થસ્થાન, તહેવાર જેવાં બીજાં પણ એવાં બળોને સ્વીકારી શકાય.

એ વિભાગમાં ધર્મબોધનો એક વિષય લઈને વિવિધ ધર્મોમાં એનું કેવું આલેખન થયું છે એની સમીક્ષા તેમ જ ધર્મ–યુગલોની તુલનામાં એમણે સૂચવેલા વિચારો જિજ્ઞાસુ વાચકની એકતરફે જિજ્ઞાસા સંતોષે તેવા છે તો બીજીતરફે જિજ્ઞાસાને ઓર પ્રદીપ્ત કરે છે.

ધર્મની વિશિષ્ટતાઓની સમજણ આપી સામ્યવાદની ધર્મ તરીકે કરેલી

રજૂઆત ખાસ ધ્યાન ખેંચે છે. એ જ પ્રમાણે ધર્મ સમન્વયના વિવિધ પ્રયાસોને આધારે ભાવિ ધર્મના સ્વરૂપની એમની રજૂઆત પણ વિચારણીય છે.

આખું પુસ્તક વાંચતા એવી સ્પષ્ટ છાપ ઊઠે છે કે લેખકે એક અભ્યાસી તરીકે આ વિષયની સરસ માવજત કરી છે. ભાષા સરળ અને પથ્થ રહી છે. સવિશેષ આનંદની વાત તો એ છે કે ડૉ. ભાસ્કરભાઈ દેસાઈએ આ ક્ષેત્રમાં ન ખેડાયેલા એવાં કેટલાંક કાર્ય સૂચનો કર્યાં છે. દાખલા તરીકે, પોતાનો ધર્મ છોડીને માનવી અન્ય ધર્મ શા માટે અપનાવે છે (પા. ૪૭), ઇતિહાસના કાળ પ્રવાહમાં અમુક નિશ્ચિત સદીમાં જ વિવિધ ધર્મોમાં વિરોધો કેમ જાગ્યા ? (પા. ૫૩), ધર્મને જીવંત રાખવામાં મંદિરોનો ફાળો કેટલો છે (પા. ૯૭), વ્યક્તિજીવન અને સમાજ-જીવનનાં કયાં મૂળભૂત તત્ત્વો યજ્ઞભાવનાના ઉત્પત્તિ અને સ્વીકાર માટે કારણભૂત છે (પા. ૧૦૫), એક જ ધર્મમાંથી વિવિધ સંપ્રદાયોનો ઉદ્ભવ કેવો થયો ? (પા. ૧૧૯), સામ્યવાદના પ્રણેતા કાર્લમાર્કસના વિચારોના મૂળ જિસસના ઉપદેશમાં નથી ? (પા. ૧૫૮), ધર્મપ્રચાર અને પ્રસારનાં ધાર્મિક પરિબળોનું સ્થાન શું છે અને એનો ફાળો કેવો અને કેટલો છે ? (પા. ૧૬૬), ધર્મ આધારિત દંતકથાઓ અભ્યાસની દૃષ્ટિએ શું સૂચવે છે, (પા. ૨૫૩), ધર્મોનો સમન્વયકારી સ્વીકાર માત્ર ચીન પ્રદેશમાં જ કેમ અન્ય ભૌગોલિક પ્રદેશમાં આવું કેમ નથી ? (પા. ૨૯૧), ધર્મઉદ્ભવ–વિકાસ–પતન;—ધર્મસુધારણા–પુનઃ પ્રસ્થાપન;–ધર્મ નાશ–ધર્મ વિસર્જનની પ્રક્રિયાનો અભ્યાસ (પા. ૨૯૯–૩૦૨). જિજ્ઞાસુ અભ્યાસીને ખેડાણનાં આવાં બીજાં ક્ષેત્રો પણ આ પુસ્તકમાંથી મળશે.

ડૉ. દેસાઈએ પા. ૩૧૦ પર કહ્યું છે: "ધર્મસ્થાપકો વિશેની આ વિચારણાની સમાપ્તિ એક પ્રશ્ન ઉપસ્થિત કરીને કરીશું. ધર્મસ્થાપકો પૈકી જરથુસ્ત, મહાવીર, બુદ્ધ, મહમદ, જિસસ વગેરે એમની ઉંમરના ત્રીશથી ચાલીસ વર્ષના ગાળામાં ધર્મસ્થાપનાના કાર્યમાં આગળ વધ્યા. શું માનવજીવનનો આ કાળ, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ, એવો કહી શકાય ખરો, જેમાં તેજસ્વિતા પ્રકટ થાય ?" પ્રશ્નોની આવી રજૂઆત ઉલ્લેખનીય એ વાતે છે કે આ પુસ્તક અહીં પ્રકટ થાય છે તે જ સમયે અમેરિકામાં આ જ પ્રશ્નના ઉત્તરરૂપ સંશોધનનો અહેવાલ ક્લિવલેન્ડ યુનિવર્સિટીના ડૉ. કેન રેગ્સે બહાર પાડ્યો છે.

પુસ્તકમાં આપેલાં કોઠાઓ, રેખાંકનો તેમ જ અંતે આપેલ વિવિધ પરિશિષ્ટો પુસ્તકના મૂલ્યમાં અનેકગણો વધારો કરે છે. અભ્યાસુ વાચકને તેમ જ સામાન્ય

વાચકને પણ એમાંથી સૂચક સામગ્રી પ્રાપ્ત થશે. સંદર્ભગ્રંથો તેમ જ પર્યાયસૂચિ પણ ઉપયોગી નીવડશે.

પુસ્તકમાં ધાર્મિક વિધિ, ધર્મસંજ્ઞાઓ તેમ જ ધર્મસ્થાપત્ય વગેરેના ઉલ્લેખો મળે છે ખરા પરંતુ એની વિશિષ્ટ રજૂઆત જોવા મળતી નથી. પુસ્તકની મર્યાદાને લીધે એમ બન્યું હોય એ સંભવે. પરંતુ ધાર્મિક આચરણ, ધાર્મિક વ્યવહાર વગેરે જેવાં ક્ષેત્રોનું વધુ ખેડાણ થવું જરૂરી ખરું.

ગુજરાતી ભાષામાં, આ વિષયનું, આવું પ્રથમ અભ્યાસપૂર્ણ પુસ્તક આપવા માટે ડૉ. ભારકરભાઈ દેસાઈ અભિનંદનને પાત્ર છે. એમની પાસે આવા વધુ ગ્રંથની આશા પણ આપણે રાખીશું.

ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ-૯, ૧૮-૩-૭૩

ઈશ્વરભાઈ પટેલ
કુલપતિ

અનુક્રમણિકા

વિભાગ ૧

કેટલાક પ્રશ્નો

૧.૧. શાશ્વત શું ? ૧
૧.૨. ધાર્મિક સત્ય ૯
૧.૩. ઇતિહાસ દૃષ્ટિએ ધર્મનું બદલાતું સ્વરૂપ ૧૨
૧.૪. ધર્મના અધ્યયનની પદ્ધતિઓ ૧૮
૧.૫. ધર્મોના તુલનાત્મક અધ્યયનના વિવિધ દૃષ્ટિબિંદુઓ ૨૬
૧.૬. ધર્મના તુલનાત્મક અભ્યાસીનું વલણ ૩૬
૧.૭. ધર્મના તુલનાત્મક અધ્યયનનો વિકાસ ૩૯
૧.૮. ધર્મોનું વર્ગીકરણ ૪૩

વિભાગ ૨

પ્રવર્તમાન ધર્મોની તુલનાત્મક રૂપરેખા

પ્રવેશક ૫૭
આપણી પદ્ધતિ
૨.૧. હિંદુધર્મ ૫૯
૩. સુધારાવાદી પ્રયાસો ૬૩
૪. આધુનિક સુધારાવાદી પ્રયાસો ૬૬
૫. હિંદુધર્મનું હાર્દ ૬૯
૬. હિંદુધર્મના કેટલાક સિદ્ધાંતો ૭૦
૭. હિંદુધર્મશાસ્ત્રો ૯૮
૮. હિંદુ નીતિશાસ્ત્ર ૧૦૦
૯. સ્વર્ગ અને નર્ક ૧૦૨
૧૦. યજ્ઞ ૧૦૩
૧૧. હિંદુધર્મ સંપ્રદાયો ૧૦૫

સંદર્ભ ગ્રંથસૂચિ

૨.૨. જૈનધર્મ — ૧૨૫
સંદર્ભ ગ્રંથસૂચિ
૨.૩. બૌદ્ધધર્મ ૧૩૩
સંદર્ભ ગ્રંથસૂચિ
૨.૪ હિબ્રૂ ધર્મ ૧૪૫
સંદર્ભ ગ્રંથસૂચિ
૨.૫ ખ્રિસ્તીધર્મ ૧૫૭
સંદર્ભ ગ્રંથસૂચિ
૨.૬ જરથુસ્તધર્મ ૧૮૧
સંદર્ભ ગ્રંથસૂચિ
૨.૭ ઇસ્લામ ૧૯૭
સંદર્ભ ગ્રંથસૂચિ
૨.૮ શીખધર્મ ૨૨૩
સંદર્ભ ગ્રંથસૂચિ
૨.૯ શિન્તોધર્મ ૨૩૮
સંદર્ભ ગ્રંથસૂચિ
૨.૧૦. ચીનના ધર્મો ૨૫૯
સંદર્ભ ગ્રંથસૂચિ

વિભાગ ૩

તુલનાત્મક અધ્યયન

૩.૧. સામાન્ય પ્રશ્નો ૨૯૭
૩.૨ ધર્મબોધ વિષય તુલના ૩૨૧
૩.૩. ધર્મ-યુગલ તુલના ૩૬૪
૩.૪ ધર્મનું ભાવિ ૩૮૬
૪. ઉપસંહાર
સંદર્ભ ગ્રંથ સૂચિ

પરિશિષ્ટો

૧. સામાન્ય સમય કોષ્ટક ૪૪૫–૪૪૮
૨. હિંદુધર્મ સમય કોષ્ટક ૪૪૮–૪૫૦
૩. હિબ્રૂધર્મ સમય કોષ્ટક ૪૫૦–૪૫૧
૪. જાપાન ધર્મ તવારીખ ૪૫૧–૪૫૩
૫. ખ્રિસ્તીધર્મ સમય કોષ્ટક ૪૫૩–૪૫૫
૬. ઇસ્લામધર્મ સમય કોષ્ટક ૪૫૬–૪૫૮
૭. શીખધર્મ સમય કોષ્ટક ૪૫૮–૪૫૯
૮. ધર્મ સ્થળાંતર–પ્રસાર કોઠો ૪૬૦–૪૬૭
૯. બૌદ્ધધર્મ પ્રસાર રેખાંકન ૪૬૭ : ૧–૨
૧૦. ખ્રિસ્તીધર્મ પ્રસાર રેખાંકન ૪૬૭ : ૩–૪
૧૧. ઇસ્લામધર્મ પ્રસાર રેખાંકન ૪૬૭ : ૫–૬
૧૨. ધર્મસંજ્ઞા રેખાંકન ૪૬૭ : ૭–૮
૧૩. ધર્મ પ્રાર્થના–સ્થાન રેખાંકન ૪૬૭ : ૯–૧૦–૧૧–૧૨
૧૪. પર્યાયસૂચિ ૪૬૮–૪૭૮
ગૂજરાતી–અંગ્રેજી ૪૬૮–૪૭૩
અંગ્રેજી–ગૂજરાતી ૪૭૪–૪૭૮
૧૫. શબ્દસૂચિ ૪૭૯–૫૧૬
શુદ્ધિપત્રક

વિભાગ–૧

પ્રવેશક : કેટલાક પ્રશ્નો

૧.૧ શાશ્વત શું ?

સતત રીતે પલટાતા રહેલા સમગ્ર સંજોગોમાં, પલટાતા રહેલા માનવીનો સદાયે કાળનો કોઈ એક સાથી ખરો ? પલટાતા રહેલા માનવના જીવન-પ્રવાહમાં કોઈ એક અંગનું સાતત્ય છે ખરું ? પલટાતી જીવનક્રમની ઘટમાળમાં માનવીનો કદીયે સાથ ન છોડનાર કોઈ સંગાથી ખરો ? આ બધાયે પ્રશ્નોનો વિચાર કરીએ ત્યારે એ બધાયનો ઉત્તર જો એક શબ્દમાં આપવાનો હોય, તો એમ કહી શકાય કે તે છે **ધર્મ.**

સતત વહેતા કાળ–પ્રવાહમાં કેટલાય યુગો વહી ગયા, કેટલાંયે રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં અને નાબૂદ થયાં, કેટલીયે સંસ્કૃતિ વિકસી અને કરમાઈ; અને એ બધાયે પલટાતા ક્રમમાં એક સાતત્ય રહ્યું કાળનું, અને બીજું સાતત્ય રહ્યું સામાન્ય સ્વરૂપે માનવનું. એ સામાન્ય માનવનો, કે વિશિષ્ટ રૂપે અસ્તિત્વ ધરાવતા વ્યક્તિગત માનવનો સદાકાળનો સાથી રહ્યો છે ધર્મ આથી જેટલો પુરાણો માનવ-ઇતિહાસ છે, એટલો જ પુરાણો ધર્મનો પણ ઇતિહાસ છે. અને જેમ માનવસમાજ અને માનવ પોતે કાળાનુક્રમે પલટાતા રહ્યા છે તેમ ધર્મ પણ પલટાતો રહ્યો છે. આમ બાહ્ય દૃષ્ટિએ પલટાતા માનવનો પલટાતો ધર્મ કોઈ પણ પ્રકારના સાતત્ય વિનાનો અને તેથી સત્ત્વહીન લાગે એમ બને, પરંતુ એની માન્યતા સ્વીકાર્ય નથી. ધર્મની સત્ત્વશીલતા એની ગતિશીલતા સાથે સુસંગત હોઈ શકે છે. ધર્મોનું તુલનાત્મક અધ્યયન આપણને આ આજની પ્રતીતિ કરાવે છે.

માનવ અને ધર્મ અનાદિ કાળથી એકમેક સાથે ઓતપ્રોત થયેલા હોઈ એ બન્ને વિષે મહત્ત્વની થોડી વિગતો મેળવવી આવશ્યક બને છે—ખાસ કરીને ધર્મોનું તુલનાત્મક અધ્યયન કરતા પહેલાં.

ઉત્ક્રાંતિવાદે આપણને એ બતાવ્યું છે કે આજનો માનવ ઉત્ક્રાંતિના કયાં કયાં સોપાનો વટાવી આજને તબક્કે આવ્યો છે. એ સોપાનોનું તાત્પર્ય બીજા અભ્યાસ-વિષયો માટે ભલે ગમે તે હોય પણ આપણા અભ્યાસ-વિષય માટે એનું તાત્પર્ય એ છે કે માનવ એક વિશિષ્ટ પ્રકારનું અસ્તિત્વ છે. સમગ્ર સૃષ્ટિના મુકાબલે માનવ અસ્તિત્વનો વિચાર કરીએ ત્યારે આપણને એ સ્પષ્ટ થાય છે કે માનવ અસ્તિત્વ સૃષ્ટિના ઉચ્ચતર સ્તરે છે. સૃષ્ટિના વિવિધ વિષય વિભાગો આ રીતે વિચારી શકાય :

ક. પદાર્થજગત

ખ. વનસ્પતિજગત

ગ. પ્રાણીજગત

ઘ. માનવજગત


માનવ એટલે ?

સૃષ્ટિક્રમની આ ગોઠવણીથી એ સિદ્ધ થશે કે પદાર્થજગત કરતાં વનસ્પતિ-જગતનો ક્રમ ઊંચો છે, એ બંને કરતાં પ્રાણીજગતનો ક્રમ ઊંચો છે અને એ બધાયે કરતાં માનવજગતનો ક્રમ ખાસ ઊંચો છે. ગતિ, સભાનતા, સમજ અને તર્કને આધારે તથા એના આધિપત્ય અનુસાર આ ક્રમ-ગોઠવણી પ્રાપ્ત થઈ છે. એમ કહેવાયું છે કે સમગ્ર સૃષ્ટિમાં માનવ કરતાં કંઈ મહાન નથી, અને માનવમાં એના મન કરતાં કંઈ મહાન નથી. આ કથનની યથાર્થતાની તપાસ એ આપણા ક્ષેત્ર બહારની વાત છે. પરંતુ એમાંથી કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. શું સૃષ્ટિમાં ખરેખર માનવી શ્રેષ્ઠ છે ? માનવીને એટલું આધિપત્યભર્યું સ્થાન આપવું ઉચિત છે ? માનવમાં રહેલું મન શું ખરેખર શ્રેષ્ઠ છે ? માનવનું અન્વેષણ કરતાં એનામાં કોઈ વિશિષ્ટ પ્રકારનાં અંગોનું દર્શન પ્રાપ્ત

થઈ શકે એમ નથી ? માનવ સિવાય અન્ય કોઈ અસ્તિત્વ કે બળ સૃષ્ટિના શ્રેષ્ઠ સ્થાને બિરાજમાન થાય એવું ન બને ? માનવે પોતાના સમગ્રતમ સ્વરૂપને અનુલક્ષીને સૃષ્ટિ-શ્રેષ્ઠતાનું સ્થાન કદીયે પ્રાપ્ત કર્યું છે ખરું ? માનવી જે તર્કયુક્ત પ્રાણી તરીકે ઓળખાય છે તે હંમેશા કે કદીયે તર્કનો ઉપયોગ કરે છે ખરો ? શું માનવમાં તર્કશક્તિ એ જ વિશિષ્ટ અને મહાન છે ?

માનવી એક એવા વિશિષ્ટ પ્રકારનું અસ્તિત્વ છે કે જેમાં પદાર્થજગત, વનસ્પતિજગત અને પ્રાણીજગતના અંશોનાં અસ્તિત્વ ઉપરાંત માનવજીવનનાં વિશિષ્ટ અંગોનો પણ સમાવેશ થાય છે. માનવીનો દેહ પદાર્થજગત સાથેનું એનું તાદાત્મ્ય સ્પષ્ટ કરે છે. ક્રમે ક્રમે થતો વિકાસ એનું વનસ્પતિજગત સાથેનું તાદાત્મ્ય આપે છે. સભાનતા, સ્વયંસંચાલિત ગતિ અને અનુભવ દ્વારા શિક્ષણના અંશો એનું પ્રાણીજગત સાથેનું તાદાત્મ્ય જાહેર કરે છે. પરંતુ માનવમાં આ બધાં અંગો હોવા છતાં બીજાં કેટલાંક અંગો પણ છે, સવિશેષ તો એનામાં એક અગોચર, અદૃષ્ટ—આ બધાં અંગોને સંકલિત કરે એવી એક સંકલનશક્તિ છે. તર્કશાસ્ત્ર ભલે તર્કને માનવના વિશિષ્ઠ ગુણધર્મ તરીકે આલેખે, છતાં તર્કમાત્રથી માનવજીવન પર્યાપ્ત નથી. માનવજીવનનું હાર્દ તર્ક નથી, પરંતુ અનુભૂતિ છે. એ અનુભૂતિ તર્કાધીન નથી પરંતુ અંતઃકરણાધીન છે. આમ, માનવની અંદર એક અંતર્યામી કે મહાન-માનવ સ્થાન ધરાવે છે. જેનું સૃષ્ટિના શ્રેષ્ઠની સાથે સાતત્ય છે. અને એ સાતત્ય પામવા માટે તર્ક એક સાધન નથી, ક્વચિત્ અવરોધક બને છે. માનવજીવનનાં વિવિધ અંગો પણ એની પ્રાપ્તિમાં સાધન સ્વરૂપે નહિ પરંતુ બહુધા વિઘ્ન સ્વરૂપે જ અનુભવાય છે; અને એથી અંતઃકરણ માનવ, માનવીનાં બાહ્ય સ્વરૂપી અંગો પર પ્રાધાન્ય પ્રાપ્ત કરી, અનુભૂતિના માર્ગે આગળ વધી, સૃષ્ટિ-શ્રેષ્ઠ સાથે તાદાત્મ્યની પ્રાપ્તિ અર્થે પ્રયત્નશીલ રહે છે. માનવમાં રહેલ આ આધ્યાત્મિક અંશ કેટલીકવાર દૈવી અંશ તરીકે પણ પ્રકટે છે. માનવના આ ઉચ્ચતમ અંશને પ્રાપ્ત કરવાને માટે તર્કના અંશથી આગળ વધવું માત્ર પૂરતું નથી. એ અંશ પ્રાપ્ત કરી શકાય એ માટે તો વચગાળે પ્રાપ્ત થતા નૈતિક અંશનો સ્વીકાર કરવો જરૂરી બને છે

માનવના જટિલ અસ્તિત્વ સ્વરૂપનો આપણે નીચેના કોઠા પરથી કંઈક ખ્યાલ પામી શકીએ :



આમ, આપણે એ જોઈ શકીશું કે માનવનું સમગ્ર અસ્તિત્વ જટિલ સ્વરૂપનું છે, અને એમાં વિવિધ અંગોનો સમાવેશ થાય છે. આ વિવિધ અંગોના વિવિધ અંશની શક્યતાને પરિણામે વિવિધ પ્રકારના માનવોનું અસ્તિત્વ છે. કેટલાકમાં એકાદું અંગ બૃહદ અંશે દૃષ્ટિગોચર થાય છે અને એથી એ વ્યક્તિનું જીવન એ રીતે આકાર લે છે—એનું જીવનકાર્ય એ રીતે અટોપાય છે—એનાં જીવનમૂલ્યો એ રીતે સ્વીકારાય છે—એનું જીવનધ્યેય એ રીતે નિર્ણીત થાય છે. આથી જ માનવસમાજમાં અનેક પ્રકારનો વિવિધતાનાં દર્શન થાય છે. આમ છતાં પ્રત્યેક વ્યક્તિમાં બધાં જ અંગો અસ્તિત્વ ધરાવે છે અને વ્યક્તિનું અસ્તિત્વ હોય ત્યાં સુધી પ્રત્યેક અંગ વત્તોઓછે અંશે અસ્તિત્વમાન છે જ.

ધર્મ એટલે ?

માનવ વિશેની થોડી મહત્ત્વની બાબતોની વિચારણા આપણે કરી. હવે ધર્મ અંગેની મહત્ત્વની થોડી બાબતોની વિચારણા કરીશું. શરૂઆતમાં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે ધર્મનું સ્વરૂપ સમજાવવાનો અહીંયાં આપણો પ્રયાસ નથી. અન્યત્ર આપણે એ પ્રશ્ન હાથ ધરીશું. ધર્મ અંગેની થોડી મહત્ત્વની વિગતો મેળવવા માટે આપણે વિવિધ ધર્મો તરફ એક દૃષ્ટિ કરીશું. પ્રત્યેક ધર્મ, ધર્મ વિશેનો કેવો ખ્યાલ ધરાવે છે તેના આધારે આપણે ધર્મ અંગે કંઈક ખ્યાલ મેળવી શકીશું. હિંદુ-

ધર્મ અનુસાર 'ધર્મ' શબ્દ 'ધર'માંથી પ્રાપ્તિ થાય છે. 'ધર' એટલે એકમેકને સાથે બાંધવા. આમ ધર્મ એટલે જે એકને બીજાની સાથે સાંકળે અથવા બાંધે તે. આ એક, અને બીજું કોણ ? એક માનવ અને બીજા માનવને સાંકળવાની વાત છે કે એક માનવ અને બીજા ઈશ્વરને સાંકળવાની વાત છે. હિંદુધર્મના વિકસેલ સ્વરૂપમાં "બ્રહ્મ સત્યં, આત્મા બ્રહ્મ ન અપરઃ" પ્રબોધાય છે. એથી બ્રહ્મ અને જીવને સંલગ્ન કરે તે ધર્મ.

ખ્રિસ્તીધર્મ અનુસાર ધર્મ માટે વપરાતો શબ્દ 'Religion' બે લેટિન શબ્દો 'Re' અને 'Legere' કે 'Ligare'માંથી ઊતરી આવ્યો છે. આ બે શબ્દોનો અર્થ "ફરી પાછા સાંકળવા" એમ થાય છે. ખ્રિસ્તીધર્મ અનુસાર માનવ એ ઈશ્વરનું સર્જન છે અને એથી માનવ માનવને સાંકળવાનું તેમજ બધાયે માનવોને પિતા ઈશ્વર સાથે સાંકળવાનું ધર્મનું કાર્ય છે.

ધર્મની વ્યાખ્યા આપતા એક જૈન સાધુ કહે છે, કે જગતના દુઃખોમાંથી જે માણસોને બહાર કાઢે અને તેમને હંમેશને માટે પરમ આનંદની અવસ્થા અર્પે તે ધર્મ.

મુસ્લિમધર્મને માટે વપરાતો શબ્દ 'ઇસ્લામ' ખૂબ જ સૂચક છે. આ શબ્દ 'સલામ'માંથી પ્રાપ્ત થાય છે, અને એનો અર્થ થાય છે 'શાંતિ'. આમ ઇસ્લામ એટલે ઈશ્વરનો શાંતિમય સ્વીકાર.

કેટલીક વેળા ધર્મને માટે 'મજહબ' શબ્દ પણ વપરાય છે. 'મજહબ' એટલે 'માર્ગ'— મજહબ એટલે ચરિત્રમય જીવનનો માર્ગ, આનંદની પ્રાપ્તિનો માર્ગ અને પ્રભુપ્રાપ્તિનો માર્ગ.

શિન્ટોધર્મમાં 'શિન્ટો' શબ્દનો અર્થ જાપાની ભાષામાં 'કામી-નો-મીચી' થાય છે. 'કામી' એટલે એક આદ્ય-આધ્યાત્મિક તત્ત્વના તણખારૂપે અસ્તિત્વ ધરાવતા આધ્યાત્મિક અંશો. કામી-નો-મીચી એટલે આધ્યાત્મિક તત્ત્વોનો માર્ગ જે દૈવી માર્ગ છે તે—અથવા ઈશ્વરનો માર્ગ છે તે.

આ જ પ્રમાણે ચીનના લાઓત્ઝે ધર્મને 'તાઓ' તરીકે ઓળખાવાય છે. 'તાઓ'નો અર્થ થાય છે 'માર્ગ'.'

વિવિધ ધર્મોમાં ધર્મ વિશે વપરાયેલ શબ્દો દ્વારા ધર્મનો જે મહત્ત્વપૂર્ણ ખ્યાલ આપણને પ્રાપ્ત થાય છે તે ધર્મને એક માર્ગરૂપે સૂચવે છે. એક એવો માર્ગ જે માત્ર અવલોકવાનો નથી, પરંતુ આચરવાનો છે. ધર્મ એક એવો માર્ગ છે જેના દ્વારા વ્યક્તિઓની વિવિધતા છતાં તેમનામાં ઓતપ્રોતતા પામી

શકાય છે; અને જેના દ્વારા પ્રત્યેક વ્યક્તિ વ્યક્તિ તરીકે અથવા તો વ્યક્તિસમૂહ સમૂહ તરીકે દૈવીતત્ત્વ સાથે એકરૂપતા પ્રાપ્ત કરી શકે છે. ધર્મ એક એવો માર્ગ છે જે જીવનની નીરસતા દૂર કરી જીવનના રસનું પાન કરાવે છે. જીવન ઝંઝાવાતની અશાંતિમાંથી શાંતિને માર્ગે લઈ જાય છે. મૃત્યુનો ભય અને તેનું દુઃખ દૂર કરીને અમરત્વની આશા આપે છે. અંધકારને દૂર કરી પ્રકાશ પાથરે છે. ધર્મ એક એવો માર્ગ છે જે માનવજીવનનાં વિવિધ અંગોને યોગ્ય રીતે ગોઠવી ઊર્ધ્વ અંગની પ્રાપ્તિ સહજ બનાવે છે. જેથી માનવ પોતાની નિમ્ન અવસ્થા ત્યાગી ઉચ્ચતમ અવસ્થાની પ્રાપ્તિના પ્રયાસમાં પ્રયત્નશીલ બને છે. માનવ જ્યારે પોતાની ઉચ્ચતમ અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે એ દૈવીતત્ત્વની સમીપ આવે છે. ત્યારે એ સંભવતઃ પોતે જ ઈશ્વરમય, સત્યમય, આનંદમય, સચ્ચિદાનંદ સ્વરૂપ બને છે. માનવ જ્યારે આ અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે કદાચ એને પ્રભુ-પ્રાપ્તિ માટેના કોઈ માર્ગની જરૂરિયાત ન રહે અને એથી એ કક્ષાએ વ્યક્તિ માટે સંભવતઃ કોઈ ધર્મ ન રહે. પરંતુ જ્યાં સુધી માનવી સામાન્ય સ્વરૂપનો માનવી છે અને એની દૃષ્ટિ કંઈક વધુ ઉચ્ચતર અને ઊર્ધ્વગામી તરફ તથા એનો પ્રયાસ તે પ્રાપ્ત કરવાનો છે અને ઉત્થાન સાધવાનો છે, જ્યાં સુધી એની ઝંખના અસત્યમાંથી સત્યમાં જવાની, મૃત્યુમાંથી અમરત્વમાં જવાની અને અંધકારમાંથી પ્રકાશમાં જવાના છે; ત્યાં સુધી એની આ ઝંખના કોણ સંતોષશે એ પ્રશ્ન મહત્ત્વનો બની રહે છે.

ધર્મના મહત્ત્વનાં થોડાં અંગોની, વિવિધ ધર્મોએ 'ધર્મ' શબ્દના આપેલા ખ્યાલને આધારે પ્રાપ્ત થતી માહિતી અનુસાર એમ કહી શકાય કે માનવની આ ઝંખના સંતોષવાની શક્તિ ધર્મ પાસે છે. એ અર્થમાં કે 'ધર્મ' એક માર્ગ ચીંધે છે, એક દિશા સૂચવે છે, એક અંગુલીનિર્દેશ કરે છે, એક આશા આપે છે. કદાચ આથી જ માનવ અને ધર્મ સદાકાળથી એકમેક સાથે ઓતપ્રોત થયેલા છે, અને એથી જ જ્યાં સુધી માનવનું અસ્તિત્વ હશે ત્યાં સુધી ધર્મનું અસ્તિત્વ પણ રહેશે જ.

પ્રત્યેક ધર્મ એક પ્રકારનું સત્ય આપે છે. કેટલાક ધર્મો ઈશ્વર પાસેથી લાધેલા સત્યની રજૂઆત કરે છે, બીજા કેટલાક સત્યની ખોજમાં સ્વપ્રયત્ને લાધેલા જ્ઞાનની રજૂઆત કરે છે.

ધાર્મિક સત્યમાં ઈશ્વરનું સ્વરૂપ, માનવ-જીવનું સ્વરૂપ અને જીવ-ઈશ્વરના સંબંધનો સમાવેશ થાય છે. અહીંયાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આવું ધાર્મિક સત્ય શી રીતે પ્રાપ્ત થાય છે? એનું સ્વરૂપ શું છે? આધુનિક સમાજમાં એ સ્વીકારાયું છે કે ધાર્મિક સત્યની પ્રાપ્તિ કેટલાક નિશ્ચિત માર્ગોએ પ્રાપ્ત થાય છે. ધર્મશાસ્ત્રોમાં આવો સ્વીકાર તો કયારનોય થયો છે, પરંતુ આધુનિક વિચારકો પણ હવે આ વાતનો સ્વીકાર કરતા થયા છે. ધાર્મિક સત્યની ઝાંખી માત્ર તેવા જ પુરુષને થાય છે જે ધર્મ તરફ વળ્યો છે. પરંતુ એની સાથે જ દિવ્ય ચેતનાનો સહકાર પણ અનિવાર્ય છે. આમ દિવ્ય ચેતના કે ઈશ્વર, ધર્મમાર્ગે સત્યની ખોજમાં આગળ વધતા માનવીને, સત્યનાં દર્શન કરાવે છે; અથવા તો એની સમક્ષ સત્યને પ્રત્યક્ષ કરે છે.

આમ, ધાર્મિક સત્યની પ્રાપ્તિના બે મુખ્ય માર્ગો ગણાવી શકાય—એક, બાહ્ય જગતના સ્વરૂપ પર મનન કરવાથી; અને બીજું, પોતાના અંતરાત્માની ખોજ કરવાથી.

જે ધાર્મિક સત્ય ધર્મપ્રવર્તકને કે પયગંબરને પ્રાપ્ત થાય છે એ વિવિધ રૂપે રજૂ કરાય છે. જ્ઞાનનો પ્રત્યેક પ્રયત્ન મહત્ત્વનો છે અને કોઈપણ સત્યજ્ઞાનમાં ધાર્મિક તાત્પર્ય સમાયેલું છે. આ અર્થમાં કોઈ એક પ્રજા કે કોઈ એક ધર્મના

ધર્મશાસ્ત્રો દ્વારા જ ધાર્મિક સત્ય પ્રાપ્ત થાય છે એમ કહી શકાય નહિ. ધાર્મિક સત્ય ગમે ત્યાંથી પ્રાપ્ત થયું હોય તોયે તે એવું છે કે સત્યની ખોજમાં પ્રવૃત્ત એવા પ્રત્યેક માનવીને એમાંથી પ્રેરણા અને બળ મળે છે.

પરંતુ, સત્યનું પ્રત્યેક અંગ દરેક માનવીને સમાન રીતે અસર કરે છે એમ નથી. વિવિધ પ્રકારનાં ધર્મશાસ્ત્રો એ વાતની સાક્ષી પૂરે છે કે પોતાની પ્રકૃતિ અનુસાર માનવીને ક્યાં તો સાહિત્યિક સ્વરૂપનું ધાર્મિક સત્ય અથવા તો રહસ્યમય વાણી અથવા તો તાત્ત્વિક ચિંતન અથવા તો નૈતિક સચ્ચાઈ અસરકારક લાગે છે.

પરંતુ જેટલે અંશે આપણે એમ કહીએ કે ધાર્મિક સત્ય ઈશ્વરે બક્ષેલ છે તેટલે અંશે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ધાર્મિક જ્ઞાન ખરેખર ઈશ્વરે બક્ષેલ છે એમ શી રીતે માની શકાય? બીજો એક પ્રશ્ન એ પણ ઉપસ્થિત થાય છે કે સર્વ સૃષ્ટિના સર્જનહાર જો એક જ ઈશ્વર હોય તો એ ઈશ્વર જુદા જુદા ધર્મસ્થાપકો અને પયગંબરોને જુદી જુદી વાણીમાં ધાર્મિક સત્ય કેમ રજૂ કરે છે?

આમાંનો છેલ્લો પ્રશ્ન આપણે પ્રથમ હાથ ધરીએ. ઈશ્વર માનવી સાથે જે ભાષામાં બોલે છે એ ભાષા સાથે જ્યાં સુધી પ્રત્યેક વ્યક્તિનો પ્રત્યક્ષ સંપર્ક ન થાય ત્યાં સુધી જાણી શકાય નહિ કારણ કે એ ભાષા કોઈ લૌકિક ભાષા નથી, કોઈ સંજ્ઞાની ભાષા નથી, કોઈ ધ્વનિની ભાષા નથી—એ ભાષા તો અંતરની ભાષા છે, અને તે જ વ્યક્તિ એ સાંભળી શકે, જેનું અંતર એટલું શુદ્ધ, પવિત્ર અને નિર્મળ હોય.

ઈશ્વરનો આદેશ પોતાના હૃદયમાં જે રીતે પ્રાપ્ત થાય અથવા ઝિલાય તેની રજૂઆત ભાષાસ્વરૂપે થાય છે, અને એવી રજૂઆતમાં એ સંભવિત છે કે એના કોઈ દોષ પ્રવેશે. ધાર્મિક જ્ઞાનમાં કે ધર્મ-પ્રણાલીમાં તફાવત હોઈ શકે. પરંતુ જેને આપણે ધાર્મિક સત્ય કહીએ છીએ એમાં, પ્રવર્તમાન વિવિધ ધર્મોને અનુલક્ષીને, કયા તફાવતો છે, તે શું આપણે કહી શકીએ? શું બધા જ ધર્મો જીવનના એક અંતિમ શુભ ધ્યેયની રજૂઆત કરતા નથી? શું પ્રત્યેક ધર્મ આ ધ્યેયસિદ્ધિની શક્યતા છે એમ સ્વીકારતો નથી? સૃષ્ટિમાં કંઈક તત્ત્વ છે એમ પ્રત્યેક ધર્મ સ્વીકારતો નથી? આવો એકમતી સ્વીકાર ધાર્મિક સત્ય સમજવે છે. આવા સત્યનું જ્ઞાન વિવિધ રીતે અને વિવિધ પ્રકારે રજૂ કરવામાં આવે એ સંભવે છે, અને એ જ પ્રમાણે ધ્યેયની પ્રાપ્તિને માટેના માર્ગો માટેના તફાવતો સંભવી શકે છે. ઉચ્ચતર નૈતિક મૂલ્યોના સ્વીકારમાં સમાનતા હોવા છતાં વિશિષ્ટ પ્રકારના નૈતિક વ્યવહારમાં તફાવતની સંભાવના હોઈ શકે.

આથી વિવિધ ધર્મોમાં રહેલા તફાવતને કારણે જ ધાર્મિક સત્ય શક્ય નથી એમ કહેવું એ તો સાગરમાં ટીપાને ન ઓળખવા બરાબર છે, અથવા તો વીજળીના તારમાં શક્તિને ન નિહાળવા બરાબર છે.

જો ધાર્મિક સત્ય ઈશ્વર-દીધેલ હોય તો એ ઈશ્વર-દીધેલ જ છે એમ શી રીતે કહી શકાય? એક તો એ સત્ય એવું હોવું જોઈએ જે પ્રકૃતિના સત્યથી વિરોધી ન હોય.

બીજું, એ સત્ય માનવને વધુ પવિત્ર બનાવી ઈશ્વરની સમીપ લાવવામાં માર્ગદર્શક હોય.

ત્રીજું, ધાર્મિક પ્રશ્નો અને મૂંઝવણોનો એમાં ઉકેલ પ્રાપ્ત હોય. એ એવું સત્ય હોય જે દ્વારા માનવીઓને નૈતિક અને આધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા મળે અને એમનું સમગ્ર જીવન શાંતિ અને સુખાકારીથી સભર બને.

જો ધાર્મિક સત્ય આ સ્વરૂપનું ન હોત તો માનવસમાજે એનો અનાદર કરીને એને ક્યારનુંય તરછોડ્યું હોત. પરંતુ ધાર્મિક સત્ય આજપર્યંત સ્વીકારાતું રહ્યું છે અને એ જ એનો દૈવત્વનો પુરાવો છે.

૧.૩ ઇતિહાસ દૃષ્ટિએ ધર્મનું બદલાતું સ્વરૂપ

ધર્મનું માનવજીવનમાં સ્થાન અને કાર્ય શું છે એ મહત્ત્વનો પ્રશ્ન છે. માનવજીવનનું એવું કયું કાર્ય છે જે તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન કે કળા કે અન્ય કોઈ વિદ્યા પરિપૂર્ણ ન કરી શકે અને જે માત્ર ધર્મથી જ થઈ શકે? આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે માનવી જે ધાર્મિક વિકાસના તબક્કાઓમાંથી પસાર થયો છે તે દરમ્યાન ધર્મના સંસર્ગમાં રહી માનવીએ શું પ્રાપ્ત કર્યું છે એથી જાણી શકાય.

માનવના દીર્ઘકાળના ધર્મખેડાણને પરિણામે જે પ્રાપ્તિ થઈ છે તે આમ રજૂ કરી શકાય :

એક, માનવી એક એવી સત્તા કે સત્તાઓ શોધી શક્યો છે જેનું વિશ્વમાં આધિપત્ય છે અને જેના દ્વારા અને જેની મદદથી પોતાની કોઈપણ વિષમ જરૂરિયાતોને પૂરી પાડી શકાય.

બીજું, આ સર્વસત્તાધીશ સત્તા સાથે એ એક પ્રકારનો અસરકારક સંબંધ બાંધે છે જેથી પોતાની જરૂરિયાતો એ થોડે કે વધુ અંશે પ્રાપ્ત કરી શકે.

આમ, માનવીની ધાર્મિક લાગણી અનુસારનું દૈવીતત્ત્વ એક એવી સત્તા છે અને માનવનો આત્મા એ માનવજીવનમાં રહેલો એક એવો પાયો છે જે આ જરૂરિયાતો પૂરી કરવાને માટે પ્રયત્નશીલ બને છે.

આપણે ઉપર રજૂ કરેલા પ્રશ્નોનો આ એક સામાન્ય ઉત્તર થયો.

આ પ્રશ્નનો ઉત્તર વધુ સ્પષ્ટ રીતે પ્રાપ્ત થઈ શકે એ માટે આદિમ જાતિના માનવીનો ધર્મ અને સુસંસ્કૃત માનવીના ધર્મ વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.

આદિમ જાતિનો માનવી ઘણી રીતે નબળો છે. જ્ઞાનના ક્ષેત્રમાં હજી તો એણે પાપા પગલી પણ માંડી નથી, તો પછી પ્રકૃતિના માર્ગોના નિશ્ચિત જ્ઞાનની આશા તો એની પાસે કેમ જ રાખી શકાય? એનું જીવન પણ વિષમતાઓથી ભરપૂર છે આથી આદિમ માનવીના ધર્મમાં જે દૈવીતત્ત્વો સ્વીકારાયાં છે તે એનાં જીવનની જરૂરિયાતને અનુલક્ષીને સ્વીકારાયાં છે. પોતાના જીવનક્રમને અવરોધક એવાં બળોનો એણે સામનો કરવાનો છે. એ બળોનું જ્ઞાન એને નથી. એમનો સામનો કરવાની એની પાસે શક્તિ નથી. એથી એની પાસે એ બળોને રીઝવીને મનાવી લઈ જીતી લેવા સિવાય બીજો કોઈ આરો નથી.

પરંતુ જેમ જેમ જ્ઞાનનો વિકાસ થતો ગયો અને વિજ્ઞાનની પ્રગતિ થતી ગઈ તેમ તેમ આદિમ માનવે સ્વીકારેલા દૈવીતત્ત્વોનું મહાત્મ્ય ઘટવા માંડ્યું અને દૈવીતત્ત્વનું સ્થાન પ્રાકૃતિક શક્તિના વિચારે લીધું. પરંતુ એની સાથે એ શક્તિને નાથી શકાય એમ છે એમ પણ એ માનતો થયો. એક બાજુ વિજ્ઞાનનો વિકાસ થયો અને તેની સાથે સાથે માનવસંસ્કૃતિ પણ પલટાવા લાગી. આવા સુસંસ્કૃત માનવસમાજની મુખ્ય જરૂરિયાતો શી હોઈ શકે? એ જરૂરિયાત સમજવાને માટે સુસંસ્કૃત સમાજના સામાન્ય ચિત્રથી પરિચિત થવું જરૂરી છે. સુસંસ્કૃત માનવી નિમ્ન કક્ષાનાં કુદરતી બળોને દેવસ્થાને બેસાડતો નથી, તેમ જ એમની સાથે કોઈ પ્રકારનો ભાવાત્મક સંબંધ સ્થાપવાને અહર્નિશ પ્રયત્નશીલ છે એમ પણ નથી. ખરી રીતે તો એક માનવજૂથ બીજા માનવજૂથની સાથે સતત સંઘર્ષમાં છે અને પોતાના આત્મરક્ષણની તેમ જ બીજા પર પોતાનું વર્ચસ્વ સ્થાપવાની ઘેરવીમાં રચ્યું રહે છે. આ સંઘર્ષ જાતિ–જાતિ વચ્ચે જ નહિ, રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચે જ નહિ, માત્ર ગરીબ અને તવંગર વચ્ચે નહિ, શાસક અને આમપ્રજા સમુદાય વચ્ચે નહિ; પરંતુ વ્યક્તિની પોતાની અંદર પણ આવો સંઘર્ષ ચાલ્યા જ કરતો હોય છે. પ્રત્યેક વ્યક્તિ એક અલ્પજીવ તરીકે સ્વાર્થી અને સ્વરસનાં હિતોની પ્રાપ્તિને માટે પ્રયત્નશીલ રહે છે અને એની સાથે જ જન-સમુદાયના હિતાર્થે કાર્ય કરવા પણ તત્પર રહે છે. પ્રત્યેક માનવ–વ્યક્તિ સ્વહિત અને પરહિતના ઉંબરે એવી રીતે ખડી છે કે એનું અડધું અંગ સ્વહિત પક્ષે અને અડધું પરહિત પક્ષે છે. આ સંઘર્ષમાં ઘણીયે વેળા વ્યક્તિ પોતે અલોપ અને અદૃશ્ય થાય છે અને ક્યાં તો વ્યક્તિના નિમ્નતમ સ્વાર્થી હેતુઓનું સામ્રાજ્ય જામે છે, અથવા તો પરહિતનો ઇજારો સેવતાં જૂથો વ્યક્તિને

સદંતર ગુલામીની અવસ્થામાં સ્થાપે છે. એમાંથી એકેયમાં વ્યક્તિનો પોતાનો માનવ તરીકે, અને ખાસ કરીને ઊર્ધ્વગામી માનવ તરીકે, ઉદ્ધાર થતો નથી.

આવી પ્રવર્તમાન સુસંસ્કૃત સમાજની પરિસ્થિતિમાં માનવની જરૂરિયાત એ પ્રકારની હોઈ શકે :

એક, વ્યક્તિજીવન કે સમાજજીવનનું ધ્યેય સંઘર્ષ હોઈ શકે નહિ. આથી સૌપ્રથમ જરૂરિયાત તો વ્યક્તિની અંદરના સંઘર્ષને અને સામાજિક સંઘર્ષને મીટાવવાની છે. આ સિદ્ધિ કોઈ અલૌકિક શક્તિ શોધીને તેના દ્વારા મેળવી શકાય—એમની મદદથી આ સંઘર્ષના ઉકેલનો માર્ગ લાધે તેમ જ એની પ્રાપ્તિમાં એમના તરફથી બળ મળે.

બીજું, માનવમાં રહેલી જિજ્ઞાસાવૃત્તિના સંતોષને માટે પ્રત્યેક તબક્કે માનવી કંઈક ઉત્તમ તત્ત્વ, દૈવી તત્ત્વ, પરમ તત્ત્વની ખોજમાં મંડ્યો રહે છે. આવી ખોજને પરિણામે કથાં તો પ્રત્યેક માનવી પોતાના આત્માની ગતિશીલ એકતા શક્ય બનાવે અથવા તો માનવ-માનવ વચ્ચે સમજણપૂર્વકના સ્નેહથી એક પ્રકારનું સામંજસ્ય સર્જે અથવા સૃષ્ટિમાં રહેલા પરમ તત્ત્વની સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરવાનું શક્ય બનાવે. સુસંસ્કૃત માનવી આમાંની એક કે વધારે શક્યતાઓને માર્ગે જેમ જેમ આગળ વધે તેમ તેમ એને સિદ્ધિનો ખ્યાલ થાય અને માત્ર તૃષ્ણાઓના સંતોષથી પ્રાપ્ત થતા આનંદ કરતા સવિશેષ પ્રકારનો સંતોષ અને આનંદ અનુભવી શકે.

આમ, આંતરમન અને બાહ્યમન વચ્ચેના સંઘર્ષનું સમન્વયીકરણ; વ્યક્તિ-જીવ અને સમાજજીવોની વચ્ચેના સંઘર્ષનો ઉચ્છેદ અને સામંજસ્યની સ્થાપના; તથા વિશ્વના અલૌકિક તત્ત્વની સાથે વ્યક્તિની એકરૂપતા; કઈ વિશિષ્ટ વિદ્યા સંસ્કૃત સમાજમાં પોતાનું અભ્યાસક્ષેત્ર બનાવે છે? વિજ્ઞાન, કળા, તત્ત્વજ્ઞાન, રાજકારણ વગેરે આમાંના એક કે વધારે અંગથી સંબંધિત હોય તોયે એની શોધને પોતાનું, ક્ષેત્ર બનાવતા નથી અને આમાં જ આધુનિક સંસ્કૃત સમાજમાં ધર્મના ફાળાનો ખ્યાલ પ્રાપ્ત થાય છે. ધર્મ માનવની પૂર્ણતાની પ્રાપ્તિનું કાર્ય પોતાને શિરે લે છે. ધર્મની સહાય વિના માનવી સુસંસ્કૃત સમાજમાં સંપૂર્ણ માનવી ભાગ્યે જ બની શકે.

અહીંયાં એક વાતનો ઉલ્લેખ કરી લેવો જરૂરી છે. પ્રત્યેક ધર્મનો ઈશ્વરવાદ જે સ્વરૂપે પ્રાપ્ત છે તેને તે જ સ્વરૂપે આધુનિક સુસંસ્કૃત સમાજ ન સ્વીકારે એ સમજી શકાય એમ છે. કારણ કે ઈશ્વરવાદનો કોઈપણ મત આદિમ માનવીનો અને

આધુનિક માનવીની જરૂરિયાતોમાં મહત્ત્વનો તફાવત કરતો નથી. તો પછી પ્રશ્ન એ ઊઠે છે કે સંસ્કૃત સમાજમાં ધર્મ પોતાનો વિશિષ્ટ ફાળો શી રીતે આપી શકે? એ એનું કાર્ય શી રીતે આટોપે? જે જરૂરિયાત એને પૂરી પાડવાની છે એ શી રીતે પૂરી કરી શકે?

આ પ્રશ્નોના ઉત્તર પામવાને માટે સંસ્કૃત સમાજમાં પ્રવર્તમાન ધર્મોનાં સમાન તત્ત્વો તરફ એક નજર ફેંકવી જરૂરી બને છે.

પ્રથમ, એમ કહી શકાય કે પ્રત્યેક ધર્મ પોતાની રીતે એક આદર્શ જુએ છે, અને એને સિદ્ધ કરવા માટેનો માર્ગ પણ આપે છે. એટલું જ નહિ, પ્રત્યેક ધર્મ જીવન જીવવાને માટેના મહત્ત્વના નીતિનિયમો પણ આપે છે. ધર્મે આપેલ નીતિ જીવનના આ આદેશોનું માનવજીવનમાં સમજપૂર્વક પાલન કરવામાં આવે તો વ્યક્તિના પોતાના સંઘર્ષો દૂર થાય, એટલું જ નહિ પરંતુ વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંઘર્ષો પણ દૂર થાય અને એક ભ્રાતૃસમાજનું સર્જન થઈ શકે.

બીજું, આદિમ જાતિના ધર્મમાં સ્વીકારાયેલ આદિમ દૈવીતત્ત્વનો પ્રત્યેક પ્રવર્તમાન ધર્મ અસ્વીકાર કરે છે, એટલું જ નહિ પરંતુ એ એક એવા દૈવી-તત્ત્વનો સ્વીકાર કરે છે, જે સર્વોપરી છે, સર્વસત્તાધીશ છે અને સર્વવ્યાપક છે. બધુમાં એ સર્વોપરી સત્તા ભયકારક છે, અન્યાયી છે કે ઘાતકી છે એવો ભાવ પણ સદંતરપણે નાબૂદ થયો છે. એથી ઊલટું એ પરમ તત્ત્વની પ્રાપ્તિ શક્ય છે, અને ક્યાં તો એની સાથે એકરૂપતા શક્ય છે અથવા તો એની દયા અને કૃપાથી માનવસમાજના ઉદ્ધારનો શક્યતા છે એ સ્વીકારાયું છે. આવું દૈવીતત્ત્વ એક તરફે નૈતિક પૂર્ણતા આપે છે તો બીજી તરફે તાત્ત્વિક એકત્વ પણ પૂરું પાડે છે.

ત્રીજું, દરેક પ્રવર્તમાન ધર્મ ઈશ્વરપ્રાપ્તિનો એક નિશ્ચિત માર્ગ સૂચવે છે તથા તેની પ્રાપ્તિમાં કયા અવરોધક બળો છે એનો પણ ખ્યાલ આપીને એનો સામનો શી રીતે કરી શકાય એ પણ સૂચવે છે. આ માર્ગ, એનાં સોપાનો તથા એનાં અવરોધક બળો અને તેના સામનાના પ્રકાર વિશે વિવિધ ધર્મોમાં ભિન્નતા હોઈ શકે.

ચોથું, પ્રવર્તમાન ધર્મોનો અભ્યાસ, સંસ્કૃત સમાજે જે એક પ્રેરણાદાયી દૃશ્ય જોયું છે એનો પરિચય કરાવે છે. પ્રત્યેક ધર્મ એવા કેટલાય દૈવ પુરુષોનો ઉલ્લેખ કરે છે, જેમની વાણીમાં, જેમના જીવનમાં, જેમનાં કાર્યોમાં સર્વ પ્રકારના સંઘર્ષનો અભાવ હોય અને એક પ્રકારનું સમગ્ર સમન્વયકારી અસ્તિત્વ હોય. જગત-ના આવા દૈવ પુરુષોમાં મહાવીર, કન્ફ્યુશિયસ, બુદ્ધ, જિસસ, નાનક, મહમદ વગેરેનો સમાવેશ કરી શકાય. આ બધા જ મહાનુભાવોએ સંસ્કૃત માનવસમાજ માટે

એક એવો માર્ગ ચીંધ્યો છે જે અખત્યાર કરવાથી માનવી સર્વ સંઘર્ષોને મિટાવી પ્રગતિમય જીવનનો આશા રાખી શકે.

આમ, આપણે એ જોઈ શકીશું કે આધુનિક સમાજના ધર્મનું સ્વરૂપ અને કાર્ય આદિમ જાતિના ધર્મ સ્વરૂપ અને કાર્ય કરતાં ભિન્ન છે. કેટલાક વિચારકો ધર્મના આ બદલાતા સ્વરૂપને ત્રણ મુખ્ય તબક્કાઓમાં વહેંચીને સમજાવવા પ્રયાસ કરે છે. એમના મતાનુસાર ધર્મનો પ્રથમ તબક્કો આદિમ જાતિ ધર્મ, બીજો તબક્કો રાષ્ટ્રીય ધર્મ અને ત્રીજો તબક્કો સર્વદેશીય ધર્મનો છે. આ દૃષ્ટિએ વિચારવામાં આવતા ધર્મના પલટાતા સ્વરૂપને નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

UNIVERSAL RELIGION
|
Monotheism
|
Pantheism
|
Henotheism
|
Monarchianism
|
Polytheism
|
NATIONAL RELIGION
Polydaemonism
|
Fetishism
|
Spiritism
|
Animism
|
Living Spirits
↑
Mana
TRIBAL RELIGION

ધર્મના વિકાસની અને તેના પલટાતા સ્વરૂપની આવી રજૂઆત વિશે એક પ્રશ્નની છણાવટ કરવી જરૂરી છે. કોઈપણ ધર્મને સાર્વત્રિક કે રાષ્ટ્રીય કે આદિમ ક્યા આધારે કહી શકાય ? જો માત્ર ધર્મના ભૌગોલિક વિસ્તાર તરીકે આધાર લેવામાં આવે અથવા તો જનસમુદાયની જાતિને આધાર તરીકે લેવામાં આવે તો શું એ વાજબી આધાર તરીકે લેખી શકાય ?

ધર્મનો માત્ર ભૌગોલિક વિસ્તાર કે ધર્મ-અનુયાયીઓનું જાતિ પ્રકારનું વર્ગીકરણ ધર્મને આ રીતે અવલોકવા માટે યોગ્ય નથી. એનો વાજબી આધાર તો પ્રત્યેક ધર્મમાં ક્યાં તત્ત્વો અને અંગો સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે, અને એનો કેવો માવજત થઈ છે એના આધારે થઈ શકે.

આપણે ઉપર રજૂ કરેલી વિચારણા પરથી એ સ્પષ્ટ થશે કે પ્રત્યેક પ્રવર્તમાન ધર્મ આધુનિક સંસ્કૃત સમાજની જરૂરિયાતો પૂરી પાડવાને માટે કટિબદ્ધ છે, એટલું જ નહિ પરંતુ એક જનસમુદાયમાં ઉપસ્થિત થયેલ ધર્મ, બીજા જનસમુદાયને પણ સ્વીકાર્ય બને છે. આ દૃષ્ટિએ વિચારતાં એમ કહી શકાય કે પ્રત્યેક ધર્મમાં સમાવિષ્ટ તત્ત્વો વ્યક્ત કે જૂથ સ્વરૂપનાં નહિ, પ્રદેશ કે ભાષા સ્વરૂપનાં નહિ પરંતુ સનાતન અને સાર્વત્રિક સ્વરૂપનાં છે. એથી કોઈ એક જ ધર્મને, કે વધારે ધર્મોને સાર્વત્રિક લેખવા, અને એને મુકાબલે, બીજા ધર્મોને રાષ્ટ્રીય કે આદિમ ગણવા એ બરાબર નથી.

બીજી દૃષ્ટિએ વિચારીએ તો પ્રત્યેક પ્રવર્તમાન ધર્મમાં પણ આદિમ અને રાષ્ટ્રીય ધર્મના અંશો અસ્તિત્વમાન નથી જ એમ કેમ કહી શકાય ? એ અંશોના સુભગ પરિવર્તનની પ્રક્રિયા પ્રત્યેક ધર્મમાં ચાલી રહી છે. જે મહત્ત્વનું છે તે આવાં તત્ત્વોના અસ્તિત્વનું નહિ પરંતુ એ તત્ત્વોના પરિવર્તનના પ્રયાસનું. આમ, પ્રત્યેક પ્રવર્તમાન ધર્મ પરિવર્તનશીલ છે અને પ્રગતિના પંથે છે.

૧.૪ ધર્મના અધ્યયનની પદ્ધતિઓ

માનવજીવનમાં ધર્મનું મહત્ત્વનું સ્થાન છે. તેથી વિવિધ રસવૃત્તિવાળા માનવોએ ધર્મનો અભ્યાસ હાથ ધર્યો છે. ધર્મના થયેલા આવા અભ્યાસમાં કોઈ એક કે વધારે પદ્ધતિઓનો આશરો લેવામાં આવ્યો છે. અહીંયાં આપણે ધર્મના અભ્યાસની વિવિધ પદ્ધતિઓનો આછો ખ્યાલ મેળવવાનો પ્રયત્ન કરીએ.

૧. ઐતિહાસિક પદ્ધતિ :

આપણે એ જોયું કે ધર્મ માનવ જેટલો જ પુરાણો છે. પરંતુ આપણી સમક્ષ એ પ્રશ્ન સહેજે ઉપસ્થિત થાય કે કાળના વહેતા પ્રવાહમાં ધર્મનું સ્વરૂપ અને પ્રકાર એક સરખા જ રહ્યા છે કે પલટાતા રહ્યા છે? કાળના ક્રમના કયા તબક્કે ધર્મની ઉત્પત્તિ થઈ છે? વિવિધ પ્રદેશોમાં ધર્મની ઉત્પત્તિ એક જ કાળે થઈ છે ખરી? જો ધર્મની ઉત્પત્તિ પ્રદેશાનુસાર વિવિધ સમયે થઈ હોય તો એમ શા માટે? કાળના પ્રવાહમાં ધર્મની પ્રગતિ કઈ રીતે થઈ છે? એ પ્રગતિ એકધારી રહી છે? ધર્મ, ગતિશીલ બળ કહીયે બન્યું છે ખરું? કયાં, કયારે અને કેવી રીતે? વ્યક્તિ અને સમાજના પરિવર્તનમાં ધર્મનો શું ફાળો છે? એ પરિવર્તન ધર્મ દ્વારા કેવી રીતે નીપજ્યું છે? ધર્મનો ઐતિહાસિક અભ્યાસ, આ અને આવા અનેક પ્રશ્નો હાથ ધરે છે અને એનો ઉત્તર આપવાનો પ્રયાસ કરે છે.

સમય એ એક નિશ્ચિત હકીકત છે, અને એથી એને અનુલક્ષીને બીજી કેટલીયે પલટાતી પરિસ્થિતિની સમજ પ્રાપ્ત કરી છે. પાછળ આપેલ પરિશિષ્ટ

ઉપરથી એ ખ્યાલ આવી શકશે કે ઈ. સ. પૂર્વે ૬૫૦ થી ૫૫૦ સુધીમાં, એટલે કે એ એક સદીના ગાળામાં, જગતના પ્રવર્તતા અગિયાર ધર્મોમાંથી, છ જેટલા ધર્મો અસ્તિત્વમાં આવ્યા. આ એક ઐતિહાસિક હકીકતની સમજ ઐતિહાસિક પદ્ધતિ આપણને આપી શકે.

આવી જ રીતે પ્રત્યેક ધર્મમાં કાળાનુક્રમે ઊપજેલા વિવિધ સંપ્રદાયો પણ્યાં ઐતિહાસિક પરિબળોને પરિણામે નીપજ્યાં એની સમજ ઐતિહાસિક પદ્ધતિ આપણને આપી શકે

ધર્મના ઇતિહાસ વિશે લખાયેલાં વિવિધ પુસ્તકો બહુધા ઐતિહાસિક પદ્ધતિનો સ્વીકાર કરી તેનો ઉપયોગ કરે છે.

૨. તાત્ત્વિક પદ્ધતિ :

સામાન્ય રીતે એમ કહેવાય છે કે તત્ત્વજ્ઞાન એ વિજ્ઞાનનો પાયો છે. એક અર્થમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનું ધ્યેય સમાન છે. ધર્મ ઈશ્વરનો સ્વીકાર કરીને, એની પ્રાપ્તિના પ્રયાસમાં પ્રયત્નશીલ રહે છે. ઈશ્વરના સ્વીકારનો ધર્મનો આધાર સવિશેષ અંતઃઅનુભૂતિ કે શ્રદ્ધા છે. કોઈપણ અભ્યાસ-વિષય જે કાંઈ સ્વીકારી લે છે એની ચકાસણી કરવાનું કાર્ય તત્ત્વદર્શન કરે છે, અને એ તત્ત્વના સ્વરૂપની સાથે જે તે અભ્યાસે સ્વીકારેલ સત્ય કે હકીકત કેટલે અંશે સુસંગત છે તેની ચકાસણી કરી તત્ત્વદર્શન તે અભ્યાસક્ષેત્રને તેનું યોગ્ય સ્થાન દર્શાવે છે.

જ્ઞાનપ્રાપ્તિ તત્ત્વજ્ઞાનનો મહદ્ હેતુ છે. એથી ધર્મના ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયાસ તત્ત્વજ્ઞાન કરે એટલું જ નહિ, પરંતુ ધર્મમાં રજૂ થયેલ અન્ય વિષયો અંગેની પણ એ ચકાસણી કરે છે. મુક્તિ, અનિષ્ટ, પ્રભુપ્રાપ્તિ, અમરત્વ, કર્મબંધન, પાપ અને સજા, નર્ક અને સ્વર્ગ જેવા વિવિધ વિચારો અંગેની તાત્ત્વિક દૃષ્ટિએ આલોચવાનું કાર્ય પણ તત્ત્વજ્ઞાન સ્વીકારે છે. આમ કરીને તત્ત્વજ્ઞાન ધર્મને એક મજબૂત અને વિશાળ પાયો પૂરો પાડે છે. જે ધર્મની રચના આ પાયા પર થયેલી હોય એ ધર્મ તેટલે અંશે તત્ત્વજ્ઞાનનો આવિષ્કાર પામે છે. ધર્મના વિવિધ ખ્યાલોની આવી તાત્ત્વિક સમાલોચના કરવાનો તાત્ત્વિક પદ્ધતિનો આશય હોય છે. જેટલે વધુ અંશે આવી આલોચનામાંથી જે ધર્મ બહાર આવે તેટલે અંશે તે ધર્મ તાત્ત્વિક દૃષ્ટિએ વધુ સ્વીકાર્ય બની શકે.

ધર્મના તત્ત્વજ્ઞાન અંગે લખાયેલાં વિવિધ પુસ્તકોમાં મુખ્યત્વે આ તાત્ત્વિક પદ્ધતિનો ઉપયોગ થયેલો જોવા મળે છે.

૩. મનોવૈજ્ઞાનિક પદ્ધતિ :

એક અભ્યાસ વિષય તરીકે તત્ત્વજ્ઞાનથી છૂટા પડયા પછી જ, મનોવિજ્ઞાને વિજ્ઞાનની હરણફાળ ભરી છે. મનોવિજ્ઞાનનો અભ્યાસ-વિષય માનવ છે—માનવનું મન છે—માનવની વર્તણૂક છે. પરંતુ આપણે આગળ જોયું તેમ માનવ અને ધર્મ એકબીજા સાથે એટલા તો ઓતપ્રોત થયેલા છે કે એકમેકને એકબીજાથી અલગ કરવા કઠિન છે. આથી જ મનોવૈજ્ઞાનિકની દૃષ્ટિએ ધર્મને માનવ-ચેતનાના અન્વેષણના એક યા બીજા અંગ પર આધારિત કર્યો છે. માનવ-ચેતનાના મનોવિજ્ઞાને આપેલાં અંગો તે, વિચાર (Cognition), ક્રિયા (Conation) અને લાગણી (Affection).

ચેતનાના આ પ્રત્યેક અંગને પ્રાધાન્ય આપીને તે એક અંગ સાથે જ ધર્મને સાંકળવાનો પ્રયત્ન થયેલો જોવા મળે છે.

માનવ-ચેતના એક લગાતાર પ્રક્રિયા છે. એ પ્રક્રિયામાં કવચિત્ વિચાર આગળ તરી આવે છે, તો કયારેક ક્રિયા પ્રાધાન્ય ભોગવે છે, અને વળી કયારેક સમગ્ર ચેતનાનો દોર લાગણીના કબજામાં જોવા મળે છે. પરંતુ આપણે જ્યારે સમગ્ર માનવ-ચેતનાનો વિચાર કરીએ ત્યારે એ સમજવું ખૂબ જરૂરી છે કે ચેતના એક અગાધ સાગર જેવી છે, અને સાગરમાં જેમ વિવિધ પ્રકારનાં મોજાંઓ હોઈ શકે તેમ ચેતનામાં પણ વિચાર, ક્રિયા અને લાગણીના તરંગો હોઈ શકે. સાગરના એક મોજાને આપણે બીજા મોજાથી છૂટું પાડી શકીએ, પરંતુ એમાંના કોઈપણ મોજાને સાગરથી જુદું પાડી શકીએ નહિ. સાગરના વક્ષઃસ્થળ પર એક મોજું ઘડીભર લહેરાય છે, પરંતુ બીજી જ ક્ષણે એ મોજાનું જળ ફરી પાછું સાગરના જળની સાથે એકરૂપ બની જાય છે. આમ ચેતનાનાં વિવિધ અંગો સ્વીકારવા છતાં તે પોતે જ પૂર્ણ છે, એવું સ્વીકારી શકાય નહિ. અને છતાંયે ધર્મને ચેતનાના આવા એક અંગ સાથે સાંકળી તેને સમજાવવાનો પ્રયાસ થયો છે.

આ પદ્ધતિનો ઉપયોગ ધર્મના મનોવિજ્ઞાનનાં પુસ્તકોમાં થયેલો જોવા મળે છે.

મનોવૈજ્ઞાનિક પદ્ધતિનો ધર્મના અભ્યાસની એક પદ્ધતિ તરીકે વિચાર કરીએ ત્યારે સીગમન ફ્રોઈડે મનોવિજ્ઞાનનો જે દિશાપલ્ટો કર્યો છે અને એને પરિણામે જે નવીન મનોવૈજ્ઞાનિક પદ્ધતિ પ્રાપ્ત થઈ છે તેનો ઉલ્લેખ કરવો પણ વાજબી રહેશે.

ફ્રોઈડના પુરોગામીઓએ માનવ-ચેતનાને પ્રાધાન્ય આપ્યું, ફ્રોઈડે અચેતનને

(Unconscious) પ્રાધાન્ય આપ્યું. અચેતનને સમજાવતા એમણે હિમ-પર્વતનો દાખલો આપ્યો અને જણાવ્યું કે હિમ-પર્વતનો ૭/૮ અંશ ભાગ સાગરનાં જળની નીચે છે અને માત્ર ૧/૮ અંશ ભાગ જ ઉપર દેખા દે છે. આમ, માનવનું ચેતન જે દૃષ્ટિગોચર થાય છે તે ખરેખર અલ્પ છે—૧/૮ અંશ છે અને માનવનું અચેતન ૭/૮ અંશ જેટલું છે.

ફ્રોઈડે તો આગળ વધી એમ પણ જણાવ્યું છે કે ધર્મ, સાહિત્ય અને કલા એ તો એવાં માનવ-પ્રયોજનો છે જે દ્વારા, માનવ અચેતનમાં દબાવેલી વૃત્તિઓ જે સુષુપ્તપણે પડેલી છે, અને જેને ચેતનાના સ્તર પર આવવામાં વ્યક્તિનો પોતાનો અહં અને સમાજનુ બંધારણ અવરોધે છે, તે સુષુપ્ત અચેતન વૃત્તિઓ આ બધાં પ્રયોજનો દ્વારા બહાર આવે છે. ફ્રોઈડે આલેખેલ ધર્મનું સ્વરૂપ એ જુદા અભ્યાસનો વિષય છે.

૪. સમાજશાસ્ત્રીય પદ્ધતિ :

માનવ એક સામાજિક પ્રાણી છે, એ સ્વીકારાયેલ છે. સમૂહજીવન એ પ્રાણીજગતની એક વિશેષતા છે, અને છતાં પ્રાણીજગતના સમૂહજીવનનું સ્વરૂપ માનવજીવનનાં સમૂહજીવનના સ્વરૂપ કરતાં ભિન્ન છે. માનવનું સમૂહજીવન કેટલાંક પરિબળો પર આધારિત છે. આ પરિબળોમાંનુ એક મહત્ત્વપૂર્ણ પરિબળ ધર્મ છે. સમાજને ધારણ કરવાનો શક્તિ ધર્મમાં જ છે—જે તે સમયે ધર્મમાં એ કૌવત છે કે કેમ એ અલગ પ્રશ્ન છે. ધર્મ અને સમાજ વચ્ચે એક ધનિષ્ઠ પ્રકારનો સંબંધ છે અને એથી સમાજ ધર્મને અને ધર્મ સમાજને ઘડી શકે છે તેમ જ પલટાવી પણ શકે છે.

સમાજના એક અંગ તરીકે ધર્મનું શું સ્થાન રહ્યું છે, સમાજ-પરિવર્તનમાં ધર્મનો શું ફાળો રહ્યો છે, ધાર્મિક વ્યવહારની સામાજિક જીવન ઉપર શી અસર થઈ છે, ધાર્મિક વ્યક્તિનું સમાજમાં કેવું, કેટલું અને કયારે આધિપત્ય રહ્યું છે, ધર્મપરિવર્તનની પ્રક્રિયા કયાંથી, કેવી રીતે અને કયારે ઊપજી છે એ અને એવા બીજા અનેક વિષયોનું સંશોધન સમાજશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા થાય છે.

સમાજને ઘડનાર, એને ગતિ આપનાર અને એનું પરિવર્તન કરનાર એક બાલક બળ તરીકે ધર્મનું શું સ્થાન છે અને એનો શો ફાળો છે એ મહત્ત્વનો વિષય છે. કયા પ્રકારની સમાજવ્યવસ્થામાં ધર્મ ઓતપ્રોત થઈ શકે અને કયા પ્રકારની સમાજ રચનામાં ધર્મને માટે ભયસ્થાનો છે અને તે કેવા પ્રકારના છે એ પણ એક અગત્યનો પ્રશ્ન છે. સમાજ કદાપે ધર્મવિહીન સમાજ તરીકે અસ્તિત્વ

ધરાવી શકે કે કેમ, એ પણ એક વિચારણાનો પ્રશ્ન છે. સમાજશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા ધર્મના હકીકાતમક અધ્યયનથી મળેલી માહિતી આ વિવિધ પ્રશ્નોના ઉકેલમાં સારો પ્રકાશ પાથરે એમ છે.

૫. ચારિત્ર્ય પદ્ધતિ :

વિશ્વના અગિયાર પ્રવર્તમાન ધર્મોમાંથી, હિંદુધર્મ અને શિન્ટોધર્મ સિવાયના બાકીના નવ ધર્મસ્થાપકોએ આપેલા ધર્મો છે. ધર્મસ્થાપકના ચારિત્ર્યના અભ્યાસથી તેમણે આપેલા અને પ્રબોધેલા ધર્મનું સ્વરૂપ સમજવું સરળ બને છે. કારુણ્યની મૂર્તિ સમા બુદ્ધ, સ્નેહના સાગરસમા જિસસ, કે સમન્વય દૃષ્ટિ ધરાવતાં નાનકનાં વ્યક્તિત્વો એમણે સ્થાપેલા ધર્મના સ્વરૂપને મહદ્ અંશે દર્શન કરાવે છે.

આ ઉપરાંત ધાર્મિક અનુભવ અને ઈશ્વર અનુભૂતિ વિશેનાં વિવિધ લખાણો પણ પ્રાપ્ત છે. એમાંથી પણ ધર્મના સ્વરૂપ વિશે તેમ જ ઈશ્વિરાનુભવ વિશે કંઈક જાણી શકાય.

આ પદ્ધતિની વિશિષ્ટ ખામી એ છે કે જેને ઇશ્વર-સાક્ષાત્કર થયો છે તે પોતે કંઈ લખતા નથી, અને જેઓ કંઈક લખે છે એમાંનાં ઘણાને ઈશ્વિર-સાક્ષાત્કાર ભાગ્યે જ થયો હોય છે. ઘણી વખત આવાં ચારિત્ર્યો બીજાઓ દ્વારા લખાયેલા હોય છે. લેખક જો પ્રશંસામાં પડે તો નાની સિદ્ધિઓને મોટું સ્વરૂપ આપે અને મોટા દોષોને દરગુજર કરે એમ બને; અને લેખક જો ટીકાકાર બને તો સિદ્ધિઓને વામણી આલેખે અને દોષોને પહાડ જેવડા ચીતરે. વ્યક્તિએ પોતાનું ચારિત્ર આલેખ્યું હોય એમાં પણ કેટલીક વાર વ્યક્તિ પોતાને માટે વધારે કડક આલોચના કરે છે અને કેટલાક કિસ્સાઓમાં વ્યક્તિ આત્મશ્લાઘામાં સરી પડે છે. આ મર્યાદાઓનો ખ્યાલ રાખીને આ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનો ઉપયોગ કરવામાં હરકત નથી.

૬. રસમીમાંસા પદ્ધતિ :

ધર્મનો ઈશ્વિર માત્ર સત્ય સ્વરૂપે જ નહિ પરંતુ શુભ સ્વરૂપે અને સુંદર સ્વરૂપે પણ પ્રત્યક્ષ થાય છે. એથી વિશેષ, ધાર્મિક અનુભવોમાં ઈશ્વર[૧] સખા

---

૧. "त्वमेवमाताश्चवपिता त्वमेव, त्वमेव बंधुश्चसखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणम् त्वमेव, त्वमेव सर्वम् मम देव देवा ॥"

તરીકે, મિત્ર તરીકે, પ્રિયતમ[૨] તરીકે, બાળસ્વરૂપે એમ વિવિધ સ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે.

ધર્મના ઈશ્વરનો આવો આવિષ્કાર સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં આલેખાયેલો જોવા મળે છે. ઉપરાંત ચિત્રકળાના વિવિધ નમૂનાઓમાં, સ્થાપત્ય કલાની અનેક કારીગીરીમાં, નૃત્યની વિવિધ મુદ્રામાં, સંગીતના વિવિધ સ્વરોમાં પણ આવા અનુભવોને વાચા મળે છે. દેવમંદિરનું સ્થાપત્ય, એના દીવાલચિત્રો, એની છતનું કોતરકામ અને દેવદેવીઓની આકૃતિઓ વગેરે પણ આવા અનુભવોનો ઇશારો આપતા હોય છે. રસમીમાંસા શાસ્ત્રીય પદ્ધતિથી આવી અનેક બાબતોનો અભ્યાસ કરી એમાંથી જે ખ્યાલો ઊપજે અને ધર્મ અંગેની જે કંઈ સમજ પ્રાપ્ત થાય તેનાથી ધર્મનો અભ્યાસ સમૃદ્ધ બનવાની પૂરી સંભાવના છે.

૭. નીતિશાસ્ત્રીય પદ્ધતિ :

વિશ્વમાં વસતા માનવના શક્ય સર્વ સંબંધોને નીચેના પ્રકારો દ્વારા આવરી લઈ શકાય :

૧. માનવનો અન્ય માનવો સાથેનો સંબંધ
૨ માનવનો સમાજસંસ્થાઓ સાથેનો સંબંધ
૩. માનવનો પ્રકૃતિ સાથેનો સંબંધ
૪. માનવનો પોતાની સાથેનો સંબંધ
૫. માનવનો ઈશ્વર સાથેનો સંબંધ

આ બધા સંબંધોમાં નીતિશાસ્ત્ર મુખ્યત્વે કરીને માનવનો અન્ય માનવો સાથેના સંબંધના ક્ષેત્રની ચર્ચા કરે છે. માણસ ઈશ્વરપ્રાપ્તિને પંથે પગરણ માંડે એ પહેલાં એણે એની પોતાની સાથેનો સંબંધ તેમજ એનો અન્ય માનવીઓ સાથેનો સંબંધ સંપૂર્ણપણે પરિપૂર્ણ અને પવિત્ર બનાવવો જરૂરી છે. તે જ માનવી સાચા અર્થમાં નૈતિક છે, જે પોતાની જાત પ્રત્યે તેમ જ અન્ય માનવીઓ પ્રત્યે સચ્ચાઈપૂર્વક વફાદારીથી વર્તે છે. આથી જ સામાન્યપણે એમ કહેવાયું છે કે નૈતિકતા એ ધાર્મિકતાનું પૂર્વ સોપાન છે. અધાર્મિક માનવી નૈતિક હોવાની સંભાવના છે, પરંતુ અનૈતિક માનવી ધાર્મિક હોવાની સંભાવના નથી. જે વ્યક્તિ ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરતી નથી તે અધાર્મિક હોઈ શકે. પરંતુ જો તે વ્યક્તિ પોતાની સાથેના સંબંધમાં અને પોતાના અન્ય વ્યક્તિઓ સાથેના

૨. "મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઈ"
"મેં તો ઓઢી લીધો ચુડલો તારો રે
હરિ, નથી રે નજર મારી બીજાના ભણી."

સંબંધમાં સત્ય હોય તો એ નૈતિક છે. પરંતુ એથી ઊલટું, જે વ્યક્તિ પોતાની જાત સાથે સુસંગત નથી અને જે અન્ય વ્યક્તિઓ તરફ પણ અસત્ય છે એ ઈશ્વર તરફ સત્ય કઈ રીતે થઈ શકે ? એની સાથે સુસંગત શી રીતે બની શકે ? કારણ કે પ્રત્યેક સાચી ધાર્મિક વ્યક્તિ ઈશ્વરના અંશનો પોતાનામાં જ સાક્ષાત્કાર કરે છે એમ નહિ પરંતુ સમાજના પ્રત્યેક જીવમાં અને પ્રકૃતિની દરેક વસ્તુમાં ઈશ્વરના સ્વરૂપનું દર્શન કરે છે. જે વ્યક્તિ ઈશ્વરના અંશ સાથે સુસંગત ન થઈ શકે તે સમગ્ર ઈશ્વર સાથે કઈ રીતે સુસંગત થઈ શકે ?

પ્રત્યેક ધર્મ એક નીતિશાસ્ત્ર આપે છે અને એ નીતિશાસ્ત્રના આધારે તે ધર્મની આંકણી કરવી શક્ય છે. નીતિશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા પ્રાપ્ત થતી ધર્મની સમજ તે ધર્મ વિશે વિશેષ સૂઝ આપે છે.

૮. તુલનાત્મક પદ્ધતિ :

આપણે આગળ એ જોયું કે ધર્મ એક માર્ગ છે—વ્યક્તિના ઉત્થાનનો માર્ગ—વ્યક્તિના ઉત્કર્ષનો માર્ગ—વ્યક્તિ અને ઈશ્વરના સંલગ્નનો માર્ગ. વ્યક્તિ માનવ મટી મહામાનવ બને, મહામાનવ મટી દેવ બને અને દેવમાંથી મહાદેવ બને એ ધર્મનો માર્ગ છે.

માનવની મહાદેવ બનવાના ઝંખના એને એક યા બીજા ધર્મ તરફ વળગેલો રાખે છે. જીવનમાંથી જ્યારે બધુંયે દૂર થતું જાય અને માનવનો કોઈ સહારો ન રહે ત્યારે ધર્મ એનો સહારો બને છે, અને એથી માનવી ધર્મને વળગેલો રહે છે. એથી જ ધર્મ માનવીના જીવનમાં ઓતપ્રોત થયેલો છે.

કદાચિત્ આથી જ માનવ અને માનવસમૂહને વિવિધ પ્રકારના ધર્મો પ્રાપ્ત થયા છે. ભૌગોલિક પ્રદેશ અને ઇતિહાસના કાળક્રમની દૃષ્ટિએ ઊપજેલા વિવિધ ધર્મો માનવીની કઈ મૂળભૂત જરૂરિયાતોમાંથી ઉપસ્થિત થયા અને તે જરૂરિયાતોને જે તે ધર્મ કેટલે અંશે પરિપૂર્ણ કરી શક્યો એ મહત્ત્વનો પ્રશ્ન છે. જીવ, જગત અને ઈશ્વર અને તેના સ્વરૂપ અને સંબંધ વિશે જે તે ધર્મનો શો ખ્યાલ છે ? માનવનું અંતિમ લક્ષ્ય શું હોઈ શકે ? મુક્તિ સ્વરૂપ કેવું છે ? મરણોત્તર અવસ્થા શી છે ? સ્વર્ગ અને નર્કના ખ્યાલો કેવા છે ? કર્મ અને ફળના સંબંધો કઈ રીતે પ્રયોજાયા છે ? જીવનમાં અનિષ્ટનું સ્થાન શું છે ? દુઃખનું કારણ કયું છે ? આનંદપ્રાપ્તિનો માર્ગ કયો છે ? વગેરે પ્રશ્નો પ્રત્યેક ધર્મ ઉપસ્થિત કરે છે, અને એના ઉત્તર આપવાનો પ્રયાસ કરે છે. ઘણી વેળા પ્રશ્નો સમાન હોવા છતાં ઉત્તરો વિવિધ સ્વરૂપોના હોય છે. કેટલીક વેળા સમાન

પ્રશ્નના સમાન ઉત્તર હોવા છતાં ઉત્તરોમાં વૈવિધ્ય હોય છે. આ બધાનો ખ્યાલ પામવાને માટે ધર્મના તુલનાત્મક અધ્યયનની પદ્ધતિ ઉત્તમ છે.

આપણા ધર્મના અધ્યયનમાં મુખ્યત્વે કરીને આપણે આ પદ્ધતિનો ઉપયોગ કરીશું. આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય એ માટે એ સમજવું જરૂરી છે કે તુલના ત્યારે જ શક્ય છે, જ્યારે જે અંગો વચ્ચે તુલના કરવાની છે એની પૂર્વસમજ પ્રાપ્ત હોય. આથી આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાએ તે પહેલાં પ્રત્યેક ધર્મના મહત્ત્વનાં અંગોની સમજ પ્રાપ્ત કરી લેવાં જરૂરી થઈ પડશે. વળી એ પણ નોંધવું જરૂરી છે કે તુલનાત્મક પદ્ધતિના ઉપયોગની સાથે સાથે આગળ સૂચવેલી વિવિધ પદ્ધતિઓમાં એક યા વધારેનો ઉપયોગ કરવો પણ આવશ્યક બની રહે છે.

ધર્મોના અધ્યયન માટે તુલનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરતી વેળા જે દૃષ્ટિબિંદુ અપનાવવામાં આવે છે તે મહત્વનું બને છે. ખરી પદ્ધતિ અપનાવ્યા છતાં, દૃષ્ટિબિંદુ ખોટું હોય તો એમાંથી સ્વીકાર્ય પરિણામ નીપજી શકે નહિ.

૧.૫ ધર્મોના તુલનાત્મક અધ્યયનનાં વિવિધ દૃષ્ટિબિંદુઓ

માનવના ધાર્મિકજીવનની વિવિધ આશાઓને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા જુદા જુદા ધર્મો કરે છે. એ વિવિધ મંતવ્યોનો તુલનાત્મક પદ્ધતિ અનુસારનો અભ્યાસ કરી શકાય. પરંતુ આવું અધ્યયન કરતી વેળા અભ્યાસી કયું દૃષ્ટિબિંદુ અપનાવે છે, એના ઉપર ઘણો આધાર રહે છે. ધર્મોના તુલનાત્મક અધ્યયનમાં વિવિધ દૃષ્ટિબિંદુઓ અપનાવવામાં આવ્યા છે. આપણા અધ્યયનમાં આપણે કેવું દૃષ્ટિબિંદુ અપનાવવું જોઈએ એ નક્કી કરી શકીએ એ માટે આ વિવિધ દૃષ્ટિબિંદુઓની સમીક્ષા કરવી જરૂરી છે.

૧. બધા ધર્મોના નકાર :

પોતાના પુસ્તકમાં રેનાક કહે છે, "જેમ વિશ્વમાં અનેક ધર્મો છે તેમ વિશ્વમાં અનેક પ્રકારની ગાંઠો પણ છે. હું ધર્મને સંશયોના સમૂહ તરીકે ઓળખું છું, અને એથી આપણી સંભવિત શક્તિઓના સંપૂર્ણ વિકાસમાં ધર્મ એક અવરોધક છે."[૩]

આ દૃષ્ટિબિંદુની વધુ સમજ મેળવવા માટે આપણે એમ કહી શકીએ કે આ એ દૃષ્ટિબિંદુ છે જેમાં પ્રત્યેક ધર્મને એક ખલા તરીકે, એક અવરોધક તરીકે આલેખવામાં આવે છે, અને એથી કરીને પ્રત્યેક ધર્મનો ધિક્કાર કરી તેનો

૩. રેનાક ઓર્ફેન્સ, એ જનરલ હિસ્ટરી ઓફ રિલિજિયન્સ, પા. ૩

અસ્વીકાર કરવામાં આવે છે. આવા અસ્વીકાર માટે કેટલીક વેળા નીચેનાં કારણો રજૂ કરવામાં આવે છે :

ક. ધર્મ વહેમ (Superstition) પર આધારિત છે.
ખ. ધર્મ રૂઢિ (Tradition) પર આધારિત છે.
ગ. ધર્મ અજ્ઞાન (Ignorance) પર આધારિત છે.
ઘ. ધર્મ અસહિષ્ણુતા (Intolerance) પર આધારિત છે.

અહીંયાં જે ચાર મુદ્દાઓને ધર્મના આધાર તરીકે અથવા તો પાયા તરીકે ઓળખાવવામાં આવ્યા છે એ કેટલે અંશે સત્ય છે એની વિચારણા કરવી જોઈએ.

ક. વહેમમય અંધવિશ્વાસભરી માન્યતા :

અંધમાન્યતા (Superstition) એટલે શું અતાર્કિક સ્વીકાર ? તર્કરહિત સ્વીકાર ? અનુભવ નિરપેક્ષ સ્વીકાર ? આપણી કેટલીયે માન્યતાઓ એવી છે જેનો સ્વીકાર આપણે તર્કપૂર્વક કે અનુભવના આધારે જ કરીએ છીએ એવું નથી. ઈશ્વરના અસ્તિત્વની માન્યતા, માનવદેહમાં રહેલા કોષાણુઓની માન્યતા, પૃથ્વીના પેટાળના સ્તરો, અવકાશના વિવિધ સ્તરો વગેરે અંગે આપણે એવી ઘણી માન્યતાઓ સ્વીકારીએ છીએ જેનો આધાર પ્રત્યક્ષ અનુભવ નથી, તેમ જ તાર્કિક વ્યાપાર પણ નથી. એથી, અંધમાન્યતાનો અર્થ એમ ઘટાવી શકાય કે તેનું પોતાનું મૂળ પ્રસ્થાપન તર્ક કે અનુભવ આધારિત નથી ? જેને આપણે અંધ-માન્યતાઓ તરીકે ઓળખાવીએ છીએ તે શું ખરેખર તર્કાધીન કે અનુભવ આધારિત નથી ?

હિંદુધર્મમાં આલેખાયેલ પુષ્પક વિમાન, સુદર્શન ચક્ર કે ત્રિશંકુ જેવા ખ્યાલોને એક સમયે અંધમાન્યતાઓ તરીકે આલેખવામાં આવતા. પરંતુ આધુનિક વિજ્ઞાન જ્યારે આ વિચારોને હકીકત તરીકે પ્રસ્થાપે ત્યારે આપણે એમ માનવા પ્રેરાઈએ છીએ કે ભૂતકાળમાં જેમણે આ વિચારો રજૂ કર્યા હોય તેમણે તર્કબુદ્ધિ અને અનુભવ દૃષ્ટિને આધારે જ એમ કર્યું હશે. આ વિચારોનો સ્વીકાર કયા આધારથી પ્રાપ્ત થયો એ આપણે ન જાણી શકીએ, તેથી જ માત્ર શું આપણે આ વિચારોનો અનાદર કરવો ? અસ્વીકાર કરવો ? અને જો આપણે તેનો સ્વીકાર કરીએ તો શું એ અંધશ્રદ્ધા કહેવાય ? ખરી રીતે તો, જે કોઈપણ મંતવ્યને માટે આપણી પાસે વિરોધી આધાર નથી, એનો એમ કહીને ઇન્કાર કરવો કે એનો આધાર આપણે જાણતા નથી, એ સાચી રીતે તો અવૈજ્ઞાનિક વલણ છે. બહુ બહુ તો આપણે એટલું કહી શકીએ કે મંતવ્યના સ્વીકારનો આધાર પ્રાપ્ત ન થવાને

કારણે આપણે એનો અસ્વીકાર કરીએ છીએ. પરંતુ તેથી એનો ઇન્કાર કરવાને આપણે પાત્ર ઠરતા નથી, તેમ જ જે કોઈ એનો સ્વીકાર કરે, એમ માનીને કે આ એક એવું મંતવ્ય છે જેનો આધાર જાણી શકાયો નથી, પરંતુ એ આધાર કોઈક દિવસ અવશ્ય જાણી જ શકાશે, તેને અંધશ્રદ્ધાળુ તરીકે ઓળખાવવો કે તેની માન્યતાને અંધમાન્યતા તરીકે ઓળખાવવી એ કેવી રીતે વાજબી ઠેરવી શકાય?

જ્યારે આપણે કોઈ એક માન્યતાને અંધમાન્યતા તરીકે ઓળખાવીએ ત્યારે ગર્ભિત રીતે આપણે એ સૂચવવા પ્રયત્ન કરીએ છીએ કે આપણું પોતાનું મંતવ્ય વૈજ્ઞાનિક છે—એને તર્કનો આધાર છે—વૈજ્ઞાનિક વિચારપદ્ધતિ અનુસાર તે પ્રાપ્ત કરાયેલ છે, અને જેને આપણે અંધમાન્યતા તરીકે ઓળખાવીએ છીએ તે અવૈજ્ઞાનિક છે. ઉપરની ચર્ચાને આધારે કયું વલણ વધુ વૈજ્ઞાનિક અને કયું અવૈજ્ઞાનિક છે એનો નિર્ણય દરેક વ્યક્તિ પોતાને માટે કરી શકે એમ છે.

ખ. રૂઢિગત માન્યતા :

કોઈપણ એક પ્રણાલી લાંબા કાળ સુધી ટકી રહે ત્યારે તે રૂઢિનું સ્થાન પામે છે. અહીંયાં એ મહત્ત્વના પ્રશ્નોની વિચારણા રજૂ કરવી જરૂરી છે. એક, પ્રણાલી કેવી રીતે પ્રસ્થાપિત થઈ છે? બીજું, પ્રણાલી લાંબો વખત સુધી કેમ ટકી છે?

વ્યવહારની કેટલીક પ્રણાલીઓને બાદ કરતાં એમ કહી શકાય કે પ્રત્યેક પ્રણાલી સબળ વિચારણા પર આધારિત થયેલી છે, અને જે કોઈ પ્રણાલી સબળ વિચારણા પર આધારિત નથી એ અલ્પજીવી બને છે. જે પ્રણાલી દીર્ઘકાળ સુધી ટકી રહી છે તે પ્રબળ વિચારણા પર પ્રસ્થાપિત થઈ હોવાની સાબિતી આપવા ઉપરાંત બીજી એક અનુભવજન્ય સાબિતી પણ આપે છે કે પેઢી દર પેઢી વ્યાવહારિક ઉપયોગિતાની દૃષ્ટિએ અનુભવજન્ય રીતે એ પ્રણાલી વ્યક્તિને અને સમાજને ઉપકારક રહી છે અને તેથી વ્યક્તિ અને સમાજ એનો સ્વીકાર કરતા આવ્યા છે. આથી એવું બનવા સંભવ છે કે પ્રબળ વિચારણા પર આધારિત કોઈ એક રૂઢિ કાળાનુક્રમે વ્યવહારમાં જળવાઈ રહી હોય અને જેઓ એનો સ્વીકાર કરતા હોય તેઓ એના વિચારણાયુક્ત આધારને ન ઓળખે.

રૂઢિ પોતે સારી કે ખરાબ, અને તેથી સ્વીકાર્ય કે અસ્વીકાર્ય હોઈ શકે નહિ. જે રૂઢિનો તાર્કિક આધાર પામી શકાતો નથી અને જે રૂઢિનો સ્વીકાર એક પ્રકારની સ્થગિતતાનું નિર્માણ કરે છે, માનવજીવન અને સમાજજીવનને એક દુર્ગંધ મારતા ખાબોચિયા સમાન બનાવે છે, એ રૂઢિનો સામનો સમજી શકાય એમ છે.

અને એથી જ આવું વલણ અખત્યાર કરનારા વિચારકોને એ પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે શું ધર્મ ખરેખર આવી સ્થગિત રૂઢિઓ પર જ નિર્ભર છે ખરો? વિકસતા ધર્મનો અભ્યાસુ, ધર્મના ઇતિહાસનો અભ્યાસુ અને પલટાતાં ધાર્મિક વલણોનો અભ્યાસી આ પ્રશ્નનો ઉત્તર આપવાને વધુ સુયોગ્ય છે. આપણે અન્યત્ર કહ્યું છે તેમ ધર્મ તો એક ગતિશીલ પ્રવાહ છે અને સ્થગિતતા કહીયે ધર્મનું સ્વરૂપ બની શકે નહિ. ધર્મનો ઇતિહાસ એના વિકાસની સાક્ષી પૂરે છે, એટલું જ નહિ પરંતુ એ એમ પણ સૂચવે છે કે ધર્મમાં જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે સ્થગિતતા દૃશ્યમાન થઈ, ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે, કયાં તો ધર્મના અનુયાયીઓની અંદર જ, અથવા તો ધર્મ બહારનાં બળોએ, એ સ્થગિતતાને આંચકો આપ્યો છે, એને દૂર કરી છે અને ધર્મમાં કયાં તો નવા સંપ્રદાયે સંચાર કર્યો છે અથવા તો નવીન ધર્મનું સર્જન થયું છે.

એમ કહેવું કે ધર્મ રૂઢિ પર આધારિત છે એટલે ધર્મનું હાર્દ બરાબર ન સમજવા બરાબર છે.

ગ. અજ્ઞાન :

ધર્મના અસ્વીકાર માટે કેટલીક વેળા એવું કારણ આપવામાં આવે છે કે ધર્મ અજ્ઞાન પર આધારિત છે. પરંતુ અહીંયાં એ પ્રશ્ન ઉઠાવી શકાય કે ધર્મનો આધાર અજ્ઞાન છે કે અન્ય કંઈક? એનું જ્ઞાન આપણને કઈ રીતે પ્રાપ્ત થાય છે? જો ધર્મ ખરેખર અજ્ઞાન પર આધારિત હોય તો જ્ઞાનના વિકાસની સાથે, અજ્ઞાનનો પાયો દૂર થતા, ધર્મ સંપૂર્ણપણે નાબૂદ થઈ જવો જોઈતો હતો. પરંતુ ધર્મનું અસ્તિત્વ એ વાતની સાક્ષી પૂરે છે કે ધર્મ માત્ર અજ્ઞાન પર આધારિત નથી. તો પછી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ધર્મ શાના પર આધારિત છે? જો કોઈ વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન, ધર્મનો પાયો હોય તો એ જ્ઞાન કયું? એ જ્ઞાન કઈ રીતે પ્રાપ્ત થઈ શકે? એ જ્ઞાન ચકાસણી પાત્ર ખરું? એવી ચકાસણીને પરિણામે એ જ્ઞાનના સ્વીકાર વિશે શું કહી શકાય? ધર્મની જ્ઞાનમીમાંસા માટે આ બધાયે પ્રશ્નો મહત્વના છે.

અહીંયાં આપણે એટલું નોંધીએ કે સામાન્યપણે સ્વીકારાયેલ જ્ઞાનપ્રાપ્તિના બે માર્ગો, એક ઇન્દ્રિય આધારિત પ્રત્યક્ષ અનુભવ જ્ઞાન અને બીજું તર્ક આધારિત અનુમાન જ્ઞાન, સિવાય પણ જ્ઞાનપ્રાપ્તિના બીજા માર્ગો જ્ઞાનમીમાંસા સ્વીકારે છે. ધર્મનો પાયો એવા અલૌકિક અનુભવજન્ય પ્રત્યક્ષ જ્ઞાન પર આધારિત છે અને એના સ્વીકારનો આધાર બહુધા તર્ક નહિ પરંતુ શ્રદ્ધા છે. આથી શું આપણે એમ કહી

શકીએ ખરા કે અલૌકિક પ્રકારનો પ્રત્યક્ષ અનુભવ એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે ? તેમ જ, શ્રદ્ધા પર આધારિત કોઈપણ જ્ઞાનનો સ્વીકાર એ અજ્ઞાન છે ? આપણું કેટલું ય જ્ઞાન આ બંને પ્રકારમાં વહેંચાયેલું છે અને એમ છતાં આપણે એનો જ્ઞાન તરીકે, સ્વીકાર કરી લઈ એ છીએ. દા ત., કંઈક અઘટિત નીપજવાનું છે એના જ્ઞાને પ્રવાસ રદ કર્યા પછી, પ્રવાસ રદ કરવાની યથાર્થતા સમજાય છે; અથવા તો સંગીતના સૂરમાં બેભાન બનીને નૃત્ય કરનાર નૃત્યકારનો આનંદ અલૌકિક પ્રકારનો એટલા માટે છે કે એ કોઈ એક નિશ્ચિત ઇન્દ્રિય પર આધારિત નથી. એ જ પ્રમાણે આપણે જ્યારે કોઈ એક વાહનમાં બેઠક લઈએ છીએ ત્યારે આપણને શ્રદ્ધા છે કે વાહન ચલાવવાની આવડત અને માર્ગના નિયમો તથા એના સંચાલન માટેની સંજ્ઞાઓની માહિતી વાહન-ચાલકને છે. આપણે જ્યારે કોઈ ડૉકટર કે વકીલનો પાસે આપણી ફરિયાદ માટે જઈએ છીએ ત્યારે આપણું એમના જ્ઞાન વિશેનું જ્ઞાન નહિ પણ આપણી એમના પરની શ્રદ્ધા જ આપણને એમની પાસે જવા પ્રેરે છે. આમ અનુભવ અને તર્ક માનવજીવનનાં મહત્ત્વનાં ચાલક બળો હોવા છતાં, અલૌકિક પ્રત્યક્ષાનુભવ અને શ્રદ્ધાને આપણે આપણા જીવનવ્યવહારમાંથી સદંતર દેશવટો દઈ શકીએ નહિ; અને એથી જ એના ઉપર આધારિત કોઈપણ જ્ઞાન કે સ્વીકારને આપણે અજ્ઞાન તરીકે મૂલવી શકીએ નહિ. આથી, જે વિચારકો અજ્ઞાનને ધર્મના પાયા તરીકે આલેખે છે તેઓ સંભવત: એમના ધર્મ માટેના પૂર્વગ્રહોને કારણે એમ કરતા હોય એમ બની શકે, અને પૂર્વગ્રહ પર આધારિત કોઈપણ જ્ઞાન સાચી રીતે અજ્ઞાન છે. આથી પૂર્વગ્રહભરી રીતે એમ કહેવું કે, 'ધર્મ અજ્ઞાન પર આધારિત છે' એ પોતે જ અજ્ઞાનયુક્ત છે.

ઘ. અસહિષ્ણુતા :

ધર્મ અસહિષ્ણુતા પર આધારિત છે, એવી રજૂઆત કેટલાક વિચારકો કરે છે. ધાર્મિક માન્યતાઓ કેટલીક વેળા એવું જડ સ્વરૂપ ધારણ કરે છે કે જેથી બીજા ધર્મોની માન્યતાઓ પ્રત્યે એ ધર્મ-અનુયાયીઓ અસહિષ્ણુ બને. જગતના ઇતિહાસમાં એક ધર્મના અનુયાયીઓ બીજા ધર્મના અનુયાયીઓ સાથે સંઘર્ષમાં આવ્યાના, તેમ જ એક જ ધર્મના વિવિધ સંપ્રદાયોનાં અનુયાયી–જૂથો એકમેકના સંઘર્ષમાં આવ્યાના દાખલાઓ નોંધાયેલા છે. પરંતુ કોઈકવાર બનતા આવા બનાવો, અસહિષ્ણુતા ધર્મનો આધાર છે એમ સૂચવવા પૂરતા છે ? માત્ર થોડા અવલોકેલા પ્રસંગો પરથી સાર્વત્રિક સ્વરૂપનું તારણ દોરવું તર્કબદ્ધ છે ખરું ? ધાર્મિક સહિષ્ણુતાના પ્રસંગો શું કદીયે અનુભવવામાં આવ્યા જ નથી ? અસહિષ્ણુતા એ માત્ર ધર્મ-અનુભવ અને ધર્મ-અનુયાયીઓ પૂરતાં જ મર્યાદિત છે ?

આ બધાયે પ્રશ્નોનો આપણે વિચાર કરીએ ત્યારે આપણને એ સમજાશે કે ઇતિહાસને પાને નોંધાયેલ ધાર્મિક અસહિષ્ણુતાની સામે ધર્મસમભાવ, ધર્મમિલન તેમ જ એક જ સ્થળે અને સમયે વિવિધ ધર્મોના સુમેળભર્યા સહઅસ્તિત્વના પણ અનેક પ્રસંગો પણ ઇતિહાસનાં પાને નોંધાયા છે. આ પ્રકારના અનુભવોની સામે આંખમીંચામણાં કરી ધાર્મિક અસહિષ્ણુતાના પ્રસંગોને પ્રાધાન્ય આપી એમ કહેવું કે ધર્મનો પાયો અસહિષ્ણુતા છે એ તાર્કિક લાગતું નથી. વળી, અસહિષ્ણુતા એ ધર્મક્ષેત્ર સાથે જ સંકળાયેલ છે એમ નથી. અસહિષ્ણુતા માનવસ્વભાવમાં કંડારાયેલ છે—ધર્મમાન્યતા કે ધર્મઆચરણના ભેદોને કારણે નહિ. વળી એક જ કુટુંબના સમાનધર્મી અનુયાયીઓમાં પણ અસહિષ્ણુતા જોવામાં આવતી જ નથી એમ શું આપણે કહી શકીશું? એ નિરીશ્વરવાદી અધાર્મિક માનવોમાં અસહિષ્ણુતાનો સંપૂર્ણપણે અભાવ છે એમ આપણે કદીયે કહી શકીશું ખરા? વ્યક્તિગત જીવન, કૌટુંબિક જીવન, સામાજિક, રાજકીય અને આર્થિક જીવનનાં ક્ષેત્રોમાં એક યા બીજા પ્રકારે અસહિષ્ણુતાનું અસ્તિત્વ, હોય તો પછી માત્ર ધાર્મિકજીવનમાં જ એના અસ્તિત્વને, ધાર્મિકજીવનના આધાર તરીકે કઈ રીતે રજૂ કરી શકાય? કયાં તો આપણે એમ કહેવું જોઈએ કે માનવજીવનના જે જે ક્ષેત્રમાં અસહિષ્ણુતા છે તે તે ક્ષેત્રનો આધાર તેના પર છે, અથવા તો આપણે એ નિષ્કર્ષ પર પહોંચવું જોઈએ કે અસહિષ્ણુતા માનવસ્વભાવનું સહજ અંગ છે અને એથી માનવજીવનના પ્રત્યેક અંગમાં એ એક યા બીજા સ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે.

આમ, આપણે એ જોઈ શકીશું કે ધર્મનો પાયો ન તો અંધમાન્યતા છે, ન તો રૂઢિ છે, ન તો અજ્ઞાન કે અસહિષ્ણુતા છે. ધર્મનો પાયો સમજવા માટે ધર્મના તલસ્પર્શી અધ્યયનની જરૂર છે; અને ધર્મનું તુલનાત્મક અધ્યયન ધર્મનો અર્ક સમજાવવામાં સહાયભૂત થાય એમ છે. કોઈપણ ધર્મમાં, ઉપર દર્શાવેલ ચારમાંથી એક યા વધારે અંગો અવલોકવામાં આવે ત્યારે એની વિશિષ્ટ સમજણ પામવી જરૂરી બની રહે છે. એ ખૂબ જ સ્પષ્ટ રીતે નોંધવું જોઈએ કે આ ચારેયને ધર્મના પાયા તરીકે સ્વીકારી શકાય નહિ અને છતાં કોઈકે ધર્મમાં ક્યારેક આવાં અંગો જોવાં મળી રહે ખરાં. પરંતુ ત્યારે એ અંગોનો વધુ અભ્યાસ આપણને જે તે ધર્મમાં એના સ્થાન અંગેની વધુ સમજ આપી શકશે.

૨. ખ્રિસ્તીધર્મ સિવાયના ધર્મોનો નકાર:

જગતમાં સૌથી વિસ્તાર પામેલ ધર્મ ખ્રિસ્તીધર્મ છે. વિસ્તારની દૃષ્ટિએ તેમ જ અનુયાયીઓના સંખ્યાબળની દૃષ્ટિએ ખ્રિસ્તીધર્મનું સ્થાન વિવિધ ધર્મોમાં

પ્રથમ છે. આપણે આગળ જોઈશું તેમ ખ્રિસ્તીધર્મનાં કેટલાંક મંતવ્યો વિશિષ્ટ પ્રકારનાં પણ છે. પરંતુ એટલાથી જ એમ કહેવું કે એ સિવાયના બીજા બધા જ ધર્મોનો નકાર કરવો જોઈએ, એ કેટલે અંશે વાજબી છે તેની વિચારણા કરવી જોઈએ.

આ મતનું પ્રતિપાદન કરતાં બેરલ કહે છે,[૪] "પ્રત્યેક દૃષ્ટિએ ખ્રિસ્તીધર્મ ઉત્તમ છે. એમ તો કદીયે ન જ માની શકાય કે બીજા ધર્મો, સાચા ધર્મ પ્રતિ દોરી જશે. ખ્રિસ્તીધર્મ સંપૂર્ણ ધર્મ છે અને એમાં કોઈ દોષ નથી."

બેરલે રજૂ કરેલ કથન જો વૈજ્ઞાનિક પદ્ધતિએ હાથ ધરેલ ધર્મોના તુલનાત્મક અધ્યયનનું પરિણામ હોય તો એની વિચારણા એમણે રજૂ કરેલા એવા મહત્ત્વના મૂદ્દાઓને આધારે કરી શકાય. પરંતુ બીજા ધર્મોને બોટા તરીકે સ્વીકારવા, ખ્રિસ્તીધર્મને સંપૂર્ણ તરીકે સ્વીકારવો, અને જેમને તેઓ બોટા ધર્મો તરીકે ઓળખાવે છે, તેઓ કદીયે પૂર્ણતા પામી નહિ શકે એમ કહેવું એ ઘણા સબળ આધારનો અપેક્ષા રાખે છે. આવા આધારના અભાવને લીધે બેરલનું મંતવ્ય એકતરફી અને પૂર્વગ્રહયુક્ત લાગે એ સહજ છે. પ્રત્યેક ધર્મીને પોતાના ધર્મ માટે એક વિશિષ્ટ પ્રકારનો પક્ષપાત હોય એ કદાચ સમજી શકાય, પરંતુ જ્યારે એ બીજા ધર્મો તરફ ઘૃણા કરે ત્યારે તે સમજી શકાય નહિ, એટલું જ નહિ પરંતુ સ્વીકારી શકાય પણ નહિ.

૩. બાઇબલ આધારિત ધર્મો સિવાયના ધર્મોનો નકાર :

એક ધર્મગ્રંથ તરીકે બાઇબલનો ફેલાવો બીજા ધર્મ ગ્રંથો કરતાં ઘણો વિશાળ છે. લગભગ પ્રત્યેક ધર્મગ્રંથનો એ દાવો હોય છે કે તેમાં ઈશ્વરનાં આદેશો અને વચનામૃતો સંગ્રહાયેલાં છે. પ્રત્યેક ધર્મને પોતાનો ધર્મગ્રંથ છે. દરેક ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મગ્રંથને સર્વશ્રેષ્ઠ તરીકે આલેખે એ સમજી શકાય એમ છે. પરંતુ તેથી જ માત્ર, ધર્મના તુલનાત્મક અધ્યયનમાં તેનો સ્વીકાર કરી શકાય નહિ.

બાઇબલ પર આધારિત ધર્મો વાજબી છે અને બીજા ધર્મો બાલ્યાવસ્થામાં છે એ મતની રજૂઆત આ શબ્દોમાં થયેલી છે : "હિબ્રૂધર્મ અને ખ્રિસ્તીધર્મ સિવાયના બીજા બધા જ ધર્મો બાલ્યકાળમાં છે. માત્ર બાઇબલ પર આધારિત ધર્મો જ નૈતિકતાના પાયા પર રચાયેલ છે."[૫]

---

૪. બેરલ, રિલિજિયન્સ ઓફ ધી વર્લ્ડ, પા. ૪.

૫. નોન-બિબ્લિકલ સીસ્ટીમસ ઓફ રિલિજિયન એ સીગ્પોઝિયમ. પા. ૧૯૯-૨૦૦

અહીં આપણે જે પ્રશ્નની વિચારણા કરવાની છે તે એ કે શું હિબ્રુધર્મ અને ખ્રિસ્તીધર્મ સિવાયના બીજા ધર્મો ખરેખર બાલ્યાવસ્થામાં છે? કોઈપણ ધર્મની બાલ્યાવસ્થા કે પ્રૌઢાવસ્થા કયા આધારે નિર્ણીત કરી શકાય? શું એમ કહેવું ખરેખર સાચું છે કે બાઇબલ પર આધારિત ધર્મો જ નૈતિકતાના પાયા પર રચાયેલા છે અને બીજા ધર્મો નહિ?

પરિશિષ્ટમાં દર્શાવેલ ધર્મ-ઉત્પત્તિ-કાળદર્શન પરથી એ જોઈ શકાશે કે સમયના ક્રમ અનુસાર હિબ્રૂધર્મ કે ખ્રિસ્તીધર્મ કરતાં બીજા ધર્મો વધુ પ્રૌઢ છે. આ દૃષ્ટિએ હિંદુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ, કન્ફ્યુશિયનધર્મ, શિન્ટોધર્મ અને તાઓ-ધર્મને તેઓ બાલ્યાકાળમાં છે એમ કઈ રીતે કહી શકાય?

જે તે ધર્મમાં વ્યક્તિ, ઈશ્વર અને જગત સંબંધી થયેલી વિચારણા, અને તેમાં સૂચવાયેલ વિવિધ માર્ગોની આલોચનાને આધારે, કદાચિત્ ધર્મની બાલ્યાવસ્થા વિશેના મત બાંધી શકાય. જેમ કે, કોઈ એક વ્યક્તિ ઉંમરમાં મોટી છે તેથી તે જ્ઞાનમાં પણ મોટી જ છે એમ સ્વીકારી લેવાય નહિ. એવી શક્યતા છે ખરી કે ઉંમરે પ્રૌઢ એવી વ્યક્તિ જ્ઞાનની દૃષ્ટિએ બાલ્યકાળમાં હોય, અને ઉંમરની દૃષ્ટિએ નાની એવી વ્યક્તિ જ્ઞાનની દૃષ્ટિએ પ્રૌઢ હોય. પરંતુ આમાં આપણે બે જુદા જુદા સિદ્ધાંતોની વાત કરીએ છીએ. સમયના વહેણમાં પ્રથમ ઉપસ્થિત થયેલા એવા ધર્મો, તે પછીથી ઉપસ્થિત થયેલા ધર્મો કરતાં કઈ રીતે બાલ્યકાળમાં છે એ સમજવવું જરૂરી બને છે. એ થઈ શકે એ માટે ધર્મનું તુલનાત્મક અધ્યયન કરવું જરૂરી બને છે. પરંતુ એવું પણ બને કે આવા તુલનાત્મક અધ્યયનને પરિણામે આપણે કોઈ એક ચોક્કસ મંતવ્ય ન પણ આપી શકીએ. જે વ્યક્તિ જ્ઞાનમાં પ્રૌઢ છે તે અનુભવમાં પ્રૌઢ ન પણ હોય. આમ વય, જ્ઞાન અને અનુભવના વિવિધ આધારે કોઈકમાં એકને અને અન્યમાં બીજાને પ્રૌઢ તરીકે આપણે જેમ સ્વીકારીએ છીએ તેમ, કદાચિત્ ધર્મોની બાબતમાં પણ બને.

વળી, કેટલીક વેળા એવું પણ બનવા સંભવ છે કે એક જ ધર્મગ્રંથ પર આધારિત હોવા છતાં બે અલગ ધર્મો કે ધર્મસંપ્રદાયો, ધર્મગ્રંથની રજૂઆત અને એનું અર્થઘટન જુદી જુદી રીતે કરે. આ સંજોગોમાં વિરોધાભાસી અર્થઘટન આપતા ધર્મો કે ધર્મસંપ્રદાયોની અરસપરસની પ્રૌઢતા શી રીતે સ્થાપી શકાય?

ધર્મગ્રંથને જ ધર્મનો આધાર બનાવી દેવાથી, એ ન સ્વીકારનાર ધર્મ-

અનુયાયીઓ, બીજો ધર્મ કે બીજો સંપ્રદાય કેવી રીતે સ્થાપે છે એના અનેક દાખલાઓ ધર્મના ઇતિહાસમાં મોજૂદ છે.

૪. પોતાના ધર્મ સિવાયના અન્ય ધર્મોનો નકાર :

વ્યક્તિ પોતે જે ધર્મમાં જન્મી હોય અને જે ધર્મમાં એ ઊછરી હોય એ ધર્મને એ વ્યક્તિ મમત્વપૂર્વક સ્વીકારે એ સમજી શકાય. એ ધર્મમમત્વ કેટલીક વેળા ધર્મ-ઘેલછામાં પરિણમતું જોવા મળે છે. એવા અનુયાયીઓ જ આ મતના પુરસ્કર્તા બની શકે.

લગભગ પ્રત્યેક ધર્મમાંથી આવા ઘેલછાભર્યા અનુયાયીઓ મળી રહે. ધર્મમમત્વને કારણે એક પ્રકારનું દૃષ્ટિઅંધત્વ પ્રાપ્ત થાય છે અને એમાંથી વિચારશૂન્યતા પરિણમે છે. બીજા ધર્મ તરફ દૃષ્ટિ ન કરવાની અને બીજા ધર્મોનો અભ્યાસ ન કરવાની, તેમ જ એમાં પણ કંઈ સમજવાનું છે એવો સ્વીકાર ન કરવાની વૃત્તિ આવા ધર્મ-અનુયાયીઓમાં સવિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. એ તો સહજ છે કે ચાર દીવાલોમાં ગોંધાયેલા જીવની સૃષ્ટિ એટલી જ નાની હોય. ધર્મને એક બંધિયાર ખાબોચિયા તરીકે અનુભવનાર વ્યક્તિ બીજા ધર્મોનાં સારાં તત્વોને ન જાણી શકે એ તો ઠીક, પરંતુ એની આવી વૃત્તિ પોતાના ધર્મનાં જ સંપૂર્ણ તત્ત્વોની જાણકારીમાં એને બાધારૂપ નીવડે છે.

આવી વ્યક્તિઓ પોતાના ધર્મનો પણ વિવેકપૂર્વકનો અભ્યાસ કરતા નથી, તો બીજાના ધર્મોના અભ્યાસની તો વાત જ ક્યાં કરવી ? આવી વ્યક્તિઓ જ ધર્મ-સમભાવ કેળવવાની દિશામાં અવરોધક બળો તરીકે કામ કરતી હોય છે. વિવિધ ધર્મોના અધ્યયન વિના કોઈ પણ એક અથવા વધારે ધર્મોનો નકાર કરવો એ અવૈજ્ઞાનિક અને પૂર્વગ્રહયુક્ત છે.

૫. સર્વ ધર્મોમાંથી સારાં તત્ત્વોનો સ્વીકાર :

આગળ કરેલી ચર્ચાઓમાંથી એ સ્પષ્ટ થશે કે કોઈ પણ એક ધર્મનો નકાર કરવાને માટે યોગ્ય અને સબળ કારણોની રજૂઆત થઈ શકી નથી. ધર્મોનું તુલનાત્મક અધ્યયન જે તે ધર્મમાં રહેલાં સારાં તેમ જ માઠાં અંગોની સમજ આપી શકે અને આવા વિવિધ અંગોનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરી શકે.

પરંતુ, વિવિધ ધર્મોનાં સારાં તત્ત્વોને જે તે ધર્મમાંથી સ્વીકારી, વિવિધ ધર્મોમાંથી આવી રીતે પ્રાપ્ત થયેલ સારાં તત્ત્વોના સમૂહને એકત્રિત કરી, એક નવો ધર્મ ઉપજાવી શકાય ખરો ? કોઈ પણ એક ધર્મનું સારું તત્ત્વ એ જ ધર્મનાં વિવિધ તત્ત્વોને મુકાબલે અને વિવિધ તત્ત્વોની પશ્ચાદ્‌ભૂમાં જ સારા તરીકે સ્વીકા-

રાયેલ નથી ? એવું ન બને કે કોઈ એક ધર્મનું એક સારું તત્ત્વ, બીજા ધર્મના કોઈ એક સારા તત્ત્વ સાથે સંપૂર્ણપણે સુસંગત ન હોય ? આવા સુસંગતતાના અભાવના કિસ્સામાં સારાં તત્ત્વોનું એકત્રીકરણ કઈ રીતે કરી શકાય ?

અને આમ છતાં, માનવ-ઇતિહાસમાં એક યા બીજા સ્વરૂપે આવા પ્રયત્નો થયેલા જોવા મળે છે. આમાંનો એક મહત્ત્વનો પ્રયત્ન તે-**થિયોસોફી**. એ ના પ્રવક્તા શ્રીમતી એની બેસન્ટ કહે છે : "આ વિશ્વમાં પ્રત્યેક ધર્મે એક ધ્યેય સિદ્ધ કરવાનું છે, કોઈપણ એક રાષ્ટ્રને અપાયેલ ધર્મ જે કોઈ એક નિશ્ચિત સંસ્કૃતિમાં પ્રસાર પામવાનો છે તે ધર્મ તે રાષ્ટ્ર અને તે સંસ્કૃતિને સાંપડે છે."[૬]

પ્રત્યેક ધર્મ રાષ્ટ્રને અને તેની સંસ્કૃતિને સાનુકૂળ છે એ કથનની વિશેષ ચર્ચા ધર્મના સમાજશાસ્ત્રમાં થયેલી જોવા મળે છે. કેટલે અંશે જે તે ધર્મ જે તે રાષ્ટ્ર અને સંસ્કૃતિને સાનુકૂળ છે એની તપાસ પલટાતા રાષ્ટ્રીય સ્વરૂપ અને બદલાતી સંસ્કૃતિના સંદર્ભમાં થવી જરૂરી છે. સમાજ પોતે જ ગતિશીલ હોય, પરિવર્તનશીલ હોય, તો એના એક ચાલક બળ તરીકે ધર્મ પણ પરિવર્તનશીલ હોવો જોઈએ. ધર્મ સમાજને કે સમાજ ધર્મને કેવી રીતે અને કેટલે અંશે બદલે છે એ વિસ્તૃત અભ્યાસનો વિષય છે અને ધર્મોના તુલનાત્મક અધ્યયનના ક્ષેત્રની બહાર છે.

આમ, આપણે એ જોઈ શકીશું કે ધર્મનું તુલનાત્મક અધ્યયન વિવિધ દૃષ્ટિબિંદુથી કરી શકાય એમ છે. આવા પ્રત્યેક દૃષ્ટિબિંદુની મર્યાદાઓનો આપણે ઉલ્લેખ કર્યો છે. આ વિવિધ દૃષ્ટિબિંદુઓના અભ્યાસમાંથી, ધર્મના તુલનાત્મક અભ્યાસીએ કેવું વલણ અપનાવવું જોઈએ એની સમજ પ્રાપ્ત થાય છે.

---

૬. ફોર ગ્રેટ રિલિજિયન્સ, પા. ૭

૧.૬ ધર્મોના તુલનાત્મક અભ્યાસીનું વલણ

તુલના ત્યારે જ શક્ય બને છે જ્યારે તુલનાનાં વિવિધ અંગોની માહિતી પ્રાપ્ત થયેલી હોય. એટલું જ નહિ, પણ જે અંગોની તુલના કરવામાં આવે એમાં કંઈક અંશની સમાનતા હોવી પણ જરૂરી બને છે. જ્યાં સુધી આપણે પ્રત્યેક ધર્મનો સ્વતંત્ર અભ્યાસ ન કરીએ, એનાં વિવિધ અંગોની માહિતી પ્રાપ્ત ન કરીએ, કાળના સંદર્ભમાં એની ઉત્પત્તિ અને વિકાસનો ખ્યાલ ન મેળવીએ, એના ભૌગોલિક સ્થળ–પ્રસારણની સામગ્રી એકત્રિત ન કરીએ, ટૂંકમાં. પ્રત્યેક ધર્મ અંગે, તે ધર્મનાં વિવિધ અંગોનો અભ્યાસ ન કરીએ ત્યાં સુધી તુલનાત્મક અધ્યયન શી રીતે શક્ય બને ? આથી જ આ ગ્રંથના બીજા વિભાગમાં આપણે પ્રત્યેક ધર્મનો, તેનાં વિવિધ અંગોને અનુલક્ષીને તુલનાત્મક અભ્યાસ હાથ ધરવાનો પ્રયત્ન કરીશું.

પરંતુ ધર્મના તુલનાત્મક અધ્યયનની દૃષ્ટિએ એ પ્રશ્ન મહત્ત્વનો છે કે પ્રત્યેક ધર્મનો આવો અભ્યાસ હાથ ધરતી વેળા અભ્યાસીની દૃષ્ટિ કંઈ હોવી જોઈએ ? એનું વલણ કેવું હોવું જોઈએ ? એ તો સહજ રીતે સમજાશે કે તુલનાત્મક અભ્યાસી કોઈ પણ ધર્મનો અભ્યાસ તે ધર્મના અનુયાયી કરે છે તે રીતે નહિ જ કરે—પોતાના ધર્મનો પણ નહિ. સામાન્યપણે એમ પણ કહી જ શકાય કે પ્રત્યેક ધર્મના અધ્યયનમાં અભ્યાસી વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ અને વૈજ્ઞાનિક વલણ અપનાવે. આની સ્પષ્ટતા માટે નીચે વર્ણવેલ થોડા મુદ્દાઓ તપાસીએ.

૧. જડવાદનો ત્યાગ :

કોઈ પણ ધર્મનો અભ્યાસ કરતી વેળા ધર્મના તુલનાત્મક અભ્યાસીએ કોઈપણ પ્રકારના જડવાદને (Dogmatism) તિલાંજલિ આપવી જોઈએ. પોતાના મનસપટ પર દૃઢ થયેલી માન્યતાઓને એણે કોઈ પણ ધર્મની યોગ્ય રજૂઆતમાં વચ્ચે આવવા દેવી જોઈએ નહિ.

ધર્મોના તુલનાત્મક અધ્યયનના ઉપર રજૂ થયેલાં વિવિધ દૃષ્ટિબિંદુઓમાંથી બીજું, ત્રીજું અને ચોથું દૃષ્ટિબિંદુ આવું જડવાદી વલણ અપનાવતા હોઈ એમનો સ્વીકાર થઈ શકે નહિ.

૨. પૂર્વગ્રહનો ત્યાગ :

પોતાના અનુભવોને આધારે માનવી કેટલાક પૂર્વગ્રહો બાંધી લે છે. આવા પૂર્વગ્રહોનું ફલક ખૂબ જ વિસ્તૃત છે અને તે ધર્મને પણ આવરી લે છે. ધર્મનું તુલનાત્મક અધ્યયન કરનાર અભ્યાસી પોતે કોઈ ધર્મનો અનુયાયી હોય અથવા તો અધાર્મિક હોય તોયે એક યા અનેક ધર્મો માટે કે તેનાં એક કે વધુ તત્ત્વો યા અંગો માટે એને કોઈ પ્રકારનો પૂર્વગ્રહ હોઈ શકે. પરંતુ પોતે જ્યારે ધર્મના તુલનાત્મક અધ્યયનકાર્યમાં પરોવાય ત્યારે એણે આવા સર્વ પૂર્વગ્રહોની ઉપરવટ જવું જરૂરી બને છે.

૩. સહૃદયી સમભાવ :

કોઈ પણ ધર્મની રજૂઆત કરતી વખતે કે એની સમીક્ષા કરતી વેળા તુલનાત્મક અભ્યાસીની દૃષ્ટિ સહૃદયી અને સમભાવી હોવી જોઈએ. ધર્મના સ્વરૂપના વ્યાપક ખ્યાલ પર આધારિત એવી, ધર્મની રજૂઆત અને સમીક્ષા હોવી જોઈએ. પોતાને અરુચિકર હોય એવી પણ સમભાવી રજૂઆત થાય અને પોતાને અસ્વીકાર્ય હોય એવા મંતવ્યની પણ જે તે ધર્મના દૃષ્ટિએ સબળ રજૂઆત થાય, એ માટે એણે પ્રયત્નશીલ રહેવું પડે. ધર્મની સબળ રજૂઆત કર્યા પછી એની જે કંઈ સમાલોચના કરવાની હોય એ સહૃદયતાથી નિષ્પક્ષભાવે એ જરૂર કરે.

૪. સહાનભૂતિભર્યું વલણ :

તુલનાત્મક અભ્યાસીએ જે તે ધર્મના જે તે અંગનો બચાવ કરવાનો છે એવું નથી, પરંતુ જે કંઈક સમીક્ષા એ કરે તે સહાનુભૂતિપૂર્વકની હોવી જોઈએ—એ અર્થમાં કે જે સમયમાં અને જે સંદર્ભમાં, જે મંતવ્ય રજૂ થયું હોય તેને અનુલક્ષીને સમાલોચના થાય એ ઇચ્છનીય છે.

૫. ન્યાયી વલણ :

એ જ રીતે પોતાની સમીક્ષામાં તુલનાત્મક અભ્યાસીએ ન્યાયી થવાની પણ જરૂર છે. એવું તો ન જ બનવું જોઈએ કે કોઈ એક ધર્મના કોઈ એક અંગની સમાલોચના એક પ્રકારે, અને બીજા ધર્મના સમાન અંગની સમાલોચના અન્ય પ્રકારે થાય.

એની ન્યાયવૃત્તિમાં સારાનરસાના વિવેકની કાર્મેલિયતનો સમાવેશ થાય જ છે. પ્રત્યેક ધર્મમાં સારું તત્ત્વ કયું એ કહેવાને એ શક્તિમાન હોવો જોઈએ. એ સારું તત્ત્વ એ રીતે કયા આધારે સ્વીકારાયું છે એની તાર્કિક સમજ આપવાને માટે એ શક્તિશાળી હોવો જોઈએ.

આમ, ધર્મનો તુલનાત્મક અભ્યાસ કરનાર અભ્યાસીની જવાબદારી વિશિષ્ટ પ્રકારની છે. ધર્મનું સ્વરૂપ શું છે ? એનો આધાર કયો છે ? એનું ધ્યેય કેવું છે ? વગેરે અંગેનો ખ્યાલ આપીને પ્રત્યેક ધર્મની રજૂઆત અને સમીક્ષા કરતી વખતે જે તે ધર્મને ન્યાય કરવાનો છે, એટલું જ નહિ પણ વાચકને પણ યોગ્ય ન્યાય આપવાનો છે અને પોતાને પણ ન્યાય કરવાનો છે. પોતાની અંતર્ગત મર્યાદાઓને કારણે એ અભ્યાસી કદાચિત્ કોઈ એક ધર્મનાં સારાં અંગો તારવવામાં કામયાબ ન બને તોયે, એને હાથે તે ધર્મનાં સારાં અંગની નબળી અને અયોગ્ય રજૂઆત તો ન જ થવી ઘટે.

આમ, તુલનાત્મક અભ્યાસી એક ધર્મને બીજા ધર્મ સાથે સાંકળનાર પુલ સમાન છે. એનું કાર્યક્ષેત્ર કોઈ એક ધર્મના અનુયાયીની ધાર્મિક દૃષ્ટિનું ફલક વિસ્તારવાનું છે. એનું કર્તવ્ય ધર્મને સમજવાની એક એવી દૃષ્ટિ આપવાનું છે જે વડે ધર્મના સામાન્ય સ્વરૂપના સંદર્ભમાં જે તે ધર્મઅનુયાયી, ધર્મસમભાવ કેળવી શકે, અને આ બધાથીયે વિશેષ તો તુલનાત્મક અભ્યાસીએ ધર્મ કયાં, કયારે અને કેવી રીતે ચાલકબળ તરીકે રહ્યો છે, કે અવરોધકબળ તરીકે બન્યો છે, અને વ્યક્તિગતજીવન અને સમાજજીવનના આધાર તરીકે, પ્રેરણાબળ તરીકે અને ચાલકબળ તરીકે એનું ભાવિ શું છે એનું દિશાસૂચન કરવાનું છે.

ધર્મોનો તુલનાત્મક અભ્યાસી જો પ્રત્યેક ધર્મના અધ્યયનમાં વિશાળ દૃષ્ટિ રાખી વૈજ્ઞાનિક પદ્ધતિએ એની મુલવણી કરે, અને એને માર્ગદર્શક જે મુદ્દાઓની ઉપર ચર્ચા કરી છે તેનું પાલન કરે, એ વિવિધ ધર્મની સમગ્રપણે તેમ જ કોઈ પણ બે કે વધારે ધર્મોનાં સમાન અંગોની તુલના કરે તો એનું કાર્ય એ યથાયોગ્ય પૂર્ણ કરે એવી આશા રાખી શકાય.

૧.૭ ધર્મોના તુલનાત્મક અધ્યયનનો વિકાસ

જુદી જુદી પ્રજાના ધર્મોના અભ્યાસનો રસ ઘણા પુરાણા કાળથી જોવામાં આવે છે અને જગતની સંસ્કૃત પ્રજામાં એ રસનાં દર્શન અવારનવાર થતાં જ રહે છે. પુરાણા ગ્રીક લોકોને આવો રસ હતો એવો ઉલ્લેખ હીરોડોટસનાં લખાણોમાં મળે છે. માઉમ ખલીફાના સમયમાં બગદાદમાં ધર્મોની પાર્લમેંટ બોલાવવામાં આવી હતી એમ મસૂદી કહે છે. પોતાના દરબારમાં વિવિધ ધર્મના પ્રતિનિધિઓને અકબરે આમંત્ર્યા હતા એ પણ જાણીતું છે. જગતના ધર્મોની પાર્લમેંટ ૧૮૯૩માં શિકાગોમાં ભરાઈ હતી. ૧૯૦૬માં કલકત્તામાં સર્વધર્મપરિષદ યોજાઈ હતી. આવી એક સર્વધર્મ પાર્લમેન્ટ ૧૯૭૧માં કેરાળામાં પણ મળી. પોતા સિવાયના અન્ય ધર્મોને સમજવાને માટે, એ જાણવાને માટે આ સારાં સાધનો છે એની ના નહિ, પરંતુ આ પ્રયાસોને ધર્મના તુલનાત્મક અધ્યયનની સમકક્ષ મૂકી શકાય નહિ.

લગભગ એક સદી પૂર્વે મેકસમૂલરના નેતૃત્વ હેઠળ ધર્મોના તુલનાત્મક અધ્યયનની આધુનિક સમયમાં શરૂઆત થઈ.[૭] એમનું પુસ્તક 'તુલનાત્મક દંતકથા'[૮] ૧૮૫૬માં પ્રસિદ્ધ થયું અને ૧૮૭૦માં એમનું બીજું પુસ્તક 'ધર્મના વિજ્ઞાનનો

૭. જોર્ડન; કમ્પેરેટિવ રિલિજિયન ઇન જેનેસિસ એન્ડ ગ્રોથ.
૮. કમ્પેરેટિવ માયથોલોજી.

પ્રવેશ [૯] પ્રસિદ્ધ થયું. આ પછી ૧૮૭૮માં એમનાં ભાષણોનો એક ગ્રંથ પ્રસિદ્ધ થયો.[૧૦]

જોચિમ વાચ[૧૧] સૂચવે છે તેમ ધર્મનાં તુલનાત્મક અધ્યયનનો આ પ્રથમ તબક્કો કેટલીક વિશિષ્ટતાઓ રજૂ કરે છે. અન્ય ધર્મોને સહૃદયતાપૂર્વક સમજવાનો સચ્ચાઈ-પૂર્વકનો ઉમંગ અને તાત્ત્વિક વિચારણાનો રસ એમાં જોઈ શકાય છે.

આ તબક્કે ધાર્મિક અનુભવોના આવિષ્કારના વિવિધ પ્રકારોમાંથી દંતકથાએ મુખ્ય ધ્યાન દોર્યું. આ સમય દરમ્યાન, ઈશ્વર-વિદ્યા પાછળ હડસેલાઈ, અને ભાષા, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસનો લગભગ ખીચડો થયો.

જોર્ડન [૧૨] સૂચવે છે તેમ ધર્મના અભ્યાસને વિકસાવવાને માટે અને એને ધર્મના તત્ત્વજ્ઞાન તથા ખાસ કરીને ઈશ્વર-વિદ્યાથી સ્વતંત્ર કરવાને માટે ધર્મ-વિજ્ઞાનનો (Science of Religion) શબ્દપ્રયોગ કરવામાં આવ્યો અને એ જ પ્રમાણે ધર્મના ઇતિહાસકારો પણ સંશોધનની એક નવી આશાસ્પદ પદ્ધતિ શોધ્યાનો આનંદ માણવા લાગ્યા. સમાંતરની શોધ શરૂ થઈ. આને પરિણામે જુદા જુદા ધર્મોનાં ધર્મશાસ્ત્રોમાં જે વિવિધ જાતિઓ, રાષ્ટ્રો અને લોકોની ધાર્મિક રૂઢિઓ સચવાયેલી હતી તેના મૂળ તરીકે ઉપયોગ કરવા લાગ્યા. આના પરિણામે જ પૂર્વના પવિત્ર પુસ્તકોના[૧૩] પ્રકાશનની પ્રવૃત્તિ હાથ ધરાઈ.

બીજો તબક્કો :

તુલનાત્મક અધ્યયનનો બીજો તબક્કો ટીલે આપેલ ગીફર્ડ લેકચરસથી શરૂ થયો. ત્યાર પછી એની પુસ્તકરૂપે[૧૪] પ્રસિદ્ધિ થઈ. ટીલેનું મહત્ત્વનું પ્રદાન એ છે કે એક વિકાસક્રમનો માર્ગ માત્ર ધર્મના ઇતિહાસમાં જ નહિ પરંતુ જનસંગીતમાં, સમાજશાસ્ત્રમાં અને મનોવિજ્ઞાનમાં પણ તેઓ શોધી શકયા. ભવિષ્યમાં આ ત્રણેય અભ્યાસવિષયોએ ધર્મના તુલનાત્મક અધ્યયનમાં મહત્ત્વનો ફાળો આપ્યો. ટીલે પછી ટેઈલર, ડર્કહેઈમ અને વન્ડ ધર્મના અભ્યાસનો વિકાસાત્મક સિદ્ધાંત અનુસરે છે અને એમ કરીને ટીલેએ સૂચવેલ માર્ગ ખેડીને એને વધુ સમૃદ્ધ બનાવે છે.

---

૯. ઈન્ટ્રોડકશન ટુ ધી સાયન્સ ઑફ રિલિજિયન.
૧૦. ઓરિજીન ઍન્ડ ગ્રોથ ઑફ રિલિજિયન એઝ ઇલસ્ટ્રેટેડ બાય રિલિજિયન્સ ઑફ ઇન્ડિયા.
૧૧. ધી કમ્પેરેટિવ સ્ટડી ઑફ રિલિજિયન્સ, પા. ૩.
૧૨. કમ્પેરેટિવ રિલિજિયન, પા. ૭
૧૩. સેક્રેડ બુકસ ઑફ ધી ઇસ્ટ.
૧૪. એલિમેંટ્સ ઑફ ધી સાયન્સ ઑફ રિલિજિયન.

આ બીજા તબક્કાની વિશિષ્ટતા એ છે કે એમાં એક પ્રકારનું વ્યવહારાત્મક વલણ અવલોકવામાં આવે છે અને ભાષાશાસ્ત્રીય તેમ જ ઐતિહાસિક વલણ અખત્યાર થાય છે. સમીક્ષાનું સ્થાન વર્ણન લે છે. સ્વીકારાયેલ આદર્શો (Norms) તથા મૂલ્યો (Values)ને ઐતિહાસિક રીતે, મનોવૈજ્ઞાનિક રીતે અને સમાજશાસ્ત્રીય રીતે સમજવવામાં આવે છે. આ દૃષ્ટિએ પ્રવર્તમાન અને ભૂતકાલીન માનવધર્મોની ખોજમાં મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એની સાથે જ એક પ્રકારની વિશિષ્ટતા (Specialization) વિકસે છે અને પરલક્ષિતા (Objectivity) માટેનો આગ્રહ સેવવામાં આવે છે. મૂળનો કે ઉદ્ગમનો (Origin) અભ્યાસ મહત્ત્વપૂર્ણ બને છે અને એમાં સવિશેષ રસ જાગૃત થાય છે.

ધર્મના તુલનાત્મક અભ્યાસના પ્રથમ તબક્કાનો દોષ જ્યે વિગતો તરફ બેદરકાર રહેવાનો હતો, તો આ બીજા તબક્કાનો દોષ વિગતો પર વધુ ભાર મૂકવાનો રહ્યો છે. પહેલા તબક્કાના અભ્યાસીઓ સમાંતરની શોધમાં રચ્યા રહી કંઈક નવીન શોધ્યાનો આનંદ માણતા હતા, તો બીજા તબક્કાના સંશોધકો અસમાનતાને લક્ષમાં લીધા વિના સમાનતા પર વધુ ભાર મૂકતા હતા.

ત્રીજો તબક્કો :

ઓગણીસમી સદીના અંતમાં અને વીસમી સદીના પ્રારંભમાં તત્ત્વજ્ઞાન અને ઈશ્વર-વિદ્યા, જે તાંત્રિક જ્ઞાનમીમાંસામાં અથવા તો ઐતિહાસિક સંશોધનમાં ડૂબ્યા હતા તે, ટટાર થવા લાગ્યા. ઉમેરવેગ અને બર્ગસાંના નેતૃત્વ હેઠળ આ અભ્યાસના ત્રીજા તબક્કાની શરૂઆત થઈ. કૅથોલિક વિચારધારામાં હ્યુગલ અને કેલર તથા પ્રોટેસ્ટંટ વિચારધારામાં સોડરબ્લોમ, બાર્થ અને ઑટો આ પ્રક્રિયાના સહપંથી બન્યા. એ જ રીતે અમેરિકામાં વિલિયમ જેમ્સે પણ આ માર્ગ લીધો. આ તબક્કાની ખાસિયત ત્રણ છે :

એક, વધુ પડતા વિભાગીકરણ તથા સ્પેશિયાલિઝેશનનાં દૂષણોને દૂર કરવા તથા એક સમન્વયકારી તથા સંપૂર્ણ દૃષ્ટિબિંદુ કેળવી એ દૂષણોને દૂર કરવાની ઇચ્છા.

બે, ધાર્મિક અનુભવના સ્વરૂપની ખૂબ ઊંડાણપૂર્વકની ખોજની ઇચ્છા,

ત્રણ, જ્ઞાનમીમાંસક તથા તત્ત્વસ્વરૂપના પ્રશ્નોની તપાસ.

વ્યવહારવાદી ભાવનાના અતિ પ્રાધાન્યની સામે કેટલાકનો વિરોધ હોવા છતાં અનેક સંશોધકો એમ માને છે કે અત્યાર સુધી પ્રાપ્ત થયેલાં પ્રયત્નપૂર્વકનાં પરિણામોને સંગ્રહી રાખવા જોઈએ.

ધર્મના તુલનાત્મક અધ્યયનનો પાયો ઐતિહાસિક, તાત્ત્વિક તેમ જ સમાલોચનાત્મક અભ્યાસ પર જ રચાયેલો હોવો જોઈએ. વાચ માને છે કે આ ત્રીજા

તબક્કાનું મહત્ત્વપૂર્ણ કાર્ય રુડોલ્ફ ઑટોનું છે.[૧૫] પરમતત્ત્વના પરલક્ષી સ્વરૂપ ઉપર તેઓ ખૂબ ભાર મૂકે છે, અને એમ કરીને ધર્મભ્રાંતિયુક્ત સ્વલક્ષી સિદ્ધાંતોને પછાડે છે. એ જ પ્રમાણે વૉન હ્યુગલ[૧૬] અને વેબ[૧૭] પણ એવું જ કાર્ય કરે છે. તાર્કિક સંશોધનના મૂલ્યનો અનાદર કર્યા વિના જ ધર્મમાંના અતાર્કિક તત્ત્વ પર ભાર મૂકીને વધુ પડતા બુદ્ધિવાદ અને તર્કવાદને દૂર કરવામાં આવ્યા છે. આમ કરવામાં એ સંભવિત છે કે જે સમાન છે તેનો નાશ થાય તોયે જે ભિન્ન છે, નિશ્ચિત છે અને એકાંગી છે એ અવલોકન બહાર નહિ રહે એ પણ નોંધવું જોઈએ. આને પરિણામે ધર્મના ઇતિહાસકારો કોઈ પણ બાહ્ય સ્વરૂપની એકમયતા કે સમાનતા ન કરે એ નિષ્પન્ન છે.

ધર્મના તુલનાત્મક અધ્યયનના વિકાસના અત્રે રજૂ કરેલા ત્રણેય તબક્કાઓમાં યુરોપ, અમેરિકા અને એશિયાના સંશોધકોએ આંતરરાષ્ટ્રીય સહકાર આપ્યો છે એની સવિશેષ નોંધ લેવી જોઈએ. આવી આંતરરાષ્ટ્રીયતાના પુરાવા તરીકે છેલ્લા પચાશ વર્ષમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ ધર્મના ઇતિહાસની પરિષદો છે.

---

૧૫. ઑટો, આઈડિયા ઑફ ધી હોલી.

૧૬. એસેઝ એન્ડ એફ્રેસિઝ ઑન ફિલોસોફી ઑફ રિલિજિયન્સ.

૧૭. રિલિજિયસ એક્સપિરિયન્સ.

વર્ગીકરણની પ્રક્રિયા સમાન તત્ત્વના અવલોકન પર અને એ આધારે સમૂહીકરણ પર આધારિત છે. આથી કોઈ પણ વિષયના તુલનાત્મક અભ્યાસોને વર્ગીકરણની પ્રક્રિયા ઘણી ઉપયોગી બને છે.

ધર્મોનું વર્ગીકરણ પણ તુલનાત્મક અધ્યયન માટે ઉપયોગી થઈ પડે એમ છે. કેટલીક વેળા વર્ગીકરણનું દૃષ્ટિબિંદુ અને એનો મૂળ આધાર પોતે જ એટલા નબળા હોય છે, જેથી વર્ગીકરણનો એની પ્રક્રિયામાંથી મહત્ત્વનું કંઈ ન નીપજે. આનો આધાર થયેલું વર્ગીકરણ કોઈક સ્વીકાર્ય આધાર પર વૈજ્ઞાનિક રીતે થયેલું છે કે અસ્વીકાર્ય આધાર પર અવૈજ્ઞાનિક રીતે થયેલું છે એના પર છે. ધર્મના પ્રાપ્ત વર્ગીકરણને આપણે બે મોટા વિભાગમાં વહેંચી શકીએ.

અ. અવૈજ્ઞાનિક વર્ગીકરણ :

૧. સાચા-ખોટાં અનુસારનું વર્ગીકરણ.

૨. પ્રણેતા અનુસારનું વર્ગીકરણ.

બ. વૈજ્ઞાનિક વર્ગીકરણ :

૧. અસ્તિત્વ-બિનઅસ્તિત્વ અનુસારનું વર્ગીકરણ

૨. ઈશ્વરસ્વરૂપ આધારિત વર્ગીકરણ

૩. પ્રસાર આધારિત વર્ગીકરણ
૪. ઉત્પત્તિપ્રદેશ આધારિત વર્ગીકરણ
૫. ઉત્પત્તિકાળ આધારિત વર્ગીકરણ
૬. અનુયાયી–સંખ્યા આધારિત વર્ગીકરણ
૭. ઇતિહાસકાળ આધારિત વર્ગીકરણ

અ. અવૈજ્ઞાનિક વર્ગીકરણ :

૧. સાચા–ખોટા અનુસારનું વર્ગીકરણ :


કેટલાક વિચારકો ધર્મોનું વર્ગીકરણ બે પ્રકારમાં કરે છે. એક પ્રકારમાં તેઓ સાચા ધર્મનો અને બીજામાં ખોટા ધર્મોનો સમાવેશ કરે છે.

પરંતુ અહીંયાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કોઈપણ ધર્મ સાચો છે કે ખોટો એનો નિર્ણય શી રીતે થઈ શકે ? એવા સ્થાયી તાર્કિક આધારો પ્રાપ્ય છે ખરાં, જેને અનુલક્ષીને એકને સાચા તરીકે અને બીજાને ખોટા તરીકે મૂલવી શકાય ? કોઈ એક નિશ્ચિત મુદ્દા પર એક ધર્મનું મંતવ્ય સાચું છે અને બીજાનું મંતવ્ય ખોટું છે એમ સાપેક્ષ રીતે કહી શકાય ખરું; પરંતુ કોઈ એક કે વધારે ધર્મો કે ધર્મજૂથને સાચા તરીકે અને બીજા સર્વને ખોટા તરીકે ઘટાવવામાં વ્યક્તિની અંગત માન્યતાઓ સિવાયનો તાર્કિક રીતે વૈજ્ઞાનિક એવો કોઈ આધાર પ્રાપ્ત થતો નથી.

ધર્મના પ્રત્યેક અનુયાયીને પોતાનો ધર્મ સારો લાગે એ સહજ અને સ્વાભાવિક છે. જે વિવિધ દૃષ્ટિબિંદુઓ અનુસાર ધર્મનું તુલનાત્મક અધ્યયન હાથ ધરાય છે તેમાં પણ આપણે જોયું કે બીજાં, ત્રીજાં, અને ચોથા મંતવ્ય અનુસાર એક ધર્મ, ધર્મ–જૂથ કે સ્વધર્મને સારા તરીકે સ્વીકારી અન્ય ધર્મોને ખોટા તરીકે રજૂ કરવામાં આવે છે.

આમ ધર્મોનું આ વર્ગીકરણ વ્યક્તિગત ગમા–અણગમા કે વ્યક્તિગત પૂર્વગ્રહો અને મંતવ્યો પર આધારિત છે, એથી ધર્મનું આ વર્ગીકરણ સ્વીકારી શકાય નહિ.

૨. પ્રણેતા અનુસારનું વર્ગીકરણ :



આ વર્ગીકરણ અનુસાર ધર્મોને બે મુખ્ય વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે—એક વર્ગને ઈશ્વરપ્રેરિત અથવા ઈશ્વરે આપેલ ધર્મ તરીકે અને બીજા વર્ગને માનવપ્રેરિત કે માનવે આપેલ ધર્મ તરીકે ઓળખાવવામાં આવે છે.

ધર્મના ઇતિહાસને અનુલક્ષીને પ્રભુના પયગંબર દ્વારા જે ધર્મો મેળવાયાં, ઈશ્વરનાં વચન પર આધારિત જે ધર્મો પ્રાપ્ત થયા એને ઈશ્વરપ્રેરિત અથવા revealed ધર્મો તરીકે ઓળખાવવાનો આ વર્ગીકરણ પ્રયાસ કરે છે. અને જે ધર્મો પ્રસ્થાપકના ઈશ્વરનાં સાક્ષાત્કાર કે વચનો ઉપર નહિ, પરંતુ સત્યના કે ધાર્મિક જ્ઞાનના આધાર પર સ્થપાયા એને માનવપ્રેરિત કે માનવઅર્પિત ધર્મો તરીકે ઓળખાવવામાં આવે છે. હિબ્રૂધર્મ, ખ્રિસ્તીધર્મ, મુસ્લિમધર્મ વગેરેનો સમાવેશ પ્રથમ વર્ગમાં, અને બૌદ્ધધર્મ, જૈનધર્મ વગેરેનો સમાવેશ બીજા વર્ગમાં કરવામાં આવે છે.

પયગંબરને સંભળાયેલ ઈશ્વરવાણી એ ઈશ્વરવચન જ છે, અને ધર્મ-પ્રસ્થાપકને પ્રાપ્ત થયેલ સત્યની કે જ્ઞાનની ઝાંખી ઈશ્વર દીધેલ નથી એમ કઈ રીતે કહી શકાય ? ધર્મ પોતે એક એવી પ્રક્રિયા છે જેમાં, આપણે આગળ જોયું તેમ, માનવીનો પ્રયાસ નિમ્ન સ્તર પરથી ઊર્ધ્વ સ્તરો પર જવામાં રહેલો છે. પ્રત્યેક માનવમાં એક એવા આધ્યાત્મિક અંશનો આવિર્ભાવ છે જે વિકસવાને માટે અને સમગ્ર માનવજીવનને અધ્યાત્મસભર કરવા માટે શક્તિશાળી છે. એમ કેમ ન બને કે પયગંબરને તેમ જ પ્રસ્થાપકોને લાધેલ જ્ઞાન પોતાનામાં જ અલૌકિક દૈવી-આધ્યાત્મિક અંશનું પરિણામ હોય ? જો આપણે એમ સ્વીકારીએ કે પ્રત્યેક માનવમાં પશુઅંશ અને દેવઅંશ બંને સમાયેલાં છે, તો આપણે એમ પણ સ્વીકારવું જ રહ્યું કે ધર્મપ્રસ્થાપક જ્યારે ધર્મ પ્રબોધે છે ત્યારે એ પ્રબોધ એનામાં સમાયેલ પશુઅંશનું નહિ પરંતુ દૈવીઅંશનું જ પરિણામ છે.

આ પ્રશ્નને આપણે બીજી એક રીતે પણ જોઈ એ. જો ધર્મ માત્ર ઈશ્વર-અર્પિત જ હોય તો આપણે એમ સ્વીકારવું જ રહ્યું કે ઈશ્વરે આપેલ ધર્મ સદાકાળને માટે એકસમાન, સ્થગિત છે. શું વિશ્વના કોઈ પણ પ્રવર્તમાન ધર્મને માટે એમ કહી શકાશે ખરું કે એ ધર્મ સદાયે સ્થગિત છે ? ધર્મનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે પ્રત્યેક ધર્મમાં વિવિધ પરિવર્તનો થયાં છે અને થતાં રહે છે. આ એક ઐતિહાસિક હકીકત છે અને એથી એનો ઇન્કાર કરી શકાય એમ નથી. જે કોઈ ધર્મ–પરિવર્તનનું બળ ગુમાવી સ્થગિતપણે રહ્યો એ કાળાનુક્રમે ધર્મ તરીકે અસ્ત થયો. આમ, ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં આપણને એ સ્પષ્ટપણે સમજાશે કે ધર્મ–પરિવર્તનનું બળ માનવપ્રેરિત કે માનવઅર્પિત છે. ધર્મનું

મૂળ ભલે ઈશ્વરનાં વચનમાં હોય તોયે તે ધર્મનું આધુનિક સ્વરૂપ માનવ પ્રેરણાનું પરિણામ છે.

સાચી રીતે તો દરેક ધર્મમાં ઈશ્વરપ્રેરિત અંશ છે તેમ જ માનવપ્રેરિત અંશ પણ છે જ. લગભગ પ્રત્યેક ધર્મમાં, ધર્મઆચરણ અને ધર્મવ્યવહાર માનવપ્રેરિત છે. દા. ત., હિબ્રૂધર્મમાં દશ આદેશોની બહાર જે કંઈક ધર્મ-આચરણ રજૂ કરવામાં આવ્યું છે કે ધર્મવ્યવહાર સૂચવાયો છે, એ પ્રભુના દશ આદેશોમાંથી જ મેળવાયો હોય તોપણ એ માનવઅર્પેલ અંશ છે એની ના કોણ કહી શકે ?

આમ, આપણે એ સ્વીકારવું રહ્યું કે જે ધર્મો ઈશ્વર દીધેલ કહેવાય છે એમાં પરિવર્તનનો અંશ માનવઅર્પેલ છે અને જે ધર્મો માનવઅર્પિત કહેવાય છે, તેમાં ધર્મપ્રવક્તાનો દૈવીઅંશ પ્રત્યક્ષ થાય છે—માત્ર તેઓ પોતે વિનયપૂર્વક પોતાના એ અંશનો દાવો કરતા નથી. અને કદાચ આથી જ એ ધર્મના અનુયાયીઓએ એ ધર્મપ્રવર્તકને ઈશ્વરસ્થાને સ્થાપ્યા છે. પ્રત્યેક ધર્મમાં દૈવીઅંશ તથા માનવઅંશ ઓતપ્રોત થયેલાં છે એમ કહેવું વધુ વાજબી રહેશે.

બ. વૈજ્ઞાનિક વર્ગીકરણ :

૧. અસ્તિત્વ-બિનઅસ્તિત્વ અનુસારનું વર્ગીકરણ :

ધર્મોના ઇતિહાસના કોઈ પણ પુસ્તક ઉપર નજર ફેરવતા એ જાણી શકાશે કે કેટલાય ધર્મો કાળક્રમમાં પ્રગટ થયા, કેટલોક સમય અસ્તિત્વમાં રહ્યા, અને કાળના વહેણમાં વિલીન પણ થયા. આ ઐતિહાસિક સત્યને રજૂ કરવાનો આ વર્ગીકરણનો પ્રયત્ન છે.

જગતના અસ્તિત્વમાન ધર્મોમાં જગતના અગિયાર ધર્મોનો સમાવેશ થાય છે. હિંદુધર્મ, હિબ્રૂધર્મ, કન્ફ્યુશિયનધર્મ, તાઓધર્મ, જરથુસ્તધર્મ, શિન્તોધર્મ, બૌદ્ધધર્મ, જૈનધર્મ, ખ્રિસ્તીધર્મ, ઇસ્લામધર્મ અને શીખધર્મ. અને જગતના વિલીન થઈ ગયેલા ધર્મોમાં મુખ્યત્વે કરીને આફ્રિકામાં ઇજિપ્તનો પુરાણો ધર્મ, અમેરિકામાંનો પેરુ અને મેકિસકોનો પુરાણો ધર્મ, એશિયામાંના મીથર, મેની, એબિલોન વગેરે ધર્મો અને યુરોપના ગ્રીક, રોમ, ટ્યુટન અને સ્કેન્ડીનેવિયાના પુરાણા ધર્મોનો સમાવેશ થાય છે.

ધાર્મિકતા માનવજીવનમાં ઓતપ્રોત થયેલી હોવા છતાં તેનો આવિર્ભાવ જે તે એક ધર્મના સ્વીકાર દ્વારા થાય છે. એથી ધાર્મિકતા અનિત્ય હોવા છતાં ધર્મ નિત્ય હોય એ સંભવી શકે. આથી જ તો માનવીની ધાર્મિકતાને જે ધર્મ દ્વારા

વધુ વાચા મળવાની સંભાવના હોય એ ધર્મમાં જોડાવાની માનવીની વૃત્તિ રહી છે. જન્મે પ્રાપ્ત થયેલ ધર્મને છોડીને બીજા ધર્મનો સ્વેચ્છાપૂર્વક અંગીકાર કરવાની મનોવૃત્તિ પાછળ આ જ કારણ હોવાની સંભાવના છે. પરંતુ માનવી એક પ્રવર્તમાન ધર્મમાં જન્મ્યો હોવા છતાં તે છોડીને બીજા પ્રવર્તમાન ધર્મનો અંગીકાર કરે એવા અનેક દાખલાઓ જોવા મળે છે. એનાં કારણોનું સંશોધન થવું જરૂરી છે.


આમાંથી જે મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે એ કે જે ધર્મ એક વેળા અસ્તિત્વમાં આવ્યો, અનુયાયીઓએ સ્વીકાર્યો, તે ધર્મ કાળાનુક્રમે પૃથ્વીના પટ પરથી વિલીન કેમ થયો ? એવા ધર્મોમાં એવાં કયાં બળો હતાં જેને પરિણામે એ ધર્મો વિલીન થયા ? એ પ્રત્યેક ધર્મનો અસ્તિત્વકાળ કેટલો રહ્યો ? એ સમય મર્યાદા કરતાં વધુ સમયથી અસ્તિત્વ ધરાવતા પ્રવર્તમાન ધર્મોમાં એવાં કોઈક વિલીનકારી તત્ત્વો છે કે કેમ ? પ્રવર્તમાન ધર્મોના અસ્તિત્વનાં મુખ્ય બળો કયાં ? આ બધાયે પ્રશ્નો વિચારણા માગે છે.

કોઈપણ એક ધર્મના ઇતિહાસ પર દૃષ્ટિ નાખતાં આપણને એ સમજાશે કે તે ધર્મના વિકાસનો માર્ગ હંમેશાં જ સરળ અને સીધો રહ્યો નથી. ધર્મની પ્રગતિ, એના વિકાસ અને વિસ્તારમાં અનેક આંધી અને તોફાનો, તડકા અને છાંયડા અને અવરોધક બળો ઉપસ્થિત થયાં છે. ધર્મનો પ્રગતિ એકસરખી ઊર્ધ્વગામી રહી નથી. ધર્મ પોતે એક ગહન મહાસાગર સમો હોવા છતાં એનો ગતિશીલ વેગ કદીક એકાદ ઝરણાનું કે કદીક એકાદ ખાબોચિયાનું કે કદીક એકાદ વિરાટ નદીનું સ્વરૂપ ધારણ કરે છે, અને એકંદરે તે ધર્મનું અસ્તિત્વ ટકી રહે છે જે વિવિધ અવરોધોનો સામનો કરી, એનું મૂળસ્વરૂપ હાંસલ કરી, ગતિશીલ રીતે વહ્યે જાય છે. ધર્મની ઉન્નતિ, પડકાર, સુધારણા, પ્રગતિ એવો એક લગાતાર ક્રમ પ્રત્યેક ધર્મમાં જોવા મળે છે. આ પ્રક્રિયા પોતે અગત્યની છે અને વિચારણા માગી લે છે.

આપણા હવે પછીના અભ્યાસમાં આપણે અસ્તિત્વ ધરાવતા અગિયાર ધર્મોને અનુલક્ષીને ચર્ચા કરીશું.

૨ ઈશ્વરસ્વરૂપ આધારિત વર્ગીકરણ :

ધર્મમાં નીરૂપાયેલાં ઈશ્વરના સ્વરૂપને અનુલક્ષીને ધર્મોનું વર્ગીકરણ આ રીતે કરવામાં આવ્યું છે.



ઈશ્વર વિનાનો ધર્મ શક્ય છે કે કેમ એ પ્રશ્ન ઘણી વેળા ઉઠાવવામાં આવે છે. આ એક નિરાળો પ્રશ્ન છે અને એની ચર્ચા કરવાનું આ સ્થાન નથી. ઉપર રજૂ કરેલ ઈશ્વર-સ્વરૂપના દૃષ્ટિબિંદુથી મેળવાયેલ ત્રણ વિભાગોનો સામાન્ય ખ્યાલ મેળવવો જરૂરી છે. એ મેળવતી વેળા આપણે એટલું નોંધી લેવું જરૂરી છે કે પ્રાણીવાદથી (Animism) એકેશ્વરવાદ સુધીનું ધર્મપ્રયાણ કયા કયા તબક્કામાંથી અને કેટલી કક્ષાએ થયું છે એનો સામાન્ય ખ્યાલ વાંચકે ધર્મના તત્ત્વજ્ઞાનના અભ્યાસમાંથી મેળવ્યો છે એમ સ્વીકારીને આપણે ચાલી શકીએ.

એકેશ્વરવાદી ધર્મોમાં હિંદુધર્મ, જરથુસ્તધર્મ, તાઓધર્મ, ખ્રિસ્તીધર્મ, ઇસ્લામધર્મ અને શિન્તોધર્મનો સમાવેશ થાય છે. અને નિરીશ્વરવાદી ધર્મોમાં જૈનધર્મ તથા બૌદ્ધધર્મનો સમાવેશ થાય છે. જે તે વિભાગમાં સમાવેલ ધર્મમાં ઈશ્વરનું સ્વરૂપ શું છે એની વિસ્તૃત ચર્ચા આપણે ધર્મના વ્યક્તિગત અધ્યયનમાં તેમ જ વિવિધ ધર્મોના ઈશ્વર અંગેના મંતવ્યના તુલનાત્મક અધ્યયનમાં હાથ ધરીશું. સામાન્યપણે ધર્મોમાંના ઈશ્વરના સ્વરૂપને આધારે જે વર્ગીકરણ અપાય છે તે જ અહીંયાં રજૂ કરવામાં આવ્યું છે.

આ વર્ગીકરણમાંથી બીજા પણ કેટલાક મહત્ત્વના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. નિરીશ્વરવાદી ધર્મને નાસ્તિક કહી શકાય? અનેકેશ્વરવાદી ધર્મ એકેશ્વરનો ખ્યાલ કદીયે આપતો નથી? એકેશ્વરવાદી ધર્મ એના ઉદ્‌ગમથી આજ સુધી હંમેશાં દરેક તબક્કે એકેશ્વરવાદી જ રહ્યો છે ખરો? એકેશ્વરવાદી ધર્મજૂથમાં સમાવિષ્ટ થયેલ ધર્મોના એક ઈશ્વર વિશેના ખ્યાલો સરખા છે ખરા? એમના ઈશ્વરના 'એક'ના ખ્યાલો શું સમાન છે?

આ બધા પ્રશ્નોની ચર્ચા જેમ જેમ આપણે આપણા અધ્યયનમાં આગળ વધતા જઈશું તેમ તેમ હાથ ધરવામાં આવશે. અહીંયાં આપણે એક બાબત નોંધી લઈએ. જેને આપણે નિરીશ્વરવાદી ધર્મના વર્ગમાં સમાવ્યા છે એ જૈન અને બૌદ્ધ ધર્મોએ પણ એમના વિકાસના કોઈ ને કોઈ તબક્કે ઈશ્વરના સ્વરૂપનો સ્વીકાર કરી તેને આલેખવાનો પ્રયાસ કર્યો છે. બીજા કેટલાક પ્રશ્નો પણ વિચારણા માગે છે. ઈશ્વરના સ્વરૂપના આ ત્રણ ખ્યાલોમાંથી કોઈ એક વધારે ચઢિયાતો અને તેથી સ્વીકાર્ય છે એમ કહી શકાય ખરું? અનેકેશ્વરવાદી ધર્મમાં ઈશ્વર બહુત્વના સ્વીકારની સાથે એમાં ધાર્મિક સહિષ્ણુતાની વધુ શક્યતા છે ખરી? નિરીશ્વરવાદી વિચારધારામાં ઈશ્વરનો સંપૂર્ણપણે નકાર કરવાનું કૌવત છે ખરું?

૩. પ્રસાર આધારિત વર્ગીકરણ :

ધર્મના પ્રસારના વિષયને બે રીતે વિચારી શકાય એક, એના સિદ્ધાંતના પ્રસારને આધારે અને બીજું એના અનુયાયીઓના વિસ્તરણને આધારે. ધર્મના વિકાસના પ્રશ્નને સમજાવતા ગેલોવી[૧૮] જેવા વિચારકોએ ધર્મને જાતિધર્મ (Tribal Religion), રાષ્ટ્રીયધર્મ (National Religion) અને વિશ્વ-ધર્મ (Universal Religion) તરીકે આલેખેલ છે. આજે અસ્તિત્વ ધરાવતા ધર્મો પૈકીના કોઈને પણ જાતિધર્મ તરીકે ઓળખાવી શકાય એમ નથી. કેટલાક એવા ધર્મો જરૂર છે જે કોઈ રાષ્ટ્રધર્મની ભૌગોલિક હદ પૂરતાં જ મર્યાદિત હોય અને બીજા એવા ધર્મો છે જેનો વિસ્તાર એક કરતાં વધારે રાષ્ટ્રોની ભૂમિ પર વિસ્તરેલો છે.

આપણે અહીંયાં જે પ્રશ્ન વિચારવાનો છે તે મુખ્યત્વે કરીને એ છે કે કોઈ-પણ એક કે વધારે ધર્મને, એના ભૂમિ વિસ્તરણ માત્ર ઉપરથી વિશ્વધર્મ તરીકે સ્વીકારી શકાશું ? શું પ્રત્યેક ધર્મમાં વિશ્વત્વનાં અંગો અંતર્ભૂત નથી ? જો ધર્મોના સિદ્ધાંતોને અનુલક્ષીને આ વિષયની વિચારણા કરવામાં આવે તો એમ કહેવું પડે કે કયાં તો જગતના બધા જ ધર્મો વિશ્વધર્મ છે અથવા તો એકે ધર્મ વિશ્વધર્મ નથી.

નર્યો ભૌગોલિક વિસ્તાર, ધર્મનું વિશ્વસ્વરૂપ નિર્ણીત કરવા, લક્ષમાં લઈ શકાય નહિ. કારણ કે ધર્મના ભૌગોલિક વિસ્તારનો આધાર અનિવાર્યપણે એના પ્રબોધેલા સિદ્ધાંતોની મહત્તા પર આધારિત નથી, પરંતુ ધર્મ-વિસ્તારનો આધાર કેટલીક વેળા અધાર્મિક એવાં અંગોને આભારી હોય છે—જેમકે વ્યાપાર, રાજકીય સત્તાનો વિસ્તાર, કુદરતી આંધીને કારણે અથવા તો અન્ય કારણોસર પ્રજાના કેટલાક ભાગોનું સ્થાનાંતર. પ્રત્યેક ધર્મની ચર્ચા કરતી વેળા આ બાબતોને લક્ષમાં રાખીને જે તે ધર્મનો કેવો, કેટલો અને ક્યારે વિસ્તાર થયો એનો ખ્યાલ આપણે પામી શકાશું. પરંતુ આટલું જ નહિ, કેટલીક વેળા તો ધર્મપ્રસારની વિવિધ રીતિઓ પણ અજમાવવામાં આવે છે. સમજયુક્ત પરિવર્તન, (Pursuasion) ધાકધમકીયુક્ત દબાણ (Persecution), વટલાવ (Prosylytesation) અને લાલચ (Temptation) જેવી રસમોનો આમાં સમાવેશ થાય છે. કયા ધર્મોએ

૧૮ ફિલોસોફી ઑફ રિલિજિયન પ્રક. ૨, પા. ૮૮–૧૫૨

આમાંની કયી અને કેટલી રસમોનો ઉપયોગ કયારે કયારે કર્યો છે એનો ચિતાર જે તે ધર્મના નિષ્પક્ષભાવે આલેખાયેલ ઇતિહાસમાંથી પ્રાપ્ત થઈ શકે એમ છે.

૪. ઉત્પત્તિપ્રદેશ આધારિત વર્ગીકરણ :

કયા ભૌગોલિક પ્રદેશમાં કયો ધર્મ ઉત્પન્ન થયો છે એનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જે વર્ગીકરણ આપવામાં આવે છે એ આ પ્રમાણે છે :

ધર્મ ઉત્પત્તિસ્થાન

દક્ષિણ એશિયા	પૂર્વ એશિયા	પશ્ચિમ એશિયા
૧. હિંદુધર્મ	૧. કન્ફ્યુશિયનધર્મ	૧. હિબ્રૂધર્મ
૨. જૈનધર્મ	૨. તાઓધર્મ	૨. જરથુસ્તધર્મ
૩. બૌદ્ધધર્મ	૩. શિન્તોધર્મ	૩. ખ્રિસ્તીધર્મ
૪. શીખધર્મ		૪. ઇસ્લામધર્મ

પૃથ્વીના બીજા ખંડોમાં નહિ પરંતુ માત્ર એશિયાખંડમાં જ ધર્મની ઉત્પત્તિ કેમ થઈ ? આજે પૃથ્વીનો એકેય ખંડ એવો નથી જ્યાં કોઈને કોઈ ધર્મ પ્રવર્તતો ન હોય. પૃથ્વીના એક ખંડમાંથી પૃથ્વીના બીજા ખંડમાં ધર્મનો પ્રસાર કેવી રીતે થયો ? એક જ ખંડના એક જ ભાગમાં ઉત્પન્ન થયેલા ધર્મો વચ્ચે કોઈ વિશિષ્ટ પ્રકારનું સામ્ય કે કોઈ વિશિષ્ટ પ્રકારનો ભેદ છે ખરો ? જે ભૌગોલિક કેંદ્રમાં ધર્મની ઉત્પત્તિ થઈ છે એ ભૌગોલિક પ્રદેશની પરિસ્થિતિની ધર્મ પર કંઈક અસર છે ખરી ? આ અને આવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે અને એનો ઉકેલ શોધવા માટે ધર્મના તુલનાત્મક અધ્યયન તરફ વળવું પડે છે.

દુનિયાનો ઇતિહાસ આપણને એ સમજાવે છે કે સર્વ સંસ્કૃતિઓનો સ્રોત પ્રથમ એશિયામાં—પૂર્વમાં પ્રગટયો અને પછી વિશ્વના બીજા ભાગોમાં પ્રસર્યો. પ્રત્યેક પ્રજાની સંસ્કૃતિના ઘડતરમાં જેમ તેના ધર્મે ફાળો આપ્યો છે, તેમ તેના ધર્મનું સ્વરૂપ, તે પ્રજાએ અપનાવેલ સંસ્કૃતિએ નક્કી કર્યું છે. આથી જ કદાચ પ્રત્યેક ધર્મનું હાર્દ એક સમાન હોવા છતાં ધર્મવ્યવહારમાં તફાવત છે અને એ તફાવત ધર્મ-રીતિ, નીતિ, અન્ય આચરણો અને વ્યવહારમાં દૃષ્ટિગોચર થાય છે.

૫. ઉત્પત્તિકાળ આધારિત વર્ગીકરણ :

ઐતિહાસિક કાળક્રમની દૃષ્ટિએ જગતના પ્રવર્તમાન ધર્મો કયા ક્રમે ઉત્પન્ન થયા તેની તવારિખ નીચે પ્રમાણે છે:

હિંદુધર્મ	આશરે	૨૦૦૦	ઈ. સ. પૂર્વે
હિબ્રૂધર્મ	,,	૧૫૦૦	,, ,,
શિન્તોધર્મ	,,	૬૬૦	,, ,,
જરથુસ્તધર્મ	,,	૬૬૦	,, ,,
તાઓધર્મ	,,	૬૦૪	,, ,,
જૈનધર્મ	,,	૫૯૯	,, ,,
બૌદ્ધધર્મ	,,	૫૬૦	,, ,,
કન્ફ્યુશિયનધર્મ	,,	૫૫૧	,, ,,
ખ્રિસ્તીધર્મ	,,	૧	,,
ઇસ્લામધર્મ	,,	૫૭૦	,,
શીખધર્મ	,,	૧૪૭૯	,,

ઉપરના કોઠા પરથી એ જોઈ શકાશે કે આશરે પાંત્રીસસો વર્ષના ગાળામાં માનવજાતને જુદા જુદા અગિયાર ધર્મો પ્રાપ્ત થયા છે. કોઈપણ બે ધર્મો વચ્ચેનો ગાળો એકસરખો નથી. ઈ. સ. પૂર્વે ૬૬૦ થી ૫૫૧ સુધી, એટલે લગભગ સો વર્ષના ગાળામાં વિશ્વના છ જેટલા ધર્મોની ઉત્પત્તિ થઈ છે. આ એક જ સદીમાં આમ કેમ બન્યું હશે ? વળી, આ છ ધર્મો દક્ષિણ એશિયા, પૂર્વ એશિયા અને પશ્ચિમ એશિયામાં અસ્તિત્વ પામ્યા. એમાંયે દક્ષિણ એશિયા અને પશ્ચિમ એશિયામાં તો અન્ય ધર્મોનું અસ્તિત્વ હોવા છતાં આ ધર્મો અસ્તિત્વમાં આવ્યા. આમ કેમ થયું ? આ પ્રશ્નોનો જવાબ ધર્મનું તુલનાત્મક અધ્યયન કેટલે અંશે આપે છે એ આપણે જેમ આગળ વધતા જઈશું તેમ માલૂમ પડતું જશે.

૬. અનુયાયી-સંખ્યા આધારિત વર્ગીકરણ :

પ્રત્યેક ધર્મના અનુયાયીઓની અંદાજી સંખ્યાનો આંકડો મેળવવાનું કઠિન છે. આશરે ૧૯૫૧ પહેલાં જે અનુયાયી સંખ્યાનો આંકડો પ્રાપ્ત હતો તે નીચે મુજબ છે.[૧૯]

---

૧૯. હુમ, વર્લ્ડ'સ લીવીંગ રિલિજિયન્સ, પા. ૧૪.

ધર્મ	અનુયાયી-સંખ્યા (લાખમાં)
૧. ખ્રિસ્તીધર્મ	૫૫૭૦
૨. કન્ફ્યુશિયનધર્મ	૨૫૦૦
૩. ઇસ્લામધર્મ	૨૩૦૦
૪. હિંદુધર્મ	૨૧૭૦
૫. બૌદ્ધધર્મ	૧૩૭૦
૬. તાઓધર્મ	૪૩૦
૭. શિન્તોધર્મ	૧૬૦
૮. યિહૂધર્મ	૧૧૦
૯. શીખધર્મ	૩૦
૧૦. જૈનધર્મ	૧૦
૧૧. જરથુસ્તધર્મ	૦૧

ઉપરના કોઠા પરથી આપણે એ જોઈ શકીશું કે સૌથી વિશેષ અનુયાયી-સંખ્યા ધરાવતો ધર્મ ખ્રિસ્તીધર્મ છે. કાળના ક્રમમાં ખ્રિસ્તીધર્મની આગળ આઠ જુદા જુદા ધર્મોની ઉત્પત્તિ થઈ અને કાળાનુક્રમે ખ્રિસ્તીધર્મનું સ્થાન નવમું છે. આમ છતાં એનું સંખ્યાબળ આટલું મોટું હોવાનું કારણ શું? એમ કહેવું કે ખ્રિસ્તીધર્મનો વિસ્તાર વિશેષ છે એથી એની અનુયાયી-સંખ્યા પણ વિશેષ છે, એ આ પ્રશ્નનો ઉત્તર નથી. જો ખ્રિસ્તીધર્મનો ફેલાવો વિશેષ છે, તો તે કેવી રીતે થયો એ પ્રશ્ન વિચારણા માગી લે છે.

વળી, આ કોઠા ઉપરથી આપણે એ પણ જોઈ શકીશું કે જગતના કેટલાક ધર્મોના અનુયાયીઓનું સંખ્યાબળ ખૂબ જ અલ્પ છે. આમ કેમ? કોઈપણ ધર્મના સિદ્ધાંતોની તાત્ત્વિકતા તે ધર્મની અનુયાયી-સંખ્યાને આધારે થઈ ન શકે એ સમજવું સહેલ છે. આમ છતાં, જો પ્રત્યેક ધર્મની દર પાંચ કે દશ વર્ષના ગાળાના સમયની પલટાતી અનુયાયીની સંખ્યાના આંકડા જો પ્રાપ્ત થઈ શકે તો આ દિશામાં સંશોધન થઈ શકવાની સંભવિતતા રહે છે. કોઈપણ એક ધર્મ માટેની અનુયાયી-સંખ્યા સતત વધતી જ રહેતી હોય, કોઈ એક ધર્મની અનુયાયી-સંખ્યા સતત ઘટતી જ રહેતી હોય, અથવા કોઈ એક ધર્મની અનુયાયી-સંખ્યા વધતી-ઘટતી રહેતી હોય તો એને આનુષંગિક બીજાં અંગોની અને પરિસ્થિતિની મોજણી કરવાથી, સંભવતઃ ધર્મના સિદ્ધાંતોની તાત્ત્વિકતા અંગે તેમ જ તેના વ્યવહારમાં થતા વિનિયોગ અંગે, કંઈક જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. પરંતુ જ્યાં સુધી

આવો કોઈ આધાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ દ્વાર આપણે માટે અણઊઘડ્યું છે એ રીતે જ આગળ વધવું રહ્યું.

૭. ઇતિહાસકાળ આધારિત વર્ગીકરણ :

ઉત્પત્તિકાળ આધારિત ધર્મોનું વર્ગીકરણ આપણે આગળ જોયું. અહીંયાં આપણે ધર્મોનું ઇતિહાસકાળ આધારિત વર્ગીકરણ જોઈએ. કોઈપણ ધર્મનો ઉત્પત્તિકાળ લગભગ નિશ્ચિત છે. પરંતુ જે તે ધર્મની ઉત્પત્તિ પછી ઇતિહાસના કાળપ્રવાહમાં જે તે ધર્મના કેવા પલટા થયા છે, એના સ્વરૂપમાં કેવું પરિવર્તન થયું છે, એમાંથી કયા નવા ધર્મો નીપજ્યા છે, એમાં કયા અને કેવા પ્રકારના સંપ્રદાયો ઉપસ્થિત થયા છે, એ આધારે ધર્મોનું વર્ગીકરણ કરવામાં આવે, તો લગભગ પ્રત્યેક ધર્મ માટે એમ કહી શકાય કે તેનું ઉત્પત્તિકાળનું મૂળ સ્વરૂપ અને તેનું પલટાયેલું પરિવર્તનશીલ સ્વરૂપ અલગ છે. પ્રત્યેક ધર્મ એક એવી પ્રક્રિયામાંથી પસાર થાય છે જેમાં ઉદ્‌ભોધાયેલ ધર્મની સામે હળવો કે પ્રચંડ વિરોધ ઉઠાવવામાં આવે છે, અને વિરોધ જો અતિ પ્રચંડ હોય તો એમાંથી એક નવો ધર્મ નીપજે છે. જૈનધર્મ અને બૌદ્ધધર્મની ઉત્પત્તિ હિંદુધર્મ સામેના પ્રચંડ વિરોધમાંથી થયેલી છે. એ જ પ્રમાણે હિબ્રુધર્મ સામેના પ્રચંડ વિરોધમાંથી ખ્રિસ્તીધર્મની ઉત્પત્તિ થયેલી છે. પરંતુ જ્યારે મૂળ ધર્મ કે પરિવર્તનશીલ ધર્મની સામે બળવો હળવા પ્રકારનો હોય તો એમાંથી જ એ ધર્મની અંદર બીજો ધર્મ-સંપ્રદાય ઉપસ્થિત થાય છે. આ રીતે હિંદુધર્મની અંદર શિવમાર્ગ અને વિષ્ણુમાર્ગના એ મુખ્ય સંપ્રદાયો ઉપસ્થિત થયા. શિવમાર્ગ સંપ્રદાયના વળી વિવિધ સંપ્રદાયો ઉપસ્થિત થયા અને એ જ પ્રમાણે વૈષ્ણવ સંપ્રદાયના પણ અનેક ફાંટાઓ પડ્યા. લગભગ પ્રત્યેક ધર્મને માટે આ સાચું છે અને આજે વિશ્વનો એકેય ધર્મ એવો નથી જેમાં એ કે તેથી વધારે સંપ્રદાયો ન હોય.

ઇતિહાસના કાળપ્રવાહમાં શું અમુક એક નિશ્ચિત સદીમાં જ વિવિધ ધર્મોમાં આ પ્રકારના વિરોધો જાગ્યા છે ? એ માટેના કયાં ઐતિહાસિક કારણો સંભવી શકે ? જો જે તે ધર્મની સામેનો વિરોધ, ઇતિહાસકાળમાં સમૂહગત રીતે કોઈ એક ચોક્કસ સમયમર્યાદામાં નહિ, પરંતુ જુદે જુદે સમયે થયો હોય તો એ જુદા જુદા સમયનું ઐતિહાસિક મૂલ્યાંકન એકસરખું છે ખરું ?

વિભાગ ૨

પ્રવર્તમાન ધર્મોની તુલનાત્મક રૂપરેખા

પ્રવેશક

આપણે આગળ જોયું કે ધર્મના તુલનાત્મક અધ્યયનની પૂર્વતૈયારીરૂપે અમુક માનસિક વલણ અખત્યાર કરવા ઉપરાંત પ્રત્યેક ધર્મની જાણકારી પણ આવશ્યક છે. અહીંયાં આ વિભાગમાં આપણો પ્રયાસ પ્રત્યેક ધર્મ અંગે, બની શકે એટલી માહિતી પ્રાપ્ત કરવાનો રહેશે.

કોઈપણ ધર્મના મૂલ્યાંકનની દૃષ્ટિએ ધર્મના ઉત્પત્તિકાળના સ્વરૂપના ખ્યાલ કરતાં તેના વિકસેલ સ્વરૂપનો ખ્યાલ કરવો અગત્યનો બને છે. આથી પ્રત્યેક ધર્મનું સ્વરૂપ યોગ્ય રીતે પામી શકાય અને તેના સિદ્ધાંતો, રૂઢિ તથા વ્યવહાર અંગે મૂલ્યાંકન થઈ શકે એ માટે આપણે પ્રત્યેક ધર્મના ઐતિહાસિક વિકાસની રજૂઆત કરવા પ્રયાસ કરીશું. આ ઉપરાંત આપણે વિભાગ એકમાં ઉપસ્થિત કરેલા કેટલાક પ્રશ્નો અંગેનો ઉલ્લેખ પણ જે તે ધર્મની રજૂઆત વેળા કરવાનો પ્રયાસ કરીશું. જેથી ત્રીજા વિભાગમાં એ પ્રશ્નો અંગેની, વિવિધ ધર્મોને અનુલક્ષીને તુલનાત્મક સમીક્ષા થઈ શકે. આ ઉપરાંત જે તે ધર્મની ચર્ચા કરતી વખતે ધર્મના મહત્વનાં અંગો જેવાં કે ઈશ્વરનો ખ્યાલ, માનવ–જીવનું સ્વરૂપ, સૃષ્ટિનું સ્વરૂપ, જીવાત્માનું અંતિમ લક્ષ્ય, જીવનોન્નતિના માર્ગો, નીતિ અને આચાર, પાપ અને પુણ્ય, સ્વર્ગ અને નર્ક, મુક્તિ અને શિક્ષા, મર્તત્વ અને અમરત્વ, વ્યક્તિ સ્વાતંત્ર્ય અને અનિષ્ટ, જીવ અને ઈશ્વરનો સંબંધ, ઈશ્વર અને સૃષ્ટિનો સંબંધ, કર્મ અને ન્યાય, યજ્ઞ અને ક્રિયાકાંડ, સમાજવ્યવસ્થા અને વ્યક્તિ-જીવનવ્યવસ્થા, પાપ અને પ્રાયશ્ચિત્ત, ધર્મવ્યવસ્થા, ધર્મસંપ્રદાયો, અવતાર વગેરે વિવિધ પ્રશ્નોને આવરવાના રહેશે.

આ વિભાગમાં આપણે વિશ્વના પ્રવર્તમાન નીચેના અગિયાર ધર્મોની રજૂઆત કરીશું:

૧. હિંદુધર્મ
૨. હિબ્રૂધર્મ
૩. જરથુસ્તધર્મ
૪. કન્ફ્યુશિયનધર્મ
૫. તાઓધર્મ
૬. જૈનધર્મ
૭. બૌદ્ધધર્મ
૮. શિન્તોધર્મ
૯. ખ્રિસ્તીધર્મ
૧૦. ઇસ્લામધર્મ
૧૧. શીખધર્મ

આ ઉપરાંત જગતના વિલીન થયેલા ધર્મોનો સંક્ષિપ્ત ખ્યાલ આપવાનો પણ પ્રયાસ કરીશું.

આપણી પદ્ધતિ :

આ વિભાગમાં પ્રવર્તમાન ધર્મોની રજૂઆત કરતી વેળા નિષ્પક્ષ રીતે પ્રત્યેક ધર્મની રજૂઆત કરવાનો આપણો પ્રયાસ રહેશે. પ્રત્યેક ધર્મને વિશે ઉપલબ્ધ સર્વ માહિતી આપવાનું શક્ય નથી તેમ જ જરૂરી પણ નથી. જે ધર્મ સાથે આ પુસ્તકનો વાંચકવર્ગ વધુ પરિચિત હોવાનો સંભવ છે એમને લક્ષમાં રાખીને હિંદુધર્મની વિસ્તૃત વિચારણા એક નમૂનારૂપે કરીશું. હિંદુધર્મની એથીયે વિશેષ વિચારણા ઘણાય લેખકોએ કરી છે. આપણો પ્રયાસ તો હિંદુધર્મનાં વિવિધ અંગોને સાંકળીને એની એક નમૂનારૂપ વિસ્તૃત રજૂઆત કરવાનો છે. પ્રત્યેક ધર્મની આવી રજૂઆત, પુસ્તકની કદ-મર્યાદામાં રહીને કરવી શક્ય નથી. જો કે પ્રત્યેક ધર્મને માટે આવી અને એથીયે વિસ્તૃત રજૂઆત શક્ય છે.

આપણે આગળ એ નોંધ્યું છે કે ધર્મનું તુલનાત્મક અધ્યયન થઈ શકે એની એક પૂર્વશરત પ્રત્યેક ધર્મ વિશેની જાણકારી છે. આવી જાણકારી પ્રાપ્ત કરવાનો આ વિભાગનો પ્રયાસ છે. આમ છતાં, પ્રત્યેક ધર્મનાં વિવિધ અંગની રજૂઆત કરતી વખતે અન્ય ધર્મોના એવાં સમાન કે વિપરીત અંગોનો ઉલ્લેખ પણ કરીશું. પરંતુ આ વિભાગમાં આવા ઉલ્લેખથી વિશેષ પામી શકાય નહિ છતાં, આ પછીના ત્રીજા વિભાગમાં જે તુલનાત્મક વિચારણા હાથ ધરવાની છે એનાં સૂચનો અને પૂર્વતૈયારી આવા ઉલ્લેખોમાં થઈ રહે છે.

આથી, આ વિભાગમાં હિંદુધર્મની વિસ્તૃત રજૂઆત કર્યા પછી, અન્ય ધર્મોની રજૂઆત વખતે, સંભવિત તુલનાનો ખ્યાલ પામી શકાશે, તેમ જ એ માટેનું દૃષ્ટિબિંદુ પણ પ્રાપ્ત થશે.

આ વિભાગની અગત્ય એમાં રહેલી છે.

૧. સામાન્ય :

હિંદુધર્મનો ઉપરછલ્લો અભ્યાસ કરનારા કેટલાક અવલોકનકારો હિંદુધર્મને અંધમાન્યતાઓ, વિરોધાભાસો અને પૂર્વગ્રહોના ગંજીમેળા તરીકે વર્ણવે છે. એમની આવી માન્યતાનું એક કારણ એ છે કે હિંદુધર્મ કોઈપણ એક અવતાર કે પયગંબરની વાણી પર આધારિત નથી. પ્રત્યેક ધર્મની જેમ હિંદુધર્મ પણ સવિશેષે સદાય વહેતા પ્રવાહ જેવો રહ્યો છે. કોઈ અવતાર કે પયગંબરનાં વચનો પર આધારિત ન હોવાને કારણે એમાં અનેક વ્યક્તિઓએ સંત તરીકે, દૃષ્ટા તરીકે, સુધારક તરીકે, વિચારક તરીકે, તત્ત્વજ્ઞ તરીકે ફાળો આપ્યો છે. એમનો આ ફાળો, માત્ર બૌદ્ધિક સ્તરે મળ્યો છે એમ નથી, પરંતુ એ એમના નૈતિક અને ધાર્મિક અનુભવો પર પણ આધારિત છે.

આવા વિવિધ અનુભવો, જે સાહિત્ય કૃતિઓમાં કંડારાયેલ પડ્યા છે તે, બધા જ હિંદુધર્મના આધાર સમા છે. આમાં નીચેનાનો સમાવેશ કરી શકાય : વેદો, બ્રાહ્મણો, ઉપનિષદો, સ્મૃતિ, ગીતા, પુરાણો અને દર્શન. આમ છતાં, કેટલાક માત્ર વેદ આધારિત ધર્મને હિંદુધર્મ તરીકે ઓળખાવે છે અને એના સ્વરૂપની સ્પષ્ટતાને માટે એને 'વૈદિકધર્મ' એવું નામ આપે છે. કેટલાક વિચારકો વેદો, ઉપનિષદ્ અને ભગવદ્ગીતાને હિંદુધર્મના આધાર તરીકે સ્વીકારે છે અને એ ત્રણેને

પ્રસ્થાનત્રયી તરીકે ઓળખાવે છે. હિંદુધર્મના વિકસેલ સ્વરૂપના ખ્યાલ મુજબ એક સામાન્ય મત એવો પ્રવર્તે છે કે ઉપર દર્શાવેલી બધી જ કૃતિઓ હિંદુ-ધર્મના આધાર સમાન છે.

૨. ઐતિહાસિક :

ક. વેદો (ઈ. સ. પૂર્વે ૨૦૦૦) :

વેદનો અર્થ થાય છે જ્ઞાન. આવા ચાર વેદો સ્વીકારાયા છે.

૧. ઋગ્વેદ : આમાં વિવિધ ઋચાઓ અથવા પ્રાર્થનાઓ આપવામાં આવેલ છે.

૨. યજુર્વેદ : આ વેદમાં કેટલીક પવિત્ર રીતિઓ રજૂ કરવામાં આવી છે.

૩. સામવેદ : આ વેદ મુખ્યત્વે કાવ્યમય છે.

૪. અથર્વવેદ : આ વેદમાં મુખ્યત્વે કરીને જાદુનાં વિવિધ સૂત્રો રજૂ થયેલ છે.

સર્વ વેદોમાં ઋગ્વેદનું સ્થાન મહત્ત્વનું છે. એ વેદ સૌથી પુરાણો છે એટલા માટે જ નહિ, પરંતુ એમાં એક વિશિષ્ટ પ્રકારનો ધર્મ આલેખાયો છે એ માટે. ઋગ્વેદની ઋચાઓ પેઢી-દરપેઢી પસાર થતી રહી છે. આ વેદના ધર્મમાં મુખ્યત્વે કરીને સૃષ્ટિ અથવા પ્રકૃતિ-પૂજનો સમાવેશ થાય છે. સૂર્ય, ચંદ્ર, આકાશ, વાયુ, પૃથ્વી, અગ્નિ, આત્મા વગેરે જેવાં ૭૬ દ્રવ્યોની આ વેદમાં પ્રાર્થના કરવામાં આવી છે. આ જ વેદમાં ઇન્દ્રને વરસાદના દેવ તરીકે અને વરુણને આકાશના દેવ તરીકે રજૂ કરવામાં આવ્યા છે. ગાયત્રીમંત્ર[1] ઋગ્વેદમાં અપાયેલ છે. આ કાળના ધર્મનું સ્વરૂપ મુખ્યત્વે પ્રકૃતિ-પૂજનું રહ્યું છે.

ખ. બ્રાહ્મણો (ઈ. સ. પૂ. ૧૦૦૦-૮૦૦) :

આ કાળમાં યજ્ઞની ભાવનાનો વિકાસ થયો અને બ્રાહ્મણોએ યજ્ઞોને ઘણું મહત્ત્વ આપ્યું. આ કાળના ધર્મનું મુખ્ય સ્વરૂપ યજ્ઞાત્મક રહ્યું છે.

એમ કહી શકાય કે આ કાળમાં હિંદુધર્મ મુખ્યત્વે કરીને રૂઢિગત ધર્મનું સ્વરૂપ ધારણ કરી રહ્યો હતો. બાહ્યાચારને વિશેષ મહત્ત્વ અપાયું અને આંતરિક શુદ્ધિ વિશે દુર્લક્ષ સેવાયું.

ધર્મ જે, વ્યક્તિનું હાર્દ હોવું જોઈએ, તેણે બાહ્યાચારનું સ્થાન લીધું.

ગ. ઉપનિષદો (ઈ. સ. પૂ. ૮૦૦-૬૦૦) :

ઉપનિષદોમાં પ્રબોધાયેલ હિંદુધર્મનું સ્વરૂપ બ્રાહ્મણોમાં અપાયેલ એના

---

૧. ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગો દેવસ્ય ધીમહી ધીયોયોનઃ પ્રચોદયાત્ (ઋગ્વેદ, ૩·૬૨-૧૦)

સ્વરૂપથી જુદું છે. વેદ અને બ્રાહ્મણોમાં બ્રહ્મનો અર્થ પ્રાર્થનાશબ્દ કે શુદ્ધ જ્ઞાન તરીકે ઘટાવવામાં આવતો, પરંતુ ઉપનિષદ્‌માં બ્રહ્મનો અર્થ 'સત્' તરીકે ઘટાવવામાં આવ્યો છે. આથી આ કાળના હિંદુધર્મનું સ્વરૂપ મુખ્યત્વે કરીને તાત્ત્વિક રહ્યું છે. આના એક સાદા ઉદાહરણ તરીકે ઉપનિષદ્‌ના બે મહાન વાક્યોનો ઉલ્લેખ કરી શકાય. ગુરુ શિષ્યને કહે છે 'તત્ ત્વામ્ અસિ—તું તે છે.' આ 'તું' અને 'તે'નું માત્ર અસ્તિત્વ રજૂ કરે છે એટલું જ નહિ પરંતુ 'તે એ' વચ્ચેની એકરૂપતા પ્રદર્શિત કરે છે. ઉપરાંત, તે બંનેનું સાચું સ્વરૂપ શું છે તે જાણવાનો શિષ્યને ઇશારો કરી એ દિશામાં એના પગરણ મંડાવો આપે છે.

પોતાના અભ્યાસ, ચિંતન અને અનુભવને આધારે શિષ્ય એ બંને પદનો સંપૂર્ણ અર્થ સમજે છે અને જ્યારે તે ગુરુપદની ધાર્મિક અનુભૂતિ મેળવે છે ત્યારે શિષ્ય કહે છે : 'અહં બ્રહ્માસ્મિ—હું બ્રહ્મ છું.'

જ્ઞાન અને અનુભવની પ્રાપ્તિને માટેનું દિશાસૂચન એ ગુરુનું કર્તવ્ય, અને સૂચવાયેલી દિશામાં આગળ વધી અનુભવયુક્ત જ્ઞાનની પ્રાપ્તિ એ શિષ્યનું કર્તવ્ય. હિંદુધર્મની વિકાસ કેડીએ ઉપનિષદોએ હંમેશા એને ગતિ આપી છે.

ઘ. સ્મૃતિ :

અત્યાર સુધીના ધર્મનું સ્વરૂપ ક્યાં તો પ્રકૃતિ-પૂજા કે યજ્ઞ-વિધિ કે તત્ત્વજ્ઞાન-પ્રાપ્તિ હતું. તો આ કાળના હિંદુધર્મનું સ્વરૂપ મુખ્યત્વે નીતિમય છે. આમાં ખાસ કરીને મનુસ્મૃતિ(ઈ. સ. પૂ. ૨૫૦)નો ઉલ્લેખ કરી શકાય. સ્મૃતિમાં મુખ્યત્વે આચરણના પ્રશ્નોની ચર્ચા થયેલી જોવામાં આવે છે અને એની રજૂઆત આદેશ કે નિષેધના પ્રકારની હોય છે. એમાં કેટલીક વેળા વ્યવહાર, ત્યાગ અને પ્રાયશ્ચિત્ત જેવા પ્રશ્નો અંગે પણ નિર્દેશ થયો છે.

સ્મૃતિમાં ખાસ કરીને તો વ્યક્તિગત જીવનવ્યવસ્થા અને સામાજિક જીવન-વ્યવસ્થાના સિદ્ધાંતો તરીકે અનુક્રમે ચાર આશ્રમો અને ચાર વર્ણોની રજૂઆત થઈ છે. આ ઉપરાંત બ્રાહ્મણ વર્ગ, મંદિરો, ખાનપાન, મૂર્તિપૂજા વગેરે વિવિધ વિષયો અંગે પણ ચર્ચા થઈ છે.

ચ. ભગવદ્‌ગીતા :

માનવજીવનમાં ત્યાગનું મહત્ત્વ ગીતાએ સુંદર રીતે આલેખ્યું છે. 'તારી ફરજ કાર્ય કરવાની છે, એનું ફળ પ્રાપ્ત કરવાની નહિ'નો આદેશ આપીને ગીતા માનવજીવનને એક ઊંચા સ્તરે મૂકે છે.

સમરાંગણમાં બે વિરોધી પક્ષે ખેલાતા યુદ્ધમાં પ્રત્યેક પક્ષનો સૈનિક બીજા પક્ષનાં સૈનિક અને શસ્ત્રોનો સંહાર કરવાને હંમેશા તત્પર રહે છે. એની આ ફરજનું પાલન કરતી વખતે એ નથી જાણતો કે વિજય એના પક્ષનો થશે કે સામા પક્ષનો. એ, એ પણ જાણતો નથી કે વિજય કે વિનાશ આવે ત્યારે પોતે એમાં હિસ્સાદાર થશે કે કેમ ? માત્ર ફરજના ખ્યાલથી પ્રેરાઈને, પરિણામની પરવા કર્યા વિના, સતત કાર્યરત રહેવાનું સૈનિક સિવાયનું બીજું સચોટ ઉદાહરણ ક્યાં મળે ? આથી જ કદાચ ગીતાનો મહત્ત્વનો બોધ રણમેદાનમાં અપાયો છે.

ફલરહિત કર્તવ્યના આદેશ આપવા ઉપરાંત ગીતા ઈશ્વરના સ્વરૂપ વિશે અને આત્માના સ્વરૂપ વિશે પણ સ્પષ્ટ રજૂઆત કરે છે.

ગીતાકાર કહે છે : 'મારો વાસ સ્વર્ગમાંય નથી તેમ જ યોગીના હૃદયોમાં પણ નથી; પરંતુ જ્યાં જ્યાં મારા ભક્તો અનુરાગ વડે મારું ગીત ગાય છે ત્યાં હું છું.'[૨]

એ જ પ્રમાણે આત્માના સ્વરૂપ વિશે ગીતાકાર કહે છે : 'કોઈપણ માનવી કોઈને હણતો નથી તેમ જ કદાપિ કોઈથી હણાતો નથી. આત્મા પોતે કદી પણ જન્મતો નથી અને કદીયે મૃત્યુ પામતો નથી. કોઈપણ શસ્ત્રો એનો સંહાર કરી શકતા નથી તેમ જ અગ્નિ એને બાળી શકતો નથી, પાણી અને ભીંજવી શકતું નથી તેમ જ પવન એને સૂકવી શકે એમ નથી.'[૩]

ઈશ્વર પોતે એના ભક્તો જ્યાં એનું ગાણું ગાય ત્યાં પ્રત્યક્ષ હોઈ, ભક્તના આત્માનું સ્વરૂપ રજૂ કરી ભક્તની પડખે પોતે સદાયને માટે રહે છે એ સૂચવતા ગીતાકાર કહે છે : ન્યાયીને સહાય કરવા, નિષ્ઠુરનો સંહાર કરવા અને ધર્મની પુનઃ સ્થાપના માટે હું અવતાર ધારણ કરું છું.'[૪]

આમ, એ જોઈ શકાશે કે આ કાળનું હિંદુધર્મનું સ્વરૂપ મુખ્યત્વે ભક્તિમય છે. અનન્યભાવે ઈશ્વરનો ભક્તિ દ્વારા એની સાથે તાદાત્મ્ય સિદ્ધ કરવાની એકમાત્ર લગની, એના દ્વારા કર્તવ્યપાલનના અપાયેલ આદેશનું ફલપ્રાપ્તિની ઇચ્છા વિનાનું સંપૂર્ણ પાલન એ આ કાળના ધર્મનું હાર્દ રહ્યું છે.

પ્રત્યેક ધર્મમાં ભક્તિનો અંશ અનિવાર્યપણે અવલોકવામાં આવે છે. વ્યક્તિ અને ઈશ્વર વચ્ચેનો ભેદ છેદવામાં ધર્મ જેટલે અંશે સફળ થાય, તેટલે જ અંશે

૨. ભગવદ્ગીતા ૯: ૨૧, ૩૧
૩. એ જ ૨ : ૧૯-૨૫
૪. એ જ ૪.૮

ધર્મ વધુ સ્વીકાર્ય બની શકે. આ સામાન્ય કથન વિશ્વના બધા જ ધર્મને એકસારી રીતે લાગુ પાડી શકાય.

છ. શિવ-વિષ્ણુ સંપ્રદાય :

ઈસ્વીસનની શરૂઆતની પાંચ સદીમાં હિંદુધર્મના મુખ્યત્વે બે સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા.

અ. વૈષ્ણવ સંપ્રદાય : સૃષ્ટિના સર્જક ઈશ્વર છે એમ માનનાર સંપ્રદાય.

બ. શૈવધર્મ : સૃષ્ટિના સંહારક મહાદેવ શિવ છે.

આ બે સંપ્રદાયોની વચ્ચે સમન્વયકારી એક વલણ હિંદુધર્મમાં આકાર પામ્યું અને એણે ઈશ્વરને ત્રિવિધ શક્તિના ત્રણ પ્રકારે દર્શન કરાવવા પ્રયાસ કર્યો. બ્રહ્માને સૃષ્ટિના સર્જક તરીકે, વિષ્ણુને સૃષ્ટિના સંચાલનકાર તરીકે અને મહેશને સૃષ્ટિના પ્રલયકાર તરીકે આલેખવામાં આવ્યા. આમ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિમૂર્તિનો ખ્યાલ રજૂ કરાયો.

૩. સુધારાવાદી પ્રયાસો :

લગભગ ઈ. સ. પૂ. ૨૦૦૦થી હિંદુધર્મના સ્વરૂપમાં જે પરિવર્તન થયું એનો આછો ખ્યાલ આપણને ઉપરની ચર્ચામાંથી મળશે. પરંતુ કાળના પ્રવાહમાં હિંદુધર્મના પલટાતા સ્વરૂપના દર્શનમાં આપણે હિંદુધર્મમાં થયેલા સુધારાવાદી પ્રયાસોને અવલોકયા નથી. ઈ. સ. પૂ. ૫૫૭થી આવા પ્રયાસોની શરૂઆત થઈ આજપર્યંત આવા પ્રયાસો જારી રહ્યા છે. આવા અગત્યના પ્રયાસોની રજૂઆત આપણે અહીંયાં કરીએ.

ક. વર્ધમાન (ઈ. સ. પૂર્વે ૫૫૭) :

મહાવીર એક હિંદુ ક્ષત્રિય રાજાને ત્યાં જન્મ્યા હતા. તત્કાલીન હિંદુધર્મ તરફ એમને તીવ્ર અસંતોષ હતો. આ અસંતોષનાં કારણોમાં મુખ્યત્વે તો બ્રાહ્મણોની આપખુદી હતી. આ આપખુદી થવાનું એક કારણ એ હતું કે ધર્મશાસ્ત્રનાં પુસ્તકો સંસ્કૃતમાં હતાં અને આમજનસમુદાય સંસ્કૃત ભાષા સમજી ન શકતો હોવાને પરિણામે બ્રાહ્મણોનું વચન એમને મન શાસ્ત્રવચન ગણાતું. બ્રાહ્મણો પોતાનાં વચનો એ રીતે સ્વીકારાય એમ કરવા મથતા. આ ઉપરાંત હિંદુધર્મના યજ્ઞોમાં જીવતાં પ્રાણીઓના બલિ આપવામાં આવતા. આની સામે પણ વર્ધમાનનો અસંતોષ હતો.

આ સઘળા અસંતોષમાંથી હિંદુધર્મ સામે એમનો વિરોધ રજૂ થયો. તત્કાલીન હિંદુસમાજ એમણે ઇચ્છેલા સુધારાઓનો સ્વીકાર કરી શકે એમ ન

હોઈ પોતે એક નવા ધર્મની સ્થાપના કરી. પોતાની જાત ઉપર તપ દ્વારા વિશિષ્ટ પ્રકારની વીરત્વભરી સિદ્ધિ પ્રાપ્ત કરનાર તરીકે વર્ધમાન 'મહાવીર' તરીકે ઓળખાયા અને એમણે સ્થાપેલો ધર્મ—જૈનધર્મ તરીકે ઓળખાયો. નવા ઉપસ્થિત થયેલા જૈનધર્મ અને હિંદુધર્મના દીર્ઘકાલીન સહઅસ્તિત્વને લીધે અરસપરસની શી અસર થઈ એની વિચારણા આપણે આગળ ઉપર હાથ ધરીશું.

ख. गौतम :

વર્ધમાનની જેમ ગૌતમ પણ હિંદુ ક્ષત્રિય રાજાને ત્યાં જન્મ્યા હતા એમના બાળપણ અંગેની અનેક વાતો પ્રચલિત છે. એમના જીવનના મહાભિનિષ્ક્રમણ પછીનો પલટો ખૂબ મહત્ત્વનો છે. હિંદુધર્મના પ્રચલિત સ્વરૂપના નિકટ પરિચયમાંથી એમને હિંદુધર્મ માટે અસંતોષ ઉત્પન્ન થયો. એમના અસંતોષનાં મુખ્ય કારણોમાં પેઢી-દરપેઢી ચાલી આવતી વર્ણવ્યવસ્થા હતી વર્ણવ્યવસ્થા સામે એમનો અસંતોષ તીવ્ર હતો. તે સમયના પતન પામેલા ગૌરવર્ગના વર્તનને એમના અસંતોષની તીવ્રતામાં વધારો કર્યો. યજ્ઞોમાં જે પ્રકારે બલિઓ આપવામાં આવતા અને યજ્ઞના નામે તેમ જ ઐહિક તથા પારલૌકિક સિદ્ધિની પ્રાપ્તિને માટે પશુવધથી ગૌતમનો સંવેદનશીલ આત્મા દ્રવી ઊઠ્યો. એમણે એમ પણ સમજાવ્યું કે આ બધાં અનિષ્ટોનું એક કારણ એ પણ ખરું કે હિંદુધર્મનાં શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં લખાયેલ હોઈ સામાન્ય જનસમુદાયને એ બંધ-પુસ્તક સમાન હતા.

આ બધાં કારણોને લીધે એમણે પણ હિંદુધર્મની સામે પોતાનો વિરોધ સ્પષ્ટ કર્યો. આ ઉપરાંત ગૃહત્યાગ પછીના એમના વિવિધ જીવન-અનુભવોએ એમને જે કંઈ દર્શન લાધ્યું એ બધું યે એમણે એમના વક્તવ્યમાં રજૂ કર્યું. તત્કાલીન હિંદુસમાજને બુદ્ધના વિચારો અસ્વીકાર્ય માલૂમ પડ્યા, એથી એક નવા ધર્મનો ઉદય થયો, અને બુદ્ધના નામ ઉપરથી એ ધર્મ બૌદ્ધધર્મ તરીકે ઓળખાયો.

પરંતુ કાળાનુક્રમે બૌદ્ધધર્મના કેટલાક સારા અંશો હિંદુધર્મમાં અંગીકાર પામ્યા અને એથી હિંદુધર્મ સમૃદ્ધ પણ બન્યો. પરંતુ એ નવા સ્વરૂપનો ધર્મ બૌદ્ધધર્મપંથમાં વળેલા હિંદુઓને આકર્ષી શક્યો અને એથી ભારતમાંથી ધીમે ધીમે બૌદ્ધધર્મ લગભગ અદૃશ્ય થયો. આથી જ કદાચ ડૉ. રાધાકૃષ્ણન[૫] કહે છે: "ભ્રાતૃભાવભર્યા આલિંગનથી હિંદુધર્મે બૌદ્ધધર્મનો વિનાશ કર્યો."

---

૫. ઇન્ડિયન ફિલોસોફી, ધી મ્યૂરહેડ લાઇબ્રેરી ઑફ ફિલોસોફી, ૧૯૪૧, ગ્રંથ ૧, પ્રક ૧૦

ગ. રામાનુજ (ઈ. સ. ૧૨૦૦) :

રામાનુજનો જન્મ એક બ્રાહ્મણને ઘેર થયો હતો. ઉપનિષદ અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપર રામાનુજે ભાષ્યો લખ્યા છે. રામાનુજ પોતે વર્ણાશ્રમની વિરુદ્ધ હતા અને એથી એમણે એમનું વક્તવ્ય બધા જ હિંદુઓ સમક્ષ રજૂ કર્યું. શંકરાચાર્યના પરબ્રહ્મ-નિરીશ્વરવાદની સામે રામાનુજાચાર્યે એવો મત પ્રચલિત કર્યો કે ઈશ્વરને એક દૈવી શરીર છે. આમ, રામાનુજાચાર્યનો મત વિશિષ્ટાદ્વૈત તરીકે ઓળખાવા લાગ્યો.

ઘ. ગુરુ નાનક (ઈ. સ. ૧૪૬૯–૧૫૩૮) :

નાનકનો જન્મ એક હિંદુ વૈશ્યને ત્યાં થયો હતો. તેમનો ઉછેર હિંદુધર્મમાં થયેલ હોવા છતાં એમના વિચાર અને જીવન પર ઇસ્લામની અસર જોવા મળે છે. આથી એમણે એમ શીખવ્યું કે પ્રભુ માત્ર એક જ છે અને એથી હિંદુ અને મુસલમાનનો ઈશ્વર અલગ અલગ ન હોઈ શકે. આમ, ઈશ્વર-એકત્વના બોધમાંથી શીખધર્મ ઉત્પન્ન થયો.

ચ. ચૈતન્ય (ઈ. સ. ૧૪૮૫–૧૫૨૭) :

ચૈતન્ય જન્મે હિંદુ વૈષ્ણવ હતા. તેઓ હિંદુધર્મના વર્ણાશ્રમના ખ્યાલની વિરુદ્ધ હતા અને એમ માનતા કે ઈશ્વરની સમક્ષ બધા જ મનુષ્યો સરખા છે. પરંતુ આ પ્રકારની સર્વસમાનતા પ્રબોધવા ઉપરાંત એમણે એ પણ શીખવ્યું કે ભક્તિ એ જ માત્ર ઈશ્વરપ્રાપ્તિનો એક માર્ગ છે. પોતે સામાજિક સુધારા પણ સૂચવ્યા અને એમાં મુખ્યત્વે વિધવાવિવાહનો પ્રચાર કર્યો. આજે, જ્યારે એક સામાન્ય હિંદુ આ વિચાર પ્રત્યે અણગમો ધરાવે છે, ત્યારે આજથી ૫૦૦ વર્ષ પૂર્વે ચૈતન્યે આ વિચાર રજૂ કર્યો; તેથી તેઓ કેટલા સુધારાવાદી હશે એની કલ્પના કરી શકય છે.

છ. કબીર (ઈ. સ. ૧૪૮૮ થી ૧૫૧૨) :

કબીર પોતે રહસ્યવાદી કવિ હતા. એક રહસ્યવાદી તરીકે ઈશ્વર સાથે તાદાત્મ્યભર્યું જીવન એમણે પ્રબોધ્યું. એમના ઘણાંખરાં કાવ્યો શીખધર્મના ધર્મગ્રંથ 'ગ્રંથસાહેબ'માં સ્થાન પામ્યા છે. રીતરિવાજ અને રૂઢિને બાજુએ રાખી, બાહ્યાચારને તરછોડી ઈશ્વર-તલ્લીનતા અને ઈશ્વરમયતાના માર્ગનું સૂચન કબીરે કર્યું. એમને નામે કબીર-પંથ નામની એક અલાયદી ધર્મશાખા હિંદુધર્મમાં સ્થાન ધરાવે છે.

જ. તુલસીદાસ (ઈ. સ. ૧૫૩૨–૧૬૩૨) :

હિંદુ પુરાણોમાં રામાયણ અને મહાભારતનું સ્થાન અનોખું છે. તુલસીદાસ પોતે રામભક્ત હતા અને રામની કથા ઘેર ઘેર પહોંચે એ માટે એમણે વાલ્મીકિકૃત રામાયણને હિંદી-ભાષાદેહ આપ્યો. તેનો તુલસી રામાયણ તરીકે ભારતની આમજનતાએ સ્વીકાર કર્યો.

મહાવીર અને બુદ્ધે, હિંદુધર્મ સામે જે અસંતોષ વ્યક્ત કરેલો કે તેનાં શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં લખાયેલા હોઈ લોકભોગ્ય નથી તે જ પરિણામ તેમણે પોતે અનુક્રમે પ્રાકૃત અને પાલી ભાષામાં આપેલ ધર્મગ્રંથો વિશે પણ આવ્યું. કારણ કે, એ ભાષા પણ લોકભોગ્ય રહી નહીં. તુલસીદાસે બધા ધર્મગ્રંથોમાંથી રામાયણની પસંદગી કરી તેને હિંદીદેહ આપી એને આમજનતા સુધી પહોંચાડી લોકભોગ્ય બનાવ્યો. નિરક્ષર એવા અનેક લોકો પણ તુલસીકૃત રામાયણની ચોપાઈ બોલવા લાગ્યા.

પ્રજ્ઞના ઘડતરમાં, એમના સંગઠનમાં, એમનામાં એકત્વની ભાવના સંચિત કરવામાં યોગ્ય ભાષામાં યોગ્ય રીતે રજૂ થયેલ ધર્મગ્રંથ કેટલો મહત્ત્વનો ફાળો આપી શકે એમ છે એનું તુલસીકૃત રામાયણ એક જીવંત ઉદાહરણ છે.

ઝ. દાદુ (ઈ. સ. ૧૬૦૦) :

નાનક અને કબીરની જેમ દાદુએ પણ એકેશ્વરવાદને પ્રાધાન્ય આપ્યું. પરંતુ એમણે મુખ્યત્વે કરીને ઈશ્વર અને એના અવતારો અંગેની સવિશેષ ચર્ચા કરી.

એમના વક્તવ્ય પર આધારિત દાદુપંથ નામનો એક સંપ્રદાય હિંદુધર્મમાં સ્થાન ધરાવે છે.

૪. આધુનિક સુધારાવાદી પ્રયાસો :

હિંદુધર્મ એ કેટલો ચેતનવંત અને જીવંત છે, તેમ જ એના સ્વરૂપનું વિશ્લેષણ જુદે જુદે કાળે શી રીતે થતું રહ્યું છે, અને એને પરિણામે એમાં કેવું પરિવર્તન આવી રહ્યું છે એનો, આગળ રજૂ કરેલી વિગતો પરથી, ખ્યાલ આવી શકશે.

પરંતુ, આવા પ્રયાસો અવિરતપણે ચાલુ જ રહ્યા છે. અહીંયાં આપણે આધુનિક સમયમાં થયેલા આવા પ્રયાસને એકસાથે સાંકળવાનો પ્રયાસ કરીએ.

ક. રાજા રામમોહન રાય (ઈ સ. ૧૮૨૮) :

રાજા રામમોહન રોય બંગાળના એક બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યા હતા. ઉપનિષદોનું અંગ્રેજીમાં સર્વપ્રથમ ભાષાંતર એમણે કર્યું અને પૂર્વની વિદ્વતા અને વિચાર-

બારાનાં દ્વાર એમણે પશ્ચિમી જગત માટે ખુલ્લાં કર્યાં. પરંતુ તે સાથે જ પશ્ચિમી જગતનો પ્રભાવ ભારતવાસી પણ પામી શકે એ રીતે એમણે ખ્રિસ્તીધર્મના પ્રણેતા વિશે પણ અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું[૬]. તેઓ ખ્રિસ્તીધર્મથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

હિંદુધર્મમાં પ્રચલિત કેટલાંક દૂષણો સામે એમણે લાલબત્તી ધરવા પ્રયાસ કર્યો. હિંદુધર્મમાં પ્રચલિત મૂર્તિપૂજા, અનેકેશ્વરવાદ, તેમ જ સામાજિકક્ષેત્રે પ્રવર્તતા અનિષ્ટો જેવા કે સતીપ્રથા, ફરજિયાત વૈધવ્ય, બહુપત્નીત્વ, સજ્જડ વર્ણાશ્રમની સામે પણ એમણે પ્રહારો કર્યા અને રાષ્ટ્રીય તેમ જ ધાર્મિક સંગઠનના અભાવો પર એમણે દુઃખ વ્યક્ત કર્યું. પરંતુ માત્ર આટલાથી જ ન અટકતાં એમણે રૂઢિગત હિંદુધર્મની સામે પોતાનો પ્રકોપ વ્યક્ત કરવા માંડ્યો અને એના પરિણામે ઈ. સ ૧૮૨૮માં એમણે બ્રહ્મોસમાજની સ્થાપના કરી.

ખ. ડૉ. આત્મારામ પાંડુરંગ (ઈ. સ. ૧૮૬૭) :

પૂર્વ ભારતમાં જે પ્રયત્ન રાજા રામમોહન રાયે કર્યો, લગભગ એવો જ પ્રયત્ન ડૉ. પાંડુરંગે પશ્ચિમ ભારતમાં કર્યો. ડૉ. પાંડુરંગે મુખ્યત્વે ફરીને ઈશ્વરની ભક્તિ અને સમાજ-સેવાનો બોધ આપ્યો. સાચો ધર્મ સમાજ અભિમુખ હોવો જોઈએ અને સમાજથી વિમુખ ન હોવો જોઈએ એનું સુંદર આલેખન ડૉ. પાંડુરંગે આપ્યું.

એમણે સ્થાપેલ સંસ્થા પ્રાર્થનાસમાજ તરીકે ઓળખાય છે.

ગ. દયાનંદ સરસ્વતી (ઈ. સ. ૧૮૭૫) :

હિંદુધર્મનો ખરો આધાર માત્ર વેદો જ છે, વેદો અપૌરુષેય છે અને વેદ શબ્દોની સત્તા અંતિમ છે એવી રજૂઆત સ્વામી દયાનંદ સરસ્વતીએ એમના મહત્ત્વના પુસ્તકમાં કરી છે.[૭]

સ્વામી દયાનંદે હિંદુધર્મને માત્ર વેદો પર આધારિત કર્યો, એથી એને વૈદિકધર્મ તરીકે પણ ઓળખાવાય છે. એમણે એમના મતપ્રચાર માટે જે સંસ્થા સ્થાપી એ આર્યસમાજ તરીકે ઓળખાય છે.

બ્રાહ્મણો, સ્મૃતિ અને પુરાણોને લીધે હિંદુધર્મમાં જે નિર્બળતા પ્રવેશી

૬. ધી મેસેજ ઑફ જિસસ, ધી વે ઑફ પીસ ઍન્ડ હેપીનેસ.
૭. સત્યાર્થ-પ્રકાશ.

આ. શ્રી વિજય પ્રેમ સુશીલ
સૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર

એને દૂર કરવાનો સ્વામી દયાનંદનો પ્રયાસ હતો. આમાંયે મુખ્યત્વે કરીને હિંદુ-ધર્મમાં પ્રવેશેલ મૂર્તિપૂજા અને વર્ણવ્યવસ્થા અંગે એમણે સખળ વિરોધ કર્યો.

બ્રહ્મોસમાજ અને પ્રાર્થનાસમાજને મુકાબલે આર્યસમાજ હિંદુધર્મ પુનરુત્થાનનું કાર્ય નિરાળી રીતે કરવા પ્રયત્નશીલ છે તે અહીંયાં રજૂ કરેલી ટૂંકી હકીકતો પરથી સ્પષ્ટ થઈ શકશે.

ઘ. મહાત્મા ગાંધી (ઈ. સ. ૧૯૪૮) :

રાજકીયક્ષેત્રે ભારતને નેતાગીરી અર્પી રાષ્ટ્રને રાજકીય સાર્વભૌમત્વ અપાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની દૃષ્ટિ રાજકીય સાર્વભૌમત્વ પૂરતી જ મર્યાદિત ન હતી. વ્યક્તિગત સાર્વભૌમત્વ અને સમાજનું ધાર્મિક સાર્વભૌમત્વ એમને મન મહત્ત્વના હતા. જીવનનો પાયો અને કેન્દ્ર ધર્મ છે એમ એમણે નિઃશંકપણે સ્વીકાર્યું અને સાથે જ વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ઘડતર એ દૃષ્ટિ અનુસાર જ થઈ શકે એમ એમણે શીખવ્યું. આ વિશાળ દૃષ્ટિની ફલકમાં હિંદુધર્મના ખોટાં સ્વરૂપો સ્વીકાર્ય ન બની શકે એ સાવ સ્વાભાવિક છે અને એથી ગાંધીજીએ ધાર્મિક તેમ જ સામાજિક ક્ષેત્રમાં અનેક સુધારાઓ સૂચવ્યા, કર્યા અને કરાવડાવ્યા. ગાંધીજીના વિચારોમાંથી કઈ સમન્વયકારી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે એની ચર્ચા અન્યત્ર કરીશું.

ધર્મસુધારણાના હિંદુધર્મના ઇતિહાસમાં કરવામાં આવેલા વિવિધ સર્વ પ્રયાસોનો અહીંયાં સમાવેશ કર્યો છે એવો દાવો નથી. જે પ્રયાસોને અહીંયાં સમાવવામાં આવ્યા નથી એવા કેટલાકને ધર્મસુધારણાના નહિ પરંતુ ધર્મપ્રચારના પ્રયાસો તરીકે લેખી શકાય. આના અનુસંધાનમાં સ્વામીનારાયણ 'સંપ્રદાયને ટાંકી શકાય.

આ બધા પ્રયાસોનું પરિણામ શું ? એ તો સ્પષ્ટ થશે કે જે ધર્મમાં સતત વિચારણા ચાલી રહી હોય, અને જ્યાં મતભેદો ઉપસ્થિત થતા હોય, એમાંથી કોઈ સમન્વય સાધવાના પ્રયત્નો થતા હોય, એ ધર્મ ગતિશીલ ધર્મ રહે છે એમ તો જરૂર કહી શકાય. કદાચિત્ આ જ કારણથી હિંદુધર્મ જગતનો સૌથી જૂનો ધર્મ હોવા છતાં આટલાં વર્ષોથી ટકી રહ્યો છે અને આધુનિક સમાજના કેટલાક પ્રશ્નોના ઉકેલરૂપ રહ્યો છે.

એક વહેતા પ્રવાહમાં બીજો પ્રવાહ મળે ત્યારે પ્રવાહના પાણીનો રંગ ઘડીભર પલટાય, તેમ હિંદુધર્મનો રંગ કદીક કદીક પલટાયેલો જોવા મળે છે ખરો.

પરંતુ જેમ પ્રવાહ આગળ વધે છે તેમ એનો રંગ ફરી પાછો પૂર્વવત્ થાય છે; તેમ પરિવર્તનશીલતામાં હિંદુધર્મે એની શાશ્વતતા તરછોડી નથી. એ શાશ્વતતા કઈ? એની વિચારણા હવે આપણે હાથ ધરીએ. દરમ્યાનમાં એટલું નોંધી લઈએ કે સુધારાવાદી પ્રયત્નોએ જો હિંદુધર્મમાં સંપ્રદાયો સ્થાપ્યા છે, હિંદુધર્મમાંથી નવા ધર્મોની ઉત્પત્તિ કરી છે, તો સાથે એટલું પણ ખરું કે એ બધાએ એકાંકી અને સમગ્ર રીતે હિંદુધર્મને નવું જોમ, નવી દિશા અને નવી દૃષ્ટિ પણ અર્પી છે.

૫. હિંદુધર્મનું હાર્દ :

વેદથી શરૂ કરી આધુનિક સમય સુધીના હિંદુધર્મના પ્રવાહનું તારતમ્ય કાઢી એને માત્ર એક કે બે મુદ્દામાં રજૂ કરવું હોય તો તે નીચેના બે વિધાનમાં થઈ શકે.

ક. હિંદુધર્મ એક સર્વવ્યાપી આધ્યાત્મિક તત્ત્વનો સ્વીકાર કરે છે.

ખ. હિંદુધર્મ એમ માને છે કે આ તત્ત્વની સાથે એકત્વ (ઐક્ય) પામી શકાય છે.

ક. સર્વવ્યાપો એક આધ્યાત્મિક તત્ત્વ :

હિંદુધર્મની સામે ઘણી વેળા એવો આક્ષેપ કરવામાં આવે છે કે તે ઈશ્વર-બહુત્વ સ્વીકારે છે. એક રીતે આ સાચું હોવા છતાં એનો સ્વીકાર સંપૂર્ણ સત્ય તરીકે થઈ શકે નહિ.

વિશ્વનું ચાલક તત્ત્વ તાર્કિક દૃષ્ટિએ એક જ હોઈ શકે એ બાબત સ્વીકારવા છતાં એના સ્વરૂપની ભિન્નતા પણ એટલી જ સ્વીકાર્ય છે.

કોઈપણ ધર્મની જેમ, હિંદુધર્મ પણ આ પરમતત્ત્વને આધ્યાત્મિક સ્વરૂપના તત્ત્વ તરીકે સ્વીકારે છે. આ એક જ તત્ત્વ સર્વનો આધાર અને મૂળ છે.[૮] વેદ કહે છે તેમ પરમતત્ત્વ હોવા છતાં લોકો એને વિવિધ નામે સંબોધે છે.

ખ. પરમતત્ત્વ સાથે તાદાત્મ્ય શક્ય છે :

પરમતત્ત્વના એકત્વનો સ્વીકાર ધર્મની જેમ તત્ત્વજ્ઞાનની કેટલીક પદ્ધતિઓ પણ કરે છે. પરંતુ એ બંનેમાં મહત્ત્વનો ભેદ એ તત્ત્વના સ્વરૂપ વિશે તથા એ તત્ત્વની સાથેના તાદાત્મ્ય વિશેના વિચારોમાં રહેલો છે.

ધર્મ પોતે એક એવી પ્રક્રિયા છે જે માનવમાં સુપ્ત રહેલ દૈવીતત્ત્વને એની

---

૮. एकम् सद विप्रा बहुधा वदन्ति
अग्निम् यमम् मातवरेश्वानमाह ।
ઋ. વે. ૧.૧૬૪.૪૬

ચેતનાની સપાટીએ લાવીને એના વિશેષ આધ્યાત્મિક ઉત્કર્ષ માટેનો માર્ગ ચીંધે છે. આમ, દૈહિકજીવનનાં બંધનો અને એને કારણે ઉપસ્થિત થતાં દુઃખોની ઉપરવટ જવાને ધર્મ એક માર્ગ બને છે. ધર્મના આ માર્ગે પ્રયાણ કરી વ્યક્તિ એ અવસ્થાને પ્રાપ્ત કરે છે, જેને સામાન્ય રીતે મુક્તાવસ્થા તરીકે ઓળખાવવામાં આવે છે. કેટલાક ધર્મોને માટે આ અવસ્થા દુઃખની સમાપ્તિમાં પરિપૂર્ણ થાય છે, કેટલાકને માટે આ અવસ્થા દૈહિક જરૂરિયાતોના શમનમાં સમાપ્ત થાય છે, કેટલાકને માટે ઈશ્વરના આદેશોનું પાલન કરવામાં જ આ અવસ્થા સમાયેલી છે. હિંદુધર્મ માટે મુક્તાવસ્થા એ જીવની એવી અવસ્થા છે, જ્યારે એ સૃષ્ટિમાં જીવતો હોવા છતાં એ સૃષ્ટિનો જીવ નથી, એનું સંમિલન આધ્યાત્મિક તત્વો સાથે થયેલું હોય છે. હિંદુધર્મનું અંતિમ લક્ષ્ય પરમતત્ત્વ સાથેનું સંમિલન, તેની સાથે જીવની તાદાત્મ્યતા, જીવ-બ્રહ્મની એકરૂપતામાં સમાય છે.

આ અંતિમ અવસ્થાની પ્રાપ્તિ માટે હિંદુધર્મે જે માર્ગો પ્રયોજ્યા છે એ માનવમનના મનોવૈજ્ઞાનિક વિભાગીકરણ પર આધારિત છે. આ દૃષ્ટિએ હિંદુધર્મ કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગના વિવિધ માર્ગો ઉપરાંત ધ્યાનયોગ અને છેવટે શ્રી અરવિંદે પ્રયોધેલ પૂર્ણયોગના વિવિધ માર્ગો સૂચવે છે.

આમ, આપણે એ જોઈ શકીશું કે હિંદુધર્મનું હાર્દ સૃષ્ટિના પરમતત્ત્વ તરીકે એક આધ્યાત્મિક સત્યના સ્વીકારમાં અને એ સત્યની પ્રાપ્તિના માર્ગના આયોજનમાં રહેલું છે.

૬. હિંદુધર્મના કેટલાક સિદ્ધાંતો :

કાળના વિસ્તૃત ફલક પર પ્રસરેલા અને પલટાયેલા હિંદુધર્મના હાર્દની આપણે રજૂઆત કરી. પરંતુ હિંદુધર્મનું ખરું સ્વરૂપ સમજી શકાય એ માટે એના મહત્ત્વના સિદ્ધાંતોની અહીં યાં રજૂઆત કરીએ. ખરી રીતે તો કોઈપણ ધર્મના અભ્યાસ માટે એના સિદ્ધાંતો સમજવા જરૂરી બને છે; હિંદુધર્મના આવા કેટલાક સિદ્ધાંતોની આપણે હવે વિચારણા હાથ ધરીશું.

ક. ઈશ્વરનો ખ્યાલ
ખ. જીવનો ખ્યાલ
ગ. સૃષ્ટિનો ખ્યાલ
ઘ. પુનર્જન્મનો ખ્યાલ
ચ. કર્મનો ખ્યાલ
છ. મુક્તિનો ખ્યાલ

આ ઉપરાંત હિંદુધર્મની વિસ્તૃત સમજ પામવાને માટે આપણે બીજા થોડા પ્રશ્નોની પણ વિચારણા કરીશું.

૧. આશ્રમ વ્યવસ્થા ૨. પુરુષાર્થ ૩. સાધન ચતુષ્ટય	અ. વ્યક્તિજીવન વ્યવસ્થા
૪. વર્ણવ્યવસ્થા ૫. સંસ્કાર ૬. તહેવાર, તીર્થયાત્રા ૭. મંદિર તથા પૂજારી વર્ગ	બ. સમાજજીવન વ્યવસ્થા

આ ઉપરાંત બીજા ધર્મોને મુકાબલે હિંદુધર્મનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે એ માટે આપણે નીચેની બાબતો પણ ચર્ચીશું.

૧. હિંદુધર્મનાં શાસ્ત્રો
૨. હિંદુધર્મનું નીતિશાસ્ત્ર
૩. હિંદુધર્મમાં સ્વર્ગ અને નર્કના વિચારો
૪. હિંદુધર્મમાં યજ્ઞનું સ્થાન
૫. હિંદુધર્મના સંપ્રદાયો.

આમ, હિંદુધર્મના બોધને સમજવા માટે આપણે એની ત્રણ વિભાગોમાં વહેંચણી કરી. પ્રથમ વિભાગમાં હિંદુધર્મના તાત્ત્વિક બોધનો સમાવેશ કર્યો અને એમાં ઈશ્વર, જીવ અને જગત તથા જીવ અને જીવની સાથે સંકળાયેલ પુનર્જન્મ, કર્મ અને મુક્તિનો સમાવેશ કર્યો. બીજા વિભાગમાં સમાજના એક અંગ તરીકે વ્યક્તિએ પોતાના જીવનનું ઘડતર અને વ્યવસ્થા શી રીતે કરવી તેમજ સમાજવ્યવસ્થા અંગેના વિચારો તથા તેના ઘડતરમાં ફાળો આપતાં આનુષંગિક અંગોનો સમાવેશ કર્યો. ત્રીજા વિભાગમાં એવા પ્રશ્નોનો સમાવેશ કર્યો જે હિંદુધર્મનું બાહ્ય કલેવર સમજવામાં તથા ઓળખવામાં સહાયભૂત થાય. ધર્મ-કલેવર સમજણનાં આ અંગો સામાન્યપણે બધા જ ધર્મોમાં અસ્તિત્વમાન ધરાવતા હોય છે. ધર્મપરિવર્તન(Religious change)ની પ્રક્રિયામાં આ બાહ્ય કલેવરનાં અંગોમાં મહત્ત્વનું પરિવર્તન સામાન્ય રીતે અનુભવાય છે.

પ્રશ્નોનું આવું વિભાગીકરણ આપણે ખૂબ સ્વૈચ્છિક રીતે કર્યું છે એની ના નહિ, પરંતુ પ્રશ્નોની સમજને માટે આવું કોઈક વિભાગીકરણ અનિવાર્ય છે એની ના પણ કેમ પાડી શકાય ? કોઈ એક વિભાગમાં સમાવિષ્ટ બાબત બીજા

કોઈ વર્ગમાં સમાવી જ ન શકાય કે પ્રશ્નોનું આ વિભાગીકરણ સંપૂર્ણ છે એવો દાવો નથી.

અ. તાત્ત્વિક બોધ

ક. ઈશ્વરનો ખ્યાલ :

હિંદુધર્મના ઈશ્વરના ખ્યાલની વિચારણા કરીએ ત્યારે સૌપ્રથમ હિંદુધર્મ એકેશ્વરવાદી કે અનેકેશ્વરવાદી છે એની વિચારણા કરી લઈએ. વેદમાં અનેક દેવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પરંતુ સાથે જ ઋગ્વેદમાં[૯] એમ પણ કહેવાયું છે કે એક જ સાર્વત્રિક શક્તિનાં વિવિધ સ્વરૂપોને વિવિધ દેવદેવીઓનાં નામોથી ઓળખાવવાનો પ્રયાસ થાય છે.

સામાન્ય રીતે એવો ખ્યાલ પ્રવર્તે છે કે હિંદુધર્મ અનેકેશ્વરવાદી છે. પરંતુ મેક્સમૂલરે (Maxmuller) આ વિચારણાને રદિયો આપતા હિંદુધર્મના સ્વરૂપને 'Henotheistic' તરીકે વર્ણવ્યું છે. વેદમાં સ્વીકારાયેલ વિવિધ દેવદેવીઓની આરાધના કરતી વખતે કે એમની પૂજા કરતી વખતે એ પ્રત્યેક સાર્વત્રિક દેવ હોય એવી ઉચ્ચ કક્ષા એમને અર્પવામાં આવે છે.

હિંદુધર્મની વિશેષતા એ છે કે એ એક ઈશ્વરને સ્વીકારે છે એટલું જ નહિ, એ ઈશ્વર જ સર્વ છે એમ પણ સ્વીકારે છે. ખ્રિસ્તીધર્મ અને ઇસ્લામધર્મ એકેશ્વરવાદી ધર્મો તરીકે ઓળખાય છે. એ ત્રણે ધર્મો એક ઈશ્વરનો સ્વીકાર કરે છે. પરંતુ તેઓ એક કરતાં વધુ સત્તાના અસ્તિત્વનો સ્વીકાર પણ કરે છે. આમ, તેઓ ઈશ્વર, જીવ અને જગતને ત્રણ સત્તા તરીકે સ્વીકારે છે અને જીવ કે જગતને ઈશ્વરના અંગ કે અંશ તરીકે સ્વીકારતા નથી. હિંદુધર્મની દૃષ્ટિએ ઈશ્વર એ જ માત્ર એક સત્તા છે અને એથી ઈશ્વર પોતે જ સૃષ્ટિ તરીકે અને વ્યક્તિ તરીકે આવિર્ભાવ પામે છે અને છતાં સૃષ્ટિ અને જીવની સમગ્રતામાં ઈશ્વરનો લોપ થતો નથી. ઈશ્વર સૃષ્ટિ પર (Transcendent) અને સૃષ્ટિ વ્યાપ્ત (Immanent) બંને છે.

સૃષ્ટિ અને જીવમાં વ્યાપ્ત એવા ઈશ્વર હિંદુધર્મમાં સર્જનાત્મક બ્રહ્મા, સંચાલક વિષ્ણુ અને સંહારક કે શિવસ્વરૂપે પણ આલેખાયેલ છે. ઈશ્વરની આ ત્રિવિધ શક્તિને કેટલીક વેળા માયા કે પ્રકૃતિ તરીકે પણ ઓળખાવાય છે. કેટલાક લેખકો આનો ઉલ્લેખ ત્રીમૂર્તિ તરીકે પણ કરે છે. આ બધા પરથી ઈશ્વર એ

૯. ૧૬૪.૯

એક માત્ર તત્ત્વ છે અને આપણે પોતે તેમ જ આપણી આસપાસ આપણે જે કંઈ જોઈએ છીએ કે અનુભવીએ છીએ એ એને જ કારણે છે એમ હિંદુધર્મ સ્વીકારે છે. આ સૃષ્ટિ અને આવી અનેક સૃષ્ટિઓના સંચાલનની અને સંહારની ત્રિવિધ ક્રિયાઓને ઈશ્વરની લીલા તરીકે ઓળખાવાય છે.


આ ઉપરાંત ઈશ્વરના સ્વરૂપની રજૂઆત કર્મફળદાતા તરીકે પણ થઈ છે. નૈતિક સામ્રાજ્યના યોજક—સમ્રાટ તેઓ છે અને છેવટે તો નૈતિક ન્યાય એમને હાથે જ થવાનો છે. આ અર્થમાં ઈશ્વર માનવ-ઉદ્ધારક છે, અને જેઓએ એમનું શરણ સ્વીકાર્યું હોય તેઓ એમની સહાયની કૃપાના અધિકારી બને છે.

આથી પણ વિશેષ મહત્ત્વનું હિંદુધર્મમાં આલેખાયેલું ઈશ્વરનું સ્વરૂપ તે અંતર્યામી તરીકેનું છે. આપણા બધામાં ઈશ્વરનો અંશ છે એટલું જ નહિ, પરંતુ સાક્ષાત્ ઈશ્વરીતત્ત્વ આપણામાં બિરાજમાન છે, એવો ખ્યાલ સવિશેષે હિંદુધર્મમાં જોવા મળે છે. માનવીની બહાર રહેલ દૈવીતત્ત્વને પામવાની વાત હિંદુધર્મમાં નથી. પરંતુ એની વાત તો પોતાનામાં જ સમાવિષ્ટ, અંતર્યામી સ્વરૂપે રહેલ દૈવીઅંશ(તત્ત્વ)ને ઓળખવામાં છે. આગળ રજૂ કરેલ 'તત્ત્વામ્ અસિ અને 'અહં બ્રહ્માસ્મિ'ની સાચી સમજ આ દૃષ્ટિથી પ્રાપ્ત થશે.

ખ. જીવનો ખ્યાલ :

હિંદુધર્મમાં 'જીવ' એટલે માનવ વ્યક્તિ અથવા તો જીવાત્મા તરીકે સ્વીકારારેલ વ્યક્ત છે. વ્યક્તિના ઈશ્વર સાથેના તાત્ત્વિક તાદાત્મ્ય છતાં વ્યક્તિનું જીવાત્મા તરીકેનું સ્વતંત્ર દૈહિક અસ્તિત્વ વ્યક્તિને ઈશ્વરથી ભિન્ન ગણવા માટેનું કારણ બને છે. આથી જ જીવાત્માના તાત્ત્વિક સ્વરૂપની વાત કરીએ તે તેની ઈશ્વર સાથેના તાદાત્મ્યની વાત કરવા બરાબર છે. આથી અહીંયાં આપણે જીવાત્માની તેના સ્વતંત્ર દૈહિક અસ્તિત્વને કારણે પ્રાપ્ત થતી વિશિષ્ટતાઓનો વિચાર કરીશું. આ રીતે જ્યારે આપણે જીવાત્માનો વિચાર કરીએ ત્યારે આપણી સમક્ષ જેનામાં દેહ અને મન એકાકાર થયા છે એવી વ્યક્તિ પ્રત્યક્ષ થાય છે. આવી વ્યક્તિનાં ત્રણ વિશિષ્ટ અંગો નીચે પ્રમાણે છે :

જીવાત્માની વિશિષ્ટતા



૧. દૈહિક :

જીવાત્માનો બાહ્ય દેહ ત્રણ પ્રકારનો વર્ણવવામાં આવ્યો છે.

ક. ભૌતિક શરીર (Gross body) : માનવદેહ પાંચ ભૌતિક સ્વરૂપોનો અથવા તો પાંચ મહાભૂતોનો બનેલો છે. પૃથ્વી, આકાશ, પાણી, અગ્નિ અને વાયુ એ બધાંય તત્ત્વોનો માનવદેહના ઘડતરમાં ફાળો છે. માનવીનો આ ભૌતિક દેહ એના મૃત્યુ પછી જે તે ભૌતિક તત્ત્વમાં વિલીન થાય છે.

ખ. સ્થૂલ શરીર (Subtle body) : માનવનું સૂક્ષ્મ શરીર ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, જીવ વગેરે સૂક્ષ્મ તત્ત્વોનું બનેલું છે. ભૌતિક તત્ત્વોના બનેલા ભૌતિકદેહમાં આ સૂક્ષ્મદેહ દ્વારા જ્ઞાન અને ગતિ શક્ય બને છે.

ગ. કારણ શરીર (Causal body) : ભૌતિકદેહ અને સૂક્ષ્મદેહના કારણરૂપનો દેહ તે કારણદેહ તરીકે ઓળખાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની ભિન્નતા અને ભેદ આ વડે જ નીપજેલા તરીકે સમજાવાય છે.

૨. માનસિક :

જીવાત્માની બીજી વિશિષ્ટતા તે માનવીના મનઃપ્રદેશમાં નીપજતી વિવિધ અવસ્થાઓ છે. માનવમનની ચેતન અવસ્થાના ચાર પ્રકાર સ્વીકારાયાં છે :

ક. જાગૃત અવસ્થા

ખ. સ્વપ્નાવસ્થા

ગ. સ્વપ્નરહિત અવસ્થા

ઘ. તુર્યાવસ્થા

માનવચેતનાની આ ચાર અવસ્થાની વાતો ફ્રૉઇડના અચેતનની વાત નથી એ ખરું, પરંતુ એમના અચેતનના ખ્યાલના પાયા સમાન સ્વપ્નાવસ્થાનો અહીં ઉલ્લેખ થયેલો છે. પરંતુ આથી વિશેષ અહીં સ્વપ્નરહિત ચેતનાવસ્થા અને ચેતનયુક્ત તુર્યાવસ્થાનો ઉલ્લેખ થયેલો છે.

'હું કોણ'નું વિવેચન કરતા શ્રી રમણ મહર્ષિ[૧૦] એવું કહે છે કે માનવીની સ્વપ્નરહિત ગાઢ નિદ્રાવસ્થામાં એની જે અવસ્થા છે, એ જ એનું સાચું સ્વરૂપ છે અને 'હું કોણ?' પ્રશ્નનો ઉત્તર પણ એ જ છે. પરંતુ અહીંયાં આપણા મનમાં એ પ્રશ્ન ઉપસ્થિત થશે કે સ્વપ્નરહિત ગાઢ નિદ્રાવસ્થાનો અનુભવ કઈ રીતે વર્ણવવો? કારણ કે જો આપણે એ જાણીને વર્ણવી શકીએ તો એ નિદ્રાવસ્થા નથી, અને

૧૦. 'હું કોણ', રમણાશ્રમ, તિરૂવન્નમલાઈ.

જો નિદ્રાવસ્થા હોય તો એ જાણીને વર્ણવી શકતા નથી. સ્વપ્નરહિત ચેતનાવસ્થા એ આવા પ્રકારની એક અવસ્થા છે. જીવાત્માનું દૈહિક સ્વરૂપ, દૈહિક તત્ત્વો ઉપરવટ જઈને, માનસિક ચેતનના ઊર્ધ્વપ્રદેશમાં વિહાર કરે, ત્યારે માનવચેતના ઈશ્વર સ્વરૂપની નિકટતમ આવે છે એમ હિંદુધર્મમાં પ્રબોધાયેલ યોગના માર્ગો આપણને સૂચવે છે.

૩. નૈતિક :

વ્યક્તિ પોતે જે કર્તવ્યો કરે છે તેના પરિણામરૂપ એનું નૈતિક સ્વરૂપ ઘડાય છે. વ્યક્તિનું આવી રીતે ઘડાયેલ નૈતિક સ્વરૂપ ત્રણ પ્રકારનું હોઈ શકે.

ક. સાત્ત્વિક : એવી વ્યક્તિઓ જેમનામાં સદ્‌ગુણ, જ્ઞાન, સ્વાર્થત્યાગ અને ઉત્તમતાના ગુણ હોય.

ખ. રાજસિક : એવી વ્યક્તિઓ જેમનામાં જીવનને માણવાની લગન અને જિજ્ઞાસા હોય અને જેઓ લક્ષ્મી, સત્તા અને સ્થાનની પ્રાપ્તિ માટે અહર્નિશ પ્રયત્નશીલ હોય.

ગ. તામસિક : એવી વ્યક્તિઓ જેમનામાં અવગુણ, અજ્ઞાન, લાભ, આળસ, શુષ્કતા પ્રધાનપણે હોય.

આમ, વ્યક્તિના નૈતિક અંગ વિશે આપણે એ જોઈશું કે પોતાનાં કાર્યોને આધારે વ્યક્તિ પોતાને જેવી ઘડે છે તેવું નૈતિક સ્વરૂપ તે પામે છે. એ પણ સ્પષ્ટ થશે કે જીવાત્માની અંદર સમાવિષ્ટ અંતર્યામીને ઓળખવાની સંભવિતતા જેટલી સાત્ત્વિક વ્યક્તિમાં છે એટલી રાજસિકમાં નથી અને જેટલી રાજસિક વ્યક્તિમાં છે એટલી તામસિકમાં નથી. પરંતુ વ્યક્તિએ સાત્ત્વિક, રાજસિક કે તામસિક થવું કે રહેવું એનો આધાર વ્યક્તિના પોતાના ઉપર છે એ હકીકત વધુ સ્પષ્ટ રીતે તો આપણે કર્મનો સિદ્ધાંત તપાસ્યા બાદ સમજી શકીશું.

જીવાત્માનું તાત્ત્વિક સ્વરૂપ :

એના તાત્ત્વિક સ્વરૂપમાં જીવાત્મા ચેતનવંત અને અમર અસ્તિત્વ છે અને કોઈપણ દૈહિક યા માનસિક વિશેષતાઓથી એને મર્યાદિત કરી શકાય નહિ. વળી એના મૂળ તાત્ત્વિક સ્વરૂપમાં જીવાત્મા અપરિવર્તનશીલ છે અને એથી એનામાં કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કે ગતિને સ્થાન નથી.

આ રીતે તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતા જીવાત્મા અથવા આત્મા દેહ કરતા ભિન્ન છે અને માત્ર દેહથી જ શા માટે, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ એ સર્વથી

આત્મા ભિન્ન છે. ખરી રીતે તો આથી આત્મા, દેહ અને મનનાં બંધનોથી પર છે અને એનાં કાર્યો ન હોવાને કારણે એનાં પરિણામો એને સ્પર્શી શકતાં નથી.

પરંતુ આત્મા, જીવાત્માની અવસ્થામાં, પોતાનું તાત્ત્વિક સ્વરૂપ વિસરીને, અજ્ઞાનતાના ભોગ બની, અજ્ઞાનતાપૂર્વક પોતાની જાતને એક દેહમનધારી વ્યક્તિ તરીકે સ્વીકારે છે, ત્યારે એ દેહ, ઇન્દ્રિય, બુદ્ધિ, મન વગેરે સર્વ મર્યાદામાં પોતાની જાતને મૂકે છે. જેમ જેમ માનવી ભૌતિક અને દુન્યવી જીવનમાં એકરૂપ બનતો જાય તેમ તેમ તે પોતાના સત્ય સ્વરૂપથી વિમુખ થતો જાય છે. પોતાનું સત્ય સ્વરૂપ પામવાને માટે એણે ધર્મમય જીવનના માર્ગનો આધાર લેવો પડે છે. એ માર્ગે પ્રયાણ કરીને આગળ સૂચવાયેલા ઈશ્વરપ્રાપ્તિના વિવિધ માર્ગોમાંથી પોતાને અનુકૂળ એવા માર્ગે પ્રયાણ કરી વ્યક્તિ જ્યારે સમાધિઅવસ્થામાં ઈશ્વર સાથે તાદાત્મ્ય અનુભવે છે ત્યારે એને 'સ્વ' સ્વરૂપનું જ્ઞાન થાય છે. આ એક અલૌકિક આધ્યાત્મિક અનુભવ છે, જ્યાં વ્યક્તિ સર્વાંગ સ્વચ્છ અસ્તિત્વ, ચેતન અને આનંદનો આવિષ્કાર પામે છે, અને સચ્ચિદાનંદનો અનુભવ પ્રાપ્ત કરે છે.

હિંદુધર્મનો પ્રયાસ દૈહિક વ્યક્તિને આધ્યાત્મિક વ્યક્તિ તરીકે ઓળખવાના એક માર્ગ તરીકેનો રહ્યો છે.

ગ. સૃષ્ટિનો ખ્યાલ :

હિંદુધર્મમાં સૃષ્ટિને માટેનો વપરાતો શબ્દ 'બ્રહ્માંડ' ઘણો સૂચક છે. વ્યુત્પત્તિની દૃષ્ટિએ 'બ્રહ્માંડ' એટલે બ્રહ્મનું ઈંડું. આ રીતે સૃષ્ટિની ઉત્પત્તિ બ્રહ્મમાંથી થઈ છે એમ હિંદુધર્મ માને છે. આવી એક નહિ પણ અનેક સૃષ્ટિઓનું સર્જન બ્રહ્માંડને હાથે થાય છે. જે બ્રહ્માંડમાં આપણે જીવીએ છીએ એ તો આવાં અનેક બ્રહ્માંડો પૈકીનું એક બ્રહ્માંડ છે.

'બ્રહ્માંડ'ના સાત સ્તરો અથવા તો સાતલોક વર્ણવવામાં આવ્યાં છે અને એ જ રીતે પૃથ્વીની નીચે પણ સાત પ્રદેશો સ્વીકારવામાં આવ્યા છે.

અ. સાતલોક :

૧. ભૂર્લોક, પૃથ્વી.
૨. ભુવર્લોક : પૃથ્વીની ઉપર વિસ્તરેલું આકાશ અને એની સાથે, સૂર્ય, તારાઓ, ગ્રહો વગેરે.
૩. સ્વર્લોક, પ્રથમ સ્વર્ગ.
૪. મહર્લોક, દ્વિતીય સ્વર્ગ.

૫. જનલોક, તૃતીય સ્વર્ગ
૬. તપોલોક, ચતુર્થ સ્વર્ગ.
૭. સત્યલોક, પંચમ્ સ્વર્ગ

બ. પેટાળના વર્ગો :

પેટાળના પણ સાત વર્ગો છે.

૧. અતલ
૨. વિતલ
૩. સુતલ
૪. રસાતલ
૫. તલાતલ
૬. મહાતલ
૭. પાતાલ


સૃષ્ટિ વિશેનો મહત્ત્વનો પ્રશ્ન એ છે કે બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું છે કે સૃષ્ટિ એ બ્રહ્માનો આવિર્ભાવ (Projection) છે ? સર્જનના ખ્યાલમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે. એક, જેનું સર્જન થયું છે તે વસ્તુ; બે, જેણે સર્જન કર્યું છે તે સર્જક; ત્રણ, જેનામાંથી સર્જન થયું છે તે કારણ. સર્જનને માટે સર્જક ઉપરાંત જે વસ્તુમાંથી સર્જન કરવાનું છે તેનો પણ સ્વીકાર કરવામાં આવે તો તેટલે અંશે સર્જક મર્યાદિત બને છે. જો એમ કહેવામાં આવે કે બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું છે તો એ સર્જન શેમાંથી કર્યું એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. વળી, સૃષ્ટિ-સર્જન પૂર્વે આ સૃષ્ટિ અસ્તિત્વ-વિહોણી હતી કે કેમ એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. આ બધા પ્રશ્નોનો તોડ હિંદુધર્મ સૃષ્ટિના સર્જનનો વિચાર તરછોડી સૃષ્ટિને બ્રહ્મના આવિર્ભાવ તરીકે લેખે છે.

શૂન્યમાંથી સર્જનમાં હિંદુધર્મ માનતો નથી અને એથી જ, પોતાની શક્તિ વડે, બ્રહ્મ પોતે, સૃષ્ટિમાં આવિર્ભાવિત થાય છે, અને એ જ સૃષ્ટિને નિભાવે છે, તેમ જ એને સંકેલી લે છે. આ આવિર્ભાવ અથવા સર્જન, સંચાલન અને સંકેલીકરણની પ્રક્રિયા લગાતાર ચાલુ રહે છે. આથી સૃષ્ટિક્રમના આદિ કે અંત વિશે આપણે કંઈ જ કહી શકતા નથી.

સાંખ્યમત :

સૃષ્ટિના સર્જન વિશે સાંખ્ય મત જુદો મત રજૂ કરે છે. આ મતાનુસાર પુરુષ અને પ્રકૃતિ નામક બે તત્ત્વો અસ્તિત્વ ધરાવે છે. બંને તત્ત્વોના સ્વરૂપ અને

પ્રકાર ભિન્ન છે. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણોનો સામ્યવસ્તિસંપટ તે પ્રકૃતિ. પ્રકૃતિની સામ્યાવસ્થાને જ્યાં સુધી ખલેલ પહોંચાડવામાં ન આવે ત્યાં સુધી પ્રકૃતિ સ્થિર રહે છે. પરંતુ અનેક ખનવાની ઈશ્વરની સંકલ્પશક્તિને પરિણામે દૈવિક મૂળ પ્રકૃતિની સામ્યાવસ્થા હાલે છે અને સત્ત્વ, રજસ અને તમસનું સામંજસ્ય (Equillibrium) ખળભળી ઊઠે છે અને એમાંથી સૃષ્ટિનું સર્જન થાય છે. આમ, આ મતાનુસાર પુરુષ-પ્રકૃતિના પરસ્પરના સંમિલનથી સૃષ્ટિનું નિર્માણ થાય છે. એ નિર્માણનો ક્રમ નીચે મુજબનો હોય છે.



આમ, સાંખ્ય મતાનુસાર સૃષ્ટિનું સર્જન ઉપર આપેલ પચીસ તત્ત્વોને આધારે છે.

ઘ. પુનર્જન્મનો ખ્યાલ :

આપણે આગળ જોયું કે આત્માને હિંદુધર્મ અનંત તરીકે સ્વીકારે છે અને એનું સ્વરૂપ દૈવી છે એમ પણ સ્વીકારે છે. જેમ વિરાટ અગ્નિમાંથી ઉઠેલ એક તણખો પણ હકીકતમાં અગ્નિ જ છે, પરંતુ એનું એ સ્વરૂપ સામાન્યરૂપે પ્રત્યક્ષ થતું નથી, સિવાય કે એ તણખો ઘાસની ગંજી પર જઈ પડે અને એમાંથી અગ્નિ પ્રગટે. એ જ પ્રમાણે બ્રહ્મમાંથી ઉપસ્થિત થયેલ પ્રત્યેક જીવ દિવ્ય અને અનંત સ્વરૂપનો છે અને એનું એ સ્વરૂપ ખરેખર ત્યારે જ સમજાય કે જ્યારે એનો સમાગમ યોગ્ય આત્મા સાથે થાય છે. હકીકતમાં આત્માનું જે સત્યસ્વરૂપ છે એની સિદ્ધિ એને ન થાય ત્યાં સુધી આત્માનું પ્રયાણ ચાલુ જ રહે છે. જ્યાં સુધી જીવાત્મા અંધકારમાં સપડાયેલ છે ત્યાં સુધી ઈશ્વર સાથેનું એનું તાદાત્મ્ય એ પામી શકતો નથી. એથી એ જગતની વસ્તુઓની તૃષ્ણા રાખે છે અને પોતાની

દૈહિક વાસનાઓના સંતોષ પાછળ ભમે છે. પરંતુ, એનું અંતિમ લક્ષ્ય તો બ્રહ્મ સાથે એકરૂપતા પામવાનું હોવાથી જ્યાં સુધી જીવાત્મા દુન્યવી વસ્તુઓમાં ઓતપ્રોત થયેલો રહે છે ત્યાં સુધી એને જીવન–પુનઃજીવનના ચક્કરમાં ફસાયેલા રહી પુનઃજીવન પામવું પડે છે. પુનર્જન્મનો આ આધાર છે. જ્યાં સુધી અંતિમ ધ્યેયની પ્રાપ્તિ થાય નહિ ત્યાં સુધી જન્મોજન્મના ચક્રમાંથી જીવાત્માનો છૂટકારો થતો નથી. પુનર્જન્મના સ્વીકારનો આ તાત્ત્વિક પાયો છે.

ચ. કર્મનો ખ્યાલ :

પુનર્જન્મના સિદ્ધાંતની સાથે, એક રીતે જોતા, કર્મનો સિદ્ધાંત સંકળાયેલો છે. એક જન્મ અને બીજા જન્મ વચ્ચેની સાંકળ કર્મનો સિદ્ધાંત પૂરી પાડે છે. આ અર્થમાં કર્મનો સિદ્ધાંત પુનર્જીવનનું નિયંત્રણ કરે છે.

આપણે આગળ જોયું કે જીવાત્માનું ઘડતર જ એવું છે કે એનાથી પ્રવૃત્તિ વિના રહી શકાય નહિ, અને જ્યાં સુધી પ્રવૃત્તિ થતી રહે ત્યાં સુધી એનાં સારાં અને માઠાં પરિણામો નીપજવાનાં જ. આમ, સારાં–નરસાં કાર્યોના નીપજતાં સારાં–માઠાં પરિણામોનું ભોગાયટન વ્યક્તિએ કરવાનું રહ્યું. સૃષ્ટિમાં પ્રવર્તમાન નૈતિક નિયમનું આધિપત્ય ત્યારે જ સંપૂર્ણ ગણાય જ્યારે કર્મના પરિણામનો ભોગવટો માત્ર મૃત્યુની ઘટનાથી જ પૂરો ન થાય. સૃષ્ટિનું સર્જન જો દૈવી સર્વસત્તાથી થયું હોય, અને સૃષ્ટિનો નૈતિક નિયમ પણ એ જ દૈવીતત્ત્વની દેણગી હોય, તો એ સહજ છે કે મૃત્યુ નૈતિક કાયદાના આધિપત્યને ઉથાપી શકે નહિ; એટલું જ નહિ પણ, અંતિમ સત્યસ્વરૂપ બ્રહ્મમય હોય, તો બ્રહ્મલીનતાની આડે નૈતિક કાયદો શી રીતે આવી શકે? આમાંથી બે બાબતો સ્પષ્ટ થાય છે :

એક, જીવાત્માનું અંતિમ લક્ષ્ય બ્રહ્મત્વ પામવાનું છે. બીજું, તે પામવાને માટે જીવાત્માએ નૈતિક કાનૂનને આધીન રહી કર્મોનું ભોગાયટન પૂરું કરવાનું છે.

હિંદુધર્મમાં ત્રણ પ્રકારના કર્મો સ્વીકારવામાં આવ્યા છે :

અ. પ્રારબ્ધ કર્મ : એવા કર્મો કે જેનાં ફળનું ભોગાયટન આ જીવનમાં શરૂ થઈ ચૂક્યું છે.

બ. સંચિત કર્મ : પૂર્વજન્મોનાં થયેલાં એવાં કર્મો જેમનાં પરિણામોનું ફળ ભોગવવાનું હજી બાકી છે. આ સંચિત કર્મો તરીકે ઓળખાય છે. કારણ કે આ કર્મોનું ફળ એકત્રિત થયેલું છે—સંચિત થયેલું છે.

ક. સંચિમાન કર્મ : એવાં કર્મો જે આ જન્મમાં આપણે કરીએ છીએ

અને એનાં પરિણામોની અસર કયાં તો આપણને આ જન્મમાં ભોગવવા મળે છે અથવા તો હવે પછીના જન્મો કે જન્મમાં ભોગવવા મળે.

આ ત્રણ પ્રકારનાં કર્મોથી એ જોઈ શકાશે કે એક જન્મના સંચિમાન કર્મ-માંથી જેનાં પરિણામો ભોગવી લેવાયાં એ પૂરાં થયાં. પરંતુ એમાંનાં એવાં કર્મો જેમનાં પરિણામો મૃત્યુ સમય સુધીમાં ભોગવાયાં નથી તે બીજા જન્મમાં પ્રારબ્ધ કર્મ કે સંચિત કર્મમાં સ્થાન પામે છે. આમ, પ્રત્યેક જીવાત્મા પોતાના જીવનને શરૂઆતને તબક્કે પોતાના તત્કાળ પૂર્વજન્મના અને તે પહેલાંના પૂર્વજન્મોનાં કર્મોના વણભોગવેલાં પરિણામોના સંપટથી પોતાનું જીવન શરૂ કરે છે. જીવાત્માના વિવિધ જન્મોની વચ્ચે કર્મનો સિદ્ધાંત એક સાંકળ સમાન છે. જો આપણે જીવાત્માના વિવિધ જન્મોને એક મણકા તરીકે સ્વીકારીએ તો એમ કહી શકાય કે, જેમ દોરી મણકાને સાંકળે છે અને તેમને હારનું એકત્વ અર્પે છે, તેમ કર્મનો સિદ્ધાંત જીવા-ત્માના વિવિધ જન્મોને સાંકળીને તેમાં પ્રવર્તતું એક પ્રકારનું એકત્વ અને સાતત્ય રજૂ કરે છે.

આ દૃષ્ટિએ વિચારતા આપણને એ સમજાશે કે કર્મનો સિદ્ધાંત એક એવા વૈજ્ઞાનિક પાયા પર આધારિત છે કે સૃષ્ટિમાંથી કદીયે કંઈ નાશ પામતું નથી, કરેલાં કર્મોની અસર લુપ્ત થતી નથી, તેમ જ જગતમાં વિનાપ્રયોજન કે વિનાકારણ કદીયે કંઈ જ બનતું નથી. આજે જે કંઈ બને છે તેનું કારણ એના તત્કાલીન ભૂતકાળમાં કે દૂરોગામી ભૂતકાળમાં અસ્તિત્વમાન છે. આમ, વર્તમાનની પ્રત્યેક પળ ભૂતકાળમાં થયેલા કર્મોએ નિર્ણીત કરેલી છે, અને ભવિષ્યની પ્રત્યેક પળ ચાલુ જીવનની પ્રત્યેક પળે પળે નિર્ણીત થતી રહે છે કર્મનો સિદ્ધાંત વ્યક્તિના જીવન અને એના ભવિષ્યને ઘડનાર અને સમજાવનાર સિદ્ધાંત હોવા ઉપરાંત, એ સૃષ્ટિમાં પ્રવર્તમાન વ્યવસ્થા અને ક્રમબદ્ધતાની સાથે સુસંગત છે.

આથી વિશેષ કર્મનો સિદ્ધાંત એક મહત્ત્વનું સત્ય પ્રતિપાદિત કરે છે. માનવી પોતે જ પોતાના ભાવિનો ઘડવૈયો છે. પ્રત્યેક માનવી આજે જે છે—સુખી કે દુઃખી, અમીર કે ગરીબ, બુદ્ધિમાન કે બુદ્ધિહીન, યોગ્ય સ્થાને આરૂઢ થયેલ કે સ્થાનભ્રષ્ટ થયેલ—એ બધું જ પોતાને કારણે છે. કારણ કે આ બધું એણે પોતાના અત્યારના અને સર્વ પૂર્વજન્મોમાં જે કંઈ કર્મો કર્યાં છે એ બધાંનાં પરિણામોની સંયુક્ત અસર સમાન છે અને એ જ રીતે માનવી પોતાના ભવિષ્ય-જીવનનું ઘડતર પોતાના વર્તમાન-જીવનને આધારે કરી રહ્યો છે.

કર્મના સિદ્ધાંતને અંગે હિંદુધર્મ જે એક મહત્ત્વની વાત કરે છે તે એ કે, એનું આધિપત્ય માત્ર એ પ્રકારનાં કર્મો પર જ વિસ્તરે છે, જે કર્મો કોઈક નિશ્ચિત

ફળપ્રાપ્તિની આશાથી કરવામાં આવ્યા હોય, અને આથી શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પ્રબોધેલ નિષ્કામ કર્મ કરનાર વ્યક્તિને કર્મનો સિદ્ધાંત આવરતો નથી. કર્મના ફળની ઇચ્છા વિના, માત્ર ફરજપાલનના ખ્યાલથી કરેલાં કર્મો એ તો ઈશ્વર-સમર્પિત કર્મો છે. ઈશ્વરની ઇચ્છાને આધીન રહીને કરેલાં કર્મોનું ફળ વ્યક્તિને મળતું નથી. એ કર્મો તો લોકસંગ્રહાર્થે થયેલા કર્મ પ્રકારનાં છે. આ મુદ્દો મહત્ત્વનો એ માટે બને છે કે કર્મના બંધનમાંથી મુક્તિ મેળવવાનો એ માર્ગ ચીંધે છે. નિષ્કામભાવે કર્મ કરનાર વ્યક્તિ માટે સંચિમાન પ્રકારના કોઈ કર્મો એકત્રિત થતાં નથી. એટલે એને માટે તો પ્રારબ્ધ કર્મો અને સંચિત કર્મનો જે સમૂહ હોય એનાં જ પરિણામોનું ભોગાયટન ભોગવવાનું રહે છે, અને એથી એવો જીવાત્મા આ સૃષ્ટિમાં હોવા છતાં, આ સૃષ્ટિનો થતો નથી. આ પ્રકારે કર્મનાં પરિણામોના ભોગાયટનોમાંથી મુક્તિ મેળવી જીવાત્મા ઈશ્વર સાથેના તાદાત્મ્યના માર્ગે પ્રયાણ કરે છે.

કર્મ સિદ્ધાંતની કેટલીક ટીકાઓની વિચારણા :

કર્મના સિદ્ધાંતની સામે કેટલાક વાંધાઓ ઉઠાવવામાં આવ્યા છે. તેની વિચારણા હવે આપણે હાથ ધરીએ.

૧. એમ કહેવામાં આવે છે કે કર્મનો સિદ્ધાંત માનવીના સંકલ્પ-સ્વાતંત્ર્યનો અનાદર કરે છે, અને એમ કરી માનવીના નૈતિક-જીવનનો આધાર છીનવી લે છે.

કર્મના સિદ્ધાંતની આપણે ઉપર કરેલી રજૂઆતથી સ્પષ્ટ થશે કે કર્મનો સિદ્ધાંત નથી તો માનવીની સ્વતંત્ર સંકલ્પશક્તિનો અસ્વીકાર કરતો કે નથી તો એ માનવીના નૈતિક-જીવનના આધારનો અનાદર કરતો. કર્મનો સિદ્ધાંત તો ખરી રીતે એમ કહે છે કે મારાં પૂર્વ કર્મોનું ફળ હું અત્યારે ભોગવું છું. આમ શા માટે ? કારણ કે જે કર્મો કર્યાં એ મેં કર્યાં, એ કર્મોને માટે હું જવાબદાર છું અને એથી એ કર્મોના પરિણામનું ભોગાયટન મારે જ કરવું જોઈએ.

વળી, કર્મનો સિદ્ધાંત તો કાર્યકારણના સિદ્ધાંતના સ્વરૂપનો છે. પ્રકૃતિમાં નીપજતી વિવિધ ઘટનાઓમાં કાર્યકારણની એકરૂપતાને કારણે જો માનવીની નૈતિક જવાબદારી નકારવામાં આવતી ન હોય તો નૈતિક કાર્યો અને તેનાં નૈતિક પરિણામોને વિશેની એકરૂપતા, નૈતિક જવાબદારીના નકાર માટેનો આધાર શી રીતે બની શકે ?

૨. કેટલાક વિચારકો કર્મના સિદ્ધાંતની સામે એવો વિરોધ કરે છે કે એ સિદ્ધાંત ઈશ્વર ઉપરની શ્રદ્ધા સાથે, અને માનવીઓના પાપો માફ કરવાની ઈશ્વરની શક્તિ સાથે, સુસંગત નથી. એમનું માનવું છે કે જો કર્મનો સિદ્ધાંત નિરપેક્ષ હોય, તેમ જ સંપૂર્ણ હોય તો ઈશ્વરની જરૂરિયાત ક્યાં રહી?

આ પ્રકારના વિચારકો કર્મના સિદ્ધાંતને એક સત્તા તરીકે સ્વીકારે છે, અને કર્મનો નિયમ પ્રકૃતિના કોઈપણ નિયમની જેમ કોઈક અલૌકિક દૈવીશક્તિના સુસંગત એકરૂપતાભર્યા સંચાલનનો નિયમ છે, એ જોઈ શકતા નથી. પ્રકૃતિની એકરૂપતાના નિયમ કે કાર્ય-કારણત્વના નિયમની જેમ જ કર્મનો સિદ્ધાંત પણ સૃષ્ટિમાં પ્રવર્તમાન એક એવો નિયમ છે જે સૃષ્ટિના અધિષ્ઠાતાના સ્વરૂપની સાથે સુસંગત છે. એ નિયમ પોતે સૃષ્ટિનો અધિષ્ઠાતા નથી.

સાચી રીતે તો કર્મનો સિદ્ધાંત ઈશ્વરના નૈતિક સ્વરૂપનો પરિચય કરાવે છે. સૃષ્ટિમાં ઈશ્વરી સંકલ્પ કઈ રીતે કાર્ય કરે છે એનો કંઈક ખ્યાલ કર્મનો સિદ્ધાંત આપણને આપે છે.

વળી, એમ કહેવું કે કર્મનો સિદ્ધાંત ઈશ્વરના દરગુજરપણા સાથે સુસંગત નથી એ પણ વાજબી નથી. ઈશ્વર મનુષ્યનાં પાપો ક્યારે દરગુજર કરે? મનુષ્ય પાપી રહે તો પણ? જો ઈશ્વર પાપી મનુષ્યોનાં પાપો દરગુજર કર્યે જ જાય તો, તે ઈશ્વર સાચો ઈશ્વર નથી. એમ કરવું તો પાપોજનોના સમુદાયની વૃદ્ધિ કરવા બરાબર છે. ઈશ્વર એનાં જ પાપો દરગુજર કરે, જે પોતે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરે અને એ પ્રાયશ્ચિત્ત ખરેખર સાચું હોય. સાચા પ્રાયશ્ચિત્ત વિશે મહાત્મા ગાંધી કહે છે: "અધિકૃત વ્યક્તિ સમક્ષ કરેલાં પાપનો સહૃદયતા-પૂર્વક એકરાર કરી ફરી એવું પાપ ન કરવાનો સંકલ્પ કરવો એનું નામ જ નિર્મળ પ્રકારનો પ્રશ્ચાત્તાપ." આમ, આપણે એ જોઈ શકીશું કે વ્યક્તિ જેમ જેમ પોતાનાં પાપો દૂર કરતી જાય તેમ તેમ તે પવિત્રતાની સમીપ જાય છે. એમ કરતાં કરતાં વ્યક્તિ જ્યારે એટલી નિર્મળ અને પવિત્ર બને કે ઈશ્વર એનો હાથ પકડે ત્યારે ઈશ્વર સાથેના તાદાત્મ્યમાં ઝાઝું અંતર રહેતું નથી. આગળ આપણે એ નોંધ્યું જ છે કે માનવીનો સતત પ્રયાસ બ્રહ્મ તાદાત્મ્ય પામવાનો છે, અને એ માટે એણે નિષ્કામ કર્મનો માર્ગ ગ્રહણ કરવો જરૂરી છે. નિષ્કામ કર્મનો માર્ગ તે જ પવિત્ર કાર્યનો માર્ગ. માનવી પાપકર્મ પોતાને માટે, પોતાના સ્વાર્થ માટે, પોતે અજ્ઞાનથી જેને પોતાનું માન્યું હોય તેને માટે કરતો હોય છે. એક વેળા એના મનઃપ્રદેશ પરથી કામના અદૃશ્ય થાય પછી એ જે ઇચ્છા કરે એ સકામ નહિ પણ નિષ્કામ જ હોય, અને એવું કાર્ય પવિત્ર હોય.

૩. કર્મના સિદ્ધાંતની સામે કેટલીક વેળા એમ કહેવામાં આવે છે કે એ સિદ્ધાંત સમાજસેવાના કાર્યમાં બાધા નાખે છે. એની દલીલ રજૂ કરવામાં આવે છે કે આ નિયમ અનુસાર તો પ્રત્યેક વ્યક્તિ પોતાનાં કરેલાં કર્મોનાં જ ફળ ભોગવતી હોઈ, એમને જે કંઈક દુઃખ-દર્દ થાય એમાંથી એમને મુક્ત કરવા એટલે કર્મના સિદ્ધાંતના પાલનની આડે આવવા બરાબર થાય.

પરંતુ, આપણે આગળ જોયું તેમ પ્રત્યેક જીવમાં દૈવીઅંશ છે, એટલું જ નહિ, પરંતુ પ્રત્યેક વસ્તુમાં ઈશ્વર હયાત છે, આથી દુઃખી અને દરિદ્રીની સેવા કરવી એ ખરી રીતે તો પ્રભુસેવા સમાન છે.

મદદપાત્ર કોઈપણ વ્યક્તિને મદદ ન કરવા માટે કર્મના સિદ્ધાંતનો આશરો લેવો એ તો પોતાના કાર્યમાંથી છટકવા માટેનો માર્ગ શોધવા બરાબર છે. જે વ્યક્તિ સારું કામ કરી શકે એમ છે, એ પોતે જો એવું કામ ન કરે તો એમાં દોષ વ્યક્તિનો છે, અને ખોટા કામ કર્યાનો સંચય એ વ્યક્તિ પોતા માટે કરે છે. આમ, જે મદદને પાત્ર છે તેને મદદ ન કરવામાં સાચી રીતે તો વ્યક્તિ પોતાને જ મદદ કરતી નથી.

૪. કર્મના સિદ્ધાંતની સામે કેટલીક વેળા એવો વાંધો ઉઠાવવામાં આવે છે કે એ નિયતીવાદ (Determinism) અથવા તો દૈવવાદ (Predestination) કે ભાગ્યવાદ (Fatalism) તરફ દોરી જાય છે.

અહીંયાં આપણે એ નોંધવું જોઈએ કે કર્મનો સિદ્ધાંત પ્રારબ્ધવાદનો પુરસ્કર્તા નથી. વ્યક્તિ જે કંઈ પ્રાપ્ત કરે છે કે ભોગવે છે એ એના પ્રારબ્ધને કારણે નહિ પરંતુ એનાં પોતાનાં જ કર્મોને કારણે છે. પોતાનાં જ કર્મોથી નિર્ણીત થયેલું પોતાનું ભાગ્ય પોતે પોતાનાં જ કર્મોથી પલટાવી શકે છે, એ કર્મના સિદ્ધાંતનો મહત્ત્વનો સૂર ભુલાવો જોઈએ નહિ.

કર્મનો સિદ્ધાંત એ સૂચવે છે કે નૈતિક મૂલ્યોનો નાશ થતો નથી, અને એથી માનવીએ પ્રાપ્ત કરેલ નૈતિક મૂલ્યો અનુસારનું ફળ એને હંમેશા પ્રાપ્ત થાય છે. સારું અદૃશ્ય થતું નથી, નરસું એનો પીછો છોડતું નથી, અને છતાંયે નરસાને સારામાં પલટાવવાની શક્તિ માનવીમાં છે એ હકીકતનો ઇન્કાર કર્મનો સિદ્ધાંત કરતો નથી.

આમ, આપણે એ જોઈ શકીએ છીએ કે કર્મના સિદ્ધાંતની સામે રજૂ કરવામાં આવેલી કેટલીક દલીલોમાં ઝાઝું તથ્ય નથી. કર્મના સિદ્ધાંતનું હાર્દ હિંદુધર્મના હાર્દને અનુલક્ષીને તપાસવું જોઈએ.

સમાજમાં પ્રવર્તતી વિષમતા, વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે રહેલા ભેદો, વિવિધ પ્રસંગોમાં વિવિધ રીતે વર્તવાના દાખલાઓ અન્ય શી રીતે સમજાવી શકાય ? કલ્પિત આદર્શ સમાજમાં કદાચિત્ આર્થિક અસમાનતા દૂર કરી શકાશે, સંભવતઃ સામાજિક સમાનતા સ્થાપી શકાશે, પરંતુ શું બૌદ્ધિક સમાનતા, સંવેદન સમાનતા, નૈતિક સમાનતા અને આધ્યાત્મિક સમાનતા સ્થાપી શકાશે ખરી ? માનવી માનવી તરીકે જીવે છે ત્યાં સુધી, એનામાં દૈવત્વના અંશ ઉપરાંત બીજા અંશોનું સંમિશ્રણ છે ત્યાં સુધી, માનવ–માનવની તાત્ત્વિક સમાનતા હોવા છતાં, બાહ્ય અસમાનતા અને વિવિધતા અનિવાર્ય છે. આ હકીકત જો અનિવાર્ય હોય તો સમજાવવી પણ એટલી જ જરૂરી છે. કર્મનો સિદ્ધાંત આવી સમજણ પૂરી પાડે છે.

૯. મુક્તિનો ખ્યાલ :

દુઃખજનક, અજ્ઞાનમયી અસ્તિત્વમાંથી માનવીની મુક્તિ પ્રાપ્ત કરી એને માટે દૈવત્વભર્યા જીવનની પ્રાપ્તિ એ પ્રત્યેક ધર્મનું લક્ષ્ય રહ્યું છે. હિંદુધર્મમાં મુક્તિ અંગે વિસ્તૃત વિચારણા થઈ છે.

જીવાત્માના સ્વરૂપનો ખ્યાલ કરતી વખતે આપણે એ જોયું કે માનવી માત્ર શરીર–મનનું સંયુક્ત અસ્તિત્વ જ નથી. પોતાના સ્વ-સ્વરૂપનું અજ્ઞાન એ જ બંધન અને જે મુક્તિ મેળવવાની છે તે આ બંધનમાંથી. એટલે જો આપણે બંધનના સ્વરૂપનો યોગ્ય ખ્યાલ પામી શકીએ તો મુક્તિના સ્વરૂપનો ખ્યાલ પણ આપોઆપ સમજાય.

પોતાનામાં બિરાજમાન દૈવીતત્ત્વને પિછાણવાની અશક્તિથી માનવી જ્યારે પોતાની જાતને એનાં અનેક વિવિધ અંગોમાંથી એક અંગ કે વિશેષ અંગો સાથે સમરૂપ માને ત્યારે એ પોતાને એક મર્યાદિત સ્વરૂપે જુએ છે. એટલું જ નહિ, પોતાના એ મર્યાદિત સ્વરૂપના જ્ઞાનને સંપૂર્ણ માનીને વ્યક્તિ પોતાના કાર્યો પણ એવા જ મર્યાદિત ક્ષેત્ર પૂરતાં રાખે છે. આમ, એક અજ્ઞાનમયી પગલું ઊંડાણભર્યા તિમિરના માર્ગે વધુ ને વધુ આગળ લઈ જાય છે. તિમિરની દુનિયામાં જીવાત્માનું અટવાવું એ જ એની બંધનાવસ્થા. એ બંધનમાંથી જીવન, મૃત્યુ, જીવનની ઘટમાળ ચાલુ રહે. એમાંથી જ ફળ (પપાસા, કાર્ય–પરિણામ, ભોગાયટન વગેરે નીપજે. આ બંધન સ્વરૂપમાંથી જ જીવન–મૃત્યુ, જન્મોજન્મનો ક્રમ સતત રીતે ચાલ્યા કરે છે.

આ બંધનમાંથી દૂર થવું એટલે જ મુક્તિ. આ મુક્તિ શી રીતે પ્રાપ્ત થાય, એનું સાચું સ્વરૂપ શું છે, કેવા વિવિધ પ્રકારની મુક્તિ શક્ય છે: એની ચર્ચા પણ હિંદુધર્મમાં વિવિધ સ્વરૂપે કરવામાં આવી છે. પરંતુ જેમ બંધનના વિષયમાં

હિંદુધર્મના સર્વસામાન્ય ખ્યાલનો આપણે વિચાર કર્યો તેમ મુક્તિ અંગે પણ હિંદુધર્મના સર્વસામાન્ય ખ્યાલનો જ વિચાર કરીશું.

જન્મ-મરણની ઘટમાળમાંથી છૂટકારો એ મુક્તિ. આ છૂટકારો એટલે સર્વ દુઃખ અને ભોગાયટનમાંથી મુક્તિ. આ મુક્તિ એટલે જીવનનું શિવ સાથેનું તાદાત્મ્ય. આ મુક્તિ એટલે જીવાત્માના આત્મતત્ત્વનો આવિષ્કાર.

હિંદુધર્મમાં મુક્તિના બે પ્રકાર સ્વીકારાયા છે : એક, સદેહ મુક્તિ અને બીજો, વિદેહ મુક્તિ.

ક. સદેહ મુક્તિ : જીવાત્મા જ્યારે અજ્ઞાનનું આવરણ દૂર કરે છે ત્યારે એને સ્વ-સ્વરૂપનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. બ્રહ્મ-તાદાત્મ્યનો અનુભવ પામવા છતાં દેહની મર્યાદામાં રહીને જીવાત્માએ જીવન વ્યતિત કરવું પડે છે. દેહ-પ્રકૃતિનાં સહજ કાર્યો એ કર્યે જાય છે. આવા કોઈ કાર્ય માટે એને કામના નથી. અન્ય કોઈ પ્રકારનાં કાર્યોમાં પણ એની કોઈ કામના નથી. એ જગતમાં હોવા છતાં જગતનો નથી. દેહની મર્યાદાનો લોપ થાય ત્યાં સુધી એ દેહભાવે અસ્તિત્વ ધરાવે છે.

ખ. વિદેહ મુક્તિ : સ્વ-સ્વરૂપ જ્ઞાની જીવાત્મા જ્યારે દૈહિક-બંધનનો પણ ત્યાગ (નાશ) કરી શકે છે, એટલે કે એના દેહનો જ્યારે વિલય થાય છે ત્યારે એની સંપૂર્ણ મુક્તિ થાય છે, અને દેહનાં બંધનો એમાં કોઈ રુકાવટ નાંખી શકતા નથી. આત્માનું બ્રહ્મ સાથેનું તાદાત્મ્ય જે સદેહ મુક્તિ અવસ્થામાં પણ સતત હતું એ હવે, દેહના બંધન દૂર થતાં સંપૂર્ણ બને છે. વ્યક્તિ, વ્યક્તિ મટીને સમષ્ટિ બને છે. જીવ, જીવ મટીને શિવ બને છે. માનવ, માનવ મટીને દેવ બને છે. પ્રચંડ અગ્નિમાંથી છૂટો પડેલો તણખો વળી પાછો સમગ્ર અગ્નિમાં સમાઈ જઈ એક અગ્નિમય બની જાય છે.

હિંદુધર્મના બંધન અને મુક્તિના ખ્યાલને આગળ ધરી કેટલાક વિચારકો એને નિરાશાવાદી તરીકે ઓળખાવે છે. અહીંયાં જે પ્રશ્ન આપણે વિચારવાનો છે, તે આ: હિંદુધર્મ શું ખરેખર નિરાશાવાદી છે ?

જો અનિષ્ટના અસ્તિત્વના સ્વીકારને તથા માનવજીવનમાં દુઃખના અસ્તિત્વના સ્વીકારને જ નિરાશાવાદ કહેવાય તો હિંદુધર્મને પણ નિરાશાવાદી કહી શકાય. પરંતુ તો પછી પ્રત્યેક ધર્મને નિરાશાવાદી તરીકે આલેખવો પડે. કારણ કે સૃષ્ટિમાં અનિષ્ટના અસ્તિત્વનો અને માનવજીવનના દુઃખનો સ્વીકાર પ્રત્યેક ધર્મ કરે છે. એટલું જ નહિ પરંતુ પ્રત્યેક ધર્મનો એ પ્રયાસ છે કે માનવજીવનમાંથી દુઃખ શી

રીતે દૂર કરી શકાય અને અનિષ્ટ પર વિજય શી રીતે પ્રાપ્ત કરી શકાય; એટલે કયાં તો એમ કહેવું પડે કે બધા જ ધર્મો નિરાશાવાદી છે અને હિંદુધર્મ પણ નિરાશાવાદી છે, અથવા તો કોઈપણ ધર્મ નિરાશાવાદી નથી અને હિંદુધર્મ પણ નિરાશાવાદી નથી.

પરંતુ, હિંદુધર્મ નિરાશાવાદી નથી એમ સ્પષ્ટ રીતે કહેવા માટે આપણી પાસે કોઈ સબળ કારણ છે ખરું ? જો હિંદુધર્મ દુઃખને અંતિમ લેખે અથવા તો અનિષ્ટનું સામ્રાજ્ય સ્વીકારે, અને એ બંને અંતિમ છે એવો બોધ આપે તો એને નિરાશાવાદી કહી શકાય. પરંતુ હિંદુધર્મ અનિષ્ટને તાત્ત્વિક સત્તાના અંગ તરીકે સ્વીકારતો નથી, અને એ જ પ્રમાણે માનવદુઃખ પણ અંતિમ નથી. દુઃખ દૂર થઈ શકે છે એવી આશા હિંદુધર્મ આપે છે.

વળી, હિંદુધર્મનો જીવાત્માનો ખ્યાલ લક્ષમાં લેતાં હિંદુધર્મ નિરાશાવાદી નહિ પણ આશાવાદી છે, એમ સ્પષ્ટપણે કહી શકાય. કારણ કે એ જીવાત્માના સ્વરૂપને દૈવી, નિર્મળ, સ્વતંત્ર અને આનંદમય તરીકે સ્વીકારે છે. આપણે આગળ જોયું તેમ જીવાત્માનું સ્વરૂપ આવું હોવા છતાં, જ્યારે જીવાત્મા અજ્ઞાનનો ભોગ બની એનું તાત્ત્વિક સ્વરૂપ વિસરી 'સ્વ'ને પરમતત્ત્વથી વિખૂટું પાડે છે, અને જ્યારે પોતાની જાતને દેહ-મન-સંપુટ તરીકે આલેખે છે ત્યારે એ પાપ અને દુઃખના માર્ગે વિચરે છે. આથી જ હિંદુધર્મ, મુક્તિ પર સવિશેષ ભાર મૂકે છે.

હિંદુધર્મના મતાનુસાર મુક્તિની પ્રાપ્તિના વિવિધ માર્ગો નીચે મુજબ છે :[૧૧]

૧. રાજયોગ : ધ્યાનમાર્ગ

૨. કર્મયોગ : નિષ્કામ કર્મમાર્ગ

૩. ભક્તિયોગ : પ્રભુશરણનો માર્ગ

૪. જ્ઞાનયોગ : તત્ત્વદર્શનમાર્ગ

૭. વ્યવસ્થા બોધ

વ્યક્તિ સમષ્ટિમાં વિલીન થઈ શકે, જીવાત્મા પરમાત્મામાં લીન થાય એ માટે વ્યક્તિગત જીવનની નિશ્ચિત વ્યવસ્થા જરૂરી બને છે. પરંતુ કોઈપણ વ્યક્તિ એકલી-અટૂલી જીવતી નથી. સમાજના એક અંગ તરીકે જ વ્યક્તિ હંમેશા જીવે

૧૧. ચેટર્જી, એસ. જી. ધી ફંડામેંટલ્સ ઑફ હિંદુઇઝમ, પા. ૯-૧૨.

છે. આથી વ્યક્તિગત જીવનની વ્યવસ્થા અને સમાજજીવનની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. વ્યક્તિજીવન વ્યવસ્થામાં આશ્રમ ધર્મ, પુરુષાર્થ અને સાધન ચતુષ્ટયનો સમાવેશ કરી શકાય. સમાજવ્યવસ્થામાં વર્ણવ્યવસ્થા, સંસ્કાર, તહેવાર, તીર્થયાત્રા તથા મંદિર અને પૂજારી વર્ગનો સમાવેશ કરી શકાય.

પહેલાં આપણે વ્યક્તિગત જીવનવ્યવસ્થાની વાત કરીએ.

ક. આશ્રમ ધર્મ :


માનવજીવન વ્યવસ્થિત રીતે જીવી શકાય એ માટે વૈજ્ઞાનિક કહી શકાય એવી પદ્ધતિએ અનુભવના આધારે મળેલી હકીકતો ઉપરથી એક તારણરૂપ અનુમાન બાંધી જીવનને વ્યવસ્થિત કરવાનો હિંદુધર્મમાં પ્રયાસ થયેલો જોવામાં આવે છે.

સામાન્યતઃ માનવીનું આયુષ્ય સો વર્ષનું છે એમ સ્વીકારી જીવનના એ કાળ સમયને ચાર હિસ્સામાં વહેંચવામાં આવ્યા છે. પ્રત્યેક હિસ્સો જીવનના એક આશ્રમ તરીકે વર્ણવવામાં આવ્યો છે. પ્રત્યેક હિસ્સાને બીજા હિસ્સા સાથે સુસંગત રીતે સાંકળવામાં આવ્યો છે. એટલું જ નહિ પરંતુ પ્રત્યેક પુરોગામી અવસ્થા, પ્રત્યેક અનુગામી અવસ્થાની પૂર્વતૈયારીરૂપ છે. આવા સુયોગ્ય આધાર ઉપર જીવનની આશ્રમ-વ્યવસ્થા વિચારવામાં આવી છે. આમ કરવામાં માનવીના માત્ર વર્તમાન જીવત કાળનો જ નહિ પરંતુ એના સર્વ સમગ્ર જીવનકાળનો ખ્યાલ કરવામાં આવ્યો છે. આથી જેમ પ્રત્યેક આશ્રમ બીજા આશ્રમ સાથે સંકળાયેલો છે તેમ પ્રત્યેક જીવનકાળ પણ એના પુરોગામી કે અનુગામી જીવનકાળ સાથે સંકળાયેલ છે. જીવનકાળના પ્રત્યેક આશ્રમને માટે વિશિષ્ટ પ્રકારનાં કાર્યો આલેખવામાં આવ્યાં છે અને એ આધારે જીવનની સિદ્ધિની દિશામાં વ્યક્તિ પોતાને તૈયાર કરી શકે એ રીતનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

જીવનકાળના ચાર વિભાગોને ક્રમાનુસાર ચાર જુદાં જુદાં નામો આપવામાં આવ્યાં છે.

ક. બ્રહ્મચર્યાશ્રમ	ખ. ગૃહસ્થાશ્રમ
ગ. વાનપ્રસ્થાશ્રમ	ઘ. સંન્યાસાશ્રમ

માનવજીવનના આ ચાર આશ્રમો વિશે સામાન્યપણે એમ કહી શકાય કે પહેલાં બે આશ્રમો પ્રવૃત્તિમાર્ગના સૂચક સમા છે, અને પાછલા બે આશ્રમો નિવૃત્તિ-માર્ગના સૂચક સમાન છે. આ હકીકતને આપણે નીચેના કોઠામાં રજૂ કરીએ.



ક. બ્રહ્મચર્યાશ્રમ : જીવનના શરૂઆતનાં વર્ષોમાં વ્યક્તિએ જેવા બનવાનો આદર્શ સ્વીકાર્યો છે એને અનુરૂપ ઘડતર કરવાનું હોય છે. શૈક્ષણિક રીતે આ તબક્કાને ગમે તે દૃષ્ટિએ અવલોકીએ તોયે જીવનની આ અવસ્થાનો કાળ એ રીતે મહત્ત્વનો બને છે કે સમગ્ર જીવન ઇમારતનો પાયો અહીંયાં નંખાય છે. વ્યક્તિના શારીરિક, નૈતિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક ઘડતરના મંડાણ અહીં જ મંડાય છે. આથી, આ તબક્કાનું જીવન સ્વનિયમન અને સાદાઈનું પ્રબોધવામાં આવ્યું છે. વિવિધ કળાઓ અને વિજ્ઞાનોની જ્ઞાનપ્રાપ્તિ આ તબક્કે કરવાની છે. આ આશ્રમના મહત્ત્વના ગુણો છે— પવિત્રતા, સંયમ, સાદાઈ, મહેનત અને ખડતલપણું, ગુરુની સેવા તથા ઈશ્વરનું શરણ.

ખ. ગૃહસ્થાશ્રમ : જીવનના પ્રથમ પચ્ચીસ વર્ષમાં સમગ્ર જીવનનું ભાથું એકત્રિત કરી એકાંકી જીવન જીવતી વ્યક્તિ જીવનને સમગ્રમય અને પૂર્ણ કરવા પ્રભુતામાં પગલા માંડે ત્યારથી આ આશ્રમના મંડાણ મંડાય છે.

એક અર્થમાં આ આશ્રમનું સ્થાન અતિ મહત્ત્વનું છે. કારણ કે બીજા ત્રણે આશ્રમની વ્યવસ્થા અને વિકાસ આ આશ્રમ પર આધારિત છે. ગુરુને ઘરે વિદ્યાભ્યાસ માટે બ્રહ્મચારી જાય એ પહેલાંનું બાળજીવન આ આશ્રમમાં જ ઘડાય છે. વળી વાનપ્રસ્થી વ્યક્તિઓની સંભાળનું કાર્ય પર ગૃહસ્થાશ્રમીએ જ કરવાનું હોય છે, અને સંન્યાસીઓના નિભાવ માટે પણ ગૃહસ્થાશ્રમીઓએ જ પ્રયાસ કરવાનો રહે છે. આ રીતે ગૃહસ્થધર્મ 'સ્વ' કરતા 'પર' માટે સવિશેષ છે. પિતૃ પ્રત્યેનું, વડીલો પ્રત્યેનું, ગુરુ પ્રત્યેનું, અન્ય સમાજ-બંધુઓ પ્રત્યેનું તેમ જ સર્વ જીવો પ્રત્યેનું ઋણ ગૃહસ્થીએ અદા કરવાનું હોય છે. આથી જ ગૃહસ્થીજીવન વ્યતિત કરવાના વિશિષ્ટ આદેશો અપાયા છે. આ આશ્રમના મહત્ત્વના સદ્‌ગુણો છે— દાન, શ્રમ, કરકસર, સંયમ, ધર્માભિમુખ વૃત્તિ, સમાજસેવા વગેરે.

ગ. વાનપ્રસ્થાશ્રમ : ગૃહસ્થાશ્રમી તરીકે ખૂબ પ્રવૃત્તિમય જીવન વ્યતિત કર્યા પછી દેહપ્રવૃત્તિમાંથી મનઃપ્રવૃત્તિ તરફનો માર્ગ તે ગૃહસ્થાશ્રમથી વાનપ્રસ્થનો

માર્ગ, દુન્યવી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈ આત્મધ્યાન અને પ્રભુસ્મરણમાં મન પરોવી, જનહિતાર્થે જીવવાનો પ્રયાસ, તે વાનપ્રસ્થાશ્રમ. બ્રહ્મચર્યાશ્રમમાં શીખેલા ધર્માનુભવોના પાઠો પ્રત્યક્ષ કરવાનો અવસર અહીં પ્રાપ્ત થાય છે. ગૃહસ્થાશ્રમના નૈતિકજીવનની કેડીની ઉપલી ધાર્મિકજીવનની કેડીનું જીવન અહીંયાં જીવાય છે. આ આશ્રમના અગત્યનાં કાર્યો છે—યજ્ઞ કરવો, વેદાભ્યાસ, પવિત્રતા અને સમાનતાભર્યું જીવન, અપરિગ્રહ તથા સર્વ પ્રાણીઓ માટે પ્રેમ અને દયા.

ઘ. સંન્યાસાશ્રમ : માનવજીવનનું ઉચ્ચતર સ્તર તે સંન્યાસાશ્રમ. આ તબક્કે જીવાત્મા હકીકતમાં દુન્યવી સર્વસ્વનો ત્યાગ કરે છે, યજ્ઞયાગાદિ વિધિનો પણ ત્યાગ કરે છે, અને આત્મા–પરમાત્માના સંબંધ ઉપર મનન કરતો રહી પ્રભુપ્રાપ્તિના પ્રયાસમાં પ્રયત્નશીલ રહે છે. દુન્યવી બંધનોમાંથી મુક્તિ મેળવી, મનની એકાગ્રતા અને સામ્યાવસ્થા મેળવી એ ઈશ્વરપ્રાપ્તિના માર્ગે આગળ વધવામાં પોતાના અંતર્યામી સાથે એકરૂપ થઈ એકાંકીજીવન વ્યક્ત કરવાનું પસંદ કરે છે.

જીવનની વ્યવસ્થાના પ્રકાર તરીકે આશ્રમ વ્યવસ્થા વિશે એ નોંધવું જોઈએ કે એકેય આશ્રમ બીજાથી સંપૂર્ણપણે સ્વતંત્ર અને અલાયદો (Exclusive) નથી.

માનવજીવનકાળના આવા વિભાગો પશ્ચિમની વિચારધારામાં પણ પ્રાપ્ત છે. એ અંગેનો ખ્યાલ આ સાથે આપેલા કોઠા[૧૨] પરથી આવશે.


ચ. પુરુષાર્થ :

મનુષ્યજીવનનું લક્ષ્ય શું ? જીવનમાં શું પ્રાપ્ત કરવાની માનવીની જિજ્ઞાસા રહે છે ? હિંદુધર્મ અનુસાર આવા ચાર લક્ષ્યાંકો સ્વીકારવામાં આવ્યા છે અને એને પુરુષાર્થ તરીકે ઓળખવામાં આવ્યા છે. આ ચાર પુરુષાર્થ છેઃ કામ, અર્થ, ધર્મ અને મોક્ષ.

ક. કામ : કામ એટલે ઇચ્છા. જીવનના પ્રત્યેક તબક્કે કોઈને કોઈ કામના અથવા ઇચ્છા મનુષ્યને કાર્યવંત કરી, એના જીવનને ગતિ આપે છે. નિષ્કામ કર્તવ્ય આદર્શ હોવાં છતાં વ્યવહારમાં સકામ કર્તવ્ય થતું રહે છે. વિકસિત કક્ષાએ જ નિષ્કામ કર્મ સંભવિત છે.

---

૧૨. લાઈફ્સોંગ એન્ડ્યુકેશન, ધી કમ્યુનીટી લાઈફ; ૧૯૭૧, પા. ૧૪૨ (જુઓ પાન ૯૦).



STAGES OF THE LIFE SPAN SUGGESTED BY VARIOUS ANALYSTS

અ. અર્થ : અર્થ એટલે લક્ષ્મી, પૈસો, દ્રવ્ય. દ્રવ્ય-પ્રાપ્તિનો મનુષ્યનો પ્રયાસ રહે છે. કારણ કે તે સાધન દ્વારા મનુષ્યને અન્ય વિવિધ પ્રાપ્તિઓ મળી શકે છે. દ્રવ્ય માત્ર વ્યવહારનું સાધન રહ્યું ત્યાં સુધી તો પુરુષાર્થ વાજબી રહ્યો, પરંતુ દ્રવ્યનો ઉપયોગ એક કરતાં વધુ રીતે થવા માંડ્યો[૧૩] તેમ તેમ અર્થ સાધન મટી સાધ્ય બનવા માંડ્યું. આમ દ્રવ્યનો પરિગ્રહ પણ એના એક કર્તવ્ય તરીકે સ્વીકારાયો ત્યારે અર્થ સાધનને બદલે સાધ્ય તરીકે સવિશેષ જોવાવા માંડ્યો.

ગ. ધર્મ : ધર્મ એટલે જે ધારણ કરે તે, અને એથી જે કંઈક, અથવા જેના વડે સમાજનું ધારણ થાય છે એનો સ્વીકાર કરી એનું પાલન કરવું તે પુરુષાર્થને ધર્મ તરીકે ઓળખાવાયો. આ પુરુષાર્થ અનુસાર શાસ્ત્રાજ્ઞાનું પાલન, તેમ જ શાસ્ત્રોમાં અપાયેલા આદેશો અને નિયમોનું પાલન કરવું તે ધર્મના પુરુષાર્થ તરીકે સ્વીકારાયું.

કદાચિત્ આથી જ ધર્મના બાહ્ય સ્વરૂપને વધુ મહત્ત્વ મળ્યું અને ધર્મ આંતરિક ચેતનાની સજાગતાનો વિષય ન રહેતા બાહ્યાચારનો વિષય રહ્યો.

પરંતુ પુરુષાર્થના અર્થમાં ધર્મનો વિચાર કરીએ ત્યારે એ બહુ સ્પષ્ટપણે સમજવું જોઈએ કે ધર્મ એટલે સમાજમાં પોતાના સ્થાન અનુસારનું કર્તવ્ય-પાલન. આ અર્થમાં ધર્મનો પુરુષાર્થ કેટલો મહત્ત્વનો બની રહે છે એનો ખ્યાલ આવશે.

ઘ. મોક્ષ : મોક્ષ એટલે મુક્તિ. આપણે આગળ જોયું કે હિંદુધર્મનું ધ્યેય જીવાત્માની મુક્તિ-પ્રાપ્તિનું છે. જીવાત્માને અનેક પ્રકારના બંધન છે. આમાં મુખ્યત્વે અજ્ઞાન, પાપ, દુઃખ તેમ જ પોતાના શરીરનું બંધન છે. આ બધાં બંધનોમાંથી મુક્ત થવું તે મોક્ષ. મોક્ષના પાંચ ભેદ સ્વીકારાયા છે.

એક, સાલોક્ય : પરમાત્માલોકને પામવું.

બે, સારુપ્ય : પરમાત્મા જેવા રૂપના થવું.

ત્રણ, સામ્પ્ટર્ય : એની સમાન શક્તિવાળા થવું.

ચાર, સાયુજ્ય : એની સાથે મળી જવું.

પાંચ, કૈવલ્ય : જીવ–બ્રહ્મ તાદાત્મ્ય પામવું.

આમ, સર્વ પુરુષાર્થોમાં મોક્ષ સર્વથી શ્રેષ્ઠ છે.

---

13. Money is a matter of function four,
a medium, a measure, a standard, a store.

કેટલીક વેળા ધર્મ અને મોક્ષ સમાન ગણી ત્રણ જ પુરુષાર્થો ગણવામાં આવે છે, અને એને ચાર પુરુષાર્થને બદલે 'ત્રિવર્ગ' તરીકે ઓળખાવવામાં આવે છે. આ ત્રિવર્ગના સ્વીકારની પાછળ એ કારણ હોઈ શકે કે માનવસમાજનો બહુ મોટો વર્ગ ગૃહસ્થાશ્રમી હોય છે, અને એ તબક્કે મોક્ષપ્રાપ્તિ માટેનો પુરુષાર્થ સંભવિત નથી.

ગ. સાધન ચતુષ્ટય :

જીવાત્મા બંધનમાંથી મુક્તિ ખરી રીતે તો જ્ઞાન દ્વારા જ પ્રાપ્ત કરી શકે. ચિત્તશુદ્ધિ કરવા માટે કર્મયોગ અને ભક્તિયોગ અનુકૂળ છે. પરંતુ અજ્ઞાનમયી અંધકાર તો જ્ઞાનથી જ દૂર કરી શકાય. આથી જીવ-બ્રહ્મલીનતા પ્રાપ્ત કરવાનું, કર્મ કે ભક્તિ અંતિમ સાધન થઈ શકે નહિ. જ્ઞાન એ એવું સાધન છે, પરંતુ આપણે એ બહુ સ્પષ્ટપણે નોંધવું જોઈએ કે અહીંયાં જ્ઞાન એટલે કે બુદ્ધિથી મેળવાયેલ કંઈક એમ નહિ, પરંતુ જેમાં અનુભવનો પણ સમાવેશ થાય છે તે. ખરી રીતે તો ઈશ્વરપ્રાપ્તિ માત્ર જ્ઞાનનો નહિ, પરંતુ અનુભવનો વિષય છે.

બ્રહ્મના જ્ઞાનની પ્રાપ્તિ માટે શંકરાચાર્યે બ્રહ્મજ્ઞાનના અધિકાર માટે ચાર સાધનોનો ઉલ્લેખ કર્યો છે.

ક. વિવેક : નિત્ય અને અનિત્યનો વિવેક એ બ્રહ્મજ્ઞાનપ્રાપ્તિનું પ્રથમ સોપાન છે. બ્રહ્મ અને એના નિજ-સ્વરૂપનો આત્મા એ નિત્ય પદાર્થ છે, અને જે ક્ષણભંગુર છે, અને એથી જે અનિત્ય છે એનો ભેદ સમજ્યા વિના બ્રહ્મજ્ઞાનની ઝાંખી શી રીતે થઈ શકે ?

ખ. વૈરાગ્ય : આસક્તિનો અભાવ એ વૈરાગ્ય. સૃષ્ટિની વસ્તુઓ કે વ્યક્તિઓ માટે અનાસક્તિભરી વૃત્તિ એ જ વૈરાગ્યવૃત્તિ. જ્યાં સુધી કામના હોય ત્યાં સુધી વૈરાગ્ય સંભવી શકતો નથી.

ગ. સાધનસંપત : બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે છ સાધનોની પ્રાપ્તિ જરૂરી મનાય છે. સાધનસંપતમાં આ છ સાધનોનો સમાવેશ કરવામાં આવે છે : શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન.

ઘ. મુમુક્ષુત્વ : કામનાનો ત્યાગ કરવા છતાં મોક્ષપ્રાપ્તિની ઇચ્છા વિના બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાતું નથી.

ઘ. વર્ણવ્યવસ્થા :

હિંદુધર્મે આપેલ વર્ણવ્યવસ્થા હિંદુધર્મનું વિશિષ્ટ પ્રદાન છે. જીવનના ચાર મહત્ત્વનાં મૂલ્યોને સિદ્ધ કરવાને માટે માનવીએ જે નૈતિક આચારસંહિતાનું પાલન કરવાનું છે તે આ વ્યવહારમાં સુગમ બને એમ છે.

સમગ્ર હિંદુસમાજને ચાર વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે. આ વર્ગોનો સ્વીકાર શરૂઆતના તબક્કે જે તે વર્ગના ગુણ, ફરજ પર આધારિત હતો. પરંતુ, કાળાનુક્રમે આ વર્ગો જડ પ્રકારના વર્ગો તરીકે સ્થાપિત થઈ, વર્ણો તરીકે સ્વીકારવામાં આવ્યા અને વંશપરંપરાગત વર્ણ, પેઢી-દરપેઢી સમાન રીતે ચાલતી આવી. સમય જતાં આ વર્ણો જ્ઞાતિઓમાં, પેટાજ્ઞાતિઓમાં અને વર્ણસંકર કે જ્ઞાતિસંકર જૂથોમાં પરિણમવા માંડી. વર્ણવ્યવસ્થા કે વર્ણસંસ્થાના ઇતિહાસમાં આપણે નહિ ઊતરીએ. આપણે માત્ર એટલું જ નોંધીએ કે કોઈ પણ જનસમાજમાં બધી જ વ્યક્તિઓ એકમય હોતી નથી અને એથી જ કોઈને કોઈ પ્રકારે વ્યક્તિઓના સમૂહમાં સમાજનું વર્ગીકરણ થતું જ રહેશે એમ લાગે છે. જ્યાં સુધી વ્યક્તિ-ભિન્નતા છે ત્યાં સુધી સમાજવ્યવસ્થા અને સમાજ-જૂથ સ્વીકાર અનિવાર્ય છે. પ્લેટોથી માંડી કાર્લ માર્ક્સ[૧૪] સુધીના વિચારકોએ આ વાત સ્વીકારી છે.

હિંદુધર્મ ચાર વર્ણ સ્વીકારે છે :

ક. બ્રાહ્મણ

ખ. ક્ષત્રિય

ગ. વૈશ્ય

ઘ. શૂદ્ર

ક. બ્રાહ્મણ : સમાજનો આ વર્ગ અધ્યયન અને અધ્યાપનના કાર્યમાં વ્યસ્ત રહે છે. ધર્મશાસ્ત્રોનો અભ્યાસ, તેનું જ્ઞાન જનસમુદાયને આપવું અને શાસ્ત્રોક્ત રીતના વ્યવહારની સમાજને સૂઝ આપવી એ એમનું મુખ્ય કર્તવ્ય રહે છે. આમ તેઓ સમાજ-શિક્ષકો છે અને સમાજના આધ્યાત્મિક નેતા છે.

બ્રાહ્મણના સાહજિક ગુણો છે—આત્મસંયમ, પવિત્રતા, ક્ષમા, સાદાઈ, સ્નેહ, ડહાપણ, ઈશ્વર અને ધર્મગ્રંથમાં શ્રદ્ધા તથા સત્ય (Truth) અને સત્તાનું (Reality) તાત્ત્વિક જ્ઞાન.

ખ. ક્ષત્રિય : સમાજના રક્ષણની જવાબદારી જે વર્ગને શિરે છે તે વર્ગ ક્ષત્રિય વર્ગ. આંતરિક સ્પર્ધા કે બાહ્ય આક્રમણની સામે આ વર્ગ સમાજની અખંડિતતા અને સાર્વભૌમત્વ જાળવે છે. આથી સમાજની રાજકીય નેતાગીરી આ વર્ગ પાસે રહે છે.

---

૧૪. માર્ક્સ વર્ગવિહીન સમાજની વાત કરે છે, વર્ણવિહીન સમાજની નહિ.

આ વર્ગના સહજ ગુણો છે—શૌર્ય, તાકાત, નિશ્ચિંતતા, અડગતા, કુનેહ, દયા, અને કુશળ વ્યવસ્થા.

ગ. વૈશ્ય : સમાજના અરસપરસના વ્યવહાર માટેનો સેતુ આ વર્ગ પૂરો પાડે છે. આ વર્ગ વેપાર–વાણિજ્ય દ્વારા લક્ષ્મી પ્રાપ્ત કરી રાજ્યને તથા જે વ્યક્તિની સેવા એ સ્વીકારે છે, તેમ જ જેની પાસેથી એ મૂળ વસ્તુ પ્રાપ્ત કરે છે તેને એની વહેંચણી કરે છે.

આ વર્ગના મહત્ત્વના ગુણ છે—ખેતી, પશુપાલન, વ્યાપાર, વાણિજ્ય, વેદાભ્યાસ, વેદવ્યવહાર, દયા અને દાન.

અહીં એ જોઈ શકાશે કે અર્થોપાર્જનને હિંદુધર્મમાં કદીયે સ્વતંત્ર વ્યાપાર તરીકે સ્વીકારવામાં આવ્યો નથી. અર્થ એ સાધન છે – સાધ્ય નહીં અને એથી જ વૈશ્યે વેદાભ્યાસ કરવાની અને વેદવ્યવહાર આચરવાની જરૂરત રહે છે. વ્યાપાર પણ ધર્મથી અભિમુખ હોવો જોઈએ નહિ. ગાંધીજીના દ્રવ્ય અને ધર્મ સંબંધના વિચારો આ આધાર પર જ રચાયેલા છે. એમના મતે પણ વ્યાપાર-વ્યવહાર ધર્માચરણથી વિભિન્ન હોઈ શકે નહિ.

ઘ. શૂદ્ર : સમાજનો આ વર્ગ સેવાને વરેલો વર્ગ છે. સમાજના ઇતર વર્ગોની સેવાનું કાર્ય એમનું છે.

એક અર્થમાં પ્રત્યેક વ્યક્તિ શુદ્ર વર્ગની છે. કારણકે કોઈને કોઈ પ્રકારે એ સેવા કરતી જ હોય છે.

શુદ્ર એટલે હલકા પ્રકારની કામગીરી કરનાર વ્યક્તિ એ માન્યતા ભૂલભરેલી હોવા છતાં ઘણાના મનમાં દૃઢ થયેલી જોવા મળે છે. આધુનિક સમયમાં આ ખોટી માન્યતા ભૂંસાતી જતી હોય એમ લાગે છે.

આ વર્ણના સદ્‌ગુણ છે—પરિશ્રમ, સચ્ચાઈ, આદર, હુકમ પાલન, અનુશાસન, નિયમિતતા, ખંત વગેરે.

ચ. સંસ્કાર :

માનવમાં રહેલ પદાર્થ અને પશુજીવનની પ્રક્રિયાઓને સુધારી માનવ-સહજ બૌદ્ધિક, નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક જીવન જીવવા માટેની તૈયારીરૂપે હિંદુધર્મમાં કેટલીક ક્રિયાઓ અસ્તિત્વ ધરાવે છે અને એને સંસ્કાર તરીકે ઓળખાવાય છે. સંસ્કારની શરૂઆત બાળકના ગર્ભાધાનથી શરૂ થઈ તેના મૃત્યુ સુધી તે ચાલે છે. હિંદુધર્મની સંસ્કારભાવના જીવાત્માને સતત બ્રહ્મપ્રાપ્તિના ધ્યેય તરફ લઈ જવાના પ્રયાસરૂપ છે.

સામાન્યપણે આવા કેટલાક સંસ્કારો સ્વીકારાયા છે. એની સંખ્યા વિશે એકમત નથી. કેટલાક બાર સંસ્કારની, કેટલાક સોળ સંસ્કારની અને કેટલાક ચાલીસ સંસ્કારની સંખ્યા દર્શાવે છે.

કેટલાક મહત્ત્વના સંસ્કારો નીચે મુજબ છે :

૧. ગર્ભાધાન : ગર્ભાધાન થતા માતાના સંસ્કાર.

૨. પુસંવન : ગર્ભાવસ્થામાં માતાના સંસ્કાર.

૩. સીમંતોન્નયન : આ સંસ્કાર પણ માતાની ગર્ભાવસ્થામાં કરવામાં આવે છે. માતાના પ્રથમ વેળાના ગર્ભાધાન વખતે જ આ સંસ્કાર કરવામાં આવે છે.

૪. જાતકર્મ : બાળકના જન્મ સમયે બાળકને કરવામાં આવતો સંસ્કાર.

૫. નામકરણ : બાળકના જન્મના દશમા દિવસે બાળકનું નામ પાડવાનો સંસ્કાર.

૬. નિષ્ક્રમણ : બાળકને ચોથે મહિને ઘરની બહાર કાઢી સૂર્યદર્શન કરાવવાનો સંસ્કાર તે નિષ્ક્રમણ.

૭. અન્નપ્રાસન : બાળકને છઠ્ઠે મહિને મધ, ઘી, ભાત વગેરે એકઠા કરી ખવડાવવાનો સંસ્કાર.

૮. ચૌડ : ત્રીજે વર્ષે બાળકના વાળ ઉતરાવવાનો સંસ્કાર.

૯. ઉપનયન : બાળકને યજ્ઞોપવિત આપવું અને બાળકને ગુરુને ઘેર ભણવા મોકલવાનો સંસ્કાર.

ઉપનયન એટલે ઉપ+ની, ગુરુ પાસે જવું એમ થાય છે. ગુરુ પાસેથી મનુષ્ય જ્ઞાન મેળવે છે અને ચારિત્ર્યઘડતરનું ભાથું પણ મેળવે છે. આમ થતાં મનુષ્યનું પશુસ્વરૂપ પલટાય છે અને એ નવું જીવન ધારણ કરે છે. ઉપનયન સંસ્કારને એથી કેટલીક વેળા દ્વિજત્વના સંસ્કાર તરીકે પણ ઓળખાવવામાં આવે છે. બાળક પહેલી વાર માતાને પેટે, પરંતુ બીજી વાર ગુરુ પાસેથી સંસ્કાર મેળવી દૈવત્વ ભરેલો મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરે છે. આમ, ઉપનયન સંસ્કાર એક મહત્ત્વનો સંસ્કાર છે.

ઉપનયન સંસ્કાર વિશે એ નોંધવું ઠીક રહેશે કે એક સમયે કન્યાને પણ ઉપનયન આપવામાં આવતું હતું. તેમને પણ વેદ અને ગાયત્રીનો ઉપદેશ આપવામાં આવતો. કુમાર જેટલી કડકતા કે ભિક્ષા માંગવી કે ગુરુને ઘેર નિવાસ કરવો વગેરે કન્યા માટે ન હતા.

૧૦. ગોદાન : સોળમે વર્ષે (દાઢી–મુચ્છા સહિત) સર્વ વાળ લેવડાવવાનો સંસ્કાર.
૧૧. સમાવર્તન : વિદ્યા ભણીને બ્રહ્મચારી સ્વગૃહે પાછો આવે તે વેળાનો સંસ્કાર.
૧૨. વિવાહ : સ્વગૃહે પાછા ફર્યા પછી ગૃહસ્થાશ્રમની તૈયારીરૂપે અગ્નિપરિગ્રહ એટલે કે અગ્નિની સાક્ષીએ પતિ–પત્ની તરીકે જોડાઈને પવિત્ર જીવન જીવવાનો સ્વીકાર કરવો તે સંસ્કાર.

૧૩. અંત્યેષ્ટી : માનવદેહના મૃત્યુ સમયે કરવામાં આવતા સંસ્કારને અંત્યેષ્ટી સંસ્કાર તરીકે ઓળખાવાય છે. પરંતુ મહત્ત્વનું એ છે કે આને પણ એક સંસ્કાર તરીકે સ્વીકારી વ્યક્તિને માટે મૃત્યુનો ભય દૂર કરવામાં આવ્યો છે. એટલું જ નહિ પરંતુ આ સંસ્કારથી એ પણ સિદ્ધ થાય છે કે માનવીનું જીવન, જન્મ અને મૃત્યુની ઘટમાળ વચ્ચેના પ્રસંગોમાં જ સમાપ્ત થતું નથી પરંતુ એનું મૃત્યુ એક નવા જીવન પ્રતિ પ્રયાણ કરે છે.

છ. તહેવાર-તીર્થયાત્રા :

કોઈપણ ધર્મમાં ધાર્મિક તહેવારોનું સ્થાન અગત્યનું છે. તે તહેવારોને પરિણામે ધર્મમાં એક પ્રકારનું ચેતન જળવાઈ રહે છે. પ્રત્યેક ધર્મમાં આવા અનેક તહેવારોનો સમાવેશ થયેલો જ હોય છે. નવરાત્રીનો તહેવાર, હોળીનો તહેવાર, દિવાળીનો તહેવાર વગેરે અનેક તહેવારો હિંદુધર્મમાં પણ સમાવિષ્ટ થયેલા છે. કોઈક ધાર્મિક પુરુષનો જન્મદિન કે મૃત્યુતિથિ પણ તહેવારનું સ્થાન પામે છે. એ જ પ્રમાણે પ્રભુજ્ઞાનની ઝાંખી કે પ્રભુદર્શનનો પ્રસંગ પણ તહેવારમાં સ્થાન પામે છે.

તહેવારોની ઉજવણી વિવિધ પ્રકારે થાય છે. કેટલાક તહેવારો માત્ર આનંદના જ પ્રસંગો બની રહે છે, જ્યારે બીજા કેટલાક તહેવારો વ્રતપાલન અને આધ્યાત્મિક તૈયારી માટેના હોય એવું બને છે.

પ્રત્યેક ધર્મમાં પ્રાપ્ત થતા તહેવારોનું ઉત્પત્તિસ્થાન, તેના પ્રકારો, એની ઉજવણીની રીતો, અને એ સાથે સંકળાયેલ કથાનકો તથા ધાર્મિક પ્રગતિમાં જે તે તહેવારોનો ફાળો અને ધાર્મિક ચેતનની જાગૃતિમાં એનો હિસ્સો એ બાબતો મહત્ત્વની છે. પરંતુ આપણી મર્યાદા બહાર છે. તહેવાર સમાજજીવનનું એક મહત્ત્વનું અંગ બન્યો છે અને આજે તો માત્ર ધાર્મિક પર્વોની ઉજવણી થાય છે એમ જ નહિ પરંતુ અનેક રાષ્ટ્રીય પર્વો પણ ઉત્સવ તરીકે સ્વીકારાયા છે, અને એમની ઉજવણી પણ થાય છે. પર્વના આવા સ્વીકારમાં તથા એના વિસ્તરીકરણમાં એમાં રહેલું મહાત્મય છતું થાય છે.

જેમ તહેવાર વિશે કહ્યું તેમ તીર્થયાત્રા માટે પણ કહી શકાય. પ્રત્યેક ધર્મમાં એવા કેટલાંક સ્થાનો સ્વીકારવામાં આવ્યાં છે જેને તીર્થનું બિરુદ આપવામાં આવે છે અને એ સ્થાનની યાત્રાને ધાર્મિક કાર્ય તરીકે લેખવામાં આવે છે. તીર્થયાત્રાનાં આવાં સ્થાનો મૂળે તો ધાર્મિક પ્રેરણા આપનારાં હોય છે. એ સ્થાનમાં પ્રવર્તતી શાંતિ અને ત્યાંનું પવિત્ર વાતાવરણ માનવીની આધ્યાત્મિક ચેતનાને બહાર લાવવામાં સહાયભૂત બને છે. પ્રત્યેક તીર્થસ્થાન પાછળ કંઈક ઇતિહાસ રહેલો હોય છે અને સામાન્ય રીતે એ સ્થાનમાં પ્રભુ-પ્રાકટ્યનો કે પયગંબરના વાસનો કે સંત-મહાત્માના સ્થાનકનો ભાવ હોય છે.

કાળાનુક્રમે તીર્થસ્થાનોના વાતાવરણમાં અને ત્યાં પ્રવર્તતી પવિત્રતામાં પલટો થયો હોય એ અશક્ય નથી.

જ. મંદિર અને પૂજારી વર્ગ :

ધર્મના એક સંગઠક બળ તરીકે મંદિરનું સ્થાન મહત્ત્વનું છે. સામાન્ય રીતે વ્યક્તિગત પ્રાર્થના પ્રત્યેક માનવી પોતાના સ્થાનમાં જ કરી લે પરંતુ સમૂહગત પ્રાર્થના માટેનું કોઈ સ્થાન હોય તો તે મંદિર છે. શાંતિની ખોજમાં ફરતા માનવીને મંદિર એ મેળવી આપે છે. ચિત્તની એકાગ્રતા માટે જે વાતાવરણની જરૂરિયાત છે એ પણ મંદિરમાં પ્રાપ્ત થાય છે. પ્રત્યેક મંદિરમાં કોઈ ને કોઈ ઇષ્ટદેવનું સ્થાપન થયેલું હોય છે તે, તથા મંદિર સાથે સંકળાયેલ અનેક પ્રસંગો અને ઇતિહાસ માનવીને પ્રેરણારૂપ બને છે.

ધાર્મિક બોધ માટેનું સ્થાન પણ મંદિર પૂરું પાડે છે. ધર્મને જીવંત રાખવામાં મંદિરનો ફાળો કેટલો છે એ આમ તો માત્ર કલ્પનાનો વિષય છે કારણ કે એ વિશેનું કોઈ શાસ્ત્રીય સંશોધન થયેલું જાણ્યું નથી. પરંતુ, એક નાનામાં નાના ગામમાં પણ પ્રભુમંદિરનું અસ્તિત્વ શું એ વાતની સાક્ષીરૂપ નથી કે માનવજીવનમાં ધર્મભાવના ઓતપ્રોત થયેલી છે? જે ગામમાં પ્રાથમિક શાળા કે દવાખાનું ન હોય તેમાં પણ દેવમંદિરનું અસ્તિત્વ જોવા મળશે. આનો અર્થ એમ નથી કે વ્યક્તિને શિક્ષણની કે સ્વાસ્થ્યની ભૂખ નથી. આનો અર્થ માત્ર એટલો જ થાય કે માનવી પોતાની ધાર્મિક અભિલાષા સંતોષવા માટે વધુ સજાગ અને સક્રિય છે. આ ભાવના ન સમજનાર એવી દલીલ કેટલીક વેળા કરે છે કે મંદિર બાંધવામાં થતો ખર્ચ, વપરાતો સમય અને શક્તિ માત્ર વેડફાય છે. આ

વિચારમાં કેટલું તથ્ય છે એની તપાસ તો ધાર્મિકભાવના કેટલી દૃઢ થયેલી છે તેની જાણકારી પછી જ આપી શકાય.

પરંતુ, જેમ તીર્થસ્થાનો માટે નોંધ્યું એમ મંદિર માટે પણ એ કહી શકાય કે મંદિરમાં સ્થાપેલ પ્રભુની પૂજનનું કર્તવ્ય જેમને સોંપવામાં આવ્યું છે એ પૂજારી વર્ગની સંકુચિતતાને લીધે કેટલીક વેળા મંદિર, પ્રેરણાસ્થાન ન રહેતાં માત્ર પૂજારી-સ્થાન બની જાય છે.

૭. હિંદુ ધર્મશાસ્ત્રો :

હિંદુધર્મના ઐતિહાસિક વિકાસની વિચારણા કરતી વખતે આપણે હિંદુ-ધર્મનાં શાસ્ત્રો વિશે સામાન્ય સ્વરૂપની કેટલીક વાતો કરી છે. પરંતુ પ્રત્યેક ધર્મનું શાસ્ત્ર તે ધર્મના પાયા સમાન હોઈ એ અંગેની સામાન્ય રજૂઆત જરૂરી બને છે.

હિંદુધર્મના ઐતિહાસિક સમયની વિસ્તૃત ફલકને હિંદુ ધર્મશાસ્ત્રોનો ખ્યાલ મેળવવા માટે નીચેના ચાર વિભાગોમાં વહેંચી શકાય.

ક. વેદ, શ્રુતિ, ઉપનિષદ	ઈ સ. પૂર્વે ૩૦૦૦ થી લગભગ ઈ. સ પૂ. ૮૦૦
ખ. સ્મૃતિ	ઈ. સ. પૂર્વે ૮૦૦ થી લગભગ ઈ. સ. ૬૦૦ સુધી
ગ. ભાષ્યો	ઈ. સ. ૬૦૦ થી ૧૩૦૦
ઘ. સંતવાણી	ઈ. સ. ૧૨૦૦ થી ૧૮૦૦

સામાન્ય રીતે કોઈપણ ધર્મના શાસ્ત્રમાં મહત્ત્વના એવા મૂળભૂત આદેશો અપાયા હોય છે. આ આદેશો આજ્ઞાના સ્વરૂપના હોય છે. પરંતુ એ ઉપરાંત માનવીના વ્યવહારમાં, નૈતિકજીવનના વિકાસમાં અને આધ્યાત્મિક સમૃદ્ધિની પ્રાપ્તિમાં સહાયક એવાં અનેક બોધવચનોનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો હોય છે. હિંદુધર્મના પ્રત્યેક વર્ગનાં શાસ્ત્રો વિશે થોડી વધુ વિગત મેળવીએ.

ક. વેદ, શ્રુતિ વગેરે : હિંદુધર્મનું મૂળ અથવા પ્રથમ શાસ્ત્ર તરીકે વેદનો સ્વીકાર થાય છે. વેદનો અર્થ થાય છે જ્ઞાન. એમાં જે જ્ઞાન આપવામાં આવ્યું છે એ ધર્મ અંગેનું છે.

બીજી રીતે એમ કહેવાય કે હિંદુસ્તાનના ઈશાન ખૂણામાંથી આર્યો સૌ પ્રથમ હિન્દુસ્તાનમાં આવ્યા અને સિંધુ નદીને કિનારે રહેઠાણ કર્યું—તે સમયથી

માંડીને મિથિલાનગરી એટલે પૂર્વમાં બિહાર સુધી જઈ વસવાટ કર્યો એ સમગ્ર લાંબા ગાળા દરમ્યાન રચાયેલાં પુસ્તકોને વેદ નામ નીચે મૂકવામાં આવે છે.

વેદને કેટલીક વેળા શ્રુતિ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. જે જ્ઞાનની પ્રાપ્તિનો માર્ગ શ્રવણ છે અને જે જ્ઞાન ઋષિ-મુનિઓએ ઈશ્વર પાસેથી સાંભળ્યું છે તે જ્ઞાન જેમાં સમાવિષ્ટ થયું છે તે શ્રુતિ તરીકે ઓળખાય છે.

ચાર પ્રકારના વેદોમાં મુખ્યત્વે કરીને પરમાત્માને કરવાની પ્રાર્થના અને યજ્ઞ અંગેના વિચાર રજૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પરમતત્ત્વના સ્વરૂપ વિષેનો વિચાર પણ રજૂ કરવામાં આવેલ છે અને એ બધાની રજૂઆત કરતાં પુસ્તકોને સંહિતા, બ્રાહ્મણ અને ઉપનિષદ તરીકે ઓળખાવાય છે.

ખ. સ્મૃતિ : ઋષિ-મુનિઓએ પરમાત્મા પાસેથી સાંભળેલ જ્ઞાન પોતાની સ્મૃતિમાંથી અન્ય ઋષિઓએ જ્યારે શબ્દબદ્ધ કર્યું અને નવા ગ્રંથો લખ્યા એને સ્મૃતિ કહેવાય છે.

સ્મરણમાંથી રજૂ થયેલ હોઈને સ્મૃતિ તરીકે ઓળખાવાય છે. શ્રુતિની જેમ સ્મૃતિમાં પણ પરમતત્ત્વ અંગેના વિચારો તો રજૂ થયેલા જ છે. પરંતુ તે ઉપરાંત આ સ્મૃતિગ્રંથોમાં રીતરિવાજો વિશે તથા તેના પ્રકાર, નિયમો અને આચરણ વિશે પણ ઘણી બાબતો રજૂ થઈ છે. આવી રીતે તૈયાર થયેલ સ્મૃતિગ્રંથો ઉપરથી મનુ, યાજ્ઞવલ્ક્ય, ભૃગુ વગેરે ઋષિઓએ મોટા ગ્રંથો તૈયાર કર્યા છે. કેટલાક વિચારકો રામાયણ અને મહાભારત જેવા પુરાણોનો પણ સ્મૃતિમાં સમાવેશ કરે છે.

સ્મૃતિકાળ દરમ્યાન આર્યો લગભગ સમસ્ત ભારતવર્ષ પર છવાઈ ગયાં હતા.

ગ. ભાષ્યો : વિવિધ ધર્મશાસ્ત્રોમાં રજૂ થયેલ વિચારોમાંથી તારતમ્ય શોધી એમાંથી કંઈક નિષ્કર્ષ મેળવી જે રજૂઆત કરવામાં આવી એને 'ભાષ્યો' કહેવાયા. ભાષ્યકારોમાં મુખ્યત્વે કરીને શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, માધવાચાર્ય અને વલ્લભાચાર્યનો સમાવેશ થાય છે.

ઘ. સંતવાણી : શાસ્ત્રો મુખ્યત્વે સંસ્કૃત ભાષામાં રચાયાં પરંતુ ધર્મનું હાર્દ તો જે તે પ્રાદેશિક ભાષામાં જ વધુ સારી રીતે રજૂ થઈ શકે.

આ કાર્ય ભારતદેશના સાધુ-સંતોએ કર્યું છે. એમણે ઈશ્વરના સ્વરૂપ વિશે તેમ જ એને પ્રાપ્ત કરવાના માર્ગો વિશે તથા ધર્મના સ્વરૂપ અંગે અને વ્યક્તિએ આચરવાના નિયમો વિશેની ધર્મશાસ્ત્રોમાં કરાયેલી રજૂઆતને લોકભોગ્ય વાણીમાં કાવ્યસ્વરૂપે રજૂ કરી છે. આ કાવ્યો ભજનો તરીકે ગવાયાં છે અને એ રીતે

સંતવાણી હિંદુ ધર્મશાસ્ત્રનો નિચોડ આપવા પ્રયાસ કરે છે. આ સંતવાણીને પણ કેટલાક વિચારકો ધર્મશાસ્ત્ર તરીકે સ્વીકારે છે. ગમે તેમ તોયે સંતમતના અનુયાયીઓને મન એમનાં લખાણો શાસ્ત્ર કરતાં ઓછાં નથી અને એમને તેઓ એ જ માનથી જુએ છે. કેટલાક સંતોને નામે પંથો પણ શરૂ થયા છે, જેમાં મુખ્યત્વે રામાનંદ, કબીર, નાનક વગેરેનો સમાવેશ થઈ શકે.

૮. હિંદુ નીતિશાસ્ત્ર :

ધર્મ જો વ્યક્તિ અને ઈશ્વરના સંબંધની ચર્ચા કરી માનવ માટે ઈશ્વર-પ્રાપ્તિનો માર્ગ રજૂ કરે છે, તો નીતિશાસ્ત્ર માનવ-માનવ વચ્ચેના સંબંધનો માર્ગ રજૂ કરે છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે માનવીની નૈતિકતા એ ધાર્મિકતાની પ્રાપ્તિની પૂર્વતૈયારીરૂપ છે. જે માનવી પોતાની સાથેના સંબંધમાં કે અન્ય વ્યક્તિઓ સાથેના સંબંધમાં સરળ નથી, એ વ્યક્તિ ઈશ્વર સાથેનો સંબંધ સરળતાથી શી રીતે સ્થાપી શકે ?

આથી જ હિંદુધર્મમાં નૈતિકતા ઉપર ઘણો જ ભાર મૂકવામાં આવ્યો છે. મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ, કામાંદકીય નીતિ વગેરે આ કથનના સમર્થનમાં ટાંકી શકાય. રામાયણ તથા મહાભારત જેવાં પુરાણો પણ નૈતિકતા અને અનૈતિકતાના ઘર્ષણને રજૂ કરી નૈતિક મૂલ્યોના જતનની અને વિજયની વાત કરે છે.

આમ છતાં, વેદાંતના સ્વરૂપને અનુલક્ષીને કેટલીક વખત એવો પ્રશ્ન ઉઠાવવામાં આવે છે કે જે વ્યક્તિ બ્રહ્મને જાણે છે એણે પછી શું નૈતિકતાનું પાલન કરવાનું રહે છે ? શંકરાચાર્યના મતથી આ બાબતમાં રામાનુજાચાર્યનો મત થોડો અલગ હોવાને કારણે આ પ્રશ્ન સવિશેષ ઉપસ્થિત થાય છે. રામાનુજાચાર્ય પ્રમાણે જ્ઞાન અને કર્મ એકસાથે જોડવા આવશ્યક છે. માત્ર શુદ્ધ હૃદય કે માત્ર જ્ઞાન પૂરતા નથી. શંકરાચાર્ય અનુસાર પણ ચિત્તની શુદ્ધિ કર્મ વિના સંભવતી નથી અને ચિત્તશુદ્ધિ વિના જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. છતાં શંકરાચાર્ય એવી શક્યતા સ્વીકારે છે કે કોઈ વ્યક્તિ પોતાના પૂર્વજન્મના બળે જન્મથી જ ચિત્તશુદ્ધિની અવસ્થામય હોય એમને માટે કર્મની જરૂરિયાત રહેતી નથી.

પરંતુ, આનો અર્થ શું એમ ઘટાવી શકાય કે શંકર મતાનુસાર જ્ઞાનપ્રાપ્તિ પછી નીતિના નિયમોનું બંધન રહેતું નથી ? અહીંયાં બંધન શબ્દ મહત્ત્વનો છે.[૧૪] આવા જ્ઞાની પુરુષ કે જેણે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવા પુરુષ માટે ખરેખર કોઈ બંધન રહેતું નથી, એટલું જ નહિ પરંતુ એને માટે નીતિના નિયમો જેવું કંઈ જ રહેતું

૧૪. ધ્રુવ, આ. બા., આપણો ધર્મ, પા. ૩૪૩

નથી. નીતિના નિયમોને, નિયમો તરીકે પાલન કરવાની જરૂરિયાત એને જ રહે છે જે એને સ્વભાવગત બનાવી શકતા નથી. પરંતુ જેમ સહજ રીતે મોગરામાંથી સુવાસ પ્રસરે, ઝરણશીલામાંથી પાણી વહે, તેમ જ્ઞાની પુરુષમાંથી જે કંઈ વહે છે એ નિયમ અનુસાર નહિ અને છતાં નીતિ વિરુદ્ધ પણ નહિ. સામાન્ય માણસ માટે નીતિ એ બંધન છે, કારણ કે એના નિયમો એના પર જણે કે બહારથી લદાયેલા છે. જ્ઞાની પુરુષને અધ્યાત્મજીવન, ધર્મજીવન, નીતિજીવન, વ્યવહારજીવન જેવો કોઈ ભેદ નથી. એ બધું જ એને માટે સમરૂપ બની જાય છે—સહજ બને છે અને એથી એમ કેમ કહી શકાય કે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરનાર જ્ઞાનીને નીતિના નિયમોનું બંધન છે? સૃષ્ટિના સર્વનિયામક સાથે જેણે એકત્વ પ્રાપ્ત કર્યું છે એને માટે બીજા ક્યા નિયમો હોઈ શકે?

આ બાબતની પૂર્તિ માટે સદ્ગાનંદ[૧૫] આ પ્રમાણે જણાવે છે:

બ્રહ્મજ્ઞાનની અવસ્થામાં અમાનિત્વાદી જ્ઞાનસાધનો અને અદ્વેષ્ટૃત્વાદી સદ્ગુણો જ્ઞાનપૂર્વની સ્થિતિમાંથી ઊતરી આવે છે. જેને આત્મજ્ઞાન થયું છે એનામાં અદ્વેષ્ટૃત્વાદી ગુણો પ્રયત્ન વિના સહજ રીતે હોય છે અને, સાધનરૂપ હોતા નથી.

આમ શંકર મતાનુસાર પણ જ્ઞાનપ્રાપ્તિ પૂર્વેનું કર્મ નીતિ આદેશ અનુસારનું કર્મ, જ્ઞાનપ્રાપ્તિ પછીનું કર્મ એ જ્ઞાનમાંથી સહજ રીતે નિષ્પન્ન થતું કર્મ છે. અજ્ઞાનાવસ્થામાં કાર્યનો આદેશ બહારથી મળે છે, જ્ઞાનાવસ્થામાં કાર્યનો આદેશ સ્વયં સ્ફૂરે છે. સોક્રેટિસ સહિતના ગ્રીક તત્ત્વવેત્તાઓ તેમ જ યહુદીઓ અને ખ્રિસ્તીઓ પણ જ્ઞાનને જ નીતિ તરીકે સ્વીકારે છે અને અજ્ઞાનને પાપ તરીકે રજૂ કરે છે. એ હકીકત જેમ્સ સેથે[૧૬] આ રીતે રજૂ કરી છે: જ્ઞાન અને વ્યવહાર વચ્ચેનો અભેદ સંબંધ ગ્રીક તત્ત્વજ્ઞો બહુ સ્પષ્ટ રીતે સમજ્યા હતા. સોક્રેટિસનું કથન 'ગુણ એ જ્ઞાન છે' એ એમને માટે હંમેશા એક માર્ગદર્શક વિચાર રહ્યો છે. હિબ્રૂઓ પણ આ બાબત સમજ્યા હતા, કારણ કે એમણે ડહાપણ અને સારાપણું, મૂર્ખતા અને પાપને સમાનાર્થી તરીકે લેખ્યા છે. આ જ પ્રમાણે ખ્રિસ્તીધર્મના સ્થાપકને પણ આ અભેદ સ્પષ્ટ રીતે સમજાયો છે. કારણ કે તેઓ પોતે એ બોધ આપે છે કે શાશ્વત જીવન પિતા અને પુત્રને જાણવામાં સમાયેલું છે.

જેમ જેમ જીવનનું ધ્યેય અને આદર્શ સાચી રીતે સમજાતો જાય અને એનું

---

૧૫. વેદાંતસાર

૧૬. ઈથિકલ પ્રિન્સિપલ્સ, પા. ૮

જ્ઞાન પ્રાપ્ત થતું જાય તેમ તેમ જીવનમાં વિકાસ થતો રહે છે અને જીવન સાચી રીતે વધુ સમૃદ્ધ બને છે.

૯. સ્વર્ગ અને નર્ક :

સ્વર્ગ અને નર્કનો ખ્યાલ ઘણા ધર્મોમાં પ્રચલિત છે. કેટલાક ધર્મો સ્વર્ગ–નર્કને માનવીનાં કાર્યો અનુસારનું એ અંતિમ સ્થાન છે એમ માને છે.

હિંદુધર્મ પણ સ્વર્ગ અને નર્કના ખ્યાલમાં માને છે. પરંતુ એ સાથે એટલું પણ ખ્યાલમાં રાખવું જોઈએ કે હિંદુધર્મ પુનર્જન્મમાં પણ માને છે.

કર્મના સિદ્ધાંત અનુસાર, કરેલાં બધાં જ કર્મોનાં પરિણામો હોય છે. એમાં કેટલાંક એક જન્મકાળ દરમ્યાન ભોગવાઈ ચૂક્યાં હોય છે, બીજાં કેટલાંક ભોગવવાનાં બાકી હોય છે. જે કર્મોનાં પરિણામો ભોગવાયાં નથી તે ભોગવવાને માટે બીજો જન્મ લેવો પડે છે. આ જન્મમાં અન્ય કર્મો પણ થતાં રહે છે. સ્વર્ગ અને નર્ક કર્મભૂમિ નથી પણ ભોગભૂમિ છે, એ રીતે એમનો સામાન્યપણે વિચાર થયો છે. પરંતુ જો કર્મના પરિણામ ભોગવવા માટે જ સ્વર્ગ કે નર્કનો વિચાર કરવામાં આવે તો માનવના સાચા સ્વરૂપ સાથે એ સુસંગત છે એમ કહી શકાય ખરું ? શું નર્કમાં જનાર જીવ સદાયને માટે નર્કાગારમાં સબડતા જીવ તરીકે જ રહેશે ? શું માનવી પોતે જ પોતાના જીવનનો ઘડવૈયો નથી ? પોતાનાં કર્મોનાં પરિણામોના ભોગાયટનમાંથી પોતાનાં સત્કર્મો દ્વારા મુક્તિ મેળવી શકે એમ નથી ?

સ્વર્ગ અને નર્કની કલ્પના કદાચ આહ્લાદક લાગે, પરંતુ સ્વર્ગ અને નર્ક એ અહીં જ છે. આપણી પૃથ્વી જેવી એ કોઈ અન્ય ભૂમિ નથી. સુખની પ્રાપ્તિ અને દુઃખનું દર્દ પ્રત્યેક વ્યક્તિને સદંતર હોય છે. સુખપ્રાપ્તિ સ્વર્ગસમાન છે અને દુઃખનું ભોગાયટન નર્કસમાન છે. આપણે આગળ કહ્યું તેમ સ્વર્ગ અને નર્ક એક કલ્પના છે. સામાન્ય રીતે એવો ખ્યાલ પ્રવર્તે છે કે સ્વર્ગલોક ઉપર છે અને નર્ક નીચે છે. આમાં પણ કંઈ ઝાઝું તથ્ય નથી. આપણી સ્વપ્નસૃષ્ટિ માટે આપણે શું કહીશું ? એ સૃષ્ટિ ઉપર છે કે નીચે છે ? પરંતુ સત્ય આચરણમાંથી નીપજતું સુખ એ ઉચ્ચ અવસ્થામાંના પ્રતીક તરીકે સ્વીકારી સ્વર્ગ ઊંચે છે એમ સ્વીકારાય તે સંભવિત છે, અને એ જ પ્રમાણે નર્કને માટે પણ કહી શકાય.

સ્વર્ગ અને નર્કના ખ્યાલની સાથે જે તે ધર્મના વિકાસની અવસ્થા સંકળાયેલી છે. ધર્મવિકાસમાં એક એવી અવસ્થા આવે છે જ્યારે પ્રલોભન અને ભય ધર્મ-જીવનમાં વ્યાપે છે. પ્રલોભનપ્રાપ્તિ અને ભયનિવારણ માટે સૂચવાયેલી ધાર્મિક માન્યતાઓ અને ધાર્મિકવ્યવહાર અગત્યના બને છે અને જીવનમાં મહત્ત્વનો

ભાગ ભજવે છે. સ્વર્ગનો વિચાર પ્રલોભનકારી અને નર્કનો વિચાર ભીતિમય છે. ઇચ્છનીય પ્રાપ્ત કરવાની દૃષ્ટિએ અને ભીતિથી દૂર રહેવાની દૃષ્ટિએ માનવી નીતિમય ધાર્મિકજીવન જીવતો થાય એ માટે વ્યવહારુ રીતે સ્વર્ગ અને નર્કની કલ્પના કરવામાં આવી હોય એમ કેમ નહિ માની શકાય ?

૧૦. યજ્ઞ :

હિંદુધર્મમાં યજ્ઞભાવના શરૂઆતથી આજદિનપર્યંત એટલી પ્રબળ રહી છે કે આધુનિક સમયમાં પણ વિનોબા ભાવે જેવા વિચારકો યજ્ઞની ભાવનાનો ઉપયોગ પોતાના ભૂદાનના કાર્ય સાથે જોડી તેને ભૂદાનયજ્ઞનું નામ આપે છે.

યજ્ઞભાવના શું છે એ સમજવું જરૂરી છે. એની સાથે જ યજ્ઞની રીત અને યજ્ઞના પ્રકાર પણ સમજવા જોઈએ. બીજી રીતે કહીએ તો યજ્ઞની રીત અને યજ્ઞના પ્રકાર સમજવાથી યજ્ઞનું સ્વરૂપ અને હાર્દ પણ સમજાય છે.

યજ્ઞ એક એવી ક્રિયા છે જેમાં બાહ્ય અને આંતર શુદ્ધિ વિના વ્યક્તિ ભાગ લઈ શકતી નથી. યજ્ઞમાં પાણી અને અગ્નિ એ બે મહત્ત્વનાં અંગો છે, અને એ બંનેને પવિત્ર તરીકે લેખવામાં આવ્યાં છે. બાહ્યશુદ્ધિ માટે પાણી પ્રતીતાત્મક તરીકે ઉપયોગમાં લેવાય છે, અને આંતરશુદ્ધિ માટે પ્રતીતાત્મક તરીકે અગ્નિનો ઉપયોગ થાય છે. જેમ પાણી દેહને બાહ્ય રીતે શુદ્ધ કરે છે તેમ પ્રભુપ્રાપ્તિનો અગ્નિ દેહને આંતરિકરૂપે શુદ્ધ કરે છે—એની વાસનાઓ, તૃષ્ણાઓ અને કુવિચારોને ભસ્મીભૂત કરીને. પરંતુ યજ્ઞભાવનામાં વ્યક્તિશુદ્ધિ ઉપરાંત વાતાવરણશુદ્ધિની પણ ભાવના સમાયેલી છે. વળી, એમાં બીજી એક ભાવના એ પણ સમાઈ છે કે ઈશ્વરે માનવીને આપેલા સર્વનો એણે પોતે ઉપભોગ કરવાનો નથી, પરંતુ પોતાની જરૂરિયાત પૂરતું રાખી બાકીનું અગ્નિની સાક્ષીએ પરત કરવાનું છે.

આમ, હિંદુધર્મની યજ્ઞભાવના માત્ર ધાર્મિક રહી નથી, પરંતુ વ્યક્તિના જીવનઘડતરમાં અને એના સામાજિક જીવનમાં એ મહત્ત્વનો ફાળો આપે છે. એથી વિશેષ ગૃહસ્થી માટે આલેખાયેલ યજ્ઞ પ્રથા સમસ્ત સૃષ્ટિ પ્રત્યેની વ્યક્તિની અનેકવિધ ફરજોનો પણ ખ્યાલ આપે છે.

યજ્ઞના આરંભથી એના અંત સુધી, એમાં સમાવિષ્ટ થતી વિવિધ વિધિઓમાં આચમન, અંગસ્પર્શ, અગ્નિપ્રાગટ્ય, સમિધ અર્પણ, ઘીઆહુતિ, જલસિંચન, વગેરેનો સમાવેશ થાય છે. એ બધાની વિગતમાં આપણે નહિ ઊતરી શકીએ.

યજ્ઞોમાં જે મંત્રોનું ઉચ્ચારણ થાય છે એનું તાત્પર્ય એ છે કે સૃષ્ટિસર્જક પરમ ઈશ્વરની પ્રાર્થના કરીને તેમના રક્ષણ અને કૃપાની યાચના થાય છે. અગ્નિની સાક્ષીએ પોતાની બાહ્ય અને આંતરિક શુદ્ધિ કરે છે. અગ્નિના પ્રાગટ્યથી માત્ર બાહ્ય અંધકાર જ દૂર ન કરતા મનો અંધકાર પણ દૂર કરે છે, અને એમ કરીને એ પરમતત્ત્વ પર ચિત્તની એકાગ્રતા માટે તૈયારી કરે છે. પોતાના આત્મામાં જ બિરાજમાન ઈશ્વરને પ્રાપ્ત કરવાને માટે પાપ અને દુર્ગુણનો નાશ કરવા વ્યક્તિ કટિબદ્ધ બને છે અને પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થે છે કે તેઓ હંમેશા એને જ્ઞાન અને સામર્થ્ય આપે

એ જ પ્રમાણે અગ્નિને અપાતી આહૂતિઓ પાછળ એક વિશિષ્ટ પ્રકારની ભાવના હોય છે. અગ્નિમાં અપાતી કોઈપણ ચીજ અગ્નિ પોતે પોતાને માટે રાખતો નથી, પરંતુ એનું એ એક યા બીજા ઉપયોગી સ્વરૂપમાં રૂપાંતર કરે છે. એ જ પ્રમાણે પ્રભુ પાસેથી માનવીને પ્રાપ્ત થતું અન્ન, સંપત્તિ, પ્રતિષ્ઠા, વગેરે પણ માનવીના પોતાના નહિ પરંતુ ઈશ્વરના છે અને એથી પોતાની જરૂરિયાતથી વિશેષ પોતા પાસે ન રાખતા ઈશ્વરને ચરણે ધરવામાં આવે છે.

યજ્ઞની આ ભાવનાનું હાર્દ આજે પણ જળવાયું છે. પોતાની જરૂરિયાતથી વિશેષ પોતા પાસે ન રાખવું અને ઈશ્વરના ચરણે અર્પણ કરવું એમ મહાત્મા ગાંધી અને વિનોબા ભાવેએ કહ્યું. ફેર માત્ર એટલો કે વેદ ધર્મે ઈશ્વરનું ચરણ અગ્નિમાં સ્વીકાર્યું, ગાંધી અને વિનોબાએ ઈશ્વરનું ચરણ દરિદ્રનારાયણ અને સમાજમાં જોયું. આથી, ગાંધીજીએ ટ્રસ્ટીશીપ અને સર્વોદ્ધારની વાત કરી અને વિનોબાએ ભૂદાનયજ્ઞ અને સર્વોદયના વિચાર રજૂ કર્યા.

આ યજ્ઞભાવના હિંદુધર્મમાં એટલી તો ઓતપ્રોત થયેલી છે કે ગૃહસ્થાશ્રમી પણ પોતાનાં કર્તવ્યો ન ભૂલે એ માટે એને પંચમહાયજ્ઞો કરવાની ધર્મમાં આજ્ઞા અપાઈ છે. આ યજ્ઞોને 'મહા' એટલા માટે કહેવાય છે કે ગૃહસ્થજીવનમાં પણ આ યજ્ઞભાવનાથી સમષ્ટિની એકરૂપતા અનુભવી શકાય. આ પંચમહાયજ્ઞોમાં નીચેના યજ્ઞોનો સમાવેશ થાય છે.

૧. દેવયજ્ઞ : દેવના પૂજનને દેવયજ્ઞ તરીકે ઓળખવાય છે. આમાં અગ્નિપૂજા અને સૂર્યપૂજા સમાવિષ્ટ છે. અગ્નિપૂજામાં અગ્નિને પ્રગટ કરી, તેની સ્તુતિ કરી અગ્નિમાં આહુતિ આપવાનો સમાવેશ થાય છે. સૂર્યપૂજા સંધ્યા તરીકે ઓળખાવાય છે. સંધ્યા સૂર્યની ગતિ અનુસાર પ્રાતઃ, મધ્યાહ્ન

અને સાયં એમ ત્રણ વખત થાય છે. આ સંધ્યા માટેની વિશિષ્ટ રીતો પણ રજૂ કરવામાં આવે છે, જેને વિશે આપણે આગળ ઉલ્લેખ કર્યો છે.

૨. બ્રહ્મયજ્ઞ : વેદનો અભ્યાસ કરવો તથા તેનો અભ્યાસ કરાવવો તે બ્રહ્મયજ્ઞ તરીકે ઓળખાય છે.

૩. પિતૃયજ્ઞ : સદ્‌ગતિએ પામેલા પિતૃઓનું સ્મરણ કરી એમને અંજલિ આપી તર્પણ કરવું તેમ જ યોગ્ય તીર્થસ્થળોએ આવું તર્પણ કરાવવું તે પિતૃયજ્ઞમાં સમાવિષ્ટ થાય છે.

૪. ભૂતયજ્ઞ : પોતે અન્નનો સ્વીકાર કરે એ પહેલાં પોતાના રાંધેલા ધાનમાંથી વૈશ્વદેવ કરી નાનાં મોટાં સર્વ પ્રાણીઓને માટે એમનો હિસ્સો કાઢી તેમને અર્પણ કરવો તે ભૂતયજ્ઞ.

૫. મનુષ્યયજ્ઞ : અતિથિનું હિંદુધર્મમાં વિશિષ્ટ સ્થાન છે. વૈશ્વદેવ કરી અન્ય પ્રાણીઓને માટે પોતાના ભોજનમાંથી તેમનો હિસ્સો કાઢી ગૃહસ્થી પોતાનો હિસ્સો આરોગવા બેસતો નથી. પરંતુ જો કોઈ અતિથિ આવ્યા હોય તો તેમનું સ્વાગત કરી તેમને ભોજન અર્પવું તે મનુષ્યયજ્ઞ.


આમ, હિંદુધર્મમાં યજ્ઞભાવનાનું સ્વરૂપ બદલાતું રહ્યું છે, છતાં એ ભાવના આજ પર્યંત ચાલુ રહી છે. વ્યક્તિજીવનના અને સમાજજીવનનાં કયાં મૂળભૂત તત્ત્વો આ ભાવનાની ઉત્પત્તિ માટે તેમ જ તેના આજ પર્યંતના પલટાતા સ્વરૂપમાં સ્વીકાર માટે કારણભૂત છે એ સ્વતંત્ર અભ્યાસ માંગી લે છે.

૧૧. હિંદુધર્મ સંપ્રદાયો :

પ્રત્યેક ધર્મના વિકાસમાર્ગમાં એવા તબક્કા આવે છે જ્યારે મૂળભૂત ઉપદેશ, શાસ્ત્રોક્ત વચનો કે આચાર્યના બોધ વિશે મતભેદ ઉપસ્થિત થાય, અથવા તો આચાર અને ધર્મવિધિ વિશે મતભેદ ઉપસ્થિત થાય, અને એમાંથી એક નવા ધર્મપ્રવાહનો ઉદ્‌ભવ થાય. ધર્મપ્રવાહની આ પ્રક્રિયાનો ઉલ્લેખ આપણે અન્યત્ર કર્યો છે. પ્રત્યેક ધર્મમાં એક કે વધારે સંપ્રદાયો પ્રાપ્ત છે, એ હકીકત આપણે જે તે ધર્મના અભ્યાસમાં જોઈશું.

હિંદુધર્મમાં પણ વિવિધ સંપ્રદાયો ઉદ્‌ભવ્યા છે, એનો ખ્યાલ નીચેના કોઠા ઉપરથી આવશે.

હિંદુધર્મ સંપ્રદાયો
ભક્તિમાર્ગ



૧. આગમાન્ત શૈવ સંપ્રદાય
૨. કાપાલિક
૩. કાશ્મીર શૈવધર્મ
૪. ગોરખનાથી સંપ્રદાય
૫ નકુલીશપાશુપત
૬. લીંગાયત કે વીરશૈવ

૧. રામાનુજ
૨. નિમ્બાર્ક
૩. માધ્વ
૪. વિષ્ણુસ્વામી
૫. વલ્લભ
૬. ચૈતન્ય
૭. સ્વામીનારાયણ
૮. રાધાવલ્લભ સંપ્રદાય
૯. મહાપુરુષ સંપ્રદાય

બધા જ હિંદુધર્મ સંપ્રદાયોનો ઉપરના કોઠામાં સમાવેશ થયો નથી. અગત્યના સંપ્રદાયોનો અહીં ઉલ્લેખ છે.

હિંદુધર્મ સંપ્રદાયોના ઑમન[૧૭] નીચે પ્રમાણેના ત્રણ મુખ્ય વિભાગ પાડે છે.

૧. શૈવ — શીવના પૂજકો :

૧. સંન્યાસી
૨. દંડી
૩. પરમહંસ
૪. બ્રહ્મચારી

શંકરાચાર્યના અનુયાયીઓ

૫. લિંગાયત — ભાસવના અનુયાયીઓ
૬. અઘોરી
૭. યોગી

૧૭. ઑમન, જે. સી., ધી મિસ્ટીકસ, ઍસેટિકસ ઍન્ડ સેઇન્ટસ ઑફ ઇન્ડિયા; ફીશેર અનવિને, લંડન, ૧૯૦૫, પા. ૧૦૯ અને ૧૫૨

૨. શાક્ત — સ્ત્રી-શક્તિના પૂજકો, ખાસ કરીને દેવી, દુર્ગા અને કાલિ.
૩. વૈષ્ણવ — વિષ્ણુના પૂજકો :

અ. વિષ્ણુના અવતાર રામ તથા એમના પત્ની સીતાના પૂજકો.
બ. વિષ્ણુના અવતાર કૃષ્ણ તથા એમના પત્ની લક્ષ્મી અને રુક્મણી તથા ગોપી-રાધાના પૂજકો.

આવા છ સંપ્રદાયો એમણે ઉલ્લેખ્યા છે :

૧. શ્રી વૈષ્ણવ — રામાનુજાચાર્યના અનુયાયીઓ.
૨. માધ્વ — માધ્વાચાર્યના અનુયાયીઓ
૩. રામાનંદી — રામાનંદના અનુયાયીઓ
૪. કબીરપંથી — કબીરના અનુયાયીઓ
૫. વલ્લભાચારી — વલ્લભાચાર્યના અનુયાયીઓ
૬ ચૈતન્યપંથી — ચૈતન્યના અનુયાયીઓ.

અહીંયાં રજૂ કરેલ જુદા જુદા સંપ્રદાયોની અલગ અલગ વિસ્તૃત વિચારણા આ પુસ્તકની કદમર્યાદા બહાર છે. એથી હિંદુધર્મના વૈષ્ણવ, શૈવ, શાક્ત અને તંત્ર સંપ્રદાયોની સામાન્ય વિચારણા કરીશું.

ક. વૈષ્ણવ સંપ્રદાય :

બધા જ સંપ્રદાયો ઈશ્વર સાથે ભક્તિમય તાદાત્મ્ય પ્રાપ્ત કરવાને પ્રયત્નશીલ છે. આમ છતાં વૈષ્ણવ સંપ્રદાયને સવિશેષે ભક્તિ સંપ્રદાય તરીકે કેટલાક ઘટાવે છે.

'ભક્તિ' શબ્દ સૌ પ્રથમ શ્વેતાશ્વર ઉપનિષદમાં વપરાયો છે અને એનો સામાન્ય અર્થ કોઈકનો આશ્રય લેવો તેમ જ એને સ્નેહ કરવો એમ થાય છે. શ્વેતાશ્વર ઉપનિષદમાં [૧૮] કહેવાયું છેઃ યસ્ય દેવે પરાભક્તિઃ યથા દેવે તથા ગુરૌ।

બધા જ વૈષ્ણવ સંપ્રદાયો વાસુદેવના રૂપમાં રામ તથા કૃષ્ણને ઉપાસ્ય દેવ તરીકે સ્વીકારે છે. વળી તેઓ અવ્યભિચારી ભક્તિને પ્રભુપ્રાપ્તિના સાધન તરીકે સ્વીકારે છે.

આ તત્ત્વો ભાગવત તથા પાંચરાત્ર સંપ્રદાયમાંથી ઊતરેલા માલૂમ પડે છે.[૧૯] વૈષ્ણવ સંપ્રદાયોમાં સૌથી જૂના રામાનુજ સંપ્રદાય તો પાંચરાત્રનો ઋણી હોવાનું

---

૧૮ ૬.૨૩
૧૯ શાસ્ત્રી, દુ. કે., વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૩૯, પા ૩૪

સ્વીકારે છે. આ પાંચરાત્ર અથવા ભાગવત સંપ્રદાય અતિ પ્રાચીન છે અને એના સિદ્ધાંતો વૈષ્ણવ પુરાણમાં તેમ જ એનાથી પહેલા રચાયેલા મહાભારતના શાંતિપર્વમાં રજૂ થયેલા છે.

શાંતિપર્વના નારાયણીયપર્વમાં આપેલી આખ્યાયિકા ભક્તિમાર્ગના ઉદ્ભવ વિશે ખ્યાલ આપે છે. યુધિષ્ઠિરને ભીષ્મ પિતામહ[૨૦] કહે છે: "પૂર્વે ઉપરિચર નામે ચક્રવર્તી રાજા હતો, તે ઇન્દ્રનો મિત્ર અને નારાયણનો ભક્ત હતો. તે રાજા પૂર્વે સૂર્યના મુખમાંથી નીકળેલા પાંચરાત્રમાં કહેલા વિધિ પ્રમાણે વિષ્ણુનું પૂજન કરતો હતો તથા યજ્ઞની સર્વ ક્રિયાઓ સાત્વત (પાંચરાત્રોક્ત) વિધિને અનુસરીને કરતો હતો. તે રાજા જે પાંચરાત્ર નામના શાસ્ત્રનું અનુવર્તન કરતો હતો તે ઉત્તમ શાસ્ત્ર સાત ઋષિઓએ એકઠા થઈને કહેલું છે. તે સાત મુનિઓએ ચાર વેદ વડે પ્રમાણભૂત અને જેમાં સર્વોત્તમ લોકધર્મ છે એવું તે શાસ્ત્રમાં કહેલું છે. મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને મોટા તેજવાળા વસિષ્ઠ એ સાતને ચિત્રશિખંડી કહે છે. તે સર્વ ઋષિઓએ તપ કરીને હરિનારાયણદેવને પ્રસન્ન કર્યા, ત્યારે નારાયણે સરસ્વતીદેવીને એ ઋષિઓના મુખમાં પ્રવેશ કરવાની આજ્ઞા કરી. તે પછી તે તપસ્વી ઋષિઓએ સરસ્વતીની પ્રવૃત્તિ શબ્દમાં, અર્થમાં અને હેતુમાં કરી અને તે શાસ્ત્ર દયાળુ ભગવાન જ્યાં રહે છે ત્યાં જઈને તેને સંભળાવ્યું. તે સાંભળીને અદૃશ્ય પુરુષોત્તમ ભગવાને સર્વ ઋષિઓને કહ્યું કે, 'જેથી ધર્મની પ્રવૃત્તિ થાય એવા સમગ્ર લોકતંત્રમાં તમે જે આ એક લાખ શ્લોક કર્યા છે તે ઉત્તમ છે. એ તંત્ર પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભયમાં પ્રમાણરૂપ થશે. જેમ મેં બ્રહ્મની કૃપાથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ કર્યા છે, તે પ્રમાણ છે તેમ આ ઉત્તમ શાસ્ત્ર પ્રમાણ થશે. એ શાસ્ત્ર ઉપરથી પ્રથમ સ્વયંભૂ મનુ એ ધર્મનું કથન કરશે, પછી શુક્ર એ શાસ્ત્રનું કથન કરશે અને બૃહસ્પતિ મતનો લોકમાં પ્રચાર થશે. પછી પ્રજાપાલ વસુ ઉપરિચર આ તમારા કરેલા ધર્મશાસ્ત્રને બૃહસ્પતિ પાસેથી પ્રાપ્ત કરશે. જ્યારે તે રાજા મૃત્યુ પામશે ત્યારે આ સનાતન શાસ્ત્ર અન્તર્ધાન પામશે.' એ પ્રમાણે કહીને પુરુષોત્તમ ભગવાન કોઈક દિશામાં ચાલ્યા ગયા.

વૈષ્ણવ સંપ્રદાયના મહત્ત્વના મુદ્દાઓની તથા એના વિકાસની રજૂઆત ભાંડારકર[૨૧] આમ કરે છે:

---

૨૦ મહાભારત, શાંતિપર્વ અધ્યાય–૧૬૩, દુ. કે. શાસ્ત્રીએ ટાંકેલ.

૨૧ ભાંડારકર, આર. જી., વૈષ્ણવીઝમ, શૈવીઝમ એન્ડ માયનોર રિલિજિયન્સસ સીસ્ટીમ્સ, વારાણસી, ફોટો ઑફસેટ રીપ્રીન્ટ, ૧૯૬૫.

બૌદ્ધ અને જૈન ધર્મની જેમ ભક્તિમાર્ગ એક ધાર્મિક સુધારા તરીકે ઉદ્‌ભવ પામ્યો, પરંતુ એણે ઈશ્વરના અસ્તિત્વના સિદ્ધાંતને પાયા તરીકે સ્વીકાર્યો. પ્રાચીન કાળમાં એને એકાંતિક ધર્મ તરીકે ઓળખવામાં આવતો, કારણ કે એમાં એકમાત્ર ઈશ્વરની ભક્તિ અને સ્નેહ સંપૂર્ણપણે કરવામાં આવતા. આ એકાંતિક ધર્મની પશ્ચાદ્‌ભૂમાં વાસુદેવ કૃષ્ણે પ્રબોધેલ ભગવદ્‌ગીતા છે. થોડા જ સમયમાં આ એકાંતિક ધર્મે સંપ્રદાયનું સ્વરૂપ ધારણ કર્યું અને એને પંચરાત્ર અથવા ભાગવત ધર્મ સંપ્રદાય તરીકે ઓળખવામાં આવ્યો. ક્રાઇસ્ટની પૂર્વેની ચોથી સદીમાં મેગેસ્થનિસ આ ધર્મને સાતવત ધર્મ તરીકે ઓળખાવે છે, કારણકે એ નામની ક્ષત્રિય જાતિ એ ધર્મનું પાલન કરતી હતી.

આ સંપ્રદાયને સર્વજીવના ઉત્પત્તિ કારણ નારાયણ તથા દૈવી સ્વરૂપના વિષ્ણુ સાથે સાંકળવામાં આવ્યો.

ખ્રિસ્તીકાળના શરૂઆતના સમયમાં આહિરના ધર્મની સાથે એ સંપ્રદાય સમાગમમાં આવ્યો અને એને પરિણામે એ વિદેશી જાતિના સ્વરૂપ અનુસાર ગોપકૃષ્ણની ભાવના ખીલી, એને ઈશ્વર તરીકે સ્વીકારવામાં આવ્યા અને ગોપીઓ સાથેની એમની લીલાની વાતોની ગૂંથણી થઈ. આ સ્વરૂપનો વૈષ્ણવધર્મ ઈ. સ.ની આઠમી સદીના અંત સુધી પ્રવર્તમાન રહ્યો. એ કાળમાં શંકરાચાર્ય તથા તેમના અનુયાયીઓ આધ્યાત્મિક એકત્વ તથા માયાવાદના સિદ્ધાંતોનો ઉપદેશ આપતા હતા.

શાંકરમતના આવા ઉપદેશો ભક્તિના મૂળમાં ઘાતક છે અને વૈષ્ણવધર્મીઓ જે સ્નેહ–ભક્તિ દ્વારા પામે છે એના ઘાતક સમાન છે એમ લાગવા માંડયું. એને પરિણામે આધ્યાત્મિક એકત્વ અથવા તો અદ્વૈતની સામે એક પ્રકારનો પ્રતિકાર ઉપસ્થિત થયો અને ઓગણીસમી સદીમાં રામાનુજે ભક્તિ સંપ્રદાયને પુનર્જીવીત કરવા અને અદ્વૈત વિચારણાને દૂર કરવા મહાપ્રયાસ કર્યો. રામાનુજે કૃષ્ણભક્તિની પ્રતિષ્ઠા કરી, એનો પ્રચાર કર્યો. પરંતુ ગોપી રાધિકા વિશે એમણે મૌન જાળવ્યું. ઉત્તરમાં નિમ્બાર્કે કૃષ્ણની સાથે રાધા–ભક્તિને પણ સ્થાન આપ્યું. તેરમી સદીમાં માધ્વે અદ્વૈતની સામે પોતાનો પ્રહાર ચાલુ રાખ્યો અને બહુત્વવાદના સિદ્ધાંતની સ્થાપના કરી અને વિષ્ણુને પરમદેવ સ્થાને સ્થાપ્યા.

બીજી તરફે ઉત્તરમાં રામાનંદે વૈષ્ણવધર્મને એક નવો વળાંક આપ્યો. રામાનુજે નારાયણના નામ ઉપર ભાર મૂક્યો ત્યારે રામાનંદે રામના નામ ઉપર ભાર મૂક્યો. વળી રામાનંદ અને એના અનુયાયીઓ એમના ઉપદેશો જનભાષામાં આપતા હતા. આમ, ચૌદમી સદી એ રામાનંદની ધાર્મિક પ્રવૃત્તિનો મહત્ત્વનો કાળ બની.

એમના પછી પંદરમી સદીમાં કબીર આગળ આવે છે. રામાનંદની જેમ એ પણ ઈશ્વરને રામ નામે સંબોધે છે. પરંતુ એ મૂર્તિપૂજનો તથા કોઈપણ પ્રકારના દ્વૈતભાવનો સખત વિરોધ કરે છે. સોળમી સદીમાં વલ્લભ, બાળકૃષ્ણ અને રાધાની આરાધના ઉપદેશે છે. લગભગ એ જ સમયે પૂર્વમાં ચૈતન્ય પણ કૃષ્ણ-રાધાની ભક્તિનો ઉપદેશ આપે છે. પરંતુ એમને માટે કૃષ્ણ એ બાળકૃષ્ણ નથી અને રાધાને એ પવિત્ર પ્રેમના આદર્શ સ્વરૂપ તરીકે પ્રબોધે છે. ઈશ્વર માટેનો અગાધ પ્રેમ અને એમને માટેની અનન્ય ભક્તિને પરિણામે રાધાનો ખ્યાલ પ્રાધાન્ય ભોગવે છે અને એમ થતા વૈષ્ણવધર્મનું થોડું પતન પણ થાય છે. મહારાષ્ટ્રમાં નામદેવ અને તુકારામ વિઠોબાની ભક્તિનો પ્રચાર કરે છે. ગુજરાતમાં ઓગણીસમી સદીના પ્રારંભમાં સહજાનંદ સ્વામીના ઉપદેશને પરિણામે સ્વામીનારાયણ સંપ્રદાય કે ઉદ્ધવ સંપ્રદાય ઉપસ્થિત થાય છે. તેઓ રાધાકૃષ્ણ તથા નરનારાયણની ભક્તિનો ઉપદેશ આપે છે. સ્વામીનારાયણની ભક્તિને સ્ત્રીભાવ માન્ય છે, પણ જાર-ભાવ માન્ય નથી.

રામાનંદની જેમ નામદેવ, તુકારામ તથા સ્વામીનારાયણ પણ પોતાનો ઉપદેશ જનભાષામાં જ આપતા. નામદેવ, કબીર, તુકારામ તથા સ્વામીનારાયણે વ્યક્તિના હૃદયની પવિત્રતા વિના એનું નૈતિક ઉત્થાન થઈ શકે નહિ, એ વિના ઈશ્વર પર અનન્ય સ્નેહભાવ રાખી શકાય નહિ તેમ જ એની ભક્તિ થઈ શકે નહિ એમ ભારપૂર્વક જણાવ્યું છે. ઈશ્વર-એકત્વના અનન્ય આનંદની પ્રાપ્તિને માટે વ્યક્તિની પવિત્રતા અને નૈતિકતાની આવશ્યકતા પ્રબોધાય છે.

આ બધા વૈષ્ણવ સંપ્રદાયોમાં કેટલાક મહત્ત્વના સમાન મુદ્દાઓ તારવી શકાય એમ છે. બધા જ સંપ્રદાયો ભગવદ્ગીતામાંથી એમના બોધનું તત્ત્વ મેળવે છે. પરમ ઈશ્વરને બધા જ સંપ્રદાયો વાસુદેવ તરીકે સ્વીકારે છે. આ બધા જ વૈષ્ણવ સંપ્રદાયો અદ્વૈતવાદ અને માયાવાદનો ઇન્કાર કરે છે. આ સામ્ય હોવા છતાં પણ આ સંપ્રદાયોનો તફાવત, જે આધ્યાત્મિક સિદ્ધાંતોને તેઓ વિવિધ અગત્ય આપે છે તેમાંથી તેમ જ જે તાત્ત્વિક સિદ્ધાંત તેઓ સ્થાપે છે તેમાંથી તથા જે ધાર્મિક વિધિઓ એ પ્રબોધે છે તેમાંથી પ્રાપ્ત થાય છે.

ખ. શૈવ સંપ્રદાય :

શૈવ સંપ્રદાયના ઉદ્ભવ વિશે નિશ્ચતપણે કંઈ કહી શકાય એમ નથી. તો પણ એટલું સ્પષ્ટ છે કે શૈવ સંપ્રદાયમાં વૈદિક અને પૂર્વવૈદિક પ્રવાહોનું સંમિશ્રણ થયું છે. વૈષ્ણવ સંપ્રદાયને મુકાબલે શૈવ સંપ્રદાયમાં યોગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે તથા તપ ઉપર પણ અહીં જોર દેવાયું છે. શૈવ સંપ્રદાય

વિવિધ સ્વરૂપે પ્રત્યક્ષ થયો છે અને એના શુદ્ધ સ્વરૂપે ઈશ્વર એકત્વને માટે તપશ્ચર્યાના પવિત્ર માર્ગ તરીકે એક તરફે એનાં દર્શન થાય છે, તો બીજી તરફે એ સંપ્રદાય એના ખૂબ જ કનિષ્ટ સ્વરૂપમાં પણ પ્રત્યક્ષ થયો છે.

શૈવ સંપ્રદાયના ઉદ્ભવ વિશે જૉન માર્શલ [૨૨] આમ કહે છે : "Among the many revelations that Mohenjo-daro and Harappa have had in store for us, none perhaps is more remarkable than the discovery that the Saivism has a history going back to the chalcolithic age or perhaps even further still, and that it takes its place as the most ancient living faith in the world".

શૈવધર્મની વિશિષ્ટતા :

શૈવધર્મમાં શિવને બધા દેવોમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે તેમ જ એમનું પ્રત્યક્ષીકરણ બહુ સ્પષ્ટ રીતે થાય છે, તેમ જ શિવ અને જીવ વચ્ચેના સંબંધ ખૂબ આત્મીય સ્વરૂપના હોય છે. આ બંધીયે બાબતો શ્વેતાશ્વતર ઉપનિષદમાં જોવા મળે છે. શ્વેતાશ્વતર ઉપનિષદ ઘણી બાબતોમાં ભગવદ્ગીતાને મળતો ગ્રંથ છે, પરંતુ એના કરતાં પુરાણો હોવાનું મનાય છે.[૨૩] વૈષ્ણવ સંપ્રદાયની તીવ્ર ઈશ્વરભાવના એના તાત્ત્વિક સિદ્ધાંતોના સંબંધમાં સામાન્ય સ્વરૂપે જેમ ગીતામાં જૂ થઈ છે તેમ શ્વેતાશ્વતર ઉપનિષદમાં ઉપનિષદિક ઈશ્વરી વિચારધારાના વિકાસને અનુલક્ષીને શિવનું આધિપત્ય જૂ થયું છે. શિવને પરમતત્ત્વ સાથે એકરૂપ ગણવ્યો છે અને બીજી બાજુએ એને સર્વ દેવોના દેવ તરીકે અને શુભ અને અશુભની શક્તિ તરીકે ઓળખાવવામાં આવેલ છે. શિવ ગિરીશ છે, સંહાર કરવાને માટે એ બાણ ચઢાવી તૈયાર છે; એ જ એ ઇક્ષાન છે અને આશિષ આપે છે; એ જ રુદ્ર છે અને એ જ મહેશ્વર છે. ઋગ્વેદની પ્રાર્થનામાં રુદ્રને બલિ આપીને પૂજકોના જ્ઞન અને મિલકતનું રક્ષણ કરવાનું એમને કહેવાય છે. તપ દ્વારા એમની પ્રાપ્તિ થઈ શકે છે, અને એ થતાં સર્વ બંધનોમાંથી મુક્તિ મળે છે. એમના સિવાય વિશેષ કંઈ જાણવાનું નથી અને એમને જાણવા માટે તપ સિવાય અન્ય માર્ગ નથી.

---

૨૨. મોહેં-જો-ડારો એન્ડ ઇન્ડસ સિવિલિઝેશન, પ્રોફેસ, પા. ૭

૨૩. ધી કલ્ચરલ હેરિટેજ ઑફ ઇન્ડિયા, ગ્રંથ ૪-સંપાદક : એચ. ભટ્ટાચાર્ય, કલકત્તા, ૧૯૫૬, પા. ૬૩.

શૈવધર્મના આ મૂળભૂત સિદ્ધાંતોમાંથી વિવિધ સંપ્રદાયો ઉપસ્થિત થયા છે. મૂળ સિદ્ધાંતોના અર્થઘટનના તફાવતને પરિણામે અથવા તો તપના અથવા ધાર્મિક વિધિના તફાવતને પરિણામે આવા સંપ્રદાય ફાંટાઓ ઊપજ્યા છે.

શૈવ સંપ્રદાયના મહત્ત્વના બોધની તથા એના વિવિધ ફાંટાઓની તેમ જ એના વિકાસની રજૂઆત કરતાં ભાંડારકર કહે છે:[૨૪] "પ્રકૃતિમાં અવારનવાર નીપજતી ભયાનક અને દ્વંશકારક ઘટનાને પરિણામે રુદ્રના ભયાનક સ્વરૂપનો અને એની સાથે જ રુદ્રગણોનો ખ્યાલ પ્રચલિત થયો. આ જ ઈશ્વરને જ્યારે શાંત પાડવામાં આવે છે ત્યારે તે શુભસ્વરૂપ શિવ તરીકે, દયાળુ શંકર તરીકે અને ભોળા શંભુ તરીકે ઓળખાય છે. આ જ વિચાર કાળક્રમે વધુ વિકાસ પામે છે અને રુદ્રને વિચિત્ર પ્રકારના દેવતા તરીકે ઓળખાવવામાં આવે છે, અને એનો વાસ સ્મશાનમાં, પર્વત પર અને જંગલમાં હોવાનું મનાય છે. જંગલમાં વસતાં જનવરો અને જંગલી પ્રજા તથા ચોરો અને સમાજના બહિષ્કૃતોના એ દેવ બને છે. કાળક્રમે એ એક એવા ઈશ્વરનું સ્વરૂપ ધારણ કરે છે જે સમસ્ત સૃષ્ટિમાં વ્યાપ્ત છે, અગ્નિ અને પાણીમાં જેનો વાસ છે તેમ જ પ્રત્યેક જીવમાં, છોડમાં તેમ જ વૃક્ષમાં એમનો વાસ છે અને જે બધામાં સાર્વભૌમ છે. જ્યારે શિવની વિચારભાવના આ તબક્કે પહોંચી ત્યારે ઉપનિષદમાં એની એક એવા તત્ત્વ તરીકે વિચારણા થઈ જેને સૃષ્ટિમાં સર્વત્ર વ્યાપ્ત તરીકે જોઈ અને જેના ચિંતનથી માનવીને અલૌકિક આનંદ પ્રાપ્ત થાય.

એક તરફે શિવનું શુભસ્વરૂપ વિકસતું ગયું, પરંતુ બીજી તરફે, એમનું રૌદ્ર અને ભયાનક સ્વરૂપ વિસરાયું નહિ; એટલું જ નહિ પરંતુ એ પણ વિકસતું ગયું, અને જ્યારે પંચરાત્ર ધર્મની સ્થાપના થઈ ત્યારે રુદ્ર અથવા પશુપતિને દેવરથાને સ્થાપવામાં આવ્યા. એ સંપ્રદાયના સ્થાપક લકુટિન કે લકુલીન ગદાધારી તરીકે ઓળખાતા હતા અને લકુલીશ અથવા નકુલીશ દેવને ગદાધારી, તરીકે ઓળખાવવામાં આવ્યા. એમણે 'પંચાર્થ' નામનું પુસ્તક લખ્યાનું કહેવાય છે, અને એમણે સ્થાપેલ સંપ્રદાયને પાશુપત તરીકે ઓળખવામાં આવે છે.

એમાંથી બે વિરોધી સ્વરૂપની શાખાઓ વિકસી અને એ ઉપરાંત એક સૌમ્ય સ્વરૂપની શાખા પણ વિકસી જે શૈવ તરીકે ઓળખાઈ. આ શાખાઓનાં મૂળ ઈ. સ.ની બીજીથી બારમી સદી સુધી જોવામાં આવે છે. પરંતુ બે અંતિમ શાખાઓના વિરોધાભાસને કારણે તેમ જ બીજી બે શાખાઓના ઉગ્ર અને ઝનૂની

૨૪. એ જ, પા. ૧૫૫ – ૧૫૬

સ્વરૂપને પરિણામે એક પ્રકારનો પ્રતિકાર થયો અને નવમી સદીની શરૂઆતમાં પ્રથમ કાશ્મીર શાખાની શરૂઆત થઈ અને ત્યાર પછીનાં સો વર્ષ બાદ બીજી કાશ્મીર શાખાની સ્થાપના થઈ. આ બંને શાખાઓ એમના બોધ અને વિધિમાં ઘણી સૌમ્ય છે અને શંકરની શાખાની એમના પર અસર હોય એ સંભવે છે. આમ છતાં, શંકરના અદ્વૈતમાંથી એ શાખાઓ છૂટકારો મેળવે છે અને મુક્ત જીવોને સ્વતંત્ર વ્યક્તિગત અસ્તિત્વ અર્પે છે.

બારમી સદીની અધવચમાં શૈવમતમાં એક વધુ સુધારો આકાર લે છે અને લિંગાયત સંપ્રદાય ઉદ્ભવે છે. આ સંપ્રદાયના તાત્ત્વિક સિદ્ધાંતો છે : ઈશ્વર સર્વજ્ઞ આનંદરૂપ છે તેમ જ તે સૃષ્ટિના સર્જક, સંચાલક અને ઉદ્ધારક છે. જીવ એ ઈશ્વર સાથે આનંદમય એકત્વનો અનુભવ કરી શકે છે, સિવાય કે જીવ દુનિયામાંથી પોતાની જાતને સંકેલી શકે. પરમાત્માની ભક્તિપૂર્વકની આરાધના કરે અને ઈશ્વરનું સંપૂર્ણ શરણ સ્વીકારીને ઈશ્વરને સર્વત્ર નીરખે. એ સંભવ છે કે રામાનુજ સંપ્રદાયના સિદ્ધાંતોની આ વિચારધારા પર અસર થઈ હોય. આમ છતાં લિંગાયતનું હાર્દ લડાયક છે અને બ્રાહ્મણ વર્ગથી તેઓ પોતાને એક સ્વતંત્ર જૂથ તરીકે સ્થાપે છે. આમ છતાં, આ બધી શૈવધર્મની શાખાઓના અસ્તિત્વ દરમ્યાન પણ સામાન્ય લોકોએ તો એ શાખાઓના ઉદ્બોધને અનુલક્ષ્યા સિવાય રુદ્ર શિવની આરાધના કરી જ છે.

પોતાની પત્ની પાર્વતી અથવા ઉમા સાથે શિવ સંલગ્ન છે. કેનોપનિષદમાં પાર્વતીને પણ ઉપકારક અને અદ્ભુત સ્વરૂપ અપાયું છે. પરંતુ જેમ આદિમ તત્ત્વને પરિણામે રુદ્ર શિવનું સ્વરૂપ કલ્પાયું હતું એમ પાર્વતીની સાથે પણ એક ભયાનક દૈવી સ્વરૂપ સાંકળવામાં આવે છે, અને પ્રાણી અને માનવભોગ દ્વારા એને સંતોષી શકાય એવી રજૂઆત થાય છે. પરંતુ માનવમાં રહેલ લાલસાને પરિણામે એ દેવીને ત્રિપુરાસુંદરી તથા લલિતાને નામે સૃષ્ટિના સર્જક તરીકે સ્વીકારવામાં આવે છે અને એની પૂજા કરવામાં આવે છે.


આમ, આપણે એ જોઈ શકીશું કે મૂળ રુદ્ર શિવની ભાવનામાં રહેલું રૌદ્ર સ્વરૂપ અને સૌમ્ય શિવ સ્વરૂપ શિવ સંપ્રદાયના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપતો રહ્યું છે. આમ છતાં, છેલ્લાં થોડી સદીઓમાં શિવનું રૌદ્ર સ્વરૂપ બાજુ પર ઠેલાઈને ભોળા શંભુરૂપે શિવભક્તિ આજે સામાન્ય જનસમુદાયમાં પ્રચલિત છે.

ગ. શાક્ત સંપ્રદાય :

શાક્ત સંપ્રદાય વિશે કેટલીક વેળા એવી ખોટી માન્યતા સેવાય છે કે એ એક અપધર્મ છે અને અનાર્યોના સંપર્કનું એ પરિણામ છે. વેદનો સ્વીકાર કરનાર શાક્ત સંપ્રદાયને અવૈદિક કઈ રીતે કહી શકાય?

વેદધર્મમાં ઈશ્વરને ઉપાસ્ય તરીકે અને જીવને ઉપાસક તરીકે ઓળખાવાય છે. જીવ-શિવ ઐક્ય પ્રાપ્ત કરવાનું ધ્યેય હોય છે. આવું ઐક્ય કરાવનાર દૈવી બળને શક્તિ કહેવાય છે.

શક્તિ દ્વારા જ જે કંઈ પ્રાપ્ત કરવાનું છે એ થઈ શકે. આમ શક્તિ એટલે સામર્થ્ય કે બળ એમ કહેવાય. શક્તિનું વર્ગીકરણ ન. દે. મહેતા[૨૫] નીચે પ્રમાણે આપે છે.



ભોગ અને મોક્ષ :

શાક્ત સંપ્રદાય મંત્રને સાધન તરીકે સ્વીકારે છે. એમના મતે મંત્રની વાચક શક્તિ અથવા એની વિમર્શ શક્તિ એ જ શક્તિ તત્ત્વનું ખરું રૂપ છે. શાકતો ભોગની તરફ ઉપલક્ષ કરતા નથી, પરંતુ ભોગ અને મોક્ષને એકસમાન કરવા પ્રયત્ન કરે છે. માત્ર ત્યાગ અથવા વૈરાગ્યથી જ મોક્ષ પ્રાપ્ત થઈ શકે એવો મત તેઓ ધરાવતા નથી. સ્ત્રી પતનનું કારણ છે, એવું પણ તેઓ માનતા નથી. હકીકતમાં તો તેઓ સ્ત્રીને વંદનીય ગણે છે તથા પ્રતિષ્ઠાને સ્થાને સ્થાપે છે. ધર્મ-સાધનામાં તેમ જ મોક્ષ-પ્રાપ્તિમાં સ્ત્રી બાધક નહિ પણ સહાયક છે.

---

૨૫. મહેતા, ન. દે., શાક્ત સંપ્રદાય, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૩૨, પા. ૬.

શૈવ અને શાકત :

શૈવ અને શાકત સંપ્રદાયમાં રહેલ સમાન તત્ત્વો ઘણાં છે અને પ્રમાણમાં ભિન્ન તત્ત્વો ઓછાં છે એનો ખ્યાલ ન. દે. મહેતાના[૨૬] આ કથનમાંથી આવશે : શૈવો અને શાકતો સિદ્ધાંતમાં જુદા નથી. શિવ અને શાક્ત એ અવિનાભાવવાળા એટલે પૃથક્ ન પડે એવા પ્રકાશ અને વિમર્શરૂપ તત્ત્વો છે. જ્યારે પ્રકાશને જ્ઞાનનું પ્રાધાન્ય આપવામાં આવે ત્યારે ઉપાસક શૈવ કહેવાય, જ્યારે વિમર્શનું અથવા આત્મભાન કરાવનાર ક્રિયાનું પ્રાધાન્ય આપવામાં આવે ત્યારે ઉપાસક શાક્ત કહેવાય. શિવ-શક્તિની ઉપાસનાનો ભેદ માત્ર વસ્તુના ગુણપ્રધાન ભાવ ઉપર બંધાયેલો છે. દેવો અને શાકતો બંને છત્રીસ તત્ત્વોને માને છે, અધિકાર ભેદની વ્યવસ્થા સરખી છે. અદ્વૈતભાવ પણ સરખો છે, તંત્ર માર્ગ પણ સરખો છે, યોગચર્યા પણ સરખી છે; પ્રસંગે શિવ ઉપદેષ્ટા થાય છે અને શક્તિ શિષ્યા બને છે; પ્રસંગે શક્તિ ઉપદેષ્ટા થાય છે અને શિવ શિષ્ય બને છે. પહેલી રીતિમાં તંત્રશાસ્ત્ર આગમનું સ્વરૂપ પકડે છે, બીજી રીતિમાં તંત્રશાસ્ત્ર નિગમનું રૂપ પકડે છે. જ્યાં શિવ પૂજાય ત્યાં શક્તિ પૂજાય; જ્યાં શક્તિ પૂજાય ત્યાં શિવ પૂજાય; જ્યાં શિવનું જ્યોતિર્લિંગ ત્યાં શક્તિના પીઠકા; જ્યાં શક્તિનું પીઠ ત્યાં શિવનું લિંગ. જ્યાં સાયુજ્ય મોક્ષ ત્યાં શિવ-શક્તિનું સામરસ્ય. શૈવો અને શાકતો કૈવલ્યમોક્ષને માનતા નથી. કૈવલ્ય મોક્ષનો સિદ્ધાંત સ્માર્તોનો એટલે કે શાંકર મતવાળાનો છે.

શાકત અને બૌદ્ધ :

દૈવી શક્તિનો સ્વીકાર શક્તિવાદ તરીકે ઓળખાવી શકાય. આ શક્તિવાદ એ તાત્ત્વિક સિદ્ધાંત છે અને એથી માત્ર હિંદુધર્મમાં જ નહિ પરંતુ બીજા અનેક ધર્મોમાં એક યા બીજા સ્વરૂપે શક્તિવાદ દાખલ થયેલો જોઈ શકાય છે.

બૌદ્ધધર્મ અને ખાસ કરીને બૌદ્ધધર્મના મહાયાન સ્વરૂપમાં શાક્તવાદ ઘણો જ પ્રચલિત થયો છે. હિંદુધર્મની તંત્ર-સાધના અને મહાયાન બૌદ્ધમતની તંત્ર-સાધનાનું પૃથક્કરણ કરવાનું કામ કઠિન છે એમ જણાવી ન. દે. મહેતા[૨૭] આ બે ધર્મ સંપ્રદાયોનો ઘનિષ્ઠ સંબંધ વ્યક્ત કરતા કહે છે, "સામાન્ય શિક્ષણવાળા હિંદુઓ બૌદ્ધધર્મના સાહિત્યને તથા તત્ત્વદર્શનના સાહિત્યને જાણતા નથી, અને જે ધર્મ ભારતવર્ષમાં જન્મ પામી ભૂમંડળના ત્રણ ચતુર્થાંસ ભાગમાં ફેલાયો તે ધર્મનું સ્વરૂપ ભારતવર્ષના મનુષ્યો ભૂલી ગયા એટલું જ નહિ પરંતુ બૌદ્ધધર્મ હિંદુધર્મનો વિરોધી છે, એવી ભાવના દૃઢ થઈ જવાથી બૌદ્ધધર્મ પ્રતિ

---

૨૬ એ જ, પા. ૧૦૩

૨૭. એ જ, પા. ૧૫૬-૧૫૭

પૂર્વગ્રહ બંધાઈ ગયો. ઐતિહાસિક દૃષ્ટિથી હાલનો હિંદુધર્મ જે રૂપમાં છે તે રૂપમાં રચવામાં બૌદ્ધધર્મ અને બૌદ્ધ તત્ત્વજ્ઞાને મોટો હિસ્સો આપ્યો છે. વૈદિક પશુયજ્ઞોનો લોપ, અહિંસાનું પ્રાધાન્ય, જગતનું મિથ્યાત્વ વગેરે હાલના હિંદુધર્મના સિદ્ધાંતોનો સીધો વારસો વેદમાંથી નીકળી આવે એમ નથી, પરંતુ વચલા કાળના બૌદ્ધધર્મની આડકતરી અસરનું પરિણામ છે. બુદ્ધ ભગવાનને વિષ્ણુના અવતારમાં પુરાણોમાં ગણના કરી અને જગતની માયામમતા અથવા મિથ્યાત્વનો સિદ્ધાંત મહાયાનના બૌદ્ધોએ ન્યાયપુરસર રચેલો તે શાંકર વેદાંતે જેવો ને તેવો સ્વીકાર્યો. આ કારણથી શાંકર-અદ્વૈત દર્શન ઉપર ચુસ્ત સનાતન વેદવાદીઓએ પ્રચ્છન્ન બૌદ્ધપણાનો આક્ષેપ કર્યો. આ મુદ્દાઓ નિષ્પક્ષપાત દૃષ્ટિએ હિંદુઓએ ખાસ વિચારવા જેવા છે, અને બૌદ્ધધર્મે હિંદુઓને જે આપ્યું છે તેની અવગણના કરવા લાયક નથી. પ્રાચીન સાંખ્યદર્શનની અસર બૌદ્ધ આગમ ઉપર અને ભગવાન બુદ્ધના જીવન ઉપર થઈ. તે પ્રસંગે બ્રાહ્મણોએ બુદ્ધને ભૂમિકા રચી આપી અને બુદ્ધે ચાર આર્યસત્યોમાં દુઃખ સત્ય, દુઃખ-સમુદય સત્ય, નિરોધ સત્ય અને માર્ગ સત્ય બ્રાહ્મણોના સાંખ્ય સિદ્ધાંતનો નામાંતરે સ્વીકાર કરી પોતે નવો અષ્ટાંગ માર્ગ સ્થાપ્યો, ત્યાર પછી બૌદ્ધધર્મે વિજ્ઞાનવાદનો આશરો લઈ આ દૃશ્ય-જગત માયામય છે અને વિજ્ઞાન જ પરમસત્ય છે એ સિદ્ધાંત શાંકરવેદાંતને બદલામાં આપ્યો. ત્યાર પછી નિત્ય-સિદ્ધ ઈશ્વરવાદની બૌદ્ધોએ અવગણના કરવાથી શાંકરવેદાંતના નિત્ય-સિદ્ધ બ્રહ્મવાદે ક્ષણિક વિજ્ઞાનવાદને પાછો હઠાવ્યો અને બૌદ્ધમતના ગ્રાહ્ય અંશોનો પૌરાણિક હિંદુધર્મમાં બ્રાહ્મણોએ પ્રવેશ કરાવ્યો; બૌદ્ધધર્મની સ્વતંત્ર ઉપયોગિતા ભારતવર્ષમાં લય પામી, પરંતુ ભારતવર્ષમાં લય પામવાના સંધિએ બૌદ્ધધર્મના નવા મહાયાન શરીરમાં શક્તિવાદે પુનઃ નવું અવતરણ કર્યું અને તંત્રશાસ્ત્ર તિબેટ વગેરે બૌદ્ધધર્મવાળા દેશોમાં ઘણું ફેલાયું."

મૂળ સ્વયં-પ્રકાશ વસ્તુને ધર્મી તરીકે સ્વીકારતા શિવસંજ્ઞા અપાય છે અને ધર્મ તરીકે સ્વીકારતા શક્તિસંજ્ઞા અપાય છે. પ્રકાશ અને વિમર્શ—વિજ્ઞાન અને વેદ્ય બંને એક જ વસ્તુની બે બાજુઓ છે અને આથી શૈવ તથા શાક્ત દર્શન અદ્વૈતવાદી છે. પરંતુ શૈવ-શાકત દર્શનમાં શિવ પોતે જ પોતાની શક્તિ વડે જગતના વૈચિત્ર્યને ધારણ કરી અનેકના ભાસે છે એવું માનવામાં આવે છે.

આ શૈવ-શાકત અદ્વૈતમાં વેદાંતના જેવું પ્રપંચનું મિથ્યાપણું નથી, ન્યાય વૈશેષિકના જેવું આરંભવાદનો આશરો લઈ જગતનું કાર્યત્વ નથી, સાંખ્યયોગના જેવું પરિણામવાદનો આશ્રય લઈ અનેક વિકારવાળું જગતનું રૂપ નથી, બૌદ્ધોના

જેવું વિશ્વ અસત્ પણ નથી—પરંતુ વિલક્ષણ સ્વરૂપ, ચમત્કારરૂપે અદ્વૈતભાવ છે. આ સ્વરૂપ ચમત્કારમાં પ્રસંગે પ્રકાશભાવ આગળ પડે છે ત્યારે શિવપ્રાધાન્ય ભાસ થાય છે; જ્યારે વિમર્શભાવ (આત્મપરામર્શ) આગળ પડે છે ત્યારે શક્તિ-પ્રાધાન્ય ભાસ થાય છે; જ્યારે પ્રકાશ અને વિમર્શ સમભાવે હોય છે ત્યારે બ્રહ્મભાવ ભાસે છે. જડ, ચેતન વગેરે વિભાગ વસ્તુતઃ નથી, પરંતુ અદ્વૈત ભાવમાં ચઢવા સારુ શક્તિની પાયરીઓ છે. દેખાતા જડજગતની શક્તિને અધિભૂત પ્રકૃતિ-શક્તિ નામ આપવામાં આવે છે, દેખાતા જડાજડ જીવતા શરીરમાં અધ્યાત્મ પુરુષ શક્તિ રહેલી છે; તેના અંતર્યામી તરીકે શુદ્ધાધ્વાનિ શિવ-શક્તિ (ચિન્મયી અને આનંદમયી) રહેલી છે; જડ, જગત અને ચેતનબદ્ધ પુરુષની શક્તિઓનો સંબંધ કરાવનારી ત્રીજી અધિદેવ માયા-શક્તિ (વૈષ્ણવી) રહેલી છે. ટૂંકમાં, કોઈપણ પદાર્થ શક્તિ વિરહિત એટલે કાર્ય પ્રતીતિ કરવામાં અસમર્થ નથી. સ્વયંભૂ બ્રહ્મતત્ત્વ શક્તિના વિસર્ગ વડે અનેકાકાર થાય, શક્તિના બિંદુ-ભાવથી એકાકાર થાય છે. આ અનેકાકાર થવામાં લોક-દૃષ્ટિની જડ પ્રકૃતિ શક્તિ વસ્તુતઃ મૂળ વસ્તુના સંકલ્પશક્તિના પરિણામરૂપ છે. આદ્ય કારણરૂપે આદ્ય ચિન્મયી શક્તિ છે અને તેની પરંપરામાં આ સચરાચર જગત ઊભું થયું છે. આ પ્રકાશ અને વિમર્શનું, વિજ્ઞાનનો અને વેદ્યનો અદ્વૈતાદ્વૈતો થવાથી જગત-વિભ્રમ ઊભો થયો છે. પરંતુ આ વૈચિત્ર્ય કેવલ મિથ્યા પદાર્થ નથી, તેમાં વસ્તુનું એકરસપણું નથી, વિરસપણું નથી પણ સમરસપણું છે એમ શૈવ-શાકતો માને છે.

વેદાંતીનું એકરસપણું અને સાંખ્યયોગ વૈરાગ્યજન્ય વિરસપણું શાકતોને ઇષ્ટ નથી. ભોગ સાથે શૈવ-શાકતને વિરોધ નથી, મોક્ષ સાથે પક્ષપાતી સ્નેહ નથી, ભોગ-મોક્ષની એકવાક્યતા થઈ શકે એમ છે એવું શૈવ-શાકતનું માનવું છે. શાકતોનું એવું મંતવ્ય છે કે રસોઽવૈ સઃ એ શ્રુતિને સરળ અર્થમાં સમજવી હોય તો એ શક્તિવાદથી સમજવી શકાય એમ છે.૨૮

શાકત સંપ્રદાયની ઉજ્જૈણી બાજુનો પ્યાલ જેવો અને જેટલો આવવો જોઈએ તેટલો સામાન્યતઃ આવ્યો નથી, એનાં અનેક કારણો સંભવી શકે છે. શાકત સંપ્રદાયનો અભ્યાસ અને રજૂઆત પૂર્વગ્રહયુક્ત રીતે થાય છે, એની પરિભાષા તથા સંકેતભાષા સમજવી મુશ્કેલ હોવાથી તેમ જ શાકત સંપ્રદાયના અનુયાયીઓ બહુધા જડભાવે ક્રિયા પદ્ધતિ કરતાં હોવાને પરિણામે શાકત સંપ્રદાયની સમજ

૨૮ એ જ, પા. ૧૭૩-૧૭૪

એના ઇષ્ટ રૂપમાં કેટલીક વેળા પ્રાપ્ત થતી નથી. સાચા સ્વરૂપમાં શાક્ત સંપ્રદાય સમજવામાં આવે તો વ્યાવહારિક ધર્મનું સ્વરૂપ કેવું હોઈ શકે એનો આપણને એમાંથી સચોટ ખ્યાલ આવી શકે.

ઘ. તંત્ર સંપ્રદાય :

તંત્ર મતાનુસાર શક્તિ વિના શિવ જ્વરહિત મુડદા સમાન છે. કારણ કે શક્તિ વિના જ્ઞાન ગતિશીલ બની શકે નહિ. તંત્ર અનુયાયીઓ શિવ અને શક્તિને ભિન્ન ગણતા નથી અને એકનું બીજા વિનાનું અસ્તિત્વ શક્ય નથી એમ માને છે. કેટલીક વેળા શિવને પુરુષ તરીકે અને શક્તિને સ્ત્રી તરીકે ઉલ્લેખવામાં આવે છે, પરંતુ એકેય પુરુષ કે સ્ત્રી કે નાન્યતર નથી.

તંત્રને ક્રિયાયોગ સાથે સંબંધ છે. વૈદિક સિવાયની પુરાણકાળમાં ઉદ્ભવ પામેલી ક્રિયાને તાંત્રિક ક્રિયા તરીકે ઓળખાવાય છે. વૈદિક ક્રિયાને આથી નિગમ તરીકે અને તંત્ર ક્રિયાને આગમ તરીકે ઓળખાવાય છે. તંત્ર એક એવી પ્રક્રિયા છે જે વડે રહસ્યને મંત્ર અને ક્રિયા દ્વારા પામી શકાય.

આથી તત્ત્વજ્ઞાન અને યોગશાસ્ત્ર બંનેનો તંત્રમાં અનુભવ થાય છે. તંત્રક્રિયાના હાર્દમાં છૂપાયેલ ગુપ્ત વિદ્યા તત્ત્વજ્ઞાન દ્વારા જાણી શકાય છે. પરંતુ તંત્રની ક્રિયાવિધિ અસરકારક રીતે કરવાને માટે ન્યાસ, ધ્યાન વગેરે યોગસિદ્ધિઓનો ઉપયોગ કરવો જરૂરી છે. આમ, તત્ત્વજ્ઞાન દ્વારા ગુપ્ત વિદ્યા જાણી યોગ્ય વિધિ અનુસાર કર્મવિધિ આચરી બ્રહ્મ એકત્વ પ્રાપ્ત થઈ શકે છે એમ તંત્ર સ્વીકારે છે.

વૈદિક યજ્ઞ અને તાંત્રિક કર્મ વચ્ચે થોડો ભેદ છે. તંત્રમાં તંત્ર ઉપાસનાના બ્રહ્મભાવ, ધ્યાનભાવ, જપસ્તુતિ અને પૂજા એવા ચાર પ્રકાર છે. વૈદિક યજ્ઞ સમૂહમાં થઈ શકે તેમ તંત્રવિધિ પણ સમૂહમાં થઈ શકે. વૈદિક યજ્ઞની જેમ તાંત્રિક વિધિમાં પણ સ્ત્રીઓ ભાગ લઈ શકે.

તંત્રની વિધિ બૌદ્ધધર્મની મહાયાન શાખામાં પણ પ્રવેશી છે. મહાયાન શાખાની એક મુખ્ય શાખાને વજ્રયાન અથવા તો મંત્રયાન તરીકે ઓળખવામાં આવે છે. આ મંત્રયાન શાખાના વિવિધ સંપ્રદાયો પ્રાપ્ત છે. શ્રાવકયાન, પ્રત્યેકબુધ્યયાન, બોધિસત્વયાન, યોગતંત્રયાન, ક્રિયાતંત્રયાન, ઉપાયતંત્રયાન, મહાયોગતંત્ર, અનુત્તરયોગતંત્ર અને અતિયોગતંત્ર. આ દરેક યાનમાં ચાર સિદ્ધાંતો દૃષ્ટિપાદ, ધ્યાનપાદ, ચર્યાપાદ અને ફલપાદનો સમાવેશ થાય છે.

તંત્ર મતાનુસાર ગુરુનું સ્થાન વિશિષ્ટ છે અને ગુરુ વિના દીક્ષા કે મંત્રની સમજ પ્રાપ્ત થતી નથી. આમ છતાં, સાચો ગુરુ તો આદિનાથ મહાકાલ જ છે.

અને એ જ મનુષ્ય સ્વરૂપે ગુરુ તરીકે પ્રકટ થઈ દીક્ષા આપે છે, મંત્ર આપે છે અને તંત્રવિધિ દ્વારા ઈશ્વરસિદ્ધિ પ્રાપ્ત કરવાની સાધના શીખવે છે.

તાંત્રિક પ્રકાર બે છે—દક્ષિણ અને વામ. દક્ષિણમાર્ગ એ પ્રવૃત્તિમાર્ગ છે અને ઉત્તમ પ્રકારની સાધનાને માટે એ અનુકૂળ છે. વામમાર્ગ એ નિવૃત્તિમાર્ગ છે. સામાન્યતઃ વામમાર્ગની સમજમાં તંત્ર ઉપાસનામાં સમાવિષ્ટ પંચમકાર (મત્સ્ય, મદિરા, માંસ, મુદ્રા અને મૈથુન) અનુસારનો આચાર એવો થાય છે. આને મુકાબલે દક્ષિણમાર્ગ શુદ્ધ માર્ગ તરીકે ઓળખાય છે.

તંત્ર અનુયાયીઓ માને છે કે તેમના શાસ્ત્રમાં આપવામાં આવેલા નિયમોનું પાલન કરીને તંત્ર અનુયાયી ગૃહસ્થજીવન જીવતા છતાં ઉચ્ચતર સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. શાસ્ત્રજ્ઞાન, શબ્દબ્રહ્મ વિશે બોધ આપી શકે પરંતુ માત્ર વિવેકથી જ પરમબ્રહ્મનો અનુભવ કરી શકાય. તંત્રબોધ અનુસાર સર્જક બ્રહ્મા, સંચાલક વિષ્ણુ અને સંહારક શિવ બધા જ નાશવંત છે. એકમાત્ર પરમ સત્ય જ ચિરકાલ ટકી રહે છે. જે સાધકે તંત્રવિદ્યાનું આ જ્ઞાન સાચી રીતે પ્રાપ્ત કર્યું હોય અને એની રીતિઓનું અનુકરણ કર્યું હોય એને બ્રહ્મજ્ઞાન સાધે છે.

પ્રત્યેક ધર્મમાં આવા અનેક સંપ્રદાયો હોય છે. ધર્મની એ જ જવાદારી છે. ધર્મનું પલટાતું સ્વરૂપ એમના દ્વારા જ સમજી શકાય છે. ધર્મની ગતિશીલતા અને એનું ચેતનપણું એમાં જ પ્રત્યક્ષ થાય છે. પ્રત્યેક ધર્મના વિવિધ સંપ્રદાયોનો તુલનાત્મક અભ્યાસ ખૂબ જરૂરનો છે. પરંતુ તે આ પુસ્તકની મર્યાદા બહાર છે. આવો સ્વતંત્ર અભ્યાસ હાથ ધરાય તો ધર્મપ્રવાહની સવિશેષ સમજૂતી પ્રાપ્ત થાય.

હિંદુધર્મના સંપ્રદાયોની અત્રે કરેલી ટૂંક રજૂઆત માત્ર નમૂનારૂપ છે અને પુસ્તકની કદમર્યાદાને કારણે પ્રત્યેક ધર્મના સંપ્રદાયની આવી અને આટલી રજૂઆત કરી શકાય એ સંભવિત નથી.

હિંદુધર્મ

સંદર્ભ ગ્રંથસૂચિ

ઈલિયટ, સર ચાર્લ્સ : **હિંદુઈઝમ એન્ડ બુદ્ધિઝમ**, રૂટલેજ એન્ડ કેગનપોલ, લંડન, ૧૯૫૪.

ઓમેલે, એલ. એસ. : **પોપ્યુલર હિંદુઈઝમ, ધી રિલિજિયન ઓફ માસીસ,** કેમ્બ્રિજ, ૧૯૩૫.

કુમારસ્વામી, એ. કે. : **હિંદુઇઝમ એન્ડ બુદ્ધિઝમ : એ ફિલોસોફિકલ સ્ટડી,** દાસગુપ્તા એન્ડ કમ્પની, કલકત્તા, ૧૯૫૦.

કેટકર, એસ. વી. : **એન. એસે ઓન હિંદુઇઝમ,** ધ૬સ ફોર્મેશન એન્ડ ફ્યુચર, લંડન, ૧૯૧૧.

કીથ, એ. બી. : **ધી રિલિજિયન એન્ડ ફિલોસોફી ઓફ વેદ એન્ડ ઉપનિષદ,** હાર્વર્ડ યુનિ. પ્રેસ, કેમ્બ્રિજ, ૧૯૨૦.

કેનેડી, મેલવિલ ટી. : **ધી ચૈતન્ય મુવમેંટ,** એસોસિયેશન પ્રેસ, કલકત્તા, ૧૯૨૫.

ગાંધી, એમ. કે : **હિંદુધર્મ,** સં. ભારતન કુમારપ્પા. નવજીવન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ, ૧૯૫૦.

ગોલ્ડસ્ટકર, થિયોડોર : ધ૬સપાયર્ડ રાઇટિંગ્સ ઓફ હિંદુઇઝમ, સુશીલ ગુપ્તા લિમિટેડ, કલકત્તા, ૧૯૫૨.

ઘુર્યે, જી. એસ. : ધ૬ન્ડિયન સાધુસ, ધી પોપ્યુલર બુક ડેપો, મુંબઈ, ૧૯૩૫.

ચેટરજી સતીશચંદ્ર : **ધી ફન્ડામેન્ટલ્સ ઓફ હિંદુઇઝમ :** એ ફિલોસોફિકલ સ્ટડી, દાસગુપ્તા એન્ડ કું. કલકત્તા, ૧૯૫૦.

ઝીન્નર : **હિંદુઇઝમ,** લંડન, ૧૯૬૨.

થોમસ, ડબલ્યુ : **હિંદુઇઝમ, ઇન્વેડસ અમેરિકા,** ન્યુયોર્ક, ૧૯૩૦.

દત્તા, ધીરેન્દ્ર મોહન : **સીક્સ વેઝ ઓફ નોલેજ–એ ક્રિટિકલ સ્ટડી ઓફ ધી વેદાંત થિયરી ઓફ નોલેજ,** એલન એન્ડ અનવિન, લંડન, ૧૯૩૨

દેસાઈ, બી. જી: એથિકસ ઑફ ધી શિક્ષાપત્રી મ. સ. યુનિ. વડોદરા, ૧૯૭૦.

ધ્રુવ, આ. બા : **આપણો ધર્મ,** ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૪૨.

———**હિંદુ વેદ ધર્મ,** મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૬૦.

નિખિલાનંદ, સ્વામી : **એસેંસ ઓફ હિંદુઇઝમ.** રામકૃષ્ણ વિવેકાનંદ સેન્ટર, ન્યુયોર્ક, ૧૯૪૬.

નિર્વેદાનંદ, સ્વામી : **હિંદુઇઝમ એટ આ ગ્લાન્સ,** વિદ્યામંદિર, ઢાકુરિયા, ૧૯૪૬,

પ્રાટ, જે. બી. : ધ૬ન્ડિયા એન્ડ ઇટસ ફેઇથ, એ ટ્રાવેલર્સ રેકોર્ડ, ન્યુયોર્ક, ૧૯૧૫.

ફાર્કહર, જે. એન. : **મોડર્ન રિલિજિયસ મુવમેંટ ધન ધ૬ન્ડિયા,** ન્યુયોર્ક, ૧૯૧૫.

બર્થ, એ. : **ધી રિલિજિયન્સ ઓફ ધ૬ન્ડિયા,** લંડન, ૧૮૮૨.

બક, સી. એચ. : **ફેઇથ, ફેરસ, એન્ડ ફેસ્ટીવલ્સ ઓફ ધ૬ન્ડિયા,** કલકત્તા, ૧૯૧૭.

ડૉ. ભગવાનદાસ : **એન એડવાનસ્ડ ટેકસ્ટ બુક ઓફ હિંદુ રિલિજિયન એન્ડ એથિકસ,** થિયોસોફિકલ પબ્લિશિંગ હાઉસ, અડ્યાર, ૧૯૪૦.

ભટ્ટાચાર્ય, શિવ : **રિલિજિયસ પ્રેક્ટિસ ઓફ હિંદુસ** (ઇન) **રિલિજયન ઓફ હિંદુ,** ધી રેનાલ્ડ પ્રેસ, ન્યુયોર્ક, ૧૯૫૩.

ભાંડારકર, આર. જી. : **વૈષ્ણવીઝમ. શૈવીઝમ એન્ડ માયનોર રિલિજિયસ સીસ્ટમ્સ,** ટર્બનર એન્ડ કમ્પની, સ્ટ્રેસબર્ગ, ૧૯૧૩.

મિશ્રા, શિશિરકુમાર : **ધી એથિકસ ઓફ હિન્દુસ,** કલકત્તા યુનિ. પ્રેસ, ૧૯૨૫.

મેકસમૂલર : **ઇન્ડિયા, વોટ કેન ઇટ ટીચ,** લોંગમેન કમ્પની, ૧૯૩૪.

મોનીઅર, વિલિયમ્સ એમ : **રિલિજિયસ થોટ એન્ડ લાઇફ ઇન ઇન્ડિયા,** લંડન, ૧૮૮૩

———**હિંદુઇઝમ,** લંડન, ૧૮૭૭.

———**હિંદુઇઝમ.** સુશીલ ગુપ્તા લિમિટેડ, કલકત્તા, ૧૯૫૨.

મોરશન, કે. ડબલ્યુ (સં.) : **રિલિજિયન ઓફ હિંદુઝ,** ધી રેનાલ્ડ પ્રેસ, ન્યુયોર્ક, ૧૯૫૩.

રાધાકૃષ્ણન, એસ. : **હિંદુઇઝમ એન્ડ ધી વેસ્ટ** (ઇન) **મોડર્ન ઇન્ડિયા એન્ડ ધી વેસ્ટ,** સં. એલ. એસ. ઓમેલે, ઓક્સફર્ડ, ૧૯૪૧.

ધી હિંદુ વ્યુ ઓફ લાઇફ, એલન એન્ડ અનવિન, લંડન, ૧૯૨૭.

રીનો, એલ. : **રિલિજિયન્સ ઓફ એન્સિયન્ટ ઇન્ડિયા,** લંડન, ૧૯૫૩.

વીલ્કીન્સ, ડબલ્યુ. જે. : **મોડર્ન હિંદુ ઇઝમ,** થેકર સ્પીન્સ એન્ડ કમ્પની, કલકત્તા, ૧૯૦૦.

વેબર, મેક્ષ : **ધી રિલિજિયન ઓફ ઇન્ડિયા,** ગ્લેન્કો, ૧૯૫૮.

હિરિયન્ના, એમ : **ધી ઇસેન્સિયલ્સ ઓફ હિંદુ ફિલોસોફી,** એલન એન્ડ અનવિન, લંડન, ૧૯૪૯.

હેગ, એચ. : **લિડિંગ આઈડિયલ્સ ઓફ હિન્દુઇઝમ,** સુશીલ ગુપ્તા લિમિટેડ, કલકત્તા, ૧૯૫૧.

સેન, કે. એમ. : **હિન્દુઇઝમ,** લંડન, ૧૯૬૧.

સ્લેટર, ગીલબર્ટ : **ધી દ્રવીડીયન એલિમેન્ટ ઇન ઇન્ડિયન કલ્ચર,** લંડન, ૧૯૪૨.

શાસ્ત્રી, કે. એ. નિલકાંત : **ડેવલપમેન્ટ ઓફ રિલિજિયન ઇન સાઉથ ઇન્ડિયા,** ઓરિયેન્ટ લોંગમેન, ૧૯૬૩.

વૈષ્ણવ સંપ્રદાય

આયંગર, એસ. કે. : **અર્લી હિસ્ટરી ઓફ વૈષ્ણવીઝમ ઇન સાઉથ ઇન્ડિયા**, ઓક્ષફર્ડ યુનિ. પ્રેસ, લંડન, ૧૯૨૦.

કેનેડી, એમ. ટી : **ચૈતન્ય મુવમેન્ટ–એ સ્ટડી ઓફ વૈષ્ણવીઝમ ઓફ બેંગાલ**, કલકત્તા, ૧૯૨૫.

દે., એસ. કે. : **અર્લી હિસ્ટરી ઓફ વૈષ્ણવ ફેઇથ એન્ડ મુવમેન્ટ ઇન બેંગાલ**, જનરલ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ, કલકત્તા, ૧૯૪૨.

ભાંડારકર, આર. જી. : **વૈષ્ણવીઝમ, શૈવીઝમ એન્ડ માયનોર રિલિજિયસ સેક્ટસ**, સ્ટ્રેસબર્ગ, ૧૯૧૩.

રાજગોપાલાચારીઅર, ટી : **ધી વૈષ્ણવાઇટ રીફોરમર્સ ઓફ ઇન્ડિયા**, જી એ. નાટેસન કમ્પની, મદ્રાસ, ૧૯૦૯

રાવ, ટી. એ. ગોપીનાથ : **હિસ્ટરી ઓફ વૈષ્ણવવાંઝ**, મદ્રાસ યુનિ., ૧૯૨૩.

વિલસન, એચ. એચ. : **ધી વિષ્ણુ પુરાણ** સં. એફ. હૉલ, ટ્રુબનર એન્ડ કંપની, લંડન, ૧૮૬૪.

શાસ્ત્રી, દુર્ગાશંકર : **વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ**, શ્રી. ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૩૯.

સરકાર, જદુનાથ : **ચૈતન્યાઝ લાઇફ એન્ડ ટીચીંગ**, કૃષ્ણદાસ કવિરાજના ચૈતન્ય ભાગવતનો અનુવાદ, એમ. સી. સરકાર એન્ડ સન્સ, કલકત્તા, ૧૯૩૨.

શૈવ સંપ્રદાય

ઐયર, સી. વી. નારાયન : **ધી ઓરીજીન એન્ડ અર્લી હિસ્ટરી ઓફ શૈવીઝમ ઇન સાઉથ ઇન્ડિયા**, કલકત્તા, ૧૯૨૩.

કાર્તિરેસુ, એસ. એ. : **એ હેન્ડબુક ઓફ શૈવ રિલિજિયન**, જી. નાટેસન, કમ્પની, મદ્રાસ, ૧૯૫૦.

કુમારસ્વામી . **ધી વીરશૈવ ફિલોસોફી એન્ડ મિસ્ટીસીઝમ**, વી. આર. કોપાલ, ધારવાર, ૧૯૪૯.

નંદીનાથ, એસ. સી. : **હેન્ડબુક ઓફ વીરશૈવીઝમ**, ધારવાર, ૧૯૪૨.

પવાટે, એસ. ડી. : **વીરશૈવ ફિલોસોફી ઓફ ધી શીવગામા**, હુબલી, ૧૯૨૭.

પરનજ્યોતી, વી. : **શૈવસિદ્ધાંત**, લંડન, ૧૯૩૮.

પીલ્લાઈ, જે. એમ. નાલાસ્વામી : **શિવજ્ઞાન બોધમ**, ધરમપુર, અધીનામ, ૧૯૪૫.

———— **સ્ટડીઝ ઇન શિવ સિદ્ધાંત**, ધરમપુર, અધીનામ, ૧૯૪૫.

પીલ્લાઈ, તીરૂ. જી. એસ. : **ઇન્ટ્રોડક્શન એન્ડ હિસ્ટરી ઓફ શૈવ સિદ્ધાંત**, અન્નામલાઈ યુનિ., ૧૯૪૮.

માર્શલ, જે. : **મોહેન્જો-ડરો એન્ડ ઇન્ડિસ સિવિલિઝેશન**, આર્થર પ્રોબસ્થાઈન, લંડન, ૧૯૩૧.

મેથ્યુસ, ગોર્ડન : **એ મેન્યુઅલ ઓફ શૈવ રિલિજિયસ ડોક્ટ્રીન** (અનુ. શિવજ્ઞાન બોધમ્), ઓક્સફર્ડ યુનિ. પ્રેસ, ૧૯૪૮.

વેંકટરામનૈયા, એન. : **રુદ્રશીવા**, મદ્રાસ યુનિ., ૧૯૪૮.

શાખરે, એમ. આર. : **હિસ્ટરી એન્ડ ફિલોસોફી ઓફ લિંગાયત રિલિજિયન**, બેલગામ, ૧૯૪૨.

શાસ્ત્રી, દુર્ગાશંકર : **શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ**, ફાર્બસ ગુજરાતી સમાજ, મુંબઈ, ૧૯૩૧.

શિવપદા સુંદરમ્, એસ : **ધી શીવા સ્કૂલ્સ ઓફ હિન્દુઇઝમ**, બેલન એન્ડ અનવિન, લંડન, ૧૯૩૪.

શાકત સંપ્રદાય—તંત્ર સંપ્રદાય-અન્ય સંપ્રદાયો

બેવલોન, આર્થર (સર જ્હોન વુડ્રોફ) : **શક્તિ એન્ડ શાક્ત**, ગણેશ એન્ડ કમ્પની લિમિટેડ, મદ્રાસ, ૧૯૫૧.

ઘોષ, અટલબિહારી : **શિવ એન્ડ શાક્ત**, રાજશાહી, ૧૯૩૫.

ચક્રવર્તી, પી. સી. : **ડોક્ટરીન ઓફ શક્તિ ઇન ઇન્ડિયન લિટરેચર**, જનરલ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ, કલકત્તા, ૧૯૪૦.

ચિદાનંદ, સ્વામી : **ધી ફિલોસોફી ઓફ શક્તિ વરશીપ**, યોગવેદાંત ફોરસ્ટ એકેડેમી, ઋષિકેશ, ૧૯૬૦.

જનરાજદાસ, સો. : **થિયોસોફી એન્ડ મોડર્ન થોટ**, મદ્રાસ, ૧૯૧૫.

દાસગુપ્તા, એસ. એન. : **યોગ સીસ્ટીમ ઇન રીલેશન ટુ અધર સીસ્ટીમ્સ ઓફ ઇન્ડિયન થોટ**, કલકત્તા, ૧૯૩૦.

ભાગચી, પી. સી. : **સ્ટડીઝ ઇન તંત્રાસ**, કલકત્તા યુનિ., ૧૯૩૯.

વિવેકાનંદ, સ્વામી : **રાજયોગ**, ન્યુયોર્ક, ૧૯૨૭.

બેસંટ, એની : **પોપ્યુલર લેકચર્સ ઓન થિયોસોફી**, થિયોસોફિકલ પબ્લિશિંગ સોસાયટી, બનારસ.

મજુમદાર, પી. સી. : **ધી ફેઇથ એન્ડ પ્રોગેસ ઓફ બ્રહ્મોસમાજ**, કલકત્તા, ૧૯૩૪.

લજપતરાય : **આર્યસમાજ**, લોંગમેન્સ, લંડન, ૧૯૩૨.

લીયોનાર્ડ, જી. એસ. : **ધી હિસ્ટરી ઓફ બ્રહ્મોસમાજ ફ્રોમ ઇટસ રાઇઝ**, કલકત્તા, ૧૯૩૬.

વિલિંગ્સ્ટન, એફ. : **ધી બ્રહ્મોસમાજ એન્ડ આર્યસમાજ ઇન ધેર બેરિંગ અપોન ક્રિશ્ચાનીટી**, લંડન, ૧૯૦૧.

શાસ્ત્રી, શિવનાથ : **હિસ્ટરી ઓફ ધી બ્રહ્મોસમાજ**, કલકત્તા, વો. ૧–૧૯૧૧, વો. ૨–૧૯૧૨.

૧. સામાન્ય :

હિંદુધર્મના વિકાસમાં એક તબક્કે જૈનધર્મ ઉપસ્થિત થાય છે, એ હકીકત આપણે આગળ નોંધી છે. જૈનધર્મના સ્થાપક વર્ધમાન હિંદુ ક્ષત્રિય રાજકુળમાં જન્મ્યા હતા. પ્રવર્તમાન હિંદુધર્મમાંથી તેઓને સંતોષ ન હતો. એમના હિંદુ-ધર્મ માટેના અસંતોષનાં મુખ્ય કારણોમાં નીચેનાં વર્ણવી શકાય :

ક. બ્રાહ્મણ વર્ગનું એકહથ્થુ આધિપત્ય

ખ. વર્ણવ્યવસ્થાની જડતા

ગ. યજ્ઞમાં અપાતી આહૂતિમાં થતી હિંસા

ઘ. ધર્મશાસ્ત્રોની ભાષાની અજ્ઞાનતા

હિંદુધર્મની જે વિસ્તૃત ચર્ચા આગળ હાથ ધરી છે એવી ચર્ચા પ્રત્યેક ધર્મને માટે કરવી આ પુસ્તકની કદમર્યાદા બહાર છે. આથી ધર્મને કયા દૃષ્ટિબિંદુઓથી તપાસી શકાય એના એક દાખલારૂપ હિંદુધર્મની માવજતને સ્વીકારી, આપણે બીજા બધા ધર્મોના અગત્યના મુદ્દાઓ વિશે ટૂંકમાં ચર્ચા હાથ ધરીશું. આમ કરતી વેળા તુલનાના મુદ્દાઓનો પણ ઉલ્લેખ કરીશું.

૨. જૈન તત્ત્વજ્ઞાન :

જનધર્મનું હાર્દ સમજવા માટે જૈન તત્ત્વજ્ઞાનનો આછો ખ્યાલ મેળવવો આવશ્યક બને છે. જૈન તાત્ત્વિક મતાનુસાર સત્તા અથવા તો અંતિમ સત્ય અનાદિ તરીકે સ્વીકારવામાં આવે છે. અનાદિ હોવાને લીધે એનું સર્જન થયું છે એમ કહી શકાય નહિ. આ સત્તાને માટે જૈનદર્શન ત્રણ વિશિષ્ટતાઓ રજૂ કરે છે.

ક. ઉત્પાદ : ઉત્પન્ન થવું અથવા તો સાદૃશ્ય થવું.

ખ. વ્યય : નાશ થવો અથવા તો અદૃશ્ય થવું.

ગ. ધ્રુવ્ય : કાયમ અસ્તિત્વમય રહેવું.

આમ, અંતિમ સત્તા ઉત્પાદ, વ્યય અને ધ્રુવ્યની વિશિષ્ટતાઓને અનુલક્ષીને સમજાવી શકાય.

જૈન મતાનુસાર સૃષ્ટિનો પ્રત્યેક વિષય અસંખ્ય ગુણો ધરાવે છે. એમાંના કેટલાક પર્યાય (Modes) છે અને કેટલાક ગુણ (Qualities) છે અને આ પર્યાય અને ગુણ હંમેશા એક જ પદાર્થમાં હોવા છતાં બદલાતા રહે છે. પ્રત્યેક પદાર્થ એના ગુણો સહિત એક કાયમી સ્વરૂપનું અસ્તિત્વ ધરાવે છે; જ્યારે એમાં પર્યાય પલટો થતો રહે છે.

આમ, જૈનમત અંતિમ સત્તાને વિશે તેમ જ સૃષ્ટિના પદાર્થો વિશે સાતત્ય અને પરિવર્તન બંનેનો સ્વીકાર કરે છે અને આપણા પ્રત્યેક અનુભવની આ બે હકીકતો છે એનો આપણને ખ્યાલ આપે છે. પરિવર્તનમાં સાતત્યની શોધ એ જ જૈનમતનું મહત્ત્વનું કર્તવ્ય છે.

૩. પદાર્થ :

પદાર્થો સત્ય છે અને અસ્તિત્વમાન છે. આવા પદાર્થોના બે મુખ્ય વિભાગો પ્રાપ્ત થાય છે—એક, જીવ અને બીજો, અજીવ.

અ. જીવ પદાર્થ :

જીવ પદાર્થની ખાસિયત એની ચેતના છે. ચેતન જીવોની સંખ્યા અનેક છે. આ ચેતન જીવો પણ બે પ્રકારના હોય છે.

ક. બદ્ધ જીવ :

જે જીવો સંસારના બંધનમાં જકડાયેલા છે એ બધા બદ્ધ જીવો તરીકે ઓળખાય છે. આવા જીવો એકેન્દ્રિય કે દ્વિન્દ્રિય કે ત્રૈન્દ્રિય, ચતુષ્ટ ઇન્દ્રિય કે પંચ ઇન્દ્રિય જીવો હોઈ શકે.

ખ. મુક્ત જીવ :

જે જીવ સંસારના બંધનથી મુક્ત છે અને સંસારથી નિર્લેપ છે એ જીવો મુક્ત જીવ તરીકે ઓળખાય છે.

ગ. અજીવ પદાર્થ :

જૈનમત ચાર પ્રકારના અજીવ પદાર્થ સ્વીકારે છે.

ક. પુદ્ગલ

ખ. ધર્મ–અધર્મ

ગ. આકાશ

ઘ. કાલ

આમ, પુદ્ગલ (Matter) અથવા દ્રવ્ય, ધર્મ, અધર્મ (Principles of motion & rest), આકાશ (Space) અને કાલ (Time) એ ચાર અજીવ પદાર્થ છે. આ પદાર્થો અજીવ છે, કારણ કે એમનામાં કોઈ ચેતના નથી તેમ જ એમને કોઈપણ પ્રકારનું બંધન કે મુક્તત્વ નથી અને આમ છતાં આ પદાર્થો અસ્તિત્વમાન છે, સત્ય છે અને અનંત છે.

આથી જે મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે એ કે જીવ અને અજીવ પદાર્થ વચ્ચેનો સંબંધ શો ? જીવ અને અજીવ પદાર્થોનું સર્જન શી રીતે થયું ? ક્યારે થયું ? અને કોણે કર્યું ?

૪. સૃષ્ટિ સર્જન :

જૈનમત પ્રમાણે મહત્ત્વના પદાર્થો અનાદિ છે અને એથી એમના સર્જનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આથી જૈનમત માટે કોઈ સર્જનહારનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી. આટલા જ માટે કોઈ પરમતત્ત્વ આ સૃષ્ટિના સર્જનહાર તરીકે કે સંહારક તરીકે ઈશ્વરસ્વરૂપે અસ્તિત્વમાન છે એવા મતનો સ્વીકાર અહીંયાં થતો નથી.

પરંતુ અહીં બીજો એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પદાર્થો અનંત હોવા છતાં તેમ જ એમનું સાતત્ય જળવાયા છતાં એમાં પરિવર્તન થતું જ રહે છે એવો સ્વીકાર જનમતમાં થયો છે તે આપણે આગળ જોયું. એથી જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે એ કે આવું પરિવર્તન શી રીતે નીપજે છે ? પરિવર્તનની પ્રક્રિયા સમજાવવાને માટે પણ જનમત કોઈ દિવ્યતત્ત્વનો આશરો શોધતો નથી.

પદાર્થ–પદાર્થ વચ્ચેના સંયોગને પરિણામે જ પરિવર્તન થાય છે એમ આપણને એ સમજાવે છે.

જૈનધર્મ અને બૌદ્ધધર્મમાં પરિવર્તનની પ્રક્રિયાનો સ્વીકાર થયો છે અને છતાં એ પ્રક્રિયાને બંને જુદી જુદી રીતે ઘટાવે છે અને વિવિધ રીતે સમજાવે છે. સાતત્યનો સ્વીકાર અને એમાં પરિવર્તન એ જૈનમતની વિશિષ્ટતા છે. સાતત્યનો ઇન્કાર અને સદંતર પરિવર્તનનો સ્વીકાર એ બૌદ્ધમતની વિશિષ્ટતા છે.

આ ભેદ વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય એ માટે સમગ્રતયા એક નજર બંને મત પર નાંખવી જરૂરી છે. જૈનમત તર્ક વ્યાપાર પર આધારિત છે અને એથી તર્કાનુસાર જે પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે તે જૈનમતમાં સ્વીકાર પામી છે. સાતત્ય અને પરિવર્તન બંનેનો એક સાથે સ્વીકાર–બંનેની સમન્વયકારી સમજણ.

બૌદ્ધમત મનોવૈજ્ઞાનિક અનુભવ પર આધારિત છે અને એથી એ મત પરિવર્તનનો પુરસ્કર્તા બને છે અને સાતત્યનો ઇન્કાર કરે છે. જેટલે અંશે સાતત્યનો સ્વીકાર તેટલે અંશે પરિવર્તનની સંભવિતતાનો અસ્વીકાર. આમ, જૈનમત જ્ઞાનમીમાંસા પર અને બૌદ્ધમત મનોવિજ્ઞાન પર આધારિત હોય એમ લાગે છે.

૫. ઈશ્વરનું સ્થાન :

સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે જૈનમત નિરિશ્વરવાદી છે. સર્જનહાર ઈશ્વર તરીકે જૈનમત ઈશ્વરનો સ્વીકાર કરતો નથી, અને છતાંય એક આદર્શના સ્વીકાર તરીકે, મુક્તાત્માને તેઓ એક આધ્યાત્મિક આદર્શ તરીકે સ્વીકારે છે, અને એમનો પાસેથી માર્ગદર્શન અને પ્રેરણા પ્રાપ્ત થઈ શકે છે એમ માનવામાં તેઓ એનો ઈશ્વર તરીકે સ્વીકાર કરે છે.

આમ, જૈન મતાનુસાર ઈશ્વર કોઈ એવી શક્તિ નથી જે માનવીને સહાય કરી શકે કે એને નુકસાન કરી શકે. મુક્તાત્મા તો એની સમક્ષ પોતે સિદ્ધ કરવાના એક આદર્શ સમાન જ છે અને એ આદર્શને અનુલક્ષીને પોતે પોતાનું જીવન ઘડતર કરવાનું હોય છે. જૈનધર્મની પૂજા, પ્રાર્થના અને ધ્યાન આ જ અર્થમાં ઘટાવવાનો છે.

અહીંયાં આપણે એ સ્પષ્ટપણે જોઈ શકીશું કે ઈશ્વરની દિવ્યતાનો જે ખ્યાલ આપણને હિંદુધર્મમાં પ્રાપ્ત થાય છે તે આ ધર્મમાં પ્રાપ્ત થતા ખ્યાલ કરતાં જુદો છે. આ પ્રશ્નની તુલનાત્મક ચર્ચા આપણે અત્યાર પછી હાથ ધરીશું.

૬. આધ્યાત્મિક ઉત્ક્રાંતિ :

જૈનમતના પદાર્થની ચર્ચા કરતી વખતે આપણે એ જોયું કે સિદ્ધ જીવ એ ઉચ્ચતમ કક્ષા છે અને છતાંય સામાન્ય જીવ તો બદ્ધ સ્વરૂપનો જ છે.


પ્રત્યેક બદ્ધ જીવનો આદર્શ તો મુક્ત જીવ કે સિદ્ધ જીવ છે. આથી, અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે બદ્ધ જીવ શી રીતે સિદ્ધ જીવમાં રૂપાંતરિત થઈ શકે ? આવું રૂપાંતર ક્યારે થાય ? કેટલા સમયમાં થાય ? શી રીતે થાય ?

આ બધા પ્રશ્નોનો ઉત્તર આપવામાં જૈનમત ખૂબ સ્પષ્ટ છે. પ્રત્યેક જીવ સિદ્ધત્વ પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે છે. પરંતુ એ માટેનો પ્રયત્ન એનો પોતાનો જ હોવો જોઈએ. અન્ય કોઈ એને સિદ્ધત્વ પ્રાપ્તિના કાર્યમાં મદદરૂપ થઈ શકે નહિ – ઈશ્વર પણ નહિ.

પ્રચલિત બ્રાહ્મણમત કેટલે અંશે જૈનમતને અસ્વીકાર્ય હતો એ આમાંથી સ્પષ્ટ થાય છે. મુક્તત્વની પ્રાપ્તિ એ કોઈ વ્યક્તિની કૃપા કે ઈશ્વરની દયા પર આધારિત નથી, પરંતુ દરેક જીવે પોતાનું સિદ્ધત્વ પોતે જ પ્રાપ્ત કરવાનું છે અને એ માટેની જરૂરી શક્તિ પ્રત્યેક જીવે પોતે જ કેળવવાની છે, એ ખૂબ સ્પષ્ટ રીતે જૈનમતમાં કહેવાયું છે.

આધ્યાત્મિક ઉત્ક્રાંતિના પથ પર પ્રત્યેક જીવ એકલ પ્રવાસી છે. એ માર્ગ અનુસરતા બીજા અનેક જીવો હોવા છતાં કોઈપણ જીવને બીજા જીવનો ટેકો પ્રાપ્ત થઈ શકે એમ નથી.

આધ્યાત્મિક ઉત્ક્રાંતિના આ માર્ગમાં કેટલાંક સોપાનો વિચારાયાં છે. જૈનધર્મમાં સૂચવાયેલાં આ સોપાનોને આપણે નીચે પ્રમાણે રજૂ કરી શકીએ.



આમ, સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, તીર્થંકર અને સિદ્ધ, એ, જીવે પ્રાપ્ત કરવાના ચઢતા ક્રમનાં વિવિધ સોપાનો છે.

૭. કર્મના સિદ્ધાંત :

કર્મના સિદ્ધાંતની હિંદુધર્મમાં આપણે વિસ્તૃત ચર્ચા કરી છે. કર્મના સિદ્ધાંતનું જૈનધર્મમાં પણ ઘણું મહત્ત્વ છે. જીવ એક અનંત પદાર્થ હોવા છતાં એ બદ્ધ હોય છે અને એનું અંતિમ લક્ષ્ય સિદ્ધત્વ પ્રાપ્ત કરવાનું હોય છે. જો એ સિદ્ધત્વ જીવે પોતે જ કરવાનું હોય તો એના વર્તમાન જીવનકાળમાં સિદ્ધ થઈ જશે જ એમ કેમ કહી શકાય ? જો જીવનું સ્વરૂપ અનાદિ અને અનંત હોય અને એનો આદર્શ સિદ્ધત્વ પ્રાપ્તિનો હોય, તો એ બદ્ધ જીવ શી રીતે થયો ? અને એ બદ્ધત્વમાંથી એને મુક્તિ શી રીતે પ્રાપ્ત થઈ શકે ?

આ પ્રશ્નોના ઉત્તર જૈનધર્મનો કર્મ સિદ્ધાંત આપે છે.

પ્રત્યેક વર્તમાન જીવને કર્મ-ફળ-સંપૂટ હોય છે, અને એ સંપૂટના નિરાકરણથી જ સિદ્ધત્વની અવસ્થા સંભવે છે. જ્યાં સુધી જીવની મનસા-વાચા-કર્મણા પ્રવૃત્તિઓ ચાલુ છે ત્યાં સુધી કર્મસંપૂટના નિરાકરણની સંભવિતતા નથી. આથી એ નિરાકરણની પૂર્વશરત મન, વચન અને કર્મની પ્રવૃત્તિઓનો નકાર કરવામાં છે. કર્મના વિવિધ પ્રકાર, એની દીર્ઘતા, એનો આવેગ અને એના પ્રમાણને અનુલક્ષીને કર્મસંપૂટના વધારા કે ઘટાડાનો વિચાર કરી શકાય.

આથી, જૈનમત એમ સૂચવે છે કે કર્મસંપૂટનું નિરાકરણ કરવાને માટે નીચેના માર્ગો ગ્રહણ કરવા જોઈએ :

ક. મન, વચન અને દેહ કાર્ય ઉપર કાબૂ મેળવી એ બધાને સિદ્ધત્વની પ્રાપ્તિને માર્ગે વાળવા જોઈએ.

ખ. વિવિધ પ્રકારના ધાર્મિક અને નૈતિક કાર્ય આટોપીને સિદ્ધત્વના માર્ગે આગળ વધવાના પ્રયાસમાં આગળ વધી શકાય.

ગ. તપ, નિયમ અને સંયમનું પાલન કરીને સિદ્ધત્વના માર્ગે આગળ વધી શકાય.

આ ત્રણ માર્ગો અખત્યાર કરવાથી જીવ કર્મસંપૂટમાં નવાં કર્મોનો વધારો કરતો નથી અને એકત્રિત થયેલ કર્મસંપૂટમાં એકંદરે ઘટાડો થાય છે. જેમ જેમ કર્મસંપૂટ ઘસાતો જાય તેમ તેમ બદ્ધ જીવ સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, તીર્થંકર કે સિદ્ધની અવસ્થા પ્રાપ્ત કર્યે જાય.

૮. જૈન નીતિશાસ્ત્ર :

કેટલાક વિચારકો જૈનધર્મને નૈતિક ધર્મ (Ethical Religion) તરીકે ઓળખાવે છે. પરંતુ જૈનધર્મને માત્ર નીતિધર્મ તરીકે ઓળખાવવો એ તેને અન્યાય કરવા બરાબર છે. શુદ્ધ આચરણ એ જ માત્ર એક ધ્યેય હોત તો કદાચ એ ધર્મને નૈતિક ધર્મ તરીકે ઓળખાવી શકાત. પરંતુ જીવન શુદ્ધિની સાથે જ જૈનધર્મ જીવનમુક્તિને આદર્શ તરીકે સ્વીકારે છે. એટલું જ નહિ, જીવનસિદ્ધિ પ્રાપ્ત કરવાને માટે અથવા મુક્તિ પ્રાપ્ત કરવા માટે, જીવનશુદ્ધિ એ માત્ર માર્ગ છે એમ જૈનમત સ્પષ્ટપણે સ્વીકાર કરે છે. આથી, જેઓ જૈનધર્મને નૈતિક ધર્મ તરીકે ઘટાવે છે તેઓ, એક માર્ગને, ધ્યેય તરીકે સ્વીકારવાનો દોષ કરે છે એ જોઈ શકાશે.

કર્મસંપૂટની નાબૂદી માટે મન, વચન, વાણી અને કાર્યોની નિર્મળતા અથવા પવિત્રતાને જૈનધર્મ પૂર્વશરત તરીકે સ્વીકારે છે અને આથી જ સિદ્ધત્વના આધ્યાત્મિક માર્ગે પગરણ માંડતા પહેલાં જીવનની પૂર્વતૈયારીરૂપે નૈતિક જીવનઘડતર જૈન મતાનુસાર અગત્યનું બને છે. એથી, સાધુઓને માટે અતિ કડક અને ગૃહસ્થીઓ માટે સામાન્ય એવી આચારસંહિતા જૈનધર્મમાં આપવામાં આવી છે.

આચાર-સંહિતા :

જૈન આચારસંહિતામાં નીચેના પાંચ મુખ્ય વ્રતોનો સમાવેશ થાય છે.

૧. અહિંસા :

કોઈ પણ જીવની હિંસા કરવી નહિ અથવા તો તેને કોઈ પ્રકારે ઈજા કરવી નહિ.

૨. સત્ય :

જે જેવું છે તેને તેવા જ તરીકે રજૂ કરવું એ સત્ય. જુઠાણું, દંભ, અસત્યનો અભાવ એ સત્યની પૂર્વશરત.

૩. અસ્તેય :

કોઈની વસ્તુ ગ્રહણ ન કરવી કે પોતાની ન બનાવવી એટલે કે ચોરી ન કરવી.

૪. બ્રહ્મચર્ય :

યુવાકાળે સહજ પ્રાપ્ત થતી ઇન્દ્રિય-લાલસામાં મગ્ન ન બનતા સંયમ જાળવવો.

૫. અપરિગ્રહ :

પોતાને બિલકુલ જરૂરી એવી વસ્તુઓ સિવાય અન્યને ગ્રહણ ન કરવી તે અપરિગ્રહ.

આ પાંચ વ્રતો ગૃહસ્થીઓના સંબંધમાં અણુવ્રત તરીકે અને સાધુઓના સંબંધમાં મહાવ્રત તરીકે ઓળખાય છે. ગૃહસ્થને માટે બ્રહ્મચર્ય એટલે સંયમયુક્ત પત્ની–સમાગમ કે પતિ–સમાગમ. પરંતુ સાધુને માટે બ્રહ્મચર્ય એટલે સંપૂર્ણ ઇન્દ્રિય સંયમ.

જૈનધર્મની આ આચારસંહિતાનું સામાજિક અગત્ય ઘણું જ છે. આધુનિક વિશ્વના વિવિધ પ્રશ્નોના મૂળગામી ઉકેલ આ આચારસંહિતામાંથી પ્રાપ્ત થાય છે. જો નિષ્ઠાપૂર્વક કોઈપણ સમાજની પ્રત્યેક વ્યક્તિ આ આચારસંહિતાનું પાલન કરે તો પ્રવર્તમાન સામાજિક અનિષ્ટોનું અસ્તિત્વ રહે ખરું ?

સંદર્ભ ગ્રંથસૂચિ

આચાર્ય, ઉમાસ્વામી : **તત્ત્વર્થાધીગામા સુત્રા, એ ટ્રીટાઇઝ ઓન ઇસેન્સિયલ પ્રિન્સિપલ્સ ઓફ જૈનીઝમ**, અરાહ; ઇન્ડિયા, ૧૯૨૦.

કારભારી, બી. એફ. : **ધી કર્મ ફિલોસોફી, સ્પીચીઝ એન્ડ રાઇટીંગ્સ ઓફ વી. આર. ગાંધી**, બોમ્બે, ૧૯૧૩.

જૈન, સી. આર. : **વોટ ઇઝ જૈનીઝમ ?** અરાહ, ઇન્ડિયા, ૧૯૧૭.

——— **ધી કી ઓફ નોલેજ**, અરાહ, ઇન્ડિયા ૧૯૧૯.

જૈન, જ્યોતિપ્રસાદ : **જૈનીઝમ—ધી ઓલ્ડેસ્ટ લીવીંગ રિલિજિયન.**

જૈની, જે. એલ : **આઉટલાઇન ઓફ જૈનીઝમ**, કેમ્બ્રિજ, ૧૯૧૬.

ઝવેરી, એચ. એલ. : **ધી ફર્સ્ટ પ્રિન્સિપલ્સ ઓફ જૈનીઝમ**, લંડન, ૧૯૧૦.

ભરોડોયા, યુ. ડી : **હિસ્ટરી એન્ડ લીટરેચર ઓફ જૈનીઝમ**, બોમ્બે, ૧૯૦૯.

સમસુખ, પુરનચંદ : **લોર્ડ મહાવીર હીઝ લાઇફ એન્ડ ડોકટ્રીન્સ.**

સેન, એ. સી. : **સ્કૂલ્સ એન્ડ સેકટસ ઇન જૈન લિટરેચર.**

સ્ટીવનસન, એસ. (મીસીસ) : **ધી હાર્ટ ઓફ જૈનીઝમ**, લંડન, ૧૯૧૫.

૧. સામાન્ય :

વર્ધમાનની જેમ ગૌતમ બુદ્ધ પણ હિંદુ ક્ષત્રિય રાજવંશમાં જન્મ્યા હતા. એમના જીવન વિશેની વિવિધ દંતકથાઓ પ્રચલિત છે. યુવાકાળ સુધી જગતના દુઃખદાયી અનુભવોથી એમને પ્રયત્નપૂર્વક દૂર રાખવામાં આવ્યા હતા. પરંતુ સાચી સૃષ્ટિનાં દર્શન થતાં એમનો જીવનપલટો થયો અને રાજ્યનો ત્યાગ કરી તેઓ સત્યની શોધમાં નીકળ્યા.

પોતાના ધર્મમાં ખોજ કરતા આવું કોઈ સત્ય એમને ન લાધતાં એમણે પોતાના જન્મ–ધર્મનો વિરોધ કર્યો. તત્કાલીન પ્રવર્તમાન બ્રાહ્મણ સામ્રાજ્યવાદથી તેઓ તંગ આવી ગયા અને બ્રાહ્મણવર્ગની સામે માત્ર વિરોધ જ નહિ પરંતુ એક પ્રકારની સૂગ પણ કેળવાઈ. સ્વર્ગના દ્વાર બ્રાહ્મણ ખોલી શકે એનો એમણે ઇન્કાર કર્યો. યજ્ઞમાં આચરાતી હિંસાનો એમણે વિરોધ કર્યો. વર્ણાશ્રમ ધર્મનો અસ્વીકાર કર્યો અને રચનાત્મક રીતે માનવીએ પોતાની મુક્તિ પોતે જ સ્વપ્રયત્ને પ્રાપ્ત કરવાની છે એવો ચોક્કસ અભિપ્રાય વ્યક્ત કર્યો.

જૈનધર્મની જેમ બૌદ્ધધર્મને પણ કેટલાક વિચારકો નૈતિક ધર્મ તરીકે આલેખે છે. તે એ કારણે કે બૌદ્ધધર્મમાં વિશ્વના સર્જક એવા કોઈ ઈશ્વરનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર નથી, તેમ જ એવા કોઈ ઈશ્વરને માટેની પ્રાર્થનાનું પણ સ્થાન

નથી. બૌદ્ધધર્મ એક એવો માર્ગ છે જેના પાયા નૈતિકતા અને તત્ત્વજ્ઞાનમાં સમાયા છે અને એનો એક માત્ર આધાર સ્વરૂપ–સિદ્ધિ છે. આ હકીકત 'ધમ્મપદ'માં આ રીતે કહેવાઈ છે : "સર્વ અનિષ્ટોનો ત્યાગ કરવો જોઈએ."

"સર્વ શુભની પ્રાપ્તિનો પ્રયાસ કરવો જોઈએ અને મનની પવિત્રતા કેળવવી જોઈએ." બુદ્ધનો આ જ સંદેશ છે.

પ્રાર્થનાનું સ્થાન બૌદ્ધધર્મમાં ચિંતન અથવા તો સમાધિ લે છે. સમાધિથી આત્મસંયમ, આત્માનુશાસન, આત્મ નિર્મળતા અને અંતે આત્મબોધ થાય છે.

૨. ધર્મ સ્વરૂપ :

બૌદ્ધધર્મના સ્વરૂપની થોડી વાતો ઉપર નોંધી. પરંતુ, બૌદ્ધધર્મના સ્વરૂપ વિશે કેટલાક પ્રચલિત ખ્યાલોની સમીક્ષા કરવી જરૂરી છે.

૧. એમ કહેવાય છે કે બૌદ્ધમત નાસ્તિક છે.

એમ કહેવું કે બૌદ્ધમતમાં કોઈ પરમશક્તિનો ઇન્કાર કરવામાં આવ્યો છે એ વાજબી નથી. બુદ્ધે આવા પરમતત્ત્વની હયાતીનો કદીયે સ્પષ્ટ નકાર કર્યો નથી. કારણ કે પ્રત્યેક નકાર એની સાથે જ એક હકાર અથવા સ્વીકારને પ્રત્યક્ષ કરે છે.

એ સાચું છે કે બુદ્ધ પોતે પરમતત્ત્વ વિશે મૌન રહ્યા છે. પરંતુ, જો એમના મૌનને ઈશ્વરના ઇન્કાર તરીકે ન ઘટાવી શકાય તો એને બીજી શી રીતે ઘટાવી શકાય ? બુદ્ધનું ધ્યેય પ્રત્યેક જીવ માટે શાંતિ અને મુક્તિ પ્રાપ્ત કરવાનું રહ્યું છે. જગતમાંથી દુઃખ દૂર કરી શકાય એ એમનો આદર્શ રહ્યો છે. આપણે આગળ જોઈશું તેમ સૃષ્ટિમાં સર્વત્ર દુઃખ જ છે, સૃષ્ટિ દુઃખસભર છે એમ એમણે અવલોકયું અને અનુભવ્યું. આથી, એમનું એકમાત્ર ધ્યેય દુઃખનું નિરાકરણ કરવાનું રહ્યું. દુઃખના નિરાકરણ માટે કોઈ પ્રકારના પરમતત્ત્વની આવશ્યકતા એમને જણાઈ નહિ અને એથી એમણે એવા કોઈ પરમતત્ત્વ વિશે વિચારણા ન કરી તેમ જ એમના ઉદ્બોધમાં એવા કોઈ ઉલ્લેખો કર્યા નહિ. દુઃખના નિરાકરણ માટે પરમતત્ત્વનો સ્વીકાર કે એના સ્વરૂપની ખોજ એમને અનિવાર્ય લાગી નહિ.

આમ, બૌદ્ધધર્મને નાસ્તિક તરીકે ઘટાવી શકાય નહિ.

૨. કેટલાક વિચારકો બૌદ્ધધર્મ નિરાશાવાદી છે એમ કહે છે.

બૌદ્ધધર્મ નકારાત્મક વલણ અખત્યાર કરે છે અને જગતમાં સર્વત્ર દુઃખ છે એવા તારણ પર આવે છે.

પરંતુ જે હકીકત છે એનો સ્વીકાર કરવામાં જ બૌદ્ધધર્મ નિરાશાવાદી શી રીતે કહી શકાય? બૌદ્ધમત અનુસાર જગતમાં સર્વત્ર દુઃખ છવાયેલ છે, એ એક હકીકાત્મક કથન છે. માનવજીવનનું ધ્યેય દુઃખ છે એવું પ્રતિપાદન બૌદ્ધધર્મ કરતો નથી. માનવજીવનનું ધ્યેય નિર્વાણ છે અથવા મુક્તિ છે, જેનો આદર્શ તરીકે સ્વીકાર કરવામાં આવે છે.

બૌદ્ધમતને એક વૈદ્યના મત સાથે સરખાવી શકાય. દેહમાં રોગ રહેલો છે, એ એક હકીકત છે, પરંતુ એથી દેહ રોગિષ્ટ જ છે એવું વૈદ્ય કહેતા નથી. શરીરમાં રોગ હોય તો તેનું નિદાન કરવું જોઈએ અને એ નિદાન અનુસારની ચિકિત્સા કરવી જોઈએ. આને પરિણામે દેહમાંથી રોગ નાબૂદ થઈ ફરીથી પાછો દેહ તંદુરસ્ત બને છે અને તાજગી પ્રાપ્ત કરે છે. માનવજીવનમાં દુઃખનું અસ્તિત્વ એ એક હકીકત છે એમ બુદ્ધ સ્વીકારે છે. પરંતુ તેઓ જીવનને દુઃખ સાથે એકરૂપ બનાવતા નથી. જીવનનું સાચું હાર્દ મુક્તત્વમાં છે, દર્દમાં નહિ, જેમ જીવનનો આનંદ તંદુરસ્તીમાં છે અને રોગમાં નહિ. આથી જ બુદ્ધ દુઃખના કારણની તપાસ આદરે છે, એનું નિદાન સૂચવે છે અને એના પરિણામને સ્પષ્ટ રીતે રજૂ કરે છે. દુઃખનિવારણના માર્ગની રજૂઆતમાં કે દુઃખનિવારણ પછી પ્રાપ્ત થતી અવસ્થા અંગે વિચાર કરતા બૌદ્ધમત નિરાશાવાદી છે એમ શી રીતે કહી શકાય?

બીજી રીતે કહીએ તો બૌદ્ધમત ખૂબ આશાવાદી છે. કારણ કે એ મતાનુસાર પ્રત્યેક વ્યક્તિ નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે એમ માને છે. એટલું જ નહિ પરંતુ એ નિર્વાણપ્રાપ્તિમાં એને અન્ય કોઈનો આશરો લેવાની જરૂરિયાત નથી એમ પણ એ સ્વીકારે છે. આ દૃષ્ટિએ જોતા પ્રત્યેક માનવી સમક્ષ બૌદ્ધધર્મ એક આશાનો દીપ પ્રગટાવે છે જેની જ્યોતે માનવ પોતાનું જીવન ધન્ય બનાવવા પ્રયત્નશીલ રહે છે.

૩. બૌદ્ધધર્મના પાયા :

જે ત્રણ મુખ્ય બાબતો પર બૌદ્ધધર્મ આધારિત થયો છે તે નીચે મુજબ છે :

(૧) અનિત્ય

(૨) દુઃખ

(૩) અનાત્મ

સૃષ્ટિમાં કાયમનું કંઈ જ નથી. લગાતાર પરિવર્તન એ જ સૃષ્ટિનો ક્રમ છે અને એ જ એનો નિયમ છે. સાતત્ય શક્ય નથી. જે કંઈક અત્યારે છે એ પળ

પહેલાં ન હતું અને પછી પણ નહિ હશે. આ અર્થમાં કાયમી તત્ત્વ જેવું કોઈ તત્ત્વ અસ્તિત્વમાન નથી અને એથી વ્યક્તિનું પોતાનું પણ કોઈ સાતત્ય હોય એમ માની શકાય નહિ અને આમ છતાં, પ્રત્યેક વ્યક્તિ દુઃખના આવરણથી લદાયેલ છે, પ્રત્યેક વ્યક્તિના જીવનમાં દુઃખ ભર્યું છે એના સ્વીકાર ઉપર જ બૌદ્ધ-ધર્મ પોતાનો બોધ આપે છે.

૪. ચતુરાર્થ સચ્ચ :

બૌદ્ધધર્મનું હાર્દ ચાર ઉમદા સત્યોમાં સમાયેલું છે. એ ચાર સત્યો નીચે પ્રમાણે છે :

ક. દુઃખસચ્ચ
ખ. સમુદયસચ્ચ
ગ. નિરોધ સચ્ચ
ઘ. નિરોધાગામિની પતિપદા

આ ચાર સત્યોની થોડી વિસ્તૃત વિચારણા આપણે હાથ ધરીએ.

ક. દુઃખસચ્ચ :

આ એક એવું સાર્વત્રિક સત્ય છે જે પ્રત્યેક પ્રકારના અસ્તિત્વને લાગુ પાડી શકાય. હિંદુધર્મે કલ્પેલ માત્ર પૃથ્વીલોક કે મૃત્યુલોકને જ નહિ પરંતુ દેવલોકને પણ સત્ય આવરી લે છે.

માનવજીવનનાં વિવિધ પાસાંઓને અનુલક્ષીને એમ કહી શકાય કે માનવ-જીવનની પ્રત્યેક અવસ્થા દુઃખમય છે. એટલું જ નહિ, માનવ–માનવ વચ્ચેના પ્રસંગો અને સંબંધો દુઃખરૂપ છે. જન્મ, રોગ, જરા, મૃત્યુ દુઃખમય છે જ, પરંતુ સર્વ પ્રકારના સંયોગ–વિયોગ પણ દુઃખમય છે. એ જ રીતે પ્રત્યેક પ્રકારની આકાંક્ષા, આશા, નિરાશા વગેરે પણ દુઃખમય છે. આમ, માનવનો જન્મ દુઃખમાં થયો છે, એ દુઃખમાં જ જીવે છે અને જો સ્વપ્રયત્ને દુઃખનિવારણના કાર્યમાં એ મંડ્યો ન રહે તો એનું મૃત્યુ પણ એ જ દુઃખમય અવસ્થામાં થનાર છે.

દુઃખની વ્યાપકતા વિશે સ્પષ્ટ ખ્યાલ આવી શકે એ માટે પોતાના એકના એક મૃત્યુ પામેલા પુત્રને સજીવન કરવાની તૃષ્ણામાં ભગવાન બુદ્ધ પાસે આવનાર સ્ત્રીને તેઓ જે માર્ગ સૂચવે છે એમાંથી સ્પષ્ટ થાય છે. જે ઘરમાં દુઃખનો પડછાયો પ્રવેશ્યો જ ન હોય એવા ઘરથી એક મુઠ્ઠીભર રાઈ લાવવાનું કહેતાં, તે બાઈમાં નવી સ્ફૂર્તિ આવે છે અને એક મુઠ્ઠીભર રાઈની શોધમાં ઉત્સાહભેર ઘર–ઘર ફરે છે. પરંતુ એવું એક પણ ઘર એ મેળવી શકતી નથી જ્યાં દુઃખ ના

હોય. દુઃખની વ્યાપકતાનો આથી સ્પષ્ટ ખ્યાલ આવે છે અને ભગવાન બુદ્ધનું પરમ વાક્ય "સર્વમ્ ખલુ ઇદમ્ દુઃખમ્ દુઃખમ્" એને પ્રત્યક્ષ થાય છે.

હકીકત તરીકે દુઃખ અનુભવાય છે, એથી એનો સ્વીકાર કરવો જ રહ્યો. પરંતુ દુઃખના સ્વીકારમાત્રમાં એના નિરાકરણનો માર્ગ શી રીતે પ્રાપ્ત થાય? આથી જ બુદ્ધ દુઃખના કારણની તપાસ આદરે છે. દુઃખ સમસ્ત સૃષ્ટિમાં અને પ્રત્યેક જીવમાં વ્યાપ્ત એક હકીકત હોવા છતાં એ સૃષ્ટિ-તત્ત્વ-સ્વરૂપ કે વ્યક્તિ-તત્ત્વ-સ્વરૂપ નથી. દુઃખના કારણની શોધ બુદ્ધ મનોવૈજ્ઞાનિક રીતે આદરે છે.

ખ. સમુદયસચ્ચ :

આ બીજું આર્ય સત્ય દુઃખના કારણની અને તેના મૂળની સમજ આપે છે. માનવમનમાં સમાવિષ્ટ તૃષ્ણા સર્વ દુઃખના મૂળમાં છે એમ આ સત્ય આલેખે છે. ઇન્દ્રિયસુખ માટેની તૃષ્ણા કે પછી આ સૃષ્ટિમાં અસ્તિત્વ માટેની ઝંખના અથવા તો પૂછી દેવલોક, બ્રહ્મલોક યા ઇતરલોકમાં રહેવાની ઝંખના એ બધી જ ઝંખના એક જ પ્રકારની તૃષ્ણા જેવી છે. આવી તૃષ્ણા જ અલ્પજીવી આનંદની ઝાંખી કરાવે છે અને જેમ જેમ તૃષ્ણા સંતોષાય તેમ તેમ તૃષ્ણાના પ્રમાણમાં વધારો થતો રહે છે.

આમ, સર્વ દુઃખનું મૂળગામી કારણ 'તન્હા' કે 'તૃષ્ણા' છે. પરંતુ, માનવમાં તૃષ્ણા આધિપત્ય શી રીતે જમાવે છે? વ્યક્તિમાં જ્યારે 'અહં'નો આવિર્ભાવ થાય છે, અને એના સમગ્ર જીવનનું કેન્દ્રબિંદુ 'અહં' અખત્યાર કરે છે ત્યારે 'અહં'ના સંતોષને માટે 'અહં' જે તૃષ્ણા કરે છે એને સંતોષવાનો વ્યક્તિ પ્રયત્ન કરે છે. આમ કરીને વ્યક્તિ દુઃખના માર્ગે ધસડાય છે. આ અર્થમાં સુખપ્રાપ્તિની તૃષ્ણા, એ પણ ખરી રીતે દુઃખમય હોય છે. એક તૃષ્ણાનો સંતોષ બીજી અનેક એવી અન્ય તૃષ્ણાઓને જન્મ આપે છે. તૃષ્ણાનો સંતોષ ક્ષણભંગુર સંતોષ આપે છે, એમાંથી નવી તૃષ્ણાનો જન્મ થાય છે, અને એમ ને એમ તૃષ્ણા, સ્વલ્પ સુખની પ્રાપ્તિ, 'અહં'નો સંતોષ, એવું એક વિસ્તરતું વિષચક્ર સર્જાયે જાય છે; અને જેમ જેમ વ્યક્તિ આ વિષચક્રમાં વધુ ને વધુ અટવાય છે તેમ તેમ વ્યક્તિ સ્વરૂપસિદ્ધિની પ્રાપ્તિથી દૂર ને દૂર હડસાયે જાય છે.

ગ. નિરોધસચ્ચ :

પ્રત્યેક વ્યક્તિને તૃષ્ણા હોય છે, અને તૃષ્ણા જ સર્વ દુઃખનું મૂળ હોય તો તૃષ્ણાના ત્યાગમાં દુઃખનિવારણનો માર્ગ લાધે છે. આ જ બાબતનો બોધ આ ત્રીજું સત્ય આપે

છે. જો તૃષ્ણાનો ત્યાગ કરવામાં આવે તો સર્વ દુઃખોનો નાશ થાય છે અને પરિણામે જન્મ-મૃત્યુની ઘટમાળમાંથી મુક્તિ પ્રાપ્ત થઈ શકે. જેમ કોઈ દીપકમાં નવું તેલ પૂરવામાં ન આવે તો, એને પ્રાપ્ત થતું તેલ પૂરું થાય ત્યારે એ આપોઆપ હોલવાઈ જાય છે, તેમ વ્યક્તિ એના જીવનમાં નવી તૃષ્ણાનો સંચાર ન કરે તો પુરાણી તૃષ્ણાઓના પરિણામના ભોગાયટન પછી આપોઆપ સિદ્ધિની અવસ્થા પ્રાપ્ત થાય છે.

આમ, આ ત્રીજું આર્યસત્ય આપણી સમક્ષ એક આદર્શ રજૂ કરે છે એટલું જ નહિ, પરંતુ એક આશાદીપ પણ પ્રગટાવે છે. હકીકત આદર્શ નથી, એ સત્ય અહીંયાં રજૂ થાય છે. હકીકત પલટાવી શકાય એમ છે એનો અહીંયાં સ્વીકાર કરવામાં આવે છે. દુઃખ સર્વસ્વ નથી અને દુઃખમાંથી મુક્તિ શક્ય છે એ બે બાબત આ સત્ય આપણી સમક્ષ ભારપૂર્વક રજૂ કરે છે.

પરંતુ, પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે દુઃખનિવારણ શક્ય હોય તો તે કઈ રીતે શક્ય બને છે? આ માટે આપણે હવે પછીના સત્ય તરફ વળવું રહ્યું.

ઘ. નિરોધગામિની પતિપદા :

અત્યાર સુધીનાં આલેખાયેલાં સત્યો અનુભવ અને અવલોકન આધારિત કે તર્ક આધારિત રહ્યાં. પરંતુ, બૌદ્ધધર્મનું સર્જનાત્મક અંગ આ ચોથા સત્ય દ્વારા પ્રત્યક્ષ થાય છે. કારણ કે દુઃખનું નિરાકરણ શી રીતે કરી શકાય એમ છે એની રજૂઆત આ સત્ય દ્વારા કરવામાં આવી છે.

એક રીતે જોઈએ તો બધાં જ સત્યોમાં આ સત્ય અતિ અગત્યનું છે. કારણ કે આદર્શની સિદ્ધિનો માર્ગ અહીંયાં આલેખવામાં આવ્યો છે. આ માર્ગને 'આર્ય અષ્ટાંગિકોમાર્ગો' તરીકે ઓળખાવવામાં આવે છે.

૫. આર્ય અષ્ટાંગ-માર્ગ :

બૌદ્ધધર્મમાં પ્રબોધાયેલ અષ્ટાંગમાર્ગ અધ્યાત્મમાર્ગે આગળ વધતી વ્યક્તિને માર્ગદર્શક થાય એમ છે.

ચારિત્ર્ય, બુદ્ધિ અને મન : એકાગ્રતાને આવરી લેતો આ માર્ગ, વ્યક્તિના જીવનવ્યવહારને પ્રત્યેક તબક્કે નિર્ણીત કરતો, એક એવો માર્ગ છે જેમાં વિવિધ વિચારધારાઓ અને માર્ગોની અસર હોવા ઉપરાંત જેમાં એક પ્રકારનું સમન્વયીકરણ પણ પ્રાપ્ત થાય છે.

અષ્ટાંગમાર્ગને નીચેના કોઠામાં રજૂ કરી શકાય :

અષ્ટાંગમાર્ગ

શીલ	પન્ના	સમાધિ
૧. સત્ય વાણી	૧. સત્ય સમજણ	૧. સત્ય પ્રયત્ન
૨. સત્ય દૈહિક કાર્ય	૨. સત્ય વિચાર	૨. સત્ય ધ્યાન
૩. સત્ય જીવન નિર્ધાર		૩. સત્ય સમાધિ

અષ્ટાંગ માર્ગનાં ત્રણ મુખ્ય અંગ શીલ (નૈતિકતા–Morality), પન્ના (ડહાપણ–Wisdom) અને સમાધિ (ધ્યાન–Concentration) છે. આ ઉપરથી આપણે એ જોઈ શકીશું કે શીલ એ પન્ના અને સમાધિની પૂર્વશરત છે. શીલ વિના ડહાપણ પ્રાપ્ત થતું નથી અને શીલ અને ડહાપણ પ્રાપ્ત થયા વિના સમાધિ સંભવતો નથી.

આથી જ શીલ પર ભાર મૂકતાં સમ્યક્ વાણી, સમ્યક્ કાર્ય અને સમ્યક્ જીવનવ્યવહાર પર ભાર મૂકવામાં આવ્યો છે. માત્ર વ્યવહારની સમ્યકતા પૂરતી નથી અને એથી પન્નામાં સમ્યક્–મન અને સમ્યક્ નિર્ણયનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે માનસિક અને વાચિક સમ્યક્તા પ્રાપ્ત થાય ત્યારે એમાંથી જ સમ્યક્ પ્રયત્ન પરિણમે છે. એની સાથે જ સમ્યક્ ધ્યાન અને સમ્યક્ સમાધિ શક્ય બને છે. આથી જ આ ત્રણેનો સમાવેશ અષ્ટાંગમાર્ગના ત્રીજા અંગમાં કરવામાં આવ્યો છે.

આમ, આપણે એ જોઈ શકીશું કે સત વાણીથી શરૂ થયેલ અષ્ટાંગમાર્ગ આપણને વિવિધ સોપાનો દ્વારા એક એવી અંતિમ મજલ પર લઈ જાય છે જ્યાં મનની સંપૂર્ણ એકાગ્રતા પ્રાપ્ત થાય છે. એટલું જ નહિ, પરંતુ બુદ્ધત્વની અવસ્થાની પ્રાપ્તિ પણ શક્ય બને છે.

આથી જ બૌદ્ધધર્મમાં 'અષ્ટાંગમાર્ગ'નું મહત્ત્વ સવિશેષ છે.

અષ્ટાંગમાર્ગે વ્યક્તિ પ્રયાણ કરે ત્યારે એની સામે અનેક પ્રકારના અવરોધો ઉપસ્થિત થવાની સંભાવના રહે છે. આમાંના અનેક અવરોધો માનવીના પતનનું કારણ બની શકે. આમાં આપણે નીચેના કેટલાકનો સમાવેશ કરી શકીએ.

ઇન્દ્રિયલાલસા, તિરસ્કાર, ક્રોધ, આળસ, અસ્થિરતા, ચિંતા, સંશય, વિવાદ વગેરે ગણાવી શકાય. જ્યાં સુધી આ અને બીજા આવાં અવરોધક બળોને દૂર કરવામાં ન આવે ત્યાં સુધી અષ્ટાંગમાર્ગના પંથે આગળ વધવાની સંભાવના ઓછી રહે છે.

આ બધાં અવરોધક બળોને દૂર કરવા માટે તથા જે આદર્શ સિદ્ધ કરવા માટે વ્યક્તિએ પોતા સમક્ષ મૂકયો છે તે જલ્દીથી સિદ્ધ કરી શકાય એ માટે આ અવરોધક બળોના વિરોધી કેટલાંક બળોનો વિકાસ વ્યક્તિએ કરવો જરૂરી બને છે. આમાં આપણે મુખ્યત્વે કરીને શક્તિ, આનંદ, શાંતિ, સમાનતા, કરુણા, પ્રેમ, દયા વગેરેનો સમાવેશ કરી શકીએ.

માનવજીવનને એ વિરોધાભાસી બળો વચ્ચે ઝોલા ખાતા લોલક સાથે સરખાવી શકાય. ઘડીકમાં દુષ્ટ પ્રકારનાં બળો એના જીવન પર વર્ચસ્વ જમાવે છે અને જીવન એવાં બળોની સમીપ આવે છે, તો કયારેક ઇષ્ટ પ્રકારનાં બળો જીવન પર વર્ચસ્વ જમાવે છે અને જીવન પોતે એવાં બળોની સમીપ આવે છે. આર્ય અષ્ટાંગમાર્ગનો બોધ એ જ છે કે જીવન હંમેશા ઇષ્ટ બળોની સમીપ રહે અને એમ કરી કાળાનુક્રમે જીવનમાં વિકાસ પ્રાપ્ત થાય.

૬. કર્મનો સિદ્ધાંત :

હિંદુધર્મ તેમ જ જૈનધર્મમાં કર્મના સિદ્ધાંતની વિચારણા આપણે કરી. બૌદ્ધધર્મમાં પણ કર્મનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.

બૌદ્ધધર્મમાં સૃષ્ટિના કોઈ કાર્યનો સ્વીકાર કરવામાં આવ્યો નથી અને એથી સૃષ્ટિમાં પ્રવર્તમાન જીવન-મૃત્યુની ઘટમાળ તેમ જ સૃષ્ટિમાં પ્રવર્તતી અસમાનતા સમજાવવી જરૂરી રહે છે. સૃષ્ટિનો કોઈ સર્જનહાર હોય તો સામાન્યતઃ તેને અનુલક્ષીને આ બાબતો સમજાવવામાં આવે. પરંતુ બૌદ્ધધર્મમાં એવો કોઈ સ્વીકાર ન હોઈ, આ પ્રશ્નની સમજણ માટે કર્મનો સિદ્ધાંત આગળ ધરવામાં આવે છે.

સૃષ્ટિમાં પ્રવર્તતી અસમાનતા કોઈ અંધ તકને અનુલક્ષીને કે કોઈ અકસ્માત તરીકે કે સર્જનહારના સ્વૈરવિહાર તરીકે સમજાવી શકાય નહિ અને એથી બૌદ્ધધર્મમાં એ સમજાવવા માટે વ્યક્તિના પૂર્વજન્મનાં કાર્યોનો આશ્રય લેવામાં આવે છે. વ્યક્તિના આ જન્મના સ્થાન માટે અને એના વર્તમાન જીવન પ્રકાર માટે વ્યક્તિ પોતે જ સંપૂર્ણપણે જવાબદાર છે. એટલું જ નહિ પરંતુ વ્યક્તિ અત્યારે જે રીતે કાર્ય કરે છે એ અનુસારનું જીવન એને પ્રાપ્ત થશે એમ પણ બૌદ્ધમત ભારપૂર્વક કહે છે.

બૌદ્ધમતમાં પતિપદા-સમુત્પાદ(Dependent origination)ના સિદ્ધાંત અનુસાર અજ્ઞાનમાંથી નીપજતું 'કમ્મ' અથવા કર્મજીવન અને મૃત્યુની ઘટમાળ

માટે જવાબદાર છે. આ સમજાવવાને માટે એક લગાતાર હારમાળા આપવામાં આવી છે. અજ્ઞાનમાંથી સ્વૈચ્છિક ક્રિયાઓ નીપજે છે. એમાંથી ચેતનાનો ઉદય થાય છે. એમાંથી નામ-રૂપ આકાર ધારણ કરે છે. એમાંથી છ ઇન્દ્રિયો અસ્તિત્વમાં આવે. એથી ઇન્દ્રિય વસ્તુસમાગમ સ્થાપિત થાય છે. એમાંથી આવેગ (Sensation) જન્મે છે. એમાંથી તૃષ્ણા ઉત્પન્ન થાય છે.

એથી મમત્વ કેળવાય છે.

આ મમત્વ કર્મ પ્રેરે છે.

કર્મ જન્મનું કારણ બને છે.

આમ, સર્વ દુઃખનું મૂળ અજ્ઞાન છે અને એથી જો અજ્ઞાનને દૂર કરવામાં આવે તો એમાંથી ઉપસ્થિત થતાં બધાં જ સોપાનો દૂર થાય અને જન્મ-મૃત્યુની ઘટમાળમાંથી પણ છૂટકારો પ્રાપ્ત કરી શકાય.

૭. ધર્મપંથો :

જેમ હિંદુધર્મના વિવિધ ફાંટાઓ પ્રાપ્ત છે તેમ બૌદ્ધધર્મના પણ ચાર મહત્ત્વના ફાંટાઓ પ્રાપ્ત છે. સામાન્યતઃ મહાયાન અને હિનયાન એ બૌદ્ધધર્મના અલગ અલગ સંપ્રદાયો તરીકે નહિ પરંતુ એક જ બૌદ્ધધર્મના એ દૃષ્ટિબિંદુઓ સમાન રહ્યા છે.

મંદિર :

ઇતર ધર્મોની જેમ બૌદ્ધધર્મમાં પણ મંદિરનું એક આગવું સ્થાન છે. પરંતુ મંદિર એ માત્ર પૂજનનું સ્થાન ન રહેતા ધર્મસંઘઠક બળ તરીકે બૌદ્ધ-ધર્મમાં સવિશેષ સ્થાન પામ્યું છે.

પ્રાર્થના :

આપણે આગળ નોંધ્યું છે કે અન્ય ધર્મોમાં પ્રાર્થનાનું જે સ્થાન છે તેવું સ્થાન બૌદ્ધધર્મમાં 'ધ્યાને' લીધું છે અને છતાં આધુનિક સમયના બૌદ્ધ-મંદિરમાં જઈએ તો આ ધર્મમાં પણ પૂજા અને પ્રાર્થના કેટલે અંશે પ્રવેશ્યા છે, એનો કંઈક ખ્યાલ આવી શકે.

ઉપસંહાર :

બૌદ્ધધર્મનું એક અતિ આકર્ષક તત્ત્વ એના સ્થાપક ભગવાન બુદ્ધની કારુણ્યમયી મૂર્તિ તો છે જ. પરંતુ માનવજીવનને સમૃદ્ધ અને સબળ બનાવવા

માટે એમણે ઉપદેશેલ સરળ અને સાદો છતાંય ખૂબ જ સચોટ એવો રોજિંદો જીવનમાર્ગ છે. આથી જ કદાચ આજના માનવસમાજને પણ બૌદ્ધદર્શનમાંથી પોતાને અનુરૂપ એવું ઘણું પ્રાપ્ત થઈ રહે છે. અહિંસાનો આવિષ્કાર અને પંચશીલની ભાવના બૌદ્ધધર્મના બોધને પરિણામે નથી એમ તો કેમ જ કહી શકાય ?

સંદર્ભ ગ્રંથસૂચિ

આનંદ મેતેયા : **બુદ્ધિઝમ એન્ડ ધી મોડર્ન વર્લ્ડ ઇન બુદ્ધિસ્ટ એન્યુઅલ ઓફ સિલોન,** ૧૯૨૮.

ઑરગન, ટ્રોય વિલ્સન : **રીઝન એન્ડ એકસપિરિયન્સ ઇન મહાયાન બુદ્ધિઝમ,** જે. બી. આર., ૧૯૫૨.

ઇન્દ્ર, એમ. એ. : **ધમ્મપદ,** રાજગોપાલ એન્ડ સન્સ, દિલ્હી, ૧૯૪૬.

ઇલીયટ, સર ચાર્લ્સ : **હિન્દુઇઝમ એન્ડ બુદ્ધિઝમ,** ભાગ–૩, રૂટલેજ એન્ડ કેગનપોલ, લંડન, ૧૯૫૪.

કરુણારત્ને, ડબલ્યુ. એસ. : **અભિધમ્મા ઇન એનસાઇકલોપેડિયા ઓફ બુદ્ધિઝમ,** સંપા : જી. પી. મલાલાસાકેરે, કોલંબો, ૧૯૬૧.

કલીથર, એ. એલ. : **બુદ્ધિઝમ, ધી સાયન્સ ઓફ લાઇફ,** પેકિંગ, ૧૯૨૮

કારસ, પૉલ : **ધી ગોસ્પેલ ઓફ બુદ્ધ,** ધી ઓપન કાર્ટ પબ્લિશિંગ કંપની, શિકાગો, ૧૯૧૫.

કુમારસ્વામી, એ. કે. : **હિન્દુઇઝમ એન્ડ બુદ્ધિઝમ,** ફિલોસોફિકલ લાઇબ્રેરી, ન્યૂયોર્ક.

કેઇમિ, આર્થર બી. : **બુદ્ધિસ્ટ ફિલોસોફી ઇન ઇન્ડિયા એન્ડ સિલોન,** કલેરેડોન, ૧૯૨૩.

કોન્ઝે, ઈ. : **બુદ્ધિસ્ટ મેડિટેશન,** લંડન, ૧૯૫૬.

——— **એ શોર્ટ હિસ્ટરી ઓફ બુદ્ધિઝમ,** મુંબઈ, ૧૯૬૦.

——— **બુદ્ધિસ્ટ થોટ ઇન ઇન્ડિયા,** લંડન, ૧૯૬૨.

ગ્રીમ, જી. : **ધી ડોકટ્રીન ઓફ બુદ્ધ—ધી રિલિજિયન ઓફ રીઝન,** લેપઝીગ, ૧૯૨૬.

ચાર્લ્મસ, હોર્ડ : **બુદ્ધાસ ટીચીંગ,** હાર્વર્ડ ઓરિએન્ટલ સીરીઝ, વો.–૩૭, હાર્વર્ડ યુનિ. પ્રેસ, ૧૯૩૨.

જયાટીલ્લક, કે. એન. : **અર્લી બુદ્ધિસ્ટ થિયરી ઓફ નોલેજ,** લંડન, ૧૯૬૩

જ્યાસૂર્યા, ડબલ્યુ. એફ : **ધી સાયકોલોજી એન્ડ ફિલોસોફી ઓફ બુદ્ધિઝમ** કોલંબો, ૧૯૬૩.

જૂનસેકેર, લક્ષ્મી આર. : **'અભિધમ્મા' ઇન એનસાઇક્લોપેડિયા ઓફ બુદ્ધિઝમ,** સિલોન, ૧૯૬૧.

ડેવીડ રાઇસ, સી. એ. એફ. : **બુદ્ધિઝમ,** હેન્ત્રી હોલ્ટ એન્ડ કંપની, ન્યૂયોર્ક, ૧૯૧૨.

ડેવીડ્સ, ટી. ડબલ્યુ. રાઇસ : **બુદ્ધિઝમ,** લંડન, ૧૯૦૪.

———— : **બુદ્ધિસ્ટ સૂત્રાસ,** સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ સીરીઝ, ગ્રંથ–૧, ઓક્સફર્ડ, ૧૮૮૧.

દત્ત, સુકુમાર : **ધી બુદ્ધ એન્ડ આફ્ટર ફાઇવ સેંચ્યુરીઝ,** લંડન, ૧૯૫૭.

થોમસ, ઈ. જે. : **ધી હિસ્ટરી ઓફ બુદ્ધિસ્ટ થોટ,** લંડન, ૧૯૫૧.

ન્યાના પોનીકા : **અભિધમ્મા સ્ટડીઝ,** કોલંબો, ૧૯૪૯.

ન્યાના મોલી : **ધી પાથ ઓફ પ્યુરીફીકેશન** (બુદ્ધઘોષાનો વિશુદ્ધિમાગ્ગોનો અનુવાદ), કોલંબો, ૧૯૬૪.

પ્રેટ, જે. બી. : **ધી પીલગ્રીમેજ ઓફ બુદ્ધિઝમ,** મેકમિલન કમ્પની, ન્યૂયોર્ક, ૧૯૧૨.

પીયાદાસી : **ધી બુદ્ધાસ એન્સિઅન્ટ પાથ,** લંડન, ૧૯૪૦.

બર્ટ, ઈ. એ. : (સં.) **ધી ટીચીંગ્સ ઓફ કમ્પેશનેઇટ બુદ્ધા,** ન્યુ અમેરિકન લાઇબ્રેરી, મેન્ટોર, ૧૯૫૫.

ભીક્ખુ સુભદ્રા : **ધી મેસેજ ઓફ બુદ્ધિઝમ,** કેગનપોલ, ટ્રેન્ચ ટ્રબનર એન્ડ કમ્પની, લંડન, ૧૯૨૨.

મૂર્તિ, ટી. આર. વી. : **ધી સેન્ટ્રલ ફિલોસોફી ઓફ બુદ્ધિઝમ,** લંડન, ૧૯૫૫.

લીંગ ટ્રેવોર : **બુદ્ધિઝમ એન્ડ માયથોલોજી ઓફ ઇન્ડિયા,** લંડન, ૧૯૬૨,

———— : બુદ્ધ, માર્કસ એન્ડ ગોડ, લંડન, ૧૯૬૬.

વર્ડ, સી. એચ. એસ. : **બુદ્ધિઝમ** (ગ્રંથ ૧), **હીનયાન** (ગ્રંથ ૨,), **મહાયાન** (ગ્રંથ ૩), ધી ઇપવર્થ પ્રેસ, લંડન, ૧૯૪૭, ૧૯૫૨.

વેલી, ડી. લા : **ધી વે ટુ નિર્વાણ,** કેમ્બ્રિજ, ૧૯૧૭.

શ્રદ્ધો ટચીઅન : **ધી એથિકસ ઓફ બુદ્ધિઝમ,** લંડન, ૧૯૨૨.

સુકુઝી, ડાયસેટ ટીટેરો : **એસેઝ ઇન ઝેન બુદ્ધિઝમ,** રાઇડર કંપની, લંડન, ૧૯૨૬.

સુકુઝી, બી. એલ. : **મહાયાન બુદ્ધિઝમ,** લંડન, ૧૯૪૮.

સુન્દર્સ, કે. જે. : **બુદ્ધિઝમ ઇન ધી મોડર્ન વર્લ્ડ,** લંડન, ૧૯૨૨.

સ્મીથ, એફ. એચ. : **ધી બુદ્ધિસ્ટ વે ઓફ લાઈફ,** હટચીન્સન કમ્પની, લંડન, ૧૯૫૧.

હકમન, એચ. : **બુદ્ધિઝમ એઝ એ રિલિજિયન,** લંડન, ૧૯૧૦.

હેમીલ્ટન, સી. એસ. : **બુદ્ધિઝમ ઇન ચાયના,** (સં. એચ. એફ. માકનેર) યુનિ. ઓફ કેલિફોર્નિયા, ૧૯૪૬.

હેર, ઈ. એમ. : **વોચન કેઇડન્સીસ ઓફ અર્લી બુદ્ધિઝમ,** ઓક્સફર્ડ, ૧૯૪૫.

હોલ્મ્સ, એલ. : **બુદ્ધિઝમ એન્ડ બુદ્ધિસ્ટ ચાયના,** ન્યૂયોર્ક, ૧૯૨૪.

૧. સામાન્ય :

સંપૂર્ણપણે એકેશ્વરવાદી તરીકે ઓળખાતો ધર્મ હોય તો તે હિબ્રૂધર્મ છે. પરંતુ મૂળથી જ હિબ્રૂધર્મ એકેશ્વરવાદી રહ્યો નથી. સેમેટિક પ્રજાના ધાર્મિક જીવનમાંથી હિબ્રૂધર્મની ઉપસ્થિતિ થઈ છે. શરૂઆતના તબક્કે તેઓ અનેક દેવોને માનતા. સૃષ્ટિની લગભગ દરેક વસ્તુ માટે એક દેવ છે, એવું તેઓ સ્વીકારતા. એટલું જ નહિ પરંતુ સૃષ્ટિની વસ્તુઓ અને તેમના દેવો વચ્ચે એક પ્રકારનો ઘનિષ્ઠ સંબંધ છે એમ પણ તેઓ સ્વીકારતા. શરૂઆતનો હિબ્રૂધર્મ આ રીતે અનેકેશ્વરવાદી હતો અને નૈતિકતાના કેટલાક સિદ્ધાંતોની રજૂઆત સિવાય એમાં વિશેષ કંઈ હતું નહિ.

આજે હિબ્રૂધર્મ તરીકે ઓળખવામાં આવે છે, અને જે એકેશ્વરવાદી છે તે ધર્મ તો આવા પાયા પરથી, નૈતિક એકેશ્વરવાદમાં, પયગંબરોના બોધને લીધે વિકસેલો ધર્મ છે.

૨. હિબ્રૂધર્મનો વિકાસ :

હિબ્રૂધર્મનો વિકાસ મુખ્યત્વે કરીને એ ધર્મના પયગંબરોના શિક્ષણમાં

પ્રાપ્ત થાય છે. હિબ્રૂ પયગંબરવાદ ખૂબ ગતિશીલ રહ્યો છે અને નૈતિકતા પર આધારિત રહ્યો છે.

પ્રત્યેક પયગંબર પ્રભુમાં અખૂટ શ્રદ્ધા ધરાવે છે અને એમ માને છે કે સૃષ્ટિના જીવોને પ્રભુનો આદેશ પહોંચાડવા માટે પ્રભુએ એમની પસંદગી કરી છે. પ્રભુની વાણીનો આવિષ્કાર કરી તેને જનસમુદાય સુધી પહોંચાડવાનું કર્તવ્ય એમને શિરે પ્રભુએ આદેશરૂપે લાદ્યું છે.

"પ્રભુએ મને કહ્યું, તું બાળક છે એમ કહીશ નહિ કારણકે હું તને જેની પાસે મોકલીશ ત્યાં તું જઈશ અને હું તને જે આદેશ આપીશ તે તું તેમની સમક્ષ રજૂ કરીશ."[૧]

ઈ. સ. પૂ. ૧૨૦૦ કે જ્યારે મોઝિઝે ઇજિપ્તના સકંજામાંથી 'હિબ્રૂ' ધર્મને છોડાવ્યો ત્યાંથી લગભગ ઈ. સ. પૂ. ૮૫૦ સુધી હિબ્રૂધર્મ સંપૂર્ણપણે એકેશ્વરવાદી ન હતો.

અને છતાં વિવિધ પયગંબરોના હાથે હિબ્રૂધર્મની જે પ્રગતિ થઈ છે તે હિબ્રૂધર્મને એકેશ્વરવાદી ધર્મ તરીકે સ્થાપવામાં કારણભૂત બને છે. આ પયગંબરોમાં આપણે નીચેના મુખ્ય પયગંબરો વિશે વિચારણા કરીશું. અબ્રાહમ, મોઝિઝ, એલિજા, ટિકોઆના એમોસ, ઇશીયા, તથા હોસીયા.

૬. અબ્રાહમ :

હિબ્રૂધર્મમાં અબ્રાહમ પ્રથમ પયગંબર તરીકે સ્વીકારાયા છે. હિબ્રૂ એમને 'ભક્તોના પિતા' તરીકે સ્વીકારે છે. હિબ્રૂધર્મ તેમ જ ખ્રિસ્તીધર્મમાં એમનું સ્થાન અનન્ય છે.

"તેઓ પ્રભુમાં માનતા અને એમ માનતા કે એ જ ધર્મ છે."[૨] વળી શ્રદ્ધાપૂર્વક એમ પણ માનતા કે સૃષ્ટિના જીવોને તેઓ આનંદ આપી શકશે.[૩]

એમની આવી શ્રદ્ધાને પરિણામે જ તેઓ પ્રભુના પ્યારા હોવા ઉપરાંત ભક્તોના પણ પ્યારા બન્યા. એમને માટે હિબ્રૂ ધર્મગ્રંથોમાં તેમ જ ખ્રિસ્તી ધર્મગ્રંથોમાં પણ માનભર્યા ઉલ્લેખો આવે છે અને એમને 'ઈશ્વરના મિત્ર' તરીકે આલેખવામાં આવે છે.[૪]

---

૧. જેરેમી ૧.૭ (હયુમ પા. ૧૭૦–૧૮૯)

૨. જેનેસીસ ૧૫.૬

૩. જેનેસીસ ૨૪.૩

૪. ક્રોનિકલ્સ–૨૦.૭; જેમ્સ ૨.૨૩; ઇશીયાહ ૪૧.૮

હિબ્રૂધર્મમાં અબ્રાહમનું સ્થાન ખૂબ માનભર્યું હોવા છતાં અબ્રાહમે પોતાના ધાર્મિક બોધને કોઈ વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું નથી. આથી હિબ્રૂધર્મના ઇતિહાસમાં તેઓ મહત્ત્વના પ્રથમ પુરુષ હોવા છતાં હિબ્રૂધર્મના સ્થાપક તરીકેનું બિરુદ એમને સામાન્યતઃ આપવામાં આવતું નથી.

ખ. મોઝિઝ :

હિબ્રૂધર્મને વ્યવસ્થિત સ્વરૂપ આપવાનું અને એક સ્વીકાર્ય ધર્મ તરીકે એને સ્થાપવાનું માન મોઝિઝને ફાળે જાય છે. મોઝિઝ પોતે ઇજિપ્તમાં વસતા હતા અને જન્મે હિબ્રૂ હતા. રાજ્યવ્યવસ્થામાં એમનું ઉચ્ચ સ્થાન હતું. પરંતુ એક દિવસ એક ઇજિપ્તિશયને એક હિબ્રૂને ગાળો આપી. એથી મોઝિઝનું લોહી ઉકળ્યું અને તેમણે તે ઇજિપ્તિશયનને મારી નાખી પોતે જંગલમાં ગયા. જંગલમાં એમને ઈશ્વરવાણી સંભળાઈ અને એમને એમ લાગ્યું કે જેહોવા એમને પોકારી રહ્યા છે અને કહે છે : "આ ઇજિપ્તિશયનો મારા માણસોને દુઃખી કરે છે, તેથી તું તેમને બચાવ."[૫]

આ ઈશ્વર આદેશ સાંભળી મોઝિઝમાં એક પરિવર્તન આવ્યું અને કહ્યું: "હું તે છું."[૬] હિબ્રૂધર્મનો ઉદ્ધાર કરવાનું કાર્ય અને હિબ્રૂધર્મને અન્યના સંકજ્ઞમાંથી મુક્ત કરવાનું કાર્ય એમણે પોતે સ્વીકારી લીધું.

ધર્મને વ્યવસ્થિત સ્વરૂપ આપવાને માટે એમણે વિવિધ જાતિઓને એકત્રિત કરી, જેહોવાની પૂજા દાખલ કરી અને વ્યક્તિગત જીવનની દોરવણી માટે નીચે મુજબના દશ આદેશો આપ્યા :

1. Do not commit adultery.
2. Do not kill.
3. Do not steal.
4. Do not bear false witness.
5. Defraud not your neighbour.
6. Defy not God.
7. Honour thy father.
8. Honour thy mother.

---

૫. એક્સોડસ – ૨.૩.

૬. સરખાવો – હિંદુધર્મનું "अहं ब्रह्मास्मि"

9. Honor thy God.

10. Observe the Sabbath-day and keep it holy.

આમ, એક ઈશ્વરનો સ્વીકાર કરી તથા તેની પ્રાર્થના દાખલ કરી અને જીવનની નૈતિકતાના મહત્ત્વના આદેશો આપીને એમણે લોકોની ધાર્મિક લાગણીને વ્યવસ્થિત ઘાટ આપ્યો અને એમાંથી જ કાળાનુક્રમે હિબ્રૂધર્મનો વધુ વિસ્તાર થયો.

જગતની કોઈપણ ધાર્મિક પ્રજાને પોતાના ધર્મની ઉત્પત્તિના સ્થાનમાંથી બહાર નીકળવું પડયું હોય અને એક ભટકતી પ્રજા તરીકે જીવવું પડયું હોય તો એ હિબ્રૂ પ્રજા છે. અને આમ છતાંય એમણે એમના ધર્મનો લોપ થવા દીધો નથી. અનેક વિટંબણાઓ છતાં ધર્મને સજીવ રાખ્યો છે, એટલું નહિ પરંતુ ધર્મશાસ્ત્રોનું જતન કરી, પયગંબરોએ આપેલા આદેશોનું પાલન કરી, ધર્મની પ્રગતિ માટેનો માર્ગ મોકળો કર્યો છે.

૧. એલિજા (ઈ. સ. પૂ. ૮૫૦) :

એલિજાના સમય પૂર્વે હિબ્રૂ લોકો, મોઝિઝે દાખલ કરેલ ઈશ્વર જેહોવાનું પૂજન કરતા હતા. પરંતુ પોતાના આરાધ્યદેવ સિવાય બીજા દેવોના અસ્તિત્વનો નકાર તેઓ નહતા કરતા. આના ઉદાહરણ તરીકે, ઇતિહાસમાં જે ડાહ્યા રાજા તરીકે ઓળખાય છે તે, સોલોમને ત્રણ જુદા જુદા દેવો માટે જેરૂસલેમમાં ત્રણ જુદાં જુદાં મંદિરો બંધાવ્યાં તે છે. એમણે એક મંદિર જેહોવા માટે, બીજું એમોનાઈટના ઈશ્વર મોલોચ માટે અને ત્રીજું મોએલાઈટસના ઈશ્વર એમોસ માટે બંધાવ્યું હતું.

આના બીજા ઉદાહરણ તરીકે, ઈ. સ. પૂર્વે ૧૮૭૬ થી ૧૮૫૪ના અહબના રાજ્યકાળ દરમ્યાન ટાંયરના દેવ બાલની પૂજાને જેહોવાની પૂજા કરતા પ્રાધાન્ય આપ્યું હતું એમાંથી પણ મળી રહે છે.

હિબ્રૂધર્મમાં પ્રબોધાયેલ એકેશ્વરવાદનો આ વિરોધી સૂર પયગંબર એલિજા સ્વીકારી શકયા નહિ. એમણે સ્પષ્ટ કથન કર્યું કે જેહોવા એ જ માત્ર એક ઈશ્વર છે. એમણે સાથે એમ પણ જણાવ્યું કે જેહોવા સત્યધર્મીને આવકારે છે અને અધર્મીને શિક્ષા કરે છે. એલિજાના જેહોવા અંગેના વિચારથી હિબ્રૂધર્મમાં એકેશ્વરવાદ દૃઢ થયો. એમના કથનનું સ્પષ્ટ તાત્પર્ય એ હતું કે જેહોવા સિવાયના બીજા દેવો ખોટા છે, એટલું જ નહિ, પરંતુ એમનું કોઈ અસ્તિત્વ પણ નથી. આમ, આધુનિક હિબ્રૂધર્મના એકેશ્વરવાદના મુખ્ય પ્રણેતા પયગંબર એલિજા હતા.

ઘ. ટિકોઆના એમોસ (ઈ. સ. પૂ. ૭૫૦) :

એલિજાના સમય પછી ઇઝરાયેલ રાજ્યમાં વર્ગભેદો ખૂબ વ્યાપક પ્રમાણમાં પ્રવર્તતા હતા. એક તરફે અઢળક સંપત્તિના દર્શન થતા, તો બીજી તરફે કંગાળ દારિદ્રય જોવામાં આવતું. આ કારણે સમાજમાં સ્વેચ્છાચાર, દંભ, વિલાસ અને રુશ્વતખોરી ખૂબ વ્યાપક બની હતી. આગલા પયગંબરોએ આપેલા આદેશો કેમ જાણે વિસરાયા ન હોય એવું વાતાવરણ હતું.

બરાબર આ જ સમયે ભરવાડના જૂથમાંથી એક સામાન્ય ગામડિયા જેવા ટિકોઆના એમોસ આગળ આવ્યા. ઈ. સ. પૂ. ૭૫૦માં બેથલમાં જ્યારે જેહોવાનો ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો ત્યારે એમોસે કેટલીક સ્પષ્ટ વાતો કરી. આ સ્પષ્ટ વાતોથી ત્યાં હાજર રહેલા લગભગ બધા જ અવાક બની ગયાં. એવી શી વાતો તેમણે કરી ? એમોસે કહ્યું : 'પ્રભુ મિજબાનીના દિવસોમાં આનંદ લે છે એવું નથી, તેમ જ જે પવિત્ર બલિદાનો અપાય છે એમાંથી પણ એમને કંઈ આનંદ પ્રાપ્ત થતો નથી. પરંતુ, ઈશ્વરનો આનંદ તો સાચી અને ન્યાયપૂર્વકની માનવની વર્તણુકથી થાય છે.'

આ કથનમાં એમોસે એમના પુરોગામીથી વિશેષ કંઈ કહ્યું નથી. પરંતુ જે રીતે અને જે તબક્કે એમણે આ કહ્યું છે એનું તાત્પર્ય વિશેષ છે. એક આગાહી કરતા હોય એ રીતે એમણે કહ્યું : 'જો ઇઝરાયેલના લોકો પ્રભુ-પરાયણ નહિ બને, અને લાલસાભર્યું તથા વૈભવી જીવન જીવવાનું ચાલુ રાખશે તો પ્રભુ એમને માફ નહિ કરે. એટલું જ નહિ પરંતુ એમના દુશ્મનોને હાથા બનાવી પ્રભુ ઇઝરાયેલના લોકોને શિક્ષા કરશે'

પયગંબર, લોકોને પ્રભુનો આદેશ પાઠવે છે એમ આપણે કહ્યું અને એમોસ એ કર્તવ્ય કરે છે. પરંતુ કદીક પયગંબર ભવિષ્યકથન પણ કરે છે અને એવું જ ભવિષ્યકથન એમોસે કર્યું.

એમોસના આ કથન પછી ત્રીસ વર્ષે એસિરિયનોએ ઇઝરાયેલની રાજધાની પર ચઢાઈ કરી, જીત મેળવી અને ત્યારથી ઇઝરાયેલ પ્રજા પોતાનો કહી શકાય એવા પ્રદેશ વિસ્તાર વિના, દુનિયાના પટ પર ફરતી રહી. બીજા વિશ્વયુદ્ધ પછી ઈ. સ. ૧૯૪૬માં ઇઝરાયેલનું રાજ્ય સ્થપાયું ત્યારે દુનિયાના વિવિધ પ્રદેશોમાંથી કેટલાક ઇઝરાયેલો પોતાના માદરેવતનમાં વસવા અને તેને વિકસાવવા ઇઝરાયેલમાં આવી વસ્યા. ઈ. સ. પૂ. ૭૨૦ થી ઈ. સ. પૂ. ૧૯૪૬ સુધીના દીર્ઘકાળ દરમ્યાન હિબ્રૂ પ્રજાએ પોતાની ભાષા, ધર્મ અને ધર્મગ્રંથો મમત્વપૂર્વક જતન કરી જાળવ્યા

રાખ્યા. આ જાળવેલ મૂડીથી જ નવા રાષ્ટ્રને શક્તિ અને સંગઠન પ્રાપ્ત થયાં, એ ઇઝરાયેલ રાષ્ટ્રના ટૂંકા પ્રગતિકારક અસ્તિત્વ દરમ્યાન સ્પષ્ટ થાય છે.

૫. ઇશીયા :

ઇશીયાનું કર્તવ્ય એમોસના વચનનું અર્થઘટન કરવાનું રહ્યું. એમણે જણાવ્યું કે એમોસનું કહેવું એમ નથી કે પ્રભુ પોતાની પ્રજાને છોડીને તેના દુશ્મનો સાથે જોડાશે. પરંતુ એમોસના કથનનો અર્થ તો એ છે કે જેહોવા માત્ર ઇઝરાયેલ પ્રજાના જ નહિ પરંતુ સમસ્ત સૃષ્ટિના સાચા ઈશ્વર છે.

ઇશીયાના આ કથનથી હિબ્રૂધર્મના ઈશ્વરનું એક વ્યાપક સ્વરૂપ રજૂ થાય છે. ઈશ્વરનું સામ્રાજ્ય ઇઝરાયેલ પ્રદેશ પૂરતું જ નહિ, પરંતુ સમગ્ર સૃષ્ટિ પર વિસ્તરેલું છે. વળી, ઇઝરાયેલ એ જ પ્રભુની પસંદગી પામેલી એક પ્યારી પ્રજા છે એમ નહિ, પરંતુ દુનિયાની સર્વ પ્રજાના પિતા તરીકે ઈશ્વરને સર્વ પ્રજા એક સરખી જ પ્યારી છે.

ઇશીયાહમાં કહેવાયું છે : "ઇજિપ્ત અને એસિરિયાની પ્રજા સાથે ઇઝરાયેલ એ ત્રીજી પ્રજા છે. જેમને ઈશ્વર એમ કહીને આશિષ આપશે: મારી પ્રજા ઇજિપ્તને આશિષ હો; મારા હાથોના કાર્ય સમાન એસિરિયાની પ્રજા અને મારા વારસ ઇઝરાયેલની પ્રજાને આશિષ હો."૭

ઇશીયાના સમયથી હિબ્રૂધર્મમાં એકેશ્વરવાદના વિચારે જોર પકડ્યું અને એમની પછીના બધા જ પયગંબરોએ આ વિચાર પર ખુબ ભાર મૂક્યો. સમસ્ત સૃષ્ટિના ઈશ્વર એક જ છે એ ખ્યાલ વધુ સ્વીકારાતો ગયો.

૬. હોસીયા :

ઇઝરાયેલ સામ્રાજ્યના પતન પછી હિબ્રૂ લોકો બેબિલોનમાં રહ્યા ત્યાં સુધી ઈશ્વરની સર્વવ્યાપકતા અને એકેશ્વરવાદનો વિચાર વધુ દૃઢ થતો ગયો. ઇઝરાયેલ પ્રદેશનો ત્યાગ કરી ઇઝરાયેલ પ્રજાને બીજા પ્રદેશમાં વસવાટ કરવો પડ્યો તે જ એ સમજાવવા પૂરતું હતું કે એક જ ઈશ્વર સમસ્ત સૃષ્ટિના સંચાલક છે.

આમ, હોસીયાના સમયમાં હિબ્રૂધર્મ સંપૂર્ણપણે એકેશ્વરવાદી બન્યો અને એમના પોતાના ઈશ્વર સિવાય અન્ય કોઈ ઈશ્વરનું અસ્તિત્વ એમણે સ્વીકાર્યું નહિ.

પરંતુ હોસીયાએ ઈશ્વરનો જે ખ્યાલ રજૂ કર્યો અને એનું જે સ્વરૂપ વર્ણવ્યું તે ખુબ જુદા પ્રકારનું હતું. એમણે રજૂ કરેલ ઈશ્વરના સ્વરૂપને સમજવા

૭. ઇશીયાહ ૧૯.૨૪–૨૫.

માટે, એને, મોઝિઝે આપેલ ઈશ્વરના સ્વરૂપ સાથે સરખાવવું જોઈએ. મોઝિઝના ઈશ્વર રાષ્ટ્રીય સ્વરૂપના છે, વળી એ ઈશ્વરનું સ્વરૂપ ભયાનક પણ છે. કારણ કે પિતાના પાપનો બદલો બીજી, ત્રીજી કે ચોથી પેઢી સુધી પણ ભોગવવો પડતો હોય છે. હોસીયાએ પ્રબોધેલ ઈશ્વરનું સ્વરૂપ એ દયાળુ અને કૃપાવંત ઈશ્વર છે. એ ઈશ્વર ન્યાયી છે અને જરૂરિયાતવાળા તથા ગરીબ પ્રત્યે એ દયાવાન છે. આમ હોસીયા પણ મોઝિઝની જેમ એક જ ઈશ્વરનો સ્વીકાર કરે છે. પરંતુ રાષ્ટ્રીય, પ્રાદેશિક કે પ્રજાકીય બંધનોથી એ ઈશ્વરને પર કરે છે. એટલું જ નહિ પરંતુ ઈશ્વર કોપાયમાન નહિ પરંતુ દયાળુ છે એવી સ્પષ્ટ સમજૂતી હોસીયા આપે છે.

હઝરાયેલ પ્રજા અને ઈશ્વર સાથેનો સંબંધ હોસીયા લગ્ન-સંબંધ સાથે સરખાવે છે. એક પતિ જ્યારે એમ જાણે છે કે પોતાની પત્ની એને બેવફા છે ત્યારે એની ઇચ્છા એને છોડી દેવાની, અને પતનને માર્ગે જતી એની પત્નીને સહાયરૂપ ન થવાની હોય છે. પોતાને ક્રુર રીતે અન્યાય થતો હોવા છતાં પણ પતિ આમ કરી શકતો નથી; કારણકે એને એવો ખ્યાલ આવે છે કે એક વખત એ એની પત્ની હતી, અને એ તેને પ્રેમ કરતો હતો. આથી એ પોતાની પત્નીને ફરી પોતાના ઘરમાં સ્વીકારે છે અને જ્યારે એને એ વાતનો સંતોષ થાય કે પોતાની પત્ની સારી રીતે પ્રાયશ્ચિત્ત કરે છે ત્યારે એને પોતાના પૂર્વસ્થાને સ્થાપી એને પ્યાર અને વિશ્વાસ આપે છે. એ જ પ્રમાણે ઈશ્વર પણ હઝરાયેલ પ્રજાની જેમ જે કોઈ પાપી પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરે તેને, પોતાને થયેલા અન્યાયને દરગુજર કરી, ક્ષમા કરવાને તત્પર છે.

૩. હિબ્રૂધર્મ-સાહિત્ય :

હિબ્રૂધર્મના ચોવીસ ધર્મગ્રંથો મુખ્યત્વે કરીને નીચેના ત્રણ વિભાગોમાં વહેંચાયેલા છે.

૧. નિયમો (Laws) :

આમાં નિયમ ગ્રંથોનો સમાવેશ થાય છે. આમાં કેટલીક પ્રાર્થનાઓનો પણ સમાવેશ થાય છે.

૨. સંતોના ગ્રંથ (Prophets) :

હિબ્રૂ પયગંબરોએ આપેલા ઉપદેશોનો અહીંયાં સમાવેશ થાય છે.

૩. લેખો (Hegiograph) :

આ એવા લેખોનો સંપૂટ છે જે જુદે જુદે કાળે લખાયા છે.

આ બધું હિબ્રૂધર્મ-સાહિત્ય, હિબ્રૂ ભાષામાં લખાયું છે. સમગ્ર સાહિત્યના સમૂહને 'જૂનો કરાર' (Old testament) તરીકે વર્ણવવામાં આવે છે. એમાં આ બધા ધર્મગ્રંથોને ઓગણપચાસ ભાગોમાં ગોઠવવામાં આવ્યા છે

જૂનો કરાર :

ઈ. સ. પૂ. ૧૮૫૦ થી ઈ. સ. પૂ. ૧૫૦ના ગાળા દરમ્યાન જુદા જુદા સમયે લખાયેલ ઓગણચાલીસ પુસ્તકોના સમૂહને જૂના કરાર તરીકે ઓળખાવવામાં આવે છે. એમાં સમાવિષ્ટ થયેલાં પુસ્તકોનું કદ, ગુણ અને ઉપયોગિતા એક-સરખા નથી. કેટલાક ઇતિહાસ તરીકે આધારિત કહી શકાય એવાં છે, તો કેટલાંક એવાં નથી. શામ (Psalm), જોબ (Job) વગેરે જેવાં પુસ્તકો પયગંબર વાણીને સંધરે છે અને ઉચ્ચ કક્ષાની કવિતા આપે છે.

પરંતુ જૂના કરારનું મૂલ્ય નથી તો એની સાહિત્યિક વિશિષ્ટતામાં કે નથી તો તત્કાલીન ઇતિહાસ પ્રવાહ પર એમાં ફેંકાયેલા પ્રકાશ પર. પરંતુ એનું મૂલ્ય તો એમાં અપાયેલ હિબ્રૂધર્મના વિકાસની તેજરેખામાં છે. કારણકે એના સંપૂર્ણ પરિપાકરૂપે અને એને સ્વીકારીને ક્રાઇસ્ટે ખ્રિસ્તીધર્મની સ્થાપના કરી છે.

હિબ્રૂ ધર્મગ્રંથને તોરાહ (Torah) તરીકે પણ ઓળખવામાં આવે છે. તોરાહની સામે કંઈ પણ કહેવું કે એની વિરુદ્ધ કંઈ પણ કરવું એ પાપ છે. એમાં આપેલ આદેશનો ભંગ કરવો એ ઈશ્વરની અવજ્ઞા કરવા બરાબર છે. સમગ્ર સૃષ્ટિનો સર્જક ઈશ્વર હોઈ સૃષ્ટિમાં ઇષ્ટ અને અનિષ્ટ એવું કંઈ જ નથી. પરંતુ માનવી જ્યારે ઈશ્વરનો અનાદર કરે છે, એનો ઇન્કાર કરે છે, ત્યારે અનિષ્ટ નીપજે છે. ઈશ્વરે માનવીને બક્ષેલ સંકલ્પ સ્વાતંત્ર્યમાંથી અનિષ્ટ પેદા થાય છે.

અનિષ્ટની અસર બે પ્રકારની હોય છે. સામાજિક દૃષ્ટિએ અનિષ્ટ પૃથ્વી પર ઈશ્વરના સામ્રાજ્યના અવતરણમા વિઘ્નરૂપ છે. વ્યક્તિગત દૃષ્ટિએ અનિષ્ટના આચરણ માટે વ્યક્તિને શિક્ષા ખમવી પડે છે. શિક્ષામાંથી મુક્તિ મેળવવા માટે હિબ્રૂધર્માઓ પ્રાર્થના કરે છે અને તપશ્ચર્યા પણ કરે છે. આવી પ્રાર્થના અને તપશ્ચર્યાથી માનવીનું અંતઃકરણ શુદ્ધ થઈ એનું ધાર્મિક પરિવર્તન થાય છે એ નીચેના દાખલાથી સમજાશે :

"Cause us to return our father unto thy law.
Draw us near, O our king! unto thy service.

And bring us back in perfect repentence unto thy preseace.

Blessed art thou O Lord ! who delights in repentence."

૪. સંપ્રદાયો :

અન્ય ધર્મોની જેમ હિબ્રૂધર્મ પણ વિવિધ સંપ્રદાયોમાં વહેંચાયેલો છે. આમાં નીચેના સંપ્રદાયો ઉલ્લેખનીય છે.

ખ્રિસ્તીધર્મના ઉદ્‌ગમકાળે હિબ્રૂધર્મના ત્રણ મુખ્ય પંથો અસ્તિત્વમાં હતા.

ક. સદ્દોકિ :

તેઓનો ધાર્મિક રસ ઝાઝો ન હતો. એમ પણ કહી શકાય કે તેઓ ધર્મ તરફ દુર્લક્ષ સેવતા હતા. રાજકારણ, સત્તા, મોભો એમને મન મહત્ત્વના હતાં. આથી જિસસે જ્યારે એમનો ઉપદેશ આપવા માંડ્યો ત્યારે સદ્દોકિઓ એમને શંકાની નજરે જોવા લાગ્યા. જિસસના ઉપદેશો અશાંતિ ઉપજાવે એવા અને ધર્ષણ ઉત્પન્ન કરે એવા હોઈ જિસસને દૂર કર્યા સિવાય શાંતિ સ્થાપી શકાય નહિ એમ તેઓ માનતા.

હિબ્રૂધર્મના સંરક્ષણની ભાવનાથી પ્રેરાઈને નહિ, પરંતુ પોતાની અમર્યાદ સત્તામાં જિસસના ઉપદેશ અવરોધક હોવાથી તેઓ જિસસનો સામનો કરવા તત્પર બન્યા.

ખ. પાદરીઓ (Priests) :

આ વર્ગ મુખ્યત્વે કરીને ધર્મગુરુઓ તથા પાદરીઓનો હતો. તોરાહ અને નબીઓનો તેઓ અભ્યાસ કરતા. પુરાણી રસમ અનુસાર તેઓ પૂજા કરતા તથા યજ્ઞો પણ કરતા.

હિબ્રૂધર્મ એકેશ્વરવાદી હોવા છતાં એમાં એવી ધાર્મિક પ્રથાઓ પ્રવેશ પામી જેને લીધે હિબ્રૂધર્મના પાદરીઓ એક વિશિષ્ટ પ્રકારનું સ્થાન ધરાવતા થયા. એમના આ સ્થાનને, હિંદુધર્મમાં બ્રાહ્મણોએ જમાવેલા સ્થાન સાથે, સરખાવી શકાય. પોતાની સત્તા અને આધિપત્ય કોઈપણ રીતે તૂટે એ એમને પસંદ ન હતું. જિસસના ઉપદેશોનું જો પાલન કરવામાં આવે અને પ્રભુના સામ્રાજ્યની સ્થાપના માટેના એમણે સૂચવેલા માર્ગો અનુસાર પ્રયત્ન કરવામાં આવે તો હિબ્રૂ-ધર્મમાંનું પાદરી વર્ગનું સ્થાન ભયમાં આવી પડે. આથી આ વર્ગ પણ જિસસ ક્રાઈસ્ટની વિરુદ્ધ હતો.

ગ. પુરુષોમ (Pharises) :

હિબ્રૂધર્મનો આ પંથ સાચી રીતે ધાર્મિક અનુયાયીઓનો પંથ હતો. પ્રભુએ આપેલા આદેશનું નિષ્ઠાપૂર્વક પાલન કરવાનો એમનો પ્રયાસ રહેતો. એ આદેશોને સુસંગત એવા નિયમો તેઓ બનાવતા અને તેનું પાલન કરતા. આમ, તેઓ પોતાના જીવનને ધાર્મિક રીતે સમૃદ્ધ કરવાને માટે અહર્નિશ પ્રયત્નશીલ રહેતા.

સામાન્ય રીતે આ વર્ગને જિસસની સામે વિરોધ ન હોય એમ માની શકાય. પરંતુ જિસસના, માનવીને અપૂર્ણ તરીકે લેખવાના, વચનની સાથે તેઓ સંમત થઈ શકયા નહિ. તેઓ એમ સ્વીકારવા તૈયાર ન હતા કે કોઈપણ માનવી સંપૂર્ણ નથી.

આમ છતાં, સમય જતાં આ જૂથના અનેક અનુયાયીઓ પાછળથી ખ્રિસ્તી-ધર્મમાં જોડાયા.

હિબ્રૂધર્મના આ ત્રણ પંથોમાં એવી તો જડતા વ્યાપી હતી કે પ્રત્યેક સંપ્રદાયના અનુયાયીઓ પોતાના સિવાયના બીજા સંપ્રદાયના અનુયાયીઓને હલકા ગણતા. એટલું જ નહિ પરંતુ એમને અછૂત પણ ગણતા હતા. આ ત્રણેય સંપ્રદાયના લોકો, અન્ય સર્વ આમસમુદાયને, તેઓ નીચા અને અછૂત છે એમ ગણતા, અને એ રીતે વર્તતા. સામાન્ય જનસમુદાયના લોકો ગરીબ હતા અને પછાત પણ હતા. આ વિશાળ આમવર્ગને હિબ્રૂધર્મના ત્રણેય પંથવાદીઓ તરફથી કોઈ હમદર્દી મળતી ન હતી. બરાબર એ જ સમયે પતિતોદ્ધારક તરીકે જિસસ ક્રાઇસ્ટ એમની સમીપ આવ્યા અને સ્નેહથી એમણે તેઓને પોતીકા બનાવ્યા. આથી જ સામાન્યજન એમ કહેતો કે, "જગતનો કોઈ પુરુષ આ માણસની જેમ કદીયે બોલ્યો નથી." જિસસ ક્રાઇસ્ટને માટેનો એમનો આદર આમાં છતો થાય છે.

હિબ્રૂધર્મની રથાગતતા, અને ખ્રિસ્તીધર્મના પ્રસાર માટેનું કોઈ એક સવિશેષ કારણ હોય તો તે આ છે.

સંદર્ભગ્રંથ સૂચિ

આઇઝેક, એ. એસ. : **વોટ ઇઝ જુડાઇઝમ ?** ન્યૂયૉર્ક, ૧૯૧૨.

આન્દ્રે, ચાઉરૂકી : **એ હિસ્ટરી ઑફ જુડાઇઝમ**, ન્યૂયૉર્ક, ૧૯૬૨.

એપસ્ટાઇન, આઈ. : **જ્યુડાઇઝમ**; લંડન, ૧૯૫૯.

ઑસ્ટરલે, વિલિયમ ઑરકાર : **અલી હિબ્રૂ ફ્રેસ્ટીવલ્સ એન્ડ રિચ્યુઅલ્સ ઇન એસ. એમ. હૂક સંપાદિત મીથ અન્ડ રિચ્યુઅલ**, ઑક્ષફર્ડ, લંડન, ૧૯૩૩.

કાટશ, એ. આઈ. : **જ્યુડાઇઝમ એન્ડ ધી કુરાન**, ન્યૂયૉર્ક, ૧૯૫૪.

ક્રોનબેચ્, એ. : **રીફૉર્મ મુવમેન્ટસ ઇન જ્યુડાઇઝિમ**, ન્યૂયૉર્ક, ૧૯૬૩.

ક્રૉપેસ્સ, જી. : **જ્યુઝ એન્ડ જ્યુડાઇઝમ ઇન નાઇટીંથ સેંચ્યુરી**, ફીલાડેલ્ફિયા, ૧૯૦૫.

ક્યુએનેન, એ. : **ધી રિલિજિયન ઑફ ઇઝરાયેલ**, લંડન, ૧૮૭૫.

ક્રોહલર, કે. : **જ્યુડશ થિયોલોજી**, ન્યુયૉર્ક, ૧૯૧૮.

ગ્રૉટસ, એચ. : **હિસ્ટરી ઑફ જ્યુઝ**, ન્યૂયૉર્ક, ૧૯૨૬.

જોસેફ, જોમ : **ધી મેસેજ ઑફ જ્યુડાઇઝમ**, લંડન, ૧૯૦૭.

જોસેફ, એન. એસ. : **ઇસેન્સિયલ્સ ઑફ જ્યુડાઇઝમ**, લંડન, ૧૯૦૬.

નોર્થ, માર્ટીન : **ધી હિસ્ટરી ઑફ ઇઝરાયેલ**, લંડન, ૧૯૬૦.

પાર્કસ, જેમ્સ : **એ હિસ્ટરી ઑફ ધી જ્યુડશ પીપલ્સ**, લંડન, ૧૯૬૪.

ફ્રીડલેન્ડર, એમ. : **એ ટેક્સ્ટ બુક ઑફ જ્યુડશ રિલિજિયન**, લંડન, ૧૯૧૫.

ફીલીપશન, ડી. : **ધી રીફૉર્મ મુવમેન્ટ ઇન જ્યુડાઇઝમ**, ન્યૂયૉર્ક, ૧૯૦૭.

મટક, ઇઝરેલ ઇઝીડોર : **જ્યુડશ એથિક્સ**, હ્યુમેનિટેરિયન કમ્પની, લંડન, ૧૯૫૩.

મુર, જી. એફ. : **જ્યુડાઇઝમ ઇન ફર્સ્ટ સેંચ્યુરી ઑફ ક્રિશ્ચિયન એરા**, કેમ્બ્રિજ, ૧૯૨૭.

———— : **જ્યુડાઇઝમ**, કેમ્બ્રિજ, ૧૯૨૭.

મોન્ટેફીઓર, સી. જી. : **ધી પ્લેસ ઑફ જ્યુડાઇઝમ ઇન ધી રિલિજિયન્સ ઑફ ધી વર્લ્ડ** : ૧૯૧૬.

———— : **આઉટલાઇન્સ ઑફ લીબરલ જ્યુડાઇઝિમ**, લંડન, ૧૯૧૨

રાલ, એફ. એચ. એન્ડ કોહન, એસ. એસ. : **ક્રિશ્ચિયાનીટી એન્ડ જ્યુડાઇઝમ** ન્યૂયૉર્ક, ૧૯૨૭.

રીગ્રીન, એચ. : **ઇઝરાલાઇટ રિલિજિયન**, અનુ. ડેવીડ ગ્રીન, લંડન, ૧૯૬૬.

રોવલી, એચ. એચ. : **પ્રોફેસી એન્ડ રિલિજિયન ઈન એન્સીયંટ ચાયના એન્ડ ઈઝરાયેલ**, લંડન, ૧૯૫૧.
લીન્ડબ્લુમ, જે. : **પ્રોફેસી ઈન એન્સીયંટ ઇઝરાયેલ**, ઓક્ષફર્ડ, ૧૯૬૩.
લેવીન્થલ, આઈ. એચ. : **જયુડાઇઝમ, એન એનેલીસીઝ એન્ડ ઇન્ટરપ્રીટેશન**, ન્યૂયોર્ક, ૧૯૩૫.
વેબર, મેક્ષ : **એન્સીયંટ જયુડાઇઝમ**, ગ્લેન્કો, ૧૯૫૮.
સ્કેચર, એસ. : **સ્ટડીઝ ઈન જયુડાઇઝમ**, ફીલાડેલ્ફિયા, ૧૮૯૬.
સ્કોલમ, ગેરશોમ ગેરહર્ડ : **મેજર ટ્રેન્ડસ ઈન જયુઇશ મીસ્ટીસીઝમ**, ન્યૂયોર્ક, ૧૯૪૧.

૧. સામાન્ય :

મહાન રોમન સમ્રાટ સિઝરના રાજ્યકાળ દરમ્યાન જુડામાં જિસસનો જન્મ થયો.[૧] જિસસના જન્મ સમયે હિબ્રૂધર્મ પ્રચલિત હતો. જિસસ પોતે પણ હિબ્રૂ-ધર્મમાં જ જન્મ્યા હતા. જેમ જન્મે હિંદુ હોવા છતાં પણ વર્ધમાન અને ગૌતમ અલાયદા ધર્મના સંસ્થાપક થયા, તેમ જિસસ પણ જન્મે હિબ્રૂ હોવા છતાં પણ ખ્રિસ્તીધર્મના સ્થાપક બન્યા.

જિસસનો જન્મ એક સામાન્ય કુટુંબમાં થયો હતો અને તેઓ લગભગ ત્રીસ વર્ષની ઉંમર સુધી સામાન્ય માનવી તરીકે વિકસ્યા હતા.

જિસસના એક પિત્રાઈ ભાઈનું નામ જ્હોન બેપ્ટીસ્ટા હતું. તેઓ સદાચારી આદમી હતા અને સાદાઈથી જીવતા. તેઓ ત્યાગી હતા. એમના આવા સદ્‌ગુણોથી તેઓ લોકોમાં પ્રિય હતા. તેઓ કહેતા : "મસીયાહના આગમનનો સમય નજદીક આવી રહ્યો છે. એમનું યોગ્ય સ્વાગત કરવાને માટે આપણે પાપ ત્યાગીને અને હૃદયને પવિત્ર બનાવીને તૈયાર થવું જોઈએ." હૃદયની પવિત્રતા પ્રાપ્ત કરવાને

૧. જિસસનો જન્મકાળ સામાન્ય રીતે ઈ. સ. પૂ. ૬ કે ૪ તરીકે મૂકવામાં આવે છે.

માટે એમણે એક અનોખી રીત અજમાવી હતી. તેઓ લોકોને જોર્ડન નદીમાં સ્નાન કરવાને માટે કહેતાં.

શુદ્ધિકરણનો આ પ્રકાર તથા પાપ-વિમોચનની આ પ્રથા હિંદુધર્મમાં પણ ક્યાં જોવામાં આવતી નથી ? સ્નાન પોતે જ પાવનકારી છે, પવિત્રતા અર્પે છે, અને તેમાંયે અમુક પવિત્ર નદીમાં કે મહાસાગરમાં કે સંગમના સ્થાનને વિશિષ્ટ મહાત્મય આપવામાં આવ્યું છે. માનસિક શુદ્ધિ પૂર્વે દૈહિક શુદ્ધિની ના કેમ પાડી શકાય ? અને જેટલે અંશે સ્નાન દૈહિક શુદ્ધિ અર્પે છે, મનના આવેગો અને ભાવાવેશને શાંત કરે છે તેટલે અંશે સ્નાનની અગત્ય કેમ નકારી શકાય ?

જિસસ જ્યારે ત્રીસ વર્ષના થયા ત્યારે, તેઓ એક દિવસ એમના પિતરાઈ પાસે જઈને, એમને પણ પવિત્ર સ્નાન કરાવડાવવા કહ્યું. જહોનને એવી અંતઃભૂતિ હતી કે પોતાના ધર્મમાં મસીયાહની (ઉદ્ધારકની) જે વાત છે તે મસીયાહ આ જિસસ જ છે. આથી, એમણે જિસસને કહ્યું : "મારે તો મારા પાપોની ક્ષમા આપની પાસે માંગવાની હોય." જિસસે જહોનને સમજાવ્યા અને છેવટે એમણે પવિત્ર સ્નાન કર્યું. તેઓ જ્યારે સ્નાન કરતા હતા ત્યારે એક ગેબી અવાજ પ્રસારિત થયો અને કહ્યું : "આ મારો પ્રિય પુત્ર છે, અને હું એનામાં સંતુષ્ટ અને રાજી છું."

૨. પ્રભુનું સામ્રાજ્ય :

આ પ્રસંગ પછી જિસસમાં એક પ્રકારનું પરિવર્તન થયું અને પોતાને જે દર્શન લાધ્યું તે એમણે જનસમાજને આપવાનો પ્રયાસ કર્યો.

જિસસનો જે કોઈ એક મહત્ત્વનો સંદેશ હોય તો તે પ્રભુના સામ્રાજ્યનો છે. જિસસના આ સિદ્ધાંતે એક જબરી ક્રાંતિ સર્જી છે. માનવવિચારને એણે એક ગજબની ગતિ અર્પી છે. પ્રભુની દૃષ્ટિએ સર્વ સમાન છે, અને પ્રભુના સામ્રાજ્યના સર્વે સભ્યો છે, એમ કહીને જિસસે માત્ર માનવ સમાનતાનો ખ્યાલ પ્રચલિત કર્યો એટલું જ નહિ, પરંતુ માનવ-માનવ વચ્ચે ખડકાયેલ અનેક દીવાલોને આ એક માત્ર વિચારથી ભસ્મીભૂત કરી.

ફ્રાંસના માનવ સમાનતા, માનવ સ્વાતંત્ર્ય અને માનવ ભ્રાતૃત્વના ખ્યાલ પર રચાયેલ ક્રાંતિના બીજ જિસસના આ ઉપદેશમાં સમાયેલા નથી ? રાજ્યવિહોણા, વર્ગવિહોણા અને જાતિવિહોણા સમાજનો આદર્શ રજૂ કરનાર સામ્યવાદના પ્રણેતા કાર્લ માર્કસના વિચારોના મૂળ જિસસના આ ઉપદેશમાં નથી ? પરંતુ આની

ચર્ચામાં આપણે ઊતરીએ નહિ. એ એક સ્વતંત્ર અભ્યાસનો વિષય છે અને આ પુસ્તકની મર્યાદાની બહાર છે.

પ્રભુ એક છે અને સમગ્ર સૃષ્ટિનો એક જ પુરુષ છે તથા તે ન્યાયી છે એમ તો ક્રાઇસ્ટના જન્મ સમયે લગભગ બધા જ હિબ્રૂઓ માનતા. પરંતુ તેઓ વધુમાં એમ પણ માનતા કે તેમના પરમ-પિતા અબ્રાહમ સાથે પ્રભુએ એક એવો કરાર કર્યો છે જેથી હિબ્રૂ પ્રજાને ઈશ્વર સાર્વભૌમત્વભર્યું વિશિષ્ટ સ્થાન પ્રદાન કરશે.

પ્રભુના સામ્રાજ્યના ઉદ્‌ઘોષમાંથી સહજ રીતે ફલિત થતો એવો જિસસનો ઉપદેશ હિબ્રૂઓને અસ્વસ્થકારી લાગતો. જિસસનું ગરીબો પ્રત્યેનું સૌજન્ય, મમતા અને તેમને માટેની લગની એમના અનેક ઉપદેશોમાં સમાવિષ્ટ છે. જેનો સારભાગ 'સર્મન ઑન ધી માઉન્ટ'માંના નીચેના કથનથી સ્પષ્ટ થાય છે :

"Blessed are they who suffer persecution for the sake of righteousness, for theirs is the kingdom of heaven."

આમ, સચ્ચાઈ ને માટે કોઈપણ પ્રકારનો ત્યાગ અને વેદનાનું ભોગાયટન જિસસે સહજ બનાવ્યા અને જેઓ સચ્ચાઈ ને માટે કઠિનાઈઓ ખમવા તૈયાર છે એમનું જ ઈશ્વરી સામ્રાજ્ય છે એમ કહ્યું.

પરંતુ, એની સાથે જ કેટલાક માનવીય ગુણો પર એમણે ભાર આપ્યો અને એમણે કહ્યું :

"Blessed are the meek, for they shall inherit the earth.

Blessed are the merciful, for they shall obtain mercy."

અહીંયાં એમણે નમ્રતા અને દયાના ગુણોના વિકાસની વાત રજૂ કરી. નમ્રતા અને દયાનું માનવજીવનમાં હંમેશા મહત્ત્વનું સ્થાન રહ્યું છે — ક્રાઇસ્ટના પહેલાના સમયમાં રહ્યું છે — ક્રાઇસ્ટના સમયમાં અને જિસસના પછીના સમયમાં પણ. પરંતુ એ સ્થાનની પ્રાપ્તિના પ્રયાસોનાં ક્ષેત્રોમાં માનવની સરિયામ નિષ્ફળતા રહી છે. ગરીબાઈ એ ગુનો નથી, અવરોધ નથી, તેમ જ નમ્રતા અને દયા જીવન-સભર કરવા માટે જરૂરી છે, એમ ઉપદેશ્યા પછી તેઓ હૃદયની પવિત્રતા ઉપર ભાર મૂકતા કહે છે :

"Blessed are the pure in heart, for they shall see God."

પ્રભુદર્શનને માટેનો કેટલો સીધો અને સાદો અને છતાંય કેટલોય મુશ્કેલ માર્ગ ! હૃદયની પવિત્રતા એ જ પ્રભુદર્શનની ચાવી છે એમ તો તે જ કહી શકે જેનું પોતાનું હૃદય પવિત્ર હોય. જિસસ કે જેના દિલમાં ગરીબ, સબડતી અને ફુકરાતી પ્રજા માટે હમદર્દીભરી હોય, ભારોભાર કારુણ્ય હોય અને બીજા જીવે એ માટે જે પોતાનું આત્મબલિદાન આપવા સુધી તત્પર હોય એના હૃદયની પવિત્રતા વિશે પૂછવું જ શું ? પરંતુ જનસામાન્યના કેટલા લોકો હૃદયની આવી પવિત્રતા હોવાનો દાવો કરી શકે ?

સર્વ પ્રગતિની પૂર્વ શરત શાંતિ, છે, એ, આજના સમયમાં હવે સ્વીકારાતું થયું છે. જિસસ ક્રાઇસ્ટે શાંતિની અગત્ય કયારની સ્વીકારી છે. અને એથી તેઓ કહે છે :

"Blessed are the peace-makers, for they shall be called children of God."

જો બધા જ માણસો ઈશ્વરના સંતાન હોય તો જેઓ શાંતિદાયી છે, શાંતિના પ્રયાસો આદરે છે – એમને જ ઈશ્વરનાં બાળકો તરીકે જિસસે કેમ ઓળખાવ્યા હશે ? એક જ પ્રભુના સંતાન તરીકે માનવ-માનવમાં શાંતિ સહજ હોવી જોઈએ. પરંતુ દુનિયાનો અનુભવ એથી વિપરીત હોય તો એનો અર્થ એ થયો કે બીજા માનવી જોડે ઝઘડતો માનવી પોતે જ ઈશ્વરનું સંતાન છે એ ભૂલી જાય છે. આથી જ જે શાંતિના પ્રયાસમાં ઓતપ્રોત છે એ ઈશ્વરના સંતાન તરીકે વધુ સ્વીકાર્ય છે.

જિસસના આવા ઉપદેશો હિબ્રૂધર્મીઓ જે પ્રકારનું જીવન જીવતા હતા એમને, શી રીતે સ્વીકાર્ય બની શકે ? ઈશ્વર હિબ્રૂ પ્રજા પ્રત્યે પક્ષપાતી નથી એવું કથન તેઓ શી રીતે સ્વીકારી શકે ? પોતે જ માત્ર પ્રભુની પસંદગી પામેલી પ્રજા નથી એવું એ કેવી રીતે સાંભળે ? જે ગરીબ અને કચડાયેલી પ્રજાને તેઓ અધમ અને અછૂત તરીકે લેખતા એને ઈશ્વરના સામ્રાજ્યના માનભર્યા સભ્યો તરીકે તેઓ શી રીતે સ્વીકારે ? અને આથી જિસસના ઉપદેશમાં હિબ્રૂ પ્રજાએ પોતાની ભાવનાઓનો, પોતાની આકાંક્ષાઓનો અને પોતાના ભવ્ય ભાવિનો અનાદર થયેલો જોયો. આથી, હિબ્રૂ પ્રજાએ જિસસ ક્રાઇસ્ટને 'મસીયાહ' તરીકે તો ન જ સ્વીકાર્યા, પણ એમના ઉપદેશનો સામનો પણ કર્યો.

હિબ્રૂધર્મ અને ખ્રિસ્તીધર્મમાં જો કોઈ મહત્ત્વનો તફાવત હોય તો તે એ કે હિબ્રૂધર્મ જિસસને 'મસીયાહ' તરીકે સ્વીકારતો નથી, જ્યારે ખ્રિસ્તી-

ધર્મ જિસસને ' મસીયાહ ' તરીકે સ્વીકારે છે. જેમ જૈનધર્મ અને બૌદ્ધધર્મમાં હિંદુધર્મના અનેક અંશો ઉપલબ્ધ છે, તેમ હિબ્રૂધર્મમાંથી નીપજેલા ખ્રિસ્તીધર્મમાં પણ એના અનેક અંશો ઉપલબ્ધ છે. પરંતુ જૈનધર્મે અને બૌદ્ધધર્મે હિંદુધર્મનાં શાસ્ત્રો નકાર્યાં, એના આદેશોનો અસ્વીકાર કર્યો, એના ઈશ્વર અને મંદિરનો ઇન્કાર કર્યો, ત્યારે ખ્રિસ્તીધર્મે હિબ્રૂધર્મના સંબંધમાં આવું કંઈ જ ન કર્યું. જિસસની સત્વશીલ દૃષ્ટિ, એમની માનવને માટેની ઉત્કર્ષની ભાવના, એમના સમગ્ર જીવનમાં વણાયેલ અનુકંપા, હિબ્રૂધર્મના કોઈપણ સારા તત્ત્વનો ઇન્કાર ન કરાવી શક્યા. એમણે તો હિબ્રૂધર્મનાં શાસ્ત્રો સ્વીકાર્યાં, હિબ્રૂધર્મના પયગંબરો પણ સ્વીકાર્યા અને તેમના આદેશોને પોતાના ધર્મમાં સમાવિષ્ટ કર્યા.

આ દૃષ્ટિએ વિચારતા સામાન્ય રીતે એમ લાગે કે હિબ્રૂધર્મનાં સારાં તત્ત્વો સ્વીકારીને ખ્રિસ્તીધર્મ ઉદારમતવાદી રહ્યો છે — જેમ બૌદ્ધધર્મનાં સારાં તત્ત્વો પોતાનામાં સમાવિષ્ટ કરીને હિંદુધર્મ ઉદારમતવાદી રહ્યો છે.

પરંતુ અહીંયાં એક બાબત સમજી લેવી જરૂરી છે. ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે તેમ ખૂબ જ ભાતૃભાવભર્યા આલિંગનથી હિંદુધર્મે બૌદ્ધધર્મનો વિનાશ કર્યો.[૨] પરંતુ ખ્રિસ્તીધર્મે હિબ્રૂધર્મનાં અનેક તત્ત્વો અંગીકાર કર્યાં છતાં, એના વિકાસના કેટલેક તબક્કે, હિબ્રૂધર્મ અનુયાયીઓમાંથી પોતાના ધર્મ માટે કેટલાક સંત પૉલ જેવા મહામૂલા અનુયાયીઓ મેળવવા સિવાય, ખ્રિસ્તીધર્મ હિબ્રૂધર્મને વિશેષ કંઈ કરી શક્યો હોય એમ લાગતું નથી. આ સમગ્ર પ્રશ્નની ઊંડાણ ખોજ થાય તો એમાંથી ધર્મપ્રકાર પર અને આ સમગ્ર પ્રક્રિયા પર કંઈક નૂતન પ્રકાશ મળવાની આશા રાખી શકાય.

આમ, જિસસે અનેક હિબ્રૂ માન્યતાઓને હ્રાસમયાવી. પ્રભુ કોઈ સોદાબાજ નથી, તેમ જ પ્રભુ તો સર્વ માનવ–સંતાનોનો પિતા છે, એમ કહીને જિસસે ઈશ્વરની સર્વવ્યાપકતા અને ન્યાયપૂર્ણતાની સમજ આપી, ઈશ્વરના વિચારને એક ખૂબ જ વિસ્તૃત ફલક પર મૂક્યો. એટલું જ નહિ પરંતુ, માનવને પણ એક ઉચ્ચ સ્થાન આપ્યું. પ્રભુના સામ્રાજ્યમાં, કોઈના પણ તરફ વિશિષ્ટ પક્ષપાત નથી પરંતુ ત્યાં સર્વ માનવીઓ સમાન છે—પાપાત્માઓ અને પુણ્યાત્માઓ એ બધા જ પ્રભુના સંતાન હોઈ, એ સર્વેનો પ્રભુના સામ્રાજ્યમાં પ્રવેશવાનો અધિકાર છે. પ્રભુના આ સામ્રાજ્યમાં કોઈ વિશિષ્ટાધિકારો નથી, કોઈ વિશિષ્ટ પ્રકારનું વળતર

૨ ઇન્ડિયન ફિલોસોફી ગ્રંથ – ૧.

નથી, તેમ જ કોઈ અજુગતી વાતનો સ્વીકાર નથી. આ સામ્રાજ્યમાં સંપત્તિ, પ્રતિષ્ઠા, ગર્વ જેવી કોઈ બાબત નથી. એ સામ્રાજ્યમાં માત્ર એક સર્વવ્યાપી સિદ્ધાંત આધિપત્ય ભોગવે છે અને તે સિદ્ધાંત તે સ્નેહ. આમ, પ્રભુનું સામ્રાજ્ય એટલે સ્નેહનું સામ્રાજ્ય.

જિસસના ઉપદેશને સ્વીકારવો એટલે એક નૂતન પ્રકારની જીવન-દૃષ્ટિને કેળવીને એક નૂતન જીવનમાર્ગે પ્રયાણ કરવા બરાબર થાય. જીવનમાં દૃઢ બનેલી ટેવો, અંકિત થયેલી તૃષ્ણાઓ અને આવેગોને દૂર કરી નીતિમય પવિત્ર જીવન દ્વારા જ ઈશ્વરદર્શનનો આનંદ પ્રાપ્ત કરી શકાય એમ સ્વીકારવા બરાબર થાય. જીવનના એક રાહે આગળ વધવાને ટેવાયેલ સામાન્ય માનવી માટે જિસસનો આ સંદેશ એકદમ સ્વીકાર્ય ન બને એ સમજી શકાય એમ છે.

૩. ખ્રિસ્તીધર્મનો ઐતિહાસિક વિકાસ :

આપણે આગળ જોયું તેમ હિબ્રૂધર્મના ત્રણેય પંથો, એક યા બીજા કારણસર, જિસસના ધર્મોપદેશની વિરુદ્ધ હતા. પરંતુ એમના ધર્મોપદેશનો વિરોધ કરવાને બદલે તેઓએ જિસસનો જ અંત લાવવાનું વિચાર્યું અને જિસસ પોતાના ઉપદેશને કંઈપણ વ્યવસ્થિત સ્વરૂપ આપે એ પહેલાં જ ઝનૂની હિબ્રૂઓએ એમને ક્રૂર રીતે મારી નાંખ્યા.

યહૂદીઓ જે પર્વની ઉજવણી જેરૂસલેમમાં કરતા એવા પર્વની ઉજવણીમાં તેઓએ ખૂબ ગાંડાતુર બની અઢળક સંપત્તિ ખર્ચી. જિસસનું, ત્યાં હાજર રહેલા લોકોએ, સ્નેહભર્યું અલૌકિક સ્વાગત કર્યું. લોકોનો જિસસ માટેનો આવો પ્રેમ અને આદર યહૂદીઓ જીરવી શકયા નહિ અને એમને કઈ રીતે ખતમ કરી શકાય તેની ખોજ કરતા રહ્યા. એવામાં મંદિરની અંદર જિસસ ગયા. અને એમણે ત્યાં વેપાર કરવા બેઠેલા યહૂદીઓને જોઈ કહ્યું : "આ મંદિર પ્રાર્થના માટે છે અને તમોએ એને ઠગની ગુફા બનાવી મૂકી છે"[૩]

જિસસે રોષે ભરાઈ એ વેપારીઓને મંદિરની બહાર કાઢયા. આથી એમના જિસસ પ્રત્યેના દ્વેષને વેગ મળ્યો. અગ્નિમાં ઘી હોમાયું અને જિસસના એક શિષ્યનો સહકાર મેળવી થોડા દિવસ પછી જ્યારે જિસસ પ્રાર્થના કરતા હતા ત્યારે એમને પકડાને યહૂદી નેતાઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. આ સમયે અને અદાલતમાં પણ જિસસ મૌન જ રહ્યા.

---

૩ My house is a house of prayer, but you have made it a den of thieves.

પછીથી હિબ્રુ સિપાઈઓએ જિસસને વધસ્થંભે લટકાવી, એમના હાથ-પર ખીલા મારી ખૂબ કરુણ રીતે એમના જીવનનો અંત લાવવા પ્રયત્ન આદર્યો. આવું દૈહિક કષ્ટ છતાં જિસસે ખૂબ શાંતિ અને સ્વસ્થતાપૂર્વક પોતાના જીવનનું બલિદાન કર્યું અને એમ કરતાં કહ્યું : "પરમ પિતા! તું એમને માફ કર, કારણ કે તેમને ખબર નથી કે તેઓ શું કરે છે."[૪]

પરંતુ આ તો જિસસના પાર્થિવ દેહનું સમર્પણ હતું. જિસસનું પુનરુત્થાન એ જ ખ્રિસ્તીધર્મનો મહત્ત્વનો પ્રસંગ છે. એમની દફન-વિધિના ત્રીજા દિવસે જિસસ કબરમાંથી ઊઠ્યા અને ત્યાર પછી ચાલીસ દિવસ આ પૃથ્વી પર રહ્યા. જિસસને જ્યારે ઘાતકી રીતે મારી નાખવામાં આવ્યા ત્યારે તેમના અનુયાયીઓમાં ગ્લાનિ ફેલાય એ સ્વાભાવિક હતું. પરંતુ જ્યારે એ અનુયાયીઓને જિસસનો પ્રત્યક્ષ અનુભવ ફરીથી થયો ત્યારે તેમને ખાતરી થઈ કે જિસસ અહર્નિશ જીવંત છે. તેમણે જિસસને પ્રભુ-સ્થાને સ્થાપ્યા અને તે રીતે તેમની પૂજા કરવા લાગ્યા. જિસસના પુનરુત્થાનને એમણે એમના ધર્મના પાયા તરીકે સ્વીકાર્યો.

ખ્રિસ્તીધર્મની શરૂઆતનો આ કાળ ઈ. સ.ના લગભગ પચ્ચના વર્ષમાં પૂરો થાય છે. એ સમય દરમ્યાન ખ્રિસ્તીધર્મ માટે એક વાતાવરણ જન્મ્યું હતું ખરું. પરંતુ એક વ્યવસ્થિત ધર્મ તરીકે એની પ્રસ્થાપના હજી બાકી હતી. આ પછીના કાળમાં આ પ્રયત્ન થયો અને એના મુખ્ય પ્રણેતા સંત પૉલ રહ્યા.

૬. સંત પૉલ :

ખ્રિસ્તીધર્મને વ્યવસ્થિત ધર્મનું સ્વરૂપ આપવામાં મહત્ત્વનો ફાળો સંત પૉલનો છે. એમણે પોતે જિસસને કદીયે જોયા હોય કે ઉપદેશ આપતા સાંભળ્યા હોય એવું જાણવામાં નથી. એથી ઊલટું સૉલ (પૉલનું મૂળ નામ) પોતે એક ચુસ્ત હિબ્રુ હતા અને ખ્રિસ્તીધર્મના પ્રબળ ટીકાકાર હતા. ખ્રિસ્તીઓને માટે એમને એટલી તો ઘૃણા હતી કે તેઓ તેમને જેરૂસલેમના ન્યાયાલયમાં ખેંચી જતા અને એમને મારી નાખતા.

સંત પૉલ ખૂબ વિચક્ષણ આદમી હતા. પોતે તીક્ષ્ણ બુદ્ધિમત્તા ધરાવતા હોવા ઉપરાંત પોતાના સમયના ધાર્મિક પ્રવાહો અને પ્રવૃત્તિઓ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતા. તે સમયના પ્રવર્તમાન હિબ્રુધર્મ, મિથેરિયન ધર્મ અને એલેક્ઝાંડ્રિયન ધર્મ વિશે એમને ઊંડું જ્ઞાન હતું.

---

૪ Father! Forgive them, for they do not know what they are doing.

આમ, સંત પૉલ બૌદ્ધિક રીતે જિસસનું કાર્ય આગળ ધપાવવાને માટે યોગ્ય હતા. પરંતુ હાર્દિક રીતે તેઓ એ માટે શી રીતે તૈયાર થયા એ એક પ્રશ્ન છે. એમ કહેવાય છે કે એક વેળા એમને જિસસનાં દર્શન થયા. આથી એમનું હૃદયપરિવર્તન થયું અને એની સાથે જ એમનું ધાર્મિકપરિવર્તન પણ થયું. આથી જ ખ્રિસ્તીધર્મમાં પરિવર્તનની પ્રક્રિયાને અગત્યનું સ્થાન આપવામાં આવે છે.

જિસસના વધ પછી એમના થોડા અનુયાયીઓનું નેતૃત્વ સંત પૉલે લીધું અને પોતાના હૃદય અને મનથી ખ્રિસ્તીધર્મને વ્યવસ્થિત કરવાનું, પ્રસારવાનું કાર્ય એમણે હાથ ધર્યું.

જિસસે ઉપદેશેલા પ્રભુના સામ્રાજ્યના વિચારને વિકસાવવાને માટે એમણે ખાસ મહત્ત્વનું કાર્ય તો હિબ્રૂધર્મમાં જે 'મસીયાહ'નું વચન અપાયેલું, તે જિસસના પ્રત્યક્ષીકરણમાં સિદ્ધ થાય છે એવું પ્રતિપાદન કરવામાં છે. વધુમાં સંત પૉલે એમ પણ કહ્યું કે જિસસનું મૃત્યુ એ તો એક બલિદાન છે, જે દ્વારા સમસ્ત માનવજાતિનો પુનરુદ્ધાર થઈ શકે.

સંત પૉલના વિવિધ ધર્મોના સંપર્કને પરિણામે ખ્રિસ્તીધર્મના પ્રસારમાં સહાય થઈ છે. હિબ્રૂધર્મમાં, મિથેરિયન ધર્મમાં તેમ જ એલેકઝાંડ્રિયન ધર્મમાં રજૂ થયેલ વિચારો અને વપરાયેલા શબ્દોનો એમણે ખ્રિસ્તીધર્મમાં છૂટથી ઉપયોગ કર્યો. આમ કરવામાં સંત પૉલે ખ્રિસ્તીધર્મને એવી રીતે સમજાવ્યો, અને એવું વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું, જેથી સહજ રીતે એમ લાગે કે જે જે ધર્મના સંપર્કમાં ખ્રિસ્તીધર્મ આવ્યો છે, એ બધા જ ધર્મોનાં મૂળ તત્ત્વોનો એમાં સમાવેશ થાય છે. પરંતુ પ્રવર્તમાન ધર્મોનાં મૂળ તત્ત્વોના એકત્રીકરણમાં જ ખ્રિસ્તીધર્મની સમાપ્તિ નથી. ખ્રિસ્તીધર્મના પોતાના આગવા વિચારોની રજૂઆત પણ એમણે કરી. ખાસ કરીને સ્ત્રી સન્માન અને ગુલામ સહિતના પ્રત્યેક મનુષ્યને માટે સંપૂર્ણ સ્વાતંત્ર્યનો આમાં સમાવેશ થાય છે.

સંત પૉલ અથાગ શક્તિ ધરાવતા અને હંમેશા કાર્યરત એવા પ્રચંડ પ્રચારક હતા. આથી એમણે ખ્રિસ્તીધર્મના પ્રચારની વ્યવસ્થા કરી અને એમણે એનો પ્રસાર વિવિધ દેશોમાં કર્યો. અહીંયાં ખ્રિસ્તીધર્મના વિકાસનો બીજો તબક્કો પૂરો થાય છે. યુરોપ અને એશિયામાં પૉલે દેવળો સ્થાપ્યાં અને એમણે જે તે ધર્મસંઘો પર પત્રો પણ લખ્યા. આ પત્રોમાં ખ્રિસ્તીધર્મના વિચારની ઝાંખી અને આચરણની રજૂઆત કરવામાં આવેલી છે.

અ. નવા કરારની ગૂંથણી :

સંત પૉલના મૃત્યુ પછીના લગભગ સો વર્ષ (આશરે ઈ. સ. ૭૦ થી ઈ. સ. ૧૫૦ સુધીનો ગાળો) ખ્રિસ્તીધર્મના ધર્મગ્રંથોની ગૂંથણી માટે મહત્ત્વનો છે. ધર્મના એક સંગઠક બળ–મંદિર–ઉપર સંત પૉલે ધ્યાન આપ્યું. પરંતુ ધર્મગ્રંથ પણ ધર્મનું એક મહત્ત્વનું સંગઠક બળ છે એ સ્વીકારાયું છે. ખ્રિસ્તીધર્મના ઇતિહાસમાં આ ગાળા દરમ્યાન આ બળ વિકસ્યું.

જિસસનું જીવનચરિત્ર લખાયું અને એમ ખ્રિસ્તીધર્મને માટે અગત્યનું સાહિત્ય સર્જાયું. જિસસનાં ઉદ્‌ગારો અને વિચારોની જાળવણી માટે વિવિધ લખાણો થયાં. નવા કરારમાં સંત પૉલના પત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો. આવા સાહિત્યનો ખ્રિસ્તીધર્મના ઘડતર અને વિકાસમાં મહત્ત્વનો ફાળો રહ્યો.

ગ. રોમન રાજ્ય અને ખ્રિસ્તીધર્મ :

રોમન રાજ્યકર્તાઓ યહૂદીઓ હતા અને એમના ધર્મમાંથી ખ્રિસ્તીધર્મની ઉત્પત્તિ થઈ ખ્રિસ્તીઓ જિસસના પગલે ચાલી હિબ્રૂધર્મની ટીકા કરતા થયા તેથી સામાન્ય રીતે યહુદીઓએ ખ્રિસ્તીઓને હેરાન કરવા માંડ્યા. એક બાજુ સંત પૉલ જેવાના પ્રયત્નોને પરિણામે ખ્રિસ્તીધર્મ પ્રચલિત થતો હતો, તો બીજી બાજુ હિબ્રૂધર્મીઓ અને કેટલાક રોમન રાજાઓએ ખ્રિસ્તીઓને વિટંબણામાં મૂકયા.

કૉન્સ્ટનટાઈન એ પહેલો રોમન રાજા હતો, જેમણે ખ્રિસ્તીધર્મ સ્વીકાર્યો. એમણે જળસંસ્કાર પણ કર્યો હતો. એક રાજાનો આશ્રય મળતા ખ્રિસ્તીધર્મને રાજ્યાશ્રય મળ્યો અને રાજધર્મ બની ખ્રિસ્તીધર્મનો અનેકગણો વિકાસ થયો.

ખ્રિસ્તીધર્મને વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં અને એનો વિકાસ કરવામાં ખ્રિસ્તી સંઘોનો ફાળો ઘણો જ છે એની ના નહિ. પરંતુ એ સંઘો એકત્રિત થઈ, સંગઠિત થઈ આવો ફાળો આપી શકે એવી સ્થિતિ સર્જનાર પુરુષ અને પ્રસંગનું ઘણી વેળા વિસ્મરણ થાય છે. કૉન્સ્ટનટાઈન પ્રથમ રોમન રાજા હતો, જેમણે ખ્રિસ્તીધર્મ અંગીકાર કર્યો. એટલું જ નહિ પરંતુ નાઇસિયા મુકામે ઈ. સ. ૩૨૫માં કૉન્સ્ટનટાઈને બધા જ ખ્રિસ્તી સંઘોની એક પરિષદ બોલાવી. આવા પ્રકારની પરિષદ પ્રથમ જ હતી. એનું મહત્ત્વ અનેકગણું હતું એ ભુલાવું જોઈએ નહિ. આ પરિષદમાં જ કૉન્સ્ટનટાઈને ખ્રિસ્તીધર્મને રાજ્યધર્મ તરીકે સ્વીકાર્યો, એને રાજ્યધર્મનું બિરુદ આપ્યું, એટલું જ નહિ પરંતુ એમણે ક્રૉસને ખ્રિસ્તી-ધર્મના રાજ્યચિહ્ન તરીકે પણ સ્વીકાર્યો.

ધાર્મિક પરિષદોનું સ્થાન લગભગ પ્રત્યેક ધર્મમાં કોઈ ને કોઈ સ્વરૂપે છે જ. ધર્મપ્રચારમાં આવી પરિષદોનો ફાળો કેવો અને કેટલો છે એ એક સ્વતંત્ર અભ્યાસનો વિષય છે. આપણા સમયની અતિ નિકટ સ્વામીનારાયણ સંપ્રદાયના સમૈયાઓનો ધર્મપ્રચારમાં કેટલો ફાળો છે એ જાહેર છે. એ જ રીતે ધર્મના સંગઠન અને પ્રસારમાં ધાર્મિક સંઘનો ફાળો કેવો અને કેટલો છે એ નક્કી કરવાનું અગત્યનું હોવા છતાં આ પુસ્તકની મર્યાદા બહાર છે.

આ જ કાળમાં (ઈ. સ. ૧૫૦ થી ૧૦૫૪) ખ્રિસ્તીધર્મ જગતના વિવિધ દેશોમાં પ્રસર્યો. વ્યાપાર દ્વારા એશિયાના દેશોમાં અને સ્થાનફેર કરનારાઓ દ્વારા અમેરિકામાં પહોંચ્યો અને સામ્રાજ્યના વિકાસની સાથે બીજા દેશોમાં પણ ખ્રિસ્તી-ધર્મનો પ્રસાર થયો.

ઘ. સર્વોપરી પોપ :

ધર્મસંઘની સ્થાપના અને એના સંગઠનને પરિણામે એ પોતે જ એક બળ બની ગયું. એને પરિણામે વડા ધર્મગુરુ સર્વોપરી બનતા ગયા. તે એટલે સુધી કે રાજ્ય સર્વોપરી કરતાં ધર્મ સર્વોપરી સવિશેષ સ્થાન પામવા માંડ્યા. એમાં પોપની સત્તા સર્વોપરી બની અને ઈ. સ. ૧૦૫૪ થી ૧૫૧૭ સુધીના ગાળા દરમ્યાનના લગભગ પાંચસો વર્ષ પોપની સત્તા યુરોપમાં લગભગ સર્વોપરી રીતે ફેલાઈ. સત્તાની સાથે સામાન્ય રીતે સંકળાયેલ દોષો અહીંયાં પણ હતા એમ સ્વીકારવું રહ્યું. પરંતુ એની સાથે જ એ પણ નોંધવું જોઈએ કે પોપની સર્વોપરી સત્તાનો ઉપયોગ સામાન્ય રીતે જનસમુદાયની સેવાના માર્ગે થયો. પોપની સત્તાને પરિણામે જ કેળવણીની પ્રગતિ થઈ શકી અને કાયદાનાં સામ્રાજ્યો સ્થપાયાં. જિસસે પ્રબોધેલ ન્યાય અને એકતાના આદર્શ પર રચાયેલ સામ્રાજ્યની સ્થાપનાના આદર્શને કંઈક અંશે પ્રત્યક્ષ કરવાનો પ્રયત્ન પણ આ જ કાળ દરમ્યાન થયો અને એ કાર્ય આ મધ્યકાલીન સમયના ધર્મસંઘોએ કર્યું.

ચ. સુધારાવાદી પ્રયાસો :

રોમના પોપની વર્ચસ્વભરી એકહથ્થુ સત્તા ધર્મની પ્રગતિને અવરોધક લાગતાં એ સત્તાની સામે કેટલાક હિંસક પડકારો વિકલિફ અને હસ જેવાઓએ કર્યા. પરંતુ, આ સુધારાવાદીઓ પોતાનું ધ્યેય સિદ્ધ કરવામાં સાર્થક ન થયા.

માર્ટિન લ્યૂથર એક જર્મન સંત હતા. એમને વિશે અનેક વાતો પ્રચલિત છે. પોતે કાયદાના અભ્યાસી હોવા છતાં ખ્રિસ્તી ધર્મસંઘનો સ્વીકાર કરવાનું વચન

લઈ ધર્મસંઘમાં જોડાયા. પરંતુ પોપની સર્વોપરિતા અને કાર્યરીતિ સાથે તેઓ સંમત થઈ શકયા નહિ અને એથી એમણે એમની સામે વિરોધ કરી એક નવા પંથની સ્થાપના કરી, જે પ્રોટેસ્ટંટ પંથ તરીકે ઓળખાય છે. માર્ટિન લ્યૂથરના પ્રયાસોના પરિણામે યુરોપીય જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં જે કોઈ પરિણામ આવ્યું હોય તે, પરંતુ એને લીધે કૅથોલિક ધર્મની અંદર તો ખરેખર એક નવું જ ચેતન આવ્યું. પોતાનામાંના વિરોધીઓનો સામનો સબળ રીતે જ કરવો જોઈએ એમ માની રોમન કૅથોલિકોએ ખ્રિસ્તી ધર્મના પ્રચારનું વેગવંતુ કાર્ય હાથ ધર્યું.

પ્રોટેસ્ટંટ પંથની માર્ટિન લ્યૂથરે સ્થાપના કર્યા પછી, એ પંથ કૅથોલિક ધર્મ સંઘથી છૂટ્ટો પડ્યો. પ્રોટેસ્ટંટ પંથે કૅથોલિક વિધિઓ, રીતરિવાજો વગેરેનો પણ ત્યાગ કર્યો. પ્રોટેસ્ટંટ પંથના સ્થાપક માર્ટિન લ્યૂથર છેવટે બ્રહ્મચર્યનું વ્રત છોડી ગૃહસ્થી બન્યા અને સુખી કુટુંબજીવન જીવ્યા.

નવા આગંતુકો માટે પ્રોટેસ્ટંટ પંથનું આકર્ષણ એ રીતે હતું જેઓ સુધારાવાદી હતા તેઓને એવી આશા બંધાઈ કે આ પંથ સુધારો લાવશે. કેટલાક જર્મન રાજવીઓ દેવળ અને મઠની મિલકતના લોભથી પણ આ પંથમાં દાખલ થયા. કાળાનુક્રમે પ્રોટેસ્ટંટ પંથમાં પણ પેટા પંથો પડ્યા.

પંથ સ્થાપનાનો આ પ્રયાસ પ્રોટેસ્ટંટ પંથ પૂરતો જ મર્યાદિત ન રહેતા, બીજા વિવિધ પંથોની પણ સ્થાપના થઈ. જેમ કે, પોપે ઇંગ્લેંડના રાજા હેનરી આઠમાને છૂટાછેડાની મંજૂરી આપી નહિ. આથી રાજા પોપની સત્તાની સામે થયા અને તેમણે એક નવા પંથની – એન્ગ્લિકન પંથની સ્થાપના કરી.

૪. ખ્રિસ્તીધર્મનું આધુનિક સ્વરૂપ :

કોઈપણ જીવંત ધર્મ હંમેશા ગતિશીલ હોય છે. હિંદુધર્મ અને બૌદ્ધધર્મની જેમ ખ્રિસ્તીધર્મ પણ પ્રવાહી અને ગતિશીલ સ્વરૂપનો છે. તાત્ત્વિક વિચારો અને ધાર્મિક આચારોના વિષયમાં વિકસતા નવીન વિચારો અપનાવવામાં આવે છે.

જો કોઈપણ ધર્મને એના સાચા સ્વરૂપમાં સમજવો હોય, જો ધર્મનું હાર્દ અને એનું તત્ત્વદર્શન પામવું હોય તો એ ધર્મના કોઈ એક નિશ્ચિત કાળના નિશ્ચિત સ્વરૂપને કે કોઈ એક ધર્મગ્રંથ કે કોઈ એક વિચારને અનુલક્ષીને એમ કરી શકાય નહિ. એ માટે તો ધર્મને એક સમગ્ર પ્રક્રિયા તરીકે આલેખીને એનું હાર્દ અને તત્ત્વજ્ઞાન સમજવા જોઈએ.

ખાસ કરીને ધર્મના તુલનાત્મક અધ્યયનમાં આ બાબત સવિશેષ મહત્ત્વની બને છે. કોઈ એક દૃષ્ટિબિંદુ કે અર્થઘટન સાચું છે અને બાકીનાં બીજાં બધાં

જ ખોટાં છે એવી એકમતવાદી વિચારણાને સ્થાને એક સમન્વયકારી વલણ અને વિચારણા અપનાવાની અને વિકસાવવાની જરૂરિયાત છે. ખાસ કરીને ધર્મના તુલનાત્મક અધ્યયનમાં આવું સમન્વયાત્મક વલણ ખૂબ જરૂરી છે. એવું કેમ ન બને કે આપણને ઉપલબ્ધ બધાં જ અર્થઘટનો અને દૃષ્ટિબિંદુઓ કોઈ એક દૃષ્ટિથી સાચા હોય અને સવિશેષે સમગ્રતયાની દૃષ્ટિથી તાત્વિક રીતે પ્રત્યેક સાચું હોય ?

કોઈ પણ ધર્મની સાચી પ્રતીતિ મેળવવા માટે આવા સમન્વયકારી વલણની જરૂર છે એ વિશે મતભેદ ન હોઈ શકે. ખ્રિસ્તીધર્મને સમજાવવાને માટે ઉએરવેગ અને હેગલે આવું સમન્વયકારી વલણ સ્વીકારતાં સૂચવ્યું છે કે ખ્રિસ્તીધર્મમાં સામાન્યપણે અસંગત અને વિરોધી લાગતા એવા અનેક વિચારોનું સમર્થન કરવામાં આવ્યું છે. પરંતુ એમ કરવામાં કોઈપણ વિચારને વિકૃત સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો નથી, તેમ જ કોઈ પણ વિચારનો અનાદર કે અસ્વીકાર કરવામાં આવ્યો નથી. આ અર્થમાં ખ્રિસ્તીધર્મ નિત્ય અને અનિત્ય, માનવીય અને દૈવીય, પ્રાકૃતિક અને અલૌકિક, વ્યાપ્તત્વ અને અવ્યાપ્તત્વ, સ્નેહી પ્રભુ અને ન્યાયી પ્રભુનો પ્રયત્નપૂર્વક, સમજણપૂર્વક સમન્વય કરે છે.

૫. ખ્રિસ્તધર્મના કેટલાક અગત્યના સિદ્ધાંતો :

ક. ઈશ્વરભાવના :

હિંદુધર્મ અને બૌદ્ધધર્મમાં તાત્ત્વિક સત્તાની વ્યાખ્યા આપી શકાય એમ નથી અથવા તો એને શબ્દબદ્ધ કરી શકાય એમ નથી એમ કહેવાયું છે. પરંતુ ખ્રિસ્તીધર્મમાં એક સગુણ ઈશ્વરની કલ્પના કરવામાં આવી છે. ખ્રિસ્તીધર્મના ઈશ્વરની ભાવના યહૂદીધર્મનો ઈશ્વરની ભાવનામાંથી નિષ્પન્ન થઈ છે. જિસસ યહૂદીધર્મની આ પ્રાર્થનાથી ખૂબ પ્રભાવિત થયા હતા.

"પ્રભુ, અમારા ઈશ્વર એવા પ્રભુ, એક છે. તે પ્રભુ ઉપર, તારા ઈશ્વર ઉપર તું હૃદયથી, આત્માથી અને તારી બધી શક્તિથી પ્રેમભાવ રાખજે."[૫]

ખ્રિસ્તીધર્મમાં પણ, યહૂદીધર્મની જેમ, ઈશ્વરને જગતના સ્વાતંત્ર્ય, નૈતિક નિયામક તરીકે આલેખવામાં આવે છે. નવા કરારમાં ઈશ્વરનું વર્ણન આવા

૫ ડૉયટરોનોમી, ૬ : ૪–૫

શબ્દોમાં અપાયું છે : સર્વદૃષ્ટા, સર્વજ્ઞ, આકાશ અને પૃથ્વીના અધિપતિ, પવિત્ર, દયાળુ, જગતને ન્યાય આપનાર સાચા ન્યાયાધીશ વગેરે.

ખ્રિસ્તીધર્મમાં ઈશ્વરને સર્વવ્યાપ્ત, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન તરીકે વર્ણવવામાં આવેલ છે.

ખ્રિસ્તીધર્મમાં ઈશ્વરના પિતૃત્વ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. બધા જીવોના પિતા તે છે. શરૂઆતના તબક્કે જ્યારે માત્ર ચાર ગોસપેલો જ અસ્તિત્વમાં હતા, અને જિસસના અનુયાયીઓ દ્વારા એપિસ્ટલસની રચના થઈ ન હતી ત્યારે એ ગોસપેલોમાં જિસસના વ્યક્તિત્વની અને એમના ઉપદેશોની રજૂઆત કરવામાં આવી હતી.

જિસસ ઈશ્વરને માટે 'પિતા' નામ ઘણી વેળા વાપરે છે.[૬] ગોસ્પેલમાં આ શબ્દનો ઉપયોગ અનેક વેળા થયો છે.

ગોસ્પેલમાં વપરાયેલ શબ્દ :	કેટલી વાર વપરાયો ?
પિતા	૬૧
હે પિતા	૧૭
મારા પિતા	૫૦
તમારા સ્વર્ગીય પિતા	૧૮

નવા કરારમાં ઈશ્વરને માટે 'પિતા' શબ્દ લગભગ ત્રણસો વખત વપરાયો છે.

પિતૃત્વની ભાવના ઈશ્વરમાં પ્રત્યક્ષ કરવામાં ખ્રિસ્તીધર્મ કદાચ એકલો જ છે. એમ તો હિંદુધર્મમાં બ્રહ્માને જગત-પિતા તરીકે આલેખવામાં આવ્યા છે, અને સાથે જ મા જગદંબાનો પણ શક્તિસ્વરૂપે સ્વીકાર થયો છે. પરંતુ ખ્રિસ્તીધર્મમાં થયેલા શબ્દપ્રયોગનો વધુ સ્પષ્ટ સમજ, હિબ્રૂધર્મમાં ઈશ્વરની રજૂઆત માટે વપરાતા શબ્દની સાથે સરખાવવાથી, મળે છે. હિબ્રૂધર્મમાં ઈશ્વરનો ઉલ્લેખ સર્વોપરી સત્તાધીશ સમ્રાટ તરીકે કરવામાં આવે છે. હિબ્રૂધર્મની આ પિતૃત્વની ભાવના ખ્રિસ્તીધર્મ સ્વીકારે છે, પરંતુ સત્તાધીશ સમ્રાટની ભાવનાનો તે ત્યાગ કરે છે. આ ભેદને નીચે પ્રમાણે રજૂ કરી શકાય.[૭]

---

૬ હ્યુમ, આર. ઈ. પા. ૨૫૧

૭ એજ પા. ૨૫૨.

ઈશ્વર સમ્રાટ તરીકે	ઈશ્વર પિતા તરીકે
૧. પોતાની પ્રજા કરતા સત્તામાં ચઢિયાતો છે.	૧. પોતાના બાળકોના જેવો છે.
૨. સ્વર્ગમાં રહી પ્રજા ઉપર આધિપત્ય ભોગવે છે.	૨. પોતાનાં બાળકોની સાથે રહે છે અને બધાં સાથે ભળી જઈને કાર્ય કરે છે.
૩. પોતાની આપેલી આજ્ઞાના પાલનની ફરજ પાડે છે.	૩. સહકારની ભાવના દ્વારા ફરજનો ખ્યાલ આપે છે.
૪. કાયદાનુસાર રાજ્ય કરે છે.	૪. પોતાના પ્રભાવ દ્વારા નિયમન કરે છે.
૫. પોતાના સિદ્ધાંતોના વિજય માટે પ્રયત્નશીલ રહે છે.	૫. માણસોને ચાહે છે, તેમને ક્ષમા આપે છે, તેમની સેવા કરે છે અને તેમને ઊર્ધ્વગામી બનાવે છે.
૬. પક્ષપાતરહિત છે.	૬. પક્ષપાતરહિત છે પણ પતિતોદ્ધારક છે.
૭. પાપીઓને શિક્ષા કરે છે.	૭. પાપીઓને શિક્ષા કરે છે. પણ સાથે જ પોતે પણ દુઃખ વેઠે છે – મનુષ્યજાતિના લાભ માટે અને તેમનામાં પવિત્રતા આવે એ માટે.[૮]

આમ, ખ્રિસ્તીધર્મમાં ઉપદેશેલ ઈશ્વરનો ખ્યાલ દયાળુ અને ન્યાયી પિતાનો છે.

આમ છતાં ઈશ્વરનો સ્નેહ સારા અને નરસા, ધાર્મિક અને અધાર્મિક બધાને એકસરખો મળતો નથી. નવા કરારમાં કેટલાંક જગ્યાએ ઈશ્વરનો ક્રોધ[૯] અને ન્યાયયુક્ત ચુકાદાના[૧૦] ઉલ્લેખ કરવામાં આવે છે જેમાંથી એ ફલિત થાય છે કે ઈશ્વરનો સ્નેહ વિવેકશૂન્ય નથી.

પરંતુ, આ વિવેકબુદ્ધિ, ઈશ્વરની આ વિચારશક્તિ એ ખ્રિસ્તીધર્મની મૂળભૂત વિચારધારા સાથે સુસંગત નથી. એટલું જ નહિ પરંતુ ખ્રિસ્તી ધર્મ પર ગ્રીક વિચારણાને પરિણામે લાદવામાં આવેલ છે એવી એક વિચારધારા આધુનિક સમયમાં પ્રચલિત છે.

---

૮ હિબ્રૂઝ, ૧૨ : ૧૦

૯ Wrath of God.

૧૦ Righteous Judgment.

ખ. ઈશ્વરનું જ્ઞાન :

ખ્રિસ્તીધર્મ અનુસાર ઈશ્વરનું જ્ઞાન શી રીતે પ્રાપ્ત થાય છે? હિંદુધર્મ અને બૌદ્ધધર્મ કરતાં ખ્રિસ્તીધર્મ આ પ્રશ્નનો ઉત્તર જુદી રીતે આપે છે.

ખ્રિસ્તીધર્મ રહસ્યવાદનો સ્વીકાર કરતો નથી. એક પદ્ધતિ તરીકે એ રહસ્યવાદનો ઇન્કાર કરે છે. કારણ કે એ માને છે કે માનવ પોતે ઈશ્વર સમીપ પહોંચવાને કે તેની સાથે એકલીન થવાની નથી તો શક્તિ ધરાવતો, કે નથી તો એવી શક્યતા ધરાવતો. ખ્રિસ્તી મતાનુસાર ઈશ્વર પોતે જ માનવ સમક્ષ પ્રત્યક્ષ થાય છે.

તત્ત્વદૃષ્ટિ તરીકે પણ ખ્રિસ્તીધર્મ રહસ્યવાદનો ઇન્કાર કરે છે, કારણ કે રહસ્યવાદ એમ સ્વીકારે છે કે માનવ અને ઈશ્વર એક અર્થમાં અથવા અંતિમ અર્થમાં ભિન્ન નથી, અને એથી માનવને માટે સ્વપ્રયત્ને ઈશ્વરનું જ્ઞાન શક્ય છે. એટલું જ નહિ પરંતુ પ્રભુપ્રાપ્તિ પણ શક્ય છે.

આમ છતાં, થોમસ એકવિનાસ જેવા કેટલાક ખ્રિસ્તી વિચારકો એમ માને છે કે તર્ક દ્વારા ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય, જો કે અહીંયાં પણ ઈશ્વરની કૃપાનું સ્થાન તો છે જ.

ગ. ત્રિ-સ્વરૂપ સિદ્ધાંત :

ખ્રિસ્તીધર્મના ત્રિ-સ્વરૂપ સિદ્ધાંત(Doctrine of Trinity)થી ઉએરવેગ ખૂબ પ્રભાવિત થયા હતા અને આ સિદ્ધાંતને એક વિશિષ્ટ પ્રકારના સિદ્ધાંત તરીકે, તથા હિબ્રૂધર્મ તેમ જ પૂર્વના ધર્મોથી, એક વિશિષ્ટ પ્રકારની અલગ ભાત પાડતા સિદ્ધાંત તરીકે ઓળખાવ્યો.

આ સિદ્ધાંત એક અર્થમાં જરૂર વિશિષ્ટ છે, કારણકે એ ઈશ્વરના ત્રણ સ્વરૂપની એકમયતા કે એકરૂપતાની રજૂઆત કરે છે. આ સિદ્ધાંત અનુસાર ઈશ્વરનાં ત્રણ સ્વરૂપો નીચે પ્રમાણે આલેખાયાં છે.

ઈશ્વર – પિતા તરીકે,

ઈશ્વર – પુત્ર તરીકે,

ઈશ્વર – પવિત્ર આત્મા તરીકે.

અહીંયાં, સર્વ સૃષ્ટિના પિતા ઈશ્વર છે એ અર્થમાં ઈશ્વર સર્જક છે – સર્વસત્તાધીશ છે, સર્વજ્ઞ છે, સર્વત્ર છે અને સર્વશક્તિમાન છે. પરંતુ હિબ્રૂધર્મમાં

સૃષ્ટિના સર્જક પિતા સ્વર્ગમાં રહી સૃષ્ટિ પર આધિપત્ય ભોગવતા હોય એ પિતાની સાથે જ તાદાત્મ્યતા શી રીતે કેળવી શકાય ? કોઈપણ સંપૂર્ણ એકેશ્વરવાદી ધર્મ માટે આ સમસ્યા હંમેશા ઉપસ્થિત થાય છે. માનવીને તો એવા પ્રભુ સ્વીકાર્ય બની શકે જે એમની સમક્ષ પ્રત્યક્ષ થાય, અને જેમની સમીપ એ પોતે આવી શકે. સગુણ અને નિર્ગુણ ઈશ્વર તત્ત્વના સ્વીકારની જરૂરિયાત આમાંથી જ ઉપસ્થિત થાય છે. હિબ્રૂધર્મ સગુણ ઈશ્વર આપી શક્યો નહિ, અને ખ્રિસ્તીધર્મે એ આપવાનો પ્રયાસ કર્યો. આમ છતાંય, એક ઈશ્વરના ખ્યાલને પણ એ વળગી રહ્યો. આમ કરવાને માટે એણે, જે ઈશ્વર જગતમાં પ્રત્યક્ષ થાય છે એને પ્રભુના પુત્રનું સ્વરૂપ આપ્યું. માનવદેહે આ રીતે માનવ સમક્ષ પ્રભુ પ્રત્યક્ષ થઈ શકે છે એ વાતનો ખ્રિસ્તીધર્મમાં સ્વીકાર થયો, અને છતાંય હિંદુધર્મના અવતારવાદનો અહીંયાં સ્વીકાર થયેલો નથી.

અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ઈશ્વરનું પુત્ર તરીકેનું સ્વરૂપ શું કાળ બાધિત છે ? જો મનુષ્યો સમક્ષ પ્રત્યક્ષ થવાને માટે ઈશ્વર પુત્ર સ્વરૂપે રજૂ થાય તો એમ અનેક વેળા ન થઈ શકે ? અમુક એક જ સમયે અને અમુક ભૌગોલિક પ્રદેશમાં જ ઈશ્વરનું પુત્ર સ્વરૂપનું પ્રાકટય શા માટે મર્યાદિત થવું જોઈએ ?

ઈશ્વરના જીવંત સંપર્કનો ખ્રિસ્તીધર્મ સ્વીકાર કરે છે, અને એ સંપર્ક જિસસમાં પ્રત્યક્ષ થયેલો છે, કારણકે જિસસ માનવી પણ છે. ઈશ્વરને પામવાને માટે જિસસ તો માનવ અને ઈશ્વર વચ્ચે સેતુસમાન છે. આથી જ ખ્રિસ્તીધર્મમાં ઈશ્વરના પુત્ર ક્રાઇસ્ટ ઉપર વિશ્વાસ રાખવા માટે તેમ જ તેમને પ્રેમ કરવા માટે, તેમની ભક્તિ કરવા માટે અને તેમના પર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવા માટે ભારપૂર્વક કહેવામાં આવ્યું છે.

ક્રાઇસ્ટ, પ્રભુ અને માનવની એકતા પ્રત્યક્ષ કરે છે. તાત્ત્વિક દૃષ્ટિએ એ ઈશ્વર પણ છે, કારણકે એક જ ઈશ્વરનું એ સ્વરૂપ છે અને ઈશ્વરના પુત્ર તરીકે આ માનવદેહે પ્રત્યક્ષ પણ છે. ઈશ્વર અને મનુષ્ય વચ્ચેની એકતાના પ્રતીક તરીકે ક્રાઇસ્ટનો વ્યાવહારિક દૃષ્ટિએ પણ વિચાર કરી શકાય. ક્રાઇસ્ટ, માનવનું પુનરુત્થાન કરનાર છે એમ ખ્રિસ્તીધર્મમાં કહેવાયું છે. પાપીજનોનું ઈશ્વર સાથેનું પુનર્મિલન ક્રાઇસ્ટ કરનાર છે.

આ અર્થમાં ક્રાઇસ્ટ એ પ્રભુનું પ્રત્યક્ષીકરણ છે, પરંતુ સમગ્ર પ્રભુનું એ સંપૂર્ણ પ્રત્યક્ષીકરણ નથી; પરંતુ પ્રભુનું માનવ માટેનું જેવું સ્વરૂપ હોય એવું પ્રત્યક્ષીકરણ છે.

પ્રભુનું ત્રીજું સ્વરૂપ તે પવિત્ર આત્મા. આ પવિત્ર આત્મા એટલે શું? વ્યક્તિનું શુદ્ધ સ્વરૂપ – વ્યક્તિનું આત્મ સ્વરૂપ કે વ્યક્તિનું દૈવી સ્વરૂપ? ખ્રિસ્તીધર્મ શું ખરેખર એમ સ્વીકારે છે કે સૃષ્ટિસર્જક પિતામય ઈશ્વર અને માનવ સ્વરૂપે પ્રત્યક્ષ થનાર પુત્રસ્વરૂપ ક્રાઇસ્ટના કરતા, પવિત્ર આત્માનું સ્વરૂપ અલગ છે? જો એમ હોય તો પ્રત્યેક મનુષ્યમાં સમાવિષ્ટ દૈવી ગુણને પવિત્ર આત્મા તરીકે ઘટાવી શકાય. જો પ્રત્યેક માનવીમાં કંઈક અંશે પણ દૈવીતત્ત્વ હોય તો જ તેના વિકાસની સંભાવના રહે છે.

પરંતુ જો ખ્રિસ્તીધર્મ આમ સ્વીકારે તો એક મહાન મૂળભૂત બાબતમાં ખ્રિસ્તીધર્મ હિંદુધર્મની અતિ નિકટ છે એમ કેમ નહિ કહી શકાય? આપણે આગળ જોયું છે તેમ હિંદુધર્મ અનુસાર પ્રત્યેક માનવી ઈશ્વરનો અંશ છે. એ અંશને પૂર્ણતઃ વિકસાવીને એ એના સત્યસ્વરૂપ સમાન ત્યારે જ બને જ્યારે એ પ્રભુ સાથે તાદાત્મ્ય મેળવે. વળી, જો એક જિસસમાં દૈવી અને માનવીય અંશ એકસાથે હોય, તો અન્ય માનવોમાં પણ એમ કેમ ન હોઈ શકે?

ખ્રિસ્તીધર્મ અનુસાર ઈશ્વરનાં આ ત્રણેય સ્વરૂપો તત્ત્વદૃષ્ટિએ એકસરખાં ઈશ્વર જ છે અને છતાં ય વિચારની સ્પષ્ટતા માટે એમને એકમેકથી અલગ રજૂ કરી શકાય.

ખ્રિસ્તીધર્મનો ઈશ્વર ત્રિ–સ્વરૂપનો સિદ્ધાંત, અને આગળ ચર્ચેલ હિંદુધર્મના ત્રિમૂર્તિના ખ્યાલમાં કેટલો તફાવત છે તે અહીંયાં રજૂ કરેલ વિચારણામાંથી જોઈ શકાશે.

એક તો હિંદુધર્મના ત્રિમૂર્તિના ખ્યાલમાં એક જ ઈશ્વરનાં ત્રણ સ્વરૂપોનો ખ્યાલ આપવામાં આવ્યો છે. સર્જક તરીકે બ્રહ્મા, સંચાલક તરીકે વિષ્ણુ અને સંહારક તરીકે શિવ. ખ્રિસ્તીધર્મમાં પણ સર્જક પિતા તરીકે ઈશ્વરને આલેખવામાં આવ્યા છે, અને ઈશ્વરપુત્ર તરીકે ક્રાઇસ્ટનું સ્વરૂપ વિચારીએ તો એમનામાં સંચાલક અને સંહારક એમ બંને સ્વરૂપો સ્પષ્ટ થાય છે. સંચાલનનો આધાર અને પાયો એમના ઉપદેશોમાં રજૂ થાય છે. શિવસ્વરૂપ સંહારબળનો સંહાર કરે છે. જેમ વિશ્વસંહારક વિષને ગટગટાવીને શિવે એ સંહારકબળનો સંહાર કર્યો, બરાબર એ જ રીતે અનીતિ, દુરાચાર, સ્વાર્થ અને સત્તાના સંહાર માટે જિસસે પોતાના દેહનું બલિદાન દીધું. જો આ રીતે વિચારીએ તો ખ્રિસ્તી ત્રિ–સ્વરૂપના ત્રીજા સ્વરૂપ પવિત્ર આત્માનું શું? આપણે આગળ કહ્યું છે તેમ જો એને

માનવમાં રહેલ દિવ્ય અંશ તરીકે ઘટાવવામાં આવે તો હિંદુધર્મના ત્રિમૂર્તિના અને ખ્રિસ્તીધર્મના ત્રિ-સ્વરૂપના સિદ્ધાંતમાં ઘણું સામ્ય માલૂમ પડશે.

પરંતુ બીજી રીતે જોઈએ તો આ બંને વિચારોમાં કેટલોક પાયાનો તફાવત છે જ. સંચાલક ઈશ્વરના સ્વરૂપ તરીકે વિષ્ણુ, સૃષ્ટિનું સંચાલન કરવા માટે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે દેહસ્વરૂપે પ્રત્યક્ષ થાય છે, એની મૂળગામી વિચારણા સાથે આ વિચારણા તદ્દન સુસંગત છે અને એથી જ હિંદુધર્મમાં અવતારનો સિદ્ધાંત સ્વીકારાયો છે. હિંદુધર્મમાં વર્ણવેલ વિવિધ અવતારો આ વાતની સાક્ષી પૂરે છે. ખ્રિસ્તીધર્મ અવતારવાદ સ્વીકારતો નથી. જો કે અઢારમી સદીના કેટલાક વિચારકો થોડા જુદા સ્વરૂપે, તાર્કિક રીતે, ઈશ્વરના સૃષ્ટિમાં સૃષ્ટિ સંચાલન કાર્ય માટે, સૃષ્ટિ પ્રવેશની શક્યતાને સ્વીકારે છે. પરંતુ ખ્રિસ્તીધર્મમાં આ વિચાર સાર્વત્રિક આવકાર પામ્યો નથી, અને એથી ખ્રિસ્તીધર્મ ઈશ્વરપુત્ર ક્રાઇસ્ટનો જે વિચાર રજૂ કરે છે તે વિશે આગળ ઉપસ્થિત કરેલા પ્રશ્નો અનુત્તર રહે છે.

ઘ. જગત :

ઈશ્વરપિતા માનવના સર્જનહાર છે અને સૃષ્ટિના સર્જનહાર પણ તેઓ છે. સૃષ્ટિના સર્જન વિશેની જેનેસિસમાં આપેલી વાર્તાઓ એમ સૂચવે છે કે સૃષ્ટિનું સર્જન ઈશ્વરે કર્યું છે.

અઢારમી સદીના બુદ્ધિવાદી ખ્રિસ્તીઓ જેમણે 'ઈશ્વરવાદ' (Deism)ની માન્યતા રજૂ કરી તેઓ ઈશ્વરને સૃષ્ટિના સર્જક તરીકે રજૂ કરે છે. વળી તેઓ એમ પણ જણાવે છે કે એમણે સૃષ્ટિનું સર્જન શૂન્યમાંથી કર્યું છે. વળી કોઈ દૃષ્ટાણુયુક્ત રીતે નહિ પરંતુ સંપૂર્ણ સ્વાતંત્ર્યથી અને અસીમ પ્રેમથી પ્રેરાઈને એમણે પૃથ્વીનું સર્જન કર્યું.

સૃષ્ટિ ઈશ્વરનું સર્જન હોઈને ઈશ્વરથી અલગ છે. સૃષ્ટિના સંચાલન માટે કેટલાક નિયમોને ગતિમાં મૂકીને ઈશ્વર સૃષ્ટિના ક્રમને આપમેળે આગળ વધવા દે છે, અને આમ છતાં જ્યાં અને જ્યારે પણ દૈવી દોરવણીની જરૂરિયાત હોય ત્યારે ઈશ્વર સૃષ્ટિમાં પ્રત્યક્ષ થાય છે. પરંતુ સૃષ્ટિ ઈશ્વરથી ભિન્ન હોઈને એ સંપૂર્ણ નથી, તેમ જ સંપૂર્ણ બની શકે પણ નહિ.

સૃષ્ટિના સર્જન, સંચાલન અને સમાપ્તિ વિશેની હિંદુધર્મ અને ખ્રિસ્તીધર્મની વિચારણામાં કેટલો તફાવત છે એ આપણે આગળના વિભાગમાં તપાસીશું.

ચ. અનિષ્ટ :

જેનેસિસ ૧માં સર્જનની વાર્તામાં એમ કહેવાયું છે કે પ્રભુએ સૃષ્ટિ તરફ દૃષ્ટિ કરી અને જોયું કે એ 'શુભ' છે. છતાં પણ બાઇબલમાં અન્ય સ્થળે અનિષ્ટને સૃષ્ટિની એક મહત્ત્વની વિશિષ્ટતા તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

ખ્રિસ્તીધર્મમાં અશુભ તત્ત્વના વિવિધ પ્રકારો સ્વીકારાયા છે, અને એ તત્ત્વોના પરિણામે જે દુઃખ માનવને ભોગવવું પડે છે તે તેમ જ એમાંથી મુક્તિ શી રીતે મેળવી શકાય એની વિચારણા કરવામાં આવી છે. આવું પૃથક્કરણ આર. ઈ. હ્યુમે[૧૧] આપવાનો પ્રયાસ કર્યો છે.

અશુભ તત્ત્વ	આનુષંગિક દુઃખ	આનુષંગિક મોક્ષ
ભૌતિક	દુઃખ, પીડા, માંદગી	આરોગ્ય પ્રાપ્તિ
બૌદ્ધિક	અજ્ઞાન	જ્ઞાન
તાત્ત્વિક	વ્યક્તિ મર્યાદા	પૂર્ણતા, તાદાત્મ્યતા
ભાવાવેગ વિષયક	હેત	શાંતિ, સૌમ્યતા
ઇચ્છા વિષયક	નિષ્ફળતા	સત્તાપ્રાપ્તિ, કૃતેહ-પ્રાપ્તિ
સામાજિક	અવ્યવસ્થા, અન્યાય	પદ્ધતિસરનો ન્યાય
કાયદેસર	ગુનો	કાયદાપાલનપણું
સૌંદર્ય વિષયક	અરૂપતા	રૂપતા, સૌંદર્ય
લોકવ્યવહાર	અનૌચિત્ય	ઔચિત્ય, ક્રિયા
નૈતિક	ખોટું	સારું
ધાર્મિક	પ્રભુ સામે અપરાધ	ધર્મિષ્ઠતા

આમ સૃષ્ટિમાં શુભ અથવા પૂર્ણતાના અભાવમાં અશુભનું અસ્તિત્વ છે. ખ્રિસ્તીધર્મ પાપ પર ઘણો ભાર મૂકે છે. એ મતાનુસાર આદિ માતા–પિતાના મૂળ પાપનું પરિણામ હજી પણ માનવજીવ પર લદાયેલ છે. કેટલીક વેળા પાપ તત્ત્વને ખ્રિસ્તીધર્મમાં અપાતા મહત્ત્વના પરિણામે એને નિરાશાવાદી ધર્મ તરીકે કેટલાક ઓળખાવવા પ્રયત્ન કરે છે. પરંતુ ખ્રિસ્તીધર્મ એ બાબત ભારપૂર્વક રજૂ કરે છે કે ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં, પાપ એ મોટામાં મોટો અવરોધ છે. ખ્રિસ્તીધર્મ માત્ર એક ઈશ્વરને જ અંતિમ તરીકે સ્વીકારે છે અને એથી અશુભનું કોઈ તાત્ત્વિક

૧૧ ધી વર્લ્ડ્સ લિવિંગ રિલિજિયન્સ, પા. ૨૫૩

કે અંતિમ અસ્તિત્વ નથી. ખ્રિસ્તીધર્મ એક એવી આશા અર્પે છે કે માનવી સ્વપ્રયત્ને જ અશુભ કે શુભ તત્ત્વ પામે છે અને સ્વપ્રયત્ને જ અશુભનો નાશ કરી શકે છે. પાપ – વિમોચનના માર્ગ તરીકે ખ્રિસ્તીધર્મ ક્રાઇસ્ટ પરના અનન્ય વિશ્વાસની વાત કરે છે અને એ વિશ્વાસથી એનામાં જાગૃત થતી ભક્તિભાવના એના જીવનમાં એક નવો માર્ગ ચીંધે છે, જે એને પૂર્ણતાના માર્ગે લઈ જઈ શકે. જિસસ પોતે[૧૨] આવી આશા આપે છે.

છ. માનવનું સ્થાન :

પ્રભુના પ્રતિબિંબ તરીકે માનવનું સર્જન થયું છે એમ કહેવા છતાં ખ્રિસ્તીધર્મ હિંદુધર્મની જેમ માનવને દૈવત્વ અર્પતો નથી.

માનવ એ અર્થમાં ઈશ્વરની પ્રતિકૃતિ છે કે એ એક સ્વતંત્ર જીવ છે અને એ રીતે જ એ જીવે છે. જ્યાં સુધી એ ઈશ્વરના આદેશોનું પાલન કરે છે અને ઈશ્વરને પ્રેમ કરે છે ત્યાં સુધી એનામાં પાપસંચાર થતો નથી ઈશ્વરના સર્જન તરીકે માનવ સ્વરૂપની મર્યાદામાં કેટલાક ઈશ્વરી ગુણોનો આવિર્ભાવ એનામાં પણ થઈ શકે છે — જેમકે, ધર્મિષ્ઠતા, પ્રેમ, ન્યાય વગેરે.

કેટલાક વિચારકો એમ પણ સૂચવે છે કે પ્રકૃતિગત રીતે જ માનવી પાપી છે અને એના વડીલોના મૂળ પાપના ભાર નીચે એ દબાયેલો છે.

માનવીના શારીરિક દેહ વિશે ખ્રિસ્તીધર્મનો ખ્યાલ નોંધપાત્ર છે. માનવીનો દેહ સત્ય છે અને તાત્પર્યમય પણ છે. દેહ પોતે અનિષ્ટ નથી. એટલું જ નહિ પરંતુ દેહ અનિષ્ટના કારણરૂપ જ છે એમ પણ કહી શકાય એમ નથી. આ વિચારણામાં ખ્રિસ્તીધર્મ, હિંદુધર્મ અને બૌદ્ધધર્મથી જુદો પડે છે. જિસસ ક્રાઇસ્ટને પણ માનવીય દેહ હતો અને એમ છતાં એમના દૈવીક કાર્યમાં એ દેહ અવરોધક ન હતો. એ હકીકત, ક્રાઇસ્ટના વધ પછી એમના થયેલા પુનરુત્થાનમાંથી સ્પષ્ટ થાય છે.

જ. મુક્તિમાર્ગ :

પ્રત્યેક ધર્મ મુક્તિનો માર્ગ સૂચવે છે અને જગતના દુઃખમાંથી મુક્તત્વની અવસ્થા શી રીતે પ્રાપ્ત થઈ શકે એનો ખ્યાલ આપે છે.

---

૧૨ "I have come to call not the just, but sinners."

ધર્મના સમગ્ર ઇતિહાસ પર નજર ફેંકતા બે બાબતો સ્પષ્ટ થાય છે.[૧૩] એક તો વ્યક્તિનું સમાજના સભ્ય તરીકેનું અસ્તિત્વ અને એના ઈશ્વર સાથેના સંબંધ માટેની ઝંખના, અને બીજું, વ્યક્તિ સામાજિક ધ્યેયોની પ્રાપ્તિ માટેનું એક સાધન હોવા છતાં વ્યક્તિ પોતે જ સમાજનું એક ધ્યેય છે. આથી, સામાજિક ધ્યેય કે વ્યક્તિગત ધ્યેયને એકમેકના વિરોધી તરીકે રજૂ કરી શકાય નહિ. એકની પ્રાપ્તિમાં જ બીજાની પ્રાપ્તિ સમાયેલી છે. આથી એ સ્પષ્ટ થશે કે સર્વ પ્રગતિ આપણા પર જ છે, એટલું જ નહિ પરંતુ પ્રગતિનું ધ્યેય માનવીની બહાર નહિ પરંતુ માનવીની અંદર જ છે. આથી પ્રત્યેક માનવી પોતાને જે ધ્યેય સિદ્ધ કરવાનું છે એ સિદ્ધ કરી શકે એમ છે.

મુક્તિના માર્ગે પ્રયાણ કરવા માટે પ્રભુમાં અને જિસસમાં તેમ જ પ્રભુની ક્ષમાશીલતા અને કૃપાભાવના પર શ્રદ્ધા રાખવાનું અને હૃદયની પવિત્રતા જાળવવાનું જરૂરી છે ખ્રિસ્તીધર્મમાં માનવી આપબળે મુક્તિ મેળવી શકે એમ નથી. મુક્તિની પ્રાપ્તિ માટે આગળ કહ્યું તેમ પ્રભુની ક્ષમાશીલતા અને કૃપાભાવના અત્યંત આવશ્યક છે.

પરંતુ ઈશ્વરની ક્ષમાભાવના અને એમની ન્યાયવૃત્તિ વચ્ચે એક સમન્વય સાધવાનો ખ્રિસ્તીધર્મ પ્રયાસ કરે છે. ઈશ્વરની કૃપાને પાત્ર માત્ર તે જ વ્યક્તિ બની શકે જે ઈશ્વરના આદેશ અનુસારનું જીવન જીવ્યો હોય અને જેણે પોતાના પાપનું સાચું પ્રાયશ્ચિત્ત કર્યું હોય.

આ સંદર્ભમાં ખ્રિસ્તી વિચારકો જે એક પ્રશ્નને વિવિધ વિરોધી દૃષ્ટિબિંદુઓથી વિચારે છે તેનો ઉલ્લેખ કરી લઈએ. મુક્તિ શ્રદ્ધાથી પ્રાપ્ત થાય છે કે કાર્યથી પ્રાપ્ત થાય છે એ અંગે વિવિધ વિચારો પ્રચલિત છે. સામાન્ય રીતે એ સાચું છે કે ખ્રિસ્તીધર્મ શ્રદ્ધા અને વિશ્વાસનો ધર્મ છે અને છતાં ય વ્યક્તિનાં કર્તવ્યો એટલાં જ મહત્ત્વનાં છે. હકીકતમાં તો વ્યક્તિનાં કર્તવ્યો એના વિશ્વાસની પારાશીશી સમાન છે અને વ્યક્તિ પોતાના ધાર્મિક વિશ્વાસમાં કેટલી નિષ્ઠાવાન અને અડગ છે એનો ખ્યાલ આપે છે. આથી એમ કહેવું ઉચિત છે કે મુક્તિપ્રાપ્તિમાં શ્રદ્ધા અને કાર્ય બંને મહત્ત્વનાં છે.

---

૧૩ જેવોનસ, એફ. બી. : એન. ઇન્ટ્રોડક્શન ટુ ધી સ્ટડી ઑફ કૉમ્પેરેટિવ રિલિજિયન, પા. ૨૫૩.

હિંદુધર્મના અંતિમ ધ્યેયની પ્રાપ્તિ સુધીના જીવને સાતત્યના વિચારની વિરુદ્ધ ખ્રિસ્તીધર્મ એમ માને છે કે માનવનો જન્મ માત્ર એક વખત થાય છે. એના મરણ પછી એને ન્યાય આપવામાં આવે છે અને તેણે આચરેલાં કાર્યો પ્રમાણે તેને સદાકાળને માટે દુઃખ કે સુખ મળે છે. આથી માનવીએ ઈશ્વરપ્રાપ્તિ અર્થે પોતાનાં કાર્યો એવી રીતે કરવાં જોઈએ કે જેથી એ પોતાના ધ્યેયની વધુ ને વધુ સમીપ જઈ શકે.

ધ્યેય સમીપ પહોંચવાના આ માર્ગની સાધના અંગે ખ્રિસ્તીમતમાં અનેક માર્ગો સૂચવાયા છે. આમાં આજીવન મૌનવ્રત પાળી તપશ્ચર્યા કરતા કરતા સંન્યસ્ત જીવન ગુજારનારા પણ છે. બીજા કેટલાક પરોપકારી જીવન તરફ ભાર મૂકે છે. ગૃહસ્થીઓ પણ સાધનાને માર્ગે આગળ વધી શકે છે. સાધુઓને માટે બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને પ્રભુ આધીનતા પર ભાર મૂકવામાં આવે છે. ગૃહસ્થીને માટે સંયમ અને તપ દ્વારા વાસનાઓને દૂર રાખવા માટે જરૂરી સમજી, એના પર ભાર મૂકવામાં આવે છે. તપોમાં શ્રેષ્ઠ તપ એ પ્રાયશ્ચિત્ત છે. પાપનો સ્વીકાર કરી એ પાપ કદીયે ન કરવાનો સંકલ્પ એ ઉત્તમ પ્રકારનું પ્રાયશ્ચિત્ત છે. સર્વ પ્રકારની મલિનતા અને પાપને સદાયને માટે દેશવટો દેવા પ્રાર્થના અને પ્રભુભજન પર ભાર મૂકવામાં આવે છે. આમ, સાધુજન કે ગૃહસ્થજન માટે મુક્તિનો માર્ગ ખુલ્લો છે અને પોતે જે વિશ્વાસ અને શ્રદ્ધાથી પ્રભુના આદેશોનું પાલન કરી, પાપનો વિનાશ કરી, નવીન પાપકર્મોમાં પ્રવૃત્ત ન બને તે મુક્તિ માર્ગે આગળ વધી શકે છે.

૬. ખ્રિસ્તી નીતિશાસ્ત્ર :

"સૃજેલા શ્રીપ્રભુજીએ મનુષ્યો સર્વ સરખાં છે"ને અનુરૂપ ખ્રિસ્તી નીતિશાસ્ત્ર છે. સર્વ મનુષ્યોની સમાનતા પર આધારિત ધર્મ તરીકે માનવ ભાતૃભાવ પર, દયા, પરોપકાર, પ્રેમ અને ત્યાગ પર ખ્રિસ્તી નીતિશાસ્ત્રમાં ભાર મૂકવામાં આવે એ સમજી શકાય એમ છે.

જૂના કરારના દશ આદેશોને ખ્રિસ્તીધર્મ સ્વીકારે છે. પરંતુ હિબ્રૂધર્મમાં આ દશ આદેશોનું મુખ્યત્વે કરીને એના શબ્દધ્વનિ અનુસારનું પાલન થતું હતું અને એનું હાર્દ વિસરાયું હતું. ખ્રિસ્તીધર્મમાં આદેશનું હાર્દ પ્રાધાન્ય પ્રાપ્ત કરે છે અને આદેશના શબ્દને મહત્ત્વ અપાતું નથી.

ખ્રિસ્તીધર્મના નીતિશાસ્ત્ર વિષયક વિચારની એક જ વાક્યમાં રજૂઆત કરવી હોય તો તે આમ કરી શકાય :

'પ્રભુને પ્રેમ કરો અને તમારા પડોશીને તમારા સ્વજનની માફક જ સ્નેહ કરો !'

નૈતિક રીતે અપૂર્ણ માનવી, ધાર્મિક રીતે પૂર્ણ જીવન પામી શકે નહિ. જગતના અન્ય ધર્મોની જેમ ખ્રિસ્તીધર્મ પણ નૈતિકતાને ધાર્મિકતાના પૂર્વસોપાનનું સ્થાન આપે છે.

સંદર્ભ ગ્રંથસૂચિ

અખિલાનંદ, સ્વામી : **હિન્દુ વ્યૂ ઓફ ક્રાઇસ્ટ,** ફિલોસોફિકલ લાઇબ્રેરી, ન્યૂયોર્ક, ૧૯૪૯.

ઓટો : **ઇન્ડિયાઝ રિલિજિયન ઓફ ગ્રેસ એન્ડ ક્રિશ્ચિયાનીટી કમ્પેર્ડ એન્ડ કોન્ટ્રાસ્ટેડ,** અનુ. એફ. એચ. ફોસ્ટર, સ્ટુડન્ટસ ક્રિશ્ચિયન મુવમેન્ટ, લંડન, ૧૯૪૦.

ઓસ્ટરલી ડબલ્યુ ઓ. ઈ. એન્ડ રોબીન્સન ટી. એચ : **હિબ્રૂ રિલિજિયન, ઇટ્સ ઓરિજીન એન્ડ ડેવલપમેન્ટ,** મેકમિલન, ન્યૂયોર્ક, ૧૯૩૭.

કેસોસતર, જે. : **ક્રોમ જિસસ ટુ પૌલ,** મેકમિલન, ન્યૂયોર્ક, ૧૯૪૩.

કેપ, જેમ્સ એલન : **ધી નેચર ઓફ ક્રિશ્ચિયન વરશીપ,** એપવર્થ, લંડન, ૧૯૫૩.

કોર્ણીશલે, ટી. : **રોમન કેથોલીસીઝમ,** હટચીશન એન્ડ કું; લંડન, ૧૯૫૦.

ગાર્ડનર, પી. : **મોડર્નીટી એન્ડ ચર્ચ,** લંડન, ૧૯૦૯.

ગીલસોન, ઇ. : **હિસ્ટરી ઓફ ક્રિશ્ચિયન ફિલોસોફી ઇન ધી મિડલ એજીસ,** લંડન, ૧૯૫૫.

ગોથા, એલ. કે. : **ક્રિશ્ચિયાનીટી એન્ડ ઇન્ડિયન રિલિજિયન ઓફ ગ્રેસ,** ક્રિશ્ચિયન લીટરરી સોસાયટી, મદ્રાસ, ૧૯૨૯.

થોરોન્ટન, લીઓનેલ સ્પેન્સર : **ધી ક્રિશ્ચિયન કન્સેપ્ટ ઓફ ગોડ,** ઇન **ઈ. જી. સેલવીન,** એસેઝ કેથોલિક એન્ડ ક્રિટિકલ, મેકમિલન, ન્યૂયોર્ક, ૧૯૨૬

નોક, આર્થર ડબ્લ્યુ : **'હેલનીસ્ટીક એન્ડ ક્રિશ્ચિયન સેક્રામેન્ટ'** ઇન **પ્રોસીડીંગ્સ ઓફ સેવન્થ ઇન્ટરનેશનલ કોંગ્રેસ ફોર ધી હિસ્ટરી ઓફ રિલિજિયન,** એમસ્ટરડેમ, ૧૯૫૧.

ક્રૂન્ચ, આર. એમ. : **ધી ઇસ્ટર્ન ઓરથોડક્સ ચર્ચ,** હટચીશન કું., લંડન, ૧૯૫૧.

ક્રેર નેલો એન્ડ ફ્રેડ્રિક, સોલોમન : **ધી ક્રિશ્ચિયન અન્ડરસ્ટેન્ડિંગ ઓફ ગોડ,** હાર્પર, ન્યૂયોર્ક, ૧૯૫૧.

બટરફીલ્ડ, હર્બર્ટ : **ક્રિસ્ટિયાનીટી એન્ડ હિસ્ટરી**, સ્ક્રાઇબનર્સ ન્યૂયોર્ક, ૧૯૫૦.

બ્રાંડોન, એસ. જી. એફ. : **ધી ફોલ ઓફ જેરૂસલમ એન્ડ ચર્ચ**, લંડન, ૧૯૫૭.

બાર્નેસ, એચ. ઇ. : **ધી ટવાઇલાઇટ ઓફ ક્રિશ્ચિયાનીટી**, ન્યૂયોર્ક, ૧૯૨૯.

બુલાઉ સમરટાઇન : **રોમન કેથોલીસીઝમ**, લંડન, ૧૯૬૩.

એવાન, એડવીન : **ક્રિશ્ચિયાનીટી**, લંડન, ૧૯૩૨.

માન્સોન, ટી. ડબલ્યુ. : **ધી ટીચિંગ ઓફ જિસસ**, કેમ્બ્રિજ, ૧૯૩૧.

મિલન, એડવર્ડ, આર્થર : **મોડર્ન કોસ્મોલોજી એન્ડ ક્રિશ્ચિયન આઇડિયલ ઓફ ગોડ**, ઑક્સફર્ડ, ૧૯૫૨.

મેકગ્રીફર્થ, એ. સી. : **હિસ્ટરી ઓફ ક્રિશ્ચિયન થોટ**, ચાર્લ્સ સ્ક્રાઇબનર્સ સન્સ, ન્યૂયોર્ક, ૧૯૩૨.

મેકનેઇલ, જ્હોન ટી. : **મોડર્ન ક્રિશ્ચિયન મુવમેન્ટ**, ફિલાડેલ્ફીયા વેસ્ટમિનિસ્ટર, ૧૯૫૪.

રીચાર્ડસ, જી. ડબલ્યુ : **બિયોન્ડ ફન્ડામેન્ટાલીઝમ એન્ડ મોડર્નીઝમ**. ન્યૂયોર્ક, ૧૯૩૪.

રેવન, ચાર્લ્સ, અર્લ : **નેચરલ રિલિજિયન એન્ડ ક્રિશ્ચિયન થિયોલોજી**, કેમ્બ્રિજ યુનિ. પ્રેસ, ૧૯૫૩.

રેવીલે, જે. : **લીબરલ ક્રિશ્ચિયાનીટી**, લંડન, ૧૯૦૩.

રોબર્ટ, લી : **ધી સોશિયલ સોર્સીઝ ઓફ ચર્ચ યુનિટી**, ન્યૂયોર્ક, ૧૯૬૦.

વેઇનિલ, એચ. એન્ડ વિડજેરી, એ. જી. : **જિસસ ઇન ધી નાઇટીંથ સેંચુઅરી એન્ડ આફ્ટર**, એડીનબર્ગ, ૧૯૧૪.

વેલ, જ્હોન સેક્સ્ટોન : **ક્રિશ્ચિયન ડોકટ્રીન**, ન્યૂયોર્ક, ૧૯૪૧.

વોકર, ડબલ્યુ. એ. : **હિસ્ટરી ઓફ ધી ક્રિશ્ચિયન ચર્ચ**, સ્ક્રાઇબનર્સ કમ્પની, ન્યૂયોર્ક, ૧૯૧૮.

હાર્નેક, એ. : **વોટ ઇઝ ક્રિશ્ચિયાનીટી ?** લંડન, ૧૯૦૧.

હોર્ટન, ડબલ્યુ. એમ. : **રિયાલીસ્ટીક થિયોલોજી**, ન્યૂયોર્ક, ૧૯૩૪.

સ્કોટ, ઈ. એફ. : **ધી ફર્સ્ટ એજ ઓફ ક્રિશ્ચિયાનીટી**, મેકમિલન કંપની, ન્યૂયોર્ક, ૧૯૨૬.

શોટવેલ, જે. ટી. : **ધી રિલિજિઅસ રીવોલ્યુશન ઓફ ટુ ડે**, ન્યૂયોર્ક, ૧૯૨૪.

૧. સામાન્ય :

જરથુસ્તધર્મના સ્થાપક જરથુસ્ત વિશે એક વિવાદ[૧] જાગ્યો છે કે તેઓ કદીયે ઐતિહાસિક પુરુષ હતા કે કેમ ? એમના નામે સ્થાપેલ ધર્મ જરથુસ્તધર્મ તરીકે ઓળખાય છે. આ ધર્મનું સાહિત્ય અકેમિનિદ વંશ(૫૪૯ થી ૩૩૦ ઈ. સ. પૂ.)ના રાજાઓના શિલાલેખોમાંથી પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત પહાલવી ભાષામાં લખાયેલ જરથુસ્તધર્મના પવિત્ર ધર્મશાસ્ત્ર ' અવેસ્તા 'માંથી પણ આ ધર્મ વિશે જાણવા મળે છે.

જરથુસ્તધર્મના ઇતિહાસ વિશે એકમતી નથી. છતાં પ્રોફેસર હર્જફેલ્ડ એ ધર્મના ત્રણ તબક્કાઓ રજૂ કરે છે :

ક. ૫૨૦ ઈ. સ. પૂર્વે : આ વર્ષમાં મહાન કેરિયસ રાજાએ એના રાજ્યકાળની શરૂઆતમાં જરથુસ્તની એકેશ્વરવાદી ધર્મ – અનુયાયીઓની જાતિને માન્ય કરી. એને પરિણામે ઉચ્ચાશનિયન (Daivyasanian) અનેકેશ્વરવાદ અટકયો.

૧ પ્રો. એ. વી. વિલિયમ્સે એમના પુસ્તક ' ઝોરોસ્ટર, ધી પ્રોફેટ ઓફ એન્સિએન્ટ ઇરાન ', જે ૧૯૦૧માં પ્રસિદ્ધ થયું, તેમાં આ પ્રશ્નને ખૂબ વિસ્તૃત રીતે અને સમીક્ષાત્મક રીતે ચર્ચવામાં આવ્યો છે.

ખ. ૪૮૫ ઈ. સ. પૂર્વે : આ વર્ષમાં પુરાણા ધર્મના અનુયાયીઓએ અહૂર મઝદની પૂજાના સ્વીકાર માટે બળવો કર્યો. ઝરસીએ એ બળવાને દબાવ્યો અને બળવાખોરોનો પ્રયત્ન નિષ્ફળ ગયો.

ગ. ૪૦૪ ઈ. સ. પૂર્વે : આ વર્ષમાં આર્ટાટકસરઝીઝ બીજાએ ફરીને મૂળ અનેકેશ્વરવાદની સ્થાપના કરી. પરંતુ એમણે કોઈપણ જાતના ઝગડામાં ઊતર્યા વિના સુલેહરૂપે આમ કર્યું. જરથુસ્તધર્મના પાછળના સાહિત્યમાં આ બાબત માલૂમ પડે છે આ અનુસાર જરથુસ્તના નામ-ઠામ જળવાઈ રહે છે પરંતુ જે ધર્મ સુધારવાને માટે પયગંબર પોતે પ્રયત્નશીલ હતા એ ધર્મને અનેક છૂટછાટો આપવામાં આવી.

૨. ધર્મનાં સ્વરૂપો :

પર્સિયન ધર્મનાં બે સ્વરૂપો સ્પષ્ટ છેઃ એક, રાજવંશી ધર્મ અને બીજો, અવસ્તા ધર્મ.

આ બંને ધર્મપ્રકાર ભારતના પુરાણા વૈદિકધર્મની સાથે ઘણું સામ્ય ધરાવે છે. અવસ્તા ધર્મમાં અકેમિનિદ રાજવંશના રાજાઓનાં નામોનો ઉલ્લેખ મળતો નથી, અને એ જ પ્રમાણે એ રાજાઓના શિલાલેખોમાં જરથુસ્તના નામનો ઉલ્લેખ નથી.

અ. રાજ્યધર્મ :

પર્સિયન ધર્મના બે સ્વરૂપમાંથી રાજ્યધર્મ વધુ સરળ અને સાદો છે. આ ધર્મ એક પ્રભુને સ્વીકારે છે અને તેને સર્વસત્તાધીશ અને મહાન તરીકે આલેખે છે. એ પ્રભુ સર્વસત્તાધીશ છે; રાજાઓની સત્તા અને તેમના રાજ્યપાઠ એમની જ કૃપાને આભારી છે. એટલું જ નહિ પરંતુ યુદ્ધમાં ફતેહ કે વિજય તેમ જ રાજ્યાસન પણ એમની કૃપાને લીધે જ નીપજે છે. આ પ્રભુને સત્ય, ન્યાયી અને દયાળુ તરીકે આલેખવામાં આવ્યા છે. જે કોઈ એમની સાથે મિત્રભાવ અને સ્નેહ રાખે છે, એમના પ્રતિ તેઓ પણ પિતૃત્વભર્યો મિત્રભાવ રાખે છે. તેઓ સર્વવ્યાપક, સર્વજ્ઞાની અને સર્વસત્તાધીશ છે. સૃષ્ટિના સર્જક તથા સંચાલક પણ એ જ છે.

આ પ્રભુનું નામ ઔરમઝદ (Auramazda) તરીકે આપવામાં આવ્યું છે. અહીં એ નોંધવું જોઈએ કે અવસ્તામાં આ નામના બે વિભાગો અલગ અલગ આપવામાં આવ્યા છે અને એને અહૂર મઝદ (Ahur Mazda) તરીકે

ઓળખાય છે. પાછળથી આ બે પદોને એક કરી ઔરમઝદ (Ormazd) તરીકે ઓળખવામાં આવે છે. ઔરમઝદનો અર્થ થાય છે 'શાણા પ્રભુ!'

આ રાજ્યધર્મમાં ઔરમઝદને એક જ પ્રભુ તરીકે સ્વીકારવા છતાં પોતાની પ્રજાજનોના અન્ય દેવોનો નકાર કરવામાં આવ્યો નથી. વળી પ્રકાશના દેવ 'મિથ્ર' (Mithra) તથા પાણીના દેવી અનાહત(Anahata)ને પણ આ સર્વોપરી દેવ સાથે સાંકળવામાં આવ્યા છે. આ ઉપરથી પર્સિયનો અગ્નિ અને પાણીનો કેટલો આદર કરતા હતા તે સ્પષ્ટ થાય છે.

આ ઔરમઝદ આકાશ, પૃથ્વી, પ્રાણીઓ અને માનવના સુખના સર્જક છે. એમની પૂજા કરવામાં આવે છે. એ તબક્કે મંદિરનું અસ્તિત્વ જાણવામાં નથી. એસેરિયાની અસર નીચે પછીથી કદાચ એ દાખલ થયા હોય એ સંભવિત છે. હિરોડોટસના કથન અનુસાર પોતાની પૂજામાં પર્સિયનો કોઈ મૂર્તિનો ઉપયોગ કરતા ન હતા.

આ ધર્મનું નૈતિકજીવન ઔરમઝદના આ કથનમાંથી ફલિત થાય છે. "જૂઠાણું એ કનિષ્ટ પાપ છે."

અકેમિનિદ યુગના ધર્મનું વર્ણન કરતા હિરોડોટસ જણાવે છે કે, એ સમયમાં ધર્મઆચરણમાં ધર્મઅનુયાયીઓ પોતાના દેવોમાં મનુષ્ય સ્વરૂપનું આરોપણ નહોતા કરતાં. આમ છતાં તેઓ સૂર્ય, ચંદ્ર, અગ્નિ, પાણી, પૃથ્વી અને વાયુને દેવ તરીકે માનતા હતા. તેઓની પૂજનવિધિનો પ્રકાર પણ વિશિષ્ટ હતો. પહાડ પર ઘાસ પાથરી તેના પર તેઓ બલિના ટુકડા મૂકતા હતા.

આ ધર્મના પુરોહિતો 'માગુઓ' કહેવાતા. માગુઓની સત્તા ધીમે ધીમે વધતી જતી હતી અને એક વેળા તો એક રાજવીએ 'માગુઓ'ના બળવાને દબાવી દેવા સાથે કેટલાક "માગુઓ"ને દેહાંતદંડની સજા પણ કરી હતી. એ નોંધવું જોઈએ કે ગાથામાં 'માગુ' શબ્દ જોવા મળતો નથી.

અનેક શિલાલેખોમાં અકેમિનિદ રાજવંશના રાજાઓએ તેમના પરાક્રમો અને તેમને અંગેની અન્ય માહિતીઓ કોતરાવી છે. પરંતુ એની સાથે સાથે ધર્મ-વિષયક કેટલીક બાબતોનો ઉલ્લેખ પણ કરેલો જોવા મળે છે. આવા શિલાલેખોના આધારે એમ કહી શકાય કે એ લોકો અનેકેશ્વરવાદમાં માનતા હતા. કારણકે અનેક દેવોનાં નામોનો ઉલ્લેખ મળે છે. જો કે એમના મુખ્ય દેવ તો ઔરમઝદ હતા. તો યે મિથ્ર, અનાહિત વગેરેનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

મિથ્રદેવ એમને માટે આરાધ્યદેવ હતા અને એ દેવની સમક્ષ પશુવધ કરવામાં આવતો હતો તેમ જ મદિરાપાન પણ થતું હતું. આને લીધે એક પ્રકારની અનૈતિકતા એ સમયના ધર્મમાં પ્રવેશી હતી.

એ સ્વાભાવિક છે કે એકેશ્વરવાદના વિચારને દૃઢપણે વળગેલા જરથુસ્ત આ વિવિધ દેવોનો સ્વીકાર ન કરે અને પ્રચલિત કુરિવાજો તથા અનૈતિકતા અને વિવિધ પ્રકારના યજ્ઞોમાં અપાતા બલિનો વિરોધ કરે.

આમ, જરથુસ્તે આપેલી ગાથાઓ અનુસારનો જરથુસ્તીધર્મ સ્થપાયો ત્યારે રાજ્યધર્મની પરિસ્થિતિ આવી હતી :

૧. ઔરમઝદ ઉપરાંત બીજા દેવોના સ્વીકારને પરિણામે અનેકેશ્વરવાદની માન્યતા.

૨. દેવને બલિ આપવાની પ્રથા.

પશુઓના ઉદ્ધારને માટે જે યજ્ઞ કરવામાં આવતો તેમાં બળદનું બલિદાન આપવામાં આવતું અને લોકોને બળદના માંસના ટુકડા આપવામાં આવતા. વળી સ્થળના ઉદ્ધારને માટે 'હાઓમ' યજ્ઞ કરવામાં આવતો. આ યજ્ઞવિધિમાં તેઓ સુરાપાન કરતા અને એને અમરતાનો માર્ગ માનતા.

૩. અગ્નિ એ ઔરમઝદનું પ્રતીક છે.

કારણકે અગ્નિની જેમ જ ઔરમઝદ શુદ્ધ, નિર્મળ, ન્યાયી અને પવિત્ર છે. આમ અગ્નિને માનભર્યું સ્થાન આપવામાં આવ્યું હતું.

આમાંથી પ્રથમ બેની સામે જરથુસ્તે વિરોધ કર્યો અને ત્રીજાનો એમણે સ્વીકાર કર્યો. એમણે પ્રબોધેલ ધર્મ તે અવેસ્ત ધર્મ જે ગાથાઓમાં અને અન્ય સાહિત્યમાં પ્રાપ્ત થાય છે

બ. અવસ્તા ધર્મ :

અવસ્તા એ જરથુસ્તધર્મનાં શાસ્ત્રોનું એક વ્યાપક નામ છે. જેમ વેદનો અર્થ જ્ઞાન થાય છે તેમ અવસ્તા શબ્દનો અર્થ પણ જ્ઞાન થાય છે. આ શાસ્ત્રો અવસ્તા ભાષામાં લખાયેલાં છે. અવેસ્તિક વાઙ્મયના વિસ્તૃત સાહિત્યમાંથી અવેસ્તા એક નાનો ભાગ છે. મૂળ અવેસ્તા ગ્રંથોમાંથી અત્યારે પ્રાપ્ત નીચે મુજબ છે :

ક. યશ્ન :

અવસ્તાના આ વિભાગની અંદર સત્તર ગાથાઓ આવેલી છે. ગાથાની રચના હિંદુધર્મના ઉપનિષદને મળતી છે. એમાં પ્રાર્થનાઓ, સૂચનાઓ અને મંત્રોને એકઠા કરવામાં આવેલ છે. સમસ્ત અવસ્તામાંથી યશ્નની સત્તર ગાથાઓ જરથુસ્તની પોતાની જ રચના હોવાનું સ્વીકારાય છે.

એક નમૂના તરીકે યશ્નમાં જરથુસ્તના પોતાના કેવા વિચારોની રજૂઆત થઈ છે તે માટે એમાં અહૂર મઝદ્નું વર્ણન[૨] કઈ રીતે કરવામાં આવ્યું છે તે જોઈ એ.

જગતના કર્તા તરીકે[૩].

સર્વદૃષ્ટા તરીકે[૪].

મિત્ર તરીકે[૫].

વોહૂમનહ, સારા વિચારના પિતા તરીકે.[૬]

અશ, ન્યાય અથવા સત્યના પિતા તરીકે[૭].

હુદ્દો પરોપકારી તરીકે[૮].

રપેની, ઉદ્ધાર તરીકે[૯].

રપેનિસ્તમઈન્યુ, સૌથી વધારે સુંદર આત્મા તરીકે[૧૦].

સૌથી વધારે બળવાન અને મહાન તરીકે[૧૧].

સર્વજ્ઞ તરીકે[૧૨].

---

૨ હ્યુમ, આર. : ઈ. ધી વર્લ્ડસ લિવિંગ રિલિજિયન્સ, ૧૯૫૫, પા. ૨૦૨ (તથા ૧૯૦ – ૨૧૧)

૩ યશ્ન, ૩૧ : ૭, ૧૧; ૪૪ : ૭; ૫૦ : ૧૧; ૫૧ : ૭.

૪ યશ્ન, ૩૧ : ૧૩; ૪૪ : ૨.

૫ યશ્ન, ૩૧ : ૨૧; ૪૪ : ૨; ૪૬ : ૨.

૬ યશ્ન, ૩૧ : ૮; ૪૫ : ૪.

૭ યશ્ન, ૪૪ : ૩; ૪૭ : ૨.

૮ યશ્ન, ૪૫ : ૬; ૪૮ : ૩.

૯ યશ્ન, ૪૩ : ૪, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫; ૪૫ : ૫; ૪૬ : ૯; ૪૮ : ૩.

૧૦ યશ્ન, ૩૦ : ૫.

૧૧ યશ્ન, ૨૮ : ૫; ૩૩ : ૧૧; ૪૫ : ૬

૧૨ યશ્ન, ૩૧ : ૧૩; ૪૫ : ૩, ૪૮ : ૨, ૩.

ખ. વીસ્પરદ :

અવસ્તાના બીજા વિભાગનું નામ વીસ્પરદ છે. વીસ્પરદ એટલે દેવોને કરવામાં આવતા આહ્વાન. પૂજા કર્મ કરતી વખતે બોલવાના મંત્રોનો વીસ્પરદમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગ. વંદીદાદ :

અવસ્તાના ત્રીજા વિભાગને આ નામથી ઓળખવામાં આવે છે. એનો અર્થ એવો છે કે રાક્ષસી શક્તિની સામેનો કાયદો.

આ વિભાગમાં જગતની ઉત્પત્તિ જેવી તાત્ત્વિક બાબત તથા પુનર્જન્મ જેવી તાત્ત્વિક તથા ધાર્મિક બાબત વિશે તેમ જ કેટલીક ઐતિહાસિક બાબતો વિશે પણ એમાં ઉલ્લેખો મળે છે. વળી, કર્મ કરતી વખતે પુરોહિતોને જે નિયમો પાળવા પડે છે તેનો ઉલ્લેખ પણ આ વિભાગમાં કરવામાં આવેલ છે.

વંદીદાદમાંથી થોડાક નમૂનાઓ આપણે જોઈએ :

મડદાને દાટવું એ મહાપાપ છે, જેમાંથી કોઈ રીતે છૂટી શકાતું નથી.[૧૩]

જીવન પછી પવિત્રતા જ માણસ માટે શ્રેષ્ઠ શુભ છે.[૧૪]

સર્વ પાપોમાંથી શુદ્ધિ મેળવવા માટે મંત્રો હોય છે.[૧૫]

વાળ અને નખને બરાબર કાપવા જોઈએ.[૧૬]

યશ્ન, વીસ્પરદ અને વંદીદાદ એ અવસ્તાના ત્રણ વિભાગો – અવસ્તા સાહિત્યનો મુખ્ય મોટો ભાગ છે. એટલું જ નહિ પણ એ મહત્ત્વનો ભાગ પણ છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે આ વિભાગોમાં કર્મકાંડ અંગે વિશેષ ઝોક હોવાને પરિણામે આ વિભાગોનો ઉપયોગ મુખ્યત્વે કરીને પુરોહિતો કરે છે.

અવસ્તા સાહિત્યના બીજા બે વિભાગો યશ્ન અને ખોર્દેહ અવસ્તા છે, જેનો ઉપયોગ જરથુસ્તધર્મનો બહુજનસમાજ કરી શકે છે.

---

૧૩ વંદીદાદ, ૧ : ૧૩.

૧૪ વંદીદાદ, ૫ : ૨૧; ૧૦ : ૧૮.

૧૫ વંદીદાદ, ૩ : ૪૧, -૪૨.

૧૬ વંદીદાદ, ૧૭ : ૧.

ઘ. યશ્ન :

અવસ્તા ગ્રંથોનો આ ચોથો વિભાગ છે. આમાં પૂજ્ન, મંત્રોનો સમાવેશ થયો છે. આ ઉપરાંત એમાં ધાર્મિક કાવ્યો પણ છે. જરથુસ્તધર્મના વીરો તથા દેવદૂતોને કરવાની સ્તુતિ, મંત્રો પણ એમાં આવે છે.

ચ. ખોર્દેહ અવસ્તા :

આ વિભાગમાં જરથોસ્ત ધર્મીઓને કરવાની પ્રાર્થનાઓનો સંગ્રહ થયેલો છે. આ ગ્રંથને 'લઘુ અવસ્તા' તરીકે પણ ઓળખાવી શકાય.

આ ગાથા સાહિત્યો ઉપરાંત પાછળથી આ ધર્મમાં ઘણું સાહિત્ય ઉમેરાયું છે, એ સાહિત્યની પણ જરથુસ્તધર્મમાં અસર રહી છે. આથી જ આપણે અવસ્તા ધર્મના બે વિભાગોનો ઉલ્લેખ કર્યો છે. એક ગાથામાં રજૂ થયેલ ધર્મ અને બીજો અન્ય સાહિત્યમાં પ્રાપ્ત થતો ધર્મ. આ બંને પ્રકારના ધર્મોની હવે આપણે વિચારણા કરીએ.

આવી વિચારણા સુગમ બને એ માટે ઔરમઝદ, અહૂર મઝદ, ઓરમઝદ વગેરે નામોનો અવારનવાર ઉલ્લેખ આવતો હોઈ એની સ્પષ્ટતા કરવા નીચેનો કોઠો રજૂ કરીએ.

ઝોરોસ્ટર ધર્મ

અકેમિનિદ રાજધર્મ	અવસ્તા ધર્મ	
	ગાથાધર્મ	અન્ય સાહિત્ય ધર્મ
અઉરમઝદ (Aurmazda)	(Ahur Mazda)	ઓરમઝદ (Ormazd)
		સ્પેન્તમઇન્યુ (Spanta-Mainyu)
	એંગ્ર-મઇન્યુ (Angra-Mainyu)	અહરિમાન (Ahriman)
		એંગ્ર-મઇન્યુ (Angra-Mainyu)

ખ. ૧. ગાથાધર્મ :

ગાથામાં અન્ય પદ્ધતિઓની ટીકા કરવામાં આવી છે. મિથ્ર તથા અનાહત એ બંનેનો એમાં અસ્વીકાર કરવામાં આવ્યો છે તથા યજ્ઞમાં અપાતા વધનો તિરસ્કાર સૂચવાયો છે.

આપણે આગળ સૂચવ્યું છે તેમ જરથોસ્તી રાજવંશ ધર્મમાં પ્રવર્તતી કેટલીક રીતિઓથી જરથુસ્તને અસંતોષ હતો. આથી ગાથાઓમાં જરથુસ્તે એક નવો ધર્મ સ્થાપવાનો પ્રયાસ કર્યો છે. આ ગાથાધર્મને કેટલીક વેળા મઝદયસ્ની ધર્મ તરીકે પણ ઓળખાવાય છે. એને આવું નામ એ માટે આપવામાં આવ્યું છે કે જરથુસ્તના સમય સુધી પર્સિયનો જે ધર્મ પાળતા હતા તે દૃઐવયસ્ની તરીકે ઓળખાતો હતો. જરથુસ્તે એમાં ઘણા સુધારા કરવાનો પ્રયત્ન કર્યો.

જરથુસ્તે ગાથામાં સંઘોધેલા મઝદયસ્ની ધર્મના મહત્ત્વનાં અંગો નીચે મુજબ રજૂ કરી શકાય.

૧. અનેકેશ્વરવાદનો અસ્વીકાર :

આપણે આગળ જોયું તેમ જરથુસ્તના સમય સુધી અનેકેશ્વરવાદ પ્રચલિત હતો. એ અનેકેશ્વરવાદને જરથુસ્તે વિશિષ્ટ રીતે દૂર કર્યો. એમણે અહૂર મઝદને એક દેવ તરીકે સ્વીકાર્યા. મિથ્રદેવ કે જેમને બલિ ધરાવવામાં આવતા હતા તે દેવનો તેમણે અસ્વીકાર કર્યો, અને પોતાની દેવગૂંથણીમાં એમને કોઈ સ્થાન આપ્યું નહિ. બાકીના બીજા બધા દેવોને તેમ જ દૈત્યોને પણ તેમણે અહૂર મઝદના અનુચરો બનાવ્યા.

દેવ અને અસુર સંપત્તિ આર્યોમાં સ્વીકાર્ય હતી. આ દેવ અને અસુર શક્તિનું રૂપાંતર વેદમાં એક રીતે અને ઈરાનમાં જુદી રીતે થયું. ઇન્દ્ર વગેરે દેવો કરતાં મૈત્ર, વરુણ વગેરે અસુરોના અમૂર્ત સ્વરૂપને લીધે વેદમાં વરુણને માયાવી તરીકે ઓળખાવવામાં આવ્યા અને આમ કરીને એમને કંઈક માયાવીપણું અપાયું. આમ અસુરો દૈત્ય બન્યા. ઈરાનમાં અસુરો દેવ બન્યા, અને દૃઐવ દૈત્ય બન્યા. વેદધર્મ અને પુરાણા જરથુસ્તધર્મમાં થયેલાં દેવદેવીઓનાં નામો તથા અન્ય દૈત્યોનાં નામોનો અર્થ આ સંદર્ભમાં ઘટાવવો જરૂરી બને છે.

દાનવ અને દૈત્યનો ભેદ, તેમ શુભ અને અશુભ, સારું અને નરસું, પ્રકાશ અને અંધકારના ભેદો પણ સ્પષ્ટ જ છે. આ ભેદોનો ઉપયોગ જરથુસ્તે અનેકેશ્વરવાદનો પ્રશ્ન હલ કરવામાં લીધો. આ બે વિરોધી પદોમાંથી સમાન એવાને એક પક્ષે મૂક્યા અને બાકીનાને બીજા પક્ષે રાખ્યા. ગાથાઓમાં આવાં બે તત્ત્વોનો

સ્પષ્ટ સ્વીકાર થયો છે. શુભ તત્ત્વ કલ્યાણકારી, સહાયક, પ્રગતિકારી, ઇષ્ટ, પ્રકાશમય છે અને એને સ્પેન્તમઇન્યુ તરીકે ઓળખાવાયે છે અને અશુભ તત્ત્વને, જે અનિષ્ટ, ભૂંડું, અંધકાર, રુકાવટના પ્રતીક સમાન છે તેને, એંગ્રામઇન્યુ તરીકે ઓળખાવાય છે.

આ બે તત્ત્વોમાંના શુભ તત્ત્વો અહૂર મઝદને પક્ષે છે અને અશુભ તત્ત્વો એમની વિરુદ્ધ છે.

સમસ્ત સૃષ્ટિ બે વિભાગમાં વહેંચાયેલી છે—એક શુભસૃષ્ટિ – 'આશા',

બીજું અશુભ સૃષ્ટિ – 'દ્રગ'.

દ્રગમાં એંગ્રામઇન્યુ જે અશુભ આત્મા છે એનો, અને એમની સાથે જે અન્ય અશુભ તત્ત્વો છે તેમનો; તથા અશુભ માનવીઓનો સમાવેશ થાય છે. શુભની સૃષ્ટિમાં તેઓ હંમેશા અવરોધ નાખ્યાં કરે છે અને શુભને પાછળ પાડવાના પ્રયાસ આદરે છે.

આની સામે બીજી સૃષ્ટિ છે જે શુભની સૃષ્ટિ છે. આ સૃષ્ટિના નેતા અહૂર મઝદ છે. "અહૂર મઝદ જગતના કર્તા છે, તેજોમય છે. ઉત્કૃષ્ટ છે, સર્વોત્તમ છે અને સર્વથી મહાન છે. તે સૌથી વધારે સુંદર, દૃઢ, બુદ્ધિમાન, પરિપૂર્ણ અને ઉદાર છે."[૧૭]

આ અહૂર મઝદ બીજાં અનેક દૈવી તત્ત્વો સાથે સંકળાયેલ છે. આશા (નૈતિક નિયમ), વોહુમનહ (સારો વિચાર), તથા રાજ્ય તત્ત્વ એમની સાથે સંકળાયેલ છે. અહૂર મઝદ દ્વારા જ ઈશ્વર માનવ સાથે અને માનવ ઈશ્વર સાથે વ્યવહાર કરે છે.

જરથુસ્તે રજૂ કરેલ અહૂર મઝદની ભાવના, રાજધર્મમાં એની ભાવના કરતા એ રીતે અલગ છે કે, એમણે એ ભાવનામાં, નીતિના સિદ્ધાંતોને પણ સમાવી લીધા. હિબ્રૂધર્મના અભ્યાસમાં આપણે જોયું છે કે ટિકાઆના એમોસ તથા અન્ય ઇઝરાયેલ સંતપુરુષોએ ઇઝરાયેલી જેહોવાની ભાવનામાં સુધારો કરી એને વધુ સ્વીકાર્ય બનાવી. લગભગ એવું જ કાર્ય જરથુસ્તે કર્યું.

શુભ અને ઇષ્ટના પ્રતિનિધિ તરીકે જરથુસ્તે અહૂર મઝદની કલ્પના ભવ્ય બનાવી છે. અહૂર મઝદ શરાબ પીતા નથી, તેમ જ સદાયે જાગૃત છે એમ સૂચવતી વાણીમાં જરથુસ્તે અહૂર મઝદને કહ્યું; "હે સર્વજ્ઞ અહૂર મઝદ! તું કદીયે ઊંઘતો

૧૭ સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ, ૩૧ : ૧૯૫–૧૯૬.

નથી, તું કદીયે માદક પદાર્થ લેતો નથી, તેનાથી સારો વિચાર અપવિત્ર થઈ જાય છે. દેવો (એંગ્રામઇન્યુના સાથીઓ) તેને અપવિત્ર બનાવે છે.૧૮

આમ જગતમાં બે તત્ત્વોના સ્વીકારથી અનેક દેવદેવીઓનો સમાવેશ એ બેમાં થયો. પરંતુ આથી જરથુસ્તધર્મ માટે કેટલીક વેળા એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એ એકેશ્વરવાદી છે કે દ્વિ-ઈશ્વરવાદી છે ?

સામાન્ય રીતે એમ લાગે છે કે અહૂર મઝદ (ઓરમઝદ) અને એંગ્રામઇન્યુ (અહરિમાન) એ બંને સમકક્ષ છે. પરંતુ અશુભને પક્ષે સંખ્યા હોય તો યે, ગુણ ન હોવાને લીધે, પરિણામે સંખ્યાથી કંઈ નીપજતું નથી; અને વળી શુભ અને અશુભના દ્વંદ્વમાં લોકોને શુભના પક્ષે રહેવા માટે જરથુસ્ત હંમેશા આદેશ આપે છે. એથી અશુભ તત્ત્વનું શુભ તત્ત્વ સાથેનું સહ અસ્તિત્વ હોવા છતાં, તેનું અનંતપણું રહેતું નથી.

જ્યારે જગતને જરથુસ્તના ઉપદેશનો અર્થ સમજાશે અને જ્યારે તે કહેશે, "જે દ્રુએવ (અશુભ)ને ધિક્કારે છે અને જે અહૂરનો કાયદો પાળે છે એવા જરથુસ્તનો હું અનુયાયી છું, હું મઝદનો ભક્ત છું એમ કબૂલ કરું છું.૧૯" ત્યારે સૃષ્ટિ પૂર્ણતાની સમીપ પહોંચશે, અને તે સમયે પ્રવર્તમાન હશે માત્ર ઇષ્ટ અથવા શુભ—અનિષ્ટ તત્ત્વનો નાશ થયો હશે અને અહરિમાનનું આ સૃષ્ટિ પર અસ્તિત્વ રહેશે નહિ.

આ તબક્કાની પરિસ્થિતિનું વર્ણન આમ મળે છે: "પછીથી બધા માણસો ગાળેલી ધાતુમાંથી પસાર થશે અને શુદ્ધ બનશે. બધા માણસો એક અવાજે અહૂર મઝદ અને દેવદૂતોની સ્તુતિ કરશે તે વખતે અહૂર મઝદ પોતાનું કાર્ય પૂર્ણ કરશે."૨૦

આમ, આપણે એ જોઈ શકીએ છીએ કે જરથુસ્તધર્મ એક એવા તેજસ્વી ભાવિની આશા આપે છે જ્યાં અશુભ અને અનિષ્ટનો સંપૂર્ણપણે નાશ થયો હોય, અને શુભ અને શિષ્ટનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય. અશુભ તત્ત્વોના અંત સાથે એના નેતા અહરિમાનનું પણ અસ્તિત્વ નહિ હોય. આથી જગતના વર્તમાન પ્રવાહમાં શુભ – અશુભ, ઇષ્ટ–અનિષ્ટ, પ્રકાશ–અંધકાર, અહૂર મઝદ – અહરિમાન, સ્પેન્તમઇન્યુ – એંગ્રામઇન્યુ વચ્ચેનો દ્વંદ્વ ભલે ચાલુ રહેતો હોય, એમાં અંતિમ

૧૮. એજ, ૪ : ૨૧૫ – ૨૧૬
૧૯ એજ, ૩૧ : ૨૦૨, ૨૧૨, ૨૪૭.
૨૦ એજ, ૫ : ૧૨૬.

વિજય તો અહૂર મઝદ અને એમના પક્ષે રહેલા શુભદાયી તત્ત્વોનો જ થવાનો છે. આ અર્થમાં જરથુસ્તે આપેલા ધર્મને એકેશ્વરવાદી તરીકે કેમ ન ઓળખાવી શકાય ?

૨. અન્ય સાહિત્ય ધર્મ :

ગાથાઓ પછીના સાહિત્યમાં સૂચવાયેલા ધર્મમાં શુભ અને અશુભ તત્ત્વ પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. એમાં બે આત્મા સ્વીકારવામાં આવ્યા છે—એક પવિત્ર આત્મા (સ્પેન્તમઇન્યુ) અને બીજો અપવિત્ર આત્મા (એંગ્રામઇન્યુ).

આ બંને તત્ત્વો એક જ પરમ દૈવી તત્ત્વમાંથી નીપજ્યાં છે અને સ્વેચ્છાથી જ વાણી, વર્તન અને વિચારમાં સારા કે નરસા બન્યા છે : પવિત્ર આત્માએ સચ્ચાઈનો માર્ગ ગ્રહણ કર્યો અને અપવિત્ર આત્માએ અનિષ્ટનો પોતાના કાર્યક્ષેત્ર તરીકે સ્વીકાર કર્યો. પ્રથમ વખત જ્યારે આ બંને એક સાથે જ પૃથ્વી પર આવ્યા ત્યારે તેમણે જીવ અને અજીવ સર્જ્યા, તથા માનવજાત માટે શિક્ષા અને બદલાના નિયમની સ્થાપના કરી. સારાં કાર્યો કરનાર, જીવનને અંતે, સ્વર્ગની પ્રાપ્તિ કરશે, અને અનિષ્ટ કાર્ય કરનાર નર્કના દુઃખ ભોગવશે, એવું એ કાયદામાંથી ફલિત થતું હતું.

આમ, આપણે જોઈ શકીશું કે ગાથા પછીના સાહિત્યમાં શુભ – અશુભના દ્વંદ્વનો જોરદાર સ્વીકાર કરવા ઉપરાંત આગળ સૂચવેલા કેટલાંક ધર્માચરણો, નીતિઆચરણો, ધર્મવિધિઓ તથા પાપ અને પુણ્ય, તેમ જ સ્વર્ગ અને નર્કના વિચારો પર ભાર દઈ, એ વિશેની પણ રજૂઆત કરવામાં આવી છે. હવે આપણે આ બાબતોની વિચારણા હાથ ધરીએ.

૩. જરથુસ્ત નીતિધર્મ :

શુભ અને અશુભના બે તત્ત્વોના સ્વીકારની સાથે, એ પણ સ્વીકારાયું જ છે કે જગતમાં નીતિવાન તેમ જ અનીતિવાન એમ બંને પ્રકારના લોકો હોય છે. પ્રથમ વર્ગના લોકો અહૂર મઝદને પક્ષે, અને બીજા પક્ષના લોકો અહરિમાનને પક્ષે રહે છે. જરથુસ્ત ધર્મમાં ચારિત્ર્ય અને આચરણ પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જરથુસ્તના વિચાર અનુસાર આદર્શ જરથુસ્તી કોણ હોઈ શકે એ જરથુસ્તના આ કથનમાંથી સમજાય છે : હે મઝદ ! તારા જેવો આ માણસ વફાદાર, બહુશ્રુત અને ઉદાર છે.[૨૧]

૨૧ યસ્ન, ૪૩ : ૩.

આમ આપણે એ જોઈ શકીશું કે માનવી સમક્ષ જે આદર્શ રજૂ કરવામાં આવ્યો છે તે વફાદારી, બહુશ્રુતતા અને ઉદારતા છે.

આ ઉપરાંત જરથુસ્ત્ત નીતિમાં પવિત્રતાને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. એ માટે કહેવાયું છે, "હે ધર્મનિષ્ઠ પુરુષ! તું તારી જાતને પવિત્ર બનાવ. પૃથ્વી ઉપરનો ગમે તે માણસ વિચાર, વાણી અને આચારથી જો પોતાનો જાતને પવિત્ર કરે તો તે હંમેશાં પવિત્ર જ છે."૨૨

પરંતુ આ પવિત્રતા શુભને પક્ષે રહેવાથી, શુભની સાથે સંપર્ક રાખવાથી તથા શુભના આદેશ અનુસાર કાર્ય કરવાથી મળે છે. એક નાનોશો મંત્ર આ બાબત બહુ સારી રીતે કહી જાય છે. જ્યારે પણ આ ધર્મની બે વ્યક્તિઓ મળે ત્યારે આ મંત્રની સૌજન્યતાપૂર્વક આપલે થાય છે : "હુ – મત, હુ – ઉક્થ, હુ – વર્ષા : સારા વિચાર, સારી વાણી અને સારા કર્મ."૨૩

નીતિઆચરણના આ સર્વસામાન્ય સિદ્ધાંતો ઉપરાંત જરથુસ્તધર્મમાં સદ્‌ગુણના બે પ્રકાર સ્વીકારવામાં આવ્યા છે—એક, સામાન્ય અને બીજો, વિશિષ્ટ. અશુભ ન કરતાં, સારા થવાનો પ્રયત્ન કરવો, એ સામાન્ય સદ્‌ગુણ છે અને એ માત્ર વ્યક્તિલક્ષી બની રહે છે. પરંતુ અનિષ્ટનો સામનો કરવો અને શુભનો વિકાસ કરવો, એ વિશિષ્ટ સદ્‌ગુણ છે. કારણકે વ્યક્તિએ પોતે જે કંઈ પ્રાપ્ત કર્યું છે એની પ્રાપ્તિ અન્યને થાય એ માટેનો એમાં પ્રયાસ છે.

શુભ – અશુભ, તથા ઇષ્ટ – અનિષ્ટના દ્વંદ્વને અનુલક્ષીને આ પ્રકારના સદ્‌ગુણોની વાત સુસંગત છે. એટલું જ નહિ, જરૂરી પણ છે. ઉપર આપણે જે કહ્યું તે સામાન્ય સદ્‌ગુણની વાત થઈ. પરંતુ અનિષ્ટનો સામનો અને ઈશ્વરનો પ્રસાર થાય એ માટે જરથુસ્તે આપેલ બોધ મહત્ત્વનો છે. એ બોધમાં જરૂર પડે તો વિશિષ્ટ સદ્‌ગુણની પ્રાપ્તિને માટે હિંસાનો આશરો લેવો પણ બાધક ગણાયો નથી. એટલું જ નહિ એવો આશરો લેવાની જરૂરિયાત ઉપર ભાર પણ મુકાયો છે. આ હકીકત નીચેના ઉપદેશમાંથી પ્રાપ્ત થાય છે.

"શત્રુઓની સાથે પ્રમાણિકતાથી લડો, મિત્રની સાથે મિત્ર તરીકે રહો."૨૪

---

૨૨ સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ, ૪ : ૧૪૧.

૨૩ એજ, ૪ : ૫૬; ૩૧ : ૨૫૦.

૨૪ એજ, ૨૪ : ૧૨

"માણસ ભલે ગરીબ હોય કે તવંગર, પરંતુ તેણે ધર્મિષ્ઠ માણસનો પ્રેમભાવ રાખવો જોઈએ. પરંતુ જે જૂઠો છે, તેની સાથે તો તેણે ખરાબ રીતે જ વર્તવું જોઈએ."[૨૫]

"તેમની સામે હથિયાર લઈને ઊભા થઈ જાઓ અને લઢો."[૨૬]

"આ ફરસીના ભાલાથી તમે બધાને મારી નાખો."[૨૭]

"ફરસીના ભાલામાં અજબ શક્તિ રહેલી છે."[૨૮]

"તેની પાસે મોટો ભાલો છે અને તે ઈશ્વરની ભક્તિ કરે છે."[૨૯]

હિંસાના ઉપયોગને આવી રીતે બીરદાવનાર ધર્મોમાં જરથુસ્ત ઉપરાંત ઇસ્લામધર્મ પણ છે, જે બાબત આપણે ઇસ્લામધર્મમાં જેહાદના વિચારની ચર્ચા કરતી વખતે અવલોકીશું.

એ જ પ્રમાણે જરથોસ્તી ધર્મમાં સંન્યાસ, ત્યાગવૃત્તિ કે તપશ્ચર્યા કે નિષ્ક્રિયતાની વાત જોવા મળતી નથી. ખેતી કરવી અને ગૃહસ્થ બનવું એ પણ ધર્મ-જીવન માટે આવશ્યક છે, અને એ રીતે પણ ધર્મનું વ્યવહારમાં આચરણ થઈ શકે.

"જે માણસ અનાજ, ઘાસ અને ફળ વધારે પ્રમાણમાં વાવે છે તે ધર્મના બીજ વાવે છે, તે મઝદના ધર્મની પ્રગતિ કરે છે. જે માણસ બિલકુલ ખાતો નથી, તેનામાં પવિત્ર કામો કરવાની શક્તિ હોતી નથી."[૩૦]

આમ, દેહકષ્ટની જરથોસ્તધર્મમાં વાત નથી, તેમ જ સતત કાર્યરત રહેવાની પણ આ ધર્મ આજ્ઞા કરે છે. ગૃહસ્થી જીવનના સ્વીકાર છતાં એમાં પવિત્રતાનો ભંગ ન થવો જોઈએ એમ ભારપૂર્વક કહેવાયું છે. આથી વિપરીત આચરણ કરનારાઓને પાપીઓ તરીકે ગણાવવામાં આવ્યા છે.

આમ, આપણે એ જોઈ શકીશું કે જરથુસ્તનો મહત્ત્વનો આદેશ—'અનિષ્ટોનો સામનો કરો અને પવિત્ર જીવન જીવો' એવો છે. જીવન એ અનિષ્ટ સાથેનો

૨૫ યસ્ન, ૪૭ : ૪; ૩૩ : ૨—૩.
૨૬ યસ્ન, ૩૧ : ૧૮.
૨૭ યસ્ન, ૩૧ : ૧૮.
૨૮ યસ્ન, ૧૨ : ૯.
૨૯ યસ્ન, ૫૭ : ૧.
૩૦ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૪ : ૨૯, ૩૧.

સંધર્ષ છે, અને પ્રભુ સાથે સહકાર છે. માનવ અને અહૂર મઝદ એ બંનેનો અનિષ્ટ એકસમાન દુશ્મન છે, અને એથી પ્રભુની પડખે રહી માનવીએ અનિષ્ટની સામે સતત રીતે ઝઝૂમતા રહેવું જરૂરી છે. અનિષ્ટની સામેની આ લડાઈમાં પ્રત્યેક માનવી અહૂર મઝદનો સહપંથી બને છે અને એનો સૈનિક થાય એવો બોધ જરથુસ્તધર્મમાં પ્રાપ્ત છે.

આ દૃષ્ટિએ વિચારતા એમ કહી શકાય કે માનવજીવનનું મૂલ્ય આનંદ કે સુખથી માપી શકાય નહિ. પરંતુ જીવનનું માર્ગદર્શક સૂત્ર તો સચ્ચાઈ માટેનું કાર્ય અને જૂઠાણા સામેની લડત એમ દ્વિપાંખિયું હોવું જોઈએ. ઇષ્ટના વિજય માટે માનવી જેટલો વધુ પ્રયત્ન કરે, એટલું વધુ એનું જીવન સમૃદ્ધ બને છે; અને જેટલી એકદિલીથી એ અસત્ય, અશુભ અને અનિષ્ટનાં બળોની સામે લડે છે એટલી એનામાં શક્તિ પ્રાપ્ત થતી રહે છે.

૪. સ્વર્ગ અને નર્ક :

જરથુસ્તધર્મમાં સ્વર્ગ અને નર્કના ઉલ્લેખો પણ અનેકવાર પ્રાપ્ત થાય છે. જીવનકાળ દરમ્યાન વ્યક્તિએ શુભની સાથે રહી એને પક્ષે બળ આપ્યું છે, કે અશુભની સાથે રહી શુભનો ધ્વંસ કરવામાં સહકાર આપ્યો છે એ આધારે વ્યક્તિ પુણ્યશાળી કે પાપી બને છે. વ્યક્તિ જીવે છે ત્યાં સુધી તો કયા પક્ષે રહેવું એ નિર્ણય એણે કરવાનો છે, પરંતુ મૃત્યુ બાદ એની શી સ્થિતિ થાય છે તેનો ખ્યાલ આ ધર્મમાં રજૂ થયો છે.

માનવીના પ્રત્યેક કર્મની નોંધ લેવાય છે એ જણાવતા કહેવાયું છે, "બે દેવદૂતો દરેક માણસના સારાં અને ખરાબ કર્મોની નોંધ લે છે."[૩૧]

આવી નોંધને આધારે જ પાપી અને પુણ્ય જીવોને અલગ પાડવામાં આવે છે. આ જુદા પાડવાની રીત પણ અવનવી છે. 'ચીન્વત' નામના એક નાના પુલ દ્વારા મરણ પછી પુણ્યશાળી જીવોને પાપી જીવોથી છૂટા પાડવામાં આવે છે.[૩૨] આવી રીતે પાપી અને પુણ્ય જીવોને છૂટા પાડયા પછી "જીવોને ત્રાજવામાં તોલવામાં આવશે."[૩૩]

---

૩૧ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૨૪ : ૨૫૮.

૩૨ યસ્ન, ૪૬ : ૧૦–૧૧; ૫૧ : ૧૩; ૧૯ : ૬; ૭૧ : ૧૬.

૩૩ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૨૪ : ૧૮.

આ તોલાઈ જ્યારે હાથ ધરવામાં આવે ત્યારે " દરેક માણુસના કર્મ તેની સામે સારા અથવા ખરાબ રૂપમાં આવશે.[૩૪] આ કર્મ અને વિચારોને અનુલક્ષીને જે જીવોએ સારાં કર્મો કર્યાં હશે તેમને સ્વર્ગ મળશે. એ સ્વર્ગમાં હૂમત, હુકત, હ્વેરસી તથા ગરોનમાન જેવા વિભાગો છે. જે સર્વ સારા અને પુણ્યશાળી જીવો છે, તેઓનો આ સ્થાનોમાં વાસ થાય છે. આવા પવિત્ર આત્માઓને સ્વર્ગના દ્વારે ચોહૂમનહ આવકારે છે અને પછી તેમનો પરિચય અહૂર મઝદ તથા અન્ય બીજાઓ સાથે કરાવે છે.

પરંતુ, જે લોકો અસત્ય વદે છે, પાપ આચરે છે તેઓ નરકમાં જાય છે અને ત્યાં " અંધકાર, ખરાબ ખોરાક અને આર્તનાદ "[૩૫]ના ભોગ બને છે. જેમ સ્વર્ગના ચાર વિભાગો છે તેમ નર્કના પણ ચાર વિભાગો છે, અને નર્કમાં અંધકાર, દુર્ગંધ, અતિ શીતલતા, દુઃખ અને વેદના અપાર પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. માનવ તરીકેના ટૂંકા જીવનમાં જેમણે અસત્યનો આશરો લઈ અનિષ્ટની સાથે સહકાર કર્યો હોય એ બધાને દીર્ઘકાળની શિક્ષા આ નર્કાગારમાં મળી રહે છે. જે પાપી જીવો નર્કમાં પ્રવેશ કરે છે તેમનું તિરસ્કારયુક્ત અને મશ્કરીયુક્ત સ્વાગત અહરિમાન કરે છે.

એવાયે માનવોઓ હોઈ શકે કે જેઓનાં પાપ અને પુણ્યનો મેળ લગભગ એકસરખો જ થઈ રહે, અને ન તો પાપનું પલ્લું નમે કે ન તો પુણ્યનું પલ્લું નમે. આવા માનવો માટે શું ? એમને માટે સ્વર્ગમાં સ્થાન નથી; કારણકે જીવનમાં સુસંગત રીતે તથા સતત રીતે પુણ્ય કાર્યો એમણે આચર્યાં નથી. પરંતુ જ્યારથી એમને સમજ લાધી ત્યારથી પાપી કૃત્યોનો સંગ છોડી, અનિષ્ટ તત્વોથી વિખૂટા પડી, અહરિમાનને સાથ આપવાનું બંધ કરી, અને પુણ્ય કાર્યોમાં પ્રવૃત્ત રહી, એમણે પોતાનાં પાપકર્મોનો એ રીતે સંહાર કર્યો, જેથી મૃત્યુની ઘડીએ જીવનના પાપકર્મો અને પુણ્યકર્મો બંને સ્થિર રહ્યાં. આમ, એમનું સ્થાન ન તો સ્વર્ગમાં છે કે ન નર્કમાં. એમને જે સ્થાન પ્રાપ્ત થાય છે તેનું નામ છે ' હમિષ્ટગાન '. આ સ્થાનમાં જે જીવોનો વાસ થાય છે, તેઓને ઠંડીમાં ઠુંઠરી અને ગરમીમાં બળતરા સિવાય બીજું કંઈ દર્દ વેઠવું પડતું નથી.

---

૩૪ યશ્ન, ૩૧ : ૨૦; ૪૬ : ૧૧.

૩૫ યશ્ન, ૩૧ : ૨૦; ૪૬ : ૧૧.

૫. ભાવિ ઉદ્ધારક :

ખ્રિસ્તીધર્મની જેમ આ ધર્મમાં પણ ભવિષ્યમાં માણસોનો ઉદ્ધાર કરનાર કોઈક થશે એમ સ્વીકારવામાં આવ્યું છે.[૩૬] ખ્રિસ્તીધર્મમાં તેમ જ હિબ્રૂધર્મમાં એને મસીયાહ તરીકે ઉલ્લેખવામાં આવે છે, જ્યારે અહિંયાં એમને 'સોષ્યન્ત' તરીકે ઓળખવામાં આવે છે.

સંદર્ભ ગ્રંથસૂચિ

કશ્યપ, આર. આર. : **ધી વેદિક ઓરીજીન ઓફ઼ ઝોરોસ્ટ્રીઆનીઝમ,** દયાનંદ એંગ્લો વેદિક કૉલેજ, લાહોર, ૧૯૪૦.

ગ્રીનલીઝ, ડંકન : **ધી ગોસ્પેલ ઓફ઼ જરથુસ્ત,** ધી થિયોસોફ઼िકલ પબ્લિશિંગ હાઉસ, મદ્રાસ.

ઝાબવાલા, સાવક એચ. : **ઝોરાસ્ટ્રીઆનીઝમ,** બોમ્બે, ૧૯૩૪.

ઝાહનર, આર. સી. ઝરવાન : **એ ઝોરોસ્ટ્રીઅન ડાયલેમા,** ઑક્સફર્ડ, ૧૯૫૫.

ડાઉસન, માઇલ્સ મીનાંનડર : **ધી એથિકલ રિલિજિયન ઓફ઼ ઝોરોસ્ટર,** મેકમિલન, ન્યૂયોર્ક, ૧૯૩૧.

ડયુકને, ગીલેમીન જે. : **ધી વેસ્ટર્ન રીસ્પોન્સ ટુ ઝોરોસ્ટર,** ઑક્સફર્ડ, ૧૯૫૮.

ધાલા, એમ. એન. : **ઝોરોસ્ટ્રીઅન થિયોલોજી,** ન્યુયોર્ક, ૧૯૧૪.

તારાપોરવાલા, આઈ. જે. એસ : **રિલિજિયન ઓફ઼ જરથુસ્ત,** થિયોસોફ઼िકલ પબ્લિશિંગ હાઉસ, મદ્રાસ, ૧૯૨૯.

મોદી, એરવદ જીવનજી જમશેદજી : **જરથુસ્ત ધર્મની નીતિ અને નેકીઓ,** જરથુસ્તી પ્રચારક મંડળ, બોમ્બે, ૧૯૨૫.

મોદી, જે. જે. : **ધી રિલિજિયસ સેરેમનીઝ એન્ડ કસ્ટમ્સ ઓફ઼ ધી પારસીઝ,** બોમ્બે, ૧૯૨૨.

મોલ્ટન, જે. એચ. : **અર્લી ઝોરોસ્ટ્રીઆનીઝમ,** લંડન, ૧૯૧૩.

---

૩૬. યસ્ન, ૪૫ : ૧૧; ૨૬ : ૯; ૪૮ : ૯.

૧. પ્રારંભિક :

ઇસ્લામનો ઉદ્‌ભવ અરેબિયા દેશમાં થયો. બહુ પુરાણા સમયથી અરબસ્તાન એક એવો દેશ રહ્યો છે જેની ઉપર અવારનવાર ઇજિપ્ત, પર્શિયા, મેસિડોનિયા અને રોમની પ્રજાએ સત્તા ભોગવી છે. અરબસ્તાનની વસ્તી ગરીબ અને અસંસ્કારી એવી બુદ્દની પ્રજાની હતી. પ્રજા ગોપ જીવન ગુજારતી, ખેતી ખેડતી, પરંતુ એમનો ઝાઝો વિકાસ થયો ન હતો. દરેક જાતિના એક નેતા હતા અને તેનો હુકમ જાતિને માટે સર્વસ્વ લેખાતો. આ પ્રજાના ધાર્મિકજીવન વિશે એટલું કહી શકાય કે દરેક વસ્તુમાં તેઓ જીવનું આરોપણ કરતા અને એ રીતે સર્વજીવવાદ (animism) સ્વીકારાયું હતું. અરબસ્તાનની પ્રજા મૂર્તિપૂજક હતી અને વિવિધ દેવદેવીઓમાં માનતી હતી.

અરબસ્તાનના વિકાસમાં મહત્ત્વનો સર્વ પ્રથમ ફાળો કોઈએ આપ્યો હોય તો તે ઇસ્લામના સ્થાપક મહમદે. એમનો જન્મ પવિત્ર મક્કા શહેરમાં ઈ. સ. ૫૭૦માં થયો હતો. એક સામાન્ય કુટુંબમાં એમનો જન્મ થયો અને જન્મ પછી એમના માતા-પિતા નાનપણમાં જ ગુજરી ગયાં હતાં. આથી એમના દાદા પાસે એમનો ઉછેર થયો.

વેપાર અર્થે મહમદ તેમના કાકા સાથે અવારનવાર સિરિયામાં જતા હતા અને એમની સચ્ચાઈ અને વફાદારીથી એમના સમાગમમાં આવનાર બધા જ ખુશ હતા. એમની યુવાનીમાં તેઓ એક તવંગર વિધવા બાઈ ખાદીજાને ત્યાં કામમાં જોડાયા. એમના વેપાર અર્થે એમને ઘણી વેળા બહાર જવાનું થતું. એમની સચ્ચાઈ અને વફાદારીથી ખાદીજાએ એમની સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો અને તે મહમદે સ્વીકાર્યો. આ વખતે ખાદીજાની ઉંમર ચાલીસ વર્ષની હતી અને મહમદ ભરયુવાનીમાં પચીસ વર્ષની વયમાં હતા. એમ કહેવાય છે કે એમને ચાર પુત્રીઓ અને ત્રણ પુત્રો હતા. પરંતુ એ બધામાં એમણે સ્થાપેલા ઇસ્લામધર્મમાં એક પુત્રી ફાતીમા વધુ જાણીતી છે.

ખાદીજા સાથેના સંપર્કથી મહમદ પર બે પ્રકારની અસર થઈ. એક તો, ખાદીજાની વણજાર સાથે એમને સિરિયા અને પેલેસ્ટાઈન જવાનું થતું અને એને પરિણામે હિબ્રૂ અને ખ્રિસ્તી એકેશ્વરવાદની માન્યતાઓ સાથે એમનો પરિચય કેળવાયો. બીજું, ખાદીજાને ઘરે 'હનીફ' નામના ધાર્મિક લોકો આવતા હતા. તેઓની ધાર્મિક માન્યતા અનુસાર અનેકેશ્વરવાદ અસ્વીકાર્ય હોઈ એકેશ્વરવાદમાં શ્રદ્ધા ધરાવતા હતા. એમના સંપર્કમાં મહમદ આવતા. એમના મન પર એકેશ્વરવાદની ઊંડી અસર થઈ. આમ, ઘરઆંગણેના અતિથિઓ સાથે તથા બહારનાં પર્યટનોમાંથી એમના મન પર એકેશ્વરવાદની અસર દૃઢ થઈ.

આ સમયમાં મક્કામાં મૂર્તિપૂજા પ્રચલિત હતી અને સમસ્ત અરેબિયાના લોકો મક્કામાં પ્રસિદ્ધ એવા એક કાળા પથ્થર જેને 'કાબા' તરીકે ઓળખવામાં આવે છે તેની પૂજા કરતા હતા. આમ મક્કા એક તીર્થધામ બની ગયું. એક તરફ મક્કા શહેરમાં 'કાબા'ની પૂજા માટે સમસ્ત અરેબિયામાંથી લોકો તીર્થયાત્રાએ આવતા હતા, ત્યારે બીજી તરફ મક્કાની પાસે આવેલ પહાડની ગુફાઓમાં જઈને મહમદ અલ્લાહ-ધૂનમાં મસ્ત રહેતા હતા.

એમનો લગભગ ચાલીસ વર્ષની ઉંમર સુધી મહમદ એક સામાન્ય પ્રકારના માનવી હતા. તેમના પોતાનાં ઉચ્ચારણોમાંથી આ બાબત સ્પષ્ટ થાય છે. મહમદ કહેતા : "તમારામાંનો હું એક છું, અને હું તમને ચેતવવા આવ્યો છું, જેથી તમને ભય રહે નહિ."[૧] પોતે નિરક્ષર પયગંબર છે એવું પણ કહેવાયું છે.[૨] વળી મહમદે એમ પણ કહ્યું છે કે, "મારામાં ચમત્કારો કરવાની શક્તિ નથી."[૩]

૧. રોડવેલ, ધી કુરાન, ૭ : ૬૧
૨. કુરાન, ૭ : ૧૫૬, ૧૫૮
૩. કુરાન, ૬ : ૧૦૯; ૨૯ ; ૪૯

લગભગ ચાલીસ વર્ષની ઉંમરે મહમદમાં પરિવર્તન થવા લાગ્યું. તેઓ વધુ ખોવાયેલા રહેવા લાગ્યા અને અલ્લાહમાં મગ્ન રહેતા. હિબ્રૂ પયગંબરો જેવી વિશિષ્ટતાઓ એમને પ્રાપ્ત થવા માંડી. મહમદ મક્કાની પાસેના પહાડની ગુફાઓમાં જતા ત્યારે એક દિવસનો અનુભવ ટાંકતા કહેવાયું છે : "હું ચાલતો હતો ત્યાં આસમાનમાંથી અવાજ આવ્યો અને મેં ઉપર જોયું. ત્યાં ફિરસ્તા જિબ્રાઈલ બેઠા હતા. તે મારી પાસે આવ્યા અને મને આદેશ આપ્યો : મહમદ! તું તો અલ્લાહનો રસૂલ છે, વાંચ.' મેં કહ્યું : 'હું વાંચી શકું એમ નથી.' એ મારી પાસે આવ્યા, અને મને હચમચાવ્યા પછી વળી કહ્યું, 'વાંચ' અને મેં ફરીથી કહ્યું 'હું વાંચી શકું એમ નથી.' 'આવી રીતે ત્રણવાર થયું અને ત્રીજી વખતે મને સખ્ત હચમચાવીને કહ્યું, "લોહીના ટીપામાંથી માનવીનું સર્જન કરનાર તારા અલ્લાહના નામે વાંચ. એણે માનવીને તે શીખવ્યું છે કે જે એ જાણતો નથી."[૪]

એમ કહેવાય છે કે ફિરસ્તાના આ પ્રથમ દર્શન પછી થોડો સમય આવાં દર્શનો બંધ થયાં. આથી મહમદ ખૂબ નારાજ થયા અને એમણે આપઘાત કરવાનો નિર્ણય કર્યો. આપઘાતને માટે એમણે પ્રયત્ન કર્યો ત્યારે ફિરસ્તા એમની સમક્ષ પ્રત્યક્ષ થયા અને કહ્યું, "ઓ મહમદ! તું તો પ્રભુનો પયગંબર છે."[૫]

પોતાને જે અનુભવ થયો એની વાત એની પત્ની ખાદીજાને કરી અને પોતાને જે જ્ઞાન થયું તેનું વર્ણન કર્યું. અલ્લાહ એક છે, તથા સદ્‌ગુણનો બદલો અને દુરાચારની શિક્ષા મળે છે. આ એમનો સાદો અનુભવ હતો.

શરૂઆતના તબક્કે એમનો આદેશ સ્વીકારનાર અને એમના અનુયાયી બનનારમાં એમનાં પત્ની ખાદીજા, એમનો દત્તક પુત્ર અલિ, એમનો મિત્ર અબુબકર અને ઝૈદ નામનો હબસી ગુલામ હતા. અનુયાયીઓની આ નાની ટુકડી સાથે એમણે પોતાને જે દર્શન લાધ્યું હતું એનો પ્રસાર કરવાની શરૂઆત કરી. એકેશ્વરવાદનો સ્વીકાર, એક અલ્લાહમાં જ માન્યતા, મૂર્તિપૂજનો અસ્વીકાર અને બાળહત્યાનો વિરોધ એમના ઉપદેશમાં મુખ્ય હતા.

મહમદના આવા ઉપદેશની મક્કાના લોકો પર બહુ માઠી અસર પડી. આપણે ઉપર જોયું છે તેમ મક્કાના લોકોનું આજીવિકાનું મુખ્ય સાધન મક્કા

૪. ગ્લીમ્પસીસ ઑફ વર્લ્ડ રિલિજિયન્સ, જર્મિકો, ૧૯૫૭, પા. ૧૯૭.
૫. એજ, પા. ૧૯૮

આવતા યાત્રીઓ હતા અને જો 'કાબા'ના પૂજનને માટે યાત્રીઓ મક્કામાં ન આવે તો એમની આજીવિકાનો પ્રશ્ન એક કોયડો બની જાય એમ હતું. એથી મક્કાના લોકોમાં મહમદ ખૂબ અપ્રિય થઈ પડ્યા. જેમ જેમ એમના બોધ જોરશોરથી અપાવા માંડ્યા તેમ તેમ અપ્રિયતાએ વિરોધનું સ્વરૂપ ધારણ કર્યું. કોઈપણ ભોગે મહમદના ઉદ્બોધનો પ્રચાર ન થવા દેવો એવો એમણે સંકલ્પ કર્યો. મહમદ અને એમના અનુયાયીઓનો બહિષ્કાર કર્યો અને એમની મિલકત પણ લૂંટી લીધી. આથી મહમદના કેટલાક અનુયાયીઓ મક્કા છોડી બાજુના શહેર મદીના જે યથરબ તરીકે પણ ઓળખાતું હતું, ત્યાં ગયા. મદીનામાં યહુદીઓની વસ્તી મોટા પ્રમાણમાં હતી.

મહમદનો સંહાર કરવાને એક બાજી રચાઈ. પરંતુ પોતાના મિત્ર અને અનુયાયી વિશ્વાસનીસ અબુબકર તથા બીજા અનુયાયીઓ સાથે તેઓ મક્કામાંથી પલાયન થયા. મહમદનું આ પલાયન ઈ. સ. ૬૨૨માં થયું. આ વર્ષથી મુસલમાન લોકોની વર્ષગણના શરૂ થાય છે અને એને ALNO, Hegiraa એટલે હજીરાનું વર્ષ તરીકે ઓળખવામાં આવે છે. ખ્રિસ્તીવર્ષ ગણનામાં ઈ. સ. માટે જેમ એ ડી. મૂકવામાં આવે છે તેમ મુસ્લીમવર્ષ ગણનામાં એ. એચ. મૂકવામાં આવે છે. મહમદ મક્કાથી મદીના જવા નીકળ્યા. કારણકે મદીનામાં એમના કેટલાક અનુયાયીઓ આગળથી પહોંચેલા હતા. પરંતુ ત્યાં પહોંચતા પહેલાં મક્કાથી ઉત્તરમાં લગભગ ત્રણ માઈલના અંતર પર આવેલ એક ગુફામાં સંતાયા અને એ રીતે ઝનૂની દુશ્મનોના સપાટામાંથી બચી ગયાં. આ અંગે કહેવાયું છે :

"પહેલાં અને જ્યારે તેઓ તેમના મિત્રની સાથે ગુફામાં ભરાઈ ગયા ત્યારે તેમને અલ્લાહે મદદ કરી. આ વખતે મહમદે તેમના મિત્રને કહ્યું – "જરા પણ ગભરાઈશ નહિ, કારણકે અલ્લાહ આપણું રક્ષણ કરે છે. અલ્લાહે પોતાની શાંતિ મહમદને આપી અને બીજા માણસો મદદને માટે આપ્યા."[૬]

આ પછી મહમદ મદીનામાં આવ્યા. મદીનામાં એમને માટે મિત્રભાવભર્યું વાતાવરણ હતું. ત્યાં એમનો ઉત્સાહપૂર્વક આવકાર કરવામાં આવ્યો અને લોકોએ એમનો ઉપદેશ ગ્રહણ કર્યો.

મદીનામાં મહમદે 'અલ્લાહના કાયદા' અનુસાર એક વ્યવસ્થિત પંથ સ્થાપ્યો અને જાહેર કર્યું : "એક ઈશ્વર વિના બીજાની પૂજા અમે નહિ કરીએ.

૬. રોડવેલ, ૯ : ૪૦

અમે ચોરી નહિ કરીએ, અમે વ્યભિચાર નહિ કરીએ. અમે અમારા બાળકોને મારીએ નહિ, અમે કોઈની નિંદા કરીએ નહિ. જે વાત સત્ય છે તે બાબતમાં અમે પયગંબરનો આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરીએ."[૭] અહીંયાં મહમદે એક મસ્જિદ બંધાવી અને પોતાના અનુયાયીઓને આ રીતે એકત્ર થવાની સુવિધા કરવાની સાથે જ ત્યાં તેમણે ધાર્મિકશિક્ષણ આપવા માંડયું અને ધર્મને માટે લડાઈ કરવાની તાલીમ પણ આપવા માંડી. ધર્મોપદેશની સાથે લડાયક બળની તાલીમ પણ ઓતપ્રોત થઈ.

ઈ. સ. ૬૨૨માં મક્કા છોડયા પછી પણ મક્કાના લોકોનો મહમદ અને તેમના અનુયાયીઓ તરફનો રોષ ઓછો થયો ન હતો અને એથી તેઓ એમનો નાશ કરવાને માટે સર્વ તૈયારી કરતા હતા. એમનો સામનો કરવાને માટે મહમદે પણ પોતાના અનુયાયીઓમાં લડાયક ખમીર સીંચવાની જરૂરિયાત જોઇ હોય એમ કેમ ન કહી શકાય ?

મક્કા અને મદીનાની વચ્ચેનો સંઘર્ષ લગભગ સાત વર્ષો સુધી એકધારો ચાલ્યો. એમાં કોઈકિ વખત એક પક્ષની, તો કોઈક વખતે બીજા પક્ષની જીત થતી. પરંતુ ઈ. સ. ૬૨૯માં મહમદની સંપૂર્ણ જીત થઈ. આ જીત વિશે મહમદ કહેતા : "બદરના યુદ્ધમાં[૮] તથા બાકીના યુદ્ધમાં[૯] લગભગ અલ્લાહની મદદથી શત્રુઓની સામે જીતો શક્યો."

મહમદની જીત પછી મક્કા અને મદીનાના લોકો વચ્ચે એક કરાર થયો. તે અનુસાર મક્કાએ મહમદને પયગંબર તરીકે સ્વીકારી માત્ર એક જ અલ્લાહની પૂજનો સ્વીકાર કરવાનો હતો, અને આ નવા ધર્મપંથના મક્કા તથા મદીના અને અન્યત્ર વસતા બધા જ અનુયાયીઓએ પહેલાંની જેમ મક્કાની તીર્થયાત્રા કરવાની હરી. આમ, મક્કાના લોકોને તીર્થપ્રવાસી દ્વારા મળતી આજીવિકાને હાનિ પહોંચાડયા વિના એક અલ્લાહનો સ્વીકાર થયો.

ઈ. સ. ૬૨૯માં મહમદ મક્કા પાછા ફર્યા–એના નેતા તરીકે અને મુસ્લિમ પ્રજાના એક પયગંબર તરીકે. એમની સત્તા ધીમે ધીમે વધવા માંડી અને ઈ. સ. ૬૩૨માં એમનું મૃત્યુ થયું ત્યારે તો એમની આણ સમસ્ત અરેબિયા પર પ્રવર્તતી

૭. મ્યૂર, ધી લાઈફ ઓફ મહમદ, ભાગ ૧–૧૯૧૨, પા. ૧૧૮
૮. રોડવેલ, ૯૩ : ૧૧
૯. એજ, ૪૯ : ૯

હતી. પરંતુ એમના સત્તાકાળમાં મહમદમાં થોડા ફેરફાર થયેલા જોવામાં આવે છે. એક તો યહૂદીઓ પ્રત્યેના એમના વર્તાવમાં. જ્યારે મહમદના કેટલાક અનુયાયીઓ અને પાછળથી મહમદ પોતે મદીના ગયા ત્યારે ત્યાંના બહુજન યહૂદી સમાજે કોઈ માઠો વર્તાવ કર્યો નહિ. મહમદ પણ યહૂદીઓ પ્રત્યે પ્રેમભાવ અને ભાતૃભાવ રાખતા હતા. પરંતુ પાછળથી તેમણે એમને હેરાન કરવા માંડયા. એટલું જ નહિ પરંતુ એમના પ્રત્યે હિંસાત્મક વલણ પણ અખત્યાર કર્યું. બીજું, ધર્મવિધિમાં પણ એમણે કેટલાક ફેરફાર કર્યા. મહમદના અનુયાયીઓ શરૂઆતમાં યહૂદી ધર્મીઓના પ્રાયશ્ચિત્તને દિવસે ઉપવાસ કરતા હતા. પરંતુ મહમદે તેમાં ફેરફાર કર્યો અને રમજાનના મહિનામાં ઉપવાસ કરવાનો આદેશ આપ્યો.[૧૦] વળી, શરૂઆતમાં મહમદના અનુયાયીઓ પ્રાર્થના કરતી વખતે તેમનું મુખ જેરૂસલેમ તરફ રાખતા હતા. પરંતુ હવે મહમદે એ પ્રથામાં પણ ફેરફાર કરાવડાવ્યો અને આદેશ આપ્યો કે એમના અનુયાયીઓએ અરબસ્તાનના કેન્દ્ર સમા મક્કા તરફ એમનું મુખ રાખીને પ્રાર્થના કરવી.[૧૧]

આમ યહૂદીઓ તરફના વર્તનમાં તેમ જ પ્રાર્થનાવિધિમાં મહમદે ફેરફારો કર્યા. પરંતુ ત્રીજો ફેરફાર જે થયો એ એમના વ્યક્તિગત જીવનમાં થયો અને એમના વ્યક્તિગત ચારિત્ર્યના પતન સમાન બન્યો. મહમદની લગભગ પચાસ વર્ષની ઉંમરે ખાદીજાનું મૃત્યુ થયું અને એમ કહેવાય છે કે તેના મૃત્યુ પછી એમણે લગભગ અગિયાર પત્નીઓ સાથે લગ્ન કર્યાં.[૧૨] આમાંના કેટલાકને વિષે તો કુરાનમાં સ્પષ્ટીકરણ પણ અપાયું છે.

એમના એક દત્તક પુત્ર ઝૈદે જેની સાથે છૂટાછેડા કર્યા હતા એ ઝૈનબ નામની સ્ત્રી સાથે મહમદે લગ્ન કર્યું અને એ લગ્ન બરાબર હતું એ સૂચવવા તેમણે અલ્લાહની આજ્ઞાનું પ્રમાણ આપ્યું "જ્યારે દત્તક પુત્રોએ પોતાની સ્ત્રીઓ સાથે છૂટાછેડા લીધા હોય અને જો ધર્મિષ્ઠ પુરુષ તેમને પરણે તો તેમાં કોઈ અપરાધ થતો નથી. ઈશ્વરની આજ્ઞા તો પાળવી જોઈએ અને ઈશ્વરે પયગંબરને પરવાનગી આપી છે. એટલે પયગંબરને કોઈ જાતનો દોષ લાગતો નથી.[૧૩]

---

૧૦. રોડવેલ, ૨ : ૧૭૯, ૧૮૩

૧૧. એજ, ૨ : ૧૪૨, ૧૪૪

૧૨. આર. ઈ. હ્યુમ, ધી વર્લ્ડ'સ લિવિંગ રિલિજિયન્સ, ૧૯૫૫, પા. ૨૧૬

૧૩. રોડવેલ, ૩૩ : ૩૭–૩૮

પયગંબરે પોતાના અનુયાયીઓને ચાર સ્ત્રીઓ કરવાની આજ્ઞા આપી છે.[૧૪] પરંતુ પોતાને માટે ઈશ્વરે આપેલી આજ્ઞા આ રીતે રજૂ થઈ છે : "હે પયગંબર ! તમે જે સ્ત્રીઓ સાથે વિધિસર પરણ્યા છો તે અને લડાઈમાં અલ્લાહે તમને જે ગુલામો આપ્યા છે તે ભલે તમે રાખો. તમારા કાકાની પુત્રીઓ અને તમારી સાથે મદીના આવેલા તમારી કાકીની અને માસીની પુત્રીઓ તમે ભલે રાખો, અને જો તમારી ઇચ્છા થતી હોય તો ભલે કોઈપણ આસ્તિક સ્ત્રી સાથે તમે પરણો. આ હક્ક માત્ર તમારો છે, બીજા કોઈનો નહિ"[૧૫]

સત્તા પ્રાપ્તિ પછી આ ત્રણ ક્ષેત્રમાં થયેલા ફેરફારોનો ઉલ્લેખ એટલા માટે કરવો જરૂરી માન્યો છે કે ઇસ્લામના કેટલાક રીતરિવાજો અને ઇસ્લામના ઇતિહાસમાં નોંધાયેલા કેટલાંક ધર્મયુદ્ધો વિશેનો સુયોગ્ય ખ્યાલ પામી શકાય.

૨. ઇસ્લામધર્મના કેટલાક વિચારો :

ક. એકેશ્વરવાદ :

ઇસ્લામધર્મની સૌથી વધુ તરી આવતી વિશિષ્ટતા એનો એકેશ્વરવાદ છે. આ એકેશ્વરવાદનો વિચાર હિબ્રૂધર્મ અને ખ્રિસ્તીધર્મની અસરનું કેટલે અંશનું પરિણામ છે એ નિશ્ચિતપણે ન કહી શકાય, તોયે આ ધર્મના ઈશ્વર સ્વરૂપ વિષેના વિચારની, ઇસ્લામધર્મના એકેશ્વરવાદી વિચારમાં મોટી અસર છે એની ના પાડી શકાય નહિ. આમ છતાં, એક તરફે હિબ્રૂધર્મ, ખ્રિસ્તીધર્મ અને બીજી તરફે ઇસ્લામધર્મમાં મહત્ત્વનો તફાવત એ છે કે ઇસ્લામનો એકેશ્વરવાદ સાદો અને સમજપૂર્વક પ્રથમથી સ્વીકારાયેલ છે. વળી ઇસ્લામધર્મમાં વિવિધ ઈશ્વરવાદી ગૂંચવણોનો અભાવ છે. અનુયાયીની દૃષ્ટિએ એથી જ આ ધર્મ વધુ સ્વીકાર્ય બન્યો છે.

એકેશ્વરવાદનો સિદ્ધાંત ઇસ્લામનો સૌથી મુખ્ય અને મહત્ત્વનો સિદ્ધાંત છે. કુરાનમાં આ ઉપદેશ અનેકવાર કરવામાં આવ્યો છે. ઇસ્લામમાં ઈશ્વરને અલ્લાહના નામે સંબોધવામાં આવે છે. કુરાનના લગભગ પ્રત્યેક પ્રકરણની શરૂઆતમાં એક મંત્ર આવે છે. "બિસ્મિલ્લાહીર્રહમાનિરહીમ" જેનો અર્થ 'દયાળુ અને કૃપાસાગર અલ્લાહનાં નામમાં' એમ થાય છે.

---

૧૪. એજ, ૪ : ૩

૧૫. એજ, ૩૩ ; ૪૯, ૫૧

અલ્લાહનાં લક્ષણો કુરાનમાં આ પ્રકારે અપાયાં છે :

અલ્લાહ સર્વથા અદ્વિતીય છે.[૧૬]

અલ્લાહ સર્વદૃષ્ટા છે.[૧૭]

અલ્લાહ સર્વશ્રોતા છે.[૧૮]

અલ્લાહ સર્વવક્તા છે.[૧૯]

અલ્લાહ સર્વજ્ઞ છે.[૨૦]

અલ્લાહ સર્વકર્તા છે. તેમની સામે ન થઈ શકાય એવા અગમ્ય છે.[૨૧]

અલ્લાહ સર્વ શક્તિમાન છે.[૨૨]

ખ. મંદિર-કરણનો અભાવ :

પ્રત્યેક ધર્મની જેમ ઇસ્લામમાં પણ પ્રાર્થનાસ્થાન તો છે જ. ઇસ્લામમાં એને મસ્જિદ તરીકે ઓળખવામાં આવે છે. અન્ય ધર્મોના મંદિર વિશે એમ કહી શકાય કે મંદિર એ પ્રાર્થનાનું એક સ્થાન હોવા છતાં એની સાથે બીજી અનેક વિધિઓ અને ક્રિયાઓ સંકળાયેલી છે. જેમ કે, મંદિરમાં એક યા અનેક દેવની મૂર્તિ કે ચિત્ર કે કોઈ સંજ્ઞા હોય, એની પૂજા-વિધિ ધર્માનુયાયી કોઈ કોઈ ઠેકાણે પોતે જ કરી લે એમ હોય, તો કોઈ સ્થાનોએ ધર્માનુયાયીને એવી છૂટ ન અપાતા એને બદલે અને એને તરફે પુરોહિત વર્ગ આવી પૂજા કરતો હોય, નૈવેદ્ય, પ્રસાદ, આરતી, ભેટ વગેરેની વિધિ હોય અને એ બધામાંથી પસાર થવાને માટેની એક નિશ્ચિત પ્રકારની વ્યવસ્થા હોય, એ સમગ્રને મંદિરીકરણ તરીકે ઓળખાવી શકાય.

પ્રત્યેક ધર્મના પ્રત્યેક મંદિર માટે આવું મંદિરીકરણ હોય જ છે એવું નથી, પરંતુ જ્યાં જ્યાં મંદિર, ધર્મવ્યવસ્થાનું અંગ બન્યું છે, અને જ્યાં જ્યાં ધર્મસંચાલનનું કાર્ય મંદિર-વ્યવસ્થા મારફત થાય છે, ત્યાં ત્યાં મંદિરીકરણની છાપ સ્પષ્ટ રીતે ઊઠે છે. વૈષ્ણવ મંદિરો તથા વૈષ્ણવ સંપ્રદાયનાં મંદિરોને આના ઉદાહરણો તરીકે લઈ શકાય.

---

૧૬. રોડવેલ, ૩ : ૧, ૪, ૧૬; ૧૬ : ૧-૩; ૨૧ : ૨૨; ૧૧૨ : ૧-૪

૧૭. એજ, ૬ : ૫૯, ૧૦૩; ૧૮ : ૨૫

૧૮. એજ, ૨ : ૨૫૭; ૪૪ : ૫

૧૯. એજ, ૧૮ : ૧૦૯; ૩૧ : ૨૬

૨૦. એજ, ૨ : ૨૭; ૬ : ૫૮, ૫૮ : ૭-૮

૨૧. એજ, ૬ : ૩૫; ૧૩ : ૩૩; ૧૬ : ૨, ૯; ૭૬ : ૩૧

૨૨. એજ, ૨ : ૧૯; ૩ : ૧૫૯; ૧૫૫ : ૧૬-૧૭

મસ્જિદ એ મુસલમાનોનું પ્રાર્થનાઘર છે. એમાં મુસલમાનો કુરાન વાંચવા બેસે છે અને એ પવિત્ર સ્થાનની સ્વચ્છતા અને શાંતિ ખૂબ પ્રશંસનીય હોય છે. એ મસ્જિદમાં કોઈ મૂર્તિઓ હોતી નથી, કોઈ ચિત્રો હોતાં નથી કે નથી હોતી કોઈ આકૃતિ. મસ્જિદની દીવાલો ઉપર કુરાનનાં સૂત્રો આલેખાયેલ જોવા મળે છે. આમ, મુસ્લિમ–મસ્જિદ સંપૂર્ણપણે ધાર્મિક વાતાવરણ ધરે છે. પુરોહિત વર્ગનો ત્યાં અભાવ છે. એટલું જ નહિ પરંતુ મસ્જિદના દ્વારમાં પ્રવેશ્યા પછી કોઈ ઊંચો નથી કે કોઈ નીચો નથી, કોઈ તવંગર નથી કે કોઈ ગરીબ નથી. પ્રભુના દરબારમાં સંપૂર્ણ સમાનતા અને શિસ્ત પ્રવર્તતી હોય એવી રીતે મસ્જિદની નમાઝ પઢવામાં આવે છે. આના અનુસંધાનમાં જ મુસ્લિમ ધર્મની વિશિષ્ટતાની સાથે સંકળાયેલ બીજી એક વિશિષ્ટતાનો પણ ઉલ્લેખ કરી લઈએ.

ગ. સર્વસમાનતા :

ખ્રિસ્તીધર્મમાં ઈશ્વરના સામ્રાજ્યની વાત આપણે કરી. બૌદ્ધધર્મમાં, માનવ સમાનતાનો વિચાર રજૂ થયો. આ બંને વિચારોનો સમન્વય ઇસ્લામમાં એક ઈશ્વરના સ્વીકારથી અને બિરાદરીની ભાવનાથી થયેલો છે. કોઈપણ જાતના ભેદભાવ વિના અલ્લાહની સમક્ષ સર્વ એકસમાન છે, એ ભાવ આ ધર્મમાં ભારપૂર્વક રજૂ થયો છે, તેમ જ તેમના સામાન્ય રોજિંદા જીવનમાં પણ જોવા મળે છે. બધા એકસાથે બેસી ભોજન લે તેમ જ કોઈપણ મૃતદેહની અંતિમ મંજિલની યાત્રામાં ખાંધ આપવાની પ્રબળ ભાવના એક બિરાદરીના ખ્યાલ વિના શી રીતે સંભવી શકે ?

પરંતુ આવી બિરાદરીની ભાવના માત્ર ધર્મપંથીઓ પૂરતી જ મર્યાદિત રહી છે. હિબ્રૂધર્મીઓ સાથેના શરૂઆતના પ્રેમભર્યા વર્તાવ છતાં તેમની સાથે પાછળથી થયેલો વર્તાવ આના ઉદાહરણ તરીકે ટાંકી શકાય. કુરાનમાં સ્વીકારાયેલ અઠ્ઠાવીસ પયગંબરોમાંથી આદમ, ઇનોક, અબ્રાહમ, આઈઝેક, જેકબ, મોઝીઝ, ડેવિડ, સોલોમન, એલિજા, ઇલીશ વગેરે તો હિબ્રૂધર્મના હોવા છતાં પણ આમ બન્યું છે. એ જ રીતે ખ્રિસ્તીધર્મના ઝેક હરિઆહ, બેપ્ટિસ્ટ જહોન અને જિસસનો સમાવેશ થવા છતાં ખ્રિસ્તીધર્મીઓને અલગ વર્ગ તરીકે સ્વીકારી તેમની સાથે ઇસ્લામે બિરાદરી જાળવી હોય એવું ઇતિહાસના પાને નોંધાયું નથી. જે ધર્મના પયગંબરોને પોતાના ધર્મશાસ્ત્રમાં મહમદ પૂર્વે થયેલા પયગંબરો તરીકે સ્થાન અપાયું હોય એમના ધર્મના અનુયાયીઓ સાથે જો આમ હોય તો અન્ય ધર્મોના અનુયાયીઓએ સાથે બિરાદરીની આશા શી રીતે રાખી શકાય ?

ઘ. ધાર્મિકજીવન અને વિધિની સરળતા :

કુરાનમાં ધાર્મિકજીવન વિશેના સરળ પરંતુ સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યા છે, એ જ પ્રમાણે મક્કાની તીર્થયાત્રા વિશે પણ સ્પષ્ટતાપૂર્વક આદેશ અપાયેલો છે. પોતાના મૃત્યુ પછી પોતાના અનુયાયીઓ પોતાને ઈશ્વરસ્થાને સ્થાપી ન દે એ માટે મહમદે કાળજીભરી સંભાળ રાખી છે. આવી કાળજી રાખવા માટે કદાચ એમની સમક્ષ જૈનધર્મ અને બૌદ્ધધર્મના સ્થાપકોના પ્રભુસ્વરૂપે સ્થાપવાના અને સ્વીકારવાના દાખલાઓ પ્રત્યક્ષ મોજૂદ હતા.

પોતે માત્ર ઈશ્વરના એક દૂત છે અને એથી વિશેષ કંઈ નહિ એમ એમણે ખૂબ સ્પષ્ટતાપૂર્વક જાહેર કરેલું છે. "હું તો અલ્લાહે મોકલેલો એક શિષ્ય છું."[૨૩] તથા "હું તો સ્પષ્ટ બોલીને ચેતવણી આપનાર છું."[૨૪] આમ મહમદે પોતાને અલ્લાહના સ્પષ્ટ વક્તા શિષ્ય તરીકે જ ઓળખાવ્યા છે.

વળી અલ્લાહ મહાન છે અને એ જ સર્વકર્તા છે અને એમનામાં જ વિશ્વાસ રાખવો જોઈએ એવી પણ વાત એમણે કરી છે. એમણે કહ્યું છે : "અલ્લાહ જ મારો સહાયક છે. તેમનામાં મને વિશ્વાસ છે અને તેમના તરફ જ હું નજર રાખું છું."[૨૫] વળી પોતાના અનુયાયીઓને અલ્લાહ ઉપર વિશ્વાસ રાખવાનું કહેતાં કહે છે: "અલ્લાહ ઉપર વિશ્વાસ રાખો, અલ્લાહ રક્ષણ કરવાને સમર્થ છે."[૨૬] અલ્લાહ પ્રત્યેક અનુયાયીની કેટલા સમીપ છે તે એમના આ કથનમાંથી સ્પષ્ટ થાય છે : ખરેખર જે લોકોને ધર્મ પર શ્રદ્ધા છે અને જે ઘરનો ત્યાગ કરીને અલ્લાહના કામમાં પોતાની મિલકત વાપરે છે અને જે પયગંબરને અનુસરે છે તે બધા એકમેકની પાસે છે.[૨૭]

આમ, મહમદની અંત સમયની પ્રાર્થના તો એ સ્પષ્ટ રીતે કહી જાય છે કે મહમદ અલ્લાહ પાસે જઈ રહ્યા છે અને એથી મહમદ પોતે અલ્લાહ નથી. એમની છેલ્લી પ્રાર્થના હતી : હે ખુદા! મને ક્ષમા આપો. હું ઊંચે જાઉં છું ત્યાં મારી સાથે આવો. સ્વર્ગમાં અમરતા આપો, ક્ષમા આપો, ઊંચે મારી સાથે તમે રહો.[૨૮]

---

૨૩. રોડવેલ, ૩ : ૧૮
૨૪. એજ, ૧૫ : ૮૯
૨૫. એજ, ૧૧ : ૯૦
૨૬. એજ, ૪ : ૮૩; ૩૩ : ૩
૨૭. રોડવેલ, ૮ : ૭૩
૨૮ મ્યૂર, ધી લાઈફ ઓફ મહમદ, પા. ૪૯૪.

આમ પોતાના ધર્મ અનુયાયીઓ પોતાને ઈશ્વર સ્થાને ન સ્થાપી દે એ માટે તેઓ કેટલા સંજોગ હતા એનો ખ્યાલ આપણે પામી શકીએ છીએ. એટલું જ નહિ પરંતુ આ ઉપરથી એમની એકેશ્વરવાદની ભાવના કેટલી તીવ્ર હતી એનો પણ ખ્યાલ આવે છે.

ચ. પ્રાર્થનાવિધિ :

મહમદે સ્થાપેલ ધર્મને કેટલાક વિચારકો એમના નામ પાછળ એને 'મોહમેડીનીઝમ' તરીકે ઓળખાવે છે. પરંતુ એ ધર્મના હાર્દ પ્રમાણે એ ધર્મ માટે વપરાતો શબ્દ 'ઇસ્લામ' વધારે સુયોગ્ય છે. કારણકે આ ધર્મનું હાર્દ પ્રત્યેક વ્યક્તિએ જગતના બાદશાહના શરણે જવાનું છે એ આદેશમાં રહેલું છે. ઇસ્લામનો અર્થ થાય છે અલ્લાહને શરણે જવું. મહમદના ધર્મના અનુયાયીઓને મુસ્લિમ તરીકે ઓળખાવાય છે અને એનો અર્થ થાય છે 'જેઓ શરણે જાય છે.'

આમ, ઇસ્લામધર્મમાં શરણાગતિ મહત્ત્વની બને છે. વ્યક્તિ અલ્લાહની શરણાગતિ સ્વીકારી એની સમીપ રહે એ રીતનું મુસ્લિમ ધાર્મિકજીવન વિચારાયું છે અને ઉપદેશાયું છે. તે અનુસાર પ્રત્યેક સાચા મુસલમાને દિવસમાં પાંચ વખત પ્રાર્થના કરવાની છે. પ્રાર્થનાના સમયે મસ્જિદમાંથી બાંગી બાંગ પુકારે છે અને પ્રત્યેક મુસલમાન પ્રાર્થનાને માટે મસ્જિદ તરફ પ્રયાણ કરે છે. જે કોઈ મસ્જિદમાં પ્રાર્થના માટે ન જઈ શકે તે પોતે જ્યાં હોય ત્યાં પ્રાર્થનાને સમયે પ્રાર્થના કરી લે છે. આ પ્રાર્થનાવિધિને સલાટ તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રાર્થનાના પાંચ સમય નીચે મુજબ છે :

ક. સૂર્યોદય પહેલાં

ખ. મધ્યાહ્ન પછી

ગ. સૂર્યાસ્ત પહેલાં

ઘ. સૂર્યાસ્ત પછી

ચ. રાત્રીના પ્રારંભ પહેલાં

પ્રાર્થનાના આ રીતના વિવિધ સમય રાખવાનું મુખ્ય પ્રયોજન એ લાગે છે કે ધર્મ અનુયાયીનું મન આખા દિવસમાં કદીયે અલ્લાહથી વિમુખ ન બને.

અલ્લાહમય જીવનની આ યોગ્ય તૈયારી છે. પરંતુ દિવસની આ પાંચ પ્રાર્થનાઓ ઇસ્લામધર્મના અનુયાયીને માટે યોજવાનું શું પ્રયોજન હોઈ શકે? આ પ્રયોજન સમજાવતા બોકે[૨૯] કહે છેઃ આ પ્રાર્થનાઓ મનોવૈજ્ઞાનિક કલાથી ઘડવામાં આવી છે અને એના સરખો સમીપ પ્રકાર યોગ પદ્ધતિનાં વિવિધ આસનોમાં જોવા મળે છે

મુસ્લિમ પ્રાર્થનામાં જે આસનો અખત્યાર થાય છે તેમ જ જે શબ્દો બોલાય છે તેની સમજ પણ તેમણે આપી છે. પ્રાર્થનાનો પ્રત્યેક સંપૂર્ણ વિભાગ–રા'કા તરીકે ઓળખાય છે અને ભક્તિની આઠ જુદી જુદી ક્રિયાનો સમાવેશ કરે છે.

પ્રથમ આસનમાં અનુયાયી સીધો ઊભો રહે છે. એની હથેળીઓ એના કાન સુધી ઊંચી ધરે છે. આમ ઊભા રહીને એ કેટલીક પ્રાર્થના કરે છે અને દૈવી અલ્લાહનો આભાર માનતા કહે છેઃ 'બીજા સર્વ કરતાં અલ્લાહ મહાન છે.'

બીજા આસનમાં અનુયાયી ઊભો જ રહે છે અને એના બંને હાથ નીચા રાખીને એના ડાબા હાથ પર એનો જમણો હાથ રાખે છે અને પછી બોલે છેઃ 'હે અલ્લાહ! તમારો વિજય હો. આપનું નામ પવિત્ર છે અને આપની સત્તા મહાન છે. આપના સિવાય અન્ય કોઈ સેવા કે પ્રાર્થના કરવાને પાત્ર નથી.' અને પછી કહે છે બીજા સર્વ કરતા અલ્લાહ મહાન છે.

ત્રીજા આસનમાં શરીર આગળના ભાગે કાટખૂણે વાળવામાં આવે છે અને હાથ ઘૂંટણ ઉપર ટેકવવામાં આવે છે અને જેટલી વખત આવી રીતે નમવામાં આવે તેટલી વખત અનુયાયી કહે છે 'હે શ્રેષ્ઠ અલ્લાહ! તારો જય હો.'

ચોથા આસનમાં અનુયાયી વળી પાછો ઊભો થાય છે અને કહે છે : 'અલ્લાહ તેનો સ્વીકાર કરે છે, જે અલ્લાહ તરફ કૃતજ્ઞ છે. એ અમારા અલ્લાહ! તમોને અમારા પ્રણામ. બીજા સર્વ કરતાં અલ્લાહ મહાન છે.'

પાંચમા આસનમાં અનુયાયી પોતાના ઘૂંટણ પર પડે છે અને એની હથેળીનો જમીન પર આશ્રય લઈ એનું શીશ ભૂમિને અડકાડે છે. આ આસનમાં અનુયાયી ત્રણ વેળા કહે છેઃ "અલ્લાહ! સર્વ શ્રેષ્ઠ તારો જય હો. બીજા સર્વ કરતાં અલ્લાહ મહાન છે."

છઠ્ઠા આસનમાં અનુયાયી બેસીને ઘૂંટણિયે પડે છે અને એના હાથ કોણી પર ટેકવાયેલા છે અને ઉપર મુજબની જ પ્રાર્થના કરે છે.

---

૨૯. બોકે, એ. સી., કમ્પેરેટિવ રિલિજિયન, પેન્ગ્વિન, ૧૯૬૭, પા. ૨૮૫.

આસન સાત અને આઠ એ ઉપરના આસન પાંચ અને છનું જ પુનરાવર્તન છે અને એ જ પ્રાર્થના કરવામાં આવે છે.

આમ રા'કા સંપૂર્ણ થાય છે અને પ્રત્યેક પ્રાર્થના બે, ત્રણ કે ચાર રા'કાની હોય છે. આટલું થયા પછી છેવટે પયગંબરને એક પ્રાર્થના થાય છે, તે જ પ્રમાણે ધર્મના સાચા અનુયાયી માટે અને હાજર રહેલા સમુદાય માટે પ્રાર્થના થાય છે અને પાપની ક્ષમાયાચનાની પ્રાર્થના કરવામાં આવે છે. છેવટે એક વખત ડાબી તરફ અને બીજી વખત જમણી તરફ વાંકા વળીને કહે છે : "તમોને શાંતિ હો અને અલ્લાહની કૃપા હો." એમ મનાય છે કે અદૃશ્ય એવા બે ફિરસ્તાઓ ત્યાં હાજર હોય છે અને તેઓ બધી નોંધ રાખતા હોય છે.

આ પ્રાર્થનાઓ વિશે એક મહત્ત્વની વાત એ નોંધવી જોઈએ કે એ પ્રાર્થનાઓમાં કોઈપણ પ્રકારની માગણી કે ઇચ્છા કે તૃષ્ણા રજૂ થતી નથી અને એ જ એના સ્તરનો ખ્યાલ આપે છે. અલ્લાહ પાસે માત્ર એક જ માગણી કરવામાં આવે છે—ક્ષમાયાચનાની અને દોરવણીની.

બીજી એક વાત એ પણ નોંધવી જોઈએ કે પ્રાર્થના કરતી વેળા વ્યક્તિ અલ્લાહની સમીપ જાય છે એથી સંપૂર્ણપણે પવિત્ર હોવી જોઈએ. મદિરા–ત્યાગ કે સ્ત્રી–સમાગમથી અલિપ્ત રહેવાની વાત આ ધર્મમાં ભારપૂર્વક કરવામાં આવતી નથી તોયે એ તો સ્પષ્ટ રીતે કહેવાયું છે કે[૩૦] "તમે જ્યારે દારૂ પીધો હોય ત્યારે તમારે પ્રાર્થના કરવા જવું નહિ, પરંતુ તમારે પ્રાર્થના ત્યારે જરૂરથી કરવી જોઈએ જ્યારે તમે જે કંઈ પ્રાર્થનામાં બોલો છો તે તમે સમજી શકો. વળી કોઈપણ સ્ત્રીના સ્પર્શથી તમે અપવિત્ર થયા હોય ત્યારે તમારે પ્રાર્થના કરવા જવું નહિ."

પ્રત્યેક રા'કા દરેક પ્રાર્થના સમયે બે, ત્રણ કે ચાર વેળા કહેવાતી હોય અને દર થોડા સમયે દિનભર પ્રાર્થના થતી રહેતી હોય તો અનુયાયીનું મન અને હૃદય અલ્લાહ–આસક્ત રહે એમાં શું આશ્ચર્ય ! સામાન્ય રીતે એ સ્વીકારાયું છે કે ચિત્તની એકાગ્રતા મુશ્કેલ છે અને લાંબા સમય માટેની એકાગ્રતા સવિશેષ મુશ્કેલ છે. ત્યારે આ પ્રકારની થોડા થોડા સમયને અંતરે ઈશ્વરની સતત યાદ આપતી ગોઠવણ ખરેખર ધર્મજીવન આચરવામાં સહાયરૂપ થાય છે.

---

૩૦ રોડવેલ, ૪ : ૪૬

લગભગ પ્રત્યેક ધર્મમાં આવી પ્રાર્થના-વિધિ હોય છે. હિંદુધર્મમાં ત્રિકાલ સંધ્યાનો આપણે ઉલ્લેખ કર્યો છે. પ્રત્યેક સંધ્યામાં આચરવાની વિધિની પણ આપણે વાત કરી છે અને મુસ્લિમ પ્રાર્થના-વિધિ અને હિંદુ પ્રાર્થના-વિધિમાં કેટલુંક સામ્ય લાગશે. આમ છતાં, એક બાબતની અહીંયાં રજૂઆત કરવી જરૂરી છે. ઇસ્લામમાં સમાધિના વિચારનો સ્વીકાર થયેલો નથી. હિંદુધર્મમાં પ્રાર્થનાનું અંતિમ લક્ષ્ય તો સમાધિ છે. ઈશ્વરની સમીપ રહેવું, એનાથી દૂર ન થવું એ એક વાત છે અને ઈશ્વરમય થવું, એની સાથે એકરૂપ થવું એ બીજી વાત છે. ઈશ્વર સાનિધ્ય એ ઇસ્લામ પ્રાર્થનાનું લક્ષ્ય છે, હિંદુ પ્રાર્થનાનું લક્ષ્ય છે ઈશ્વર સામંજસ્ય અથવા ઈશ્વર એકાકાર.

પ્રત્યેક સાચા મુસલમાને દિવસમાં પાંચ વેળા પ્રાર્થના કરવી જોઈએ એ ઇસ્લામ-ધર્મના ધર્મજીવન માટેના આદેશ ઉપરાંત, ધર્મજીવનના વિકાસ માટેના એમાં બીજા પણ એટલા જ સરળ પ્રકારના આદેશો અપાયેલા છે. એ અનુસાર પ્રત્યેક મુસલમાન નીચે મુજબનું ધર્મજીવન આચરે એવી આકાંક્ષા સેવવામાં આવે છે.

એક, કલિમા :

લાએલાહા ઈલ્લલ્લૂ લાહો
મહમદુર્રૂ રસુલુલલાહ્[૩૧]

ઇસ્લામનો આ સિદ્ધાંત મંત્ર છે. એનો અર્થ થાય છે : અલ્લાહ વિના બીજો કોઈ ઈશ્વર નથી અને મહમદ અલ્લાહનો પયગંબર છે. આ મંત્રનું રટણ પ્રત્યેક મુસલમાને હરદિન કરવું જોઈએ.

બે, ઝકાત :

ગરીબોને દાન આપવું. પ્રત્યેક સાચા મુસલમાનને કુરાનમાં દાન આપવાની ફરજ પાડવામાં આવી છે.[૩૨] આટલું જ નહિ પરંતુ જે કોઈ પ્રથમ વેળા ઇસ્લામ-ધર્મ અંગીકાર કરે તેણે એક પ્રકારનો કર પણ આપવાનો હોય છે.[૩૩] આટલું જ નહિ પરંતુ આ અંગે કહેવાયું છે : "જ્યારે તમે લડાઈમાંથી કંઈ પણ લૂંટી

૩૧ આ મંત્ર કુરાનમાં એક સાથે નહિ પણ જુદા જુદા ભાગમાં જોવામાં આવે છે. ૪૭ : ૨૧ તથા ૪૮ : ૨૯

૩૨ રોડવેલ, ૨ : ૪૦; ૬૪ : ૧૬; ૫૮ : ૪

૩૩ એજ, ૯ : ૫, ૧૧

લાવો ત્યારે તેનો પાંચમો ભાગ અલ્લાહને, પયગંબરને, પાસેના સગાંઓને, અનાથોને, ગરીબને અને વટેમાર્ગુઓને આપવો.[૩૪]

ત્રણ, હજ :

પ્રત્યેક મુસલમાન જીવનમાં ઓછામાં ઓછા એક વેળા મક્કાની જનત્રાએ જાય અને ત્યાંની મસ્જિદની પ્રદક્ષિણા કરી કાબાને ચુંબન કરે એવો આદેશ અપાયેલો છે. આ યાત્રાને હજયાત્રા તરીકે ઓળખાવાય છે. વળી, એવો અપવાદ પણ મૂકવામાં આવ્યો છે કે જે કોઈ અનુયાયી પોતે હજ કરી શકે એમ ન હોય તેણે પોતાને બદલે બીજા કોઈને આ કામ માટે મોકલવો. હજયાત્રા ચંદ્રમાસમાં અમુક વિધિઓ અનુસાર કરવાની હોય છે.[૩૫]

ચાર, ઉપવાસ :

રમજાન મહિનામાં જિબ્રાઇલે મહમદને કુરાનનો સંદેશ આપ્યો હતો. આ પવિત્ર મહિનો તપનો સૂચક છે અને એથી આ મહિનામાં ઉપવાસ કરવાનો આદેશ અપાયેલ છે. હે આસ્તિક લોકો, તમારે રમજાન માસમાં ઉપવાસ કરવાનો છે. જ્યારે તમારામાંનો કોઈપણ રમજાન માસના પ્રથમ ચંદ્રના દર્શન કરે કે તરત જ ઉપવાસ શરૂ કરજો અને આખા રમજાન માસ દરમ્યાન દરરોજ પ્રાતઃકાળે અંધકારમાંથી જરાક પ્રકાશ નીકળે ત્યાંથી રાત્રી પડે ત્યાં સુધી સખત ઉપવાસ કરો. રાત્રીથી પ્રાતઃકાળ સુધી ખાનપાન કરો.[૩૬]

ઉપરની ચાર વિધિઓ ઉપરાંત પાંચમી પ્રાર્થના વિધિ સલાટ તરીકે ઓળખાવાય છે. એની વિચારણા આપણે આગળ કરી લીધી છે. આ પાંચને કેટલાક વિચારકો ઇસ્લામના સ્થંભ તરીકે પણ ઓળખાવે છે.

પાંચ, જેહાદ :

ઇસ્લામમાં ધર્મ માટે હિંસા આચરવાનું કે લડાઈ કરવાનું અને જાન અર્પણ કરવાનું પણ કહેવાયું છે. આથી કેટલાક વિચારકો ઇસ્લામની પાંચ ફરજિયાત વિધિઓમાં, છઠ્ઠી વિધિ તરીકે જેહાદનો પણ સમાવેશ કરે છે.

---

૩૪ એજ, ૧ : ૪૨

૩૫ એજ, ૨ : ૧૮૫, ૧૯૩–૧૯૯

૩૬ રોડવેલ, ૨ : ૧૭૯–૧૮૩

ઉપર આલેખાયેલ મહમદના જીવનના પ્રસંગો પરથી એ સ્પષ્ટ થશે કે મદીનાના યહૂદીઓએ, મહમદ હીજરત કરીને મદીના ગયા ત્યારે એમનો વિરોધ કર્યો ન હતો, પરંતુ જ્યારે તેમણે મહમદની સત્તા સ્વીકારવાનો ઇન્કાર કર્યો ત્યારે મહમદે તેમની સામે હિંસા આચરી. એ જ પ્રમાણે એમની સત્તાનો ઇન્કાર કરનાર મક્કાના રહેવાસીઓ તથા કોરસ જાતિ ઉપર પણ મહમદે વેર લીધું. ધર્મના ફેલાવા માટે અને બિનધર્મીઓને કનડવા માટે મહમદે સ્પષ્ટ આદેશો આપ્યાં. એમણે કહ્યું : "તમે યુદ્ધ કરો જેથી કોઈ જાતનું તોફાન થાય નહિ અને બધે અલ્લાહનો ધર્મ ફેલાય."[૩૭]

વધુમાં એમણે કહ્યું, "જેઓ અલ્લાહને માનતા નથી તેમની સાથે યુદ્ધ કરો અને જ્યાં સુધી તેઓ પોતાના હાથથી ખંડણી નહિ આપે અને દીન નહિ બને ત્યાં સુધી તેમની સાથે યુદ્ધ ચાલુ રાખો."[૩૮] એટલું જ નહિ પરંતુ જે મુસલમાન નથી તે નાસ્તિક છે તથા દંભી છે. માટે એની સામે ભીષણ યુદ્ધ કરવાનો અને તેમના પ્રત્યે કડકાઈ રાખવાનો આદેશ પણ એમણે આપ્યો.[૩૯] ધર્મને માટે યુદ્ધ કરવાનો પોતાના અનુયાયીઓને આદેશ આપીને તેઓ એવા ધર્મયુદ્ધ માટે તૈયાર થાય અને એમાં રચ્યા રહે તથા એમ કરતાં જીવનનો ભોગ આપવો પડે તો તે આપતાં પણ ખંચકાય નહિ એ માટે એમણે કહ્યું : "જે લોકો અલ્લાહના નિમિત્તે લડે છે તેઓને અલ્લાહ ચાહે છે."[૪૦]

આમ, એક જ અલ્લાહનો સ્વીકાર, મહમદ તેના પયગંબર છે એવી માન્યતા અને કુરાનમાં આદેશાયેલ અલ્લાહ સમીપ રહેવાને માટે એમને શરણે જઈ તે અનુસારનું આચરણ એ ઇસ્લામધર્મની વિશિષ્ટતાઓમાં સમાયેલ છે.

૩. ધર્મશાસ્ત્ર :

મુસલમાનોનું ધર્મશાસ્ત્ર કુરાન છે. કુરાન એટલે જે બોલાયું છે કે ગવાયું છે તે. મુખ્યત્વે કરીને મહમદે વખતો વખત ઉપદેશો આપ્યા અને એમણે જે જે કંઈક ઉદ્‌બોધ જગતની સાર્વત્રિક સત્તાની પ્રેરણાથી કર્યો તે કુરાનમાં સમાવિષ્ટ થયેલા છે. કુરાનમાં એવો ઉલ્લેખ છે કે[૪૧] જગતના લોકોને અલ્લાહે જે ગ્રંથો આપ્યા છે તેમાં

૩૭ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૬ : ૧૬૭

૩૮ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૬ : ૧૭૬–૧૭૭

૩૯ એજ, ૬ : ૨૬૨

૪૦ એજ, ૬ : ૨૮૧

૪૧ રોડવેલ, ૨૬ : ૪૫; ૪૨ : ૧૪

મોઝીઝને હિબ્રૂ તોરાહ, ડેવિડને ઝાબૂર (પ્રાર્થનાઓ), જિસસને ઇન્જિલ (ઉપદેશ) અને મહમદને કુરાન આપ્યું છે.

કુરાનમાં અલ્લાહ મહમદની સાથે વાતો કરતા હોય છે અને કેટલીક વખત મહમદને પોતાના પ્રતિનિધિ તરીકે બોલાવતા હોય એ રીતની રજૂઆત છે. કુરાન વિશેની રોડવેલની તેમ જ રિચાર્ડ બેલની માન્યતાઓ અંગે આપણે અહીં થોડી વિચારણા કરીશું. પરંતુ તે પહેલાં સામાન્ય સ્વરૂપની થોડી વાતો કરી લઈએ.

કુરાનના ઉપદેશ પરથી એમ લાગે છે કે એમાં પ્રાપ્ત થતી બાબતો એક કરતાં વધારે સ્થાનેથી મેળવાયેલ છે. જેમ કે કેટલીક બાબતો અરબી રૂઢિ માન્યતાઓમાંથી અને અરબી લોકકથાઓમાંથી પ્રાપ્ત થયેલ હોય; અને એ જ પ્રમાણે રાક્ષસો, દેવદૂતો, છેલ્લા ન્યાયનો દિવસ અને પુનરુત્થાનના વિચારો જરથુસ્ત-ધર્મમાંથી પ્રાપ્ત થયા હોય; એ જ પ્રમાણે યહૂદીઓના જૂના કરારની કેટલીક વાતો પણ કુરાનમાં સમાવિષ્ટ છે; એ જ પ્રમાણે ખ્રિસ્તીધર્મના મસીયાહ તેમ જ જિસસ ક્રાઇસ્ટના ઉલ્લેખો પણ પ્રાપ્ત છે.

કુરાનનાં પ્રકરણોની ગોઠવણીનો સિદ્ધાંત વિસ્મયકારક છે. કારણ કે પ્રકરણોની ગોઠવણી તેમના કદ આધારે થઈ હોય એમ લાગે છે. ૨૮૬ આયાતો ધરાવતું સૌથી લાંબું પ્રકરણ શરૂઆતમાં છે અને એ ક્રમ અનુસાર છેવટના પ્રકરણમાં માત્ર ત્રણ આયાતો છે.

મહમદ મદીના ગયા અને ત્યાં જે સમય પસાર કર્યો તે એમના જીવનનો શ્રેષ્ઠ કાળ છે. એ સમયે એમણે એમનો બોધ ટૂંકાં સૂત્રોમાં આપ્યો. એ સૂત્રોનો પણ કુરાનમાં સમાવેશ થયેલો છે. એ ગાળાના એમના ઉદ્ગ્રોધો એકેશ્વરવાદની ભાવનાથી ઓતપ્રોત થયેલા છે અને એક અલ્લાહના એમણે રજૂ કરેલા વિચાર, તેમ જ અલ્લાહના એક શિષ્ય તરીકે પોતે છે, એ વિચારો એમણે રજૂ કર્યા, તેનો ઉલ્લેખ આપણે ઉપર કરેલો છે.

મહમદ જ્યારે મદીના પહોંચ્યા ત્યારે આરબ, ખ્રિસ્તી અને જ્યૂ ધર્મના અનુયાયીઓએ એમને પ્રશ્ન કર્યો, "તમો અમોને શું શીખવવા ઇચ્છો છો?" અને મહમદે જવાબ આપ્યો, "મારે તમને એ શીખવવું છે કે તમે અલ્લાહમાં માનો. અલ્લાહના દેવત્વ અને એના સત્યપણામાં માનો અને સમસ્ત માનવજાતને અલ્લાહે જે દૈવીદર્શન દીધાં છે એમાં તમે માનો. હું એમ ઇચ્છું છું કે તમે એમ માનો કે અલ્લાહનો પ્રત્યેક દૂત હંમેશાં સાચો સંદેશ લાવ્યો છે. હું નથી ઇચ્છતો કે તમે મને અલ્લાહ તરીકે સ્વીકારો. હું તો તમારા જેવો જ એક માનવી

છું. હું પતનને પાત્ર છું. હું ઇચ્છું છું કે તમે ગરીબ અને નબળા લોકો તરફ દયાભાવ રાખો. હું એ પણ ઇચ્છું છું કે તમારા વિચાર અને આચારમાં તમે નિર્મળ રહો. "૪૨

આ ઉપરથી સ્પષ્ટ થશે કે મહમદ મદીના હતા એ સમયે એમણે કયા પ્રકારનો ઉપદેશ આપ્યો છે. પોતે આચાર્ય હોવાનો, સંપૂર્ણ હોવાનો, કે અલ્લાહ હોવાનો કદીયે દાવો કર્યો નથી. એટલું જ નહિ પરંતુ એમણે પોતાને સર્વ માનવીઓની જેમ એક સામાન્ય માનવી તરીકે ગણાવી પતનને પાત્ર પણ ગણ્યા છે. એની સાથે જ જેમને જેમને ઈશ્વરનો સંદેશ પ્રાપ્ત થયો છે એ બધાને સાચો જ સંદેશ પ્રાપ્ત થયો એમ પણ જણાવ્યું. પરંતુ કુરાનમાં આ જ બાબતો સુસંગત રીતે તથા એકધારી રીતે રજૂઆત પામી નથી. એમાં રજૂ થયેલા વિવિધ વિચારો મહમદના આ શબ્દોની સાથે કઈ રીતે સુસંગત થઈ શકે એ કોયડા સમાન છે. એ કોયડો બે સંભવિત રીતે ઉકલી શકે. એક તો, એમ માનીને કે મહમદનું મદીનાના વસવાટ દરમ્યાનનું સ્વરૂપ પછીથી પલટાયું; અને બીજું, એમ માનીને કે કુરાનમાં સમાવિષ્ટ બધાંયે સૂત્રો મહમદનાં નથી અને જે સૂત્રો મહમદનાં છે તે પણ મહમદે રજૂ કર્યાં તે રીતે નહિ પરંતુ એમના અનુયાયીઓ જે રીતે સમજ્યા તે રીતે રજૂઆત પામ્યાં છે.

આને અનુલક્ષીને કુરાન વિશે અપાયેલ બે વિચારણાઓ આપણે જોઈએ.

ક. રોડવેલનો મત :

રોડવેલના મતાનુસાર કુરાન મહમદના જીવનકાળ દરમ્યાન તૈયાર થયેલો ગ્રંથ નથી. મહમદના મૃત્યુ પછી—લગભગ એક વર્ષ પછી અબુબકરે ઉમરના સૂચનથી મહમદના આદેશોને એકત્ર કરવાનું કામ હાથ ધર્યું. આ કાર્ય તેમણે મદીનાના એક અનુયાયી ઝેદ ઇબ્ન થેબેટને અર્પણ કર્યું. એમણે ખજૂરીના પાન પર લખાયેલ સામગ્રીમાંથી, શિલાલેખોમાંથી અને માનવસ્મૃતિમાંથી જે કંઈ પ્રાપ્ત થયું એ બધું એકત્રિત કર્યું. આમ, રોડવેલના મતાનુસાર કુરાનમાં અસ્તવ્યસ્ત રીતે, અસંગઠિત પ્રકારે, સુસંગત ન હોય એવી પણ માહિતી કંડારાયેલી છે.

ઇસ્લામના સ્થાપક મહમદ એમની પાછળ કોઈ ધર્મગ્રંથ પોતે મૂક્તા ગયા છે એ વાતનો અહીંયાં ઇન્કાર થાય છે.

ખ. રિચાર્ડ બેલનો મત :

રોડવેલના મતની સાથે અસંમત થઈ રિચાર્ડ બેલ એક નવો મત પ્રદર્શિત

૪૨ ગ્લીમ્સીસ ઑફ વર્લ્ડ રિલિજિયન્સ, જહોન, ૧૯૫૭, પા. ૨૦૧-૨૦૨

કરે છે. એમના મતાનુસાર કુરાન એક જ સમયે પ્રાપ્ત થયેલો ગ્રંથ કહી શકાય નહિ. એમાં ત્રણ જુદા જુદા સમયો ઓળખવાની જરૂર છે. એ સમય-વિભાગો તેઓ નીચે પ્રમાણે આપે છે.

શરૂઆતનો સમય :

આ સમયના ઉપદેશોમાંથી બહુ જ થોડા પ્રાપ્ત છે અને અલ્લાહની પ્રાર્થનાને માટે તેમ જ એમના સ્વરૂપને માટે વપરાયેલા શબ્દો સિવાયની હકીકત પ્રાપ્ત નથી.

કુરાન સમય :

આ સમયમાં એમની મક્કાની શરૂઆતની પ્રવૃત્તિઓ તેમ જ એમના મદીનાના પ્રથમ બે-ત્રણ વર્ષોના વસવાટ દરમ્યાન એમણે આપેલ અલ્લાહ-દર્શનના ખ્યાલનો અહેવાલ કુરાન તરીકે પ્રાપ્ત છે.

પુસ્તક સમય :

હિજરી સંવત ૨ની આસપાસ આ સમય શરૂ થાય છે અને આ સમયમાં અલ્લાહના આદેશનું પુસ્તક મહમદ તૈયાર કરે છે.

૪. ઇસ્લામનો વિકાસ :

મહમદના જીવનકાળ દરમ્યાન ઇસ્લામની ઉત્પત્તિ શી રીતે થઈ અને એમના જીવનકાળ દરમ્યાન ઇસ્લામનો વિકાસ શી રીતે થયો એ આપણે આગળ જોયું. ઈ. સ. ૬૩૨માં મહમદના અવસાન પછી ઇસ્લામનો વિકાસ કઈ રીતે થયો એનો આપણે અહીંયાં વિચાર કરીએ.

અબુબકર :

મહમદના પ્રથમ અનુયાયીઓમાં એમના પત્ની ખાદીજા, અબુબકર, એમના દત્તક પુત્ર અલિ તથા ઝૈદનો સમાવેશ થતો હતો, એ આપણે ઉપર જોયું. મહમદના મૃત્યુ પછી એમના દત્તક પુત્ર અલિ નહિ પરંતુ અબુબકરે ઇસ્લામનું નેતૃત્વ લીધું. એમણે પોતાને માટે 'ખલીફ' નો ઇલ્કાબ ધારણ કર્યો. ખલીફ એટલે અનુગામી.

અબુબકરની વ્યવસ્થા-શક્તિ અદ્વિતીય હતી અને એમનું ચારિત્ર્ય સબળ હતું. મહમદની સિરિયા પર આક્રમણ લઈ જવાની અધૂરી રહેલી મુરાદ અબુબકરે સૌ પ્રથમ હાથ ધરી, અને ત્યાર પછી એમણે ઇસ્લામધર્મના ફેલાવાને માટે અપૂર્વ શ્રદ્ધાથી પ્રયત્ન આદર્યો, અને એ ફેલાવામાં બળનો આશ્રય લેવાનું પણ તેઓ ચૂક્યા નહિ. ઇસ્લામના ખલીફ તરીકે બે વર્ષ રહી ઈ. સ. ૬૩૪માં તેઓ અવસાન પામ્યા.

ઉમર :

અબુબકરના અવસાન પછી મહમદના સાળા ઉમરે એમનું સ્થાન લીધું. ઈ. સ. ૬૩૪ થી ૬૪૩ના ગાળા દરમ્યાન ઉમર ખલીફ રહ્યા ત્યાં સુધીમાં એમણે સિરિયા, મેસોપેટોમિયા, યુફ્રેટિસની ખીણ, એબિલેાન, એસીરિયા, પર્સિયા અને ઇજિપ્ત પર વિજય મેળવ્યેા.

જ્યાં જ્યાં ઉમરનાં દળેા ગયાં અને જે જે પ્રદેશ એમણે જીત્યેા, તેમણે જીતાયેલી પ્રજા સમક્ષ કુરાનના સ્વીકાર કે લડાઈની તૈયારીના વિકલ્પેા આપ્યા. આમ છતાં જેરૂસલેમને માટે જ્યાં સુધી તેઓ નિશ્ચિત કર આપે ત્યાં સુધી એમની કેાઈ કનડગત કરવામાં નહિ આવે એમ સ્વીકાર્યું.

ઉમર પછી :

ઉમરના ઈ. સ. ૬૪૩માં થયેલા મૃત્યુ પછી ઇસ્લામધર્મમાં વિખવાદ દાખલ થયેા. મહમદની વિખવાદ વિરુદ્ધની આજ્ઞા અને આદેશ એમના અવસાન પછી અગિયાર વર્ષના ગાળામાં જ વિસરાયા. એમણે કહ્યું હતું[૪૩] અલ્લાહનું દેારડું તમેા બધા એકઠા થઈને બરાબર પકડી રાખેા. તમે જુદા જુદા ભાગલા પાડશેા નહિ. વળી તેમણે ધર્મમાં નિશ્ચલ રહીને એમાં કદીયે ભાગલા ન પાડવાનેા આદેશ આપ્યેા હતેા[૪૪] અને આમ છતાં ઉમરના મૃત્યુ પછી આ વિખવાદ અને ભાગલાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ. વધારે ખૂબીની વાત તેા એ હતી કે મુસ્લિમધર્મના પ્રચારને માટે જે હિંસાનેા ઉપદેશ આપવામાં આવ્યેા હતેા એનેા જ અમલ ખિલાફતનું સ્થાન પ્રાપ્ત કરવાને માટે ઝઘડતાં જૂથેાએ લીધેા.

ઉમરના અવસાન પછી મક્કાના ઓથમાન નામના અનુયાયીને એમના અનુગામી તરીકે સ્થાપવામાં આવ્યા. આથી મહમદના દત્તક પુત્ર અલિ નાખુશ થયા અને મદીનાના મુસ્લિમ અનુયાયીઓ એમની પડખે રહ્યા.

બેંસી વરસના ઓથમાન પર ઈ. સ. ૬૫૬માં મદીનાના લેાકેાએ મદીનાની શેરીમાં પથ્થરમારેા કર્યેા, એમના ઘર સુધી પાછળ પડયા અને એમનું મૃત્યુ નીપજાવ્યું.

આ પછી અલિ ખલીફ થયા. પરંતુ જે અંજામ ઓથમાનનેા થયેા એ જ પાંચ વર્ષ પછી એમનેા પણ થયેા અને ઈ. સ. ૬૬૧માં એમનું પણ ખૂન કરવામાં

૪૩ રેાડવેલ, ૩ : ૯૮

૪૪ એજ, ૪૨ : ૧૧

આવ્યું. ત્યાર પછી તો ઇસ્લામધર્મના લગભગ સીત્તેર જેટલા પંથો પડ્યા. એ બધાનો ઉલ્લેખ આપણે અહીંયાં નહિ કરીએ.

આમ છતાં, એમાંથી ઇસ્લામના ઈશ્વરવાદના પરિવર્તનની થતી પ્રક્રિયાનો થોડો ખ્યાલ આપી ઇસ્લામના મુખ્ય પંથો અંગે થોડી વિચારણા કરીશું.

૫. ઇસ્લામના ઈશ્વરવાદના ફેરફારો :

ઇસ્લામધર્મનો વિકાસ અનેક દેશોમાં થયો એ આપણે જોયું. ઉમર પછીના સમયમાં તો ઇસ્લામનો ફેલાવો હિંદુસ્તાન, તુર્કસ્તાન, મધ્ય એશિયા, ઉત્તર આફ્રિકા, સ્પેન વગેરે વિવિધ દેશોમાં પણ થયો. જેમ જેમ ઇસ્લામનો પ્રાદેશિક વિસ્તાર થતો ગયો તેમ તેમ એને માટે કેટલાક નવા પ્રશ્નો પણ ઉપસ્થિત થતા રહ્યા. નવા પ્રદેશની સાથે ઇસ્લામની માન્યતાઓને કઈ રીતે બંધબેસતી કરવી એ સર્વ પ્રશ્નોમાં મહત્ત્વનો પ્રશ્ન હતો. પયગંબરે આપેલા ઉપદેશમાંથી મૂળ અને મહત્ત્વનું કયું અને કેટલું છે અને એમાં ઉદ્ભવેલું કયું અને કેટલું છે કે જેનો ઇન્કાર કરી શકાય ? આમ કરવાને માટે કયા આધારો પ્રાપ્ત થઈ શકે ?

આ અંગે કેટલાક સંભવિત વિકલ્પો નીચે મુજબ છે :

એક, ઇજમા :

ઇજમા એટલે ધર્મના ઉપદેશકોમાં સર્વકાળે અને સર્વસ્થાને એમના અભિપ્રાયોમાં એકવાક્યતા હોય એનો સ્વીકાર કરવો. જો કોઈ બાબત કુરાનમાં ઉલ્લેખાયેલી ન હોય પરંતુ એમના ઉપદેશકો એ બાબતને એકમતે ખરી તરીકે સ્વીકારે તો એનો સ્વીકાર કરવો.

બીજું, સુન્ના :

'સુન્ના'નો અર્થ થાય છે રિવાજ. પયગંબરના જીવનની અનેક વિગતો કુરાનમાંથી મળે છે. પરંતુ એમના જીવનની સર્વ આદતો નો કુરાનમાં ઉલ્લેખ ન હોય તેવી બાબતો પણ એક મુખથી બીજે મુખ આવતાં પ્રાપ્ત થાય છે. આ વ્યક્તિઓ પણ ધર્મોપદેશકો હોય છે. પયગંબરનાં કાર્યો અને એમના આચરણ વિશે આવી વાતો પ્રાપ્ત થાય છે, આવી વાતોને 'સુન્ના' તરીકે ઓળખાય છે.

ત્રીજું, કિયાસ :

પયગંબરના ઉપદેશમાંથી જે તે ઉપદેશમાં શું રાખવા જેવું છે એનો એક આધાર 'કિયાસ' છે અને ઉપદેશમાંથી તારણો કાઢવામાં આવે છે અને તે અનુમાન પર તેમ જ તીવ્ર તર્કશક્તિ પર આધારિત હોય તો તેમનો પણ સ્વીકાર

થવો ઘટે. આવી રીતે અનુમાન દ્વારા પ્રાપ્ત થયેલ તારણોને 'ક્યિાસ' તરીકે ઓળખાવાય છે.

ચોથું, ઇજતીહાદ :

ઇજતીહાદ એટલે અર્થઘટન. ઉપરના એક યા વધારે આધારનો આશરો લઈ જેમણે ઇસ્લામ વિશે અર્થઘટન કર્યું એવા વિદ્વાનોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

ઇમામ અબુહનીફા (ઈ. સ. ૬૯૯ થી ૭૭૬)
ઇમામ માલિક (ઈ. સ. ૭૧૧ થી ૭૯૩)
ઇમામ અસસાફઇ (ઈ. સ. ૭૭૬ થી ૮૨૦)
ઇમામ અહમદઇબ્ન હલ્બલ (ઈ. સ. ૭૮૦ થી ૮૫૫)

આ ઇમામોએ આપેલ વિદ્યા અથવા ઇલ્મમાં એકસરખાપણું નથી અને હોઈ પણ કેવી રીતે શકે ? તેઓ મુજતહિદ હતા અને એમણે ધર્મની એમની દૃષ્ટિએ તર્કબદ્ધ રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો.

૬. ઇસ્લામના મુખ્યો પંથો :

ઇસ્લામના બે પ્રચલિત મુખ્ય પંથો સુન્ની અને શીયા તરીકે ઓળખાય છે.

શીયા :

શીયા પંથીઓ માને છે કે મહમદના વારસદાર એમના વંશમાંથી જ હોવા જોઈએ અને તેથી તેમની દૃષ્ટિએ મહમદ પછી ખિલાફત પ્રાપ્ત કરવાનો સાચો હક અલિનો હતો. આમ છતાં, અબુબકર, ઉમર અને ઓથમાન, અલિ આગળ ખલીફો તરીકે આવ્યા. તેમને સાચા ખલીફાઓ તરીકે સ્વીકારી શકાય નહિ. અલિ એ જ સાચા ખલીફ છે. તેઓ અને એમના વંશવારસો જ ખલીફ તરીકે સ્વીકારી શકાય.

શીયાઓમાં પણ અનેક પેટા-પંથો છે. તેનો આધાર તેઓ ઇમામની સંખ્યા કેટલી સ્વીકારે છે એના પર છે. દાઉદી વહોરા, ખોજા, ઇસ્માઈલીઓ વગેરેનો શીયાપંથમાં સમાવેશ થાય છે.

સુન્ની :

જેઓ ખલીફાની પરંપરામાં માને છે તેઓ સુન્નીપંથી છે. ખિલાફત વંશ પરંપરાગત નહિ પરંતુ અનુયાયીઓના સ્વીકારથી જ પ્રાપ્ત થઈ શકે એમ તેઓ માને છે. અબુબકર પહેલા ખલીફા હતા અને ૧૯૨૪માં કમાલપાશાએ સુન્ની

ખિલાફતનો મૃત્યુઘંટ વગાડ્યો ત્યાં સુધી આ પરંપરા ચાલુ રહી છે. મુસલમાનોનો બહુ મોટો સમુદાય સુન્નીપંથીઓ છે.

ખિલાફતના અંત પછી ઇમામના નેતૃત્વ હેઠળ સુન્નીઓ એમની પ્રાર્થના કરે છે.

આ બે પંથો ઉપરાંત ઇસ્લામના બીજા ત્રણ પંથો વિશે સામાન્ય માહિતી આપવી યોગ્ય રહેશે.

ખવારિજ :

ઓથમાનનું મૃત્યુ કરવામાં આવ્યું તે પછી અલિનો પક્ષ છોડીને ખવારિજો ઈરાનમાં સ્વતંત્ર થયા. અલિનું ખૂન પણ એક ખવારિજે જ કર્યું એમ કહેવાય છે. આ પંથના અનુયાયીઓ ઇસ્લામના જેહાદના વિચારને પ્રાધાન્ય આપે છે અને એને પોતાની પ્રથમ ફરજ તરીકે સ્વીકારે છે. ખવારિજના પણ પેટાપંથો છે. એમાંનો એક પંથ એમ માને છે કે ભવિષ્યમાં ઈરાનમાંથી એક પયગંબર આવશે અને તેઓ એક નવો ધર્મ સ્થાપશે.

આ ઉપરાંત, સૂફીમત અને બહાઈમતની અન્યત્ર વિચારણા કરવામાં આવી છે.

૭. સ્વર્ગ અને નર્ક :

જગતનો અંત આવે ત્યારે બધા મૃત્યુ પામેલા જીવો ફરી જીવતા થશે[૪૫] અને અલ્લાહ બધાનો ન્યાય તોલશે; એ ઉપદેશ મહમદે અનેક વેળા આપ્યો છે[૪૬]. એટલું જ નહિ પરંતુ એમણે એટલે સુધી કહ્યું છે કે, "ભવિષ્યમાં એક એવો દિવસ આવશે જ્યારે અલ્લાહ પાપી લોકોને શિક્ષા કરશે અને પુણ્યશાળી જીવોને સારા ફળ આપશે."[૪૭] એમણે એ પણ સમજાવ્યું છે કે અલ્લાહ પર શ્રદ્ધા રાખનાર અને પવિત્ર જીવન જીવનારને માટે સ્વર્ગમાં સ્થાન નિશ્ચિત છે, અને ત્યાં એમને કેવા પ્રકારના આનંદો પ્રાપ્ત થશે એનો ખ્યાલ આ રીતે મળે છે. "ખરેખર જે માણસો પવિત્ર છે તે બાગ-બગીચામાં પરમેશ્વરે આપેલા અનેક જાતના આનંદો ભોગવશે. તમે જે સારાં કાર્યો કર્યાં છે તેના બદલામાં ખાઓ, પીઓ અને મઝા કરો અને પલંગમાં આનંદ કરો. તમને વિશાળ નયનોવાળી સુંદર સ્ત્રીઓ સાથે

---

૪૫ રોડવેલ, ૫૦ : ૪૧

૪૬ એજ, ૭૪ : ૮–૧૦; ૯૬ : ૮

૪૭ એજ, ૭ : ૫–૮; ૨૧ : ૪૮

પરણાવીશું અને તમને ગમતા ફળ અને માંસ આપીશું.”૪૮ સ્વર્ગનું બીજું ચિત્ર આપતા કહેવાયું છે : “આનંદદાયક બાગોમાં અને સોનાના પલંગોમાં તેમની આજુબાજુ જુવાન માણસો પંચપાત્રો, કુંજો અને મદિરાનો પ્યાલો લઈને ફરશે. આથી એમનું માથું નહિ દુઃખે, તેમની બુદ્ધિ પણ તીવ્ર થશે. તેમનાં કર્મોના બદલામાં તેમને રુચિકર ફળો અને માંસ અને મોતીના જેવી તેજસ્વી અને વિશાળ આંખોવાળી સ્ત્રીઓ આપવામાં આવશે.”૪૯

સારાં કર્મોને માટે જેમ સ્વર્ગપ્રાપ્તિ સૂચવી છે તેમ દુષ્કૃત્યો કરનારને માટે નરક નિશ્ચિત છે અને એ નરકમાં એમને વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવવા પડે છે. ત્યાં સંપૂર્ણ અશાંતિ હોઈ એમને કોઈ જાતની શાંતિ નહિ મળે.૫૦ તે ઉપરાંત નરકની ભયંકરતાનો ખ્યાલ આપતા કહેવાયું છે : “ખરેખર ! પાપી માણસને માટે નરક છે. ત્યાં તે મરશે પણ નહિ અને જીવશે પણ નહિ.”૫૧ ત્યાં મરણ નથી, એ અર્થમાં કે ત્યાં દુઃખોનો અંત નથી. ત્યાં જીવન નથી, એ અર્થમાં કે ત્યાં કોઈ સુખ નથી. આવી ભયંકરતાનો ખ્યાલ આપતા કહેવાયું છે : ‘ખરેખર ખરાબ કામ કરનારાઓ માટે અગ્નિ તૈયાર કર્યો છે. અને આ અગ્નિ તેમની આજુબાજુ ફરી વળશે. જો તેઓ મદદને માટે બૂમ પાડશે તો તેમને ગરમ કરેલું પિત્તળના જેવું પાણી આપવામાં આવશે, જેથી તેમના મુખ સુકાઈ જશે.૫૨

૮. દેવદૂતની માન્યતા :

નર્કના આવા ભયભીત ખ્યાલ સાથે ઇસ્લામમાં દેવદૂતની એક આશાવંત માન્યતા પણ રજૂ થઈ છે. દુષ્કૃત્યો કરનાર માણસોને ક્ષમા આપવાને માટે આ દેવદૂતો મદદ કરે છે અને અલ્લાહની સાથે મસલત ચલાવે છે.૫૩ આ દૂતોમાં જિબ્રરેઇલને મહાદૂત તરીકે સ્વીકારવામાં આવ્યા છે૫૪ અને તેમને પવિત્ર આત્મા તરીકે ઓળખવામાં આવે છે.૫૫

---

૪૮ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૯ : ૨૪૯
૪૯ એજ, ૯ : ૨૬૩
૫૦ રોડવેલ, ૧૪ : ૩૪
૫૧ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૯ : ૩૯
૫૨ એજ, ૯ : ૧૭
૫૩ રોડવેલ, ૪૦ : ૭–૯: ૪૨ : ૩
૫૪ એજ, ૨ : ૯૧
૫૫ એજ, ૨ : ૮૧

જેમ દેવદૂતની માન્યતા કરવામાં આવી છે એમ જીન અને ભૂતને પણ માનવામાં આવ્યા છે.[૫૬] તેઓ સારા પણ હોય અને ખરાબ પણ હોય.[૫૭]

સંદર્ભ ગ્રંથસૂચિ

અલી, અમર : **ધી સ્પીરીટ ઓફ ઇસ્લામ,** લંડન, ૧૯૬૭

અલી, મહમદ : **ઇસ્લામ, ધી રિલિજિયન ઓફ હ્યુમેનીટી,** લંડન, ૧૯૧૬

આન્દ્રે, ટોર : **મહમદ, ધી મેન એન્ડ હીઝ ફેઇથ,** એલન એન્ડ અનવિન, લંડન, ૧૯૩૬

આર્નોલ્ડ, ટી. વી. : **ધી પ્રીચીંગ ઓફ ઇસ્લામ,** લંડન, ૧૯૧૩

ઇકબાલ, એમ. : **ધી રિકન્સ્ટ્રકશન ઓફ રિલિજિયસ થોટ ઇન ઇસ્લામ,** લાહોર, ૧૯૩૪

કેશ, ડબલ્યુ. ડબલ્યુ : **ધી એકસપાંશન ઓફ ઇસ્લામ,** લંડન, ૧૯૨૮

ગીબ, એચ. એ. આર. : **મોડર્ન ટ્રેન્ડસ ઇન ઇસ્લામ,** લંડન, ૧૯૪૭

ગ્રુનેબૉમ, વોન જી. ઈ. : **યુનિટી એન્ડ વેરાઈટી ઇન મુસ્લિમ સિવિલિઝેશન,** શિકાગો, ૧૯૫૫

ટ્રીટોન, એ. એસ. : **ઇસ્લામ,** હટચીશન એન્ડ કું., લંડન, ૧૯૨૮

ટીટસ, મૂરે ટી. : **ઇન્ડિયન ઇસ્લામ,** લંડન, ૧૯૩૦

ડોનાલ્ડસન. ડવાઈટ માર્ટીન : **સ્ટડીઝ ઇન મુસ્લિમ એથિકસ,** એસ. પી. સી. કે., લંડન, ૧૯૫૩

નીકોલસન, રોનાલ્ડ એ. : **ધી મીસ્ટીશીઝમ ઓફ ઇસ્લામ,** જી. બેલ એન્ડ સન્સ, લંડન, ૧૯૧૪

—**સ્ટડીઝ ઇન ઇસ્લામિક મીસ્ટીશીઝમ,** કેમ્બ્રિજ, ૧૯૩૧

બ્લન્ટ, ડબલ્યુ. એસ. : **ધી ફ્યુચર ઓફ ઇસ્લામ,** લંડન, ૧૮૮૫

મેકડોનાલ્ડ, ડી. બી. : **ધી રિલિજિયસ એટિટયુડ એન્ડ લાઇફ ઇન ઇસ્લામ,** શિકાગો યુનિ. પ્રેસ, શિકાગો, ૧૯૧૨

---

૫૬ એજ, ૧૧ : ૧૨૦

૫૭ એજ, ૭૨ : ૧૧

મેથ્યુસ, ખી : **ઇન ધી મુસ્લિમ વર્લ્ડ ઓફ ટુ ડે,** ન્યૂયોર્ક, ૧૯૨૫

વિલ્સન, એસ. જી. : **મોડર્ન મુવમેન્ટ એમંગ મુસ્લીમ્સ,** ન્યૂયોર્ક, ૧૯૧૬

વૉટ, ડબ્લ્યુ. મોન્ટગોમરી : **ફ્રી વીલ એન્ડ પ્રીડેસ્ટીનેશન ઇન અર્લી ઇસ્લામ**
લંડન, ૧૯૪૮
—**ઇસ્લામ એન્ડ ઇન્ટીગ્રેશન ઓફ સોસાયટી,** લંડન ૧૯૬૧
—**ઇસ્લામિક ફિલોસોફી એન્ડ થિયોલોજી,** એડિનબર્ગ, ૧૯૬૨

હરગ્રોન્જે, સી. એસ. : **મહમદનીઝમ,** ન્યૂયોર્ક, ૧૯૧૬

સ્ટોડાર્ડ, એલ. : **ધી ન્યુ વર્લ્ડ ઓફ ઇસ્લામ,** બોસ્ટન, ૧૯૨૨

૧. સામાન્ય :

ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીનું ધર્મના ઇતિહાસમાં મહત્ત્વ છે તેવું ઈ. સ.ની પંદરમી સદીનું પણ મહત્ત્વ છે. આ સદીમાં યુરોપમાં અને હિંદુસ્તાનમાં એક પ્રકારની જાગૃતિ આવી અને પોતાની બૌદ્ધિક અને આધ્યાત્મિક જવાબદારીનો એક રપષ્ટ ખ્યાલ પ્રવર્યો. આ સદીની આગળ યુરોપમાં ખ્રિસ્તીધર્મમાં અને હિંદુસ્તાનમાં હિંદુધર્મમાં તેમ જ હિંદુસ્તાનના ઇસ્લામધર્મમાં પણ કેટલાંક દૂષણો પ્રવેશી ચૂક્યાં હતાં. આ એ સદી છે જ્યારે યુરોપમાં ખ્રિસ્તીધર્મમાં માર્ટીન લ્યૂથર અને કાલ્વીને ખળભળાટ મચાવ્યો અને ખ્રિસ્તીધર્મના નવા પંથોની સ્થાપના થઈ. એ જ સમય દરમ્યાન હિંદુસ્તાનમાં પણ દંભ, મૂર્તિપૂજા અને પુરોહિતવાદની સામે એક જુવાળ ઊઠ્યો.

આ સમયમાં હિંદુસ્તાનમાં રામાનુજાચાર્યે પ્રબોધેલ ભક્તિધર્મ એકતરફે વિસ્તાર પામી રહ્યો હતો, તો બીજી બાજુએ શૈવધર્મનો પ્રચાર પણ એટલી જ ત્વરિત ગતિએ થઈ રહ્યો હતો. હિંદુધર્મની સાથેના મુસલમાનધર્મના સંપર્કને ચારસો વર્ષ થયા હતા. એની અસર એકતરફે હિંદુધર્મમાં સ્વીકારાયેલ અનેકેશ્વરવાદની ભાવના, જે વખતોવખત અનેકેશ્વરવાદનો ઓપ ધરતી હતી, તેને સબળ પ્રેરણા મળી, તો બીજીતરફે હિંદુધર્મના સંપર્કને પરિણામે મુસલમાનધર્મના ઝનૂનના પૂર ઓસરવા માંડ્યા.

રામાનુજાચાર્યની પરંપરાને અનુસરીને રામાનંદી ભક્તિમાર્ગે અનેકેશ્વરવાદનો સ્વીકાર કરતાં ભજનો આમજનતામાં પ્રચલિત કર્યાં, અને રામાનંદ એક અદ્વિતીય ગુરુ તરીકે સ્વીકારાયા. એમના શિષ્ય કબીરે એથી યે સવિશેષ એકેશ્વરવાદની ભાવના ઝીલીને ભક્તિનો સ્રોત આગળ વધાર્યો, એટલું જ નહિ પરંતુ ઇસ્લામના અલ્લાહ અને હિંદુના બ્રહ્મા અલગ નથી એવી બ્રહ્મએકત્વની વાત પણ આગળ ધરી.

૨. ગુરુ નાનક

આવી પશ્ચાદ્‌ભૂમાં ગુરુ નાનકનો ઈ. સ. ૧૪૬૯માં જન્મ થયો. તેઓનો જન્મ લાહોરના એક હિંદુ ક્ષત્રિય કુટુંબમાં થયો. એમના ઉપર કબીરપંથની તેમ જ મુસ્લિમ એકેશ્વરવાદની અસર વિપુલ પ્રમાણમાં હતી. એમનું બાળપણ સામાન્ય માપદંડથી જોઈએ તો કંઈ સવિશેષ ન હતું. પરંતુ બાળપણથી જ ધર્મભાવના પ્રબળ રીતે ખીલી હતી એ સ્પષ્ટ રીતે માલૂમ પડે છે. એમની સાત વર્ષની ઉંમરે એમના એક હિંદુશિક્ષક ને એમણે કહ્યું કે; "પ્રભુને જાણવા વેદનો અભ્યાસ કરવા કરતાં પરમાત્માની કૃપા પ્રાપ્ત કરવી એ જ વધારે મહત્ત્વનું બને છે"[૧]. એ જ પ્રમાણે જગતના સામાન્ય વ્યવહાર પ્રત્યે એમને ખાસ આકર્ષણ ન હતું.

એક દિવસ સ્નાન પછી જંગલમાં એમને પ્રભુદર્શન થયાં અને તેમને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો. ઈશ્વરે તેમને અમૃતનો પ્યાલો આપ્યો અને કહ્યું : "હું તારી સાથે જ છું. મેં તને સુખી બનાવ્યો છે. અને જે લોકો મારું નામ જપશે એમને પણ હું સુખી કરીશ. તું જા અને મારા નામનો જપ કર અને બીજાઓને પણ તેમ કરવા કહે. જગતના પ્રવાહમાં તું તણાઈશ નહિ તું મારા નામનો જપ કરજે, દાન કરજે. સ્નાન, પૂજા અને ધ્યાન ધરજે. મારું નામ ઈશ્વર છે, પરબ્રહ્મ છે અને તું દૈવી ગુરુ છે."[૨]

નાનક જ્યારે ત્રણ દિવસ પછી જંગલમાંથી ઘેર આવ્યા ત્યારે પોતાની પાસે જે હતું તે બધું જ ગરીબોને વહેંચી દીધું. આથી સામાન્ય લોકો એમને કંઈ ભૂત-પ્રેત વળગ્યું હોય એમ માનવા લાગ્યા. પરંતુ નાનક એમની રીતે આગળ વધતા જ ગયા. પોતાના સમય ઉપર સ્પષ્ટપણે વ્યક્તવ્ય આપતા એમણે કહ્યું,

---

૧ મેકૉલિફ – ધી શીખ રિલિજિયન, ઇટસ ગુરુક્ષ, સેક્રેડ રાઈટિંગ્સ એન્ડ ઓથર્સ, ગ્રંથ ૧, પા. ૮

૨ ટ્રમ્પ, ગ્રંથનું ભાષાંતર, પા. ૩૩–૩૫.

"આ કળિયુગ એક ચપ્પુ જેવો છે. રાજાઓ ઘાતકી છે. જગતમાંથી ન્યાય અદૃશ્ય થયો છે. અસત્યની અમાવસ્યાની આ રાત્રિએ સત્યનો ચંદ્ર કદીયે ઊગશે નહિ."[૩]

આ પછી નાનકે બાહ્ય વસ્ત્રધારણમાં હિંદુ અને મુસ્લિમ એવાં વસ્ત્રો પરિધાન કર્યાં. એક દિવસ એમણે મૌનવ્રત કર્યું અને ત્યાર પછીના બીજા દિવસે એમણે શીખધર્મના જે કથનમાં શીખધર્મના બીજ રહેલાં છે એ રહસ્યમય મહાન સત્ય ઉચ્ચાર્યું : "કોઈ હિંદુ નથી, તેમ કોઈ મુસલમાન પણ નથી."[૪]

એ પછી પોતાને જે જ્ઞાનપ્રાપ્તિ થઈ એનો પ્રચાર કરવાને માટે નાનકે અનેક પર્યટનો કર્યાં. તેઓ સિલોન અને મક્કા સુધી પણ ગયા હતા એમ નોંધાયું છે. એમની ધર્મપ્રચારની રીત સરળ હતી અને લોકોને સાચા ધર્મનો ખ્યાલ આપવાને માટે તેઓ બળનો નહિ પરંતુ સ્નેહ અને સમજણનો આશ્રય લેતા હતા.

નાનકે અન્ય ધર્મો તરફ દાખવેલ વલણ કેવું હતું તેનો ખ્યાલ તેમણે હિંદુઓની લાગણી દુભાવી હતી તેના પરથી આવી શકે.[૫] એમણે જૈનોનો પણ ઉપહાસ કર્યો. તેઓ કહેતા, "જૈનો પોતાના વાળ ખેંચી નાંખે છે, તેઓ મેલું પાણી પીએ છે, તેઓ ભીક્ષા માગે છે અને બીજાનું ઉચ્છિષ્ટ ખાય છે."[૬] પરંતુ આ બાબતનો ઇન્કાર કરતાં એમણે સંકોચ અનુભવ્યો નથી. એમણે કહ્યું કે, "હું પવિત્ર નથી, હું સત્યવાદી નથી, હું વિદ્વાન નથી. હું જન્મથી જ મૂર્ખ છું."[૭] એ જ પ્રમાણે ટ્રમ્પ નોંધે છે[૮] "રાત-દિવસ હું નિંદા કરું છું. હું નીચ અને નિરુપયોગી છું. હું મારા પડોશીના ઘરનો લોભ રાખું છું. કામ અને ક્રોધરૂપી ચંડાળો મારા હૃદયમાં વસે છે. હે જગતના સર્જનહાર! હું શિકારીની જેમ રહું છું. હું સાધુનો વેશ ધરી બીજાઓને જાળમાં ફસાવું છું. ઠગારાઓના દેશમાં હું પણ એક ઠગારો છું. હું નિમકહરામ છું. તેથી તેં મારે માટે જે કંઈ કર્યું છે તેનો હું ગુણ માનતો નથી. હું દુષ્ટ અને અપ્રમાણિક છું, તેથી હું મારું મોં તને શી રીતે બતાવી શકું?"

---

૩ ટ્રમ્પ-ગ્રંથનું ભાષાંતર, પા. ૧૭૦

૪ એ જ, પા. ૩૭

૫ એજ, પા. ૪૭-૪૯; ૬૦-૬૧; ૧૩૫-૧૩૬

૬ એજ, પા. ૧૫૦-૧૫૨.

૭ હેસ્ટિંગ્ઝ એનસાઇક્લોપેડિયા ઑફ રિલિજિયન એન્ડ ઇથિક્સ, ૯ : ૧૮૩

૮ ટ્રમ્પ, પા. ૩૮

૩. શીખધર્મના વિકાસ :

નાનકના જીવનકાળ દરમ્યાન હિંદુઓમાંથી તેમ જ મુસલમાનોમાંથી એમના ધર્મમાં અનેક અનુયાયીઓ જોડાયા હતા. ગુરુ નાનક પોતે ગૃહસ્થી હતા અને એમને શ્રીચંદ અને લક્ષ્મીદાસ નામના બે પુત્રો હતા. આમાંથી શ્રીચંદે સંન્યસ્તવ્રત પર ભાર મૂકીને ઉદાસીઓનો નવો પંથ સ્થાપ્યો હતો. એથી ગુરુ નાનકના મૃત્યુ પછી પોતાના સ્થાનકનું કાર્ય એમણે લહીન નામના એક ભક્ત શિષ્યને સોંપ્યું. તેમણે એમને પોતાની ગાદીએ બેસાડ્યા અને એનું નામ અંગદ પાડ્યું.

નાનકના ઉપદેશમાં ગુરુનું મહાત્મય સવિશેષ છે. ગુરુ વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી તેમ જ ગુરુ વિના મોક્ષ પણ મેળવી શકાતો નથી એમ શીખધર્મે સ્વીકાર્યું છે અને એથી જ નાનક પોતે જ ગુરુ કહેવાયા છે, એટલું જ નહિ એમના પછીના બધા જ ગાદીપતિઓ ગુરુપદ પામ્યા છે.

ગુરુ નાનક પછી શીખધર્મના વિકાસને સમજવા માટે ગુરુ-પરંપરાનો ઉલ્લેખ અનિવાર્ય છે.

ક. ગુરુ અંગદ (ઈ. સ. ૧૫૦૮ થી ૧૫૫૨) :

અંગદને પોતાની ધર્મગાદીએ નાનકે પોતે જ બેસાડ્યા હતા. એમનાં બે કાર્યો મહત્ત્વનાં છે. એક તો એમણે ગુરુમુખી લિપિને આખા પંજાબમાં વિસ્તારી અને એમ કરીને એમણે ભાષાની દૃષ્ટિએ પંજાબ પ્રદેશની વિશિષ્ટ સેવા કરી. એમનું બીજું મહત્ત્વનું કાર્ય તે નાનકને પરમાત્માતુલ્ય માનવાનો શીખધર્મમાં દાખલ કરેલો સિદ્ધાંત.[૯]

ગુરુ નાનકે પોતાને માટે આવો ભાવ કદીયે કલ્પ્યો નથી. એથી ઊલટું એમણે પોતાની મર્યાદાઓ અને પોતાની તુચ્છતા અનેક વખત સ્વીકારીને તે વિશે કહ્યું છે એ આપણે ઉપર નોંધ્યું છે. આમ છતાં ગુરુભક્તિ ધાર્મિકજીવનમાં કેવી ધાર્મિક માન્યતાઓ તરફ લઈ જાય છે એનું આ એક ઉદાહરણ છે.

ખ. ગુરુ અમરદાસ (ઈ. સ. ૧૫૫૨ થી ૧૫૭૪) :

ગુરુ અમરદાસ સ્વભાવે અને પ્રકૃતિએ શાંત અને નરમ હતા. ધર્મ સંગઠન માટે એમનો ઉત્સાહ અદ્વિતીય હતો. સંઘશક્તિ પર એમણે સતત ભાર મૂક્યો. શીખધર્મમાં યજ્ઞને સ્થાન નથી, એમાં મૂર્તિપૂજાને પણ સ્થાન નથી, માત્ર ગુરુના

૯ કોર્ટ હેનરી, હિસ્ટરી ઑફ ધી શીખ્સ, પા. ૧૧

સ્વીકારની વાત છે, અને એથી શીખધર્મ અનુયાયીઓનું સંગઠન થાય એ માટેની વિચારણા કરી, ધર્મઅનુયાયીઓમાં સંઘત્વ ભાવના જાગૃત કરી, એમને એક જૂથ તરીકે બળવાન બનાવવાનું કામ ગુરુ અમરદાસે કર્યું.

ગુરુ રામદાસ (ઈ. સ. ૧૫૭૪ થી ૧૫૮૧) :

ગુરુ રામદાસ ગુરુ અમરદાસના જમાઈ થતા હતા. ગુરુ રામદાસનું મુખ્ય કાર્ય અમૃતસરમાં 'હરમંદિર' નામનું એક પ્રખ્યાત મંદિર બંધાવવાનું રહ્યું છે. એ મંદિર બાંધી એમણે શીખોને માટે પૂજાનું એક સુંદર સ્થાન આપ્યું. આ જગ્યાને તેમણે જ અમૃતસર નામ આપ્યું અને આજે અમૃતસરનું 'સુવર્ણમંદિર' શીખોને માટે તીર્થધામ જેવું છે.

આ શીખ મંદિરને માટે મોનીઅર વિલિયમ્સ આ પ્રમાણે કહે છે.[૧૦] "જો કે મંદિરમાં મૂર્તિઓ નથી અને એક જ ઈશ્વરના માનમાં તે મંદિર બાંધવામાં આવ્યું છે, છતાં એમ માનવામાં આવે છે કે ગ્રંથસાહેબમાં અદૃશ્ય પરમાત્માનું વ્યક્ત સ્વરૂપ રહેલું છે. વસ્તુતઃ ગ્રંથસાહેબ જ મંદિરની મૂર્તિ છે એમ ધારીને તેમની પૂજા કરવામાં આવે છે દરરોજ સવારે ગ્રંથસાહેબને જરીનાં વસ્ત્રો પહેરાવી રત્નોજડિત છત્રીવાળા એક નાના સિંહાસન પર પધરાવવામાં આવે છે. દરરોજ સાંજે એક પવિત્ર શયનાગારમાં સુવર્ણના પલંગમાં ગ્રંથસાહેબને સુવડાવવામાં આવે છે. આ શયનગૃહમાં કોઈ અપવિત્ર માણસ પ્રવેશ ના કરી શકે એટલા માટે તેની આજુબાજુ લોખંડનો કઠેરો રાખવામાં આવ્યો છે.

આ પ્રથા ગ્રંથસાહેબને પવિત્ર ગણવાની ભાવનામાંથી અને છતાંયે માનવની ઈશ્વરને કંઈક મૂર્તિસ્વરૂપ આપવાની આંતરિક ભાવનામાંથી પ્રચલિત થઈ હોય એ સંભવિત છે. શીખો મૂર્તિપૂજામાં માનતા નથી એમ આપણે ઉપર જોયું. પરંતુ ગ્રંથસાહેબની આ રીતની ભાવજગતને સ્વામી દયાનંદ મૂર્તિપૂજા તરીકે જ ઘટાવે છે અને કહે છે.[૧૧] "શીખો જોકે મૂર્તિપૂજા કરતા નથી છતાં પણ ગ્રંથસાહેબની પૂજા મૂર્તિપૂજા કરતાં પણ વધારે છે. શું એ મૂર્તિપૂજા નથી ? મૂર્તિપૂજા એટલે કોઈ ભૌતિક પદાર્થને વંદન કરવું અથવા તેની પૂજા કરવી. જેમણે મૂર્તિપૂજાને અંગે ઘણો પૈસો મેળવ્યો છે એવા મૂર્તિપૂજકોની માફક શીખોએ પણ કર્યું છે. જેમ મૂર્તિપૂજકો પોતાની મૂર્તિઓના લોકોને જાહેરમાં દર્શન કરાવે છે અને મૂર્તિઓને

---

૧૦ બ્રાહ્મીનિઝમ એન્ડ હિન્દુઈઝમ – પા. ૧૭૭

૧૧ સત્યાર્થપ્રકાશ, પા. ૬૩

નામે ભેટ લે છે તે જ પ્રમાણે નાનકના અનુયાયીઓ પણ ગ્રંથસાહેબની પૂજા કરવા દે છે અને તેને અંગે ભેટ પણ લે છે."

આમ, અમૃતસરના હરમંદિરની સ્થાપનાથી એક બાજુ શીખ સંગઠનને વેગ મળ્યો તો બીજી બાજુ આ પ્રકારની પૂજાવિધિ પણ તેમાં પ્રવેશી.

ગુરુ રામદાસે શીખધર્મમાં બીજો ફેરફાર એ કર્યો કે પોતાની પાછળ તેમની ગાદીએ તેમણે પોતાના પુત્રને જ બેસાડ્યો અને એમ કરીને વંશપરંપરાગત ગાદી પ્રાપ્ત કરવાની રસમ દાખલ કરી.

ઘ. ગુરુ અર્જુને (ઈ. સ. ૧૫૮૧ થી ૧૬૦૬):

ત્રીજા વિભાગમાં આપણે એ જોઈ શું કે મંદિર અને ધર્મગ્રંથ ધર્મનાં સંગઠક બળો છે. ગુરુ રામદાસે આવું એક બળ અમૃતસરનું મંદિર બંધાવીને પૂરું પાડ્યું. ગુરુ અર્જુને એ ગ્રંથસાહેબની રચના કરાવીને એવું બીજું બળ પૂરું પાડ્યું.

ગુરુ અર્જુનેનું સૌથી મહત્ત્વનું કાર્ય 'ગ્રંથસાહેબ'ની રચનાનું રહ્યું છે. એક ધર્મગ્રંથ અંગે એ વિશે આપણે અન્યત્ર કહીશું. પોતાની પહેલા થઈ ગયેલા ગુરુઓનાં લખાણો તેમ જ અન્ય સંતોનાં લખાણો અને એમનાં પોતાનાં પણ લખાણોનો એમણે ગ્રંથમાં સંગ્રહ કરાવ્યો.

બીજું, પરંપરાગત સાદાઈ નો ત્યાગ કરીને ગુરુ તરીકે એમણે અતિ કિંમતી વસ્ત્રો પહેરવાના શરૂ કર્યા.

શીખધર્મની પ્રચાર વ્યવસ્થા નિભાવવા એમણે શીખો પાસેથી એક પ્રકારનો કર ઉઘરાવવો શરૂ કર્યો.

ચ. ગુરુ હરગોવિંદે (ઈ. સ. ૧૬૦૬ થી ૧૬૩૮):

ગુરુ અર્જુનેનું મૃત્યુ દિલ્હીના રાજાની સામે લડતા થયું. આથી હરગોવિંદે શીખધર્મમાં એને અનુરૂપ જરૂરી કાર્યો કર્યા.

એક, એમણે શીખધર્મના નેતા તરીકે તલવાર ધારણ કરી.

બીજું, શાંત અને ધર્મપરાયણ શીખોને લડાઈ માટે યોગ્ય બનાવી શકાય અને મોગલ રાજ્ય શાસકોનો યોગ્ય સામનો કરી શકે એ માટે એમણે લશ્કર તૈયાર કર્યું.

ત્રીજું, શીખ લોકોના રક્ષણ માટે એમણે કિલ્લો બંધાવ્યો.

આ સમયથી શીખધર્મની કરવટ બદલાય છે. એક ધર્મપંથ કરતાં એક રાજ્યપંથ તરફ એ વધુ ઢળવા લાગે છે. ગુરૂ નામના માર્ગને બદલે શસ્ત્રમાર્ગ અખત્યાર કરતો એ થયો. સત્‌નામ એકાકાર અનુભવ કરવાને બદલે સત્તા એકત્રિત કરવામાં એ મગ્ન બને છે અને એથી જ ઈશ્વરપ્રાપ્તિને બદલે રાજ્યપ્રાપ્તિ તરફ એ વધારે હડસેલાય છે. આ જ કારણથી કેટલાક લેખકો શીખધર્મને ધર્મ તરીકે ન ગણાવતા રાજ્યપંથ તરીકે ગણાવે છે.

પરંતુ એમનો આવો મત સ્વીકાર્ય નથી. તે એ માટે કે પ્રથમ તો આ ધર્મનું આયોજન નાનકના ધાર્મિક અનુભવમાંથી થયું છે, અને બીજું એ કે આ ધર્મ સંપૂર્ણ એકેશ્વરવાદી હોઈ કોઈપણ પ્રકારની રૂઢિ, વિધિને સ્વીકારતો નથી. એક ધર્મબળ તરીકે ઈશ્વર અનુભૂતિમાં એનું આગવું સ્થાન નિશ્ચિત છે જ.

૭. ગુરુ હરરાય (ઈ. સ. ૧૬૩૮ થી ૧૬૬૦) :

મોગલ બાદશાહોની સામેની ગુરુ અર્જુનના સમયથી શરૂ થયેલી લડાઈનો હજી અંત આવ્યો ન હતો. ઔરંગઝેબની સામેની લડાઈ એમણે ચાલુ જ રાખી પરંતુ છેવટે એમની હાર થઈ.

૮. ગુરુ હરકિશન (ઈ. સ. ૧૬૬૦ થી ૧૬૬૪) :

ગુરુ હરકિશને પણ ઔરંગઝેબની સામે પોતાની લડાઈ ચાલુ રાખી.

મોગલ રાજાઓ સામે લડાઈમાં પ્રવૃત્ત રહ્યા સિવાય આ બે ગુરુઓના સમયમાં શીખ ધર્મમાં કંઈ મહત્ત્વની પ્રગતિ થયેલી જાણવામાં નથી.

૯. ગુરુ તેગબહાદુર (ઈ. સ. ૧૬૬૪ થી ૧૬૭૫) :

તેગબહાદુર પોતે ખમીરવંતા સૈનિક હતા. એમણે શીખધર્મનો ઘણો સારો પ્રચાર કર્યો. દક્ષિણમાં ઠેઠ સિલોન સુધી એમણે શીખધર્મનો પ્રચાર કર્યો. એમના જીવનનો ઘણો ભાગ પણ એમની આગળના બે ધર્મગુરુઓની જેમ મુસલમાનો સામે લડવામાં ગયો. પરંતુ એમના સમય દરમ્યાન લડાઈમાં વિજય મળ્યો અને એથી એમને શીખધર્મના પ્રચારને માટે કાર્ય કરવાની તક મળી.

એમના કેટલાંક લખાણોનો પણ ગુરુ ગ્રંથસાહેબમાં સમાવેશ કરવામાં આવેલો છે.

૧૦. ગુરુ ગોવિંદસિંહ (ઈ. સ. ૧૬૭૫ થી ૧૭૦૮) :

શીખોને એક લડાયક જૂથ તરીકે તૈયાર કરવાનું કાર્ય ગુરુ ગોવિંદસિંહે પણ ચાલુ જ રાખ્યું. એટલું જ નહિ પરંતુ એમણે પોતાને માટે 'ગુરુ' ઉપરાંત

'સિંહ'નું ઉપનામ ચાલુ કર્યું. આમ, આધ્યાત્મિક ગુરુ લડાયક 'સિંહ' પણ બન્યા. પ્રત્યેક શીખને એમણે 'સિંહ'નું નામ ધારણ કરવાનું સૂચવ્યું અને આવા સિંહોના સમૂહના લશ્કરને વ્યવસ્થિત કરવાને માટે એમણે એક ખાલસા-મંડળ ઊભું કર્યું.

આ ખાલસા-મંડળમાં પ્રવેશ મેળવવાને માટે ગુરુ ગોવિંદસિંહે એક પ્રકારનો વિધિ દાખલ કર્યો. લોખંડના વાસણમાં ગોળ મિશ્રિત મીઠું, સુગંધી પાણી રાખવામાં આવે, તેને ધારવાળી તલવાર વતી હલાવવામાં આવે અને જે કોઈ પુરુષ ખાલસા-મંડળમાં દાખલ થાય તેણે આ પાણી લઈ ને પીવાનું, અને પોતાના શરીર ઉપર છાંટવાનું. આ પાણીને અમૃત સમાન ગણવામાં આવતું અને એમ માનવામાં આવતું કે અમૃતથી શુદ્ધિ થાય છે અને યુદ્ધમાં ફતેહ મળે છે.

ગુરુ ગોવિંદસિંહના આવા પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ અને તેમના ખાલસા-મંડળના લડાયક જૂથના ખમીરને લીધે તેઓ બંગાળ સુધી પોતાનો વાવટો ફરકાવી શકયા અને ઢાકાને શીખોનું મુખ્ય ધામ બનાવ્યું.

શીખધર્મ અનુયાયીઓને આ રીતે સંઘટનમાં ગોઠવી એમણે શીખધર્મનો પ્રસાર કર્યો. પરંતુ એ ઉપરાંત એમણે એક ગ્રંથ લખાવ્યો જેને 'દશમા ગુરુનો ગ્રંથ' તરીકે ઓળખાવાય છે. ગુરુ નાનકને જો પહેલા ગુરુ ગણીએ તો ગુરુ ગોવિંદસિંહ દશમા ગુરુ થાય, એથી એમણે લખેલા ગ્રંથને 'દશમા ગુરુનો ગ્રંથ' કહેવાય છે. એમણે એ પણ જણાવ્યું કે એમનો આ ગ્રંથ આદિ ગ્રંથના જેટલો જ પ્રમાણભૂત છે.

એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે ગુરુ ગોવિંદસિંહને આવો નવો ગ્રંથ રચવાની શી જરૂરિયાત ઉપસ્થિત થઈ ? આના જવાબમાં કોર્ટ નોંધે છે.[૧૨] "શીખો મૂળ ગ્રંથ વાંચવાથી ઘણા નરમ થઈ ગયા એમ ગુરુને જણાયું તેથી તેમણે જાતે નિશ્ચય કર્યો કે એક એવો ગ્રંથ લખવો જેના વાંચનથી શીખો શૂરવીર બને અને યુદ્ધ કરવાને માટે લાયક બને." એટલું જ નહિ ગુરુએ વધુમાં કહ્યું : "મારા મરણ પછી તમે બધા આ ગ્રંથસાહેબને તમારા ગુરુ તરીકે માનજો."[૧૩]

ઈ. સ. ૧૭૦૮માં ગુરુ ગોવિંદસિંહ મૃત્યુ પામ્યા. તેઓ શીખ ગુરુ પરંપરાના છેલ્લા જ ગુરુ હતા. એમના મરણ પછી એમણે શીખોને આપેલ આદેશ અનુસાર

૧૨ કોર્ટ, હીસ્ટરી ઑફ ધી શીખ્સ, પા. ૪૩

૧૩ એજ, પા. ૫૬

શીખધર્મ–અનુયાયીઓ ગ્રંથસાહેબને જ ગુરુસ્થાને સ્વીકારે છે અને ગુરુ પ્રત્યે જે આદર અને ભક્તિભાવથી જુએ છે અને વર્તે છે તે જ રીતે ગ્રંથસાહેબ પ્રત્યે પણ આદર રાખી વર્તાવ કરે છે.

૪. શીખધર્મનો બોધ :

શીખધર્મનો ઉપર આલેખેલો વિકાસ શીખધર્મની નીચેની વિશિષ્ટતાઓ છતી કરે છે.

એક, વિશ્વના પ્રવર્તમાન અગિયાર ધર્મોમાં ઐતિહાસિક દૃષ્ટિએ શીખ ધર્મ છેવટનો છે.

બીજું, શીખધર્મનો ઉદ્ભવ ઉત્તર ભારતમાં થયો અને એ ધર્મનો ભારતના બીજા ભાગોમાં પ્રસાર થવા છતાં એ ધર્મ–અનુયાયીઓનો વિશાળ જનસમુદાય પંજાબમાં વસે છે.

ત્રીજું, લડાયક ખમીરવાળી પ્રજા તરીકે—ખાલસા જૂથ તરીકે રાજ્યસત્તા સ્થાપી, પ્રસારી અને બધી રાજ્યસત્તાની જેમ સમાપ્ત થઈ.

ચાર, અન્ય ધર્મોમાં જે તે ધર્મને અસ્તિત્વમાન રાજ્યે આશરો આપ્યો કે સ્વીકાર્યો, પરંતુ અહીંયાં ધર્મે રાજ્ય સ્થાપ્યું.

શીખધર્મની આ વિશિષ્ટતાઓ જોઈને સહજ રીતે એ પ્રશ્ન ઊઠે કે શીખ–ધર્મનો ધાર્મિક બોધ શું છે ? એ સમજવા માટે શીખધર્મમાં રજૂ થયેલા કેટલાક મહત્ત્વના વિચારોની આપણે અહીંયાં રજૂઆત કરીશું.

ક. પરમતત્ત્વ :

ગુરુ નાનક બૌદ્ધિક રીતે એકેશ્વરવાદનો સ્વીકાર કરતા અને લાગણીની રીતે તેઓ ભક્તિમય હતા. આથી એમના મુખ્ય આદેશને કેટલીક વેળા ભક્તિમય અદ્વૈત તરીકે પણ ઓળખવામાં આવે છે. ગુરુ નાનકે એકેશ્વરવાદનો વિચાર ખૂબ દૃઢતાથી અને વારંવાર રજૂ કર્યો છે.

પ્રભુ એક છે, તે સૃષ્ટિ સર્જક છે અને તે જ સત્ય છે એ રજૂ કરતાં એમણે કહ્યું: "પરમાત્મા એક જ છે, તે સત્ય છે, જગતકર્તા છે, તે ભય અને દ્વેષથી રહિત છે; તે અમર, અજન્મ, અને સ્વયંભૂ છે. તે મહાન છે અને ઉદાર પણ છે.

તદ્દન શરૂઆતમાં આ જ એક સત્ય પરમતત્ત્વ હતું, આજે પણ આ જ સત્ય પરમતત્ત્વ છે અને ભવિષ્યમાં પણ એ જ સત્ય પરમતત્ત્વ રહેશે.''[૧૪]

વળી પરમતત્ત્વને એક જ પદાર્થ તરીકે સ્વીકારીને તે વિશે કહેવાયું છે : ''મારે કોને બીજો પદાર્થ કહેવો ? બીજો કોઈ પદાર્થ છે જ નહિ. બધામાં તે શુદ્ધ પરમતત્ત્વ જ રહેલું છે.''[૧૫]

પરમતત્ત્વ સંખ્યા દૃષ્ટિએ એક હોવા છતાં તેનો અનેક નામે ઉલ્લેખ કરી શકાય એમ છે, એ આપણે આગળ રજૂ કરેલા ધર્મોમાં અને ખાસ કરીને ઇસ્લામ-ધર્મ અને હિંદુધર્મમાં જોયું. હિંદુધર્મ અને ઇસ્લામધર્મમાં વપરાયેલા કેટલાંક નામોનો પરમતત્ત્વના નામ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે અને પરમતત્ત્વને માટે બીજાં કેટલાંક નવાં નામો પણ ઉમેરવામાં આવ્યાં છે. 'અલ્લાહ' અને 'ખુદા' જેવા ઇસ્લામમાં પરમતત્ત્વને માટે વપરાતાં નામો તથા 'બ્રહ્મ', 'પરબ્રહ્મ', 'પરમેશ્વર', 'હરિ', 'રામ' વગેરે જેવાં હિંદુધર્મમાં પરમતત્ત્વને માટે વપરાતાં નામોનો નાનકે શીખધર્મમાં ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત ગુરુ નાનકે પરમતત્ત્વને સંબોધવા માટે 'ગુરુ' શબ્દનો પણ ઉપયોગ કર્યો છે. વળી, પરમતત્ત્વને માટે 'સતનામ' અથવા 'સત્યનામ' શબ્દ પણ વાપરવામાં આવે છે.

હિંદુધર્મમાં રજૂ થયેલો એ વિચાર આપણે જોયો કે ખરેખરી રીતે સત્ય એક જ હોવા છતાં લોકો તેને અનેક નામોથી વર્ણવે છે. આ જ બાબત શીખધર્મમાં પણ કહેવાય છે. ''હે પ્રભુ ! તું એક જ છે, પણ તારાં રૂપો અનેક છે.''[૧૬]

શીખ પ્રાર્થનામાં સત્‌નામના રટણ પર ભાર મૂકવામાં આવે છે. તેનું કારણ ''જે નામ ભૂલી જાય છે તે ખોટે રસ્તે ચઢી જાય છે. સત્‌નામ વિના માણસનો ઉદ્ધાર શી રીતે થઈ શકે ?''[૧૭] સત્‌નામનો જપ એ તો મોક્ષ મેળવવાની ચાવી છે એમ કહેતા ગુરુ નાનક કહે છે : ''નામ એ દેવોનો દેવ છે. ગુરુના શિષ્યો (શીખો) સત્‌નામની પૂજા કરે છે અને એમ કરી મોક્ષપ્રાપ્તિમાં જે કંઈ અવરોધો હોય તેને દૂર કરે છે.''[૧૮]

ભક્તોને માટેનો ઈશ્વરનો અનન્ય પ્રેમ દર્શાવતા જેમ ભગવદ્‌ગીતામાં કહેવાયું છે કે જ્યાં જ્યાં ભક્તો મારું ગાન ગાય છે ત્યાં ત્યાં હું પ્રત્યક્ષ છું;

---

૧૪ મેકાઉલિફ ગ્રંથ ૧, પા. ૩૫, ૧૯૫
૧૫ ટ્રમ્પ, પા. ૯૮
૧૬ ટ્રમ્પ, પા. ૫૦૪
૧૭ એજ, પા. ૫૮૯
૧૮ એજ, પા. ૧૩૮

એવું જ કથન નાનકે પણ કર્યું છે: "હું નામમાં રહું છું અને નામ મારા હૃદયમાં રહે છે."[૧૯]

આ ઉપરથી એ જોઈ શકાશે કે પરમતત્ત્વના એકરૂપ માટે ગુરુ નાનકનો કેટલો અને કેટલો આગ્રહ હતો. આપણે વધુમાં એ પણ જોઈ શકીએ છીએ કે પ્રભુ-પ્રાપ્તિને માટે એમણે પ્રબોધેલ માર્ગ હિંદુ અને ઇસ્લામ ધર્મે પ્રબોધેલા માર્ગો કરતાં સાવ સરળ માર્ગ છે. એ માર્ગ 'નામ-જપ'નો છે. સત્યનામનું રટણ કરતાં કરતાં સત્ય નામરૂપ બની એમાં એકલીન થઈ જવાય છે એમ સૂચવનાર નાનકના બોધને વાજબી રીતે જ ભક્તિમય અદ્વૈત તરીકે ઓળખાવી શકાય.

ગુરુ નાનકનો મહત્ત્વપૂર્ણ ઉપદેશ એક જ પરમતત્ત્વનો છે. માત્ર એકેશ્વરવાદના સ્વીકારને કારણે નહિ પરંતુ એના સ્વીકારથી, એમના સમયના પ્રચલિત વિવિધ ધર્મોમાં પ્રવર્તેલ દૂષણો પણ આ એક તત્ત્વના સ્વીકારથી દૂર થઈ જાય એ મતે પણ એનું મહત્ત્વ છે.

મુસલમાનધર્મમાં મુસલમાનોને ખુદાના બંદા ગણીને બિરાદરીની વાત રજૂ કરવામાં આવી. હિબ્રૂધર્મમાં પણ ઇઝરાઈલો પ્રભુના પ્યારા છે અને ઈશ્વરની વિશિષ્ટ રહેમ નજર એમના પર છે એવું સૂચવાયું. પરંતુ શીખધર્મે એક જ ઈશ્વરના સ્વીકારની સાથે માનવજાતના સર્વ ભેદોનો પણ અસ્વીકાર્ય કર્યો અને સૃષ્ટિના એક ઈશ્વરની જેમ સૃષ્ટિની માનવજાત પણ એક જ છે એવું તાત્પર્ય આપ્યું.

જો ઈશ્વર એક જ હોય, અને એમને ભલે અનેક નામોએ સંબોધવામાં આવે, તોયે, એ એક ભાષા-વ્યાપાર જ છે, અને ઈશ્વરના સ્વરૂપનો એથી પૂર્ણ ખ્યાલ આવતો નથી. પ્રત્યેક નામ દીઠ એક મૂર્તિ બની શકે એ રીતે 'સત્' નામનાં અન્ય વિવિધ નામોનો અર્થ ઘટાવવાનો નથી. આ દૃષ્ટિએ નાનકના ઉપદેશમાં રૂપપૂજા, મૂર્તિપૂજાનો અભાવ છે. (જો કે પાછળથી ગ્રંથપૂજા દાખલ થઈ છે.)

ઈશ્વર જો એક હોય તો તે દેહધારી બનીને એક નિર્ગુણ સ્વરૂપે અને બીજા સગુણ સ્વરૂપે કઈ રીતે બની શકે? આથી જ નાનક નિર્ગુણ બ્રહ્મ અને સત્‌નામને એક લેખે છે અને એ રીતે નાનકની પરબ્રહ્મની ભાવના અવતાર – વિચારનો સ્વીકાર કરવા દે એમ નથી. (આમ છતાં નાનકના અવસાન પછી એમના કેટલાક અનુયાયીઓએ એમને ઈશ્વરસ્થાને સ્થાપવાનો પ્રયાસ કર્યો છે એ આપણે અન્યત્ર નોંધ્યું છે.)

---

૧૯ એજ, પા. ૭૭

પરમ બ્રહ્મના નાનકે આપેલા ઉપદેશમાંથી માનવવ્યવહાર અને વિધિ વિશેના કેટલાંક સૂચનો પણ નિષ્પન્ન થાય છે. આમાં કોઈપણ સ્થાનનો ઈશ્વરના એકમાત્ર સ્થાન તરીકે સ્વીકારવાનો અભાવ સ્પષ્ટ થાય છે. ઈશ્વર એક જ હોઈ, એ સર્વવ્યાપ્ત છે અને સર્વસ્થળ એનું જ છે. એથી કોઈ સ્થળને ઈશ્વરી સ્થાન તરીકેનો વિશિષ્ટ દરજ્જો આપવાની જરૂર નથી. આ અર્થમાં નાનક મંદિર સ્થાપનાની કે તીર્થસ્થાપનાની વિરુદ્ધ હતા. (આમ છતાં નાનકના મૃત્યુ પછી એમના ધર્મમાં પ્રાર્થનાસ્થાન અને તીર્થસ્થાન થયા છે એ આપણે અન્યત્ર નોંધ્યું છે.)

પરમ સત્ય એક જ હોવાને લીધે એની પ્રાપ્તિને માટે કોઈ સ્થળે જવાની કે વિશિષ્ટ પ્રકારના બાહ્યાચાર કરવાની વ્યવસ્થાનો પણ નાનકે ધ્વન્કાર કર્યો. ધર્મજીવનના એક આદર્શ તરીકે નાનકે પોતાના જ જીવનનો નમૂનો પેશ કર્યો. ખોરાક, પહેરવેશ વગેરેનો બાહ્યાચાર મહત્ત્વનો નથી. વિવાહીત જીવન ઈશ્વરપ્રાપ્તિમાં બંધનરૂપ નથી. સાચા ગુરુ વિના અન્ય કોઈ પંડિત કે પુરોહિત મોક્ષપ્રાપ્તિમાં સહાયક થઈ શકે એમ નથી એ વાત એમણે એમના ઉપદેશમાં કહી અને પોતાના જીવનમાં પ્રત્યક્ષ કરી.

એક મહાન ઉપદેશમાંથી શું શું નિષ્પન્ન થાય છે, તેમ જ એક જ આદેશમાંથી નિષ્પન્ન થતાં સત્યો ક્રાળક્રમે કેવી રીતે બદલાય છે, અને છતાંય એ બધાંમાં જ મૂળ સત્યનો સ્વીકાર થયેલો જ રહે છે, એમ કઈ રીતે મનાય છે તે આપણે ઉપરની રજૂઆતથી સમજી શકીશું.

ખ. જગતવિચાર :

શીખધર્મમાં અને ખાસ કરીને નાનકના બોધમાં જગતને ક્ષણિક તરીકે વર્ણવવામાં આવ્યું છે. "તું કોની સાથે મિત્રતા બાંધે છે ? આ સમસ્ત જગત ક્ષણિક છે. પ્રભુ વિના બીજું બધું જ મિથ્યા છે."[૨૦]

હિંદુધર્મની જગતની ક્ષણિકતા અને મિથ્યાત્વનો અહીંયાં સ્વીકાર થયેલો છે. પરંતુ શીખધર્મના વિકાસની સાથે જગતને ક્ષણિક તરીકે સ્વીકારી શકાય કે કેમ એ એક વિચારણાનો પ્રશ્ન છે.

હિંદુધર્મમાં જગતને ક્ષણિક તેમ જ ભ્રાંતિમય આલેખવામાં આવેલ છે. બૌદ્ધધર્મે એને અનિત્ય તરીકે ઓળખાવેલ છે. આ બંને વિચારનો નાનકે સ્વીકાર કર્યો લાગે છે. " આ જગતનો બધો વ્યવહાર ક્ષણિક છે. આ જગત ભ્રાંતિ છે."[૨૧]

---

૨૦ ટ્રમ્પ, પા. ૬૪૨

૨૧ એજ, પા. ૧૨૮–૧૨૯

ગ. જીવવિચાર :

ગુરુ નાનકે પોતાને વિશેના કરેલા ઉલ્લેખો આપણે આગળ જોયા છે. એમના જેવા પણ જો તુચ્છ, નિરાધાર અને પરાધીન હોય તો સામાન્ય માણસની તો વાત જ શી રીતે કરવી? માણસના સ્વરૂપ વિશે ખ્યાલ આપતા કહેવાયું છે : "નાનક ઈશ્વરનો સેવક છે અને ઈશ્વર જ પરમતત્ત્વ છે."[૨૨] માણસના દુઃખના કારણનું વિશ્લેષણ કરતાં એમ કહેવામાં આવ્યું છે કે "જ્યાં સુધી માણસ એમ ધારે છે કે હું બધું કરું છું ત્યાં સુધી તેને કોઈપણ જાતનું સુખ મળતું નથી."[૨૩] માનવી માત્ર નિમિત્ત છે અને ઈશ્વરઆજ્ઞા જ સર્વસ્વ છે એમ જણાવતાં કહેવાયું છે : "ઈશ્વરની આજ્ઞાથી બધા ઉત્પન્ન થયા. તેની જ આજ્ઞાથી બધા પોતાનું કામ કરે છે. ઈશ્વરની આજ્ઞાથી જ મનુષ્યનું મૃત્યુ થાય છે. તેની જ આજ્ઞાથી મનુષ્ય સત્નામમાં લીન થાય છે. ઈશ્વરનો ઇચ્છા હશે એ પ્રમાણે જ બધું થશે. તેના પ્રાણીઓ પાસે જરાયે સત્તા નથી."[૨૪]

ઘ. મોક્ષવિચાર :

મનુષ્યનું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી તેમ જ પોતે ઈશ્વરાધીન છે અને આ જગત પણ ક્ષણિક મિથ્યા છે એમ જણાવ્યા પછી પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે માનવજીવનનું અસ્તિત્વ શા માટે? માનવજીવનનું ધ્યેય શું?

આ પ્રશ્નના ઉત્તરમાં હિંદુધર્મની જેમ શીખધર્મ પણ ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરવું તથા તેની સાથે એકાકાર સાધવો, એને મોક્ષ તરીકે સ્વીકારે છે.

પરંતુ આ એકાકારની પ્રાપ્તિ સ્વપ્રયત્ને થાય છે એવું નથી. "કેવળ શબ્દોથી જ ઈશ્વરનું જ્ઞાન મળતું નથી. ઈશ્વરની કૃપાથી જ માણસને તે જ્ઞાન મળે છે. જ્યારે દયાળુ પરમાત્મા દયા કરે છે ત્યારે જ સાચા ગુરુ મળી આવે છે."[૨૫]

આમ, મોક્ષની પ્રાપ્તિને માટે સત્નામ જપ ઉપરાંત બીજી બે બાબતો ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે. એક તો ઈશ્વરની કૃપા અને બીજું, ગુરુની દોરવણી. ગુરુનું શરણ સ્વીકાર્યા વિના એની દોરવણી કેમ મળે? અને ઈશ્વરના આદેશનું પાલન કર્યા વિના એમની કૃપા કયાંથી પ્રાપ્ત કરી શકાય?

---

૨૨ એજ, પા. ૬૪૪
૨૩ એજ, પા. ૪૦૦
૨૪ એજ, પા. ૭૮
૨૫ એજ, પા. ૬૩૮

ગુરુના માર્ગદર્શન વિના કોઈ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, તેમ જ ગુરુજ્ઞાન વિના ઈશ્વરપ્રાપ્તિ શક્ય નથી. એ વિશે કહેવાયું છે : "સાચા ગુરુ વિના તને માર્ગ જડવાનો નથી"[૨૬] અને "ગમે એટલો શાસ્ત્રાર્થ કરવામાં આવે તોયે કોઈએ ગુરુ વિના ઈશ્વરને મેળવ્યો નથી."[૨૭]

ચ. વિધિ-વ્યવહાર :

શીખધર્મમાં યજ્ઞનું કોઈ સ્થાન નથી. એ ધર્મમાં મૂર્તિ પણ સ્વીકારવામાં આવતી નથી અને એથી મૂર્તિપૂજા પણ એમાં નથી.

એમાં કેટલીક સરળ વિધિ અને વ્યવહાર રજૂ કરવામાં આવ્યા છે.

ઈશ્વરના નામનું ધ્યાન કરવું અને સત્નામનો જપ કરવો એ ધર્મ-અનુયાયીઓનું મુખ્ય કર્તવ્ય છે. આવી કેટલીક સૂચનાઓ નીચે પ્રમાણે છે :

"નામનો જપ કરો. નામનું શ્રવણ કરો, નામનો જ વ્યવહાર કરવો."[૨૮]

"પવિત્ર નામ જ મારો આધાર છે."[૨૯]

"એક પરમાત્માના નામનો જપ કરવો, એ એક જ બધાનું મુખ્ય કર્તવ્ય છે"[૩૦]

"હે ભાઈ પરમતત્ત્વનું ધ્યાન ધરવું એ એકલો જ ધાર્મિક વિધિ છે."[૩૧]

આમ છતાં, નાનકના કેટલાક અનુયાયીઓએ નાનકને પરમસત્ય રૂપ સ્વીકારી એની પૂજા કરવા માંડી. નાનકને તેઓએ આદરભાવથી 'નાનક શાહ' કહેવા માંડ્યું. લોકો તેમને ઈશ્વર તરીકે માનતા થયા અને એમને જ વિનંતી કરવા લાગ્યા કે તેઓ એમને મોક્ષ અને ક્ષમા આપે.[૩૨]

૫. ધર્મપંથ :

સંખ્યાબળની દૃષ્ટિએ નાનો હોવા છતાં શીખધર્મમાં એક કોડી કરતાં વધારે પંથો છે. પંથનો આધાર ઘણી ક્ષુલ્લક બાબતો પર રહેલો છે. પહેરવાનાં વસ્ત્રોનો

---

૨૬ એજ, પા. ૬૪૬
૨૭ એજ, પા. ૫૮૯
૨૮ એજ, પા. ૫૮૭
૨૯ એજ, પા. ૫૭૭
૩૦ એજ, પા. ૨૩૪
૩૧ એજ, પા. ૩૩૫
૩૨ મેકાઉલિફ – ગ્રંથ ૧, પા. ૫૧

રંગ ધોળો રાખવો જોઈએ કે ભૂરો કે ભગવો; વસ્ત્રની લંબાઈ કેટલી રાખવી જોઈએ, કેશ રાખવા જોઈએ કે એનું મૂંડન કરાવી શકાય, એવા જુદા જુદા મતભેદો પર આવા પંથો પડ્યા છે.

આમ છતાં, શીખધર્મમાં કેટલાક મહત્ત્વના પંથોનો અહીં ઉલ્લેખ કરીએ.

૧. નિવૃત્તિપરાયણ :

જેઓ નાનકના ઉપદેશમાં માને છે અને જેઓ માત્ર એમના જ માર્ગને અનુસરવાને માટે તૈયાર છે એવા ગુરુ નાનકના સુરત અનુયાયીઓ આ પંથમાં સમાવિષ્ટ છે.

૨. પ્રવૃત્તિપરાયણ :

જે અનુયાયીઓ ગુરુ ગોવિંદસિંહના ઉપદેશમાં માને છે અને તેમને ગુરુ તરીકે સ્વીકારી તેમના જ અનુયાયીઓ થવાનું પસંદ કરે છે, તેઓ ખાલસા–મંડળના સભ્યો બને છે અને તેઓ પ્રવૃત્તિપરાયણપંથી તરીકે ઓળખાય છે.

આ ઉપરાંત બીજા પણ કેટલાક શીખપંથો છે – જેવા કે,

ઉદાસી — જગત પર વૈરાગ્યભાવ રાખનારા.

સુથ્રે — પવિત્ર સાધુઓ તરીકે ભેખ લેનાર.

દીવાને — પાગલ સાધુઓનું જૂથ.

નિર્મલે — આજીવન બ્રહ્મચારીનું વ્રત સ્વીકારનાર.

અકાલી — અનંત સત્તાને પૂજનાર નિત્ય પદાર્થ કાલાતીત છે એમ દૃઢપણે માનનારાઓનું જૂથ.

સંદર્ભ ગ્રંથસૂચિ

કનંગહામ, જે. ડી. : **હિસ્ટરી ઓફ શીખ્સ**, જ્હોન મૂરે, લંડન, ૧૮૪૯

ખસનસીંગ : **હિસ્ટરી એન્ડ ફિલોસોફી ઓફ શીખ રિલિજિયન**, લાહોર, ૧૯૧૪

ગ્રીનલીઝ, ડંકન : **ધી ગોસ્પેલ ઓફ ધી ગુરુ ગ્રંથસાહેબ**, ધી થિયોસોફિકલ પબ્લિશિંગ હાઉસ, મદ્રાસ, ૧૯૫૨

ટ્રમ્પ : ગ્રંથનું ભાષાંતર

મેકાઉલીફ, એમ. એ. : **ધી શીખ રિલિજિયન, ઇટ્સ ગુરુસ, સેક્રેડ રાઈટિંગ્સ એન્ડ ઓથર્સ**, ઓક્સફર્ડ, ૧૯૦૯, ૧૯૧૯

— **લાઇફ ઓફ ગુરુ નાનક**

સીંગ, તેની : **એસેઝ ઇન શીખીઝમ**, શીખ યુનિ. પ્રેસ, લાહોર, ૧૯૪૪

૨.૯ શિન્તોધર્મ

૧. સામાન્ય :

પોતાના ઉત્પત્તિ પ્રદેશ પૂરતા જ મર્યાદિત રહેલા ધર્મોમાં હિંદુધર્મ અને જૈનધર્મની સાથે શિન્તોધર્મનો પણ સમાવેશ કરી શકાય. આ ધર્મ જાપાનનો ધર્મ છે. ઈ. સ. પૂર્વે ૬૬૦માં આ ધર્મના મંડાણ થયાં એમ કહેવાય છે.

જગતના માત્ર બે જ એવા ધર્મો છે જેનો કોઈ સ્થાપક નથી. આમાં એક હિંદુધર્મ અને બીજો શિન્તોધર્મ છે. શિન્તોધર્મના ગ્રંથોને આધારે એમ કહી શકાય કે ઈશ્વરે જાપાનના બેટને પ્રથમ ઉત્પન્ન કર્યો, અને પછી સ્વર્ગમાંના સૂર્યદેવતાનો સાક્ષાત્ અવતાર મિકાડો ત્યાં પ્રત્યક્ષ થયા. નિહોન્-ગીમાં કહેવાયું છે : "મારા પ્રતાપી પૌત્ર, તું ત્યાં જા અને તેના પર રાજ્ય કર. જા અને તારો વંશ સુખી થશે અને આકાશ અને પૃથ્વીની જેમ તે સદાકાળ જીવંત રહેશે."[૧]

જાપાનની પ્રજામાં એ ભાવના દૃઢ થયેલી છે કે તેમનો દેશ અને તેમનો ધર્મ ઈશ્વર બક્ષેલ છે. એમની આ માન્યતા અને ભાવના શિન્તોધર્મના વિકાસની પ્રત્યેક પળે અવલોકી શકાય છે.

---

૧ એસ્ટન, ડબલ્યુ જી : ટ્રાન્સેક્શન્સ એન્ડ પ્રોસિડીંગ્સ ઑફ ધી જાપાન સોસાયટી – લંડન, ૧૮૯૬, ગ્રંથ ૧, પા. ૭૭

૨. શિન્તોધર્મનો વિકાસ :

પ્રથમ યુગ (ઈ. સ. પૂ. ૬૦૦ થી ઈ. સ. ૫૫૨) :

ઈ. સ. પૂર્વે ૬૦૦માં પ્રથમ મિકાડોનું જપાનના ટાપુ પર અવતરણ થયું. તે સમયથી જપાનમાં શિન્તોધર્મની શરૂઆત થઈ અને ઈ. સ. ૫૫૨માં બૌદ્ધધર્મ જપાનમાં પ્રવેશ્યો ત્યાં સુધીનો આ સમગ્ર સમય જપાનમાં શિન્તોધર્મની સર્વોપરિતાનો છે.

બીજો યુગ (ઇ. સ. ૫૫૨ થી ૮૦૦) :

બૌદ્ધધર્મ હિંદુસ્તાનમાંથી ચીનને માર્ગે થઈ કન્ફ્યુશિયસ અને તાઓ ધર્મની સાથે આ ગાળામાં જપાનમાં પ્રવેશ પામ્યો. શિન્તોધર્મની આગલા સમય ગાળાની સર્વોપરિતાને લીધે સ્વાભાવિક રીતે જ શિન્તોધર્મ મજબૂત હતો. શિન્તોધર્મના નિહોન ગી નામના પુસ્તકમાં બૌદ્ધધર્મની શરૂઆતમાં કેવી પરિસ્થિતિ હતી એનો સવિસ્તાર ખ્યાલ આપવામાં આવ્યો છે. એમાં એક સ્થળે કહેવાયું છે.[૨] "ઇ. સ. ૬૪૫માં કોતુકુ નામના રાજાએ બૌદ્ધધર્મને માન આપ્યું અને દેવોના માર્ગોનો તિરસ્કાર કર્યો."

આથી એ સમજાય છે કે શરૂઆતનાં સવાસો વર્ષ સુધી બૌદ્ધધર્મને જપાનમાં સ્થિર થવાની તક સાંપડી ન હતી. પરંતુ શિન્તોધર્મની સાથે જ બૌદ્ધધર્મના સહઅસ્તિત્વને પરિણામે એક ધર્મની બીજા ધર્મ પર સહજ રીતે જ અસર થઈ.

ત્રીજો યુગ (ઇ. સ. ૮૦૦ થી ૧૭૦૦) :

બૌદ્ધધર્મનો એક પૂજારી કોબોદૈશી (ઇ. સ. ૭૭૪–૮૮૫) એક એવા ધર્મનો ઉપદેશ કરતો હતો, જેને મિશ્ર શિન્તો અથવા તો રિઓબુ તરીકે ઓળખાવાય છે. એના ઉપદેશ અનુસાર બૌદ્ધધર્મના દેવો જ શિન્તોધર્મમાં દેવ તરીકે સ્વીકારાયા છે.

એ જ પ્રમાણે કેટલાક વિચારકો પણ માનતા હતા કે શિન્તોધર્મ, બૌદ્ધધર્મ અને કન્ફ્યુશિયસધર્મને એકત્રિત કરી એમાંથી જ એક નવો ધર્મ બનાવી શકાય એમ છે.[૩]

આ સમય ગાળામાં શિન્તોધર્મને બૌદ્ધધર્મ, કન્ફ્યુશિયસધર્મ તેમ જ તાઓધર્મની સાથે સંઘર્ષમાં રહેવું પડ્યું. આના પરિણામે ઇ. સ. ૧૪૬૫ થી

---

૨ નિહોન્ ગી ૨ : ૧૯૫; (હ્યુમ, ૧૪૬–૧૬૯)

૩ બ્રિંકલે, હિસ્ટરી ઑફ ધી જપાનીઝ પીપલ, પા. ૪૪૨

૧૮૬૭ સુધી શિન્તોધર્મનો મોટામાં મોટો અભિષેક 'ઓહ નીહે' પણ બંધ રાખવો પડ્યો.[૪]

ચોથો યુગ (ઇ. સ. ૧૭૦૦ થી ૧૮૬૮) :

જાપાનમાં ઉપરના મિશ્ર ધર્મયુગ દરમ્યાન સૂર્યસ્વરૂપ મિકાડોની સ્થિતિ ઘણી વિપરીત બની. આથી મિકાડોને ઈશ્વરસ્વરૂપે સ્વીકારનારા જાપાનના વિદ્વત વર્ગે શિન્તોધર્મને પુનર્જીવિત કરવાનો અને એમાં પ્રાણ પૂરવાનો પ્રયાસ કર્યો. આ દિશામાં થયેલા પ્રયત્નોમાં નીચેના વિચારકોનો મહત્ત્વનો ફાળો છે.

કદ (ઇ. સ. ૧૬૬૯ – ૧૭૩૬) :

કદે જાપાનની ભાષાનો અભ્યાસ શરૂ કર્યો અને જાપાનની જૂની ભાષા પર પ્રભુત્વ મેળવી એમણે જાપાનના જૂના ગ્રંથોને નવું સ્વરૂપ આપ્યું.

પરંતુ, એમનું હાથ ધરેલું કાર્ય એમના શિષ્ય મબુચીએ (ઇ. સ. ૧૬૯૭–૧૭૬૯) આગળ વધાર્યું. મબુચીએ જે આધાર લીધો તેનો ઉલ્લેખ એસ્ટન આ પ્રમાણે કરે છે.[૫] "પ્રાચીન સમયમાં જ્યારે મનુષ્યની વૃત્તિ સરળ હતી ત્યારે નીતિના અટપટા નિયમોની આવશ્યકતા ન હતી. તેથી તે સમયે સારું અથવા ખોટું એ બતાવનારા સિદ્ધાંતની જરૂર ન હતી. પણ ચીનના લોકો પાસે ઘણો સારો ઉપદેશ મૂકવામાં આવ્યો હતો. છતાં પણ તેમના હૃદય ખરાબ હોવાથી માત્ર બહારથી તે સારા દેખાતા હતા. જાપાનીઓ સરળ હતા અને તેથી નીતિના સિદ્ધાંતો વિના તેમને ચાલતું."

આમ કદ અને મબુચીએ મળીને જાપાનને માટે તથા જાપાનના લોકો માટે શું મહત્ત્વનું છે અને જરૂરી છે તેના સમર્થનમાં જાપાનની પ્રજ્ઞા અને એની પડોશી પ્રજ્ઞા વિશેનો ખ્યાલ સ્પષ્ટ કર્યો.

મોતૂરી (ઇ. સ. ૧૭૩૦ – ૧૮૦૧) :

જાપાનના શિન્તોધર્મને નવજીવન આપવાના પ્રયાસમાં મોતૂરીનો ફાળો જુદા પ્રકારનો રહ્યો છે. એમણે જાપાનના ધર્મગ્રંથ કોજીકી ઉપર ટીકા લખી છે અને એ ૪૫ ભાગોમાં પ્રસિદ્ધ થઈ છે.

શિન્તોધર્મને પુનર્જીવિત કરવાને માટે તેમણે જે માર્ગ ગ્રહણ કર્યો તેમાં બહારના દેશોમાંથી જે ધર્મો જાપાનમાં આવ્યા તેમની એકતરફે ટીકા કરવાનો,

૪ એસ્ટન ગ્રંથ ૧, પા. ૩૬૪, ૨૭૭

૫ એજ, ગ્રંથ ૩, પા. ૧૬

અને છતાંય એમાંના જે સારાં તત્ત્વો છે તેનો જાપાનના શિન્તોધર્મનાં તત્ત્વો સાથે સમન્વય કરવાનો પ્રયત્ન રહ્યો છે. એટલું જ નહિ પરંતુ મિકાડો વંશના દૈવત્વના અંશને પણ એમણે પુનઃ સ્થાપિત કર્યો.

આ રીતે ચીન અને હિંદુસ્તાન જેવા દેશ ઉપર એમણે ટીકા કરી અને એ દેશ ઉપર સૂર્યદેવીની કૃપા ન હોવાને પરિણામે ત્યાંના રાજ્યકર્તાઓ કાયમ નથી તેમ જ એ પ્રદેશમાં ભૂત, પ્રેત વગેરે અનિષ્ટ તત્ત્વોને આગળ વધવાની તક મળે છે અને તેઓ માનવજાતિને ભ્રષ્ટ કરે છે એમ સૂચવ્યું.[૬]

આમ કરીને મોતૂરીએ પોતાના પ્રદેશની અસ્મિતા વધારી અને હિંદુસ્તાન અને ચીનથી આવેલા લોકો અને ધર્મોની પ્રતિષ્ઠા ઘટાડી.

આ ઉપરાંત એમણે જાપાનના કમી-નો-મીચી ધર્મને લાઓત્ઝેના તાઓધર્મ સાથે સમરૂપ ગણીને એ ધર્મના મૂળ જાપાનમાંથી ઉખેડવાનો પ્રયાસ કર્યો. એટલું જ નહિ પરંતુ એમણે મિકાડો વંશની પુનઃ પ્રતિષ્ઠા સ્થાપવાનું કહ્યું. "મિકાડો વંશ સદાસર્વદા અવિચ્છિન્ન રીતે ચાલ્યો રહ્યો છે, તે સ્પષ્ટ કરે છે કે કમી-નો-મીચી નામનો માર્ગ અથવા શિન્તોધર્મ બીજા બધા દેશોના ધર્મો કરતાં અનેક રીતે ચઢિયાતો છે."[૭]

શિન્તોધર્મના સમગ્ર ઇતિહાસમાં મોતૂરીનું સ્થાન મહત્વનું છે. જાપાનના શિન્તોધર્મના ઉત્થાનને માટે એમણે જાપાનના ધર્મની દેવભાવનાની અટપટી મુશ્કેલી કેવી રીતે દૂર કરી એનો ખ્યાલ શિન્તોધર્મની દેવભાવનાની વિચારણામાંથી આપણને મળશે.

હિરત (ઇ. સ. ૧૭૭૬ – ૧૮૪૩) :

હિરતે અનેક ગ્રંથો લખ્યા અને એમ કરીને શિન્તોધર્મની લોકભોગ્ય સમજૂતી આપવાનો એમણે પ્રયાસ કર્યો.

આ ધર્મને સમજાવવા માટે એમણે કહ્યું[૮] : "બે મુખ્ય સિદ્ધાંતો આ છે– એક તો જાપાન દેવોનો દેશ છે અને બીજો જાપાનવાસીઓ દેવોના વંશજો છે. જાપાનીઓ અને જગતની બીજી બધી પ્રજાઓ જેવી કે ચીનાઓ, હિંદુઓ,

૬ એસ્ટન, ગ્રંથ ૩, પા. ૨૫
૭ એજ, ગ્રંથ ૩, પા. ૨૭
૮ એજ, ગ્રંથ ૩, પા. ૪૬

રશિયનો, વલન્દાઓ, સિયામીઓ, કંબોડિયનો – વચ્ચે માત્ર પ્રમાણનો જ નહિ પરંતુ જાતિનો ભેદ પણ છે. "

આ જાતિભેદની કલ્પના પર સમસ્ત પ્રજાને શી રીતે જાગ્રત કરી શકાય અને સંગઠિત કરી શકાય એનું જગતના ઇતિહાસમાં નિત્સે અને હિટલરે આર્ય પ્રજાના પ્રબોધેલા ખ્યાલ અને પ્રયાસ પરથી અનુભવાયેલ છે. જાપાની પ્રજા દૈવી પ્રજા છે એવો ખ્યાલ જાગૃત કરીને હિરતે પ્રજાને પોતે શ્રેષ્ઠ છે એમ શીખવ્યું. આના જ પૂરક વિચાર તરીકે એમણે કહ્યું, "જાપાની લોકો દેવોના વંશજો છે અને તેથી હિંમત અને બુદ્ધિમાં તેઓ બીજા દેશોની પ્રજાઓ કરતાં અનેક રીતે ચઢતાં છે. "[૯] એમનું ચઢિયાતાપણું માત્ર દૈવી વંશપરંપરાને કારણે જ નહિ પરંતુ તેમના હૃદયની પવિત્રતાને પણ આભારી છે એમ જણાવતા એમણે કહ્યું : "જાપાનીઓ પ્રામાણિક અને હૃદયના પવિત્ર હોય છે, અને અન્ય પ્રજાઓની જેમ તેઓ નથી તો અર્થહીન સિદ્ધાંતો આપતા તેમ જ નથી તો જૂઠું બોલતા. "[૧૦]

આ ઉપરાંત મિકાડોનું સ્થાન પુનઃ સ્થાપિત કરવાને માટે જેમ મોતૂરીએ પ્રયત્ન કર્યો એમ જ હિરતે પણ કર્યો અને એમણે કહ્યું : "મિકાડો એ સાચે જ દેવનો પુત્ર છે અને ચારેય સમુદ્રો તેમ જ દશ હજાર દેશો ઉપર રાજ્ય કરવાનો એને અધિકાર છે. "[૧૧] આથી આપણે એ જોઈ શકીએ છીએ કે આ સમય દરમ્યાન જાપાનના વિદ્વાનોએ જાપાનની પ્રજામાં એક નવો પ્રાણ પૂરવાનો પ્રયાસ આદર્યો. શિન્તોધર્મને પ્રસ્થાપિત કરવાનો તેમ જ મિકાડોનું સ્થાન પુનઃ પ્રાપ્ત થાય એ માટેના પ્રયત્નો કર્યા અને આ સર્વને પરિણામે ઈ. સ. ૧૮૬૮માં આ ધર્મની પુનઃ સ્થાપના થઈ. આપણે એટલું નોંધવું જોઈએ કે આ ગાળા દરમ્યાન શિન્તોધર્મના ત્રણ ધર્મપંથો અસ્તિત્વમાં આવ્યા. કુરોઝૂમિક્યો, કોન્કોક્યો અને ટેનરીક્યો. આ ધર્મપંથોનો વિચાર હવે પછી હાથ ધરીશું.

પાંચમો યુગ (ઈ. સ. ૧૮૬૮ – ૧૯૪૫) :

ઈ. સ. ૧૮૬૮માં મિકાડોની પુનઃ સ્થાપના થઈ. મૈજી યુગમાં એને ફરીથી શુદ્ધ સ્વરૂપ આપવાનો પ્રયાસ થયો. પરંતુ હવે પછીના ફેરફારો ઝડપથી થતા રહ્યા.

---

૯ એજ, ગ્રંથ ૩, પા. ૫૪
૧૦ એજ, ગ્રંથ ૩, પા. ૫૮
૧૧ એજ, ગ્રંથ ૩, પા. ૫૨

ઈ. સ. ૧૮૭૧–૭૨માં એવો હુકમ રાજ્ય તરફથી નીકળ્યો કે દેશના તમામ શિન્તો મંદિરોમાં ૩૦મી જૂને તથા ૩૧મી ડિસેમ્બરે શુદ્ધિકરણનો મોટો સંસ્કાર વિધિસર કરવો.

ઈ. સ. ૧૮૮૯માં જાપાનનું રાજકીય બંધારણ સ્વીકારવામાં આવ્યું અને તેમાં પણ શિન્તોધર્મ વિશેની સ્પષ્ટતા થઈ. એમાં એમ કહેવામાં આવ્યું કે અનાદિકાળથી જેમનો વંશ અવિચ્છિન્ન ચાલ્યો છે તે રાજાઓ જાપાનમાં રાજ્ય કરશે. પરંતુ એની સાથે એમ પણ કહેવાયું કે રાજા એ પવિત્ર છે અને તેથી તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું જોઈએ નહિ.

એક તરફે શિન્તોધર્મના પુનરુત્થાન માટેના આવા પ્રયાસો ચાલતા હતા અને બુદ્ધધર્મના ઇન્કારને માટે તેમ જ પૂજારીઓના તિરસ્કારને માટેનો સતત પ્રયાસ ચાલતો હતો ત્યારે ૧૮૯૦ના અરસામાં હિંસા ફાટી નીકળી અને જાપાનમાં બૌદ્ધધર્મ વધુ સજીવ બનવા માંડ્યો.

ઈ. સ. ૧૮૯૦ના ઑક્ટોબરમાં કેળવણીના વિષયને લગતો રાજ્ય તરફનો એક ફતવો બહાર પડ્યો અને એમાં કહેવામાં આવ્યું : "મારા પ્રજાજનો ! તમે આ સાંભળો. આકાશ અને પૃથ્વીના જેટલી જૂની અને ત્રણેય કાળમાં નિશ્ચિત એવી આ આપણી રાજ્યગાદીની સમૃદ્ધિ સાચવો અને ચાલુ રાખો."[૧૨]

વધતી જતી હિંસા અને પ્રસરતા જતા બૌદ્ધધર્મની અસર કેવી થઈ હશે એનો આ ફતવામાંથી કંઈક ખ્યાલ આવી શકે છે. ઈ. સ. ૧૯૦૦ અને ૧૯૧૩માં મંદિરોના કાયદા પસાર કરવામાં આવ્યા અને તે અનુસાર રાજ્ય શિન્તોના ધર્મમંદિરોને ધર્મના ખાતામાંથી કાઢીને રાજ્યના ગૃહખાતામાં મૂકવામા આવ્યા.[૧૩]

આમ, ઈ. સ. ૧૯૧૩ પછી શિન્તો રાજ્યધર્મને અલગ પાડીને બાકીના ધર્મો જેમાં બૌદ્ધધર્મ, ખ્રિસ્તીધર્મ વગેરેનો સમાવેશ થાય છે તેમને સ્વતંત્ર રીતે ધાર્મિક પ્રવૃત્તિ તરીકે વિકસવાને માટેની તક આપવામાં આવી. પરંતુ તેની સાથે એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું કે એ ધર્મપંથો રાજકારણમાં કંઈ કરે નહિ તેમ જ રાજ્યશિન્તોની થતી વિધિઓ સામે કોઈ વિરોધ કે કંઈ ન કરે.

ઈ. સ. ૧૯૨૨ :

ઉપરની છૂટછાટોને પરિણામે પ્રજાકીય સત્તા ઘણી વધી અને એને પરિણામે કેટલીક રાજઆજ્ઞાઓનું સંપૂર્ણપણે પાલન થતું હતું, તે હવે થયું નહિ. દાખલા

---

૧૨ આર. ઈ. હ્યુમ–'ધી લીવીંગ રિલિજિયન્સ ઑફ ધી વર્લ્ડ', પા. ૧૨૫

૧૩ હૉલ્ટન, ડી. સી. – 'ધી પૉલિટિકલ ફિલોસોફી ઑફ ધી મોડર્ન શિન્તો, એ સ્ટડી ઑફ ધી સ્ટેટ રિલિજિયન ઑફ જાપાન, પા. ૯૫–૯૬

તરીકે, સૈકાઓથી જાપાનમાં એવો હુકમ ચાલતો હતો કે કોઈપણ વ્યક્તિ રાજાથી ઉપરના આસને રહીને રાજા ઉપર જોતો હોય એવી રીતે જુએ નહિ, અને છતાં ઈ. સ. ૧૯૨૨માં જાપાનના યુવરાજ જાપાનના ઇતિહાસમાં પહેલી જ વાર દુનિયાની મુસાફરીએ નીકળ્યા અને યુરોપમાંથી ફરીને જ્યારે સ્વદેશ પધાર્યા ત્યારે એમને જાપાનમાં ઘણાં શહેરોમાં સામાન્ય લોકોની વચ્ચે થઈને પસાર થવું પડ્યું. આમ જાપાનના મિકાડોની દૈવી સત્તાનો ધીમે ધીમે લોપ થતો રહ્યો.

ઈ. સ. ૧૯૪૫ :

બીજા વિશ્વયુદ્ધમાં જાપાનને જે હાર ખમવી પડી તેને પરિણામે ડિસેંબર ૧૯૪૫માં જાપાનના રાજવી મિકાડોએ જાહેરમાં પોતાની દૈવી વંશપરંપરાગતનો ત્યાગ કર્યો અને આમ વર્ષો પુરાણી દૈવી રાજ્યપ્રથાનો અંત આવ્યો. શિન્તો રાજ્યધર્મ પર આની શું અસર થાય છે એ ભાવિના ગર્ભમાં રહેલી બાબત છે.

૩. શિન્તો ધર્મપ્રકાર :

શિન્તોધર્મના ઉપર આલેખેલા ઇતિહાસ ઉપરથી આપણને એ સ્પષ્ટ થશે કે જાપાનમાં પ્રવર્તમાન ધર્મના એક કરતાં વધારે સ્વરૂપો છે. એ ધાર્મિક સ્વરૂપોને નીચે પ્રમાણે ગણાવી શકાય.

ક. શિન્તો રાજધર્મ
ખ. શિન્તો પંથધર્મ
ગ. જાપાન બૌદ્ધધર્મ
ઘ. પ્રભુ સામ્રાજ્ય પંથ (Kingdom of God movement).

આ ધર્મોની થોડી વિચારણા આપણે હાથ ધરીએ.

ક. શિન્તો રાજધર્મ :

રોમન સામ્રાજ્યના સમયમાં રોમન સમ્રાટના ધર્મને મળતો આ ધર્મપ્રકાર છે. એમાં અનેક દેવદેવીઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ અનેકેશ્વરવાદી મતના જાપાન દેશમાં એક લાખથી વધારે મંદિરો આવેલાં છે.

શિન્તોનો મુખ્ય વિચાર 'કામી' છે. 'કામી' એટલે પવિત્ર. આ ધર્મને 'કામીનો મીચી' એટલે કે દેવોનો માર્ગ પણ કહેવામાં આવે છે. આ ધર્મ અનુસાર જાપાનનો રાજ્યવંશ દિવ્ય છે અને જાપાન દેશ અને તેની પ્રજાએ એને

એ રીતે માનવો જોઈએ, એટલું જ નહિ પરંતુ એના રિવાજો, વિધિઓ વગેરે પણ એને અનુરૂપ હોવા જોઈએ.

'કામી' એ દેવ શબ્દને મળતો છે. 'કામી' કયાં તો સ્વર્ગીય હોય અથવા તો પૃથ્વી ઉપર અવતરેલા પણ હોય. જાપાનનો રાજવંશ આ પાછલાના પ્રતીક સમાન છે. શિન્તોધર્મનો અનેકેશ્વરવાદ 'કામી' કલ્પનામાં પંચમહાભૂતોનો, પ્રકૃતિની વસ્તુઓનો અને પૂર્વજોનો પણ સમાવેશ કરે છે.

રાજ્યધર્મ હોવાને કારણે લોકોમાં એનો ફેલાવો થાય અને ભાવિ પ્રજામાં એને માટે માન જન્મે તથા એને માટે આદરના સંસ્કાર સીંચાય એ માટે નિશાળોમાં શીખવાતાં સરકારી પુસ્તકોમાં જગતની ઉત્પત્તિ વિશે કેટલાક ઉલ્લેખો આપવામાં આવ્યા છે. એમ કહેવાયું છે કે ઇઝાન–ગી તથા ઇઝાન–મી એ બે દૈવી સ્વરૂપોના સંસર્ગમાંથી અમતેરાસુ નામની સૂર્યદેવીનો જન્મ થયો. આ સૂર્યમાતાથી જ મિકાડોનો ઉદ્‌ભવ થયો. રાજ્ય શિન્તોધર્મ મુખ્યત્વે કરીને વિધિને પ્રાધાન્ય આપતો ધર્મ છે. આવી અનેક વિધિઓનો આદેશ અપાયો છે. એમાંની મુખ્યવિધિ તે મત્સૂરી છે.

શિન્તોધર્મ વિશે કેટલાક વિચારકો એવા પ્રશ્નો ઉઠાવે છે કે શિન્તો ખરેખર એક સંપૂર્ણ પ્રકારનો ધર્મ છે કે રાષ્ટ્રભાવના કેળવવા અને પ્રજામાં રાજ્યવંશ તરફ વફાદારી કેળવવા માટેનું એક સાધન અને માર્ગ છે? આપણે ઉપર જોયું છે તેમ ૧૯૪૫માં મિકાડોએ પોતાના દૈવી અંશનો ત્યાગ કર્યા પછી આ ધર્મ પ્રત્યે લોકોનું વલણ કેવું રહે છે એ કાળપ્રવાહ જ કહેશે.

અ. પંથ શિન્તો :

રાજ્યધર્મથી અલગ એવા પંથ શિન્તોમાં શિન્તોધર્મમાં પ્રચલિત વિવિધ પંથોનો સમાવેશ થાય છે. આ પંથોનું વૈવિધ્ય એટલું તો છે કે એમાં જીવવાદથી માંડીને એકેશ્વરવાદની માન્યતા ધરાવતા પંથોનો સમાવેશ થાય છે.

આ વિવિધ પંથોની માહિતી આમ છે.[૧૪]

ધાર્મિક અથવા રૂઢિવાદી પંથો :

આવા ત્રણ પંથો છે અને એ બધા જ રાજવંશ અને રાજ્યના વખાણ કરતા હોય છે.

---

૧૪ બુકે, એ. સી., કમ્પેરેટિવ રિલિજિયન – પેન્ગ્વિન, ૧૯૬૭, પા. ૧૯૯

કન્ફ્યુશિયન પંથો :

આવા બે પંથો છે.

પર્વત પંથો :

આવા ત્રણ પંથો છે. જાપાનને દરિયાનું સાનિધ્ય પ્રાપ્ત છે, પરંતુ પર્વતોનું નહિ. આથી એવા પંથો અસ્તિત્વમાં આવ્યા છે, જેઓ એમ માને છે કે દેવ 'કામી'નો વાસ પર્વતોમાં છે.

શુદ્ધિકરણ પંથો :

આવા બે પંથો છે અને એકમાં રૂઢિચુસ્ત માન્યતાઓ ઉપર તો બીજામાં વૈરાગ્ય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

ધર્મમાન્યતા સુધારનાર પંથો :

આ પ્રકારના પંથો સૌથી અગત્યના પંથો છે. આવા ત્રણ પંથો છે. એ પ્રત્યેક પંથની આપણે થોડી વિગતે વિચારણા કરીશું.

કુઓઝુમી કયો :

આ પંથના સ્થાપક મુનેટડાનો જન્મ ઈ. સ. ૧૭૮૦માં થયો હતો. મુનેટડાનો મુખ્ય ઉપદેશ નીચે મુજબ છે :

એકેશ્વરવાદ : સૃષ્ટિમાં એક પરમતત્ત્વ સંચરે છે એવી માન્યતા.

માનવોનો ભ્રાતૃસંઘ : મુનેટડા એમ માનતા હતા કે પવિત્ર વસ્તુઓના મનનથી માનવીને એની અને દૈવીતત્ત્વ 'કામી'ની વચ્ચેનો સંબંધ સમજાય છે. આવી સમજણને લીધે માનવી ધીમે ધીમે દૈવતત્ત્વમાં પરિણમે છે અને જીવંત 'કામી' સમાન બને છે.

કોનકો કયો :

આ પંથના સ્થાપક કવાટે બંજીરોનો જન્મ ઈ. સ. ૧૮૧૪માં થયો હતો. તેઓ શરૂઆતમાં એક દાનવ કો'જીનની પૂજા કરતા હતા. એમણે સબળ નૈતિક માર્ગનો પ્રચાર કર્યો હતો અને સાથે જ અનેક દૈવીતત્ત્વોના માર્ગની વાતો કરતા હતા. પરંતુ ૧૮૫૫માં એમની સખત માંદગીને પરિણામે એમના જીવનમાં અને વિચારમાં ઘણું પરિવર્તન થયું. પોતે જે તત્ત્વમાં માનતા હતા એ કો'જીનમાં એમને સંશય થયો.

આનું પરિણામ એ આવ્યું કે ઇ. સ. ૧૮૫૮માં એમને એક વિશિષ્ટ દર્શન લાધ્યું અને ત્યાર પછી એમણે એવો પ્રચાર કર્યો કે દેવ એક છે, તેઓ ભલા છે અને જેઓ એમનામાં વિશ્વાસ મૂકે છે એમના તેઓ સાથીદાર બને છે. આમ, બંજીરો પણ એકેશ્વરવાદનો પ્રચાર કરવા લાગ્યા.

કેટલીક વેળા એવો પ્રશ્ન ઊઠે છે કે મુનેટડા અને બંજીરોનો એકેશ્વરવાદ એકમેકથી સ્વતંત્ર છે કે કોઈ અન્ય ધર્મની અસર નીચે નીપજેલ છે, યા તો પછી બંજીરોનો એકેશ્વરવાદ મુનેટડાના એકેશ્વરવાદની અસરનું પરિણામ છે?

આ બંને પંથસ્થાપકોનો એકેશ્વરવાદ અન્ય કોઈ ધર્મના પરિણામે હોય એમ માની શકાય એમ નથી. કારણકે એવો કોઈ સંપર્ક સ્થપાયો હોવાનો પુરાવો નથી. એ સંભવિત છે કે જુદા જુદા સમયે અને જુદા જુદા પ્રદેશમાં એક જ પ્રકારના અનુભવો અને વિચારો માનવીઓને પ્રાપ્ત થાય. આવા સમાંતરપણાના દાખલા માનવ–ઇતિહાસમાં માનવજીવનનાં અનેક ક્ષેત્રોમાં પ્રાપ્ત છે.

બંજીરોનો એકેશ્વરવાદ મુનેટડાના એકેશ્વરવાદમાંથી નીપજ્યો નથી. એ તો બંજીરો કઈ રીતે એકેશ્વરવાદ પર આવે છે એમાંથી પણ સ્પષ્ટ થાય. આમ છતાં, આ બંનેનો એકેશ્વરવાદ અનેક બાબતોમાં ભિન્ન છે તે નીચેના કોઠાથી સમજી શકાશે.

મુનેટડા	બંજીરો
એકેશ્વરવાદી.	એકેશ્વરવાદી.
પરમતત્ત્વ માતૃસ્વરૂપનું અને એથી સ્ત્રીશક્તિનો સ્વીકાર. એકેશ્વરવાદ, સર્વેશ્વરવાદ સ્વરૂપનો છે.	પરમતત્ત્વ મુખ્યત્વે કરીને હિબ્રૂધર્મ અનુસારનો છે. પરમતત્ત્વ સૃષ્ટિથી પર છે છતાં પણ પ્રભુ જગતમાં મિત્રભાવે છે.
ધર્મ એ 'કામી' સાથે એકરૂપ થવાનો માર્ગ છે.	ધર્મ એ ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ છે.
રહસ્યવાદી સ્વરૂપ છે.	ભક્તિમય સ્વરૂપ છે.

ટેનરી કયો :

મયીકાવા મીકી નામની સ્ત્રીએ આ પંથની સ્થાપના કરી હતી. તેણીનો જન્મ ઇ. સ. ૧૭૯૮માં થયો હતો. એમની બાર વર્ષની ઉંમરે તેઓ એમનાથી બેવડી ઉંમરના એક ખેડૂત સાથે પરણ્યાં હતાં. એમના જન્મ સમયે એમનું કુટુંબ 'જોડોબૌદ્ધ' ધર્મ પાળતું હતું, જ્યારે જેમની સાથે એમના લગ્ન થવાનાં હતાં તે પુરુષનું કુટુંબ શિન્તોધર્મ પાળતું હતી. આથી લગ્નની પૂર્વશરત તરીકે એમણે એ

જણાવ્યું કે તેણીને પોતાના ધર્મ અનુસારની ભક્તિ કરવા દેવામાં આવે. આવી કબૂલાત પછી જ એમણે લગ્ન કર્યાં હતાં. આથી 'જોડોશ્ન્શૂ' ધર્મમાં એમની આસ્થા કેવી હતી એનો ખ્યાલ આવે છે.

એમની ૩૮ વર્ષની ઉંમરે જ્યારે એમનું લગ્નજીવન પચીસ વર્ષ વટાવી ગયું હતું, અને જ્યારે પોતે છ સંતાનની માતા બન્યાં હતાં ત્યારે એમને એક દિવસ આધ્યાત્મિક અનુભવ થયો. પોતે સતત ત્રણ દિવસ સુધી સમાધિ અવસ્થામાં રહ્યાં અને એ સમાધિ અવસ્થાને અંતે જ્યારે તેઓ ફરી જાગ્રત થયા ત્યારે તેઓ સંપૂર્ણ બદલાઈ ગયા હતા.[૧૫] પોતામાં ઈશ્વરતત્ત્વ પ્રત્યક્ષ થયું હોય એવો એમને ભાવ થયો અને દુન્યવી વૃત્તિ છોડી તેઓ સંપૂર્ણપણે સંતસ્વરૂપ બન્યાં. એમના પતિ અને એમનો એક પુત્ર પણ એમની સાથે જોડાયા અને એમણે પોતાની મિલકત વેચીને એમાંથી જે કંઈ ઊપજ્યું એ બધું દીન-દુઃખીઓમાં વહેંચી દીધું.

રાજ્ય સરકારે શરૂઆતમાં એમની આવી વર્તણૂક સામે કડક પગલાં પણ લીધાં. એમને 'ડાકણ' વળગી છે અને તેઓ ગાંડા થયાં છે એમ કહેવાયું. એટલું જ નહિ પરંતુ એમની સામે એવો દાવો કરવામાં આવ્યો કે તેઓ જાહેર શાંતિ જોખમે છે અને સરકારના પરવાના વિના નવા પંથનો પ્રચાર કરે છે.[૧૬]

એમણે તો આ બધું સહન કર્યું અને ૧૮૮૭માં મૃત્યુ પામ્યાં. એમના મૃત્યુ સમય દરમ્યાન અનેક અનુયાયીઓએ એમનો પંથ સ્વીકાર્યો અને એમના મૃત્યુ પછી એક વર્ષે સરકારે એમના અનુયાયીઓને કાયદેસર માન્યતા આપી. આમ છતાં ૧૯૦૮માં એમને સંપૂર્ણ પ્રકારની કાયદેસર માન્યતા મળી અને એ પંથનો વિકાસ ક્રમે ક્રમે વધતો જ ગયો.

ગ. જાપાન બૌદ્ધધર્મ :

જાપાનમાં બૌદ્ધધર્મનો પ્રવેશ ચીન મારફતે થયો. બૌદ્ધધર્મના વિવિધ પંથો જાપાનમાં વિકસ્યા. એનો ઉલ્લેખ નીચે કરીએ.

ઈ. સ. ની ત્રીજી સદીમાં અમિદા પંથ હિંદુસ્તાનમાંથી ચીન માર્ગે જાપાનમાં પ્રવેશ્યો.

આઠમી સદીમાં એ જ રીતે જાપાનમાં ચીન માર્ગે જે બૌદ્ધ ધર્મપંથો પ્રવેશ્યા તેમાં કીગોન અને રીત્સુનો સમાવેશ થાય છે.

---

૧૫ એમની ૧૮ વર્ષની ઉંમરે શ્રી રમણ મહર્ષિને થયેલા અનુભવની સાથે આને સરખાવો.
૧૬ સોક્રેટિસની સામેના દાવાઓને આની સાથે સરખાવો.

નવમી સદીમાં જાપાનમાં ટીંડાઈ અને શીંગોન નામના બે પંથો અસ્તિત્વમાં આવ્યા. ટીંડાઈ પંથનો સ્થાપક સાઈચો હતો. એને ડેંગ્યો ડેસીના નામથી ઓળખવામાં આવે છે. ટીંડાઈ પંથ જે ચીનમાં પ્રચલિત હતો એનું ત્યાં 'તીનતાઈ' નામ હતું. બૌદ્ધધર્મના કમળસૂત્રના સિદ્ધાંતને સર્વોપરી રીતે સ્થાપીને બધા બૌદ્ધમાર્ગોની એકતાનો એ ગીનાઓનો એક પ્રયાસ હતો. શીંગોન ધર્મની સ્થાપના કોબો ડેસીએ કરી હતી. ભારતમાં બૌદ્ધધર્મનું પાછળથી જે સ્વરૂપ થયું અને જે તિબેટમાં બૌદ્ધલામાધર્મ તરીકે પ્રચલિત થયો એની શીંગોનધર્મ એક પ્રતિકૃતિ છે. ટીંડાઈ અને શીંગોનધર્મ, કાર્ય દ્વારા મોક્ષમાં માને છે. એથી પરમ આનંદની પ્રાપ્તિને માટે તેઓ કેટલીક વિધિઓ અને કાર્યોની આજ્ઞા આપે છે.

ઈ. સ.ની બારમી સદીમાં જાપાનમાં એક બીજો બૌદ્ધપંથ સ્થપાયો એના સ્થાપક હોનેનનો જન્મ ઈ. સ. ૧૧૩૩માં થયો હતો. કેટલાક વિચારકો એમને જાપાનના લ્યૂથરનું બિરુદ આપે છે.

તેરમી સદીમાં હોનેનના શિષ્ય શીનરાન, જેમણે હોનેનનું કાર્ય આગળ ધપાવ્યું, તેમણે એક પંથ સ્થાપ્યો. એનું નામ હતું શીનશુપંથ અથવા એને શીનપંથ પણ કહેવામાં આવતો. પરંતુ એમના ગુરુ હોનેનના પ્રાબલ્યને કારણે એ બે પંથોને એકત્રિત કરી એને 'જોડોશિશુ' પંથ તરીકે ઓળખવામાં આવ્યો. 'જોડો' એટલે પવિત્ર ભૂમિ. આ પંથ અનુસાર અમિદ્ર એક એવા પુરુષ હતા જેમણે બૌદ્ધત્વ પ્રાપ્ત કર્યું હતું. પરંતુ એમણે નિર્વાણનો ત્યાગ કર્યો તે એટલા માટે કે એમને માનવજાત પ્રત્યે અપાર પ્રેમ હતો. તેઓ પોતાના ઉપદેશથી તેમ જ પોતાના પ્રત્યક્ષ દાખલાથી માનવજાતને એ શીખવવા માગતા હતા કે કોઈપણ વ્યક્તિ અપાર શ્રદ્ધાથી બુદ્ધ થઈ શકે છે અને એમ કરીને પવિત્ર ભૂમિમાં અથવા તો સ્વર્ગમાં પ્રવેશી શકે છે, જ્યાં આમિદ્રનું રાજ્ય છે. આમ, માનવજાતિનો ઉદ્ધાર કરવાને માટે એમણે નિર્વાણની અવસ્થા ત્યજી દીધી.

જાપાનમાં પ્રવર્તતા બૌદ્ધપંથોમાં ઝેન બૌદ્ધ નામનો એક પંથ પણ અસ્તિત્વમાં આવ્યો. ઝેનનો જાપાનીઝ ભાષામાં એ જ અર્થ થાય છે જે ધ્યાનનો પાલી ભાષામાં થાય છે. આમ, ઝેન એ સમાધિની એક રીત છે. ઝેન પંથના ઉપદેશકો એમ માને છે કે માત્ર બુદ્ધિમાર્ગથી પ્રશ્નો ઉકલી શકતા નથી તેમ જ જ્ઞાનની પ્રાપ્તિ પણ થઈ શકતી નથી. આથી તેઓ બુદ્ધિમાર્ગને બદલે અંતઃ અનુભૂતિના માર્ગે લોકોને વાળવાનો પ્રયાસ કરતા હતા. આવા અંતઃ અનુભૂતિના માર્ગથી જ તેમને બુદ્ધ

સ્વરૂપની ઝાંખી થઈ શકે તથા તેમની સાથે સંબંધ સ્થાપી શકે. તેઓ એમ પણ માનતા કે બુદ્ધિમાર્ગો તો અટપટા છે અને ગૂંચવાડાભર્યા છે.

આમ બૌદ્ધધર્મનું જાપાનમાંનું અસ્તિત્વ વિવિધ પંથોમાં છે. અહીં આપણે એટલું નોંધવું જોઈએ કે જાપાનમાં પ્રવેશેલ બૌદ્ધધર્મ—પછી તે ગમે તે પંથ અનુસાર અસ્તિત્વમય હોય—મહાયાન પ્રકારનો છે.

ઘ. પ્રભુ સામ્રાજ્ય પંથ :

છેલ્લાં થોડાં વર્ષોમાં જાપાનમાં ખ્રિસ્તીધર્મનો પણ પ્રવેશ થયો છે. અનેક દેશોના ખ્રિસ્તી મિશનો જાપાનમાં અસ્તિત્વમાં છે અને પોતાની રીતે કામ કરે છે. વળી જાપાનમાં ખ્રિસ્તીઓ પણ યુરોપ અને અમેરિકા જેવા વિકસિત દેશોમાં તાલીમ લઈ આવ્યા છે.

આ બધાને પરિણામે છેલ્લાં થોડાં વર્ષોમાં જાપાનમાં એક નવી ચળવળ ઉપડી છે. એ ચળવળના પ્રણેતા 'ટોયોહીકો કાગાયા' છે. આ ચળવળનું નામ પ્રભુના સામ્રાજ્યની ચળવળ એવું અપાયું છે અને સમસ્ત ખ્રિસ્તી જગતમાં આને અનુરૂપ અન્ય કોઈ દાખલો નથી.

પ્રભુનું સામ્રાજ્ય સ્થાપવાની ચળવળનો ઉદ્દેશ એના નામ મુજબ પ્રભુનું સામ્રાજ્ય સ્થાપવાનો છે. પરંતુ એ સિદ્ધ કરવાને માટેનો એમનો માર્ગ ધ્યાન ખેંચે એવો છે. તેઓ લોકોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સુધારવાના કાર્યમાં રચ્યાં રહે છે. ખાસ કરીને ઔદ્યોગિક કારીગરો અને ખેતમજૂરોની ઉન્નતિને માટે તેઓ પ્રયત્નશીલ છે. આ થઈ શકે એ માટે તેઓ સહકારી સમાજની સ્થાપના કરે છે. આ ચળવળ ગતિશીલ બની રહી છે અને સંભવિત છે કે આ પ્રકારનો વિચારપ્રવાહ એક નવા જ માર્ગની દિશા સૂચવે. ખાસ કરીને સામ્યવાદ જ્યારે સામાજિક અને આર્થિક એકતા લાવવા ધર્મના સંહારની વાત કરે છે ત્યારે ધર્મમાર્ગ દ્વારા જ સામાજિક એકતા અને આર્થિક સમાનતા અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકાય એ સૂચવતી ચળવળ અને એ માર્ગે આગળ વધતો પથ ભવિષ્યની દૃષ્ટિએ જરૂર મહત્ત્વનો લેખી શકાય.

અહીંયાં આપણે એ પણ નોંધવું જોઈએ કે જગતના અનેક દેશોમાં આ પ્રકારની વિચારસરણી આકાર લઈ રહી છે. કેટલાંક રાષ્ટ્રોમાં આ વિચારસરણી આચારની કક્ષાએ પણ પહોંચી છે. પરંતુ આ બધાંનાં પરિણામો નિશ્ચિતપણે માપી શકાય એ સ્વરૂપનાં નથી. દાખલા તરીકે, ભારતમાં પ્રચલિત બનેલ સર્વોદયની

ચળવળને જપાનની એ ચળવળ સાથે સરખાવી શકાય. સર્વોદયની ચળવળ પાછળ પણ ગાંધીજીના રામરાજ્યની કલ્પના બળ પ્રેરે છે.

૪. શિન્તોધર્મનાં શાસ્ત્રો :

શિન્તો ધર્મશાસ્ત્રોમાં કો–જી–કી અને નિહોન–ગીનો સમાવેશ થાય છે. કેટલાક વિચારકો 'યેન્ગો શીકી' તથા 'મેનીયો–શીઉ'ને પણ શિન્તો ધર્મગ્રંથોમાં સમાવે છે.

કો–જી–કી નો અર્થ થાય છે જૂની બાબતોનો ઇતિહાસ અને નિહોન–ગીનો અર્થ થાય છે જપાનનો ઇતિહાસ. સામાન્ય રીતે એમ મનાય છે કે આ બંને ગ્રંથોની રચના અનુક્રમે ઈ. સ. ૭૧૨ અને ઈ. સ. ૭૨૦માં થયેલી છે. આમ શિન્તોધર્મની સ્થાપના પછી ઘણે લાંબે ગાળે એમના ધર્મશાસ્ત્રોનું નિર્માણ થયું છે.

આ ધર્મગ્રંથોમાં થયેલી વિવિધ વિષયોની રજૂઆતનો ખ્યાલ એમાં અપાયેલ ઉલ્લેખો પરથી મળી રહે છે.

યેન્ગી–શીકી જેને શિન્તોધર્મના ત્રીજા ધાર્મિક ગ્રંથ તરીકે ઓળખાવાય છે તેમાં યેન્ગી–સમય એટલે ઈ. સ. ૯૦૧ થી ૯૨૩ના નિયમો આપવામાં આવ્યા છે. આ ગ્રંથમાં ધર્મનું જ્ઞાન મેળવવા માટેની સામગ્રી આપવા ઉપરાંત વિવિધ પ્રસંગોએ કરવામાં આવતી પ્રાર્થનાઓ પણ આપવામાં આવી છે.

મેનીઓ–શીઉને શિન્તોધર્મના ચોથા ધર્મ ગ્રંથ તરીકે ઓળખવામાં આવે છે. આ ગ્રંથમાં વિવિધ કાવ્યોનો સંગ્રહ છે, તેમ જ અનેક પત્રોનો પણ સંગ્રહ છે. જપાનની દિવ્ય ઉત્પત્તિ તથા સાક્ષાત્ સૂર્યદેવના વંશજો દ્વારા એના રાજ્યશાસનથી શરૂ કરી જપાનના ઇતિહાસને લગતી અનેક વિગતો આપવા ઉપરાંત આ ગ્રંથમાં કુદરતનાં વિવિધ અંગોનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે.

શિન્તોધર્મના ધાર્મિક ગ્રંથોમાં જે ઊણપ દેખાય છે તે, ધર્મદૃષ્ટિએ મહત્ત્વના કહી શકાય એવા કેટલાક વિષયોની રજૂઆતના અભાવની. વળી માનવનીતિ-વ્યવહારમાં જે અનેક પ્રશ્નોના ઉકેલની માનવ, ધર્મ પાસે આશા રાખે છે, એમાંનું કંઈ આ ધર્મગ્રંથોમાં પ્રાપ્ત થતું નથી. મનુષ્યોનો આંતર–બાહ્ય સંઘર્ષ, ધર્મજીવનમાં ઈશ્વરી સહાય, વ્યક્તિ અને સમાજજીવનના ઘડતરની વાતો, મરણોત્તરની અવસ્થાની વિચારણા, જીવનના અંતિમ લક્ષ્યનો ખ્યાલ તથા તેની પ્રાપ્તિનો માર્ગ; આવી અનેક બાબતો વિશે આ ધર્મગ્રંથોમાં કોઈ મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ મળતા નથી.

૫. શિન્તોધર્મની દેવભાવના :

શિન્તોધર્મમાં દેવભાવના પ્રબળ છે એ આપણે ઉપર જોયું. આ ધર્મમાં દિવ્ય દેવ, પ્રકૃતિ દેવ તેમ જ મિકાડો દેવના ઉલ્લેખો મળે છે. દેવને માટે જપાની ભાષાનો શબ્દ 'કામી'નો અર્થ નિશ્ચિત નથી. પરંતુ એનો અર્થ 'ઉપરનો' એમ થાય છે. આ શબ્દની મુશ્કેલી અંગે હોલ્ટન નોંધે છે : "જપાનની મૂળ ભાષામાં આટલા બધા અર્થોથી ભરેલો એવો એક પણ શબ્દ નથી જેના વિશે જપાની અને પરદેશી ભાષાંતરકારોને ઘણી મુશ્કેલી પડી હોય."[૧૭]

શિન્તોધર્મની દેવભાવના વિશે શિન્તોધર્મના પ્રખર વિદ્વાન મોતૂરીએ આ પ્રમાણે કહ્યું છે: "એકલા મનુષ્યો જ નહિ પણ પક્ષીઓ, પશુઓ, છોડવાઓ અને વૃક્ષો, સમુદ્રો અને પર્વતો અને અલૌકિક સામર્થ્યને લીધે જેનાથી ભય થાય અને જેને માટે માન ઊપજે એવા બીજા બધા પદાર્થો 'કામી' કહેવાય. ઉદારતામાં, સજ્જનતામાં અથવા તો ઉપયોગિતામાં તે બધા પદાર્થો ઉત્તમ હોવા જ જોઈએ એવું નથી. જો કોઈ ગંદા અને ભયંકર પદાર્થથી પણ સામાન્ય રીતે જો ભય ઉત્પન્ન થતો હોય તો તે પદાર્થ પણ 'કામી' કહેવાય છે. વારાફરતી થયેલા જુદા જુદા મિકાડો, પ્રાચીન અને અર્વાચીન સમયમાં થઈ ગયેલા અસંખ્ય દેવી મનુષ્યો, શિયાળ, વાઘ, વરુ, વીચ નામનું ફળ, રત્નો એ બધા જ પદાર્થો કામી કહેવાય છે.[૧૮]

અહીંયાં આપણે એ જોઈ શકીએ છીએ કે શિન્તોધર્મની દેવભાવના કેટલી વ્યાપક છે. લગભગ પ્રત્યેક વસ્તુનો દેવવર્ગમાં સમાવેશ થઈ શકે. આમ, શિન્તોધર્મમાં એક પ્રકારનો સર્વજીવવાદ પણ છે જ.

શિન્તોધર્મના ધર્મગ્રંથોમાં દેવોની ઉત્પત્તિ વિશે આ પ્રમાણે કહેવાયું છે: "જ્યારે બધો અંધકાર દૂર થવા માંડ્યો ત્યારે આકાશ અને પૃથ્વી ઉત્પન્ન થયાં, અને ત્યારપછી દેવો ઉત્પન્ન થયાં. શરૂઆતમાં મુખ્ય બે દેવો હતાં. એક 'ઇઝનગી'– નિમંત્રણ આપનાર પુરુષ, અને બીજા 'ઇઝનમી'– નિમંત્રણ આપનાર સ્ત્રી. આ બંનેએ મળીને પ્રજા ઉત્પન્ન કરી."[૧૯]

---

૧૭ હોલ્ટન, પા. ૧૨૯.

૧૮ એસ્ટન, રિવાઇવલ ઑફ પ્યોર શિન્તો, પા. ૪૨–૪૩

૧૯ કો–જી–કી, ૪; નિહોન–ગી ૧ : ૧–૨

સામાન્યપણે દેવની કલ્પનામાં ઉચ્ચતર અને શ્રેષ્ઠનો સમાવેશ થાય છે. શિન્તોધર્મના દેવમાં વિવિધ પ્રકાર સંભવે છે. એ જાણવાને માટે શિન્તોધર્મના નિહોન-ગી ધર્મશાસ્ત્રોમાં કરવામાં આવેલા કેટલાક ઉલ્લેખો જોઈએ.

સુસનોવો નામના દેવ ઘણા ખરાબ સ્વભાવના હતા.[૨૦]

તેમનો વર્તણૂક તદ્દન જંગલી હતી.[૨૧]

આ દેવ વિજય મળવાથી જુસ્સામાં આવી ગયા અને તેમણે ભાતના ખેતરોના શેઢા તોડી નાખ્યાં, ખાડાઓ પૂરી દીધા અને એક જીવતા જનવરની ચામડી ઉતારી લીધી.[૨૨]

પછીથી બધા દેવોએ આ દેવ સુસનોવોને દંડ કર્યો.[૨૩]

એકઠા થયેલા દેવો સુસનોવોને કહેવા લાગ્યાં;

'તારી વર્તણૂક મલિન અને દુષ્ટ છે.'[૨૪]

આખરે તેઓ બધાયે ભેગા મળી એને દેશનિકાલની સજા કરી.[૨૫]

પરંતુ એમ કરતાં પહેલાં આઠસો અયુત દેવોએ એકબીજાની સલાહ લીધી અને તદનુસાર તેની દાઢી કાપી નાખી તથા તેના હાથના અને પગના નખો પણ કઢાવી નાખ્યા.[૨૬]

અનેક ધર્મોની પુરાણકથાઓમાં માનવસંઘર્ષની જેમ જ દેવસંઘર્ષની વાતો આવે છે અને એ જ પ્રમાણે માનવ આચરણના જેવા જ અને કેટલીય વેળા એથીયે બદતર કાર્યો દેવોએ કર્યાની વાત પુરાણ વાર્તાઓમાં નોંધાઈ છે. ધર્મના વિકાસના એક તબક્કે મનુષ્યની દેવભાવનાને વાચા આપવા માટે અનેક પ્રકારની દંતકથાઓ અસ્તિત્વમાં આવે છે. વિવિધ ધર્મોમાં પ્રચલિત આવી દંતકથાઓની તુલના કરવી રસમય બને અને એમાંથી કંઈક નવીન પ્રકાશ પ્રાપ્ત થાય એમ પણ બને. પરંતુ

---

૨૦ નિહોન-ગી, ૧ : ૨૦

૨૧ એજ, ૧ : ૪૦

૨૨ એજ, ૧ : ૪૧, ૪૫, ૪૭

૨૩ એજ, ૧ : ૪૫, ૪૯

૨૪ એજ, ૧ : ૫૦

૨૫ એજ, ૧ : ૫૭

૨૬ એજ, ૧ : ૪૫

એમ કરવું આપણા મર્યાદિત કાર્યક્ષેત્રની બહાર છે. આમ છતાં, આ દંતકથાઓ પાછળનો જે આશય સંભવી શકે તે એ છે કે દેવોને માનવ કરતા ઉચ્ચસ્તરે સ્થાપવા છતાં એમનામાં પણ પતનની સંભવિતતા હોય, તો માનવના પતન માટેની સંભવિતતા એથી અનેકગણી છે. એટલું જ નહિ, આમાંથી બીજો નિષ્કર્ષ એ પણ નીકળે છે કે વિવિધ દેવોનું સ્તર માનવજીવનના સ્તર કરતાં ઊંચું હોવા છતાં, તે સ્તર ઈશ્વર સમાન કે પરમતત્ત્વ સમાન નથી. દેવનું સ્થાન માનવ અને ઈશ્વરની વચ્ચે છે અને માત્ર એ જ દેવ ઈશ્વરસ્થાન પામી શકે જે શુદ્ધ દૈવત્વનાં દર્શન કરાવી શકે.

શિન્તોધર્મમાં પ્રકૃતિના દેવોની ભાવના પણ જોવા મળે છે. આ પ્રકૃતિ દેવોની ભાવનામાં પણ શિન્તોધર્મની 'અમ-તેરસુ' દેવી જે આકાશમાં પ્રકાશતો પદાર્થ છે તેની ભાવના વિશિષ્ટ પ્રકારની છે. આ દેવી તે સૂર્યદેવી છે. એને વિશે કહેવાયું છે : "હે મહાદેવી ! તું ઊંચે આકાશમાં રાજ્ય કર."[૨૭] એ જ પ્રમાણે ચંદ્રને માટે પણ કલ્પના કરવામાં આવી છે અને તેમને ત્સુકી-યોમિ એ ચંદ્રદેવનું નામ છે અને એમને માટે કહેવાયું છે કે હે દેવ ! રાત્રીનું રાજ્ય તમે કરો."[૨૮]

આ ઉપરાંત શિન્તોધર્મમાં સ્વીકારાયેલા બીજા પ્રકૃતિ દેવોમાં 'કગસે-વો' એટલે તારાઓના દેવ, ત-કારી-બિમ એટલે ધ્રુવમત્સના દેવી વગેરે છે.

એ જ પ્રમાણે મિકાડોને પણ દેવસ્થાને સ્થાપીને તેમની પણ પૂજા કરવામાં આવે છે.

પ્રથમ મિકાડોની ઉત્પત્તિ સૂર્યદેવીમાંથી થઈ છે અને એથી તેઓ પણ દિવ્ય છે. એ સૂર્યદેવી પોતાના પુત્રને પૃથ્વી ઉપર રાજ્ય કરવાને માટે મોકલતા જે આદેશ આપે છે તેમાં જોવા મળે છે. "આ અન્નથી ભરેલી પૃથ્વી ઉપર જા અને ત્યાં રહી તેના ઉપર રાજ્ય કર."[૨૯]

આમ, જાપાનના પ્રથમ મિકાડો અમ-તેરસુ નામના સૂર્યદેવીમાંથી આવ્યા છે. આ સૂર્યદેવી જગતના સર્વનિયામક છે એવો શિન્તોધર્મનો ખ્યાલ વિશિષ્ટ છે. બધા જ ધર્મોએ જગતના સર્વોપરી તત્ત્વને સામાન્ય રીતે પુરુષ સ્વરૂપે જોયું છે. પરંતુ શિન્તોધર્મમાં આ જગત સત્તાધીશ નારી સ્વરૂપમાં સ્વીકારાયેલ છે. હિંદુધર્મ

---

૨૭ નિહોન-ગી, ૧ : ૩૨; કો-જી-કી ૪૩

૨૮ એજ ૧ : ૩૨; કો-જી-કી ૪૪

૨૯ કો-જી-કી, ૧૦૬-૧૦૭

બ્રહ્માને લિંગભેદથી પર રાખે છે એ કેટલું સૂચક છે ! પોતાના પુત્રને પૃથ્વી ઉપર જઈ ત્યાં રાજ્ય કરવાની આજ્ઞા આપ્યા પછી કહેવાયું છે : "સૂર્યદેવીએ રાજ્યનો હવાલો પોતાના વંશજોને આપ્યો અને કહ્યું: મારા બાળકો દેવ તરીકે આ પૃથ્વીનું રાજ્ય કરશે. આ હેતુથી જ્યારથી આકાશ અને પૃથ્વી ઉત્પન્ન થયા ત્યારથી આ દેશમાં એક રાજ્યશાસન ચાલુ થયું છે. તેથી જગતનું નિયમન કરી જગતમાં વ્યવસ્થા કરવાનું કામ અમારા માથા પર આવ્યું છે!"[૩૦]

સૂર્યદેવીએ તો એમના પુત્રને અને એમના વંશવારસોને રાજ્યાશન આપ્યું, અને દેવત્વ આપ્યું. પરંતુ જાપાનની પ્રજાએ પણ એ જ ભાવથી એનો સ્વીકાર કર્યો એનો ઉલ્લેખ અહીં મળે છે. "આઠ દ્વીપોની ભૂમિ ઉપર સાક્ષાત્ દેવ તરીકે જે મહારાજા રાજ્ય કરે છે તે નામદારને હું આનંદ અને માનની લાગણી તરીકે દંડવત્ નમસ્કાર કરું છું."[૩૧]

૬. પૂજા-પ્રાર્થના :

શિન્તોધર્મમાં દેવદેવીઓની વિપુલતાને કારણે એમની પૂજા પણ વિવિધ પ્રકારની હોય છે. બધા દેવોમાં સૂર્યદેવી મહત્ત્વના હોઈ, એમની પૂજા વ્યક્તિગત રીતે તથા સામૂહિક રીતે પણ કરવામાં આવે છે.

'ઈસે' નામના સ્થળનું જાપાનમાં ધાર્મિક મહત્ત્વ છે. આ સ્થળ એક તીર્થસ્થાન પણ છે. આ જગ્યાએ જાપાનની પ્રજા તરફથી સરકાર સૂર્યદેવીની વિધિસર પૂજા કરાવે છે. આ સ્થળે 'અમ-તેરસુ' સૂર્યદેવીના માનમાં એક મંદિર બંધાવવામાં આવેલું છે. આ જગ્યાએ પૂજા કરવા માટે, તેમ જ પૂજાવિધિ કરવા વિશે કહેવાયું છે. આ મંદિરમાં મધ્યભાગે એક ગોળ દર્પણ મૂકવામાં આવ્યું છે. કેમ જાણે આકાશના સૂર્યગોળાનું આ પ્રતીક ન હોય !

"અમ-તેરસુ એ પોતાના હાથમાં તે અમૂલ્ય દર્પણ લીધું અને કહ્યું, મારા બાળ ! તું જ્યારે આ દર્પણમાં જોઈશ ત્યારે હું એમ માનીશ કે તું મારી સામે જ જુએ છે. આ પવિત્ર દર્પણ તારી પાસે રાખ."[૩૨] વળી એ જ દર્પણ વિશે કહેવાયું છે, "આ દર્પણમાં અમારો જ આત્મા વસે છે એમ સ્વીકારીને તેની પૂજા

૩૦ નિહોન-ગી, ૨ : ૧૯૮, ૨૧૦
૩૧ એજ, ૨ : ૨૧૭
૩૨ નિહોન-ગી, ૧ : ૮૩

કરજો. તમો જ્યારે તેની પૂજા કરો છો ત્યારે અમારી જ પૂજા કરો છો એમ સમજીને પૂજા કરજો."[૩૩]

યહૂદીધર્મમાં જે રીતે જેરૂસલેમમાં જેહોવાની પૂજા કરવામાં આવે છે, એને મળતી 'ઇસે'માં કરવામાં આવતી 'અમ-તેરસુ'ની આ પૂજા છે.

જેમ ઇસ્લામધર્મમાં એમ કહેવાયું છે કે જીવનમાં ઓછામાં ઓછા એક વખત તો હજની યાત્રાએ જવું, એમ શિન્તોધર્મમાં પણ ઓછામાં ઓછા એક વખત તો જીવનમાં 'ઇસે'ની યાત્રામાં જવું જ જોઈએ એમ માનવામાં આવે છે.

સૂર્યદેવીની પૂજા ઉપરાંત મિકાડોની પૂજનવિધિ પણ એક જાહેર તહેવાર તરીકે મિકાડોના જન્મ દિને કેળવણીની સંસ્થાઓમાં કરવામાં આવે છે. પરંતુ એની સાથે જ એ પ્રસંગને સ્વદેશાભિમાનની ભાવનાનું સિંચન કરવામાં પણ ઉપયોગમાં લેવાય છે.

શિન્તોધર્મમાં વિવિધ પ્રાર્થનાઓ પણ કરવામાં આવે છે. એ પ્રાર્થનાઓમાં ગીતો પણ ગાવામાં આવે છે. આ પ્રાર્થનાઓ વિશે એસ્ટન નોંધે છે : "આ પ્રાર્થનાઓમાં અનેક જાતની માગણીઓ કરવામાં આવે છે. દુષ્કાળના સમયમાં વરસાદની, સારા પાકની, ધરતીકંપ અને દાવાનળમાંથી રક્ષણ કરવા માટેની, છોકરા મેળવવા માટેની, રાજાના આરોગ્ય તથા તેમના દીર્ઘ આયુષ્ય માટેની, સદાય શાંતિ અને સુખ પ્રવર્તતા રહે એ માટેની, વગેરે એવી બાબતોની પ્રાર્થના થાય છે. શિન્તોધર્મના દેવોને જે પ્રાર્થનાઓ કરવામાં આવે છે તેમાં મહદ્ અંશે ઐહિક સુખોની જ વાત હોય છે."[૩૪]

પ્રાર્થનાની વાત કરીએ તેની સાથે જ એ વાતનો પણ ઉલ્લેખ કરી લઈએ કે સારા પાકની પ્રાપ્તિ થતાં વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવવામાં આવે છે અને તે પ્રસંગે દેવોને નૈવેદ્ય ધરાવવામાં આવે છે, તેમ જ દેવોની આભારદર્શક પ્રાર્થનાઓ પણ થાય છે.

૭. શિન્તો નીતિશાસ્ત્ર :

આપણે આગળ કહ્યું છે તેમ નીતિ અંગેના કોઈ ગૂઢ પ્રશ્નોની શિન્તો ધર્મશાસ્ત્રોમાં રજૂઆત કરવામાં આવી નથી. આમ છતાં, નીતિમય જીવનના કેટલાક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. અહીંયાં પણ નીતિની જે કંઈ વાત કરવામાં

---

૩૩ કો-જી-કી, ૧૦૯

૩૪ શિન્તો, ધી એન્સિયન્ટ રિલિજિયન ઓફ જાપાન, પા. ૬૨

આવી છે તે ખાસ કરીને તો જે પ્રાકૃતિક ઘોરણો એમને સ્વીકાર્યાં છે તેને અનુલક્ષીને જ છે. આમ નિહોન-ગીમાં કહેવાયું છે : "જે સત્ય બોલે છે તેને ઈજા થતી નથી. જે જૂઠો છે તેને અવશ્ય દુઃખ ભોગવવું પડશે."[૩૫]

વળી, કહેવાયું છે : "વધારે પ્રમાણમાં ખાવાનું છોડી દો અને લોભવૃત્તિનો ત્યાગ કરો. જે ખરાબ છે તેની નિંદા કરો અને જે સારું છે તેને ઉત્તેજન આપો. ક્રોધ કરશો નહિ. આંખોને લાલચોળ થવા દેશો નહિ. કોઈની ઈર્ષ્યા કરશો નહિ."[૩૬] આમ છતાં, ઈ. સ. ૧૧મી અને ૧૨મી સદીમાં જાપાનમાં નીતિવિષયક ખ્યાલો કંઈક સ્પષ્ટ બન્યા છે. એ સર્વનો આધાર લેવામાં આવ્યો છે. શિન્તોધર્મનો એ વિચાર કે રાજા ઈશ્વરી અંશ છે અને તેથી તેમના તરફ વફાદારી રાખવી જોઈએ, કન્ફ્યુશિયસધર્મનો એ વિચાર કે માતા-પિતા તરફ પૂજ્યભાવ રાખવો જોઈએ અને બૌદ્ધધર્મનો એ વિચાર કે જીવન અને મરણને તુચ્છ ગણવા જોઈએ, એ વિચારોનો 'બુસીદો'માં સમાવેશ કરવામાં આવ્યો છે. વીરપુરુષનો માર્ગ તે બુસીદો.

પરંતુ આવા આધાર પર નિર્ણીત થયેલા કોઈ નીતિવિષયક ખ્યાલોને લેખિત સ્વરૂપ આપવામાં આવ્યું નથી. એ વિશે લખતા નીતોબે કહે છે : "બુસીદોના સિદ્ધાંતો લખાયેલા ન હતા તે એનું સારું લક્ષણ છે, અને કદાચ ખરાબ પણ કહેવાય."[૩૭]

આ બુસીદોના સિદ્ધાંતો એક વિશિષ્ટ પ્રકારે અસ્તિત્વમાં આવ્યા હતા. જાપાનની લશ્કરી જમીનદારીની યોજનાને પરિણામે એનો ઉદ્‌ભવ થયો હતો. એ યોજનાની સમાપ્તિ થતાં 'બુસીદો'ના સિદ્ધાંતો પણ અદૃશ્ય થયા.

સંદર્ભ ગ્રંથસૂચિ

અન્ડરવુડ, એ. સી. : **શિન્તોઇઝિમ, ધી ઇન્ડિજીનસ રિલિજિયન ઓફ જાપાન,** લંડન, ૧૯૩૪.

અન્ડરવુડ, એચ. જી. : **ધી રિલિજિયન ઓફ ઇસ્ટર્ન એશિયા,** લંડન, ૧૯૩૦.

૩૫ નિહોન-ગી, ૧ : ૩૧૭

૩૬ એજ, ૨ : ૧૩૦-૧૩૧

૩૭ ધી જાપાનીઝ નેશન, પા. ૧૫૫-૧૫૬

આનેસાકી, એમ. : **હિસ્ટરી ઓફ જપાનીઝ રિલિજિયન**, લંડન, ૧૯૩૦.

આસ્ટોન, ડબ્લ્યુ. જી. : **શિન્તો ધી વે ઓફ ગોડસ**, લંડન, ૧૯૦૫.

એલન, જી. સી. : **મોડર્ન જપાન એન્ડ ઈટસ પ્રોબ્લેમ્સ**, લંડન, ૧૯૨૮.

કાટો, જી. : **એ સ્ટડી ઓફ શિન્તો, ધી રિલિજિયન ઓફ જપાનીઝ નેશન**, ટોકયો, ૧૯૨૬.

નોક્ષ, જી. એલ. : **ધી ડેવલપમેન્ટ ઓફ રિલિજિયન ઇન જપાન**, ન્યૂયોર્ક, ૧૯૦૭

હેપર, આર. : **જપાન'સ રિલિજિયસ ફરમેન્ટ**, લંડન, ૧૯૬૧.

હૉલ્ટોપ, ડી. સી. : **મોડર્ન જપાન એન્ડ શિન્તો નેશનાલીઝમ**, ન્યૂયોર્ક, ૧૯૬૩.

૧. પ્રારંભિક :

વિશ્વની સંસ્કૃત જાતિઓમાં ચીનનું અગત્યનું સ્થાન છે. ઈ. સ. પૂર્વે ૨૫૦૦ થી લગભગ ઈ. સ. પૂર્વે ૧૧૦૦ના ગાળા દરમ્યાન ચીનની સંસ્કૃતિ ધીમે ધીમે ઊપસી. એની પુરાતન સંસ્કૃતિના આધાર ઉપર એણે એક નવો ઓપ ધારણ કર્યો. પુરાણી સંસ્કૃતિના વિચારો અને તેની સંસ્થાઓમાંથી એણે એક કૃષિ સંસ્કૃતિનું નિર્માણ કર્યું. આ પ્રક્રિયા ઘણો લાંબો સમય ચાલી અને એ દરમ્યાન ચીનમાં અનેક રાજ્યવંશનો પલટો થયો. એ સમગ્ર યુગ–વિભાગને નીચે પ્રમાણે રજૂ કરી શકાય.[૧]

શાંગ વંશ પછી ચાઉ વંશનું રાજ્યાસન લગભગ ઈ. સ. પૂર્વે ૨૫૬ સુધી રહ્યું. આ ગાળા દરમ્યાન જ ઈ. સ. પૂર્વે ૫૫૧માં કન્ફ્યુશિયસનો જન્મ થયો. ચાઉ વંશ દરમ્યાન યુરોપના મધ્યકાલીન ફ્યુડલ વ્યવસ્થા જેવું રાજકીય અને સામાજિક માળખું ગોઠવવામાં આવ્યું હતું. પરંતુ ઈ. સ. પૂર્વે ૮૫૦ના અરસામાં આ માળખામાં નબળાઈ પ્રવેશી ચૂકી હતી. કેન્દ્રવર્તી કાબૂ લગભગ અદૃશ્ય થયો હતો અને આજુબાજુના સુબાઓ પોતે સામંત બની બેઠા હતા અને અંદરોઅંદર સત્તાને માટે ઝઘડતા હતા. કાયદા અને વ્યવસ્થાના રાજ્યનો અભાવ હતો. એક

૧ બર્ટ, મેન સાંક્સ ધી ડિવાઈન, હાર્પર, ૧૯૫૭, પા. ૧૯૧

પ્રકારની અરક્ષિતતાની ભાવના અને ચિંતા ઘર કરી બેઠી હતી. નૈતિક સુસંગતિ વિલોપ થતી જતી હતી અને સ્વાર્થતા, બિન જવાબદારી, નફિકરપણું વગેરે સમાજના નેતાઓમાં વધતા જતા હતા. ચીનના આ સમયના તાત્ત્વિક અને ધાર્મિક નેતાઓને માટે આ એક પડકાર હતો અને આ પડકાર ઝીલવાને માટે એ જ સમયમાં ચીનના મહાન ચિંતકો પ્રત્યક્ષ થયા. આમાં કન્ફ્યુશિયસ, લાઓત્ઝે, મોત્સે, મેન્શિયસ, યેંગ-ચુ, સુન્સિ વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

આ સમયની મુખ્ય સમસ્યાનો ઉલ્લેખ કરતાં લેટોરેટ કહે છેઃ "ચાઉ વંશના વિચારકોએ પોતાની સમક્ષ જે પ્રશ્ન રાખ્યો તે આ હતો : સમાજને શી રીતે ઉગારી શકાય? દેવ અને માનવનું સ્વરૂપ, સૃષ્ટિની ઉત્પત્તિ વગેરે પ્રશ્નોનું મહાત્મય એટલું ન હતું.[૨]

ઈશ્વર અને માનવજીવનના ધ્યેયલક્ષી પ્રશ્નોની નહિ, પરંતુ સમાજના ઉદ્ધારની અને એના ઘડતરની વિશેષ જરૂરિયાત હતી. લગભગ પ્રત્યેક રાષ્ટ્રમાં તેમ જ સમાજ જૂથોમાં આવી પરિસ્થિતિ સર્જાય છે, જ્યારે તાત્ત્વિક સ્વરૂપના પ્રશ્નો પશ્ચાદ્ભૂમાં હડસેલાય છે અને વ્યક્તિ અને સમાજને ઉદ્ધારક એવા મહત્ત્વના પ્રશ્નો વિચારાય છે અને માર્ગો શોધાય છે. આમાં ઉદાહરણરૂપે, જૈનધર્મ અને બૌદ્ધધર્મ ઉપરાંત, વિવિધ ધર્મોમાં લગભગ સમાન સામાજિક સંજોગોમાં ઉપસ્થિત થયેલા જે તે ધાર્મિક પંથોને, ટાંકી શકાય.

આ પ્રકારના સંજોગોમાં જ્યારે કોઈપણ સમાજ મુકાય છે ત્યારે એના સમાજ ઉદ્ધારકો, એના ધર્મનેતાઓ, એના ધર્મસ્થાપકો ભૂતકાળની ખોજ કરી તેના પર વર્તમાનનું ઘડતર કરી ભાવિની આશા શી રીતે આપે છે એ પ્રક્રિયાનો કંઈક ખ્યાલ ચીનના ધર્મોએ આવા સંક્રાંતિ કાળમાં પોતાના ધર્મોની, પુરાણા ધર્મ પર આધાર રાખીને, શી રીતે સ્થાપના કરી તે આના પરથી જાણી શકાશે.

૨. સાંસ્કૃતિક વારસો :

ચીનના ધર્મો સમજી શકીએ એ માટે પુરાણી ચીની પ્રજા અને એની સંસ્કૃતિ તથા એના પુરાણા ધર્મોના મહત્ત્વનાં તત્ત્વો, વિચારો, રૂઢિઓ વગેરેનો ખ્યાલ પામવો ઠીક રહેશે. આવાં છ તત્ત્વોનો[૩] આપણે અહીંયાં ઉલ્લેખ કરીશું.

---

૨ લેટોરેટ, ધી ચાઇનીઝ, ધેર હિસ્ટરી એન્ડ કલ્ચર, ન્યૂયોર્ક, ૧૯૪૬, પા. ૭૦

૩ બર્ટ, પા. ૧૩૨-૧૩૪

એક, હેવનનો ખ્યાલ :

જગતની એક સર્જક અને સંચાલન સત્તા છે અને એ જ વ્યવસ્થાનું નિર્માણ કરે છે. આવી સત્તા તે હેવન.

બે, યેંગ અને યીનનો ખ્યાલ :

આ બંને મૂળભૂત બળોને પરિણામે વસ્તુઓની ઉત્પત્તિ થાય છે અને સૃષ્ટિનો ક્રમ નભે છે એમ મનાતું. સામાન્ય રીતે યેંગ વિધિવાચી અને યીન નિષેધવાચી બળ તરીકે ઓળખાતા.

ત્રણ, કુટુંબભાવના :

આદિમ ચીન જીવનમાં કુટુંબ એક મહત્ત્વની સંસ્થા છે. સામાજિક સદ્‌ગુણોનો અર્થ એમાંથી જ પ્રાપ્ત થાય છે અને એ સદ્‌ગુણોની પ્રેરણા પણ એમાંથી મળે છે. આ ઉપરાંત કુટુંબ સંસ્થા પ્રત્યેક સામાજિક સંસ્થાને એક આદર્શ નમૂનો પૂરો પાડે છે.

ચાર, પૂર્વજોનું માન :

પૂર્વજોને માટે ચીની પ્રજામાં ખૂબ આદર છે, અને એથી એમના તરફ માન દર્શાવવાને માટે ચીનની આદિમ પ્રજા કેટલીક વિધિઓ પણ કરતી.

પાંચ, વિધિ :

પ્રત્યેક આદિમ જાતિની જેમ ચીનની જાતિમાં પણ વિધિનું સ્થાન સ્વીકારાયું છે. પ્રત્યેક વિધિનું યોગ્ય રીતે પાલન થવું જોઈએ અને જો તેમ ન થાય તો એનાં વિપરીત પરિણામો નીપજે છે.

છ, રાજ્યકર્તાનું દૈવી સ્વરૂપ :

જાપાનના શિન્તોધર્મની જેમ ચીનની આદિમ પ્રજામાં પણ રાજ્યકર્તાને માટેનું એક વિશિષ્ટ સ્થાન છે. નીતિ તેમ જ ધર્મમાં એને ઉચ્ચ સ્થાન આપવામાં આવે છે. રાજ્યકર્તાને હેવનના પુત્ર તરીકે સ્વીકારીને સમસ્ત પ્રજાના પિતા તરીકેનું સ્થાન અપાય છે.

ચીનની પ્રાચીન ધાર્મિક સંસ્કૃતિનાં આ અંગોને ચીનની પ્રજાએ એમના સંસ્કૃતિમય ઉદયકાળે પણ કેમ અગત્ય આપ્યું અને એમને કેમ સાચવી રાખ્યા અને તેમનો નકાર ન કરતાં તેમનું આધ્યાત્મીકરણ કેમ કર્યું એવો પ્રશ્ન ઊઠે એ સ્વાભાવિક છે. આ પ્રશ્ન યોગ્ય રીતે સમજી શકાય એ માટે ચીનની પ્રજાની

વિશિષ્ટતાઓ તેમ જ એમની માનસિક ખુમારીનો ખ્યાલ મેળવવો જોઈએ. આ વિશિષ્ટતાઓ ચીનના આદિમ ધર્મના ઉપર રજૂ કરેલાં અંગોમાંથી તેમ જ ચીની સંતોના ઉપદેશમાંથી મેળવી શકાય છે.

૩. ચીની વિશિષ્ટતા :

એક, વ્યવહારુતા :

ચીની પ્રજાની આંખે ઊડી વળગે એવી વિશિષ્ટતા એમની પરિસ્થિતિના સ્વીકારની ભાવનામાં છે. વસ્તુઓ કે પરિસ્થિતિ સારી નથી માટે એની ચિંતા કરવી, એના કરતાં એ છે એમ જ સ્વીકારીને એમાંથી શ્રેષ્ઠ શું પ્રાપ્ત થઈ શકે એ માટે પ્રયાસ કરવો જોઈએ એવી વ્યવહારુતા એમણે કેળવી છે.

બે, વિનોદ :

ચીની પ્રજાનો વિનોદ એ એની બીજી ખાસિયત છે. પોતાના પર થયેલ વિનોદ પણ એ આનંદપૂર્વક સ્વીકારી શકે છે, કારણ કે એ કદીયે પોતાનો જાતને અતિ ગંભીરપણે સ્વીકારતા જ નથી. કદાચિત્ આ જ કારણથી ધર્મ અને રાજ-કારણમાં પશ્ચિમની પ્રજામાં જોવામાં આવતા જડવાદ અને ઝનૂનવાદ એમનામાં જોવા મળતા નથી.

ત્રણ, પૃથક્કરણનો અભાવ :

ચીનના તત્ત્વજ્ઞાનમાં તેમ જ સાહિત્યમાં ચીની લેખકો કદીયે વિસ્તૃત પૃથક્કરણ આપવાનો પ્રયાસ કરતા નથી. એને બદલે તેઓ ફળદ્રુપ કલ્પના કે દૃષ્ટિ આપવાનો પ્રયાસ કરે છે. ચીનાઓના વિચારમાં પૃથક્કરણનો અભાવ છે એમ કહેવાનું તાત્પર્ય નથી, કહેવાનું તાત્પર્ય માત્ર એટલું જ છે કે માનવને સ્પર્શતા પ્રશ્નોને એ પ્રાધાન્ય આપે છે અને એથી પ્રમાણશાસ્ત્ર કે તત્ત્વવિદ્યા કરતાં, નીતિના પ્રશ્નોમાં એમને વધારે રસ હોય છે, અને એમાં પણ એ કોઈ નીતિ સિદ્ધાંત આપવાને બદલે નીતિવ્યવહારની સૂઝ આપવાનું વધુ પસંદ કરશે.

ચાર, સહિષ્ણુતા :

ઉપરનો વિશેષતાઓમાંથી ફલિત થાય છે કે એમનામાં અન્ય વિચારધારાને તેમ જ વિરોધી વિચારપંથના તરફ સહાનુભૂતિ રાખવાનો વૃત્તિ છે, પરંતુ એ સહાનુભૂતિની સાથે અન્ય વિચારણાના સ્વીકારની પણ વાત સમાઈ જાય છે. ચીનમાં જ્યારે કન્ફ્યુશિયસધર્મ અને તાઓધર્મ સંપૂર્ણપણે ફેલાયા હતા અને ચીનીઓ

સંસ્કૃતિ બળવાન બન્યે જતી હતી તે વેળા ચીનની અંદર બૌદ્ધધર્મ અને બીજા ધર્મોનો પ્રવેશ અને સ્વીકાર આ વાતની સાક્ષી પૂરે છે.

પાંચ, લૌકિકતા :

સામાન્યપણે એમ કહી શકાય કે ચીનની પ્રજામાં એક પ્રકારની લૌકિકતા નજરે પડે છે. લાઓત્ઝેના બોધમાં આ સ્પષ્ટપણે પ્રત્યક્ષ થતી નથી, તોયે ઇહલોકની ભાવના એમનામાં પ્રબળ છે. આ જીવન અને આ દુનિયામાં જે કંઈ શ્રેષ્ઠ થઈ શકે એ કરવાનો એમનો પ્રયાસ હોય છે. કોઈક અંતિમ ધ્યેયનો ઇન્કાર કરવામાં આવતો નથી, તોયે એની જ પ્રાપ્તિ માટે જે કંઈક પ્રાપ્ત છે તેને ગુમાવવાની એમની તૈયારી નથી.

છ, મૂલ્ય પદ્ધતિ :

ચીનની પ્રજાની મૂલ્ય પદ્ધતિ વિશિષ્ટ પ્રકારની છે. ભારતમાં સમાધિમગ્ન સાધુ કે ઈશ્વરપ્રાપ્તિ મેળવનાર સંતને, અને પશ્ચિમની સંસ્કૃતિમાં દ્રવ્યમાન વેપારી નેતાને, સમાજ માળખામાં મોભાભર્યું સ્થાન આપવામાં આવે છે, ત્યારે ચીનમાં આવું સમાજ પ્રતિષ્ઠાનું સ્થાન વિદ્વાનને અને સાધુ પુરુષને આપવામાં આવ્યું છે. એમની સમાજવ્યવસ્થામાં જડ પ્રકારની વર્ગ વ્યવસ્થા ન હોવા છતાં એક પ્રકારનો સમાજક્રમ તો નિશ્ચિત રહ્યો છે.

૪. ચીની ધર્મના કેન્દ્રવર્તી વિચારો :

આદિમ ચીનધર્મમાંથી પ્રાપ્ત થયેલ વિચારો, માન્યતાઓ અને રૂઢિનો સ્વીકાર કરવામાં ચીનની આધુનિક સુસંસ્કૃત પ્રજાની કઈ વિશિષ્ટતાઓએ ભાગ ભજવ્યો છે એ આપણે ઉપર જોયું. આ બંનેનો સમન્વય કરીને જ ચીનના ધર્મના મહત્ત્વના વિચારોની રજૂઆત થઈ શકે.

કન્ફ્યુશિયસધર્મ, તાઓધર્મ તેમ જ ચીનનો બૌદ્ધધર્મ સમજવાને માટે ચીની ધર્મોના આ કેન્દ્રવર્તી વિચારો મહત્ત્વના છે, એથી આપણે એ વિચારોનો થોડો પરિચય મેળવી લઈ એ.

૧. તાઓ :

તાઓ એટલે માર્ગ.

આપણે ઉપર જોયું છે કે ચીની પ્રજાની એક માન્યતા છે કે પ્રત્યેક વસ્તુને માટે એક સાચો માર્ગ હોય છે. પ્રકૃતિ પણ સ્વયંભૂ રીતે એક સાચે માર્ગે આગળ વધે છે. એટલું જ નહિ પરંતુ 'તાઓ' એ એક તાત્ત્વિક સત્ય છે,

જેને અનુલક્ષીને માનવી પોતાની આકાંક્ષાઓ બાંધી શકે અને પોતાનો નીતિ-વ્યવહાર વ્યવસ્થિત રીતે ગોઠવી શકે.

માનવનો 'તાઓ' અને હેવનનો 'તાઓ' એ એક નથી અને છતાં હેવનના તાઓમાં માણસના નૈતિક જીવનનો માર્ગ સમાવિષ્ટ થયેલો જ છે. ઉપરાંત 'તાઓ' એક રહસ્યવાદી અનુભવનું પણ સૂચન કરે છે. આમ, તાઓ શબ્દ વિવિધ સ્વરૂપે અવનવા અર્થોમાં વપરાયેલ છે, અને એથી ચીનની વિચારધારામાં એનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.

૨. હેવન :

ચીનના આદિમ ધર્મમાંથી 'હેવન'નો વિચાર કઈ રીતે પ્રાપ્ત થાય છે એ આપણે ઉપર જોયું. વિશ્વમાં પ્રવર્તતી એકરૂપતા અને ક્રમ તેમ જ વિશ્વની વ્યવસ્થા આ સિદ્ધાંતને આધારે છે. પરંતુ હેવન પોતે સંપૂર્ણ સ્વતંત્ર હોઈને એણે સૃષ્ટિ પાસેથી કંઈ જ લેવાનું નથી અને એ સૃષ્ટિનો નૈતિક આદર્શ આપે છે. આ વિશે ફ્રેઝર કહે છે : "હેવન સદ્‌ગુણ વર્ષાવે છે. દરેક વસ્તુ પર એ પડે છે અને એમાંથી જ સદ્‌ગુણો સર્જાય છે. હેવન તો માત્ર આપે જ છે અને બદલામાં કંઈ લેતું નથી. પરંતુ, આથી જ બધા જીવો એમના તરફ વળે છે અને એમનો સદ્‌ગુણ સર્વશ્રેષ્ઠ રહે છે. પૃથ્વી તો બીજને સંગ્રહે છે, એનો વિકાસ પણ થવા દે છે. પરંતુ એ તો આપે પણ છે અને લે પણ છે—જેમકે મૃત્યુ પછી પૃથ્વી માનવદેહનો સ્વીકાર કરે છે. આથી પૃથ્વી અને હેવનના સદ્‌ગુણોમાં હેવનનો સદ્‌ગુણ સર્વોચ્ચ છે."૪

હેવનનો ઉપયોગ કેટલીક વેળા ઈશ્વરના અર્થમાં અથવા સર્વ શક્તિ એ અર્થમાં અને કેટલીક વેળા પ્રકૃતિનો નિયમ અથવા તો પ્રારબ્ધ એ અર્થમાં થાય છે. 'Heaven knows me' એ આગલા અર્થ માટે અને 'Decree of Heaven' પાછલા અર્થ માટે વપરાય છે.

૩. માનવ :

સર્વ વિચારણાનું કેન્દ્ર માનવ છે. સમાજમાં અને વિશ્વમાં માનવનું સ્થાન અતિ મહત્ત્વનું છે. માર્ગ પણ માણસને માટે છે, માણસ માર્ગને માટે નથી. માનવના, સમાજ-અને સૃષ્ટિમાંના, મહત્ત્વપૂર્ણ સ્થાન અંગે ક્રિલ૫ લિકિમાંથી, નોંધ કરી લઈએ છે :

---

૪ ફ્રેઝર, એ : ધી વર્લ્ડ કન્સેપ્શન ઑફ ધી ચાઈનીઝ, લંડન, ૧૯૨૫, પા. ૭૨

૫ ક્રિલ, એમ. જી. : સીનીઝમ, શિકાગો, ૧૯૨૯, પા. ૩૬

Man is the heart & mind of Heaven & Earth,
and the visible embodiment of the five elements.
He lives in the enjoyment of all flavours, the
discriminating of all notes & the enrobing of all colours.

૪. રાજાનું દૈવીપણું :

ચીનના આદિમ ધર્મમાંથી આ વિચાર પણ ચીનના આધુનિક ધર્મમાં ઊતરી આવ્યો છે. રાજ્યકર્તા એક દૈવીશક્તિ તરીકે સ્વીકારાયા છે અને એમણે એમની પ્રજાને અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડવાનું છે. એમ પણ મનાયું છે કે જો રાજા પોતાના કર્તવ્યમાંથી ચૂકે તો એના જે સામાજિક પરિણામો નીપજે તે ઉપરાંત ભૌતિક સૃષ્ટિમાં પણ વિચિત્ર પરિણામ નીપજે.

રાજા એ પ્રજાજન અને હેવનની વચ્ચેની સાંકળ સમાન છે.

૫. સાધુ :

પ્રત્યેક સમાજમાં એમના પયગંબરો અને પૂજારીઓ, સંતો અને પુરોહિતો હોય છે; પરંતુ ચીનની પ્રજા સાધુને આદર આપે છે. એમનામાં જ બધાં કાર્યોનું સંમિશ્રણ થાય છે. તેઓ જ નૈતિક ગુરુ છે અને નૈતિક નેતા પણ એ જ છે. રાજાને સલાહ પણ તેઓ જ આપે છે અને વ્યક્તિગત અને સામાજિક સમસ્યાનો પુરાણા સૂત્રોની સાથે કેવો સંબંધ છે એનું અર્થઘટન પણ એ જ આપે છે, ચીનના ધર્મો સમજવાને માટે સાધુત્વના ખ્યાલનો અને સાધુના આદરનો વિચાર સમજવો જોઈએ.

કેટલીક વેળા સાધુઓને માટેનો આદર સાધુને ઈશ્વરી અવતારની કક્ષામાં મૂકવામાં પણ પરિણમે છે. કન્ફ્યુશિયસના કેટલાક અનુયાયીઓએ એમને આવા દૈવી અવતાર તરીકે આલેખ્યાં છે.

૬. સુવર્ણયુગ :

પ્રત્યેક પ્રજાને પોતાના ભૂતકાળમાં એક એવો યુગ માલૂમ પડે છે જેને એ સુવર્ણયુગ તરીકે આલેખે અને જે પ્રાપ્ત કરવાની એ ખેવના કરે. ચીનમાં પણ આવા સુવર્ણયુગના વિચારનો સ્વીકાર છે અને ચાઉ વંશના શરૂઆતનાં વર્ષોને આવા સુવર્ણયુગના સમય તરીકે ગણવામાં આવે છે.

૭. પરિવર્તન અને ગતિશીલતા :

હિંદુધર્મમાં પરિવર્તનનો વિચાર સાતત્ય પર આધારિત છે. પરમ તત્ત્વ અનાદિ અને અનંત છે અને એમાં પરિવર્તન શક્ય નથી. ગ્રીક વિચારધારામાં પણ સાતત્યનો ખ્યાલ ભારપૂર્વક રજૂ થયો છે. એમ તો ભારતીય અને ગ્રીક વિચારધારામાં સાતત્યના ખ્યાલ સાથે પરિવર્તનનો ખ્યાલ પણ અપાયો જ છે. પરંતુ પરિવર્તનના ખ્યાલને પ્રજાના બહુજન સ્વીકૃત સિદ્ધાંત તરીકે સ્થાન મળ્યું નથી.

ચીની વિચારધારા એ માન્યતા ધરાવે કે ગતિ, પ્રક્રિયા, પરિવર્તન હંમેશા થતું જ હોય છે. બર્ટ કહે છે એ પ્રમાણે ચીનની ભાષામાં પશ્ચિમના 'દ્રવ્ય'નો (substance) બોધ રજૂ કરી શકે એવો એકેય શબ્દ નથી "[૬]

કદાચિત્ આ જ કારણથી બૌદ્ધધર્મનો ચીનમાં સ્વીકાર થયો હોય અને કદાચિત્ આ ગતિશીલતાના વિચારને અનુલક્ષીને જ ચીની તત્ત્વચિંતકોએ પરમતત્ત્વને માર્ગ તરીકે સૂચવેલ હશે.

ચીનના ધર્મો આ મૂળભૂત વિચારોનો સ્વીકાર કરે છે. ખાસ કરીને કન્ફ્યુશિયસ અને લાઓત્ઝે એનો સંપૂર્ણપણે સ્વીકાર કરે છે. પરંતુ એ બંને એ માર્ગની પ્રાપ્તિના અલગ અલગ માર્ગો સૂચવે છે. લાઓત્ઝે કહે છે: "જે તૃષ્ણાઓ દુઃખ તરફ દોરી જાય છે એને દૂર કરો." કન્ફ્યુશિયસ કહે છે : "તમારી તૃષ્ણાઓમાં એકરાગિતા લાવો જેથી એ દ્વારા સુખપ્રાપ્ત કરી શકાય." અને એ બેની વચ્ચેનો આ તફાવત તાત્ત્વિક દૃષ્ટિએ કદાચિત્ બહુ મહત્ત્વનો ન હોય તોપણ ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વનો છે. આથી જ ચીનના આદિમ ધર્મમાં રજૂ થયેલા વિચારો અને વિધિઓ, એ બંનેએ સ્વીકાર્યા છતાં, અને ચીની પ્રજાની વિશિષ્ટતાને અનુરૂપ એવા કેન્દ્રવર્તી ધાર્મિક વિચારો બનેએ આવકાર્યા છતાં, એ બંનેના ધર્મો અલગ રહ્યા છે. આમ છતાં, એ ધર્મોના વિકાસમાં તેમ જ એ બે ધર્મો સાથે બૌદ્ધધર્મના ચીની પ્રજાના સ્વીકારમાં, એક પ્રકારનું એકત્વ પ્રાપ્ત થયું છે. એ સંભવિત છે કે જે ધર્મોની પશ્ચાદ્ભૂ આટલી બધી સમાન હોય એ ધર્મ અનુયાયીને મન અલગ રહેવા નહિ પરંતુ સંમિલિત થવા સર્જાયેલ છે.

હવે આપણે ચીનના મુખ્ય ધર્મો : કન્ફ્યુશિયનધર્મ, લાઓત્ઝેનો ધર્મ અને ચીની બૌદ્ધધર્મની વિચારણા હાથ ધરીએ.

---

૬ બર્ટ, પા. ૧૪૬–૧૪૭.

કન્ફ્યુશિયનધર્મ

૧. સામાન્ય :

ચીનના બે મહાન ધર્મપ્રવર્તકો પૈકી લાઓત્ઝેના ઐતિહાસિક કાળ વિશે જેવો વિવાદ છે એવો વિવાદ કન્ફ્યુશિયસ વિશે નથી. કન્ફ્યુશિયસનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૫૧માં થયો હતો અને ઈ. સ. પૂર્વે ૪૭૯માં એમનું મૃત્યુ થયું હતું. એમનો ઉછેર એમની માતાને હાથે થયો હતો કારણકે એમના પિતા બહુ નાની ઉંમરે અવસાન પામ્યા હતા. એમના જીવનની માહિતી ધર્મ-વચન-સંગ્રહના ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. લૂન નામના લેખકે કન્ફ્યુશિયસના એનાલેક્ટસનું ભાષાંતર કર્યું છે, તે આધારે એમના જીવનચરિત્ર વિશે એટલી માહિતી મળે છે કે પિતાના મૃત્યુ પછી એમનો ઉછેર સામાન્ય પ્રકારે થયો. એમ છતાં તેઓ નિશ્ચિત મનોબળવાળા હતા એવો ઉલ્લેખ પણ પ્રાપ્ત છે. પોતાની માતાના મરણ પ્રસંગે જ્યારે કન્ફ્યુશિયસનો પુત્ર રડતો હતો ત્યારે તેમણે તેને ઠપકો આપ્યો. તેમને આ એક જ પુત્ર હતો છતાં પણ તેઓ તેના તરફ કડક વૃત્તિ રાખતા હતા.[૭]

એમણે શિક્ષક તરીકેનું કાર્ય પણ થોડો સમય હાથ ધર્યું અને પછીથી રાજ્યની ફોજદારી ન્યાયાધીશીમાં પણ ઘણો સમય સફળતાપૂર્વક કાર્ય કર્યું. એમના જીવનનો મહત્ત્વનો કાળ એમની ઉંમર વર્ષ ૫૫ થી ૭૨ નો છે. એ ગાળા દરમ્યાન એમણે લોકોમાં પોતાના વિચારો ફેલાવવા પ્રયાસ કર્યો અને એમ કરીને પોતાનો ઉપદેશ એમના દેશબાંધવોને આપ્યો.

કન્ફ્યુશિયસને નામે પ્રસિદ્ધ થયેલા વિવિધ ગ્રંથોની રચના પણ એમણે જીવનના આ છેવટના કાળમાં જ કરી.

કન્ફ્યુશિયસના વ્યક્તિત્વમાં એવું કયું મહત્ત્વનું તત્ત્વ હતું જેને લીધે એમના શિષ્યો તથા એમના અનુયાયીઓ એમને એક મહાન અને માનનીય શિક્ષક તરીકે આદરણીય તરીકે યાદ કરતા ?

કન્ફ્યુશિયસ અનેક બાબતોમાં ઘણા ચોક્કસ હતા. પોતે ઇતિહાસના અભ્યાસુ હોવા ઉપરાંત તેઓ પોતે એમ માનતા કે વ્યક્તિએ અને સમાજે ઇતિહાસ પાસે ઘણું શીખવાનું છે, એટલું જ નહિ પરંતુ નૈતિક આદર્શોનું તેમ જ રાજકીય વ્યવસ્થાનું ઘડતર પણ ઇતિહાસ દ્વારા મળેલા ડહાપણ ઉપર જ આધારિત થવું

૭ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૨૭ : ૧૨૨; ૧૬ : ૧૩

જોઈએ. એમના આ ઇતિહાસપ્રેમના કારણે કન્ફ્યુશિયસ ઘણી વેળા રૂઢિવાદી હોવાનો ભાસ થાય એ સ્વાભાવિક છે. એમના ઇતિહાસપ્રેમ તથા ભૂતકાળને માટેના આદરને વિશે લીન યુટાંગ આમ કહે છે:૮

પૂર્વજોને માટેનો પ્રેમ અને નિષ્ઠા તેમના અધૂરાં કાર્યો પૂર્ણ કરવામાં અને તેમનો વારસો હવે પછીની પેઢીઓને પહોંચાડવામાં સમાયેલ છે. વળી, તેઓ જે કંઈ કરતા હતા તે બધું, એજ રીતે, કરવામાં પણ એમના માટેનું માન વ્યક્ત થાય.

અહીંયાં આપણે એ જોઈએ છીએ કે પૂર્વજોના અધૂરાં કાર્યોને પૂર્ણ કરવામાં જ નહિ, પરંતુ એ કાર્યોના પરિણામોને ભવિષ્યની પેઢી સુધી પહોંચાડવાની વાત પણ કન્ફ્યુશિયસ સ્વીકારે છે. આપણા પૂર્વજોએ જે કંઈક કર્યું એ બધાનો માનપૂર્વક સ્વીકાર કરવામાં એમના તરફનો આપણો સાચો આદર વ્યક્ત થાય છે એમ પણ તેઓ જણાવે છે.

કન્ફ્યુશિયસના ઉપદેશો સમજવા માટે એમણે કરેલા સાહિત્યસર્જનનો પરિચય જરૂરી બને છે. એથી એમના ઉપદેશનો વિચાર કરતાં પહેલાં આપણે એમના ધર્મગ્રંથોનો વિચાર કરીશું.

૨. ધર્મગ્રંથો :

માનવ પ્રસ્થાપિત નવ ધર્મોમાં જો કોઈએ પોતાના ધર્મ વિશેના ધર્મશાસ્ત્ર ગ્રંથો પોતે લખ્યા હોય તો તેમાં ઝોરોસ્ટર, લાઓત્ઝે અને કન્ફ્યુશિયસનો સમાવેશ થાય છે. આમાં પણ ઝોરોસ્ટરે અવરથાનો કેટલોક ભાગ લખ્યો છે, અને લાઓત્ઝેએ એક નાનો ગ્રંથ લખ્યો છે; કન્ફ્યુશિયસે તો એમના ધર્મગ્રંથનું સાહિત્ય પોતે જ સર્જ્યું છે.

આ ધર્મગ્રંથોમાં કન્ફ્યુશિયસે પોતાનું મૌલિક કહી શકાય એવું કેટલું અને શું આપ્યું એ એક મોટો પ્રશ્નાર્થ છે. સામાન્ય એવો મત છે કે પરાપૂર્વથી

૮ ધ વીઝડમ ઑફ ચાઇના એન્ડ ઇન્ડિયા, ન્યૂયોર્ક, ૧૯૪૨, પા. ૮૫૧

ચીનના ધર્મમાં જે વિચાર અને આચાર પ્રચલિત હતા એને કન્ફ્યુશિયસે ભાષા દ્વારા વાચા આપી છે.

કન્ફ્યુશિયસે લખેલા ધર્મસાહિત્યમાં બે મુખ્ય વિભાગ છે—પહેલા વિભાગમાં કલાસિકસનો અને બીજામાં બુકસનો સમાવેશ થાય છે. કલાસિકસ જ્યારે કન્ફ્યુશિયસે લખ્યા છે ત્યારે ગ્રંથો કન્ફ્યુશિયસના શિષ્યોએ લખ્યા છે.

અ. કલાસિકસ :

પાંચ કલાસિકસમાંના એક સિવાય બાકીના બીજા બધા કન્ફ્યુશિયસના સમય પહેલાં પણ અસ્તિત્વમાં હતા અને કન્ફ્યુશિયસે તો માત્ર એનું પુનઃસંસ્કરણ કર્યું છે એવો એક મત છે. જો કે બધા જ કલાસિકસમાં કન્ફ્યુશિયસની દૃષ્ટિ છતી થાય છે.

પાંચ કલાસિકસ નીચે પ્રમાણે છે.

ક. શુ-કિંગ (Book of history) :

આ ગ્રંથ ચીનના ઇતિહાસ અંગે છે અને એથી એ ઇતિહાસ-ગ્રંથ તરીકે ઓળખાય છે.

ખ. શિકિંગ (Book of poetry) :

આ ગ્રંથમાં ઐહિક તેમ જ ધાર્મિક કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે એથી એ ગ્રંથને કવિતા-ગ્રંથ કહેવાય છે.

ગ. ઈ-કિંગ (Book of change) :

ભવિષ્યમાં નીપજનારા સંભવિત પલટાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. ભવિષ્યકથન વિશેની વિગતો આ ગ્રંથમાં આપવામાં આવી હોવાથી એનું નામ ભવિષ્ય-ગ્રંથ કહેવાય છે. ભવિષ્ય જોવાની ચીનની રીતો વિસ્મયકારી છે. કાચબાની ઢાલમાં વચ્ચે એક કાણું પાડી તે ઢાલને અગ્નિમાં શેકયા પછી એના પર જે રેખાઓ ઊપજે તેને આધારે ભવિષ્ય જોવામાં આવતું. આ ઉપરાંત બીજી પણ રીતો અસ્તિત્વમાં હતી.

ઘ. લીકી : (Book of rites) :

આ પુસ્તકમાં વિવિધ વિધિઓ સંગ્રહવામાં આવી છે, એથી આ પુસ્તકને વિધિ-ગ્રંથ તરીકે ઓળખવામાં આવે છે.

ચ. ચુન ચીઉ (Spring & autumn annals) :

આ પુસ્તક કન્ફ્યુશિયસે પોતે લખ્યું છે અને એમાં ચાઉ વંશનો ઈ. સ. પૂર્વે ૭૨૨ થી ઈ. સ. પૂર્વે ૪૮૧ સુધીનો ઇતિહાસ આપવામાં આવ્યો છે.

આ પાંચ કલાસિકસ ઉપરાંત કેટલાક લેખકો બીજા એક પુસ્તકનો પણ કલાસિકસમાં સમાવેશ કરે છે. એ પુસ્તકનું નામ 'હસીયાઓ કિંગ' મા-બાપ તરફ ફરજનો ગ્રંથ. આ ગ્રંથમાં સંતાનોએ એમના માતા-પિતા તરફ કેવી રીતનો વર્તાવ રાખવો જોઈએ એની રજૂઆત થયેલી છે.

કેટલાકનું એવું પણ મંતવ્ય છે કે છઠું કલાસિકસ સંગીતની વિચારણા કરે છે.

છ. ચાર ગ્રંથો :

કન્ફ્યુશિયન ધર્મસાહિત્યમાં પાંચ કલાસિકસ ઉપરાંત ચાર બુકસનો પણ સમાવેશ થાય છે. આ ચાર ગ્રંથો નીચે પ્રમાણે છે.

ક. એનાલેક્ટ્સ (Analects) :

ચાર પુસ્તકોમાં આ વિશેષ મહત્ત્વનું છે, કારણ કે કન્ફ્યુશિયસના ઉપદેશોનો એમના શિષ્યોએ જાળવી રાખેલ ભાગ તેમ જ એમના ઉદ્બોધનોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે આ રજૂઆતમાં કોઈ વિશેષ પદ્ધતિ જોઈ શકાતી નથી. આમ, એનાલેક્ટ્સ એ કન્ફ્યુશિયસના વચનામૃતનું પુસ્તક છે.

ખ. મધ્યમમાર્ગ (Golden mean) :

આ પુસ્તકમાં સર્વ પ્રકારે મધ્યમતા શી રીતે જાળવવી તેની વાત કરવામાં આવી છે. કન્ફ્યુશિયસનો મધ્યમમાર્ગનો ઉપદેશ મહત્ત્વનો છે.

આ અંગે એક નાનો પ્રસંગ નોંધવો ઠીક રહેશે.

કન્ફ્યુશિયસને પૂછવામાં આવ્યું, 'અપકારનો બદલો ઉપકાર' એ વિશે આપનો શો મત છે ? આ પ્રશ્નના ઉત્તરમાં કન્ફ્યુશિયસે પહેલાં તો એક સામો પ્રશ્ન પૂછ્યો, "તો ઉપકારનો બદલો શો ?" અને પછી જવાબ આપ્યો "તમે અપકારનો બદલો ન્યાયથી અને ઉપકારનો બદલો ઉપકારથી કરો."

કોઈપણ એક વસ્તુ સદંતર સાચી છે કે સદંતર ખોટી છે એ નિર્ણાયક રીતે કઈ રીતે કહી શકાય? એ જ પ્રમાણે જીવનના વ્યવહારમાં પણ બે અંતિમ છેડાની વચ્ચેના મધ્યમમાર્ગની કન્ફ્યુશિયસ વાત કરે છે. કન્ફ્યુશિયસના આ મધ્યમ-માર્ગને એક બાજુએ બુદ્ધના મધ્યમમાર્ગ સાથે અને બીજી બાજુએ એરિસ્ટોટલના સદ્‌ગુણના સુવર્ણ મધ્યમ તરીકેના ખ્યાલની સાથે સરખાવી શકાય.

ગ. મહાવિદ્યા (Great learning):

આ પુસ્તકમાં 'સદ્‌ગુણ'ની વાતો કરવામાં આવી છે. સદ્‌ગુણ અને સદાચાર અંગેનો વિચાર આપણે જ્યારે આગળ કરીશું ત્યારે આનો ઉલ્લેખ કરીશું.

આ બંને પુસ્તકો ક્લાસિકસમાં સમાવેલ વિધિ પુસ્તકનું વિસ્તરીકરણ છે. કન્ફ્યુશિયસે આ વિધિને જે રીતે ઘટાવી હતી અને એમના અનુયાયીઓએ જે રીતે એમનો સ્વીકાર કર્યો હતો એના આધારે આ બે પુસ્તકોમાં મૂળ ક્લાસિક પુસ્તકમાં વિસ્તરણ કરવામાં આવ્યું છે.

આ બે પુસ્તકોમાં વિવિધ વિષયો પરના કન્ફ્યુશિયસના વિચારોની વિગતવાર નોંધ પણ સમાવિષ્ટ છે. એમાં સમાવેશ થાય છે: વડો માણસ, માનવનું સાચું સ્વરૂપ, વિધિનું તાત્પર્ય, શિક્ષણ અને સંગીતનું ધ્યેય, રાજ્યશાસ્ત્ર, કળા તથા સૃષ્ટિનો નૈતિક કાયદો જેવા વિવિધ વિષયો ઉપર કન્ફ્યુશિયસના વિચારો પણ આ બે પુસ્તકોમાં રજૂ કરવામાં આવ્યા છે.

ઘ. મેન્સિઅસ (Book of Mencius):

કન્ફ્યુશિયસના મરણ પછી લગભગ બસો વર્ષે થયેલા મહાન કન્ફ્યુશિયન વિચારક મેંગ-ત્ઝે અથવા મેન્સિઅસના સિદ્ધાંતોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એમ કહી શકાય કે કન્ફ્યુશિયન ધર્મના સર્વ-ધર્મ સાહિત્યનું આ એક પુસ્તક નવીન ભાત પાડે છે. પહ્લતિસરના ધાર્મિક અને તાત્ત્વિક તત્ત્વદર્શનમાં જેવી સુગ્રથિત રજૂઆત હોવી જોઈએ એવી આ પુસ્તકમાં પ્રાપ્ત થાય છે.

૩. કન્ફ્યુશિયસના મહત્ત્વના વિચાર:

કન્ફ્યુશિયસે રજૂ કરેલ ક્લાસિકસમાં આદિમ ચીન ધર્મ સાથેનો સંબંધ પ્રસ્થાપિત થાય છે એ ખરું, છતાં પણ એક નવતર સંસ્કૃતિનું સર્જન કરવા માટે તથા એક નવસર્જિત થયેલી સંસ્કૃતિને ઓપ આપવાનો કન્ફ્યુશિયસનો પ્રયાસ આ ગ્રંથોમાં અદૃશ્ય રહેતો નથી. આદિમ ધર્મની માફક આ ધર્મસાહિત્યમાં જીવનનો સંઘર્ષ અથવા તો ભૌતિક અસ્તિત્વને માટેના સતત પ્રયાસની અહીંયાં

વાત નથી; અહીંયાં તો એક સમૃદ્ધ અને સારું જીવન પ્રાપ્ત કરવાની તથા ઉત્તમ પ્રકારના નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની પ્રાપ્તિની વાત જોવા મળે છે. નવતર સંસ્કૃતિના ઘડતરને કાળે એના પુરાતન સંબંધનો છેડો માનવ સદંતર ન ફાડી શકે એ સમજી શકાય એમ છે, અને છતાંય નવા વ્યક્તિ જીવનનાં મૂલ્યો, સમાજ જીવનનાં મૂલ્યો ઉપસ્થિત થાય એ પણ એટલી જ અગત્યની અને મહત્ત્વની વાત છે. અને આ પલટાતા સમયમાં, આ સાંસ્કૃતિક સંઘર્ષના કાળમાં આપણે એ સ્પષ્ટ જોઈ શકીએ એમ છીએ કે માત્ર અસ્તિત્વનો વિચાર કરતા કંઈ વિશેષની, કંઈ મહાનની પ્રાપ્તિને માટે સમાજ અને સમાજના ઘડવૈયાઓ પ્રયાસ કરે છે. એમની સમક્ષ એક નવીન ભાવિ ખૂલે છે અને એની પ્રાપ્તિ કરવાનો માર્ગ પણ સૂચવાય છે.

કન્ફ્યુશિયસના બોધ અને કાર્ય વિશે ઘણાય વિચારકો તેમને રૂઢિચુસ્ત તરીકે સ્વીકારી, માત્ર ભૂતકાળની ગાથા ગાતા કવિ સિવાય એમને નવાજતા નથી. કોઈપણ પરિવર્તન એકદમ અને ત્વરિત રીતે આવતું નથી. ચીનની પ્રજાને માટે આદિમ સંસ્કૃતિમાંથી નૂતન સંસ્કૃતિનું પરિવર્તન પણ એ જ રીતે આવે એ સહજ છે. આમ પણ કન્ફ્યુશિયસના જીવનકાળ દરમ્યાન લોકોએ એમને સ્વીકારવા અને આવકારવા જોઈએ એ રીતે એમને નહોતા સ્વીકાર્યા કે આવકાર્યા. કારણકે એમને આ વ્યક્તિ કંઈક જુદું જ કહેતી, કરતી અને આપતી લાગતી હતી. જો કન્ફ્યુશિયસે પોતાનો એક પગ પુરાતન સંસ્કૃતિમાં રાખીને, બીજો પગ નવીન સંસ્કૃતિમાં મૂકવાને બદલે, સંપૂર્ણપણે નવીન સંસ્કૃતિમાં અડીખમ ઊભા રહી, એની સ્થાપનાના પ્રયાસ કર્યા હોત, તો જિસસના જે હાલ થયા તે એમના પણ ન થાત? આ તો પરિવર્તનનો એક સામાન્ય ક્રમ છે, અથવા તો બૌદ્ધધર્મના જે હાલ હિંદુસ્તાનમાં થયા એ કન્ફ્યુશિયનધર્મના ચીનમાં થયાં ન હોત?

કન્ફ્યુશિયસે ઉપદેશેલ વિચારોમાંથી ત્રણ વિચાર મહત્ત્વના છે.

ક. લી (Li)
ખ. જેન (Jen)
ગ. તાઓ (Tao)

ક. લી :

કન્ફ્યુશિયસનું એમ સ્પષ્ટપણે માનવું હતું કે એના સમાજનો મહત્ત્વનો પ્રશ્ન 'લી' ના ગુમાવવાથી ઉપસ્થિત થયો હતો, અને સમાજના ઘડતર માટે તથા એના ઉદ્ધારને માટે 'લી' નું પુનઃપ્રસ્થાપન અતિ આવશ્યક હતું.

'લી'ને સમજાવતાં લીન યુટાંગ[૯] કહે છે : "In the narrowest sense, it means 'rituals', 'propriety' and just 'goodness;' in the historical sense it means the rationalized system of feudal order (that was supposedly realized in the early Chau period); in a philosophical sense it means an ideal social order with 'everything in its place'; and in a personal sense it means a pious, religious state of mind, very near to the word 'faith.' Among the chinese scholars, confucianism is known as the 'religion of Li', the nearest translation of which would be religion of moral order'. It subjects the political order to the moral social order, making the latter the basis of the former"

આમ 'લી' એ વિવિધ અર્થી શબ્દ છે. એટલું જ નહિ પરંતુ એમાં એક કરતાં વધારે બાબતો સમાવિષ્ટ થયેલી છે એ પણ જોઈ શકાશે. એક તરફે એનો અર્થ જો વિધિ થતો હોય, તો બીજી તરફે એને 'નૈતિક નિયમ' તરીકે અને કન્ફ્યુશિયનવાદના સમકક્ષ તરીકે પણ લેખવામાં આવે છે. 'લી'નો અર્થ સમજવા માટે 'વાજબી' શબ્દ યોગ્ય રહેશે. જોકે આ શબ્દ પ્રયોજનમાં કન્ફ્યુશિયસની રૂઢિવાદી બાજુ પર વધારે ભાર મુકાય છે, કારણકે વાજબીને નિર્ણીત કરવાને માટે પરાપૂર્વથી શ્રેષ્ઠ તરીકે જે ચાલ્યું આવે છે એના આદર ઉપર ભાર મૂકવામાં આવે છે.[૧૦]

'લી' એટલે સુયોગ્ય વર્તન, અને વર્તનનું ક્ષેત્ર સમગ્ર માનવજીવન અને સમાજજીવન પર પ્રસારિત છે. એથી 'લી'ના અર્થમાં અનેક બાબતો સમાઈ જાય એ સહજ છે. વિધિ, વિનય, રૂઢિ વગેરેનો આમાં સમાવેશ થાય છે. એટલું જ નહિ પરંતુ 'લી'ની સાથે જે કંઈ સુસંગત હોય એ જ કરી શકાય, અને એની વિરુદ્ધ જે કંઈ હોય તેવું ન થઈ શકે—વિચારમાં, વાણીમાં કે વર્તનમાં—એ 'લી'ના આ અર્થમાં સમાવિષ્ટ છે. માનવીનું વર્તન ક્યાં તો 'લી'ને

૯ એજ, પા. ૮૧૧.

૧૦ વેંગ, એસ. એમ. : ધી ચાઈનીઝ માઈન્ડ, ન્યૂયોર્ક, ૧૯૪૬, પા. ૧૪

અનુરૂપ અને તેથી 'લી' માટે માનસૂચક અથવા તો 'લી'થી વિપરીત, અને તેથી 'લાં' માટે માનભાવ વિનાનું છે એમ કહેવાય.

ખ. જેન :

કન્ફ્યુશિયસે આપેલો બીજો મહત્ત્વનો વિચાર જેન છે. જો કન્ફ્યુશિયસે માત્ર 'લી'ની જ વાત કરી હોત તો તો એનો ધર્મ સહજ રીતે પુરાણા ધર્મમાં સરકી જાત અને એ સંપૂર્ણપણે રૂઢિવાદી થાત. 'લી'માં પુરાણાનો આદર નિશ્ચિત છે જ અને એમાં જે કંઈક ખૂટે છે તે 'જેન'ના વિચારમાં સમાય છે. માત્ર 'લી' પુરાણાને પકડી પરિવર્તનને નકારે, પરંતુ 'જેન' એ એવો વિચાર છે જે દ્વારા પુરાણાને વર્તમાન સાથે સાંકળીને તેને એની સાથે સુસંગત કરવામાં આવે છે.

'લી' શબ્દની જેમ 'જેન' શબ્દનો સમાનાર્થી શબ્દ આપવો મુશ્કેલ છે. આ શબ્દને માટેનો સમાનાર્થી શબ્દ 'સાચું માનવત્વ' (True Manhood) એમ લીન યુટાંગ આપે છે. ડો. હુજીસ આ શબ્દનો અર્થ માનવ–માનવતા (Man to manness) તરીકે આપે છે. આ બંને અર્થોને અનુલક્ષીને આપણે 'જેન'નો અર્થ આ રીતે ઘટાવી શકીએ. 'એક સાચો માનવી બીજા માનવીના સંબંધમાં યોગ્ય રીતે વ્યવહાર કરે તે.'

જેનનું આ રીતનું અર્થઘટન, 'જેન'માં 'લી' સમાયેલ છે એમ સ્પષ્ટ કરે છે. 'લી'ના આચરણ વિના 'જેન'નું ઉદાહરણ આપી શકાય નહિ અને છતાં 'જેન' અનુસારનું જીવન નહિ જીવવા છતાં 'લી'ને માટે આદર બતાવી શકાય. આમ 'લી' અને 'જેન'નો સંબંધ વિશિષ્ટ રીતનો છે. પુરાતનના આદર તરીકે 'લી' માટે માન હોવા છતાં, વ્યક્તિ જે રીતે એણે બીજી વ્યક્તિઓ સાથે વ્યવહાર કરવો જોઈએ એવો ન પણ કરે. આવી વ્યક્તિ જેટલે અંશે 'લાં'નો આદર કરે છે તેટલે અંશે તે રૂઢિવાદી બનશે. પરંતુ કન્ફ્યુશિયસે પ્રબોધેલ જેનના ખ્યાલ અનુસારનું જીવન નહિ જીવવાને પરિણામે એ વર્તમાન સમયને અનુરૂપ પરિવર્તન સ્વીકારતો નથી; એમ થશે. 'લી'ને યોગ્ય વ્યવહારના અર્થમાં ઘટાવીએ તે એ અનુસારના અન્ય માનવ સાથેના વ્યવહાર વિના 'જેન'નું પ્રત્યક્ષીકરણ શી રીતે થઈ શકે? એથી જ જેનના પ્રત્યક્ષીકરણ માટે 'લાં' અનુસારનો વ્યવહાર અનિવાર્ય છે.

આ બેની વચ્ચેનો સંબંધ કન્ફ્યુશિયસના એક કથનમાં સ્પષ્ટ થાય છે : "True manhood consists in realizing your true self and

restoring the moral order (or li). If a man can just for one day realize his true self and restore complete moral order the world will follow him."[૧૧]

સમાજના એક અંગ તરીકે માનવ પર જે જે જવાબદારી આવે એનો સ્વીકાર કરી એનું પાલન કરવા એ પ્રયત્નશીલ રહે છે. એના આવા પ્રયત્નમાં એને 'લી' અથવા 'જેન' બંને સહાયરૂપ થાય છે. રૂઢિગત રીતે કયો વ્યવહાર યોગ્ય છે તથા કયો વ્યવહાર પુરસતન સાથે સુસંગત છે એ 'લી' એને કહે છે, જ્યારે 'જેન' એને એ સૂચવે છે કે કોઈપણ સંજોગોમાં કોઈપણ માનવ સાથેનો કયો વ્યવહાર સુયોગ્ય છે કે વાજબી છે, એ જે તે સંજોગો અને જે તે માનવ સાથેના સંબંધ પર આધારિત છે. આમ 'લી' રૂઢિતત્ત્વ અને 'જેન' પરિવર્તનશીલ તત્ત્વ બની રહે છે. કોઈપણ આપેલ સમયે, કોઈપણ માનવવ્યવહાર માટે એ સાચા માનવ તરીકે કાર્ય કરે એ માટે એણે 'સુવર્ણ મધ્ય' પામવું જોઈએ.

જે વ્યક્તિ 'જેન'નો આ ગુણ—અંતિમમાંથી મધ્યને ઓળખી તેના સ્વીકારનો—ગ્રહી શકતી નથી તે સાચા માનવ તરીકેનો યોગ્ય વ્યવહાર કરવામાં અનુકૂળ બની શકતી નથી.

'જેન'ના આ સદ્‌ગુણની વધુ સમજ પામવાને માટે તથા 'જેન' અનુસાર વ્યક્તિએ પોતાનું આચરણ શી રીતે ઘડવું જોઈએ એનો ખ્યાલ પામવા કન્ફ્યુશિયસે એના શિષ્યને કહેલ વાત જોઈએ :

"ત્સે-કૂંગે પૂછ્યું : શું બધા મનુષ્યો પોતાના જીવનને માટે નિયમ તરીકે સ્વીકારી શકે એવો એકેય શબ્દ છે?" કન્ફ્યુશિયસે કહ્યું : "શું મનુષ્યોનો પરસ્પર ભાવ (reciprocity) એવો શબ્દ નથી?" અને વધુમાં કહ્યું : "તમે એવું ઇચ્છતા હો કે બીજા માણસો તમારા તરફ અમુક વર્તન ન રાખે, તો તમારે પણ તે માણસો પ્રત્યે તેવું વર્તન રાખવું જોઈએ નહિ."[૧૨]

જિસસના ગોસ્પેલમાં પણ આવો જ ભાવ વ્યક્ત થયો છે. ફેર માત્ર એટલો છે કે અહીંયાં સૂચિત વ્યવહારની રજૂઆત નિષેધવાચી છે જ્યારે ગોસ્પેલમાં એ અસ્તિવાચી છે.

---

૧૧ લીન યુટાંગ, પા. ૮૩૧

૧૨ એનાલેક્ટસ – ૧૫ : ૨૩; મહાવિદ્યા – ૧૦ : ૨;
મધ્યમમાર્ગ – ૧૩ : ૩; લોકો–૮૧ : ૧.

કૅન્ટના નીતિશાસ્ત્રનો મૂળ આધાર આચારના આ વિચારમાંથી પ્રાપ્ત થાય છે.

પોતાના આ વિચારનું સમર્થન કરતા માનવ-માનવ વચ્ચેના જે વિવિધ સંબંધો હોઈ શકે તે વિશે એમણે કહ્યું છે: "સંબંધો પાંચ પ્રકારના હોય છે—રાજા અને પ્રજાનો; પિતા અને પુત્રનો; પતિ અને પત્નીનો; મોટાભાઈ અને નાનાભાઈનો; મિત્ર અને મિત્રનો; કોઈપણ બુદ્ધિમાન કે મૂર્ખ માણસ ટૂંકા સમયને માટે પણ આ પ્રકારના સંબંધોને હટાવી શકતો નથી."[૧૩]

વળી, આ સંબંધોમાં કન્ફ્યુશિયસ પોતે કઈ રીતે વર્ત્યા છે એની નમ્રતાભરી રજૂઆત એમના આ કથનમાં જોવા મળે છે:[૧૪]

"There are four things in the moral life of a man, not one of which have I been able to carry out in my life. To serve my father as I would expect my son to serve me-that I have not been able to do. To serve my sovereign as I would expect a minister under me to serve me-that I have not been able to do. To act towarads my elder.brothers as I should expect my younger brothers to act towards me-that I have not been able to do. To be the first to behave towards friends as I would expect them to behave towards me-that I have not been able to do."

જે વ્યક્તિ સાચા માનવના આદર્શને વરેલી છે તેણે અરસપરસની ભાવનાથી કઈ રીતનો વર્તાવ રાખવો જોઈએ એનો યોગ્ય ખ્યાલ ઉપરના કથનમાંથી આવે છે.

આચરણના એમણે આપેલા બીજા કેટલાક વ્યાવહારિક ઉપદેશનો અહીંયાં ઉલ્લેખ કરી લઈએ:

"જે માણસો તમારી સમકક્ષ નથી તેમની સાથે મિત્રતા બાંધશો નહીં."[૧૫]

"અપકારનો બદલો અપકારથી વાળજો અને દયાનો બદલો દયાથી જ આપજો."[૧૬]

---

૧૩ લેગ : રિલિજિયન્સ ઑફ ચાયના, પા. ૧૦૫

૧૪ લીન યુટાંગ, પા. ૮૪૯

૧૫ લીકી, ૧ : ૮-૩

૧૬ એજ, ૧૪ : ૩૬-૩

"પિતા અથવા પુત્રની ચાલચલગતમાં એકબીજાએ દોષો કાઢવા નહીં, એમાં જ પુત્રભક્તિ અને પિતૃભક્તિ રહેલી છે."[૧૭]

સામાન્ય રીતે પ્રત્યેક માનવીએ કેળવવા યોગ્ય સદ્‌ગુણોનો ઉલ્લેખ આમ કરવામાં આવ્યો છે :

"ડહાપણ, પરોપકાર અને સહનશીલતા એ સદ્‌ગુણો બધાને માટે છે."[૧૮]

કન્ફ્યુશિયન ધર્મના 'લી' અને 'જેન'ના વિચારમાં પ્રસ્થાપિત થયેલી આચારસંહિતા માનવ-માનવ વચ્ચેના પરસ્પરના યોગ્ય સંબંધો પર ભાર મૂકે છે. આપણે શરૂઆતમાં એ જોયું કે સમાજ અને સંસ્કૃતિના નવસર્જનને માટે કન્ફ્યુશિયસ પ્રયત્નશીલ હતા. એ પ્રસ્થાપિત કરવાને માટેનો પદ્ધતિસરનો માર્ગ એમણે અપનાવ્યો. સમાજની સુદૃઢતા ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે કુટુંબ સુદૃઢ હોય, અને વ્યક્તિની સુદૃઢતા વિના કુટુંબની સુદૃઢતા કઈ રીતે શક્ય બને? આથી જ કન્ફ્યુશિયસે એક એવા માનવનો આદર્શ તરીકે ખ્યાલ આપ્યો, જે અન્ય લોકનો નહીં પરંતુ આ લોકનો જ હોય, જે આદર્શ તરીકે દૂર ક્યાંક નહીં પરંતુ સમાજમાં જ જીવતો હોય, જેને ગૂઢ પ્રશ્નો સાથે ઝાઝી નિસ્બત ન હોય,[૧૯] પરંતુ એ એવો માનવ હોય જે પોતાના ભૂતકાળના વારસાથી પરિચિત હોય અને તે માટે આદર દાખવતો હોય. પરંતુ એની સાથે જ એ દૃષ્ટિ અને બુદ્ધિના દ્વાર બંધ ન કરતાં, જે સમયે જે પરિસ્થિતિ અનુસાર માનવવ્યવહાર માટે જે કંઈક કરવાનું યોગ્ય હોય એ કરવાને માટે કટિબદ્ધ બને. આવા માનવના ઘડતર માટે કન્ફ્યુશિયસે એમની વિચારણા રજૂ કરી.

ગ. તાઓ :

ઉપર રજૂ કરેલી વિચારણા મુખ્યત્વે કરીને સામાજિક અને નૈતિક સ્વરૂપની રહી છે. આમાં ધર્મ ક્યાં ? એવો પ્રશ્ન કોઈ કરી શકે.

પ્રત્યેક ધર્મ, નીતિને મહત્ત્વનું સ્થાન આપે છે અને તે અનુસાર કન્ફ્યુશિયન-ધર્મ પણ એને એવું સ્થાન આપે એ સમજી શકાય. પરંતુ શું માનવીએ એકમેકની સાથેના યોગ્ય વ્યવહાર કરવા સિવાય બીજું કંઈ જ પ્રાપ્ત કરવાનું નથી ? જો માનવનો પરસ્પર વ્યવહાર જ સર્વસ્વ હોય તો એ ધર્મ માત્ર નીતિધર્મ કે સમાજ

---

૧૭ એજ, ૧૩.૫ ૧૮.૨

૧૮ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૨૮ : ૩૧૩

૧૯ કન્ફ્યુશિયસ કહે છે : "જો તમે તમારા ખરા કાર્યક્ષેત્રની બહાર જઈ બીજા સુંદર અને ગૂઢ સિદ્ધાંતો શોધવાનો પ્રયત્ન કરશો તથા વિચિત્ર અને અદ્‌ભુત પ્રયોગો કરવા માંડશો, તો તમે ખરાબ માણસ તરીકે લેખાશો." લેમ-પા. ૧૦૫

ધર્મ બની રહે. પરંતુ શું આપણે કન્ફ્યુશિયનધર્મને માત્ર નીતિધર્મ તરીકે જ સ્વીકારીશું ?

આ બધા પ્રશ્નોના ઉત્તર આપણને કન્ફ્યુશિયસના ત્રીજા વિચારમાંથી પ્રાપ્ત થશે. આ વિચાર એ 'તાઓ'નો છે. 'તાઓ' શબ્દ કન્ફ્યુશિયસે જ પ્રયોજ્યો છે એમ નથી, 'તાઓ'નો વિચાર ચીનની પુરાણી સંસ્કૃતિમાં પ્રચલિત છે. 'તાઓ'નો, માનવને અનુલક્ષીને, એક અર્થ થાય છે, અને હેવનને અનુલક્ષીને બીજો અર્થ થાય છે. જે વ્યક્તિ પોતાના જીવનનું ઘડતર 'લી'ના આદર અનુસાર કરે અને 'જેન' દ્વારા અપાયેલ માનવવ્યવહાર અને સદ્‌ગુણ આચરે, તે માનવનો તાઓ–માનવ ધ્યેય–સિદ્ધ કરે છે, અને એ સાથે જ 'હેવન'ના તાઓ–અંતિમ તત્ત્વ સાથે સંબંધિત પણ થાય છે.

આમ, કન્ફ્યુશિયસની વિચારધારામાં એક અંત કે આદર્શનો અભાવ નથી. પુરાણી સંસ્કૃતિમાં જે 'તાઓ' અને 'હેવન'ના વિચારો પ્રચલિત છે તેને 'લી'ના વિચારને આધારે કન્ફ્યુશિયસ સ્વીકારે જ છે, અને એથી કન્ફ્યુશિયસના બોધની ધાર્મિક બાજુ 'તાઓ'ના વિચારના સ્વીકારમાં રહેલી છે.

આમ છતાં, એટલું કહેવું જરૂરી છે કે કન્ફ્યુશિયસના ધર્મમાં આચારસંહિતા પર જેટલો ભાર આપવામાં આવ્યો છે એના પ્રમાણમાં ધર્મના મહત્ત્વના પ્રશ્નો પર વિચારણા રજૂ કરવામાં આવી નથી.

'લી' અનુસારનું અને 'જેન' દ્વારા પ્રમાણિત થયેલ વ્યવહાર પર ભાર મૂકવાને પરિણામે એ સંભવિત નથી કે માનવ માત્ર બાહ્ય આચારમાં જ સંતોષ પ્રાપ્ત કરતો થાય. એમ બને તો વ્યક્તિજીવન દંભી અને આડંબરી નહીં બને ? અને તો પછી સમાજજીવન કલુષિત, કરામતભર્યું, કિલષ્ટ અને અધોગતિમય નહીં બને ?

કન્ફ્યુશિયસે પ્રાપ્ત કરવા ધારેલ સમાજ–પરિવર્તન કેટલે અંશે સંભવિત બન્યું છે એનું મૂલ્યાંકન કરવું આ પુસ્તકની મર્યાદા બહાર છે.

તાઓધર્મ

૧. સામાન્ય :

લાઓત્ઝે ઐતિહાસિક પુરુષ હતા કે કાલ્પનિક વ્યક્તિ હતા એ પ્રશ્ન હવે લગભગ જાંખો થયેલો છે અને એમ સ્વીકારાયું છે કે કન્ફ્યુશિયસ પછી, લાઓત્ઝેનો જન્મ

ઈ. સ. પૂર્વે ૪થી સદીમાં થયો હતો, અને એ સદીમાં જ એમના હાથે એમનો મહાન ગ્રંથ તાઓ-તે-કિંગ રચાયો હતો.

લાઓત્ઝેના ગ્રંથ વિષે જે કથા પ્રાપ્ત છે તેનો ઉલ્લેખ કરતાં કેરસે[૨૦] કહ્યું છે: "લાઓત્ઝે બુદ્ધિનો ઉપયોગ કરતા અને ધાર્મિક જીવન ગાળતા હતા. તેમના ઉપદેશનું ધ્યેય અહંકારવૃત્તિનો નાશ કરવાનું હતું. લાઓત્ઝે પોતાના જીવનનો ઘણોખરો ભાગ 'ચોઉ'માં ગાળ્યો હતો, જ્યારે તેમણે ચોઉની પડતીની નિશાનીઓ જોઈ ત્યારે તેઓ ત્યાંથી નીકળી સરહદ પર આવ્યા. યિન-હી નામના જકાતખાતાના અધિકારીએ કહ્યું : 'સાહેબ આપે જ્યારે નિવૃત્તિ લેવાનો જ વિચાર કર્યો છે ત્યારે મારા સ્વાર્થને ખાતર હું આપને પુસ્તક લખવા વિનંતી કરું છું.' આ વિનંતી ધ્યાનમાં લઈ લાઓત્ઝેએ ૫૦૦૦ શબ્દોવાળું પુસ્તક બે ભાગમાં લખ્યું અને બુદ્ધિ અને ધર્મની ભાવનાની ચર્ચા કરી. પછી તેઓ ત્યાંથી જતા રહ્યા અને ક્યાં મરણ પામ્યા તે કોઈ જાણતું નથી."

તાઓ-તે-કિંગની રચના ઈ. સ. પૂર્વે ૪થી સદીમાં થઈ. તાઓ-તે-કિંગમાં લાઓત્ઝેએ રજૂ કરેલ વિચારને સમજવામાં એમણે વાપરેલા બે શબ્દો 'તાઓ' અને 'તે'ના અર્થ સમજવા ખરેખર કઠિન છે. આ ગ્રંથનું ભાષાંતર અનેક લેખકોએ કર્યું છે અને તેઓએ એ ગ્રંથનું નામ જે રીતે ભાષાંતરિત કર્યું છે તે ઉપરથી આ શબ્દોનો થોડો ખ્યાલ પામી શકાય એમ છે.

આમ્સે આ પુસ્તકને 'તાઓ અને સદ્‌ગુણના ગ્રંથ', ઓલ્ડે 'સદ્‌ગુણના માર્ગનો ગ્રંથ', પાર્કરે 'પરમાત્માની કૃપાનો ગ્રંથ', બાલ્ફરે 'પ્રકૃતિ અને તેના ધર્મનો સિદ્ધાંત', બ્લેકઝાંડરે 'પ્રકૃતિ અને ઈશ્વરના આવિર્ભાવ વિશે વિચારો', અને કેરસે 'બુદ્ધિ અને સદ્‌ગુણના નિયમો' એવાં નામો આપ્યાં છે. આ બધા ઉપરથી આ બે શબ્દોનો અર્થ સમજવો અનુકૂળ થશે.

આમ, 'તાઓ'ને તાઓ તરીકે સ્વીકારવા ઉપરાંત એને પરમાત્મા, પ્રકૃતિ અને બુદ્ધિ તરીકે પણ ગણવામાં આવે છે. તે જ પ્રમાણે તેને ધર્મ, ઈશ્વર કે સદ્‌ગુણ તરીકે પણ ગણવામાં આવે છે. એથી અહીં આપણે એ બંને શબ્દોનો અર્થ સમજવા પ્રયત્ન કરીશું.

૨. 'તાઓ'ના અર્થ :

'તાઓ' કેટલીક વેળા 'માર્ગ' અથવા 'રસ્તો'ના અર્થમાં વપરાય છે.

---

૨૦ કેરસ, કેનન ઑફ રિઝન એન્ડ વર્ચ્યુ, પા. ૭૧-૭૨

જ્યારે તાઓધર્મને માટે 'તાઓ' શબ્દ વપરાય છે ત્યારે તેનો અર્થ ધર્મનો માર્ગ એમ થાય છે—જેમ શિન્તોનો અર્થ દેવોનો માર્ગ થાય છે એ રીતે.

આમ છતાં, તાઓના આ મૂળભૂત અર્થમાંથી બીજા પણ અર્થો નિષ્પન્ન થાય છે.

એક તો, તાઓનો અર્થ બુદ્ધિ, તર્ક, સત્ય અને સિદ્ધાંતના માર્ગ તરીકે ઘટાવાય છે.

બીજું, તાઓને શુદ્ધ સદ્‌ગુણોનો માર્ગ એટલે કે નીતિના આદર્શ તરફ લઈ જનાર માર્ગ તરીકે પણ ઓળખાવાય છે.

ત્રીજું, તાઓનો ઉપયોગ સૃષ્ટિની ભૌતિક અને નૈતિક વ્યવસ્થા જે સિદ્ધાંતને અનુરૂપ થઈ છે તે સિદ્ધાંત તરીકે પણ ઘટાવવામાં આવે છે.

ચોથું, કેટલીક વેળા તાઓ એટલે દેવોએ અપનાવેલો અને અનુસરેલો જીવનનો સાચો માર્ગ એ રીતે પણ એનો અર્થ ઘટાવાય છે.

પાંચમું, તાઓનો અર્થ કેટલાક તર્ક (Reason) તરીકે ઘટાવે છે.

છઠું વળી તાઓનો અર્થ કેટલીક વેળા પ્રજાના પાલનહાર ઈશ્વર (Providence) તરીકે પણ ઘટાવાય છે.

સાતમું, કેટલાક તાઓને પરમતત્ત્વ (Supreme Being) તરીકે પણ ઘટાવે છે.

આઠમું, વળી કેટલાક તાઓને શબ્દ (Word) અને વાણી (Logos) તરીકે પણ ઘટાવે છે.

અહીં આપણે એ જોઈ શકીશું કે તાઓના અર્થનું મૂળભૂત તાત્પર્ય નૈતિક છે અને આમ છતાં, એમાંથી જ એક તાત્ત્વિક સત્યનો પણ ખ્યાલ પમાય છે.

તાઓના સદ્‌ગુણનું હાર્દ તાઓ-તે-કિંગનું ભાષાંતર કરતા લીન યુટાંગે[૨૧] રજૂ કરેલ નીચેનું સૂત્ર સારભાગરૂપે રજૂ કરી શકાએ :

> " Curtail thy desires;
> Check thy selfishness,
> Embrace thy Original Nature
> Reveal thy simple self "

૨૧ ધી વીઝડમ ઓફ ચાયના એન્ડ ઇન્ડિયા, પા. ૫૮૩.

"તાઓ શબ્દ દ્વારા જે નૈતિક હાર્દ રજૂ થાય છે તે એ છે કે માણસે પોતાની જાતને સમજવી જોઈએ અને તેના પર કાબૂ જમાવવો જોઈએ. આની વધુ વિચારણા આપણે લાઓત્ઝેએ આપેલ નીતિશાસ્ત્રની વિચારણા વખતે હાથ ધરીશું.

'તાઓ' અર્થમાંથી જે તાત્ત્વિક ભાવ નિષ્પન્ન થાય છે તેને તાઓ-તે-કિંગમાં પ્રાપ્ત થતા ત્રણ તાત્ત્વિક સ્તરોનો ઉલ્લેખ કરીને સમજવી શકાય. એક તો 'તાઓ' સૃષ્ટિથી પર (Transcendent) છે. 'તાઓ'નું વિશિષ્ટ સ્વરૂપ એ જ છે કે 'તાઓ'ને કોઈ નામ આપી શકાય એમ નથી. આની સુંદર રજૂઆત કરતાં બર્ટ કહે છે :[૨૨]

"The tao that can be tao'd
Is by no means the real tao;
The name that can be named
Is by no means the real name"

આમ છતાં, જો લાઓત્ઝેને એ માટે કોઈક નામ આપવું જ પડે તો તેઓ તાઓને 'મહાન'[૨૩] એવું નામ આપવાનું પસંદ કરે. તાઓ-તે-કિંગમાં તાઓના બીજા પણ કેટલાક ગુણોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. જેમ કે, અપરિવર્તનશીલ, એક, અનંત.

બીજું, કેટલીક વેળા 'તાઓ'ને માટે "Named mother of all things"[૨૪] પણ વપરાય છે. તાઓના આ અર્થ વિશે ઘણો ગૂંચવાડો નીપજેલ છે. કયાં તો એને પરમતત્ત્વના અર્થમાં ઘટાવી શકાય, અથવા તો બહુ સ્પષ્ટપણે એને હેવન અને પૃથ્વીના ગતિશીલ સંપર્ક તરીકે ઓળખાવી શકાય કે જેમાંથી સમગ્ર સૃષ્ટિનું સર્જન થયું છે અને જેના દ્વારા એનું સંચાલન થાય છે.

ત્રીજું, તાઓને સામાન્ય વસ્તુઓના કારણ તરીકે પણ લેખવામાં આવે છે.

આમ તાઓને અવર્ણનીય કહેવા છતાં તેનું વર્ણન અનેક શબ્દોમાં આપવામાં આવે છે. અનામી હોવા છતાં તે નામી બને છે. આમ, 'તાઓ'માં વિરોધાભાસી

૨૨ મેન સીકસ ધી ડિવાઈન, પા. ૮૭
૨૩ લીન યુટાંગ – પ્રકરણ ૨૫
૨૪ ,, – પ્રકરણ ૧

ગુણો આરોપવામાં આવે છે. એ નિર્ગુણ પણ છે, સગુણ પણ છે, નિરાકાર છે અને સાકાર પણ છે, નિર્મળ છે અને સ્મળ પણ છે. પરમતત્ત્વ તરીકે 'તાઓ'ને સ્વીકાર્યા પછી એને સમજાવવાને માટે ભાષાનો આશ્રય લઈ જે કોઈ શબ્દો આપવામાં આવે તે હંમેશા અપૂરતા જ રહેવાના. હિંદુધર્મમાં પણ પરમતત્ત્વ બ્રહ્મને શબ્દ દ્વારા વર્ણવાનો પ્રયાસ કરવામાં આવે છે ત્યારે આમ જ બને છે. જેને પરમતત્ત્વ તરીકે સ્વીકાર્યું હોય એની ભાષામાં રજૂઆત કરવામાં આવે ત્યારે આ જ કારણે વિરોધાભાસ થાય છે.

અહીંયાં આપણે બીજા એક પ્રશ્નની સમજ પણ મેળવી લેવી જરૂરી છે. લાઓત્ઝે 'તાઓ'ના પરમતત્ત્વને શાંગ-તિ કરતાં પણ પુરાણું હોવાનું કહે છે. આથી ચીનમાં જેની ઈશ્વર તરીકે પૂજા થાય છે તે શાંગ-તિ કરતાં પણ 'તાઓ' તત્ત્વ જો પુરાણું હોય તો શું શાંગ-તિ તાઓમાંથી નીપજેલ છે ? અને અહીંયાં સમસ્ત સૃષ્ટિના સર્જનની વાત કરાય છે. સંપૂર્ણ સ્વરૂપે અસ્તિત્વમાન પરમતત્ત્વ તે 'વૂ' છે. પરમતત્ત્વની આ અવસ્થા શૂન્યાવસ્થા છે. આવા શૂન્યાવસ્થી પરમતત્ત્વમાંથી સૃષ્ટિની બધી ઉત્પત્તિ થાય છે. જ્યારે પરમતત્ત્વ બીજું કંઈ ઉત્પન્ન કરવા જાય છે ત્યારે તે 'યૂ' તરીકે ઓળખાય છે. આ સ્વરૂપમાં 'પરમતત્ત્વ' રૂપ ધારણ કરે છે, અને આ રૂપને કારણે તે અવસ્થામાં એને નામ પણ આપી શકાય. એક વેળા 'વૂ', 'યૂ'માં પરિવર્તન થાય એટલે જગત ઉત્પત્તિનો ક્રમ શરૂ થાય છે. એ ક્રમમાં શાંગ-તિ (આકાશ) સૌ પહેલાં ઉત્પન્ન થાય છે.

આમ, પરમતત્ત્વમય 'તાઓ' અનેક બને છે અને એમ છતાં એનું પરમતત્ત્વનું તાત્ત્વિક હાર્દ કદીયે વિસરાતું નથી અને એથી પરમતત્ત્વ તરીકે એ એક જ રહે છે.

૩. 'તે'નો અર્થ :

લાઓત્ઝેના ગ્રંથનો બીજો શબ્દ 'તે' છે. લાઓત્ઝેના વિચારમાં આ 'તે' શબ્દનું તાત્પર્ય પણ અગત્યનું છે. સામાન્ય રીતે 'તે'નો અર્થ સદ્‌ગુણ થાય છે.

એક રીતે જોઈએ તો 'તાઓ' એ એક શક્તિ છે અને 'તે' પણ એક શક્તિ છે, અને આ બંને શક્તિ એકમેકથી જુદી નથી, પરંતુ તાત્ત્વિક ભાવે એક જ છે.

'તાઓ-તે-કિંગમાં' તાઓને નિષ્ક્રિય કહ્યા છતાં તેને પ્રવૃત્તિના પિતા તરીકે, તેમ જ સર્વના પિતા અને માતા તરીકે ઓળખાવવામાં આવે છે :

"કોઈપણ પ્રકારનો આડંબર રાખ્યા વિના બધા પદાર્થોને ઉત્પન્ન કરનાર અને તેમને ટકાવી રાખનાર."[૨૫]

"સર્વ વ્યાપક, ઉત્પાદક."[૨૬]

"બધાનો પિતા"[૨૭]

"માતાના જેવો."[૨૮]

તાઓ પોતે જો નિષ્ક્રિય હોય તો સૃષ્ટિની ઉત્પત્તિની આ ક્રિયા કેવી રીતે સમજાવી શકાય? તે સમજાવવા માટે 'તે' તત્ત્વનો આધાર લેવાય છે. સર્વ જીવોને ઉત્પત્તિ આપનાર 'તે' છે. જ્યારથી 'તે'માં પ્રવૃત્તિ શરૂ થાય ત્યારથી 'તે' અશુદ્ધ થાય છે.

જગતની ઉત્પત્તિનો અહીં રજૂ થયેલ ખ્યાલ, અન્ય ધર્મોમાં મળતા, જગતની ઉત્પત્તિના ખ્યાલની સાથે સરખાવી શકાય.

૪. તાઓધર્મનું નીતિશાસ્ત્ર :

જેમ ધાર્મિક વિચારોમાં, તેમ નીતિવિષયક વિચારોમાં પણ કન્ફ્યુશિયસ અને લાઓત્ઝેની વિચારધારામાં ફેર છે. કન્ફ્યુશિયસ તો નુકસાનનો બદલો ન્યાય અનુસાર નુકસાનથી જ વાળવો જોઈએ, અને સજ્જનતાની સાથે સજ્જનતા બતાવવી જોઈએ એમ કહે છે.[૨૯] પરંતુ લાઓત્ઝેની નૈતિક ભાવના કન્ફ્યુશિયસ કરતા વિકસિત થયેલી માલુમ પડે છે, કારણકે તેઓ કહે છે : નુકસાનનો બદલો દયાથી વાળો[૩૦] અને વળી આની વધુ સમજ આપતા તેઓ જણાવે છે, "જેઓ મારી સાથે સારી રીતે વર્તે છે તેમની સાથે તો હું સારી રીતે વર્તું જ; પરંતુ જેઓ મારી સાથે સારી રીતે વર્તતા નથી તેમની સાથે પણ હું તો સારી રીતે જ વર્તું છું. આ પ્રમાણે બધાયે સારી રીતે વર્તવું જ પડે છે. જેઓ મારા તરફ શુદ્ધ ભાવ રાખે છે તેમના તરફ હું શુદ્ધભાવ રાખું છું, પરંતુ જેઓ મારા તરફ શુદ્ધભાવ

---

૨૫ સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ, ૫૧ : ૩-૪

૨૬ એજ, ૩૪ : ૧-૨

૨૭ એજ, ૪ : ૧

૨૮ એજ, ૧ : ૨

૨૯ એનાલેક્ટસ, ૧૪ : ૩૬ : ૩

૩૦ તાઓ-તે-કિંગ, ૬૩ : ૨

રાખતા નથી તેમના તરફ પણ હું શુદ્ધભાવ જ રાખું છું અને આ પ્રમાણે બધાયે શુદ્ધભાવ રાખવો જ પડે.[૩૧]

લાઓત્ઝેના ઉપરના કથનથી નૈતિક સજ્જનતા અને નૈતિક વ્યવહાર અંગે એમના કેવા વિચારો છે એનો ખ્યાલ આવી શકે છે. આની સાથે જિસસ ક્રાઇસ્ટનો ઉદ્બોધ સરખાવવો જોઈએ.

કન્ફ્યુશિયસ અને લાઓત્ઝેને સમકાલીન તરીકે સ્વીકારીને એ બેની સરખામણી કરતાં હ્યુમ કહે છે : "ચીનમાં આ બે ધર્મોના સ્થાપકો સમકાલીન હતા અને તેથી તેમના વખતની સામાજિક સ્થિતિ સરખી જ હતી. લાઓત્ઝેએ પણ પોતાના સમયમાં લોકોની ગરીબાઈ, સમાજમાં પ્રવર્તતી ગેરવ્યવસ્થા, લુચ્ચાઈ, ચોરી અને લૂંટ તેમ જ લોકોની ડંફાસ, ઉડાઉપણું તેમ જ સ્વાર્થના કિસ્સાઓ જોયા હતા તેથી તેમને ઘણો ખેદ થયો હતો. પરંતુ કન્ફ્યુશિયસની માફક દૃઢતા રાખી આ અનિષ્ટ પરિસ્થિતિની સાથે જ પોતાના સિદ્ધાંતોનો બરાબર ઉપયોગ કરવાને બદલે, લાઓત્ઝેએ માત્ર ડહાપણની શિખામણ આપી અને પછીથી જેમ ચીનના બીજા ઘણા અધિકારીઓએ અત્યાર સુધી કર્યું તેમ તેમણે સરકારી નોકરીમાંથી રાજીનામું આપી પોતાને અનુકૂળ એવી બિનજવાબદારીભરી અવસ્થામાં રહેવાનું પસંદ કર્યું." [૩૨]

હ્યુમની આ ટીકામાં પરિસ્થિતિનો સામનો કરવાની કન્ફ્યુશિયસની રીત અપનાવવામાં આવી છે અને લાઓત્ઝેની શિખામણો આચરણમાં પ્રતિબિંબિત થતી નથી એ વસ્તુ પર ભાર મૂકવામાં આવ્યો છે. કન્ફ્યુશિયનધર્મ કરતાં તાઓ-ધર્મના થયેલા વિશેષ અધઃપતનને માટે સંભવતઃ આ કારણ પણ જવાબદાર હોય.

એ સાચું કે પોતાના સમયની પરિસ્થિતિનો સામનો કન્ફ્યુશિયસે ભૂતકાળની સાથેનો નાતો તોડ્યા વિના કરવાનો પ્રયત્ન કર્યો. આમ છતાં, કન્ફ્યુશિયસ અને જિસસ ક્રાઇસ્ટના એવા સમાન પ્રયાસમાં પણ તફાવત રહેલો છે. એટલું જ નહિ પરંતુ લાઓત્ઝેની સરખામણીમાં એમ કહી શકાય કે લાઓત્ઝેએ આપેલ ઉપદેશ અનુસારનો જ ઉપદેશ જિસસ ક્રાઇસ્ટે પણ આપ્યો. પરંતુ એમનો ઉપદેશ માત્ર તાત્ત્વિક સદ્બોધ ન રહેતા, એમણે પોતે જીવનમાં એનું આચરણ કરી બતાવ્યું, તેમ જ એ માટે પોતાના પ્રાણની આહુતિ પણ આપી.

---

૩૧ એજ, ૪૯ : ૨

૩૨ હ્યુમ, આર. ઈ. : ધી લિવિંગ રિલિજિયન્સ ઓફ ધી વર્લ્ડ, પા. ૧૩૧

આધુનિક જગતમાં ગાંધીજીને વિશે પણ આમ જ કહી શકાય. આમાંથી જે નિષ્પન્ન થાય છે તે એ કે માત્ર આચરણ કે માત્ર વિચાર કરતાં, વિચાર અનુરૂપ આચારનું મહાત્મય સવિશેષ છે; એ ઇતિહાસના દરેક કાળે સાર્વત્રિક રીતે સ્વીકારાયું છે.

આપણે તાઓધર્મના નીતિશાસ્ત્રની વાત કરતા થોડી બીજી વાતો કરી લીધી. તાઓધર્મમાં સદાચારને તથા નૈતિક જીવનને જે મહત્ત્વ આપવામાં આવ્યું છે એ આપણે ઉપર જોયું. પાપી તરફ પણ સજ્જનભાવ રાખવો એવો સિદ્ધાંત લાઓત્ઝેએ આપ્યો. પરંતુ એમના નીતિવિષયક ખ્યાલોની રજૂઆત તો પાછળથી લખાયેલ 'તાઈ-સાંગ-કાંગ-ઈંગ-બિયેન' ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. આ ગ્રંથમાં કર્મ અને તેના ફળની વિચારણા કરવામાં આવી છે. આ ગ્રંથનું મહત્ત્વ પણ 'તાઓ-તે-કિંગ' જેટલું જ આંકવામાં આવે છે.

એમાં સજ્જનનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું છે.[૩૩]

"તે આડે રસ્તે નહીં જાય. તે ધર્મનાં કામો કરશે અને પુણ્ય મેળવશે. બધાં પ્રાણીઓ ઉપર સજ્જન દયા રાખશે. પોતાના નાના ભાઈઓ તરફ પ્રેમ અને વાત્સલ્ય રાખશે. વડવાઓની આજ્ઞાનું પાલન કરશે. પોતાની જાતને સુધારી અન્યને સુધારવાનો પ્રયાસ કરશે. અનાથો તેમ જ ગરીબ અને વિધવાઓ પર દયાભાવ રાખશે. વડીલોને માન આપશે અને નાના તરફ પ્રેમભાવ રાખશે. આવો સજ્જન, જંતુઓ, ઘાસ તથા વૃક્ષને ઇજા નહીં કરે. દુષ્ટ વૃત્તિવાળાઓની તેને દયા આવશે અને ગુણવાનને જોઈને તેને હર્ષ થશે. દુઃખીઓને મદદ કરવા તે તત્પર રહેશે અને ભયમાં આવી પડેલાઓને બચાવવા તે પ્રયત્નશીલ રહેશે. બીજાને થતો લાભ પોતાને જ થયો છે તથા બીજાને ગયેલી ખોટ પોતાને જ ગઈ છે એમ માનશે. એ સજ્જન બીજાના દોષ ઉઘાડા નહીં પાડે. પોતાની બડાઈ કદી નહીં કરે. ખરાબને અટકાવવા એ પ્રયત્નશીલ રહેશે અને જે સારું હશે તેની વખાણપૂર્વક પ્રસિદ્ધિ કરશે. દાન કરશે, પણ લેશે નહીં. અન્ય કોઈ તેના તરફ ક્રોધ કરશે તો એ તેને સહન કરી લેશે. બીજાઓને નમ્રતાપૂર્વક માન આપશે. કોઈપણ પ્રકારના બદલાની આશા રાખ્યા વિના તે અન્યને ઉપકાર કરશે. આ બધા સજ્જનનાં લક્ષણ છે. આવા જ માણસને બીજા બધા માણસો માન આપે છે. દેવ પણ તેને બચાવે છે. સુખ અને લાભ તેની પાછળ દોડે છે. જે કંઈ અનિષ્ટ છે તે એમનાથી દૂર ભાગે છે. જે કંઈ કાર્ય એ હાથમાં લે છે તેને વિજય મળે છે. આ પ્રાકૃત દેહનો ત્યાગ કરી અમર થવાની તે આશા રાખે છે."

૩૩ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૪૦ : ૨૩૭-૨૩૮

સજ્જન માણસનો આટલો વિસ્તૃત ખ્યાલ આ ગ્રંથમાં આપવા ઉપરાંત એમાં વિવિધ આજ્ઞાઓ અને આદેશો આપવામાં આવ્યા છે, જે માનવીને એના વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક જીવનમાં દોરવણીરૂપ બની રહે છે. આવી આજ્ઞાઓ આ પ્રમાણે છે:[૩૪]

"તમારા મા–બાપના દોષ જાહેર-કરશો નહીં. સત્ય અને અસત્યનો ગોટાળો કરશો નહીં. અધર્મી માણસને લાભ થાય એવું કંઈ કરશો નહીં. નિર્દોષને શિક્ષા આપશો નહીં. પવનને ઠપકો અને વરસાદને ગાળ આપશો નહીં. તમારી પત્નીનું અને ઉપપત્નીઓનું કહેવું સાંભળશો નહીં. તમારા માતાપિતાની આજ્ઞાઓનો ભંગ કરશો નહીં. નવી વાતો સાંભળતા જૂની વાતો વિસરશો નહીં. ઉછીનું જે કંઈ લીધું હોય એ પાછું આપજો. પ્રારબ્ધવશાત જે કંઈ મળ્યું હોય એનાથી વધારે મેળવવાનો પ્રયાસ કરશો નહીં. તોલમાપમાં દગો કરશો નહીં. મહિનાના છેલ્લા દિવસ અથવા તો વર્ષના છેલ્લા દિવસે ગાયન ગાશો નહીં અને નૃત્ય કરશો નહીં. સવારમાં ઉદ્‌તાંની સાથે તેમ જ બેસતે મહિને ગુસ્સે થશો નહીં, તેમ મોટેથી બૂમ પાડશો નહીં. ઉત્તર દિશામાં મોં રાખી રડશો નહીં, તેમ જ થુંકશો પણ નહીં. તારો ખરતો હોય તો તેની સામે જોઈ થુંકશો નહીં. આંગળી વતી ઈંદ્રધનુષ્યને બતાવશો નહીં. ખરાબ કામ કરનાર પણ જો પ્રાયશ્ચિત્ત કરી પોતાની જાતને સુધારે, અને ખોટા કામ કરવા બંધ કરી સારા કામ કરે, તો આખરે, તેને સુખ અને આનંદ મળે છે. તો પછી સારા કામ કરવાને માટે આપણી જાતને કેમ ફરજ ન પાડવી?"

જીવનવ્યવહારની અનેક નાની મોટી બાબતો વિશે તેમ જ વિવિધ ક્ષેત્રોમાંના વ્યવહાર વિશે અહીંયાં ઘણું કહેવાયું છે. જે કંઈક કહેવામાં આવ્યું છે એમાંથી તત્કાલીન સમાજનું જે ચિત્ર ઉપસી આવે છે એની સાથે અહીંયાં આપણને ઝાઝી નિસ્બત નથી. પરંતુ વ્યક્તિએ પોતાની પત્ની સાથે, પોતાના માતા–પિતા સાથે, અન્ય સંબંધોઓ સાથે કઈ રીતે વર્તવું જોઈએ એનો સ્પષ્ટ ખ્યાલ આમાંથી મળી રહે છે. એટલું જ નહીં પરંતુ બીજા કેટલાક આદેશો આપીને માનવીએ કયા પ્રકારની વિધિ કરવી જોઈએ અને પ્રકૃતિ સાથે શી રીતે વર્તવું જોઈએ એની પણ વાત કરવામાં આવી છે.

આ બધા ઉપરાંત અહીંયાં એવી ત્રણ વાતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે ચીનના ધર્મવિકાસક્રમમાં પહેલી જ વાર જોવા મળે છે. કન્ફ્યુશિયસ કે

૩૪ ડગ્લાસ: કન્ફ્યુશિયનીઝમ એન્ડ તાઓઈઝમ, પા. ૨૬૦–૨૭૦

લાઓત્ઝેએ પ્રારબ્ધ, પ્રાયશ્ચિત્ત અને પુનર્જન્મ અથવા તો કાર્યના પરિણામની વાતો કરી જાણવામાં નથી. અહીંયાં આ ત્રણેય વિચારો પણ રજૂ થયેલા છે. પાછળથી અવનતિના માર્ગે વળેલા તાઓમાર્ગના પતનની પૂર્વભૂમિકામાં આવી આજ્ઞાઓનો શું અને કેટલો હિસ્સો છે, એ સ્પષ્ટ રીતે નિર્ણીત ન કરી શકાય તોયે એનો કંઈક હિસ્સો હોઈ શકે એનો તો ઇન્કાર કેમ કરી શકાય ?

૫. લાઓત્ઝે દેવ તરીકે :

કન્ફ્યુશિયનધર્મના અનુયાયીઓએ કન્ફ્યુશિયસના મૃત્યુ પછી જેમ એમને દેવસ્થાને સ્થાપ્યા હતા તેમ જ લાઓત્ઝેના અનુયાયીઓએ પણ કર્યું. પોતાને વિશે લાઓત્ઝેએ કહ્યું છે : "જગતમાં બધા મને મોટો કહે છે પણ હું સામાન્ય પદાર્થ જેવો છું. આમ છતાં, મારી પાસે ત્રણ કિંમતી ભંડાર છે—દયા, કરકસર અને દીનતા."[૩૫]

લાઓત્ઝેના મૃત્યુ પછી એમના અનુયાયીઓએ લાઓત્ઝેના આવાં વચનો પર આધાર નહીં રાખતા તેમને દેવસ્થાને બેસાડી દીધા. પ્રત્યેક પ્રજામાં અને પ્રત્યેક ધર્મમાં આવી એક પ્રક્રિયા આપણે હંમેશા જોઈ એ છીએ. વ્યક્તિને માટેના મમત્વમાંથી આદરભાવ ઉત્પન્ન થાય છે. એ આદરભાવ પૂજ્યભાવમાં પરિણમે છે, અને પૂજ્યભાવમાંથી પૂજન નીપજતા તે વ્યક્તિને દેવસ્થાને બેસાડી દેવામાં આવે છે. વ્યક્તિનો બોધ અગત્યનો રહેતો નથી, એની પૂજા મહત્ત્વની બને છે. આમ, તત્ત્વ વિસરાય છે અને રૂઢિ પ્રચલિત બની છે, સત્ય વિસરાય છે અને પડછાયો સચ્ચાઈનું સ્થાન લે છે.

લાઓત્ઝે વિશે પણ આમ જ થયું. ઈ. સ. ૧૫૬માં લાઓત્ઝેના માનમાં યજ્ઞ કરવાનો રાજ્યહુકમ બહાર પડ્યો. ઈ. સ.ના ચોથા સૈકામાં લાઓત્ઝેને 'શુદ્ધ-કુમાર'નું બિરુદ આપીને એમની પૂજા થવા માંડી. ઈ. સ. ૫૮૬માં લાઓત્ઝેના જન્મસ્થાનમાં મંદિરોનો જીર્ણોદ્ધાર થતો હતો ત્યારે લાઓત્ઝેના અનેક અવતાર થયા છે એવો એક શિલાલેખ ત્યાં મૂકવામાં આવ્યો.[૩૬]

ઈ. સ. ૧૧૧૬માં લાઓત્ઝેને દેવ તરીકે માનવામાં આવ્યાં.[૩૭]

---

૩૫ તાઓ-તે-કિંગ, ૬૭ : ૧-૨

૩૬ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૪૦ : ૩૧૧-૩૧૩

૩૭ સુથીલ : થ્રી રિલિજિયન્સ ઑફ ચાયના, પા. ૮૨

આમ, લાઓત્ઝે ધર્મસ્થાપકમાંથી ધર્મના દેવ બન્યા.

લાઓત્ઝેના મરણ પછી લીહત્ઝે-ક્વાન-ઝે જેવા મહત્ત્વના પુરુષોએ એમના ધર્મને ગતિ આપી. જો કે એની સાથે જ એમાં વિવિધ પ્રકારના અન્ય ઉપદેશો પણ ભળ્યા. એને પરિણામે તાઓધર્મનું સ્વરૂપ પલટાતું ગયું અને કાળાનુક્રમે એ ધર્મનું સાચું હાર્દ સામાન્ય જનને સમજવું કઠિન હોઈને એના મૂળતત્ત્વો વિસરાતાં ગયાં, અને એનો રૂઢિભાગ વધારે વિકસતો ગયો. આ જ કાળ દરમ્યાન ચીનની અંદર બૌદ્ધધર્મ સહિત અન્ય ધર્મોનો પ્રવેશ પણ થયો અને એને પરિણામે તાઓધર્મનું સ્થાન ધીમે ધીમે ઊતરતું ગયું. એક મહત્ત્વનો ધર્મ મટીને, ત્રણમાંના એક ધર્મ તરીકેનું, એનું સ્થાન ચીનમાં રહ્યું.

ચીની બૌદ્ધધર્મ

ઈ. સ. ૧લી સદીમાં બૌદ્ધધર્મ ચીનમાં પ્રવેશ્યો હોવાનું મનાય છે. પરંતુ તે સમયે બૌદ્ધધર્મ ત્યાં પગભર થઈ શક્યો નહીં. તે વેળા કન્ફ્યુશિયનધર્મ અને તાઓધર્મના જીવવાદનાં સ્વરૂપો ચીનમાં પ્રચલિત હતા. એને પરિણામે નવા ધર્મને પાંગરવાની તક ઝાઝી ન હતી.

આ પછી ચીનમાં વેઈ વંશના સમયમાં બૌદ્ધધર્મ ચીનમાં દાખલ થયો. એ વેળા એક રાજાએ અમિતાભની ભક્તિ કરી અને એ ભક્તિનો પ્રસાર થયો.

ઈ. સ. ૫૫૦ના અરસામાં પરમાર્થે ચીનમાં તંત્રવાદ તેમ જ યોગાચાર દાખલ કર્યો. ઈ. સ. ૭૨૦ના અરસામાં વ્રજબોધીએ નાગાર્જુનનો યોગમત દાખલ કર્યો. આ મત 'હૂઈ-ક્રો'ના નામે ચીનમાં ઓળખાય છે.

બૌદ્ધધર્મના મૂળ ચીનમાં ઊંડા નાખ્યા બોધિધર્મે. તેઓ બૌદ્ધધર્મના પ્રચાર અર્થે નેપાળ, તિબેટ અને ચીન ગયા અને બૌદ્ધધર્મનો પ્રચાર કરવામાં સફળ રહ્યા.

આ ઉપરાંત તિબેટમાંથી પણ બૌદ્ધધર્મ ચીનમાં પ્રવેશ્યો. વિવિધ બૌદ્ધ વિચારકોના ઉપદેશો અને ચીનના મહાન વિચારકોના ઉપદેશોનું એકીકરણ થવા માંડ્યું, અને એ રીતે બૌદ્ધધર્મ ચીનમાં પગભર થયો અને આદર પણ પામ્યો. ચીનમાં પ્રવેશેલો બૌદ્ધધર્મ ત્યાંના સ્થાનિક ધર્મોની સાથે સંપર્કમાં આવવાને પરિણામે, ઘણો પરિવર્તિત થયો એ સાચું, પરંતુ બૌદ્ધધર્મ મહાયાન સ્વરૂપમાં રજૂ થયો એટલે જ એ ટકી શક્યો એમ કહેવું વધારે પડતું નથી. ચીનની પ્રજાને,

આપણે આગળ જોયું છે. તેમ, વ્યવહારમાં, આ જીવનમાં અને આ જગતમાં રસ છે. અનાત્મપણું, અનિત્યપણું વગેરે તાત્ત્વિક વિષયો એમને મન મહત્ત્વના નથી. એ જ પ્રમાણે મરણોત્તર અવસ્થા કરતાં વર્તમાન અવસ્થાના આનંદનો એને વધુ સ્વીકાર છે અને મહાયાન સ્વરૂપે ચીનમાં પ્રવેશેલા બૌદ્ધધર્મે, ચીની પ્રજ્ઞભાવનાનો જો સ્વીકાર ન કરી લીધો હોત તો એ સંભવિત છે કે બૌદ્ધધર્મનું ચીનમાં અસ્તિત્વ ન હોત. આથી, ચીનના બૌદ્ધધર્મની આપણે જ્યારે વાત કરીએ ત્યારે જે બૌદ્ધધર્મના સ્વરૂપની આગળ વાત કરી એનો નહીં, પરંતુ ચીનની પરિસ્થિતિને અનુરૂપ થયેલો ધર્મ, તે ચીનનો બૌદ્ધધર્મ છે એમ ગણવાનું છે.

ચીનના આ બૌદ્ધધર્મને ઝેન-બૌદ્ધવાદ (ધર્મ) તરીકે ઓળખવામાં આવે છે. આ ધર્મમાં બૌદ્ધ આત્માનો પરમતત્ત્વ તરીકે સ્વીકાર કરવામાં આવે છે અને પૂજન પણ કરવામાં આવે છે.

વ્યક્તિગત જીવનવ્યવહારમાં કરુણા, દયા, પ્રેમ અને પવિત્રતાના સદ્‌ગુણો ઉપર ભાર મૂકવામાં આવે છે. નૈતિક વ્યવહારને અનુલક્ષીને બૌદ્ધધર્મના જે મહત્ત્વનાં તત્ત્વો છે તે સ્વીકારવા છતાં એનાં તાત્ત્વિક તત્ત્વોમાં મહત્ત્વનો ફેર પડેલો છે.

બૌદ્ધધર્મનું સંમિશ્રણ એક તરફે તાઓધર્મ સાથે, અને બીજી બાજુ કન્ફ્યુશિયન વિચારો સાથે પણ થયેલું છે. આજે બૌદ્ધધર્મના આ બદલાયેલા સ્વરૂપમાં એ ચીનમાં એટલો તો પ્રચલિત થયો છે કે ચીનની ધરતીમાં નીપજેલા કન્ફ્યુશિયનધર્મ અને તાઓધર્મની સમકક્ષ એ બન્યો છે.

એક અવલોકન

ચીનમાં કન્ફ્યુશિયનધર્મ, તાઓધર્મ અને બૌદ્ધધર્મ એટલા તો ઓતપ્રોત થયેલા છે કે સામાન્ય જનસમુદાયે એ ત્રણેનો સ્વીકાર કરવા ઉપરાંત, રાજ્ય તરફથી પણ એ ત્રણેય ધર્મો – 'સાન-ચીઆઓ'ને સ્વીકારવામાં આવ્યા છે. ચીનમાં આ ત્રણેય ધર્મો પ્રચલિત છે, અને સંમિશ્રિત છે તે છતાં એ ત્રણેય જુદા છે એ પણ એક હકીકત છે. એમની ત્રણેયની વિશિષ્ટતા છે, અને એ જાણવા માટે આપણે પ્રત્યેક ધર્મમાં એના અનુયાયીઓને અનુલક્ષીને કઈ બાબતો પર સવિશેષ ભાર મૂકવામાં આવેલ છે તે જોઈશું.

સમાજના વિવિધ સ્તરના, તેમ જ માનવીઓ વચ્ચેના વિવિધ સંબંધોના, યોગ્ય વ્યવહાર પર ભાર મૂકી એ માટેના નિયમોની રજૂઆત કરવામાં, તથા તેનું

પાલન કરવામાં, કન્ફ્યુશિયનધર્મ સમાયેલો છે. તાઓધર્મ અનુસાર પરમતત્ત્વ તરફથી પ્રબોધાયેલ માર્ગનું પાલન કરી નિષ્ક્રિય જીવન વિતાવવા પર ભાર મૂકવામાં આવેલ છે. ચીની બૌદ્ધધર્મમાં જગતના ત્યાગનો તથા આત્મસંયમ અને ધ્યાન પર ભાર મૂકી સદ્‌ગુણ આચરવામાં અને સગુણ દેવ પર શ્રદ્ધા રાખી તેની પૂજા કરવાનું કહેવાયેલ છે.

એ સાચું છે કે ચીનનો આમજનસમુદાય આ બધા ધર્મોના ઉત્સવોમાં ભાગ લે છે, એટલું જ નહીં પરંતુ એ બધાયે ધર્મોને નિભાવવા માટે જરૂરી આર્થિક સહાય પણ કરે છે. ચીનમાં આજે જે સ્વરૂપમાં આ ત્રણેય ધર્મો પ્રચલિત છે તેમાં, અને તેમના સ્થાપકોએ જે મૂળ ધર્મો પ્રબોધ્યા છે એમાં, ઘણું અંતર છે. ચીનની પ્રજાએ આ ત્રણેય ધર્મોનો એકસાથે સ્વીકાર કરીને, આ ત્રણેય ધર્મોને સાચા અર્થમાં જીવાડયા છે કે દરેક ધર્મને મરણતોલ ફટકા માર્યો છે, એ એક પ્રશ્ન છે. હકીકતમાં તો ત્રણેય ધર્મોનો સ્વીકાર કરીને, ચીની પ્રજાએ, પોતાને માટે એક એવો ધર્મ તૈયાર કર્યો છે, જેમાં કદાચિત્ દરેક ધર્મનું શ્રેષ્ઠતમ તત્ત્વ ગ્રહણ થયું નથી, પરંતુ ન્યૂનતમ તત્ત્વ ગ્રહણ થયું છે. આમ, કન્ફ્યુશિયસને એણે દેવ બનાવ્યા, બૌદ્ધધર્મને પોતાની ભૌતિક આબાદીનો માર્ગ બનાવ્યો અને તાઓ-ધર્મને જાદુ અને ગૂઢ વિદ્યાના શાસ્ત્ર સમાન સ્વીકાર્યો.

આજે બહુજનસમુદાય આ ત્રણેય ધર્મોમાં માને છે અને એનો સ્વીકાર આવી રીતે કરે છે : કન્ફ્યુશિયનધર્મ પૂર્વજોની સેવા કરવાને માટેનો ધર્મ છે, અને એથી એ ધર્મનું આચરણ કરીને માનવી પોતાના પૂર્વજો તરફની ફરજ અદા કરે છે. તાઓધર્મ, વર્તમાન જીવનને સુખી બનાવવાનો એક માર્ગ છે. મરણ પછીની અવસ્થા સુધારવા માટેના માર્ગ તરીકે બૌદ્ધધર્મનો સ્વીકાર થાય છે. આમ વર્તમાન જીવનના શ્રેય માટે તાઓધર્મ, ભૂતકાળના શ્રેય માટે કન્ફ્યુશિયનધર્મ અને ભાવિ જીવનના જીવન-શ્રેય માટે બૌદ્ધધર્મનો સ્વીકાર કરીને પ્રત્યેક માનવી જન્મોજન્મનું સુખ ભોગવી શકે છે.

જેમ હિંદુઓના ઘરમાં પ્રાર્થનાને માટે એક દેવસ્થાન હોય છે તેમ ચીનના ઘરના દેવસ્થાનમાં, એ પ્રજાએ સ્વીકારેલ ત્રણ ધર્મોના ત્રણ સ્થાપકોને દેવસ્થાને બેસાડવામાં આવેલ છે. ઘરના દેવસ્થાનમાં આ ત્રણેય દેવોના-બુદ્ધ, લાઓત્ઝે અને કન્ફ્યુશિયસના ચિત્રો હોય છે, જ્યારે મંદિરમાં એ જ દેવોની મૂર્તિ હોય છે.

અહીંયાં જે મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે એ, કે આ ત્રણેય ધર્મોમાં મહત્ત્વના મૂળભૂત તફાવતો હોવા છતાં, તેમ જ તે પૈકીનો એક ધર્મ તો ચીનની

ભૂમિમાં ઉદ્‌ભવેલો ન હોવા છતાં પણ, એ ત્રણેય ધર્મો આમજનસમુદાયના હૃદય પર કેવી રીતે સ્થાન જમાવી શકયા ? બીજા કોઈ પણ ભૌગોલિક પ્રદેશમાં એક કરતાં વધારે ધર્મોનું આવું એકીકરણ થયેલું છે ખરું ?

આ બે પ્રશ્નોમાંનો પાછલો પ્રશ્ન આપણે પ્રથમ હાથ ધરીએ. કદાચિત્ એમ કહેવાય કે શીખધર્મ, હિંદુધર્મ અને મુસલમાનધર્મનું સમન્વયીકરણ કરે છે. આવું સમન્વયીકરણ ખરેખર થયેલું છે કે કેમ, અને હોય તો કેટલે અંશે ? પણ તે એક અલગ પ્રશ્ન છે. આ તબક્કે મહત્ત્વનો મુદ્દો એટલો જ છે કે શીખધર્મ એક અલાયદા ધર્મ તરીકે અસ્તિત્વમાં આવ્યો છે, અને એણે હિંદુધર્મ અને ઇસ્લામ-ધર્મને મુકાબલે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ પ્રસ્થાપિત કર્યું છે.

કદાચિત્ એમ પણ કહેવાય કે ભારતમાં મુસ્લિમધર્મના તાજિયા નીકળે છે ત્યારે જે ભક્તિભાવથી મુસ્લિમો એનો આદર કરે છે એ જ ભક્તિભાવથી કેટલાક હિંદુઓ પણ એનો આદર કરે છે. જેમ મુસ્લિમો પીર અને દરગાહની આસ્થા ધરાવે છે એવી જ આસ્થા કેટલાક હિંદુઓ પણ ધરાવે છે.

આ અંગે આપણે એ નોંધવું જોઈએ કે આ બાબતો હકીકતની છે એટલે એ સ્વીકારી લઈએ. આમ છતાં પણ હિંદુસમાજનો બહુજનસમુદાય આટલા ક્ષેત્ર પૂરતો પણ ઇસ્લામ સાથેના સમન્વયનો સ્વીકાર કરે છે એમ કહી શકાય ખરું ? એ જ પ્રમાણે કોઈપણ ક્ષુલ્લક ક્ષેત્ર માટે પણ મુસલમાન સમાજ આવો સમન્વયકારી સ્વીકાર કરે છે ખરો ? એટલે લગભગ એમ કહેવું જ વધુ વાજબી છે કે ધર્મસમભાવની દૃષ્ટિએ જીવનમાં વિવિધ ધર્મોનો સમન્વયકારી સ્વીકાર એકમાત્ર ચીન પ્રદેશમાં દૃષ્ટિગોચર થાય છે અને અન્ય સ્થળે નહીં.

આ કથન આપણને ઉપર ઉપસ્થિત કરેલ પહેલા પ્રશ્ન પર લઈ જાય છે. આવો ધર્મોનો સમન્વયકારી સ્વીકાર માત્ર ચીન પ્રદેશમાં જ કેમ ? અન્ય ભૌગોલિક પ્રદેશમાં આવું કેમ નથી ? આ માટે કયાં કારણો જવાબદાર છે ?

આ પ્રશ્નનો ઉકેલ અહીં શકય નથી. પરંતુ એ દિશામાં વિચારણા થઈ શકે એ માટે થોડા મુદ્દાઓની અહીં યાં રજૂઆત કરવી ઠીક રહેશે.

એક કરતાં વધારે ધર્મના આવા સમન્વયકારી સ્વીકાર માટે નીચેનાં પૈકી એક કે વધારે, અથવા તો એ સિવાયનાં, અન્ય કારણો જવાબદાર હોઈ શકે.

૧. પ્રજાની સામાન્ય વિશિષ્ટતાઓ.

૨. ધર્મનો અનુકૂળ થવાની પ્રક્રિયા.

૩. સામાજિક ઘડતર.
૪. ધર્મની પતનકારી પ્રક્રિયા.
આ પ્રશ્નની વિસ્તૃત ખોજ રસમય બની શકે.

સંદર્ભ ગ્રંથસૂચિ

કલેનલલ, ડબલ્યુ. જે. : **ધી હિસ્ટોરીકલ ડેવલપમેન્ટ ઓફ રિલિજિયન ઇન ચાયના,** ન્યુ પ્રિફિસ, લંડન, ૧૯૨૬.

કીલ, એચ. જી. : **ચાર્લાનઝ થેાટ ક્રોમ કન્ફ્યુશિયસ ટુ માઓત્સે તુંગ,** શિકાગેા યુનિ. પ્રેસ, શિકાગેા, ૧૯૫૩

: **સીનીઝમ-એ સ્ટડી ઓફ ચાઇનીઝ વર્લ્ડ વ્યુ,** શિકાગેા, ૧૯૨૯

ગીલ્સ, એ. એચ. : **કન્ફ્યુશિયાનીઝમ એન્ડ ઇટસ રાઇવલ્સ,** લંડન, ૧૯૧૫

ચાન, ડબલ્યુ. ટી. : **રિલિજિયસ ટ્રેન્ડ ઇન મોડર્ન ચાયના,** કેાલંબિયા યુનિ. પ્રેસ, ન્યુયેાર્ક, ૧૯૫૩

ચાંગ, ચુંગ યાન : **'ધી કન્સેપ્ટ ઓફ તાઓ ઇન ચાઇનીઝ કલ્ચર'**—એ રિવ્યુ ઓફ રિલિજિયન, માર્ચ ૧૯૫૩, પા. ૧૧૮–૧૩૨

ચેન, કે. કે. : **બુદ્ધિઝમ ઇન ચાયના,** પ્રીન્સસ્ટન, ૧૯૬૪

ડગ્લાસ : **કનૂયુશિયમનિઝમ એન્ડ તાઓઇઝમ**

તેન-યુન-શેન : ***સમ આસ્પેક્ટસ ઓફ ચાઇનીઝ બુદ્ધિઝમ*** શાંતિનિકેતન, ૧૯૬૧

પાર્કર, ઇ. એચ. : **સ્ટડીઝ ઇન ચાઇનીઝ રિલિજિયન,** લંડન, ૧૯૧૦

બૌન્સાલ, વી. એચ. : **કન્ફ્યુશિયાનીઝમ એન્ડ તાઓઇઝમ,** ધી ઇપવર્થ પ્રેસ લંડન, ૧૯૩૪

વેબર, મેથી : **ધી રિલિજિયન ઓફ ચાયના,** ગ્લેનકેા, ૧૯૫૨

યાહ, જી. સી. કે. : **ધી કન્ફ્યુશિયન 'કન્સેપ્શન ઓફ જેન,** ધી ચાઇનીઝ સેાસાયટી, લંડન, ૧૯૪૩.

યાંગ, કે. સી. : **રિલિજિયન ઇન ચાઇનીઝ સેાસાયટી,** બર્કલે, ૧૯૬૧

રાઓલી, એચ. એચ. : **પ્રોફેસી એન્ડ રિલિજિયન ઇન એન્સીયન્ટ ચાયના એન્ડ ઇઝરાયેલ,** લંડન, ૧૯૫૬.

રીટલેટ, કે, એલ : **રિલિજિયન ઇન ચાઇનીઝ ગારમેન્ટ,** લંડન, ૧૯૫૧

લીન યુટાંગ : **ધી વીઝડમ ઓફ કન્ફ્યુશિયસ,** ધી મોડર્ન લાઇબ્રેરી, ન્યુયોર્ક, ૧૯૩૮

ધી વીઝડમ ઓફ ચાયના એન્ડ ઇન્ડિયા

લેંગ : **રિલિજિયન્સ ઓફ ચાયના.**

લીયુ, વુ. ચી : **એ શોર્ટ હિસ્ટરી ઓફ કન્ફ્યુશિયસ ફિલોસોફી,** લંડન, ૧૯૫૫

વેર્લ, એ. : **ધી એનાલેક્ટ ઓફ કન્ફ્યુશિયસ,** એલન એન્ડ અનવિન, લંડન, ૧૯૩૮

થ્રુજ્સ, ઈ. આર. : **ચાઇનીઝ ફિલોસોફી ઇન ક્લાસિકલ ટાઇમ,** લંડન, ૧૯૪૨

હોડોસ, એલ : **બુદ્ધિઝમ એન્ડ બુદ્ધિસ્ટ ચાયના,** ન્યુયોર્ક, ૧૯૨૪

સુથિલ, વિલિયમ એડવર્ડ : **થ્રી રિલિજિયન્સ ઓફ ચાયના,** ઓક્સફર્ડ યુનિ. પ્રેસ, ઓક્સફર્ડ, ૧૯૨૯

સ્ટ્રોયોક, જે. કે. : **ધી ઓરીજીન એન્ડ ડેવલપમેન્ટ ઓફ સ્ટેટ કલ્ટ ઓફ કન્ફ્યુશિયસ,** ન્યુયોર્ક, ૧૯૬૬

સ્ટાર, એફ. : **કન્ફ્યુશિયાનીઝમ, ઇટ્સ એથિકસ, ફિલોસોફી એન્ડ રિલિજિયન,** ન્યુયોર્ક, ૧૯૩૦

વિભાગ–૩

તુલનાત્મક અધ્યયન

૩.૧ સામાન્ય પ્રશ્નો

૧. અભ્યાસ પદ્ધતિ :

આ ગ્રંથના પહેલા વિભાગમાં આપણે કેટલાક સામાન્ય પ્રશ્નોની રજૂઆત કરી. બીજા વિભાગમાં જગતના પ્રવર્તમાન ધર્મોની તુલનાત્મક રૂપરેખા આપવાનો પ્રયાસ કર્યો. આ બંને વિભાગોની રજૂઆતને પરિણામે તુલનાત્મક અધ્યયનના ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ તેમ જ તે માટે અપનાવાતું અભ્યાસીનું વલણ અને જે વિવિધ દૃષ્ટિબિંદુઓથી ધર્મ તરફ જોઈ શકાય છે તેનો ખ્યાલ પહેલા વિભાગના પ્રશ્નોમાંથી આપણે મેળવ્યો. પ્રત્યેક ધર્મની વિશિષ્ટતા અંગે, તેમ જ દરેક ધર્મમાં પ્રબોધાયેલ જુદા જુદા વિચારોનો ખ્યાલ આપણે બીજા વિભાગમાંથી મેળવ્યો. આમ ધર્મના સામાન્ય સ્વરૂપનું, તે અંગેના વિવિધ પ્રશ્નોનું, તેમ જ ધર્મમાં સમાવિષ્ટ વિવિધ ઉપદેશનું ભાથું આપણે તૈયાર કર્યું.

હવે ગ્રંથના આ ત્રીજા વિભાગમાં સૌ પ્રથમ તો આપણે કેટલાક સામાન્ય પ્રશ્નોની રજૂઆત કરીશું. તે પછી કોઈપણ બે કે તેથી વધારે ધર્મોની સમગ્રતયા તુલના કરીશું. ત્યાર પછી ધર્મઉપદેશનો કોઈ એક વિષય લઈને તે વિષય ઉપર વિવિધ ધર્મોનાં મંતવ્યો તપાસીશું, અને છેવટે ધર્મના ભાવિ તરફ નિર્દેશ કરે એવા કેટલાક પ્રશ્નોની વિચારણા હાથ ધરીશું.

૨. ધર્મસ્થાપના સમય :

	દક્ષિણ એશિયા	પૂર્વ એશિયા	પશ્ચિમ એશિયા
ઈ. સ. પૂ. ૨૦૦૦	● હિંદુધર્મ (ઈ. સ પૂ. ૨૦૦૦)		
ઈ. સ. પૂ. ૧૫૦૦			● હિબ્રૂધર્મ (ઈ. સ. પૂ. ૧૫૦૦)
ઈ. સ. પૂ. ૧૦૦૦		● શિન્તોધર્મ (ઈ. સ. પૂ. ૬૬૦)	
ઈ. સ પૂ. ૫૦૦	● જૈનધર્મ (ઈ. સ. પૂ. ૫૯૯) ● બૌદ્ધધર્મ (ઈ. સ. પૂ. ૫૬૦)	● કન્ફ્યુશિયનધર્મ (ઈ. સ પૂ. ૫૫૧) ● તાઓધર્મ (ઈ. સ. પૂ. ૪૦૦)	● જરથુસ્તધર્મ (ઈ. સ. પૂ. ૫૯૦)
૦			● ખ્રિસ્તીધર્મ (ઈ. સ. પૂ ૪)
ઈ. સ. ૫૦૦			
ઈ. સ ૧૦૦૦			● ઇસ્લામધર્મ (ઈ. સ. ૫૭૦)
ઈ. સ. ૧૫૦૦	● શીખધર્મ (ઈ. સ ૧૪૬૯)		
ઈ. સ. ૨૦૦૦			

અહીંયાં રજૂ કરેલા કોઠા ઉપરથી આપણને એ સમજાશે કે સુસંસ્કૃત ધર્મના સમયની ફલક, ધર્મ ઉત્પત્તિની દૃષ્ટિએ, લગભગ પાંત્રીસો વર્ષ ઉપર ફેલાયેલ છે.

આ કોઠા ઉપર નજર ફેંકતા આપણને એ સમજાશે કે જગતનો પ્રથમ સાંસ્કૃતિક ધર્મ આશરે ઈ. સ. પૂર્વે ૨૦૦૦ વર્ષ પર પ્રાપ્ત થયેલો અને જગતનો

સૌથી છેલ્લો ધર્મ ઈ. સ. ૧૪૬૯માં પ્રાપ્ત થયો. આ કોઠા ઉપરથી જે તે ધર્મના ઉત્પત્તિ સમયની માહિતી પ્રાપ્ત કરવાનો જ આપણો ઉદ્દેશ નથી. પહેલા વિભાગમાં ધર્મોના વર્ગીકરણ વિશે વિચાર કરતી વખતે આપણે એ બાબત રજૂ કરેલી જ છે. અહીંયાં આપણો પ્રયાસ જે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેની રજૂઆત કરી તેમના વિશે સમજ મેળવવાનો છે.

આ કોઠા ઉપર નજર ફેંકતા આપણે એ જોઈ શકીશું કે જગતના અગિયાર પ્રવર્તમાન ધર્મોમાંથી એક સદીના ગાળામાં જ છ જેટલા ધર્મોનો ઉદ્ભવ થયો છે, આમ કેમ હશે ?

વળી, આપણે એ પણ જોઈ શકીશું કે જૈનધર્મ અને બૌદ્ધધર્મના સ્થાપનાકાળ વચ્ચે માત્ર ચાલીસ વર્ષનું જ અંતર છે. આ બંને ધર્મો એક જ ભૌગોલિક પ્રદેશમાં ઉપસ્થિત થયા છે અને છતાં, કેટલીક બાબતોનું સામ્ય બાજુએ મૂકીએ તો, એ બે ધર્મોમાં મહત્ત્વના તફાવતો પણ છે. લગભગ એક જ સમયે એક જ પ્રદેશમાં ઉદ્ભવેલા ધર્મોમાં આવો તફાવત કેમ ?

અત્રે રજૂ કરેલા કોઠામાંથી બીજા જે પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેની રજૂઆત કરતા પહેલાં આ પ્રશ્નોની થોડી વિચારણા કરી લઈએ. માનવ સંસ્કૃતિના વિકાસમાં કોઈ કોઈ ઐતિહાસિક કાળ એવો આવી જાય છે, જ્યારે પ્રવર્તતી સમાન પ્રકારની પરિસ્થિતિમાં, લગભગ સમાન પ્રકારની પ્રવૃત્તિઓ અસ્તિત્વમાં આવે છે. ઇતિહાસની ઈ. સ. પૂર્વેની પાંચમી સદી વિશે પણ કંઈક આવું જ કહી શકાય. પ્રત્યેક ધર્મની વિચારણા કરતી વખતે આપણે એ જોયું છે કે પ્રવર્તમાન પરિસ્થિતિના અસ્વીકારવામાંથી જ એક નવા ધર્મનો ઉદ્ભવ થયો છે. ઉપર કરેલી અન્ય ચર્ચાઓમાંથી આપણે એ પણ જાણી શકયા છીએ કે પ્રવર્તમાન ધર્મનો ઉદ્ભવ થયો ત્યારે ધર્મક્ષેત્રે સંપૂર્ણ શૂન્ય કે અવકાશ હતો એવું નથી. એક જૂના ધર્મના પાયા ઉપર જ નવો ધર્મ રચાય છે.

ઇતિહાસના આ કાળમાં દુનિયાના વિવિધ ભાગોમાં ધર્મ ઉત્થાન થયું. દક્ષિણ એશિયામાં જૈનધર્મ અને બૌદ્ધધર્મ અસ્તિત્વમાં આવ્યા, પૂર્વ એશિયામાં શિન્તોધર્મ, તાઓધર્મ અને કન્ફ્યુશિયનધર્મે પોતાનું સ્થાન પ્રસ્થાપિત કર્યું, અને પશ્ચિમ એશિયામાં જરથુસ્તધર્મ આગળ આવ્યો.

આ ધર્મ–સ્થાપનાની પ્રક્રિયા દુનિયાના વિવિધ ભાગોમાં થયેલી જોવા મળે છે તે સમજાવવાનો પ્રયાસ કરીએ, એમાં આપણે ઉપર ઉપસ્થિત કરેલ બીજા પ્રશ્નોનો ઉત્તર સમાયેલ છે.

આપણે એ નોંધવું જોઈએ કે જૈનધર્મ અને બૌદ્ધધર્મ અસ્તિત્વમાં આવ્યા ત્યારે ભારતમાં જગતના પ્રવર્તમાન ધર્મોમાંનો એક, હિંદુધર્મ અસ્તિત્વમાં હતો, અને એથી બીજા ચાર ધર્મોના ઉદયની પ્રક્રિયા વિશે આપણે જે કંઈ કહીએ તે આ બે ધર્મોના ઉદયની પ્રક્રિયાને લાગુ પાડી શકાય કે કેમ તે પ્રશ્ન ખુલ્લો રાખવો જોઈએ.

શિન્તોધર્મ, તાઓધર્મ કે કન્ફ્યુશિયનધર્મ અસ્તિત્વમાં આવ્યા ત્યારે પૂર્વ એશિયામાં પ્રવર્તમાન ધર્મો પૈકી કોઈપણ ધર્મ અસ્તિત્વમાં ન હતો, અને એથી જે ધર્મની પશ્ચાદ્‌ભૂમાં આ ધર્મો ઉદ્‌ભવ્યા તે આદિમ ધર્મ સ્વરૂપનો હતો. આદિમ ધર્મોમાં ધાર્મિક ખ્યાલો અને ધાર્મિક વિચારણા કેવા પ્રકારની હોય છે એની રજૂઆત આપણે અન્યત્ર કરી છે. આદિમ ધર્મમાંથી સુસંસ્કૃત ધર્મનો ઉદય થાય છે એ સહજ પ્રક્રિયા અનુસાર આ ધર્મોનો ઉદ્‌ભવ થયો છે.

પશ્ચિમ એશિયામાં જરથુસ્તધર્મનો ઉદય થયો એ પહેલાં જગતના પ્રવર્તમાન ધર્મો પૈકીનો હિબ્રૂધર્મ અસ્તિત્વમાં હોયે ખરો. પરંતુ પશ્ચિમ એશિયાના જે ભૌગોલિક પ્રદેશમાં જરથુસ્તધર્મનો ઉદ્‌ભવ થયો એ પ્રદેશમાં, પશ્ચિમ એશિયાના બીજા પ્રદેશમાં, ઉદ્‌ભવ થયેલો હિબ્રૂધર્મ પ્રવેશ્યો ન હતો. આથી જરથુસ્તધર્મના ઉદ્‌ભવ સમયે પણ આદિમ ધર્મ અસ્તિત્વમાન હતો. એથી ઉપર ત્રણ ધર્મોને માટે જે વિધાન કર્યું તે અહીંયાં પણ લાગુ પાડી શકાય.

હવે આપણે જૈનધર્મ અને બૌદ્ધધર્મના ઉદ્‌ભવની પશ્ચાદ્‌ભૂની વિચારણા કરીએ.

આપણે એ જોયું છે કે દક્ષિણ એશિયાના ભારતદેશમાં જ જૈન અને બૌદ્ધધર્મો ઉદ્‌ભવ્યાં છે. એ જ ભારતદેશમાં તે સમયે પ્રવર્તમાન ધર્મો પૈકીનો હિંદુધર્મ અસ્તિત્વમાં હતો. આથી એ સ્પષ્ટ થશે કે પશ્ચિમ એશિયાના ધર્મોને વિશે જે રજૂઆત કરી તે દક્ષિણ એશિયાના આ ધર્મો વિશે લાગુ પાડી શકાય નહીં. જૈનધર્મ અને બૌદ્ધધર્મના ઉદ્‌ભવ સમયે હિંદુધર્મે એક વિશિષ્ટ સ્વરૂપ ધારણ કર્યું. એ સ્વરૂપ કેવું હતું એની વિચારણા આપણે બીજા વિભાગમાં કરી છે, તેથી એની પુનરોક્તિ આપણે અહીંયાં નહીં કરીએ.

આપણે જે નોંધવું છે તે એ જ કે આ બે ધર્મોનો ઉદ્‌ભવ, એ જ સમયે ઉદ્‌ભવેલા બીજા ધર્મો કરતાં જુદો છે.

આ સમગ્ર વિચારણાને પરિણામે આપણે ત્રણ મુદ્દા તારવી શકીએ છીએ :

એક, ઇતિહાસના આ કાળે માનવ સંસ્કૃતિનો વિકાસ લગભગ દરેક ભૌગોલિક વિસ્તાર પર પ્રસર્યો હતો.

બીજું, આદિમ ધર્મમાંથી સહજ રીતે, માનવે સિદ્ધ કરેલી સંસ્કૃતિના પરિણામે, સુસંસ્કૃત જનનો ઉદ્‌ભવ થયો.

ત્રીજું, પ્રવર્તમાન ધર્મનું, એ જ ભૌગોલિક પ્રદેશમાં અસ્તિત્વ હોવાં છતાં, સુસંસ્કૃત ભૌગોલિક વ્યાપકપણાના આ કાળે, અન્ય પ્રવર્તમાન ધર્મોનો ઉદ્‌ભવ થયો.

આ મુદ્દાઓ પૈકી ત્રીજો મુદ્દો વધુ વિચારણા માંગે છે. એક જ ભૌગોગિક સ્થળે એક પ્રવર્તમાન ધર્મ હોવા છતાં બીજો ધર્મ ઉદ્‌ભવ પામે ત્યારે એ નવો ઉદ્‌ભવ પામેલો ધર્મ કયાં તો બહારથી આવી ઉદ્‌ભવ પામ્યો હોય (જેમ પાછળથી બૌદ્ધધર્મનો ચીન તથા જાપાનમાં ઉદ્‌ભવ થયો); અથવા તો મૂળ ધર્મમાંથી ઉદ્‌ભવ્યો હોય. નવીન ધર્મના ઉદ્‌ભવની આ બે પ્રક્રિયાઓમાંથી આપણે પાછલી પ્રક્રિયા પર લક્ષ્ય આપવાનું રહે છે. કારણકે આપણે આગળ જોયું છે તેમ જૈનધર્મ અને બૌદ્ધધર્મના સ્થાપકો પોતે હિંદુ હતા. આથી આપણી સમક્ષ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે એક ધર્મમાંથી આંતરિક રીતે બીજો ધર્મ શી રીતે ઉદ્‌ભવે?

ધર્મ ઉદ્‌ભવની આ પ્રક્રિયા રસિક હોવા ઉપરાંત મહત્ત્વની છે. ધર્મનું જે સ્વરૂપ આપણે અન્યત્ર આલેખેલું છે એ અનુસાર ધર્મ એક પ્રવાહ જેવો છે જે સ્થગિત નહિ પરંતુ હંમેશા ગતિશીલ છે. આથી એક ધર્મમાંથી બીજો ધર્મ શી રીતે ઉદ્‌ભવે એ પ્રશ્ન અગત્યનો બને છે.

આ પ્રશ્નને સમજવાને માટે ધર્મની બીજી એક પ્રક્રિયા સમજવી જોઈએ. ધર્મની જે સામાન્ય રજૂઆત આપણે બીજા વિભાગમાં કરી એથી પણ એ તો સમજી શકાયું હશે કે લગભગ પ્રત્યેક ધર્મ પલટાતી અવસ્થામાંથી પસાર થાય છે. ધર્મની આ પલટાતી અવસ્થાને આમ રજૂ કરી શકાય:

ધર્મ ઉદ્‌ભવ-ધર્મ વિકાસ-ધર્મ પતન-ધર્મ સુધારણા-ધર્મ પુનઃ પ્રસ્થાપન.

પ્રત્યેક ધર્મ આ અવસ્થામાંથી પસાર થાય છે.

ધર્મની પલટાતી અવસ્થાની બીજી પણ એક શક્યતા છે જે આમ રજૂ કરી શકાય:

ધર્મ ઉદ્‌ભવ-ધર્મ વિકાસ-ધર્મ પતન-ધર્મ પતન-ધર્મ નાશ-ધર્મ વિસર્જન.

વિશ્વમાં જે અનેક ધર્મો અસ્તિત્વમાં આવ્યા અને કાળક્રમે વિસર્જિત થયા એમને અંગેની ધર્મપ્રક્રિયા વિશેની આવી વિવિધ અવસ્થાઓ રહી છે.

પરંતુ ધર્મપ્રક્રિયાની વિવિધ અવસ્થાઓ વિશેની એક ત્રીજી શક્યતા પણ છે અને તેને આમ રજૂ કરી શકાય:

ધર્મ ઉદ્‌ભવ – ધર્મવિકાસ – ધર્મ પતન.
↓
ખળવો
↓
નવા ધર્મનો ઉદ્‌ભવ

ધર્મપ્રક્રિયા જે વિવિધ અવસ્થાઓમાંથી પસાર થાય છે એની સંભવિત શક્યતાઓની આપણે રજૂઆત કરી. આ શક્યતાઓ પૈકીની બીજી શક્યતા વિશે વધુ વિચારણા આ ગ્રંથની મર્યાદામાં નથી.

ધર્મપ્રક્રિયાની પ્રથમ ત્રણ અવસ્થા ઉદ્‌ભવ–વિકાસ–પતન તો પહેલી અને ત્રીજી શક્યતાઓમાં એકસરખી જ છે અને આ બે પ્રક્રિયાનો તફાવત ચોથે તબક્કે શરૂ થાય છે.

પ્રવર્તમાન ધર્મની સાથેનો વિરોધ સૌમ્ય છે કે પ્રબળ એના ઉપર આ અવસ્થા પછીની શક્ય અવસ્થાનો આધાર રહે છે. પ્રવર્તમાન ધર્મની પ્રવર્તમાન પરિસ્થિતિ સામે જ વિરોધ હોય તો, અને એ ધર્મના તાત્ત્વિક સિદ્ધાંતો સ્વીકાર્ય હોય તો, એ વિરોધ સુધારણાનું સ્વરૂપ ધરે છે, અને એમાંથી જ, ધર્મસુધારણા નીપજે છે. ધર્મસુધારણાના આવા અનેક પ્રયાસો પ્રત્યેક ધર્મના ઇતિહાસમાં પ્રાપ્ત છે. ઉદાહરણ તરીકે, સુધારણાની આ પ્રક્રિયાનો ખ્યાલ હિંદુધર્મના વિકાસની પહેલા વિભાગની ચર્ચામાં આપવામાં આવ્યો છે. જ્યાં આમ બન્યું છે ત્યાં મૂળ ધર્મમાં નવો ધર્મપંથ સ્થપાયો છે, નવો સંપ્રદાય ઊપજ્યો છે, નવું જૂથ ઊપજ્યું છે–પણ એથી વિશેષ નહિ. મૂળ ધર્મનાં શાસ્ત્રો, એની તાત્ત્વિક વિચારણા અને એનો સૈદ્ધાંતિક બોધ કદાચિત્ થોડા ફેરફાર સાથે સ્વીકારાય છે. આમ ધર્મ સુધારણા પામે છે, અને બીજી દૃષ્ટિએ, ધર્મ ગતિ પણ મેળવે છે. ધર્મના બૌદ્ધિક સ્વરૂપમાં ઝાઝો પલટો ન થવા છતાં ધર્મના બાહ્ય કલેવરમાં, એના વિધિ પ્રકારમાં, એની આચાર–સંહિતામાં પરિવર્તન થાય છે. પરંતુ આ પ્રક્રિયામાં જે નોંધવા જેવું છે તે એ કે મૂળ ધર્મ એક મહાવૃક્ષ તરીકે રહે છે અને એની સાથે એક નવી ડાળ ફૂટે છે એટલું જ. એ ડાળના અસ્તિત્વ માટેનું પોષણ મહાવૃક્ષના મૂળમાંથી જ મેળવવાનું રહે છે.

ધર્મપતનની અવસ્થાએ, ધર્મની અંદરથી જ નીપજેલો વિરોધ, ખૂબ તીવ્ર પ્રકારનો પણ હોઈ શકે. મૂળ ધર્મની પ્રવર્તમાન પરિસ્થિતિના અસ્વીકારને માટે જ્યારે એના તાત્ત્વિક બોધને, એના સિદ્ધાંતોને, એના નૈતિ વ્યવહારને, એની રીતિઓને કારણભૂત ગણવામાં આવે ત્યારે એ વિરોધ અતિ તીવ્ર પ્રકારનો છે.

એ સંજોગોમાં ધર્મસુધારણાની સંભાવના શક્ય નથી. મૂળ ધર્મની કોઈ વાતનો સ્વીકાર શક્ય નથી (હિબ્રૂધર્મને અનુલક્ષીને ખ્રિસ્તીધર્મ માટે અલગ રજૂઆત કરવાની જરૂર રહે છે), અને એથી મૂળ ધર્મના વૃક્ષ પર ઉગેલ એક પાંદડું છૂટું પડી, એ જ ધરતીમાં, નવા વૃક્ષનાં બીજ વાવે છે, અને આમ નવા ધર્મનો ઉદ્‌ભવ થાય છે. આમાં એટલું નોંધવું જોઈએ કે નવા ધર્મનું ઉદ્‌ભવ–બીજ, મૂળ ધર્મમાંથી પ્રાપ્ત થાય છે, અને મૂળ ધર્મની ભૂમિમાં જ એ નવા ઉદ્‌ભવતા ધર્મનું બીજારોપણ થાય છે. અને આથી જ એ ધર્મોના આંતર સંબંધો અને એમની વિચારણાની તુલના આ હકીકતને અનુલક્ષીને કરવાની રહે છે.

ઉપર આપણે જે એ પ્રશ્નો ઉપસ્થિત કર્યા તેની વિચારણા થઈ. પરંતુ ધર્મસ્થાપનાનો ખ્યાલ આપતા આ કોઠા ઉપરથી બીજા પણ કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. શું એક જ ભૌગોલિક પ્રદેશમાં ઉદ્‌ભવ પામેલા વિવિધ ધર્મો વચ્ચે વિશિષ્ટ પ્રકારની સમાનતા છે ? જો એમ હોય તો એની વિશિષ્ટતા શી ? આ પ્રશ્નોની અહીંયાં અલગ વિચારણાની જરૂર નથી. કારણકે જે તે ધર્મની રજૂઆતમાં આ પ્રશ્નોના ઉત્તર માટેની માહિતી સમાવિષ્ટ છે. વળી, એવી વિચારણા આ વિભાગમાં અન્યત્ર હાથ ધરવામાં આવી છે.

આ કોઠા વિશે એક બીજી વાત પણ નોંધો લઈએ. અહીંયાં માત્ર ધર્મના જે તે ભૌગોલિક પ્રદેશમાં ઉદ્‌ભવના સમય અનુસારની રજૂઆત કરવામાં આવી છે.

એક સમયે એક ભૌગોલિક પ્રદેશમાં એક ધર્મ ઉદ્‌ભવ પામ્યા પછી, એ જ, ધર્મ તે સમયે અથવા તો ઇતિહાસના અન્ય સમયે, અન્ય ભૌગોલિક પ્રદેશોમાં વિસ્તરે છે એની રજૂઆત અહીંયાં કરવામાં આવી નથી. અન્ય કોઠા દ્વારા ઇતિહાસના કાળપ્રવાહમાં કયા સમયે કયા કયા ભૌગોલિક પ્રદેશોમાં વિવિધ ધર્મો વિસ્તર્યા છે એનો ખ્યાલ આપી શકાય.

૩. ધર્મસંસ્થાપક :

પ્રવર્તમાન અગિયાર ધર્મોમાંથી નવ ધર્મો સ્થાપકોએ સ્થાપેલા ધર્મો છે એ આપણે આગળ જોયું. એ નવ ધર્મો પૈકીના ૭ ધર્મોનાં નામો પણ એમના સ્થાપકનાં નામ ઉપરથી પ્રાપ્ત થાય છે. મોઝીઝે સ્થાપેલા ધર્મનું નામ એની પ્રજા પરથી અથવા તો દેશના નામ પરથી પ્રાપ્ત થયેલ છે. એ જ પ્રમાણે લાઓત્ઝેએ સ્થાપેલા ધર્મનું નામ લાઓત્ઝેના પરમતત્ત્વ 'તાઓ' ઉપરથી પ્રાપ્ત થયેલ છે અને શીખધર્મના સ્થાપક નાનકે એમના ધર્મનું નામ 'શિષ્ય' ઉપરથી રાખ્યું છે, કારણકે એમણે પરમતત્ત્વને 'ગુરુ' સ્થાને સ્થાપેલ છે.

ધર્મના 'સ્થાપક'નો વિચાર કરીએ ત્યારે આપણે વિશ્વના બે ધર્મો હિંદુ-ધર્મ અને શિન્તોધર્મ, જેના કોઈ સ્થાપકો નથી, તેને માટે પણ થોડી વિચારણા કરી લેવી પડશે. એ પછી આપણે જે તે ધર્મ-સ્થાપકના પ્રકાર અંગે ચર્ચા કરીશું, ત્યાર પછી એમના જન્મ વિશે ઉપલબ્ધ અગત્યની બાબતો જોઈશું અને છેવટે એમના વિશેની વિવિધ પ્રચલિત વાતોની સમીક્ષા હાથ ધરીશું.

હિંદુધર્મ અને શિન્તોધર્મના કોઈ એક નિશ્ચિત સ્થાપક નથી. એથી પ્રશ્ન એ થાય છે કે આ બે ધર્મોમાં કોઈ મહત્ત્વનું સામ્ય છે ખરું ? આ વિશે આપણે એમ કહેવું જોઈએ કે શિન્તોધર્મની સ્થાપનાનો ખ્યાલ દૈવીતત્ત્વના સામ્રાજ્ય ઉપર સ્થપાયેલો છે, અને એ તત્ત્વના પ્રતિનિધિ તરીકે રાજ્યશાસનનો દોર મિકાડોના હાથમાં રહે છે, અને સમસ્ત પ્રજાએ એમના તરફ વફાદારી રાખી ધાર્મિક જીવન વ્યતિત કરવાનું છે. હિંદુધર્મનો સ્થાપક કોઈ નથી અને હિંદુધર્મના વેદશાસ્ત્ર 'અપૌરુષેય' કહેવાયા છે. એમાં પરબ્રહ્મના ઉદ્‌બોધો સીધાં જ સંગ્રહાયેલાં છે એમ કહેવામાં આવે છે. આપણે આગળ એવો ઉલ્લેખ કર્યો છે કે ઈશ્વર કઈ ભાષામાં બોલે છે એ આપણે જાણતા નથી. આથી ઈશ્વરનો બોધ સીધો વેદોમાં કંડરાયેલો છે એવી માન્યતાની સાથે સહમત થવું મુશ્કેલ છે. પરંતુ એનો સાચો અર્થ એ છે કે પરબ્રહ્મ દ્વારા જે કંઈક જ્ઞાન કે બોધ આપવામાં આવ્યો છે તે કોઈ એક વિશિષ્ટ વ્યક્તિને નહિ, પરંતુ એક કરતાં વધારે વ્યક્તિને પ્રાપ્ત થયો છે. આ એક મહત્ત્વનો મુદ્દો છે.

જો ઈશ્વરનો બોધ કોઈ એક જ વ્યક્તિને કે એના દ્વારા નહીં પરંતુ વિવિધ વ્યક્તિઓને પ્રાપ્ત થતો હોય તો એમાંથી બે બાબતો ફલિત થાય છે. એક, એવી કોઈ વિશિષ્ટ વ્યક્તિ નથી જે એક જ હોઈ શકે અને અન્ય કોઈ એવા ન થઈ શકે. બીજું, પરમતત્ત્વને મન સૃષ્ટિસર્જનના પ્રત્યેક જીવ એક સમાન છે અને તેથી એનો બોધ ગમે તે વ્યક્તિ ગ્રહણ કરવાને પાત્ર છે.

આથી કોઈ એક નિશ્ચિત પયગંબર કે ફિરસ્તાનો ખ્યાલ હિંદુધર્મમાં પ્રવર્તેલો નથી. એથી ઊલટું હિંદુધર્મના હાર્દ સમાન ભાવના, કે પ્રત્યેક જીવ દૈવી અંશ છે, એ આમાંથી જ ફલિત થાય છે. ઈશ્વરની વાણી સાંભળવાનો લહાવો કોઈ એકને જ પ્રાપ્ત છે એમ નહિ, પરંતુ એ માટે જે કોઈ વ્યક્તિ પાત્ર બને એ એનો બોધ સાંભળી શકે એમ છે.

હિંદુધર્મમાં જે ઉદારતા અને વિશાળતા જોવા મળે છે તે, જીવ અને ઈશ્વર ભિન્ન નથી, એ ભાવ વ્યક્ત થાય છે એ, આમાંથી પ્રાપ્ત થાય છે. જે જે

ધર્મ માનવ સ્થાપિત છે ત્યાં, કયાં તો ત્રીસતરી અસ્તિત્વ સ્વીકારાયું છે, અથવા તો પછી સ્થાપકને જ ઈશ્વરસ્થાને અને પરમતત્ત્વ સ્થાને બેસાડવામાં આવ્યા છે, અને એમ કરીને ત્રીસતરી અસ્તિત્વ સ્વીકારાયું છે. આની સરખામણીમાં હિંદુધર્મનું એકસ્તરી અસ્તિત્વ વિશિષ્ટ ધ્યાન ખેંચે છે. જીવ અને બ્રહ્મ ભિન્ન નહીં પણ એક જ છે, એ એકસ્તરી અસ્તિત્વનો પાયો છે. બૌદ્ધધર્મ, જૈનધર્મ, કન્ફ્યુશિયનધર્મ તાઓધર્મમાં કાળાનુક્રમે એના સ્થાપકોને જ દેવસ્થાને સ્થાપવામાં આવ્યા છે, અને એમ ત્યાં દ્વિસ્તરી અસ્તિત્વ છે. એ નોંધવું જોઈએ કે હિંદુધર્મની જેમ શિન્તોધર્મ પણ માનવ સ્થાપિત ન હોવા છતાં પણ, એમાં દ્વિસ્તરી અસ્તિત્વ સ્વીકારાયું છે. એક તરફ ઈશ્વરના પ્રતિનિધિ તરીકે મીકાડો અને બીજી તરફે પ્રજાજનો.

જે ધર્મોના સ્થાપકો નથી એમને વિશે આટલો ઉલ્લેખ કર્યા પછી હવે આપણે ધર્મસ્થાપકો તરફ વળીએ.

વિવિધ ધર્મોની જે રૂપરેખા આપણે બીજા વિભાગમાં રજૂ કરી છે એને આધારે ધર્મસ્થાપકને આપણે ચાર વિભાગમાં વહેંચી શકીએ.

ધર્મ	ધર્મસ્થાપક	પ્રકાર
જૈનધર્મ	મહાવીર	વિચલક (Deviator)
બૌદ્ધધર્મ	ગૌતમ બુદ્ધ	,,
હિબ્રૂધર્મ	મોઝીઝ	મધ્યસ્થી
ખ્રિસ્તીધર્મ	જિસસ ક્રાઈસ્ટ	,,
ઝોરોસ્ટરધર્મ	જરથુસ્ત	ગુરુ
ઇસ્લામધર્મ	મહમદ	,,
શીખધર્મ	નાનક	,,
કન્ફ્યુશિયનધર્મ	કન્ફ્યુશિયસ	ધર્મિષ્ઠ તત્ત્વજ્ઞ
તાઓધર્મ	લાઓત્ઝે	,,

ધર્મસ્થાપકના વિવિધ વિભાગોમાં રજૂ કરેલા પ્રકાર વિશે આપણે થોડી વિચારણા કરીએ. જૈનધર્મ અને બૌદ્ધધર્મના સ્થાપકો જન્મે હિંદુઓ હતા, અને પ્રવર્તમાન હિંદુધર્મ પ્રત્યેના તીવ્ર વિરોધને પરિણામે તેઓ હિંદુધર્મ પ્રવાહમાંથી વિચલિત થયા, અને નવો ધર્મ સ્થાપ્યો. જેટલો પ્રબળ એમનો હિંદુધર્મ માટેનો વિરોધ હતો, એટલું જ પ્રબળ એમનું અંગત વ્યક્તિત્વ હોત તો એ ધર્મ ૨૦

ધર્મોની પરિસ્થિતિ કદાચિત જુદી હોત. પરંતુ એની ચર્ચામાં આપણે અહીં નહીં ઊતરીએ.

મોઝીઝ અને જિસસ પયગંબરરૂપે, ઈશ્વર અને માનવીની વચ્ચે મધ્યસ્થી છે. ખ્રિસ્તીધર્મનો ત્રીમૂર્તિ ખ્યાલ આ હકીકત સ્પષ્ટ કરે છે. મહાવીર અને બુધ્ધે પોતે ધર્મની સ્થાપના કરી એમ તેઓએ કરી નથી. એમણે તો ઈશ્વરના આદેશ મુજબ જે કંઈક પ્રાપ્ત થયું એ પ્રજા સુધી પહોંચાડયું છે.

મોઝીઝે અને જિસસે પ્રભુનો જે આદેશ ઝીલ્યો અને માનવીઓ સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો એમાં તેઓએ મધ્યસ્થી તરીકે કાર્ય કર્યું. એ મધ્યસ્થીપણામાં એમણે ઈશ્વરનો આદેશ પોતે ઝીલ્યો એવો, અને પોતે સમજ્યા એવો, આપ્યો છે. આ સમજણના ફેરફારથી એ ધર્મોમાં વિવિધ પંથો ઉપસ્થિત થયા છે.

જરથુસ્ત, મહમદ અને નાનકને ધર્મશિક્ષક તરીકે ઓળખાવી શકાય. તેઓએ પોતે ઈશ્વરના આદેશ અનુસાર કોઈ વિશિષ્ટ ધાર્મિક સિદ્ધાંતો સૂચવ્યા નથી, પરંતુ માનવવ્યવહારની દોરવણી આપવા માટે પોતે જે કંઈ જરૂરી સમજ્યા તેની તેમણે તેના અનુયાયીઓ સમક્ષ રજૂઆત કરી છે.

ચીનના બે ધર્મસ્થાપકો કન્ફ્યુશિયસ અને લાઓત્ઝેના બોધ ઉપર લક્ષ આપીશું તો સમજાશે કે એમને એમની તાત્ત્વિક વિચારણાને પરિણામે જ જે કંઈક ધર્મતત્ત્વ હાથ લાગ્યું તે એમણે એમના અનુયાયીઓ સમક્ષ રજૂ કર્યું. એથી એમને તત્ત્વજ્ઞ ધર્મિષ્ઠ પ્રકારના ધર્મસ્થાપક તરીકે ઓળખાવી શકાય.

વિવિધ ધર્મોના સ્થાપકો વિશેની બધી માહિતી ઉપલબ્ધ નથી. આમાંયે ખાસ કરીને કન્ફ્યુશિયસ અને લાઓત્ઝે વિશેની માહિતી પ્રાપ્ત નથી. કન્ફ્યુશિયસના જન્મ સમયની માહિતી પ્રાપ્ત છે પરંતુ લાઓત્ઝે વિશેનો વિવાદ આપણે આગળ વિચાર્યો છે. એ જ પ્રમાણે બૌદ્ધધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધ ઐતિહાસિક હતા કે કેમ એ વિશેની શંકા કેટલાય સમય સુધી રહી. પરંતુ ઈ. સ. ૧૮૮૬માં ડૉ. ફેરરે બુદ્ધની જન્મભૂમિમાં આશરે ઈ. સ. ૨૫૦માં, સુપ્રસિદ્ધ બૌદ્ધ અશોક રાજાએ કપિલવસ્તુમાં પથ્થરનો સ્થંભ ઊભો કરી તેમાં જે લેખ લખાવ્યો હતો તે શોધી કાઢયો ત્યારે પછી એ બધી શંકાઓ દૂર થઈ.[૧]

આમ છતાં ધર્મસ્થાપકોમાંના ઘણાના જન્મ વિશે તથા તેમના ચમત્કારિક જન્મ વિશે પણ માહિતી પ્રાપ્ત થાય છે.

---

૧ આરકયોલોજિકલ સર્વે ઑફ નોર્થ ઇન્ડિયા, ગ્રંથ ૬, ૧૮૯૭, પા. ૨૭

મહાવીરના જન્મ વિશે કેટલાક ચમત્કારિક પ્રસંગો રજૂ કરવામાં આવ્યા છે. એમ કહેવાય છે કે મહાવીરનાં માતાને અદ્‌ભુત સ્વપ્ન અનુસાર પરાક્રમી પુત્રની પ્રાપ્તિ થઈ હતી.[૨] એ જ પ્રમાણે બુદ્ધના જન્મ વિશેની પણ આવી વાતો પ્રચલિત છે. એમ કહેવાય છે કે એમની માતાને એવું સ્વપ્ન આવેલું કે એમને અલૌકિક રીતે ગર્ભ રહ્યો છે અને એ જ પ્રમાણે એમની પિસ્તાલીસ વર્ષની ઉંમરે રાણીને અલૌકિક પ્રકારે બુદ્ધનો જન્મ થયેલો.[૩] આ જ હકીકત અન્યત્ર પણ આ રીતે અપાઈ છે :

" માતાને કોઈપણ પ્રકારની માંદગી કે દુઃખ વિના બુદ્ધનો જન્મ જગતના કલ્યાણ માટે થયો. આમ તેમનો જન્મ અદ્‌ભુત પ્રકારે થયો."[૪]

જરથુસ્ત વિશે પણ આવી અનેક વાતો પ્રચલિત છે. આ મહાપુરુષના જન્મના ત્રણ હજાર વર્ષ પહેલાં, અને ત્રણસો વર્ષ પહેલાં પણ, વિવિધ જાતની ભવિષ્ય-વાણી થઈ હતી.[૫] જે કન્યા જરથુસ્તની માતા બની તેનામાં ઈશ્વરની કીર્તિ (અહૂર મજદ) મૂકવામાં આવી હતી.[૬] તે દૈવી કીર્તિ અનંત પ્રકાશમાંથી નીચે આવી અને પંદર વર્ષની કુંવારી કન્યામાં (જરથુસ્તની માતામાં) મળી ગઈ.[૭] આ કુંવારી કન્યામાં જે કંઈ શારીરિક ફેરફારો થયા તે એના કુટુંબીજનો સમજી શક્યા નહીં અને એમ માનવા લાગ્યા કે આ કંઈક જાદુની અસર છે.[૮] વળી એમ પણ કહેવાયું છે કે જરથુસ્ત જન્મ વખતે ખુબ હસ્યા હતા[૯] અને એમના જીવનમાં અનેક વાર એમનો અદ્‌ભુત બચાવ થયો હતો.[૧૦]

જિસસ ક્રાઈસ્ટના જીવનની ઘણી વાતો પ્રચલિત છે. ખ્રિસ્તીધર્મના ગોસ્પેલોમાં[૧૧] જણાવ્યા અનુસાર જિસસનાં માતા કુંવારિકા હતાં અને છતાંયે તેમને

---

૨ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૨૨ : ૭૯
૩ વૉરન : બુદ્ધિઝમ ઇન ટ્રાન્સલેશન, પા. ૪૨
૪ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૪૯ : ૫–૬
૫ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ ૫ : ૨૧
૬ એજ, ૧૭ : ૧૮
૭ એજ, ૪૭ : ૧૩૮–૧૩૯
૮ એજ, ૪૭ : ૧૮–૨૦
૯ એજ, ૪૭ : ૩૫
૧૦ એજ, ૪ : ૨૨૪–૨૨૫
૧૧ લ્યૂક, ૨ : ૪૧–૫૧

જિસસનો જન્મ થયો એ અલૌકિક પ્રકારે થયો હતો. જોકે જિસસના જીવનકાળ દરમ્યાન એમને જોસેફ અને મેરીના પુત્ર તરીકે ઓળખવામાં આવતા હતા.

ગુરુ નાનકના જન્મ વિશે આવી કોઈ અલૌકિક વાત પ્રચલિત નથી. તોયે એવા અનુભવો એમને એમની એવી ઉંમરે થયા કહેવાય છે જે અલૌકિક લાગે. નિશાળે એમને ભણવા મૂકવામાં આવ્યા ત્યારે સાત વર્ષની ઉંમરે એમણે એમના હિંદુ શિક્ષકને એમ કહ્યાનું કહેવાય છે કે વેદોનો અભ્યાસ કરીને ઈશ્વરનું સત્યનામ સમજવા કરતાં તો એમની કૃપાથી જ સત્યનામ સમજવું વધારે સારું છે.[૧૨]

જગતના માનવ સ્થાપિત ધર્મોના સ્થાપકોના જન્મ અંગે અથવા તો એમની સિદ્ધિ અંગેના આવા ઉલ્લેખોનું તાત્પર્ય શું હોઈ શકે? કોઈપણ ધર્મપ્રવર્તક પોતાના સમાજનો અન્ય વ્યક્તિઓ કરતાં કંઈક સવિશેષ છે એ તો સહજ અને સ્વાભાવિક રીતે સ્વીકારાય એવી વાત છે. સામાન્ય કરતાં તેઓ સવિશેષ છે એ પણ સ્વીકારાય; પરંતુ તેઓને ખરેખર ધર્મજ્ઞાન પ્રાપ્ત થયું છે, તેઓ એ મેળવવાને પાત્ર છે એવું સામાન્ય જનસમુદાય શી રીતે સ્વીકારી શકે? એથી એ સંભવિત છે કે જનસમુદાયમાં ધર્મપ્રવર્તકના દૈવી સ્વરૂપનો ખ્યાલ આપવાને માટે એમના જન્મ વિશે આવા વિવિધ ચમત્કારો રજૂ કરવામાં આવ્યા હોય.

અહીં પણ જરથુસ્ત અને જિસસના જન્મને વિશે જે અલૌકિકતાની રજૂઆત કરવામાં આવી તે ખાસ નોંધપાત્ર છે. જરથુસ્તધર્મમાં અનિષ્ટ પર અને ખ્રિસ્તી-ધર્મમાં પાપ પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ રીતના કુંવારી કન્યાને થયેલા અલૌકિક જન્મની રજૂઆત કરીને દુન્વયી વ્યવહાર પ્રમાણે માનવ સમાગમથી જન્મ થયો નથી એ શું એ બતાવવા કે આ જન્મ દૈવી છે? કે પછી એમ બતાવવા કે માનવ સંબંધનું પાપ આમનામાં ઊતર્યું નથી? શું પરિણીત સંબંધ સંપૂર્ણપણે પાપરૂપ સ્વીકારી શકાય ખરો? કદાચિત નહિ. કારણકે લૌકિક વ્યવહારમાં ક્રાઈસ્ટને જોસેફ અને મેરીના પુત્ર તરીકે સ્વીકારવામાં આવે છે અને જરથુસ્ત પોતે જ લૌકિક ગૃહસ્થી જીવન જીવ્યા છે.

આના અનુસંધાનમાં આપણે એ પણ નોંધવું જોઈએ કે પરિણીત જીવન અને સ્ત્રી-પુરુષ સંબંધ, ધર્મનું અવરોધક બળ છે એવું સામાન્યપણે સ્વીકારાયું નથી. આના ઉદાહરણ તરીકે, ધર્મસ્થાપકોમાં બુદ્ધ, જરથુસ્ત, મહમદ અને નાનક, ધર્મસુધારકો પૈકી લ્યૂથર કે જેમણે ગૃહસ્થીજીવન સ્વીકાર્યું હતું એમનો ઉલ્લેખ કરી શકાય.

---

૧૨ મેકાઉલીફ, ૮ – ૯

તો પછી પ્રશ્ન એ રહે છે કે ધર્મપ્રવર્તકોના જન્મ વિશે આવી ચમત્કારિક વાતો શા માટે? એમના જન્મ વિશેની જ ચમત્કારિક વાતો ઉપલબ્ધ છે એમ નહીં, પરંતુ એમના જીવનકાળ દરમ્યાનના વિવિધ ચમત્કારોની અનેક વાતો પણ પ્રાપ્ત છે. ધર્મપ્રવર્તકો વિશેની એવી થોડી નોંધ પણ અહીં કરી લઈએ.

ગૌતમ બુદ્ધ વિશે ચમત્કારોની વાતો આ પ્રમાણે છે :

"તેમણે નાવ વિના ગંગા નદી એકદમ ઓળંગી."[૧૩]

"તેઓ ઘડીકમાં દેખાય અને ઘડીમાં અદૃશ્ય થઈ જાય."[૧૪]

"માંદી પડેલી એક સ્ત્રીને માત્ર તેના તરફ જોઈને જ તેમણે સારી કરી."[૧૫]

"અન્નનો સંગ્રહ નહોતો કરેલો તોયે તેમણે પાંચસો શિષ્યોને જમાડ્યા હતા."[૧૬]

જરથુસ્તને વિશે કહેવાયું છે કે તેમણે ઘણા રોગ મટાડ્યા, વરુ અને અન્ય હિંસક પ્રાણીઓને દૂર કર્યાં, વરસાદ વરસાવ્યો તથા તીડ, કરોળિયા વગેરે જેવી બીજી બાધક ચીજોને દૂર કરી.[૧૭]

એ જ પ્રમાણે મહમદ અને જિસસને વિશે પણ અનેક ચમત્કારો નોંધાયેલા છે. વધસ્થંભે ચઢ્યા પછી ત્રીજા દિવસે ક્રાઈસ્ટ સદેહે બહાર આવ્યા, અને આ પૃથ્વી પર થોડો સમય રહ્યા. આવો મહાન ચમત્કાર પણ એમના વિશે નોંધાયેલ છે.

માત્ર જન્મ વિશેના જ નહીં, પરંતુ ધર્મપ્રસ્થાપકો વિશેના આવા ચમત્કારોનું તાત્પર્ય શું હોઈ શકે? આપણે ઉપર કહ્યું છે તેમ ધર્મપ્રવર્તકમાં દેવત્વ આરોપવાનો આ એક પ્રકાર છે. પરંતુ એ પણ શક્ય છે કે હકીકતમાં અનુયાયીઓ એમને સાચે જ દેવસ્વરૂપે સ્વીકારતા થયા હોય. આ પ્રક્રિયામાં અનુયાયીઓનો ધર્મપ્રવર્તક માટેનો વિશ્વાસ, અને તેમણે આપેલ બોધમાં સંપૂર્ણ શ્રદ્ધા પણ કારણભૂત હોય. આધુનિક જગતમાં પણ આપણે આવી ચમત્કારની વાતો સાધુસંતો કે મહાત્માઓ વિશે સાંભળતા નથી? આમ બને છે કારણકે હજીયે જનસામાન્યમાં આદિમ તત્ત્વ છૂપાયેલું પડ્યું જ છે. આપણે આગળ નોંધ્યું છે તેમ બધા જ

---

૧૩ સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ, ૧૧ : ૨૧; ૧૭ : ૧૦૪

૧૪ એજ, ૧૧ : ૪૮–૪૯; ૧૩ : ૧૦૪–૧૦૭

૧૫ સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ, ૧૭ : ૮૩–૮૪

૧૬ જાતક કથા, ૭૮

૧૭ સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ, ૪૭ : ૭૩

પ્રવર્તમાન ધર્મો એક આદિમ ધર્મની પશ્ચાદ્‌ભૂમાંથી ઉપસ્થિત થયા છે, અને એથી જે તે કાળે આદિમ ધર્મની અસર હોય એ સંભવી શકે છે.

પરંતુ આમાંથી એક બીજી બાબતનું પણ સૂચન થાય છે. ધર્મના પ્રારંભના તબક્કે આવા ચમત્કારો, એની આદિમ ધર્મની પશ્ચાદ્‌ભૂને અનુલક્ષીને, સમજાવી શકાય. પરંતુ પ્રત્યેક ધર્મ જેમ જેમ વધુ ને વધુ વિકસતો જાય તેમ તેમ આવા ચમત્કારો ભૂતકાળની હકીકત બનતા જાય. ધર્મવિકાસની કઈ કક્ષાએ, કયો ધર્મ છે, એનો અંદાજ બાંધવાના કાર્યમાં આવા અનુભવો, જે તે ધર્મમાં કેટલા સ્વીકાર્ય કે અસ્વીકાર્ય છે, તે આધારે પણ થઈ શકે.

ધર્મસ્થાપકોને વિશેની આ વિચારણાની સમાપ્તિ એક પ્રશ્ન ઉપસ્થિત કરીને કરીશું. ધર્મસ્થાપકો પૈકી જરથુસ્ત, મહાવીર, બુદ્ધ, મહમદ, જિસસ વગેરે એમની ઉંમરના ત્રીશથી ચાલીશ વર્ષના ગાળામાં ધર્મસ્થાપનાના કાર્યમાં આગળ વધ્યા. શું માનવ-જીવનનો આ કાળ, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ એવો કહી શકાય ખરો, જેમાં તેજસ્વીતા પ્રકટ થાય ?

૪. ધર્મસંગઠક બળો :

કોઈપણ ધર્મની ઉત્પત્તિ થયા પછી એના ચલનમાં, એના સંગઠનમાં અને એની પ્રગતિમાં કયાં બળો કામ કરે છે એનો ખ્યાલ મેળવવો જરૂરી છે. કોઈપણ ધર્મ શરૂઆતથી જ સંપૂર્ણ કહી શકાય એવા સંગઠિત સ્વરૂપનો નથી. જેમ જેમ ધર્મનો વિકાસ થતો જાય છે તેમ તેમ એના સંગઠનની તેમ જ તેમાં એકવાક્યતા લાવવાની તથા એના અનુયાયીઓમાં એક પ્રકારની એકતા પ્રવર્તતી રહે એ માટેનાં બળોની જરૂરિયાત રહે છે. આ અર્થમાં કોઈપણ ધર્મના સહેજે સ્વીકારી શકાય એવાં સંગઠક બળો કયાં ? આવાં સંગઠક બળો નીચે મુજબ છે :

ક. ધર્મશાસ્ત્ર

ખ. બ્રાહ્મણવર્ગ

ગ. મંદિર

ઘ. કળા

અહીંયાં આપણે પ્રત્યેક સંગઠક બળ, ધર્મને એકબદ્ધ કરવામાં કઈ રીતનો ફાળો આપે છે, એની વિચારણા કરીશું.

૬. ધર્મશાસ્ત્ર :

પ્રત્યેક ધર્મની રજૂઆત વેળા આપણે એ જોયું કે દરેક ધર્મને પોતાનાં એક કે વધુ ધર્મશાસ્ત્રો છે. એ સર્વ વિગતોને એકત્રિત સ્વરૂપે નીચે મુજબ મૂકી શકાય.

ધર્મનું નામ	ધર્મશાસ્ત્રનું નામ
હિંદુધર્મ	વેદ, ઉપનિષદ, ભ.ગીતા, પુરાણો વગેરે
જનધર્મ	આગમ
બૌદ્ધધર્મ	ત્રિપિટીકા
હિબ્રૂધર્મ	જૂનો કરાર
ખ્રિસ્તીધર્મ	બાઇબલ તથા જૂનો કરાર
જરથુસ્ત ધર્મ	અવસ્થા
તાઓધર્મ	તાઓ–તે–કિંગ
કન્ફ્યુશિયનધર્મ	ક્લાસિકસ
શિન્તોધર્મ	કોા–જી–કી તથા નિહોન–ગી
ઇસ્લામધર્મ	કુરાન
શીખધર્મ	ગ્રંથસાહેબ

જે તે ધર્મના ધર્મશાસ્ત્ર વિશેની ચર્ચા કરતી વખતે આપણે એ અવલોકયું છે કે ધર્મશાસ્ત્રનો કોઈ એક નિશ્ચિત સમય કે કાર્ય નથી. વિવિધ સમયે જે તે ધર્મમાં અપાયેલા ધર્માદેશોનો સમાવેશ આવાં શાસ્ત્રોમાં કરવામાં આવ્યો હોય છે.

આપણે એ પણ જોયું છે કે પ્રત્યેક ધર્મના એક કરતાં વધારે, ધર્મપંથો પણ અસ્તિત્વમાન છે, અને આમ છતાં એ સઘળા પંથો જે તે એક ધર્મના પંથ તરીકે જ ઓળખાય છે. આમ કેમ ?

આ પ્રશ્નનો ઉત્તર આપણને એ હકીકતમાંથી મળશે કે હિંદુ ધર્મના બે મુખ્ય પંથોમાંથી શૈવ અને વૈષ્ણવ પંથ બંને, વેદના આધારને સ્વીકારે છે. આથી બે પંથ જુદા હોવા છતાં, એમની વચ્ચેનું સંધત્વ અને એકત્વ શાસ્ત્રને કારણે શકય છે. મૂળ શાસ્ત્રોને સ્વીકારવા ઉપરાંત શૈવમાર્ગીઓ શિવપુરાણને અને વિષ્ણુમાર્ગીઓ વિષ્ણુપુરાણને પોતાના વિશિષ્ટ શાસ્ત્ર તરીકે સ્વીકારે એ અલગ વાત છે.

આ જ પ્રમાણે બૌદ્ધધર્મ માટે પણ એમ જ કહી શકાય. હિનયાન અને મહાયાન પંથ બંનેનું પ્રેરણાસ્થાન બુદ્ધનું જીવન અને તેમના ત્રિપિટીકામાં સંધ-

રાખેલા ઉપદેશો જ છે. આથી તેમની વચ્ચેના ભેદો છતાં શાસ્ત્રને લીધે એ બંનેનું બૌદ્ધમત તરીકે એકત્વ જળવાઈ રહે છે.

આ જ હકીકત ખ્રિસ્તીધર્મ તેમ જ બીજા સર્વ ધર્મોને લાગુ પાડી શકાય.

ધર્મશાસ્ત્ર એ માત્ર ધાર્મિક ઉપદેશોનું પુસ્તક નથી. એ તો એક એવી સામગ્રી છે જેમાં દૈવીતત્ત્વ સમાયેલું છે અને જેને માટે ધર્મપ્રેમીઓને અપાર આદર છે. પોતાના ધર્મશાસ્ત્રોને માટે ધર્મઅનુયાયીઓને માન હોય છે, એટલું જ નહીં, પરંતુ અપરોક્ષ ઈશ્વરના પ્રત્યક્ષ પ્રમાણ તરીકે તેઓ શાસ્ત્રને સ્વીકારે છે.

એક અર્થમાં ધર્મગ્રંથોમાંથી ધર્મ અનુયાયીઓ પ્રેરણા મેળવે છે. તો બીજી રીતે ધર્મઅનુયાયીઓ ધર્મગ્રંથોને એક સત્તા સ્થાન પણ અર્પે છે. આથી જ ધર્મશાસ્ત્રોમાં અપાયેલા આદેશો ધર્મના અનુયાયીને શિરોમાન્ય બને છે

પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ધર્મશાસ્ત્રોનું કયું વિશિષ્ટ અંગ ધાર્મિક એકતા અને ધાર્મિક સંઘત્વ બક્ષે છે? આપણે આગળ જોયું છે એ પ્રમાણે ધર્મ-શાસ્ત્ર માત્ર આદેશોની નામાવલી નથી, એ તો જીવનમાર્ગનો એક ભોમિયો પણ છે. જીવનવ્યવહાર કેમ કરવો તે વિશેના એમાં આદેશો હોવા ઉપરાંત જીવનને સ્પર્શતાં વિવિધ અંગોને અનુલક્ષીને નિયમો અને સૂચનો પણ આપવામાં આવ્યાં હોય છે.

વળી જે જીવન આદર્શ પ્રત્યેક ધર્મ રજૂ કરે છે એની સિદ્ધિના માર્ગ પણ તે ધર્મશાસ્ત્ર આપે છે. આમ વ્યક્તિએ શું કરવાનું છે એનો સ્પષ્ટ ચિતાર ધર્મશાસ્ત્રમાંથી મળી રહે છે.

કેટલીક વેળા એવી દલીલ કરવામાં આવે છે કે પુરાણકાળમાં અપાયેલ ધર્મશાસ્ત્રો તે કાળને અનુરૂપ હતાં, અને એથી એ શાસ્ત્રોમાં સમાયેલા આદર્શો આજના સમાજજીવનમાં શી રીતે લાગુ પાડી શકાય? અહીંયાં એક મોટો દોષ થાય છે. પ્રત્યેક ધર્મશાસ્ત્રમાં કેટલુંક શાશ્વત એવું, કેટલુંક સ્થળ અને કાલ આધારિત, અને કેટલુંક વ્યક્તિ અને સમાજ આધારિત હોય છે. આમાંનાં પાછલાં બે ક્ષેત્રો વિશે ધર્મશાસ્ત્રોમાં જે કંઈ કહેવાયું હોય એમાં, સમાજના પરિવર્તનને અનુલક્ષીને, ફેરફારની સંભાવના અશક્ય નથી. પરંતુ શાસ્ત્રોમાં જે શાશ્વત મૂલ્યો રજૂ કરવામાં આવ્યાં હોય છે, તેમાં શો ફેરફાર હોઈ શકે?

બીજી એક ખોટી માન્યતા પણ પ્રચલિત છે. ધર્મશાસ્ત્ર એટલે કંઈક પુરાણું અને ધર્મશાસ્ત્ર અનુસારની રહેણી એટલે રૂઢિગત એમ ઘણા માને છે. આ માન્યતામાં પણ એક ભૂલ રહેલી સ્પષ્ટ થાય છે. માનવજીવન ક્ષણે ક્ષણે પલટાતા

સંજોગો અને પરિસ્થિતિને અનુરૂપ જીવવાનું કોઈ સાચો માનવી કદીયે વિચારી શકે ખરો ? માનવીનું બુદ્ધિ, કૌશલ્ય એનું નીતિવડતર અને એની આધ્યાત્મિક આકાંક્ષા એને માત્ર પરિસ્થિતિનું પૂતળું બનતા અટકાવે છે. એથી કેટલીક વેળા જેને એ શાશ્વત કહે છે તે એ નહીં તરછોડે. અને જે બાહ્ય જીવનને સ્પર્શે છે, અને જેને સનાતન સત્ય સાથે કોઈ તાત્ત્વિક સંબંધ નથી, એમાં હવે પરિવર્તન લાવવા કબૂલ થાય, તો એ રૂઢિગત છે તેમ શી રીતે કહી શકાય ?

ખ. બ્રાહ્મણવર્ગ અથવા પુરોહિતવર્ગ :

પ્રભુને પામવાને માટે કેટલીક વિધિઓની પણ શાસ્ત્રમાં રજૂઆત કરવામાં આવી હોય છે. ધર્મના પ્રત્યેક અનુયાયી આવી વિધિ પોતે જ કરી શકતો હોય તો તે ઉત્તમ ગણાય. પરંતુ બહુધા બને છે એવું કે શાસ્ત્રોમાં આલેખાયેલ વિધિ કોઈ એક ખાસ પ્રવીણ વર્ગની વ્યક્તિ દ્વારા કરવામાં કે કરાવવામાં આવે છે. આ પ્રવીણ વર્ગ તે જ બ્રાહ્મણવર્ગ કે પુરોહિતવર્ગ. કેટલીક વેળા બ્રાહ્મણવર્ગ અને પુરોહિતવર્ગ વચ્ચે ભેદ દોરવામાં આવે છે. શાસ્ત્ર-જ્ઞાન પ્રાપ્ત કરી શાસ્ત્રાર્થ સમજાવે એ બ્રાહ્મણ, અને વિધિના આચરણમાં મદદ કરે અથવા મદદ કરાવે એ પુરોહિત.

ખાસ કરીને જ્યારે કોઈપણ ધર્મના અનુયાયીઓનો બહુજનસમાજ પોતાનાં ધર્મશાસ્ત્રો જે ભાષામાં રજૂ થયાં છે એ સમજી ન શકે ત્યારે પુરોહિતવર્ગની અનિવાર્યતા રહે છે. ધર્મમાં આલેખ્યા પ્રમાણે વિધિ એ જ કરાવડાવે છે, અને એમ કરતાં એ પુરોહિતવર્ગ જ, પોતાની સમજ પ્રમાણેનો, શાસ્ત્રાર્થ પણ આપે છે. જ્યારે આમ થાય છે ત્યારે બ્રાહ્મણ અને પુરોહિતનો ભેદ મટે છે અને બંને સમાન લેખાય છે.

શાસ્ત્રોમાં સંગ્રહાયેલી ઈશ્વરની વાણી, જેવી રીતે સંભળાઈ અને જેવી યાદ રહી એવી, માનવશક્તિ અનુસાર ધર્મશાસ્ત્રમાં રજૂ થાય છે એમ મનાય છે. આથી એ કથનોનું અર્થઘટન કરવું મહત્ત્વનું બને છે, અને ખાસ કરીને ધર્માનુયાયી જ્યારેશાસ્ત્રની ભાષા ન જાણતા હોય ત્યારે તો આ જરૂરિયાત સવિશેષ વધી જાય છે. આવા પ્રસંગોએ પુરોહિતવર્ગના કાર્યક્ષેત્રમાં ઓર વધારો થાય છે અને માત્ર શાસ્ત્રોનું વાચન નહીં, માત્ર શાસ્ત્રાનુસાર વિધિ નહીં, પરંતુ ઈશ્વર આદેશનું અર્થઘટન પણ તેઓ આપે છે.

આ તકનો લાભ લઈને પુરોહિતવર્ગના કેટલાક વિભાગો પોતાનું આધિપત્ય સ્થાપવાની દૃષ્ટિએ, અને પોતાનાં હિતો સિદ્ધ કરવાને માટે, બિનશાસ્ત્રીય માર્ગ

અખત્યાર કરે છે; અને એમ કરીને પોતાની જાતને છેતરવા ઉપરાંત, જે ઈશ્વરના વચનનું, જે શાસ્ત્રનું અને જેને માટે એ વચનનું એ અર્થઘટન કરે છે એ સર્વને, એ છેતરે છે. પોતાના અનૈતિક કાર્યની જવાબદારી બીજાને શિરે ઓઢાડી વધુ પાપમય કર્મ એ કરે છે. આવા પ્રસંગોને અનુભવીને જ કેટલાક વિચારકોએ 'Priest-craft' જેવો શબ્દ યોજ્યો છે. એવા વિચારકો એવો મત ધરાવે છે કે પૂજારી વર્ગે પોતે જ પોતાના સ્વાર્થી હેતુઓ માટે ધર્મને જીવાડ્યો છે—કેટલાક તો એ હેતુસર જ ધર્મને પ્રયોજ્યો છે એમ પણ કહે છે.

ધર્મસ્થાપકોના ઉચ્ચ નૈતિક અને આધ્યાત્મિક ધડતરની અને અવસ્થાની જે ભૂમિકા આપણે જોઈ તેને અનુલક્ષીને એમ તરત જ કહી શકાય કે આવા ક્ષીણ થયેલા, નૈતિકતાહીન પુરોહિતવર્ગનું એ સામર્થ્ય નથી કે તેઓ ધર્મને ગતિ આપે, તો પછી એમને હસ્ત ધર્મ પ્રયોજનની તો વાત જ ક્યાં રહી ?

એ સાચું છે કે ધર્મની અધોગતિમાં પુરોહિતવર્ગનો ફાળો નાનો નથી. અને આમ છતાં એ પણ સ્વીકારવું જોઈએ કે પુરોહિતવર્ગના અસ્તિત્વને પરિણામે જ ધર્મની વિધિઓ ટકી રહી છે, એટલું જ નહીં પણ એમાંનાં ઉચ્ચતર તત્ત્વો પણ જળવાઈ રહ્યાં છે.

પરિવર્તન ભલે ગમે તેવું ઇચ્છનીય હોય તો પણ પ્રત્યેક પરિવર્તન સારું જ છે એમ કહી શકાય ખરું ? અને એથી જ જેમ પરિવર્તનકારી બળોનું મૂલ્ય છે, તેમ પરિવર્તન અવરોધક બળોનું મૂલ્ય પણ કેમ ન સ્વીકારી શકાય ? અહીં એવો દાવો નથી કે જૂનાનું પરિવર્તન ન જ થવું જોઈએ. અયોગ્ય રૂઢિને તિલાંજલી આપવી, અવૈજ્ઞાનિક વિધિનો અસ્વીકાર કરવો એ બરાબર છે. પરંતુ આપણે જે કંઈ સમજી શકતા નથી કે જેના અસ્વીકાર માટે આપણી પાસે પુરાવા નથી કે વજૂદવાળાં કારણો નથી એના નકારને જ શું આપણે પરિવર્તનશીલતા કહીશું ? અને જો પરિવર્તનશીલતા એ જ પ્રકારની હોય તો એ વૈજ્ઞાનિક લેખી શકાય ખરી ?

કોઈ પણ ધર્મમાં જ્યારે જ્યારે પુરોહિતવર્ગનું ખોટું આધિપત્ય સ્થપાયું છે ત્યારે ત્યારે ધર્મના અનુયાયીઓમાંથી જ વિરોધના સૂરો સંભળાયા છે. બ્રાહ્મણ ધર્મની સામે જૈનમત અને બૌદ્ધમતના આવા જ વિરોધી સૂર હતા. એ જ પ્રમાણે રોમન કેથોલિક દેવળની સામે માર્ટિન લ્યૂથરનો વિરોધી સૂર પણ આ જ પ્રકારનો હતો. લગભગ પ્રત્યેક ધર્મના ઇતિહાસમાં આવી હકીકતો ઉપલબ્ધ છે આ હકીકતો એ વાતની સાક્ષી પૂરે છે કે ધાર્મિક ચેતના પોતે સદંતર જીવંત છે અને ધર્મ પ્રક્રિયાની ગતિશીલતામાં કોઈપણ તબક્કો, કોઈપણ વર્ગ તરફથી બિનજવાબદાર

જડતા દાખલ કરવામાં આવે છે ત્યારે, અનુયાયીઓની સતત જાગૃત ધાર્મિક ચેતના પ્રત્યક્ષ થાય છે. એ જીવંત ચેતનામાંથી જ એક બળ પ્રગટે છે. જડ ચેતના અને જીવંત ચેતના વચ્ચે સંઘર્ષ થાય છે, એ સંઘર્ષને પરિણામે કાં તો જડ ચેતના પલટાય છે, અને પરિવર્તનનો સ્વીકાર કરે છે; અથવા તો જડ ચેતના પોતાના જડત્વમાં મક્કમ રહે છે, અને ત્યારે જીવંત ચેતના એમાંથી છૂટી પડી કોઈ નવો જીવંત ધર્મ માર્ગ અખત્યાર કરે છે. હિંદુધર્મમાંથી જૈનધર્મ અને બૌદ્ધધર્મ આ રીતે નીપજ્યા છે, તે આપણે આગળ જોયું, તેમ જ હિંદુધર્મમાં અનેક સુધારાવાદી પ્રયાસોનો શો હિસ્સો છે એની વિચારણા પણ આપણે આગળ કરી. ખ્રિસ્તીધર્મમાં સ્થપાયેલ પંથો આ જ વાતની સાક્ષી પૂરે છે.

ગ. મંદિર :

કેટલીક વેળા એમ કહેવાય છે કે કોઈ પણ સારા વિચારને કે વ્યક્તિને ભૂલવી હોય તો એક મંદિર બનાવી તેમાં તેની મૂર્તિને પધરાવવાથી એમ બની શકે એમ છે. આ કથનના કટાક્ષમાં કેટલુંક સત્ય હશે છતાંય એને સંપૂર્ણ સત્ય તરીકે તો ન જ ઘટાવી શકાય, તેમ જ એનો અસ્વીકાર કરવા માટે એને માટે એક મંદિર બનાવી એની મૂર્તિને ત્યાં પ્રસ્થાપિત કરવાની ધૃષ્ટતા પણ ન કરાય. હિંદુધર્મમાં મંદિર, ખ્રિસ્તીધર્મમાં ચર્ચ, પારસીધર્મમાં અગ્યારી, મુસલમાનધર્મમાં મસ્જિદ, શીખધર્મમાં ગુરુદ્વાર, બૌદ્ધધર્મમાં સિનેગોગ, જૈનધર્મમાં ઉપાશ્રય વગેરે એવાં તો પવિત્ર સ્થાન તરીકે સ્વીકારાયાં છે કે એમને આવી કટાક્ષમય રીતે દૂર કરી શકાય નહિ.

પ્રત્યેક ધર્મમાં મંદિરનું એક આગવું સ્થાન છે મંદિર એટલે માત્ર ઈંટ ચૂનાના ચણતરવાળી ઇમારત નહિ, એ તો એક એવું સ્થાનક છે જેમાં શાંતિ પ્રવર્તે છે, જેનું વાતાવરણ હંમેશા પ્રેરણાદાયી રહે છે અને જેમાં પ્રવેશતાની સાથે પ્રભુનો સાક્ષાત્કાર અનુભવાય છે. વળી, મંદિર એક એવું સ્થાન છે જ્યાં ધર્મ અનુયાયીના આરાધ્યદેવની પ્રત્યક્ષતા મૂર્તિ દ્વારા કે ચિત્ર દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. (મૂર્તિપૂજાના પ્રશ્નની ચર્ચામાં અહીંયાં નહીં ઊતરીએ) અહીંયાં વ્યક્તિગત રીતે પ્રભુને ચરણે આવે છે અને એણે પોતાના હૃદયપૂર્વકની જે વાતો પ્રભુ સાથે કરવાની હોય છે તે એ કરી લે છે. પોતાની વાણી ઈશ્વરને સંભળાવે છે, ઈશ્વરની વાણી પોતાના હૃદયમાં સ્થાપે છે. મંદિરમાં ઈશ્વર સમીપ શુદ્ધ હૃદયભાવે પ્રાર્થના કરતી વ્યક્તિ અને ઘડીકમાં હસતી, ઘડીકમાં રડતી અને ઘડીકમાં ક્રોધાવેગમાં આવેગમય બનતી, પરંતુ સદાય પ્રભુમાં લીન થયેલી, અને આસપાસના વાતાવરણથી અલિપ્ત થયેલી જોવી, એ એક લહાવો છે. મંદિરમાં

પ્રાપ્ત થતી નીરવ શાંતિ, પ્રભુની સમીપ જવાની જરૂરી એકાગ્રતા, સમગ્ર વાતાવરણની સહાયરૂપ અસર, ભક્તજનને મંદિર સિવાય બીજે ક્યાં મળવાની છે ?

આ ઉપરાંત સમૂહગત પ્રાર્થનાને માટે પણ મંદિર એક અનેરું સ્થાન છે. મંદિરમાં ધર્મનો ઉપદેશ અપાય છે અને એ રીતે મંદિર દ્વારા ધર્મમાં ઉપદેશાયેલ આદેશોનું ધર્મ અનુયાયીઓમાં સિંચન કરવામાં આવે છે. આ જ મંદિરોમાં અનુયાયી વર્ગ એકત્ર થઈ પોતાના જીવનના વિવિધઅંગી પ્રશ્નોની રજૂઆત, ચર્ચાવિચારણા કરી નિર્ણય લે છે અને પ્રભુની સાક્ષીએ કરેલા નિર્ણયોનું પાલન કરવાનું મનોબળ કેળવે છે.

નવા આકાર લેતા ઔદ્યોગિક સમાજમાં આ હકીકત કદાચ બંધબેસતી ન લાગે તો તે સમજવા માટે માત્ર કેટલાક એવા ઔદ્યોગિક વિસ્તારો અને સૈનિકો, કામદારો વગેરેના જેવા સમૂહજીવન વિસ્તારો, જ્યાં મંદિરોની સ્થાપના કરવામાં આવી છે તેનો ઉલ્લેખ કરવો જોઈએ.

બીજી એક રીતે પણ મંદિર ધાર્મિક સંસ્કૃતિને જીવંત રાખે છે અને એને વેગ આપે છે. પ્રત્યેક મંદિર એક પ્રકારનું સ્થાપત્ય રજૂ કરે છે અને વિવિધ કાળે બંધાતાં મંદિરોના સ્થાપત્યના પ્રકાર, ધર્મ અનુયાયીઓની રસવૃત્તિના, એમની સૂઝના તથા એમની ધર્મ-સમજ અને અન્ય સંસ્કૃતિઓ સાથેના એમના સંસર્ગનાં પાસાંઓ રજૂ કરે છે. આવો અભ્યાસ મહત્ત્વનો છે પરંતુ આ પુસ્તકની મર્યાદા બહાર છે.

ઘ. કળા :

માનવજીવન સમૃદ્ધિનું પ્રદર્શન એની કલા સ્વરૂપોમાં જોવા મળે છે. કલા એક એવું સાધન છે જે આંતરિક અનુભવોને વાચા આપવા માટે કેટલીક વેળા ભાષા કરતાં પણ વધુ સબળ હોય છે. આપણા અનુભવનું પ્રત્યક્ષીકરણ બે રીતે થાય છે—એક ભાષામાં, અને બીજું કલા સ્વરૂપમાં.

કલા સ્વરૂપના સામાન્ય રીતે ચાર પ્રકાર સ્વીકારવામાં આવે છે—નૃત્ય, સંગીત, ચિત્રકામ અને સ્થાપત્ય. આ પ્રત્યેક કલાનો આધાર ધર્મના અનુભવોને પ્રત્યક્ષ કરવાને માટે કરવામાં આવ્યો છે. માનવીના પ્રત્યક્ષ અનુભવમાં, જે ઈશ્વરનું સ્વરૂપ લાધ્યું હોય એને પોતે અક્ષરદેહ ન આપી શકે, પરંતુ પોતે કલાકાર હોય તો, એને યોગ્ય ચિત્ર દ્વારા, કે યોગ્ય સ્થાપત્ય દ્વારા રજૂ કરી શકે. એ જ પ્રમાણે ઈશ્વરના ધ્યાનમાં એકાગ્ર બની જે ધાર્મિક અનુભવ વ્યક્તિ મેળવે છે, એ અન્ય રીતે વ્યક્ત ન થઈ શકે તોયે, સંગીત અને નૃત્યનાં કલા સ્વરૂપોમાં રજૂ કરી શકાય છે. સંગીતની

સૂરાવલીઓમાં સંગીતજ્ઞ કેવો ખોવાઈ જાય છે એ સંગીતજ્ઞ પોતે તો જાણે છે જ પરંતુ પોતાના સંગીતમાં અન્ય ભોક્તાઓ પણ શી રીતે ખોવાઈ જઈ શકે છે, તે અનુભવ, જે ભોક્તાઓને એવો લહાવો મળ્યો હોય છે તેઓ જાણે છે. નૃત્યને માટે પણ આમ છે.

એક સ્થપતિ પથ્થરમાંથી ઈશ્વરની મૂર્તિ કંડારે છે. જો એની દિવ્ય ચેતના એ કાર્ય કરતી વખતે ચેતનવંતી હોય, અને એની એ કાર્યમાં ધાર્મિક એકાગ્રતા હોય તો તે સ્થપતિના હાથે ઘડાયેલ મૂર્તિ જીવંત દૈવી સ્વરૂપ ધારણ કરે છે અને સ્થપતિનું એ મૂર્તિ સાથેનું સાતત્ય અનેક ધર્મ અનુયાયીઓ ભાવુક રીતે પોતે પણ અનુભવે છે. પ્રત્યેક કલા પ્રકારનો ધર્મ સાથેનો સંબંધ સ્વતંત્ર અભ્યાસનો વિષય બની શકે.

આમ છતાં, જેમ પૂજારીવર્ગ માટે કહ્યું એમ અહીંયાં પણ કહી શકાય કે કલા સ્વરૂપનો પંથ બહુ વસમો છે. એનાં ચઢાણ ઘણાં સીધાં છે. એ સ્વરૂપનો ઉપયોગ દિવ્ય ચેતનાની આરાધના માટે તથા એની પ્રાપ્તિને માટે કરવામાં આવે તો આ પરિણામ ઝડપી હોય છે. પરંતુ જો કલાકારની ચેતના દિવ્ય ચેતનાથી દૂર હડસેલાઈ, અન્ય ચીજમાં લપસે તો એમાં દૈવત્વનો અંશ ન પ્રગટતાં, આસુરી તત્ત્વનો અંશ પ્રગટે એ શક્ય છે; અને એથી કેટલીય વેળા કલાસ્વરૂપ, ધર્મના એક યા બીજા પ્રકારના અધઃપતન માટે કારણભૂત બને છે. પોતાના નામ દ્વારા ઈશ્વર સાથે એક થવાની તાલાવેલીમાં મંદિરમાં નૃત્ય કરતી દેવદાસી કાળાનુક્રમે ઈશ્વર સાથેનું તાદાત્મ્ય પ્રાપ્ત કરવાને બદલે પોતાને પ્રભુ-પ્રતિનિધિ કહેવડાવતા દેહધારી માનવના આલિંગનમાં આવી એની સાથે એક થાય એથી વિશેષ કલા સ્વરૂપની અધોગતિનું બીજું કયું ઉદાહરણ હોઈ શકે ?

કલા એ એક સાધન છે. જ્યાં સુધી એ સાધનનો ઉપયોગ દિવ્ય ચેતનાની યોગ્ય પ્રાપ્તિ માટે કરવામાં આવે છે ત્યાં સુધી કલાનો મોભો અને પ્રતિષ્ઠા જાળવી શકાય છે. પરંતુ કલાનો માર્ગ જ્યાં વિપરીત રસ્તો અપનાવે છે, અને દૈવી ચેતનાના સાધ્યને બદલે ભૌતિક સમૃદ્ધિને સાધ્ય તરીકે સ્વીકારે છે, ત્યારે કલાકારની અને કલા-પ્રકારની એમ બંનેની અધોગતિ સર્જાયાના દાખલા ઇતિહાસને પાને નોંધાયેલા કયાં પડયા નથી ?

આમ, આપણે એ જોઈ શકીશું કે વિવિધ કલા પ્રકારો ઈશ્વરપ્રાપ્તિના માર્ગો બનવા ઉપરાંત ધાર્મિક અનુભવના પ્રત્યક્ષીકરણની રીતો પણ છે. કલા સ્વરૂપ ધાર્મિક અનુભવોને એક નવી વાચા આપે છે અને ધાર્મિક અનુયાયીઓને

એક નવીન દૃષ્ટિ આપે છે. એમ કરીને કલા સ્વરૂપ, પછી તે ગમે તે પ્રકારનું હોય, ધર્મના સંગઠક બળ તરીકેનો પોતાનો હિસ્સો આપે છે.

આપણે એ જોઈ શકીએ છીએ કે ધર્મના ગતિશીલ પ્રવાહને એકધારો, એક માર્ગે, આડ ફંટાયા વિના, એકત્રિત રાખી—સબળ રીતે વહેવાની શક્તિ આ સંગઠક બળો આપે છે. એ સંગઠક બળોનું સ્વરૂપ પલટાય, એનાં બાહ્ય કલેવરોમાં ફેરફાર થાય, છતાંય એનું મૂળભૂત તત્ત્વ ધર્મની ગતિશીલતાને વધુ વેગ આપવામાં રહેલું છે.

૫. પ્રાર્થનાનું સ્થાન :

પૂજા અને પ્રાર્થના લગભગ બધા જ ધર્મોમાં સ્થાન ધરાવે છે. જે કોઈ ધર્મપૂજાનો આદર કરતો નથી એ પણ પ્રાર્થનાને તો સ્વીકારે જ છે આથી પ્રાર્થનાની સ્વતંત્ર વિચારણા આવશ્યક છે.

ધાર્મિક જીવન જીવવા માગતા માણસ માટે પ્રાર્થના એક મહત્ત્વનું સાધન છે. પ્રાર્થના દ્વારા જ માનવી પોતાના જીવનની શુદ્ધિ કરી એને ઊર્ધ્વગામી બનાવી શકે છે. જગતનિયંતા ઈશ્વરની પ્રાર્થના કરતી વખતે એના સ્વરૂપને એ પ્રત્યક્ષ રાખે છે. એથી કંઈ નહીં તો એટલા સમય માટે તો એ પાપાચરણમાંથી મુક્ત રહે છે. માનવના મનમાં કદીયે દુષ્ટ વિચાર આવ્યો જ નથી એમ તો કોણ કહી શકે? પ્રત્યેક માનવી, જીવનના કોઈક તબક્કે પ્રલોભનથી આકર્ષાયો હોય એમ પણ કયાં નથી બનતું? વળી, જનસામાન્યમાં દ્વેષ, ધિક્કાર, હિંસા, ઇન્દ્રિય સુખ, અભિમાન અને આકાંક્ષા પણ કયાં નથી? અરે, જનસામાન્યની વાત શા માટે, કેટલાંયે વેળા સંત, સિદ્ધ આત્માઓ પણ આવી બાબતોના ભોગ બન્યા નથી? આ પ્રકારનાં અનેક પ્રલોભનો પ્રત્યક્ષ હોય ત્યારે એમાંથી છૂટવા માટે નહીં તો પણ, શરૂઆતને તબક્કે એમને દૂર રાખવા માટે પણ પ્રાર્થના એક શક્તિશાળી સાધન છે. મન અને આત્માની દૃઢતા પ્રાર્થના દ્વારા કેળવાય છે.

પ્રાર્થના દ્વારા ઈશ્વરનું ધ્યાન ધરી સર્વ દુઃખોનું દુઃખ — ઈશ્વરવિસ્મૃતિ, આપણે દૂર કરીએ છીએ.

કેટલીક વેળા પ્રાર્થનાનો સામે એક એવી દલીલ કરવામાં આવે છે કે પ્રાર્થનાથી શું નીપજી શકે? મહત્ત્વની વાત કર્મ છે, પ્રાર્થના નહિ. કર્મ એ જ પ્રાર્થના છે.[૧૮]

જો પ્રત્યેક વ્યક્તિ ઈશ્વરમય બની કર્તવ્ય કરે, પ્રત્યેક કાર્ય કરતી વખતે એ ઈશ્વરનું કાર્ય કરે છે એમ સમજે, તથા ઈશ્વરને માટે એ કાર્ય કરે છે એમ સ્વીકારે,

૧૮ "Work is worship."

તો તો કર્મ એ જ પ્રાર્થના છે એમ સહજ રીતે કહી શકાય. આ અર્થમાં જ કર્મયોગની હિંદુધર્મમાં વાત થાય છે. પરંતુ કર્મ એ જ યોગ છે એમ કઈ રીતે કહી શકાય ? કર્મયોગનો અર્થ તો પ્રત્યેક કર્મમાં યોગભાવનાનો અનુભવ કરવામાં આવે, અર્થાત્ પ્રત્યેક કર્મ નિષ્કામભાવે પ્રભુપ્રીત્યર્થે કરવામાં આવે એવો થાય છે. આપણે એમ કહી શકીશું ખરા કે આ મત રજૂ કરનારા બધા જ, ધર્મને આ કક્ષાએ અવલોકે છે ?

પ્રાર્થનાની સામે બીજી પણ એક દલીલ કરવામાં આવે છે. સૃષ્ટિનો ક્રમ નિયત રીતે ચાલ્યા જ કરે છે. પ્રકૃતિના સંચાલનમાં કાર્ય-કારણ નિયમ મહત્ત્વનો છે અને પ્રાર્થના પણ આ નિયમને પલટાવી કે ઉલટાવી શકે એમ નથી.

આ દલીલ કેટલીક માન્યતાઓ પર આગળ વધે છે. અહીંયાં એ સ્વીકારી લેવામાં આવ્યું છે કે સૃષ્ટિક્રમના ભંગને માટે જ પ્રાર્થના કરવામાં આવે છે. શું આ માન્યતા સાચી છે ? સૃષ્ટિનો ક્રમ ભૌતિક રીતે ચાલ્યો જ જાય છે. પ્રાર્થનામાં તો વ્યક્તિ પોતે આધ્યાત્મિક બળ કેળવે એ માટે, અને સૃષ્ટિમાં અધ્યાત્મ પ્રસરે એ માટે માગણી કરે છે.

બીજી રીતે જોઈએ તો શું આપણે ખરેખર એમ કહી શકીએ ખરા કે ઇતર રીતે પણ આપણે સૃષ્ટિના ક્રમમાં અવરોધ નાંખતા નથી ? શું ગુરુત્વાકર્ષણનો નિયમ એ સૃષ્ટિનો નિયમ નથી-? અને છતાંયે એ ભેદભાવનો આપણે પ્રયાસ કર્યો નથી ? આ તો જ્ઞાનક્ષેત્રની ઉચ્ચકક્ષાની વાત થઈ પરંતુ સામાન્ય લૌકિક જીવનમાં પણ આપણે સૃષ્ટિના ક્રમના અવરોધક બનતા નથી ? નદીના પ્રવાહમાં પડ્યા પછી સૃષ્ટિક્રમ અનુસાર તેમાં તણાવા લાગીએ ત્યારે સૃષ્ટિક્રમની વિરુદ્ધ જઈ તેમાંથી બચવાનો પ્રયાસ આપણે કરતા નથી ? અને શું આપણે એક મૂળભૂત પ્રશ્નનો જવાબ આપી શકીએ એમ છીએ—સૃષ્ટિક્રમ શું છે એનું જ્ઞાન માનવીને છે ખરું ? માનવીના જ્ઞાનનો વિકાસ સૃષ્ટિક્રમના એવા તબક્કાનો ખ્યાલ આપે છે જે વર્ષોના વર્ષો સુધી સૃષ્ટિના ગર્ભમાં સમાયેલ છે. એથી ઈશ્વરની પ્રાર્થના સૃષ્ટિના ક્રમમાં અવરોધક છે એમ કહેવાને બદલે, સૃષ્ટિનો ક્રમ સમજવાને સહાયક છે, એમ કહેવું કદાચિત્ વધુ ઇષ્ટ છે.

માનવ પ્રગતિનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે પ્રાર્થના એક બળ છે. માનવી જ્યારે એક એવી નિરાધાર અવસ્થામાં મુકાય છે અને જ્યારે એના દેહ કૌશલ્યના, બુદ્ધિ તીવ્રતાના, તર્કશક્તિના અને અન્ય સર્વ શસ્ત્રો મ્યાન થાય છે, ત્યારે માનવીને પોતાની મર્યાદા અને ક્ષુલ્લકતા સમજાય છે. ત્યારે એ પ્રભુ સિવાય

બીજો કોનો આશ્રય શોધે છે? આધુનિક સમયમાં પણ અવકાશવીરને જ્યારે મૃત્યુ સિવાય અન્ય કંઈ જ સમીપ નહોતું દેખાતું ત્યારે પોતે, પોતાના સ્વજનો અને દેશબાંધવો તથા અન્ય માનવ બાંધવોએ પ્રાર્થનાનો સહારો નહોતો શોધ્યો?

શુભ અને ઇષ્ટને માટે કરેલી પ્રાર્થનાનો ઇન્કાર શુભ અને ઇષ્ટ સ્વરૂપ ઈશ્વર પોતે શી રીતે કરી શકે? વ્યક્તિગત હિત, સમૂહગત સ્વાર્થ, રાષ્ટ્રીય વિજયને માટે કરેલી પ્રાર્થના અસફળ રહે એ સમજી શકાય છે. એવી પ્રાર્થનાને પ્રાર્થના તરીકે ન સ્વીકારવામાં આવે એ પણ યોગ્ય છે. પરંતુ સમસ્ત માનવજાતિના હિતને માટે કરેલો પ્રાર્થના અફળ રહે છે એ સાબિત કરવાને માટે આપણી પાસે કયા પુરાવા છે? સામેથી કદાચ પ્રશ્ન એ ઉપસ્થિત કરવામાં આવે કે પ્રાર્થનાની સફળતાના કયા પુરાવા છે? પ્રાર્થનાની સફળતાનો એકમાત્ર પુરાવો માનવજાત હજી જીવી રહી છે, અને શાંતિથી જીવવા પ્રયત્નશીલ છે એમાં, તથા પ્રાર્થનામાંની શ્રદ્ધામાં, રહેલો છે.

આવી એક સર્વજન હિતાર્થની પ્રાર્થનાનો અહીં ઉલ્લેખ કરવો વાજબી રહેશે :

ૐ સહનૌ ભુનક્તુ સહવીર્યં કરવા વહૈ: તેજસ્વિનામ્ વધીં તમસ્તુ મા વિદ્વિષાવહૈ: ૐ શાંતિ: શાંતિ: શાંતિ:।[૧૯]

---

૧૯ તૈતરિય ઉપ. ૨.૧.૧

વિવિધ ધર્મોના અભ્યાસમાં આપણે એ જોયું કે જગતનો પ્રત્યેક ધર્મ અમુક મહત્ત્વના પ્રશ્નો વિશે કંઈક અને કંઈક બોધ આપે છે. જગતના બધા જ ધર્મો માનવજીવન વિશે તેમ જ જીવનના ઉદ્દેશ વિશે પોતાનો બોધ આપે છે. આ ઉપરાંત કેટલાક ધર્મો વિશિષ્ટ રીતે અમુક પ્રશ્નોની ચર્ચા કરે છે. એવા જુદા જુદા ધર્મબોધના વિષયો લઈને વિવિધ ધર્મોમાં તેની કેવી છણાવટ થઈ છે તે આપણે અહીંયાં તપાસીશું.

૧. પરમતત્ત્વ :

દરેક અભ્યાસ વિષયની જેમ ધર્મને પણ તત્ત્વજ્ઞાનના પાયાની જરૂર રહે છે. ધર્મ જે કંઈ સંબોધે છે તે સૃષ્ટિના ખ્યાલની સાથે અનુકૂળ છે અને તાર્કિક દૃષ્ટિએ સમગ્ર રીતે સુસંગત છે એમ બતાવવા માટે ધર્મને પણ તત્ત્વજ્ઞાનના પાયા ઉપર પોતાની રચના કરવી પડે છે. સૃષ્ટિની પરમ તાત્ત્વિક સત્તાની સાથે ધર્મનો બોધ અનુરૂપ હોવો જરૂરી છે. પરમ તાત્ત્વિક સત્તા એ એક એવી તાત્ત્વિક સત્તા છે જેને અનુલક્ષીને બધું જ સમજાવી શકાય એમ છે. એ સત્તા મુખ્યત્વે સત્ સ્વરૂપની છે, અને આમ છતાં સૃષ્ટિનાં અન્ય ક્ષેત્રો અને માનવજીવનના અન્ય અનુભવો તરફ એ સત્તા દુર્લક્ષ કરી શકે નહીં. એ પરમ સત્તામાં સત્‌ના અંગ ઉપરાંત, ઇષ્ટ અને સુંદર અંગો પણ છે. આ રીતે તાત્ત્વિક સત્તા સત્ય, ઇષ્ટ

અને સુંદરનો પુમેળ બને છે. આવી તાત્ત્વિક સત્તા કેટલે અંશે ધર્મભાવના સંતોષી શકે એ અલગ પ્રશ્ન છે.

તત્ત્વજ્ઞાનનું તત્ત્વ સ્વરૂપ વિવિધ પ્રકારનું હોઈ શકે અને એથી તત્ત્વજ્ઞાનની તાત્ત્વિક સત્તા હંમેશા જ ધાર્મિક ભાવના સંતોષી શકે એમ ન પણ બને. ધર્મ અનુયાયીને તો એવી તાત્ત્વિક સત્તા ખપે જે એના ધાર્મિક અનુભવની આડે ન આવે, એટલું જ નહીં, એ ધાર્મિક અનુભવને શક્ય પણ બનાવે. આ દૃષ્ટિએ વિચારતા પરમતત્ત્વનો ખ્યાલ અને ધર્મમાં સ્વીકારાયેલ ઈશ્વરના ખ્યાલને અલગ રીતે તપાસવા જરૂરી બને છે.

અહીંયાં આપણે પ્રત્યેક ધર્મમાં તાત્ત્વિક સત્તા તરીકે પરમ તત્ત્વનો જે ખ્યાલ પામીએ છીએ તેની રજૂઆત કરીએ.

હિંદુધર્મનો પરમતત્ત્વનો ખ્યાલ વિશિષ્ટ પ્રકારનો છે. એ માને છે કે સમસ્ત સૃષ્ટિનું એક જ અમૂર્ત તત્ત્વ છે અને તે છે '**બ્રહ્મ**'. એ પરમતત્ત્વથી જીવતત્ત્વ ભિન્ન નથી, અને છતાં જીવ અને સૃષ્ટિનો અનુભવ સમજાવવા માટે એ આ બંનેને બ્રહ્મના આવિર્ભાવ તરીકે રજૂ કરે છે. વળી હિંદુધર્મમાં બે સત્તાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પારમાર્થિક દૃષ્ટિએ વિચારતા બ્રહ્મ એક જ સત્ય છે, અને જગત તથા ઈશ્વર અસત્ય છે. પરંતુ વ્યાવહારિક દૃષ્ટિએ તપાસતા જગત, ઈશ્વર સત્ય છે. આમ ઈશ્વરસત્તાના બે ભાગ પાડવામાં આવ્યા છે અને પરમતત્ત્વને નિર્ગુણ તરીકે અને અન્ય તત્ત્વને સગુણ તરીકે ઓળખવામાં આવે છે. સગુણતત્ત્વ તે ઈશ્વર. એની વિચારણા હવે પછી કરીશું.

જૈનધર્મ અને બૌદ્ધધર્મ શરૂઆતમાં કોઈ વિશિષ્ટ પ્રકારનું પરમતત્ત્વ સ્વીકારતા નથી. હિંદુધર્મની સામેનો એમનો વિરોધ એટલો તો તીવ્ર છે કે કોઈ પણ પ્રકારની તાત્ત્વિક વિચારણા તેઓ કરવા તૈયાર થતા નથી. આથી જ માનવ-જીવન અને સૃષ્ટિનો પાયો તત્ત્વજ્ઞાન કે તાત્ત્વિક સત્તામાં ન શોધતાં, જૈનધર્મ એવો પાયો જ્ઞાનમીમાંસામાં અને બૌદ્ધધર્મ મનોવિજ્ઞાનમાં શોધે છે.

હિબ્રૂધર્મમાં એક એવા પરમતત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે જે તત્ત્વ દૃષ્ટિએ અને ધર્મ દૃષ્ટિએ ભિન્ન નથી. આ અર્થમાં હિબ્રૂધર્મ સંપૂર્ણપણે એકેશ્વરવાદી છે.

જરથુસ્તધર્મમાં અહૂર મઝદને સૃષ્ટિના પરમતત્ત્વ તરીકે સ્વીકારવામાં આવેલ છે. પરંતુ તત્ત્વ દૃષ્ટિએ એમને તાત્ત્વિક સત્તા તરીકે કેટલે અંશે સ્વીકારી

શકાય એ એક પ્રશ્ન છે. જરથુસ્તધર્મની ઈશ્વરભાવનાની વિચારણા કરતી વખતે આ મુદ્દાની વિસ્તૃત રજૂઆત કરવાની રહેશે.

કન્ફ્યુશિયનધર્મમાં 'લી' અને 'જેન' ઉપરાંત 'તાઓ'નો પણ સ્વીકાર થયેલો છે એ આપણે આગળ જોયું. કન્ફ્યુશિયન ધર્મની માન્યતા અનુસાર 'તાઓ' સૃષ્ટિનું પરમતત્ત્વ છે અને 'લી' અને 'જેન' બંને એની સાથે સંકળાયેલા છે.

તાઓધર્મમાં પણ પરમતત્ત્વ તરીકે જેનો સ્વીકાર થયો છે એને 'તાઓ' નામ આપવામાં આવ્યું છે. ચીનના ધર્મઇતિહાસમાં સમય સમય અનુસાર 'તાઓ'નો અર્થ પલટાતો રહ્યો છે એ આપણે જોયું. કન્ફ્યુશિયનધર્મ અને તાઓધર્મમાં તાઓના સમાન અર્થમાં સ્વીકારની વાત નથી. તાઓધર્મમાં 'તાઓ' એક માર્ગ ઉપરાંત વિશ્વનું એ એક જ અમૂર્ત તત્ત્વ પણ છે.

શિન્તોધર્મમાં દૈવીતત્ત્વને પરમતત્ત્વ તરીકે ઓળખાવી શકાય. આ દૈવીતત્ત્વ તે સૂર્યશક્તિ છે. કારણકે એમનામાંથી જ જાપાનની અને એના રાજ્યકર્તા તથા એના ધર્મની ઉત્પત્તિ થઈ છે. પરંતુ આવું મર્યાદિત સત્તાવાળું તત્ત્વ કદીયે પરમતત્ત્વ તરીકે શી રીતે સ્વીકારી શકાય? હકીકતમાં શિન્તોધર્મમાં પરમતત્ત્વની વાત જ નથી. એનું કારણ એ છે કે પ્રત્યેક ધર્મની સ્થાપના કોઈ એક તાત્ત્વિક પાયા પર થયેલી છે. એવો કોઈક તાત્ત્વિક પાયો શિન્તોધર્મ માટે ઉપલબ્ધ નથી.

ખ્રિસ્તીધર્મનો પરમતત્ત્વનો ખ્યાલ સમજવા માટે ખ્રિસ્તીધર્મના ત્રિસ્વરૂપના ખ્યાલમાં ઈશ્વરને પિતા તરીકે આલેખ્યો છે તેમાંથી પ્રાપ્ત થાય છે. સૃષ્ટિપિતા એ એક જ તત્ત્વ છે અને એ તત્ત્વમાંથી અન્ય સર્વ નિષ્પન્ન થાય છે.

અહીંયાં આપણે હિંદુધર્મના પરમતત્ત્વના ખ્યાલની સાથે ખ્રિસ્તીધર્મના પરમતત્ત્વના ખ્યાલની તુલના કરવી જોઈએ. હિંદુધર્મનું પરમતત્ત્વ એક એવી તાત્ત્વિક સત્તા છે જે સર્વસ્વ અને સર્વોપરી છે. સૃષ્ટિ અને જીવ એ એક પરમતત્ત્વનો આવિર્ભાવ છે અને એથી એ પરમતત્ત્વથી ભિન્ન નથી. ખ્રિસ્તીધર્મમાં સૃષ્ટિ અને જીવની ઉત્પત્તિ ઈશ્વરપિતામાંથી થયા છતાં, એ બંનેને ઈશ્વરથી ભિન્ન તરીકે આલેખવામાં આવે છે. આથી પરમતત્ત્વની એકતાનો જે વ્યાપક ખ્યાલ હિંદુધર્મમાં પ્રાપ્ત થાય છે તેવો વ્યાપક ખ્યાલ, ખ્રિસ્તીધર્મની પરમ સત્તામાં થતો નથી. વળી, હિંદુધર્મની બ્રહ્મજીવ ઐક્યની કલ્પના ખ્રિસ્તીધર્મમાં સ્વીકાર્ય નથી. આ પણ થોડી વિચારણા માંગી લે છે. જો માનવી ઈશ્વરના પરમતત્ત્વનો પુત્ર હોય તો એના અંશને સાનુરૂપ એ કેમ ન બની શકે એ એક કોયડો છે.

ઇસ્લામમાં પરમતત્ત્વ તરીકે 'અલ્લાહ'નો, અને ઈશ્વર તરીકે પણ 'અલ્લાહ'નો જ સ્વીકાર કરવામાં આવ્યો છે. આ બાબતમાં હિબ્રૂધર્મની ઇસ્લામ પર થયેલી અસર સ્પષ્ટ બને છે. આમ છતાં અહીંયાં એ નોંધવું જોઈએ કે હિબ્રૂધર્મમાંથી ઉદ્ભવેલ ખ્રિસ્તીધર્મે હિબ્રૂધર્મના પરમતત્ત્વની કલ્પનામાં, ધર્મ અનુયાયીઓને અનુકૂળ એવો, ફેરફાર કર્યો. ખ્રિસ્તીધર્મ પછી અસ્તિત્વમાં આવેલ ઇસ્લામધર્મે, ખ્રિસ્તીધર્મના એ પરિવર્તનને બાજુએ મૂકી, હિબ્રૂધર્મના પરમતત્ત્વના મૂળ ખ્યાલનો સ્વીકાર કર્યો હોય એમ લાગે છે.

શીખધર્મમાં પરબ્રહ્મની કલ્પના છે. કેટલીક વેળા નામના સમાનપણાને લીધે એમ માનવામાં આવે છે કે શીખધર્મમાં સ્વીકારાયેલ પરબ્રહ્મ હિંદુધર્મના પરબ્રહ્મની અસર છે. અહીં એ નોંધવું જોઈએ કે હિંદુધર્મના પરબ્રહ્મની કલ્પનાનો આધાર તાત્ત્વિક છે, જ્યારે શીખ ધર્મની પરબ્રહ્મની કલ્પનાનો આધાર ભાવાત્મક છે.

આમ આપણે એ જોઈ શકીશું કે પ્રત્યેક ધર્મમાં તાત્ત્વિક સ્વરૂપનો એક સર્વોપરી સિદ્ધાંત સ્વીકારાયેલ હોવા છતાં, તેના સ્વરૂપમાં ભિન્નતા રહેલી છે. આ પાયાની ભિન્નતાને પરિણામે ધર્મોમાં પ્રવર્તતી અન્ય વિવિધ પ્રકારની ભિન્નતા સમજાવી શકાય.

પરમતત્ત્વની વિચારણા અંગે આપણે એટલું નોંધવું જોઈએ કે તાત્ત્વિક પરમ સત્તા અને ધાર્મિક સત્તા અથવા ઈશ્વર ભાવનાને સમાનાર્થી તરીકે સ્વીકારવામાં મુખ્યત્વે હિબ્રૂધર્મ અને ઇસ્લામધર્મ છે. વળી હિંદુધર્મ અને ખ્રિસ્તીધર્મ એવા છે જે ધર્મના ઈશ્વરને પરમતત્ત્વ સાથે વિશિષ્ટ પ્રકારે સાંકળે છે અને એમાં પરમતત્ત્વની સર્વોપરિતા સ્થપાયેલી રહે છે. તાઓધર્મ અને કન્ફ્યુશિયનધર્મમાં પરમતત્ત્વ એક ચાલક તત્ત્વના સ્વરૂપનું છે, જ્યારે જૈનધર્મ અને બૌદ્ધધર્મમાં એ તત્ત્વ અન્ય સર્વની સમજ આપનારું બિન-આધ્યાત્મિક તત્ત્વ બની રહે છે.

૨. ઈશ્વર ભાવના :

ધર્મનો ઇતિહાસ એમ બતાવે છે કે જ્યારે પણ ધર્મમાં માત્ર તાર્કિક એવા પરમતત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે, ત્યારે ધર્મ અનુયાયીઓને એવા પરમ તત્ત્વની કલ્પનાથી સંતોષ થયો નથી. એટલું જ નહીં, પરંતુ ધર્મ અનુયાયી એક એવા તત્ત્વની શોધમાં છે જે સર્વોપરી હોવા છતાં અગમ્ય ન હોય.

એવું પરમતત્ત્વ જે તાત્ત્વિક દૃષ્ટિએ યોગ્ય હોય પરંતુ જે અનિર્વચનીય હોય, અવર્ણનીય હોય, જેનું માત્ર તાર્કિક અસ્તિત્વ જ હોય એવા પરમતત્ત્વની, ધર્મના પાયા તરીકે ગમે એટલી જરૂર હોવા છતાં, ધર્મ અનુયાયીઓને એથી સંતોષ

થયો લાગતો નથી, એ બાબત પ્રત્યેક ધર્મમાં આ અંગે થયેલ પરિવર્તન સૂચવી જાય છે.

આપણે અન્યત્ર એ ચર્ચા કરી છે કે આદિમ જાતિના જાદુ અને સર્વજીવવાદમાંથી, કાળાનુક્રમે એકેશ્વરવાદ ઉપસ્થિત થયો છે. પણ આમ થયું એમાં મહત્ત્વનો ફાળો તત્ત્વ વિચારણાએ આપ્યો છે એ ભુલાવું જોઈએ નહીં.

આદિમ ધર્મમાંથી સુસંસ્કૃત ધર્મનો વિકાસ થયો તે સાથે જ ધર્મના પાયાની જરૂરિયાત સ્વીકારાઈ. આવો પાયો ત્યારે જ પ્રાપ્ત થઈ શકે જો તાત્ત્વિક તત્ત્વ આને ધાર્મિક સર્વોપરી તત્ત્વ વચ્ચે કોઈ પ્રકારનો સમન્વય સાધી શકાય આવો સમન્વય એકેશ્વરવાદમાં પ્રાપ્ત થયો. તત્ત્વદૃષ્ટિએ એકતત્ત્વવાદનો સ્વીકાર થયો અને ધર્મ દૃષ્ટિએ એકેશ્વરવાદનો સ્વીકાર થયો.

માનવીની ધાર્મિક ભાવના પરમતત્ત્વના એવા સ્વરૂપની ઝંખના કરવા લાગી જે એને અનુભવમાં ઉપલબ્ધ હોય, જેની સાથે એ વાત કરી શકે, જેની સમક્ષ એ પોતાના પ્રશ્નો રજૂ કરી શકે, જેની પાસે પ્રાયશ્ચિત્ત કરી એ ક્ષમાયાચના માગી શકે અને જેની પાસે એ શરણ સ્વીકારી શાંતિ અને આનંદ મેળવી શકે.

આ ધાર્મિક ભાવના સંતોષવાને માટે જ જે ધર્મો એકેશ્વરવાદી હતા એમાં પણ અનેકેશ્વરવાદને સુસંગત અને અનુરૂપ નહીં એવું ઈશ્વરનું સગુણ સ્વરૂપ દાખલ થયું. હિંદુધર્મમાં પરમતત્ત્વને ઓળખવા માટે બ્રહ્મ નામ અપાયું અને એ બ્રહ્મના સગુણ આકાર સ્વરૂપને ઈશ્વર એવું નામ અપાયું.

હિબ્રૂધર્મના પ્રબળ એકેશ્વરવાદમાં પણ જેહોવાનું પૂજન દાખલ થયું. ખ્રિસ્તીધર્મમાં ક્રાઈસ્ટને દેવસ્થાને સ્થાપવામાં આવ્યા, અને એ જ પ્રમાણે અન્ય ધર્મોમાં પણ થયું. ઇસ્લામ જેવા ધર્મમાં પણ 'કાબા'ના પથ્થરના સ્વરૂપને સ્વીકારવામાં આવ્યું.

એટલું જ નહીં પરંતુ જે ધર્મોએ પરમતત્ત્વનું તાત્ત્વિક રૂપ ખરેખર તાત્ત્વિક સ્વરૂપે રજૂ કર્યું હતું એવા ધર્મમાં પણ ઈશ્વર સ્થાપન થયું. તાઓ અને કન્ફ્યુશિયન ધર્મમાં સૃષ્ટિના ચાલકબળ તરીકે પરમતત્ત્વના અપાયેલ ખ્યાલમાં બે પ્રકારનાં પરિણામો જોવામાં આવ્યાં. એક તો, કન્ફ્યુશિયસ અને લાઓત્ઝેને પોતાને જ દેવસ્થાને બેસાડવામાં આવ્યા, અને બીજી બાજુએ એકેશ્વરવાદની પ્રક્રિયા એ ધર્મોમાં પ્રવેશી.

આ વિચારણા કરીએ ત્યારે જૈનધર્મ અને બૌદ્ધધર્મને કેમ વિસરી શકાય? આ બંને ધર્મોના સ્થાપકોએ દેવ ભાવના વિશે શાંત રહેવાનું પસંદ કર્યું હતું.

એમણે પોતે સ્થાપેલ ધર્મમાં કોઈ ઈશ્વરને સ્થાન ન હતું. સર્વ પ્રયાસનું કેન્દ્રસ્થાન માનવને અપાવામાં આવ્યું હતું અને એણે જે કંઈ પ્રાપ્ત કરવાનું હતું તે પણ સ્વ-પ્રયત્ને જ પ્રાપ્ત કરવાનું હતું. એ પ્રાપ્તિમાં માનવની પોતાની સિદ્ધિ સિવાય અન્ય કંઈ ન હતું. એમણે પ્રબોધેલું તાત્ત્વિક સ્વરૂપ તર્ક પ્રકારનું કે મનોવૈજ્ઞાનિક પ્રકારનું હતું. આવા કોઈ તત્ત્વને તો ઈશ્વરસ્થાને બેસાડી શકાય એમ નહોતું, અને એથી એ ધર્મમાં પણ, સમય જતાં, મહાવીર અને બુદ્ધને ઈશ્વર-સ્થાને સ્થાપવામાં આવ્યા, અને એમ ઈશ્વરરૂપે એમની પૂજા થવા માંડી.

અહીંયાં આપણે શીખધર્મની વાત કરીએ. શીખધર્મમાં પરમતત્ત્વને તો 'પરબ્રહ્મ' તરીકે ઓળખાવવામાં આવેલ છે. ધર્મસ્થાપક નાનકે શરૂઆતથી જ સ્પષ્ટ કર્યું કે પોતે સામાન્ય માનવી જ છે—પયગંબર નથી. પોતે તો માત્ર ગુરુ જ છે. હિંદુ ધર્મની ભાવના અનુસાર અનેક દેવોમાં ગુરુ પણ એક દેવ તરીકે સ્વીકારી શકાય. પરંતુ ગુરુને ઈશ્વરસ્થાને કેમ સ્થાપી શકાય? આથી શીખધર્મમાં ગુરુ નાનકનું પૂજન થવા છતાં એમને ઈશ્વર સ્થાને બેસાડવામાં આવ્યા નથી, અને છતાં ધર્મ અનુયાયીઓની તૃપ્તિને માટે ધર્મશાસ્ત્ર-ગ્રંથસાહેબને જ ઈશ્વરસ્થાને સ્થાપવામાં આવ્યા છે. આ એક ખાસ વિશિષ્ટતા છે. પ્રત્યેક ધર્મનું ઈશ્વર સ્વરૂપ સગુણ બન્યું ત્યારે માનવીય સ્વરૂપનું રહ્યું છે. એક શીખધર્મ જ એવો છે જેમાં ઈશ્વર સ્વરૂપ અમાનવીય પ્રકારનું છે.

આ પ્રશ્નની વિચારણા કરીએ ત્યારે એ વાત સ્પષ્ટ થાય છે કે ધર્મ અનુયાયીની ધર્મભાવના સગુણ સ્વરૂપનો ઈશ્વર ઝંખે છે. એની આ ઝંખનાને પરિણામે જ કદાચ એકેશ્વરવાદમાંથી અનેકેશ્વરવાદ અને સર્વેશ્વરવાદ એમ બધા એક સાથે અસ્તિત્વમાં રહેતા હશે. કોઈપણ ધર્મને વિશે એમ ન કહી શકાય કે એ સંપૂર્ણપણે એકેશ્વરવાદી જ છે. પ્રત્યેક ધર્મ લગભગ આ પ્રત્યેક પ્રકારના સંમિશ્રણ જેવો છે. ધર્મના વિકાસક્રમમાં, એકેશ્વરવાદ શ્રેષ્ઠતમ હોવા છતાં, ધર્મમાં પ્રવર્તતો અનેકેશ્વરવાદ શું ધર્મના હાર્દને અવરોધરૂપ છે? માત્ર તાર્કિક દૃષ્ટિએ વિચારણા કરીએ તો આ બે પ્રકારનું સહઅસ્તિત્વ સુસંગત નથી. પરંતુ ધર્મના ક્ષેત્રમાં પ્રાધાન્ય તર્કનું નહીં, ભાવનાનું છે; એ જો સ્વીકારવામાં આવે તો એ બંને પ્રકારના સહ-અસ્તિત્વની શક્યતાને સમજી શકાય.

સર્વેશ્વરવાદ કે અનેકેશ્વરવાદ શું ખરેખર આદિમ ધર્મનો જ વિશિષ્ટતા છે? શું એવું ન બને કે ધર્મ અનુયાયી ભાવનાત્મક રીતે એકી વખતે સર્વેશ્વરવાદી, અનેકેશ્વરવાદી અને એકેશ્વરવાદી હોય? જેમ એક જ માનવી વિવિધ સંબંધોમાં

વિવિધ રૂપે રજૂ થઈ શકે છે, એનાં એ વિવિધ રૂપો સમજી શકાય એવાં છે, એટલું જ નહીં પરંતુ એ બધાંય વિવિધ રૂપો સુસંગત છે, અને છતાંય એ વિવિધ રૂપો વ્યક્તિના પોતાના એકત્વને હાનિકર્તા નથી, તેમ એવું ન સંભવી શકે કે એક જ ઈશ્વર વિવિધ રૂપે અવલોકાય ? જેમ તાર્કિક જરૂરિયાત અનેકમાં એકને જોવા ઇચ્છે છે, એ જ રીતે એમ કેમ ન કહી શકાય કે ભાવાત્મક જરૂરિયાત એકને અનેક સ્વરૂપે જોવા ઇચ્છે છે ?

ભાવનાના આ પ્રશ્નને સમજવા માટે માનવ સંબંધો ઉપર થોડો દૃષ્ટિપાત કરવો પડશે. પ્રત્યેક માનવી એકત્વધારી હોવા છતાં એ અનેકત્વધારી થવા પ્રયત્નશીલ રહે છે. લગ્નની સામાજિક રૂઢિથી એક, યુગલમાં પરિણમે છે—તર્કથી નહીં પણ ભાવનાથી. એ યુગલની ભાવનામાંથી જ વિશેષ અનેકત્વ નીપજે છે. પ્રત્યેક પિતા પોતાના પુત્ર કે પુત્રીની વંશવેલ જોવાની એક સહજ ભાવના રાખે છે. આ ભાવનાના સ્તરે એકેશ્વરમાંથી અનેકેશ્વર કેમ નીપજે એ સમજવા પ્રયાસ કરવામાં આવે તો એ સંભવિત છે કે અનેકેશ્વરવાદનો, આદિમ ધર્મની વિશિષ્ટતા તરીકે, રજૂઆત ન થાય.

બીજી પણ એક વિચારણા અહીંયાં કરી લેવી જરૂરી છે. સર્વેશ્વરવાદની ભાવના વિકસેલ આદિમ ધર્મના સ્વરૂપ તરીકે સ્વીકારાય છે. પરંતુ એકેશ્વરવાદના ધર્મના સ્વરૂપ કરતાં એને નિમ્ન કક્ષાનું લેખવામાં આવે છે. જો સૃષ્ટિનું તત્ત્વ અને ઈશ્વરી તત્ત્વ એક જ હોય, એ સર્વત્ર વ્યાપ્ત હોય એમ પણ સ્વીકારવામાં આવે તો શું એ તાર્કિક નથી કે એ સર્વેશ્વરવાદ જ સ્વીકારે ?

અહીં જે દલીલ કરવામાં આવે છે તે એટલી જ છે કે ઈશ્વર વિશેની ધર્મમાં પ્રવર્તતી કોઈપણ ભાવના તે ધર્મને બીજા ધર્મથી ઊંચો કે નીચો એમ પ્રસ્થાપિત કરવાના ઉપયોગમાં લેવાવી જોઈએ નહીં.

૩. અવતાર :

શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહેવાયું છે :[૨૦]

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

અવતાર ભાવનાનું ધર્મમાં પ્રવર્તતું સ્વરૂપ અહીં બહુ જ સ્પષ્ટ સ્વરૂપે રજૂ થયું છે.

---

૨૦ ૪ : ૭

ધર્મ ધારકબળ પણ છે, અને ચાલકબળ પણ છે. ધર્મ સ્થગિત નથી પરંતુ ગતિશીલ છે. પરંતુ એની ગતિ હંમેશા જ ઊર્ધ્વગામી હોય એવું નથી. ધર્મનો જેમ ઉદય થાય તેમ, ધર્મની ગ્લાનિ પણ સંભવે છે. જો ધર્મ એ વ્યક્તિ અને સમાજનું ધારકબળ તથા ચાલકબળ હોય તો એમાં નીપજતી ગ્લાનિનું પરિણામ શું આવે? વ્યક્તિ અને સમાજને આવા પતનમાં સરી જવા દેવાય ખરા? જો સૃષ્ટિનું અને માનવનું સર્જન એક પરમતત્ત્વે કર્યું હોય, અને એ પરમ તત્ત્વ ધર્મના ઈશ્વર સ્વરૂપનું હોય, તો એની સર્વોપરિતા સાથે તેમ જ એની સર્જનભાવના સાથે આ શી રીતે સુસંગત બની શકે?

આથી જ એમ કહેવાયું છે કે જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ઈશ્વર પ્રત્યક્ષ થાય છે. આનો અર્થ શું? એક, તો એમ કહેવાય કે સૃષ્ટિમાં જે દૈવી નૈતિક કાયદાનું વર્ચસ્વ છે એને ઢીલું પડવા ન દેવાય. સૃષ્ટિમાં અને સમાજમાં ન્યાયી અને નીતિમય જીવન જીવવાની તક મળે તો જ માનવને આધ્યાત્મિક વિકાસ કરવાની અને ઈશ્વર એકત્વ પ્રાપ્ત કરવાની સાનુકૂળતા મળી શકે. બીજું, સૃષ્ટિના સર્જક તરીકે તેમ જ સૃષ્ટિના સંચાલક તરીકે ઈશ્વર સૃષ્ટિના ક્રમને આડ માર્ગે શી રીતે જવા દઈ શકે? વ્યક્તિને પ્રાપ્ત થયેલ સ્વતંત્રતાનો ઉપયોગ અને ઉપભોગ કરવાની એને છૂટ હોવા છતાં, બૃહદ રીતે એનો દુરુપયોગ જો થતો રહે તો, જેને સૃષ્ટિ સંચાલનની જવાબદારી છે એ, અલિપ્ત કેમ રહી શકે? આથી સૃષ્ટિના સંચાલકે એનું સંચાલન સુયોગ્ય રીતે કરવાને માટે સૃષ્ટિ પૈકીના એક બનવું પડે. ભગવદ્ગીતામાં પ્રબોધાયેલ અવતારની ભાવનાનો આ ખ્યાલ છે.

અવતાર વિચારનું સવિશેષ ખેડાણ હિંદુધર્મમાં થયું છે. વિવિધ અવતારોની હિંદુધર્મમાં રજૂઆત કરવામાં આવી છે. આવા અનેક અવતારો હિંદુધર્મમાં સ્વીકારવામાં આવ્યા છે જેમાં દશ અવતાર મહત્ત્વના છે. આ દશ અવતાર આમ છે— મત્સ્ય, કર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને ભવિષ્યમાં થનાર અવતાર કલ્કિ.

આ વિવિધ અવતારો વિશેની ચર્ચા આ પુસ્તક મર્યાદા બહાર છે. આપણે માટે જે અગત્યની વાત છે તે એ કે વિવિધ સમયે અને વિવિધ રૂપે ઈશ્વર તત્ત્વ સૃષ્ટિમાં પ્રત્યક્ષ થયું છે, થાય છે અને થતું રહેશે.

હિંદુધર્મ ઉપરાંત બૌદ્ધધર્મમાં પણ અવતાર ભાવના, સ્વીકારવામાં આવી છે. બુદ્ધ પહેલાં પચ્ચીસ બુદ્ધો થઈ ગયા અને ગૌતમ એ છવ્વીસમા બુદ્ધ તરીકે કહેવાય છે.

એ જ પ્રમાણે જૈનધર્મમાં પણ મહાવીરની આગળ અનેક તીર્થંકરો થઈ ગયા અને મહાવીર છેવટના તીર્થંકર છે.

કદાચિત્ એમ લાગે કે હિંદુધર્મની અવતારની ભાવના, એમાંથી ઉદ્‌ભવેલાં જૈનધર્મ અને બૌદ્ધધર્મમાં જ છે. પરંતુ ખરેખર એમ નથી. ખ્રિસ્તીધર્મમાં જિસસને ઈશ્વરના પુત્ર તરીકે વર્ણવવામાં આવ્યા છે. એમના અલૌકિક જન્મની વાત આપણે અન્યત્ર નોંધી છે. આ બધું એમનું દૈવત્વ સ્થાપવા માટે જ કદાચ જરૂરી મનાયું હશે. જિસસને દેવના પુત્ર તરીકે સ્વીકારીએ કે દેવ તરીકે સ્વીકારીએ, અને એમને અવતાર તરીકે કહીએ એમાં મહત્ત્વનો તફાવત શો? હિંદુધર્મના વિવિધ અવતારો માનવદેહે પ્રત્યક્ષ થયા છે, અને ક્રાઈસ્ટ પણ એ જ રીતે પ્રત્યક્ષ થયા છે. આટલું જ નહીં પરંતુ જિસસના વધઃસ્થંભ પર થયેલા વધ પછી ચાર દિવસે એમનું પુનરુત્થાન થાય છે. એમના આ પુનરુત્થાનને અવતાર તરીકે નહીં ઘટાવી શકાય?

ઇસ્લામમાં મહમદને ખુદાના પયગંબર તરીકે સ્વીકારાયા છે. એમના અનુયાયીઓ પોતે ખલીફ બન્યા છે. એ બધાને ઈશ્વરના અવતાર તરીકે લેખીએ તો કદાચિત્ અવતાર ભાવનાનો સમગ્ર ખ્યાલ બદલવો પડે. અહીં જે મુદ્દો રજૂ કરવાનો છે તે એ કે, માનવતામાં દૈવત્વ કે ઈશ્વરત્વના આરોપણ વિના, ધર્મપ્રવર્તક તરીકેનું કે ધર્મ ઉત્થાનનું કાર્ય એની પાસે કરાવવું સંભવિત નથી.

આ પ્રશ્ન પરત્વે શિન્તોધર્મની પણ રજૂઆત કરીએ. આપણે જોયું છે કે શિન્તોધર્મમાં તો સૂર્યદેવીની પ્રજા તરીકે મિકાડોનું અસ્તિત્વ છે. આવું દૈવી અસ્તિત્વ ઈ. સ. ૧૯૪૫ સુધી ચાલુ રહ્યું એ આપણે અન્ય સ્થળે જોયું છે. શું ઈશ્વરના અંશરૂપ અને ઈશ્વરના પ્રતિનિધિ સમા આ વિવિધ સમયે થયેલા મિકાડોને પણ ઈશ્વરના અવતાર તરીકે સ્વીકારી શકાય ખરા? જેમ ઇસ્લામધર્મના ખલીફોને માટે કહ્યું તેમ અહીંયાં પણ એમ કહેવું જોઈએ કે આમાં ઈશ્વર અવતારનો સવિશેષ અંશ પ્રત્યક્ષ થતો હોય એવું સ્વીકારી શકાય એમ નથી.

તો પછી પ્રશ્ન એ ઊઠે છે કે અમુક પ્રત્યક્ષીકરણ અવતાર જ છે એમ શી રીતે કહી શકાય? આ એક મહત્ત્વનો પ્રશ્ન છે. એવી અનેક વ્યક્તિઓ છે જે પોતાને અવતાર તરીકે ઓળખાવવા માટે પ્રયત્નશીલ છે. જો એમ જ અવતાર સ્વીકારાઈ જતો હોય તો તો ઈશ્વરના અનેક અવતારો થયા હોત. એક અર્થમાં તો એમ પણ કહી શકાય કે સૃષ્ટિમાં જેટલા જીવ તેટલાં ઈશ્વરના અવતાર—જો સૃષ્ટિના જીવો તેમના દૈવત્વનું જ્ઞાન પામી શકે તો.

કોઈપણ પ્રત્યક્ષીકરણ અવતાર છે કે નહીં એનો નિર્ણય એમનું જીવન જ કરાવી શકે. બુદ્ધ અને ક્રાઈસ્ટનો જીવનવ્યવહાર એવો રહ્યો છે કે એમના સમકાલીનો પણ એ વસ્તુ સ્વીકારતા હતાં કે તેઓ સામાન્ય માનવી કરતાં નિરાળા હતા. જેમનામાં દૈવત્વ રોમેરોમ રમી રહ્યાના દર્શન થાય, જેનો જીવનવ્યવહાર દૈવી હોવા છતાં અમાનવીય ન હોય, જેની લગન ઈશ્વર સાથે હોય અને જે સમાજમાં હોવા છતાં સમાજના નથી એ રીતે જીવી શકતા હોય એવા જીવનો અવતાર તરીકે સ્વીકારવાને માટે મન લલચાય. નૈતિક અને આધ્યાત્મિક રીતે સંપૂર્ણ એવા આ જીવો ભવિષ્યની પણ એક દૃષ્ટિ આપતા હોય છે. પરિસ્થિતિને, વ્યક્તિને, સમાજને બદલવાની એક શક્તિના એમનામાં દર્શન થતા હોય છે. વ્યક્તિમાં પ્રાણનો સંચાર કરવાની એમની તાકાત પ્રત્યક્ષ થતી હોય છે. નૈતિક નિયમનું એમને હાથે સદંતર પાલન થતું હોય છે. ધર્મનો સાચો ખ્યાલ એમને મુખેથી ઉદ્‌ભવેલો હોય છે. આવા પ્રત્યક્ષીકરણો પણ પોતાના જ કાળમાં અવતાર રૂપાને ઘણીયે વેળા સ્થપાયેલા હોતાં નથી?

જરથુસ્તધર્મનો અહીંયાં ખાસ ઉલ્લેખ કરવાની જરૂરિયાત લાગે છે. શુભ અને અશુભ, ઇષ્ટ અને અનિષ્ટની વચ્ચેના સદાકાળના ઘર્ષણનો જરથુસ્તધર્મમાં સ્વીકાર થયો છે, એટલું જ નહીં પરંતુ જરથુસ્તધર્મની એ વિશિષ્ટતા છે. જો સૃષ્ટિમાં અનિષ્ટ તત્ત્વનું આવું પ્રાબલ્ય હોય, કદીક એનું પ્રાધાન્ય પણ સ્થપાતું હોય તો એ ધર્મમાં અવતારભાવનાનો અભાવ ધ્યાન ખેંચનારી બાબત છે. જે ધર્મોની વાત આપણે ઉપર કરી એમાં તો સૃષ્ટિના સર્જનકાળે ન્યાય અને શુભ અનુસારનું જીવન હતું. કાળાનુક્રમે અનિષ્ટનો પગસંચાર થાય અને એ ફૂલેફાલે પરંતુ અનિષ્ટ ઇષ્ટ પર વિજય મેળવવાને તત્પરક્ષે પહોંચે, એ જ સમયે દૈવ તત્ત્વનું પ્રકટીકરણ થાય, અધર્મનો નાશ થાય અને ધર્મનું સંસ્થાપન થાય.

ઈ. સ.ની અઢારમી સદીમાં યુરોપમાં દૈવવાદીઓએ તાર્કિક દૃષ્ટિએ ઈશ્વર સૃષ્ટિનો સંબંધ સમજાવતાં કહ્યું કે સૃષ્ટિનું સર્જન કરીને ઈશ્વર સૃષ્ટિની બહાર રહે છે. કેટલાક પ્રાથમિક નિયમોને ગતિ આપ્યા અનુસાર સૃષ્ટિનું સંચાલન થતું રહે છે. જીવને જે સ્વતંત્રતા આપી હોય છે એ આધારે એ જીવન પણ વ્યતીત થાય છે. આવા ક્રમમાં કોઈક કાળે એવી સ્થિતિ સર્જાય છે કે જ્યારે સૃષ્ટિથી પર રહેલા ઈશ્વર તત્ત્વને સૃષ્ટિના ક્રમમાં ડખલ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય છે. અહીં પ્રશ્ન એ છે કે ઈશ્વર આવી ડખલ કયા સ્વરૂપે કરે? સ્વરૂપ પ્રકાર ગમે તે હોય તો યે સૃષ્ટિથી અપર ઈશ્વર સૃષ્ટિમાં પ્રત્યક્ષ થઈ શકે એ જ વિચાર અવતારવાદને અનુમોદન આપતો નથી?

૪. જીવનું સ્વરૂપ :

તત્ત્વજ્ઞાનની જેમ ધર્મમાં પણ ત્રણ મહત્ત્વના પ્રશ્નો છે—ઈશ્વર, જીવ અને સૃષ્ટિ, અને એ ત્રણેયના આંતર સંબંધો. વિવિધ ધર્મોની ચર્ચા કરતી વખતે આપણે એ જોયું છે કે બધા જ ધર્મો આ ત્રણેય તત્ત્વોનો સ્વીકાર કરતા નથી તથા દરેક ધર્મ આ દરેક તત્ત્વને અંગે તથા તેના આંતર સંબંધ વિશે વિવિધ મંતવ્ય ધરાવે છે.

જીવના સ્વરૂપ વિશે પણ જે તે ધર્મમાં આગળ રજૂઆત કરેલી છે એટલે તેની પુનરુક્તિ ન થાય અને છતાં જીવને વિશેનો પ્રત્યેક ધર્મનો ખ્યાલ આવી શકે એ દૃષ્ટિએ આ પ્રશ્નની અહીંયાં વિચારણા કરીશું.

હિંદુધર્મમાં જીવ એ બ્રહ્મતત્ત્વથી કંઈક નિરાળું તત્ત્વ નથી. બ્રહ્મનો, જીવ અને જગત રૂપે, આવિર્ભાવ થાય છે. આથી જીવનું સ્વરૂપ બ્રહ્મ સમાન છે. જેમ સૂર્યમાળાના ગ્રહો મૂળ સૂર્યથી કાળક્રમે છૂટા પડે છે અને પોતાનું સૂર્ય સાથેનું સાતત્ય વિસરે છે તેમ દ્વૈતીતત્ત્વ ધરાવતો જીવ પણ અજ્ઞાનને લીધે પોતાનું સાચું સ્વરૂપ વિસરે છે.

જૈનધર્મની દૃષ્ટિએ જડતત્ત્વ અને આત્મતત્ત્વ એ સત્ય તત્ત્વો છે. આત્મતત્ત્વનું સ્વરૂપ નિર્મળ અને નિત્ય હોવા છતાં ભૌતિક શરીરની સાથે એનું સંમિલન થતાં દુઃખોની પરંપરા શરૂ થાય છે અને આમ આત્મતત્ત્વ જ્યાં સુધી પોતાનું આત્મસ્વરૂપ યોગ્ય રીતે પિછાને નહિ ત્યાં સુધી દુઃખની ઘટમાળ ચાલુ રહે છે.

ખ્રિસ્તીધર્મમાં જીવને પ્રભુના સંતાન તરીકે ઓળખવામાં આવે છે અને પ્રભુના સંતાનનું સ્વરૂપ પ્રભુ જેવું હોય એમ પણ સ્વીકારાય છે. આથી જીવનું મૂળ સ્વરૂપ નીતિમય અને દિવ્યતાભર્યું હોય છે. આમ છતાં, જીવમાં એવી પતનકારી શક્યતાઓ હોય છે જેથી એનું પતન થઈ શકે છે. આમાં મુખ્યત્વે કરીને જીવની સાથે સંકળાયેલી લોભવૃત્તિ, સ્વાર્થવૃત્તિ અને ઈશ્વરાદેશ ભંગ કરવાની સ્વાતંત્ર્યશક્તિ મહત્ત્વનો ભાગ ભજવે છે અને જીવને જે કંઈ કરે તે માટે, તેટલે અંશે, જવાબદાર બનાવે છે. ખ્રિસ્તીધર્મમાં દેહધારી જીવની દૃષ્ટિએ દેહ મહત્ત્વનો નથી, એમ નથી. અનેક ધર્મોમાં દ્વૈતતત્ત્વ અને આત્મતત્ત્વ ભિન્નતા સ્વીકાર્યા પછી, આત્મતત્ત્વ મહાન હોય અને દેહતત્ત્વ પાપમય હોય એવો એક વિચાર પ્રવર્તે છે. આથી જ દેહકષ્ટ અને તપશ્ચર્યાને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હોય છે. દેહ અને એની ઇન્દ્રિયો એ જ સર્વ દુઃખનું કારણ અને વાસનાઓનું

ઘર હોય એમ મનાય છે. ખ્રિસ્તીધર્મમાં દેહનું પણ પ્રાધાન્ય સ્વીકારવામાં આવે છે અને દેહ તો જીવનનાં મૂલ્યો સાકાર કરવાને માટેનું એક મહત્વનું સાધન છે એમ સ્વીકારાય છે. આથી દેહનો અનાદર કે નિષ્કાળજી કરવાની નથી. પરંતુ ઈશ્વરના આદેશને વહન કરવાને માટે દેહ પણ યોગ્ય રીતે શક્તિવાન રહે એ માટેના પ્રયત્નો કરવાના છે.

ખ્રિસ્તીધર્મનો આ વિચાર મહત્વનો છે. જ્ઞાનના વિકાસની સાથે હવે તો એ લગભગ સાર્વત્રિક સત્ય તરીકે સ્વીકારાયું છે કે પાપાચરણમાં માનવીના દેહ કરતાં માનવીના મનનો ફાળો ઓછો નથી. મનનો વિચાર આશયમાં નહિ પરિણમે ત્યાં સુધી દેહ એનો આદેશ ઉઠાવવા માટે તત્પર બનતો નથી. પ્રત્યેક કાર્ય દેહથી નહીં, પરંતુ વિચારના આશયથી અને મનોઆદેશથી નીપજે છે, એ હકીકત પ્રવર્તમાન ધર્મોના શરૂઆતના તબક્કે, સ્પષ્ટપણે ન સમજી શકવાથી દેહકષ્ટની વિચારણા રજૂ કરવામાં આવી હોય એ સંભવે છે.

અન્ય ધર્મોમાં જીવનો વિચાર જે વિવિધતાભરી રીતે થયો છે એમાં હિબ્રૂધર્મ જીવને પ્રભુના પ્રિય તરીકે, અને શીખધર્મ જીવને પ્રભુના શિષ્ય તરીકે સ્વીકારે છે. શીખધર્મમાં તો ઈશ્વરથી જ જીવ ઉત્પન્ન થયો છે એમ કહેવાની સાથે જ ઈશ્વરાજ્ઞા જ સર્વસ્વ છે અને જીવને આજ્ઞાપાલન સિવાય વિશેષ કરવાનું રહેતું નથી એમ કહેવામાં આવે છે. "ઈશ્વરની આજ્ઞાથી બધા ઉત્પન્ન થયાં. તેમની જ આજ્ઞાથી બધા સતનામમાં લીન થાય છે નાનક! ઈશ્વરનો ઇચ્છા હશે તે પ્રમાણે થશે. તેના પ્રાણીઓની પાસે કોઈપણ જાતની સત્તા નથી."[૨૧] આમ શીખધર્મમાં જીવનનો વિચાર એવી વિશિષ્ટતાપૂર્વક થયો છે કે જીવને કોઈ જાતની સ્વતંત્રતા કે સત્તા નથી અને છતાં જો જીવ પોતાને વિશે એવી કંઈ માન્યતા ધરાવે અને માને કે "હું બધું કરું છું" ત્યાં સુધી તેને કોઈપણ જાતનું સુખ મળતું નથી.[૨૨]

ઇસ્લામધર્મના જીવના ખ્યાલને માટે રૂમીનો[૨૩] આ રજૂઆત યોગ્ય ખ્યાલ આપે છે.

I am He whom I love and He whom I love is I
We are two spirits dwelling in one body
If thou seest me thou seest Him.
And if thou seest Him thou seest us both.

---

૨૧ ટ્રમ્પ, પા. ૭૮

૨૨ એજ, પા. ૪૦૦

૨૩ જૅકો, ગ્લીમ્પસીસ ઑફ વર્લ્ડ રિલિજિયન્સ, બોમ્બે ૧૯૫૭ પા. ૨૭૦

ઇસ્લામમાં જીવના સ્વરૂપનો ખ્યાલ મેળવવો કેટલો મુશ્કેલ છે તેની રજૂઆત કરતાં અને એ સાથે જીવના સ્વરૂપનો ખ્યાલ આપવાનો પ્રયાસ કરતા કથનની રજૂઆત કરતાં વિડગેરી[૨૪] નોંધે છે : "કુરાનના મુસ્લિમ અને બિન-મુસ્લિમ અભ્યાસકોને જે એક મુશ્કેલ પ્રશ્ન સમસ્યારૂપ રહ્યો છે તે કુરાનમાં જીવનું સ્વરૂપ શું છે એ છે." એક આધુનિક મુસ્લિમ લેખક કહે છેઃ પયગંબર મહમદના બોધ અનુસાર માનવી આ સૃષ્ટિમાં જ્યારે પ્રવેશે છે ત્યારે પાપમુક્ત હોય છે અને એવા પવિત્ર સ્વરૂપનો હોય છે કે અલ્લાહના નિયમનું પાલન કરવા માટે તે નિશ્ચયી બને છે. અગમ્ય અને અનંત વિકાસ કરવાની શક્તિની સાથે એ અવતરે છે. પરંતુ આ સૃષ્ટિમાં પ્રવેશ્યા પછી શું માનવી સ્વતંત્ર છે કે બધું જ એને માટે નિર્ણીત થયેલું છે? ઇસ્લામમાં અલ્લાહની જે સર્વોપરિતા રજૂ કરવામાં આવી છે એ રીતે તો ઇસ્લામમાં જીવનું સ્વરૂપ, ઉપર શીખધર્મમાં જીવનું સ્વરૂપ આલેખ્યું છે, એ પ્રકારનું રહે છે.

આમ, જીવને વિવિધ દૃષ્ટિએ અવલોકવામાં આવે છે. આ બધા ઉપરથી એક વસ્તુ સ્પષ્ટ થાય છે : દેહધારી માનવીનું આ સૃષ્ટિમાંનું અસ્તિત્વ એનું સાચું અને સંપૂર્ણ અસ્તિત્વ નથી. એક આદર્શની રજૂઆતમાં એનું સાચું સ્વરૂપ દર્શાવવામાં આવે છે અને એના જીવનનું ધ્યેય અને એનું કાર્ય એ આદર્શની પ્રાપ્તિનું રહે છે.

૫. નીતિવિચાર :

ધર્મના વર્ગીકરણનો પ્રશ્ન વિચારતી વખતે આપણે એ જોયું છે કે કેટલાક વિચારકો બૌદ્ધ અને જૈન ધર્મને માત્ર નીતિધર્મો તરીકે ઉલ્લેખે છે. ધર્મજીવનની પૂર્વતૈયારી તરીકે નૈતિક જીવનની જરૂરિયાતનો સ્વીકાર માત્ર નીતિધર્મો જ નહીં પરંતુ બધા જ ધર્મો સ્વીકારે છે. નીતિજીવન એ જ ધર્મજીવન છે એમ બૌદ્ધધર્મ અને જૈનધર્મ પણ સ્વીકારતા નથી. એ હકીકત એ બે ધર્મોનો બીજા વિભાગમાં આપણે અભ્યાસ કર્યો એથી ફલિત થાય છે.

ધર્મજીવન મુખ્યત્વે કરીને માનવના ઉત્થાનની સાથે સંકળાયેલ છે. નીતિજીવન પણ માનવજીવન સાથે સંકળાયેલ છે. પરંતુ નીતિજીવનમાં આચરણનો આધાર બાહ્ય રીતે પ્રાપ્ત થયેલ નિયમો પર છે. એ નિયમો કયાં તો ધર્મ તરફથી પ્રાપ્ત થયા હોય, સમાજ તરફથી પ્રાપ્ત થયા હોય અથવા તો પ્રચલિત

---

૨૪ લિવિંગ રિલિજિયન્સ એન્ડ મોડર્ન થૉટ, ન્યૂયોર્ક, ૧૯૩૬, પા. ૨૦૦

રૂઢિ દ્વારા પ્રાપ્ત થયા હોય. આથી નીતિ વ્યવહારમાં પ્રશ્ન નિયમોના સ્વીકારનો નહીં, અથવા તો નિયમોના સ્વીકારપૂર્વકના આચરણનો નહીં, પરંતુ નિયમોના આચરણનો છે. આથી જે વ્યક્તિનું આચરણ નિયમ અનુરૂપનું હોય એ નીતિવાન કહેવાય છે. સમાજ એને નીતિવાન તરીકે સ્વીકારે છે અને એ અનુસારનો જે કંઈ મોભો અને પ્રતિષ્ઠા હોય એ પણ એ પ્રાપ્ત કરે છે. આમ, વ્યક્તિગત જીવનમાં નીતિના નિયમોનું આચરણ કરીને વ્યક્તિ નિશ્ચિત સ્વરૂપે સમાજની સાથે સંબંધિત થાય છે.

ધર્મજીવનનો આધાર બાહ્ય નિયમ પર નહીં પરંતુ આંતરિક સૂઝ પર અવલંબે છે. જ્યારે પણ ધાર્મિક જીવનનો આધાર બાહ્ય નિયમો પર હોય ત્યારે તે, એ નિયમોના વ્યક્તિના સ્વીકાર પર આધારિત બને છે. આથી નિયમોની બાહ્યતા રહેતી નથી અને એ સ્વનિયમન બની જાય છે.

નીતિજીવન અને ધર્મજીવન વિશે બીજો એક મહત્ત્વનો ભેદ સમજી લેવો જરૂરી છે. નીતિજીવન માનવ-માનવના સંબંધો પૂરતું મર્યાદિત છે. ધર્મજીવનમાં પણ માનવ-માનવ વચ્ચેના સંબંધો પર્યાપ્ત છે જ. પરંતુ તેથી યે વિશેષ ધર્મ-જીવનમાં માનવ અને ઈશ્વરના સંબંધનો મુખ્ય ખ્યાલ હોય છે.

આથી, જે માણસ ધાર્મિક નથી, એટલે કે જે માણસ ઈશ્વરને કે ઈશ્વર સાથેના કોઈ સંબંધને સ્વીકારતો નથી, એ માણસ નીતિવાન હોઈ શકે—એ અર્થમાં કે એ નીતિના નિયમોનું પાલન કરે છે. પરંતુ જે વ્યક્તિ ધાર્મિક છે એ તો નીતિવાન પણ હોવી જરૂરી છે. કારણકે જે વ્યક્તિ અન્ય માનવોની સાથેના સંબંધમાં યોગ્ય છે એ જ ઈશ્વર સાથેના સંબંધમાં યોગ્ય બની શકે. આમ ધર્મજીવન માટે નીતિમય જીવન અનિવાર્ય છે, જ્યારે નીતિમય જીવન માટે ધર્મજીવન અનિવાર્ય નથી.

અને છતાં આપણે એ નોંધવું જોઈએ કે કેટલીક વેળા વ્યક્તિની ધાર્મિક સભાનતાને, નીતિના સ્વીકારાયેલ આદર્શો અધાર્મિક લાગે, અસ્વીકાર્ય લાગે એ સંભવી શકે. અને આમ થાય ત્યારે એ એવા નીતિનિયમોનું પાલન ન પણ કરે. જ્યાં સુધી નિયમોનો સ્વીકાર થતો રહે ત્યાં સુધી પરિવર્તનની શક્યતા નહીંવત્ છે. જેઓ પ્રચલિતનો, પ્રસ્થાપિતનો અસ્વીકાર કરે છે તેઓ જ પરિવર્તન સર્જે છે. એ સામાન્ય કથન માનવજીવનનાં અનેકવિધ ક્ષેત્રોની જેમ નીતિનાં ક્ષેત્રોને પણ એટલું જ લાગુ પડે છે.

આથી પ્રવર્તમાન ધર્મો નીતિજીવનને અગત્ય આપે છે અને માનવીનું નીતિજીવન કેવું હોવું જોઈએ એનો ખ્યાલ આપે છે.

આવો ખ્યાલ આપતી વખતે જે વિચારણા આપણે આગળ રજૂ કરી છે એને અનુલક્ષીને વિવિધ ધર્મોના નીતિજીવન વિચારો અંગેની સમીક્ષા આગળ ઉપર કરીશું.

હિંદુધર્મમાં કહેવાયું છેઃ "જે વર્તણૂકથી તમને પોતાને દુઃખ થાય તેવી વર્તણૂક બીજા સાથે રાખશો નહીં. મનુષ્યના કર્તવ્યોનો બધો સાર આ છે."૨૫

જરથુસ્તધર્મમાં કહેવાયું છે : જે વાત તમને પોતાને ગમતી ન હોય તે વાત બીજાને પણ ન ગમે એ ધ્યાનમાં રાખવું. જ્યારે તમે આ પ્રમાણે વર્તશો ત્યારે તમે ધર્મિષ્ઠ અને પવિત્ર ગણાશો.૨૬ વળી એ જ ધર્મમાં એમ પણ કહેવાયું છે : "જો ઇર્ષ્યાથી સારા માણસને શિક્ષા કરવામાં આવે તો દરેક માણસે એમ સમજવું કે એ શિક્ષા પોતાને જ થઈ છે."૨૭ નીતિનિયમનો આધાર આપવા ઉપરાંત, નીતિવાન માણસ કોને કહી શકાય, એનો ખ્યાલ આપતા આ ધર્મમાં કહેવાયું છે : "પોતાને જે કાર્ય નગમે તે કાર્ય બીજાને અનુલક્ષીને માણસ ન કરે ત્યારે સમજવું કે તે માણસ સજ્જન છે."૨૮

ચીનના બંને ધર્મોમાં નીતિજીવન ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તાઓધર્મમાં કહેવાયું છે : "તમને કોઈએ નુકસાન કર્યું હોય તો પણ તમે એનું ભલું કરજો."૨૯ વળી નૈતિક આચરણની વધુ સમજ આપતા એ ધર્મમાં કહેવાયું છે : "જે લોકો મારી સાથે ભલી રીતે વર્તે છે, તેમની સાથે સારી રીતે વર્તું છું, પરંતુ જે લોકો મારી સાથે સારી રીતે વર્તતા નથી તેમની સાથે પણ હું સારી રીતે વર્તું છું. મારા આમ કરવાથી બધાને જ સારી રીતે વર્તવાની ફરજ પડે છે. જે લોકો મારા ઉપર શુદ્ધ અંતઃકરણથી પ્રેમ રાખે છે તેમના ઉપર હું પણ તેવો જ પ્રેમભાવ રાખું છું, પરંતુ જે લોકો મારા પર એવો પ્રેમભાવ રાખતા નથી

---

૨૫ મોનીઅર વિલિયમ્સ, ઇન્ડિયન વિઝડમ–મહાભારત, ૫ : ૧૫૧૭
૨૬ સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૨૪ : ૩૩૦
૨૭ એજ, ૩૭ : ૫૧
૨૮ એજ, ૧૮ : ૨૭૧
૨૯ એજ, ૩૯ : ૧૦૬

તેમના ઉપર પણ હું પ્રેમભાવ રાખું છું. મારા આમ કરવાથી બધાને અરસપરસ પ્રેમભાવ રાખવાની ફરજ પડે છે."[૩૦]

નીતિ આચરણનો આધાર આપતા વિવિધ ધર્મના ઉદ્‌ગારો કેટલા બધા મળતાં હોય છે એનો ખ્યાલ કન્ફ્યુશિયનધર્મના આ કથન પરથી મળે છે.

જે વર્તણૂક તમને પોતાને ગમતી ન હોય તેવી વર્તણૂક બીજાઓ સાથે રાખશો નહિ. આ બાબત પર કન્ફ્યુશિયનધર્મમાં એટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે કે કન્ફ્યુશિયનધર્મનાં વિવિધ શાસ્ત્રોમાંથી એનાલેક્ટસમાં ત્રણ વખત અને મહાવિદ્યા, મધ્યમમાર્ગ તથા લીકીમાં એકેક વખત આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૩૧]

બૌદ્ધધર્મમાં પણ નીતિજીવનને માટે વિશિષ્ટ પ્રકારે રજૂઆત થઈ છે. "હે રાહુલ! એવું કોઈ કાર્ય છે જેને કરવાની તને ઇચ્છા હોય? તો પછી તું આ પ્રમાણે વિચાર આ કામથી મને નુકસાન થાય એવું છે, કે અન્યને નુકસાન થાય એવું છે કે, અમને બધાને નુકસાન થાય એવું છે? જો તેમ હોય તો તે કામ ખરાબ છે. કારણ કે તે બધાને દુઃખ આપે છે. આવું કામ તારે કોઈપણ દિવસ કરવું નહીં."[૩૨]

બુદ્ધની ઉપદેશ આપવાની સોંસરી રીતનો અહીં ખ્યાલ આવે છે. પરંતુ બીજી જગ્યાએ નીતિમય જીવનનો આધાર દર્શાવતા કહેવાયું છેઃ "વ્યક્તિ જેમ પોતાની સાથે વર્તે છે તેમ તેણે બીજા સાથે પણ વર્તવું."[૩૩]

યહૂદીધર્મમાં કહેવાયું છે : "હે મારા બાળ! જે કામ કરે તેની અંદર બરોબર કાળજી રાખજે અને બધાની સાથે વિવેકથી વર્તજે. જે વાત તને પોતાને ગમતી ન હોય તે વાત બીજાના સંબંધમાં તું કરીશ નહિ."[૩૪] અને વળી કહેવાયું છે : "બીજાઓની જે વર્તણૂક તને પોતાને ગમતી ન હોય તે વર્તણૂક તું બીજાઓની સાથે રાખીશ નહિ."[૩૫]

---

૩૦ એજ, ૩૯ : ૯૧

૩૧ એજ, ૨૮ : ૩૦૫

૩૨ મિસિસ રાઈઝ ડેવીસ, બુદ્ધિઝમ – મઝીમ નિકાય, પા. ૧૨૫

૩૩ સેક્રેડ બુકસ ઑફ ધી ઇસ્ટ, ૪ : ૧૮૨

૩૪ ટૉબિટ, ૪ : ૧૪ – ૧૫

૩૫ એખિલોનિયન સેઇંગ્સ, ૩૧ : ૨૫

નીતિજીવન વિશે ખ્રિસ્તીધર્મમાં તો ખૂબ ભારપૂર્વક કહેવાયું છે. જેમ કન્ફ્યુશિયનધર્મ જેવા સાથે તેવાનો બોધ આપે છે અને તાઓધર્મ ખરાબ સાથે પણ સારાનો બોધ આપે છે તેમ જ યહૂદીધર્મ અને ખ્રિસ્તીધર્મ વચ્ચે પણ કહી શકાય. યહૂદીધર્મમાં વિવેકની વાત સ્વીકારાઈ છે અને અરસપરસના સમાન આચરણની રજૂઆત થાય છે. પરંતુ ખ્રિસ્તીધર્મમાં તો દ્વેષની સામે પણ પ્રેમનો વ્યવહાર કરવાનું કહેવાય છે. "તમે જ્યારે એમ ઇચ્છા રાખો કે બીજાઓ તમારી સાથે અમુક પ્રકારનું વર્તન કરે ત્યારે તમારી પણ એ ફરજ છે કે તેમની સાથે તમે પણ તેવું જ વર્તન રાખો."[૩૬] અને અરસપરસના સમાન આચરણ વિશે વધુમાં કહેવાયું છે, "બીજાઓ પાસેથી જે વર્તનની તમે આશા રાખો છો તે જ જાતનું વર્તન તમારે અન્ય સાથે રાખવું જોઈએ."[૩૭]

પરંતુ અરસપરસના સમાન આચરણ ઉપરાંત ખ્રિસ્તીધર્મમાં ભ્રાતૃભાવની ભાવના પર, ક્ષમાભાવના પર અને પ્રેમભાવના પર ભાર મૂકવામાં આવ્યો છે. એમાં કહેવાયું છે: "હું તમને કહું છું કે તમને જે લોકો ત્રાસ આપતા હોય તેમને માટે અને તમારા શત્રુઓને માટે તમે ઈશ્વરને પ્રાર્થના કરો. જેથી આકાશમાં રહેતા પિતાના પુત્રો તરીકે તમે તમારી ફરજ બજાવી શકો. આ પ્રમાણે વર્તવાનું કારણ એ છે કે ઈશ્વર પોતે સારા અને ખરાબ માણસોનો ભેદ સ્વીકાર્યા વિના બધાને જ સૂર્યનો પ્રકાશ આપે છે, અને ન્યાયી અને અન્યાયી માણસોનો ભેદ પાડયા વિના, બધે જ વરસાદ વરસાવે છે."[૩૮]

વિવિધ ધર્મોમાં નીતિ આચરણ માટે રજૂ કરેલ આધાર અને વિચારની સમાલોચના કરીએ તે પહેલાં આ તબક્કે એક વાત નોંધી લેવી જરૂરી છે. જિસસે પોતાના આદર્શોને પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યા છે. સ્નેહ અને ક્ષમાની સાક્ષાત્ મૂર્તિ સ્વરૂપે, પોતાને વધસ્થંભે મૂકયા ત્યારે પણ એમણે ઉચ્ચારેલ કથન, "પ્રભુ તું એમને ક્ષમા કરજે. કારણકે તેઓ જાણતા નથી કે તેઓ શું કરે છે,"[૩૯] શત્રુઓ પ્રત્યે પ્રેમભાવ અને દયાના સાક્ષાત્ દર્શન નથી કરાવતું? આધુનિક સમયમાં મહાત્મા ગાંધીજીના જીવન વિશે પણ આમ જ કહી શકાય એમ છે. પોતાના ધર્મનો પાયો એમણે સત્ય અને અહિંસાની બે આધારશિલાઓ પર

---

૩૬ મેથ્યુ, ૭ : ૧૨

૩૭ લ્યૂક, ૬ : ૩૧

૩૮ મેથ્યુ, ૫ : ૪૪ – ૪૫

૩૯ લ્યૂક, ૨૩ : ૩૪

કરીને, જીવનમાં પ્રેમપૂર્વકના સત્યાગ્રહનો આગ્રહ રાખી, એમણે એ એમના જીવનમાં કેવી રીતે ચરિતાર્થ કર્યું એ એમને ગોળીએ દેવાયા છતાં એમના જીવનના છેલ્લા શબ્દો 'હે રામ!'માં પ્રત્યક્ષ થાય છે. જેના અંગેઅંગમાં અને રોમેરોમમાં રામભાવના પ્રસરી ન હોય એ સિવાય કોના મુખે આ ઉદ્‌ગાર સંભવે?

અત્રે રજૂ કરવામાં આવેલ વિવિધ ધર્મોના નીતિઆચરણના આધાર વિશે આપણે એ જોઈ શકીએ છીએ કે લગભગ બધા જ ધર્મોમાં એક પ્રકારની નિકટતમ સમાનતા છે. કોઈ ધર્મ અનીતિ આચરો એમ કહેતો નથી, તેમ જ કોઈ ધર્મ નીતિનો ધિક્કાર કરતો નથી. નીતિમય જીવનનું મહાત્મ્ય પ્રત્યેક ધર્મ સ્વીકારે છે એ જ હકીકત એ બાબતની સાક્ષી સમાન છે કે નીતિજીવન, ધર્મ-જીવનનો અનિવાર્ય પૂર્વતૈયારી છે.

ઉપર રજૂ કરેલ ધર્મવિચારણામાંથી આપણે એટલું કહી શકીએ કે લગભગ પ્રત્યેક ધર્મ નીતિઆચરણના આધાર વિશે ત્રણ બાબતોમાં એકમત છે.

એક, સ્વને કેન્દ્રસ્થાને મૂકી નીતિઆદર્શ મેળવો :

અહીં 'સ્વ'ને કેન્દ્રમાં રાખવો એટલે પોતાને અનુકૂળ એવી નીતિનો સોફિસ્ટોએ રજૂ કરેલો વિચાર નહીં, પણ કેન્ટે રજૂ કરેલા વિચાર અનુસાર છે. પોતાને અરુચિકર હોય, પોતાને અસ્વીકાર્ય હોય, પોતાને અગવડકર્તા હોય એ બીજાને રુચિકર, સ્વીકાર્ય કે સગવડકર્તા શી રીતે બની શકે?

બીજું, આંતરદર્શન કરી, બાહ્ય આચરણ નક્કી કરો :

નીતિઆચરણ બહારથી આપવામાં આવેલા આદેશો અનુસારનું હોય છે એમ આપણે ઉપર કહ્યું છે. જે નીતિ આદેશ, ધર્મ આપે છે, અથવા તો નીતિ-આચરણનો જે આધાર ધર્મ આપે છે, એ બહારથી લદાયેલો કોઈ આદેશ કે નિયમ નથી, પરંતુ પોતાની અંદર ખોજ કરી, આંતરદૃષ્ટિથી મેળવાયેલ આદેશ છે. આથી ધર્મ દ્વારા પ્રસ્થાપિત નીતિઆચરણ ધર્મજીવનના પાયા સમાન બને છે.

ત્રીજું, આંતર-બાહ્ય જીવન સુસંગતા :

આપણે ઉપર નોંધ્યું છે તેમ, માત્ર નીતિજીવનમાં એવી સંભવિતતા છે કે વ્યક્તિ આંતરિક રીતે જે આદેશોનો સ્વીકાર ન કરે, તે અનુસારનું બાહ્ય જીવન જીવે. ધર્મ દ્વારા અપાયેલ નીતિઆચરણનો આધાર આવી બાહ્ય-આંતર જીવનની અસંગતતાનો અસ્વીકાર કરે છે. કારણકે આવી અસંગતતામાંથી જ દંભ, અતિરેક અને જૂઠાણાનો ઉદ્‌ભવ થાય છે. આંતરિક જીવન અને બાહ્ય જીવનની સુસંગતતા જ્યારે નીતિના ક્ષેત્રમાં પામી શકાય ત્યારે ધર્મજીવનનાં વધુ સોપાનો સિદ્ધ કરવા

શક્ય બને છે, અને આથી જ માત્ર શિષ્ટ જીવનની સામે તથા આધુનિક જગતના શિષ્ટાચારની સામે ધર્મ અનુયાયીની ધાર્મિક ભાવના બળવો પોકારે છે.

આ બધા પરથી આપણે એ જોઈ શકીશું કે ધર્મનો નીતિવિચાર ગહન છે. માનવ-માનવના સંબંધોની રચના ઉપરથી જ, માનવ અને ઈશ્વરના સંબંધ તરફ જઈ શકાય. એ પ્રકારના નીતિ આચરણનો આધાર વિશ્વના પ્રવર્તમાન બધા જ, ધર્મો આપવાને પ્રયત્નશીલ છે. માનવ-માનવ સમાનતા અને માનવ-માનવ બ્રાતૃભાવના પર જ, એક માનવ સમાજની રચના સંભવિત છે. જો સમગ્ર સૃષ્ટિનું દ્વૈતીતત્ત્વ એક જ હોય અને એ તત્ત્વ સર્વોપરી હોય તો આ સિવાય અન્ય શું સંભવી શકે?

૬. અનિષ્ટ :

ધર્મમાં ઈશ્વરની સર્વોપરિતા સ્વીકારવામાં આવે છે, અને એથી જ્યારે પણ જગતમાં કોઈપણ પ્રકારનું અનિષ્ટ જોવામાં આવે છે ત્યારે ઈશ્વરની સર્વોપરિતા સાથે, એમની ન્યાયવૃત્તિ અને દયાભાવના સાથે એને શી રીતે સુસંગત કહી શકાય? એ પ્રશ્ન મહત્ત્વનો બને છે. આથી જ, પ્રત્યેક ધર્મમાં અનિષ્ટની ચર્ચા વિસ્તૃતપણે કરવામાં આવી છે.

અનિષ્ટના અસ્તિત્વનો સ્વીકાર લગભગ બધા જ ધર્મોમાં થયો હોવા છતાં એના સ્વરૂપ વિશે એક-વાક્યતા નથી. એટલું જ નહીં, પરંતુ કેટલાક ધર્મોમાં તો એની ઝાઝી ચર્ચા પણ જોવા મળતી નથી. એથી અનિષ્ટને વિશે ઉપસ્થિત થતા બીજા અનેક પ્રશ્નો વિશે પણ એ ધર્મોમાં કોઈ ઉલ્લેખો પ્રાપ્ત થતા નથી. આપણે જ્યારે અનિષ્ટનો વિચાર કરીએ ત્યારે કેટલાક મહત્ત્વના પ્રશ્નો આપણા મનમાં ઉપસ્થિત થાય છે. ભૌતિક દુઃખ અને શારીરિક દુઃખને એકસમાન તરીકે ગણી શકાય ખરા? જો ભૌતક દુઃખ વ્યક્તિના શારીરિક દુઃખ કરતા ભિન્ન પ્રકારના હોય, તો એ બંનેનો સમાન રીતે ઉલ્લેખ કરી શકાય ખરો? આ માટે કેટલીક વેળા શારીરિક અનિષ્ટને માટે નીતિશાસ્ત્રમાં અનિષ્ટનો શબ્દપ્રયોગ કરવામાં આવે છે અને ધર્મશાસ્ત્રમાં બધાં અનિષ્ટોને આવરી લેતો એવો અસત્‌નો પ્રયોગ કરવામાં આવે છે. આપણે અહીં 'અનિષ્ટ'નો પ્રયોગ કરીશું. તે એટલા માટે કે અસત્ બે રીતે વપરાય છે—એક, ઉપર રજૂ કર્યો એવા વ્યાપક અર્થમાં અને બીજો, સત્ય નહીં એવું એ અર્થમાં વપરાય છે. બધા જ ધર્મો અનિષ્ટને અસત્ય તરીકે, અસત્ તરીકે, (unreal or nonexistent) જેનું અસ્તિત્વ નથી એ તરીકે સ્વીકારતા નથી. એથી અસત્ કરતાં અનિષ્ટ શબ્દ વધુ સ્વીકાર્ય લાગે છે.

આટલી રજૂઆત કર્યા પછી અનિષ્ટના ખ્યાલ વિશે જે પ્રશ્નો ઉપસ્થિત થાય છે એની રજૂઆત કરી વિચારણા કરીએ.

અનિષ્ટ એટલે શું ? એની વ્યાપકતા કેટલી ? જગતમાં અનિષ્ટ શાને કારણે અસ્તિત્વ ધરાવે છે, તથા એને માટે કોને જવાબદાર લેખી શકાય ? અનિષ્ટ અંતિમ છે ખરું ? જો એ અંતિમ હોય, તો એમાંથી મુક્તિ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય ? અનિષ્ટની વ્યાપકતા વ્યક્તિજીવન ઉપરાંત સમાજજીવનમાં પણ હોય તો સમાજજીવનમાંથી અનિષ્ટની નાબૂદી કઈ રીતે કરી શકાય ? જે ધર્મોએ અનિષ્ટ વિશે વિચારણા કરી છે તેમાં આ પ્રશ્નોના ઉત્તર આપવાનો પણ પ્રયાસ કર્યો છે.

અત્રે આપેલા કોઠા ઉપરથી વિવિધ ધર્મો અનિષ્ટના અસ્તિત્વ અને એમાંથી ઉપસ્થિત થતા અનેક પ્રશ્નો વિશે, શું બોધ આપે છે એનો ખ્યાલ આવશે.

ક્રમ	વિષય	હિંદુધર્મ	તાઓધર્મ	ઇસ્લામધર્મ	બૌદ્ધધર્મ
૧	અનિષ્ટનું સ્વરૂપ	અનિષ્ટ અંતે મિથ્યા છે ∵ તે ભ્રાંતિ છે.	ખરી રીતે ઉપેક્ષા કરવા યોગ્ય છે.	સાપેક્ષ દૃષ્ટિથી મિથ્યા છે ∵ સ્વતંત્ર છે.	અનિષ્ટ સત્ય છે.
૨	તેની વ્યાપકતા	ખરી રીતે અનિષ્ટ નથી; માત્ર કેટલોક વખત ભ્રમ રહે છે.	જગતમાં અનિષ્ટ બહુ જ થોડા પ્રમાણમાં છે.	અનિષ્ટ થોડા જ પ્રમાણમાંછે.-ઝિનમુસ્લિમમાં તે છે.	જગત દુઃખરૂપ છે. જન્મવું એટલે દુઃખી થવું.
૩	કોણ જવાબદાર છે ?	કોઈ જવાબદાર નથી અનિત્ય જીવાત્મા નહીં, નિત્ય બ્રહ્મ પણ નહીં જગતમાં ભ્રમ પહેલેથી જ છે.	કોઇ જવાબદાર નથી. માણસ નહીં, પરમસગુણ ઈશ્વર નહીં, સગુણ આસુરી તત્ત્વનહીં, અમૂર્ત કાયદો પણ નહીં.	કોઇ જવાબદાર નથી અલ્લાહ પણ નહીં જોકે તે જ સર્વશક્તિમાન હોઈ બધું જ કરે છે.	કોઇ જવાબદાર નથી. જોકે પૂર્વજન્મનાં કર્મોના ફળ માનવી ભોગવે છે.
૪	એ કેમ નીપજે છે ?	બ્રહ્મજ્ઞાનના અજ્ઞાનથી જીવાત્માની ભ્રાંતિ ચાલુ રહે છે.	અનિષ્ટ, માનવીની આવશ્યકતા નથી.	અલ્લાહને શરણે ન જવાથી અનિષ્ટ નીપજે છે.	તૃષ્ણાથી ∵ તૃષ્ણા કદી તૃપ્તિ થતી નથી
૫	એમાંથી મુક્ત કેમ થવાય.	બ્રહ્મવાદના જ્ઞાનથી, બ્રહ્માનંદના આસ્વાદથી, ભક્તિ માર્ગથી, કર્મ માર્ગથી.	જગતના અવ્યક્ત માર્ગને (તાઓ) શાંતીથી અનુસરવાથી.	અલ્લાહને શરણે જવાથી ઇસ્લામનો બળથી પ્રચાર કરવાથી	વાસનાઓને વશ કરવાથી, ઇચ્છાના શમનાથી.
૬	ઉત્થાન વ્યવસ્થા	કોઇ યોજના નથી, વર્ણ વ્યવસ્થા ચીરસ્થાયી છે.	પ્રકૃતિ જીવન ગાળવાનો એકમાત્ર યોજના.	બળથી પણ અલ્લાહ અને ઇસ્લામની સત્તા વધારવાની યોજના.	સમાજમાંથી નાકળીજઇ, એકાંતમાં મઠ-વિહારોમાં વસવાટ કરવાથી.

ક્રમ	વિષય	જૈનધર્મ	જરથુસ્તધર્મ	કન્ફ્યુશિયનધર્મ	ખ્રિસ્તીધર્મ
૧	અનિષ્ટનું સ્વરૂપ	અનાદિ છે. ∵ જડતત્ત્વ મૂળથી જ છે	અનાદિ છે, પરંતુ અનંત નહીં.	ખાસ નથી.	મૂળથી નહીં, પરંતુ આદેશભંગથી નીપજ્યે છે.
૨	તેની વ્યાપકતા	અડધું જગત દુઃખરૂપ છે. જડપદાર્થ આત્માથી ભિન્ન છે અને તે હંમેશને માટે દુઃખરૂપ છે.	અડધું જગત દુઃખરૂપ અને અસત છે.	બહુ જ થોડું છે. સ્વભાવગત માનવ સારો હોય છે.	માનવજીવનમાં સર્વત્ર વ્યાપ્ત છે. એક પાપ બીજા પાપ પ્રતિ દોરે છે.
૩	કોણ જવાબદાર છે?	કોઇ જવાબદાર નથી. જડતત્ત્વ પહેલેથી જ અસ્તિત્વમાં છે.	એંગ્રામઇન્યુ જવાબદાર છે.	માનવમાં શ્રેષ્ઠ ગુણનો અભાવ, આજ્ઞાપાલનનો અભાવ.	ઈશ્વર જવાબદાર છે ∵ એણે માનવને સ્વતંત્ર ∵ આપી. સમાજ ∵ પાપને વંશપરંપરામાં ઉતાર્યું. વ્યક્તિ ∵ સારું કામ ન કરતા એ પાપકર્મ કરે છે.
૪	એ કેમ નીપજે છે?	નિત્ય અને ચેતન જીવાત્માના દુષ્ટ ભૌતિક શરીરના ભાર સામે સંકડાવાથી.	પહેલેથી જ છે.	સમાજની અનિષ્ટ વસ્તુઓ તે જ ખરેખરું અસત્ તત્ત્વ છે.	ઈશ્વરે બક્ષેલ સંકલ્પ સ્વાતંત્ર્યનો સ્વાર્થી ઉપયોગ કરવાથી બીજાને ઈજા કરવાથી.
૫	એમાંથી મુક્ત કેમ થવાય?	શરીરને કષ્ટ આપી આત્માને મુક્ત કરવાથી.	અહુરમઝદની સાથે રહેવાથી સારા વિચાર, સારી વાણી અને સારાં કર્મોથી.	સમાજમાં સર્વને મદદ કરવાથી, સમાજના નિયમોનું પાલન કરવાથી.	એકમેક પ્રત્યે પ્રેમભાવથી, સમાજસેવાના કાર્યો કરવાથી, પ્રભુની કૃપાથી.
૬	ઉત્થાન વ્યવસ્થા	પોતાના સ્વપ્રયત્નની યોજના.	ખેતીની યોજના, પશુપાલન, સારાં કર્મોથી પ્રભુનો વિજય સુગમ થાય.	પરસ્પર સારા સંબંધોમાં જ સામાજિક ઉત્થાન.	પરસ્પર મદદ અને પ્રભુકૃપા.

આ કોઠા ઉપરથી જોઈ શકાશે કે બૌદ્ધધર્મ, જૈનધર્મ જેવા ધર્મો અનિષ્ટને સત્ય તરીકે સ્વીકારે છે જ્યારે હિંદુધર્મ એને અસત્ય તરીકે અથવા મિથ્યા તરીકે લેખે છે. ખ્રિસ્તીધર્મ અનિષ્ટને શરૂઆતથી નહીં પરંતુ સૃષ્ટિના ક્રમના અમુક સમયે પ્રવેશ્યાનું જણાવે છે, તો બીજી તરફે જૈનમત અને બૌદ્ધમતની સાથે જરથુસ્તધર્મ એ બાબતમાં સંમત થાય છે કે અનિષ્ટ અનાદિ છે, પરંતુ એમનાથી એ બાબતમાં જુદો પડે છે કે તે સત્ય નથી અને એથી એ અનંત નથી. આના અનુસંધાનમાં આપણે એ પણ નોંધવું જોઈએ કે તાઓધર્મ અનિષ્ટનો સ્વીકાર કરવા છતાં અનિષ્ટને ઝાઝું મહત્ત્વ નહીં આપતા, તેની ઉપેક્ષા કરવી જોઈએ એમ જણાવે છે. ઇસ્લામ અનિષ્ટને સાપેક્ષ દૃષ્ટિએ મિથ્યા લેખે છે.

અનિષ્ટના સ્વરૂપ વિશેની વિવિધ ધર્મોની માન્યતાનો આપણે ઉપર વિચાર કર્યો. અનિષ્ટના સ્વરૂપને આધારે અનિષ્ટ વિશેના અન્ય પ્રશ્નોની વિચારણા ધર્મમાં થઈ છે. અનિષ્ટની વ્યાપકતા વિશે પણ આથી જ વિવિધ વિચારો રજૂ થયા છે. એક તરફે હિંદુધર્મમાં કહેવાયું છે કે અનિષ્ટ ન હોવાને પરિણામે, અથવા તો અનિષ્ટ મિથ્યા હોવાને પરિણામે, અનિષ્ટની વ્યાપકતા નથી. હિંદુધર્મમાં કહેવાયું છે કે સર્વમ્ ખલુ ઇદમ્ બ્રહ્મ અને જો સર્વ કંઈ બ્રહ્મ સ્વરૂપ જ હોય તો અનિષ્ટ ક્યાંથી સંભવી શકે? બ્રહ્મના સર્વવ્યાપકપણા સાથે અનિષ્ટના વ્યાપકપણાની અસંગતતા આથી સ્પષ્ટ થાય છે. પરંતુ હિંદુધર્મથી તદ્દન બીજા છેડાનો વિચાર ખ્રિસ્તીધર્મમાં જોવા મળે છે. જીવન સમસ્તમાં અનિષ્ટ વ્યાપ્ત થયું છે તથા એક અનિષ્ટ બીજા અનિષ્ટ તરફ લઈ જાય છે એમ ત્યાં કહેવાયું છે. અનિષ્ટની વ્યાપકતા વિશે બૌદ્ધધર્મનો મત પણ ખ્રિસ્તીધર્મને મળતો છે. બૌદ્ધધર્મમાં કહેવાય છે: સર્વમ્ ખલુ ઇદમ દુઃખમ્ દુઃખમ્। દુઃખ સર્વત્ર વ્યાપ્ત છે અને એથી અનિષ્ટની વ્યાપકતા પણ સર્વત્ર છે. આ બે અંતિમ વિરોધી મતોની વચ્ચે બે જુદાં જુદાં મધ્યબિંદુઓ આપણને પ્રાપ્ત થાય છે. ચીનના કન્ફ્યુશિયનધર્મ અને તાઓધર્મના મતે જગતમાં અનિષ્ટની વ્યાપકતા ખૂબ ઓછા પ્રમાણમાં છે, ત્યારે બીજું બિંદુ જૈનધર્મ અને જરથુસ્તધર્મમાં પ્રાપ્ત થાય છે. આ બંને ધર્મોમાં એમ કહેવાયું છે કે અનિષ્ટની વ્યાપકતા ઇષ્ટની વ્યાપકતા જેટલી જ છે—એટલે કે અડધા જગતમાં ઇષ્ટ વ્યાપ્ત છે. જૈનધર્મના મતે જડ પદાર્થ આત્માથી ભિન્ન છે અને જડતત્ત્વ સદાયે દુઃખરૂપ હોય છે. અડધું જગત જડતત્ત્વથી વ્યાપ્ત છે અને અડધું જગત આત્મતત્ત્વથી વ્યાપ્ત છે. એથી અનિષ્ટની વ્યાપકતા પણ એ અનુસાર રહી છે. જરથુસ્તધર્મમાં ઇષ્ટ અને અનિષ્ટ વચ્ચેનો સંઘર્ષ સ્વીકારવામાં આવ્યો છે. સૃષ્ટિના સર્જનથી શરૂ થઈ આ સંઘર્ષ ચાલ્યો આવે છે અને કદીક

ઇષ્ટની વ્યાપકતા વધે, તો કદીક અનિષ્ટની વ્યાપકતા વધે, એમ બનવા છતાં, એકંદરે ઇષ્ટ અને અનિષ્ટની વ્યાપકતા અડધી અડધી છે, એમ સ્વીકારાયું છે. પરંતુ આપણે આગળ જોઈશું તેમ છેવટે તો ઇષ્ટની જ વ્યાપકતા રહેવાની છે એવો વિચાર એ ધર્મમાં રજૂ થયો છે.

હવે જે વિચારણા હાથ ધરવાની છે તે અનિષ્ટ તત્ત્વ માટે કોને જવાબદાર લેખી શકાય તે વિશેની છે. અહીંયાં પણ આપણે એ જોઈશું કે જે જે ધર્મોએ અનિષ્ટનો સ્વીકાર કર્યો છે, અને તેને સંપૂર્ણ વ્યાપકતા કે મર્યાદિત વ્યાપકતા આપી છે, એવા ધર્મોમાં પણ, એની જવાબદારીનો દોષ કોઈ નિશ્ચિત તત્ત્વ પર મૂકવામાં આવ્યો નથી.

હિંદુધર્મમાં અનિષ્ટ તત્ત્વને મિથ્યા કહ્યા પછી એને માટે કોઈ જવાબદાર નથી એમ કહેવામાં આવે ત્યારે એ એની સર્વાંગ સુસંગતતા અનુસાર છે એમ કહી શકાય. પરંતુ જૈનધર્મ, બૌદ્ધધર્મ, જેઓએ અનિષ્ટનો અનાદિ તત્ત્વ તરીકે સ્વીકાર કર્યો છે અને, બૌદ્ધધર્મે જેનો સર્વવ્યાપક તરીકે અને જૈનધર્મે જેનો અર્ધવ્યાપક તરીકે સ્વીકાર કર્યો છે, એ બે ધર્મો એવો મત પ્રદર્શિત કરે છે કે અનિષ્ટ માટે કોઈ જવાબદાર નથી; એટલું જ નહીં પરંતુ ઇસ્લામધર્મ અને તાઓધર્મ જેઓ અનિષ્ટની વ્યાપકતા મર્યાદિત પ્રમાણમાં છે એમ સ્વીકારે છે, તેઓ પણ અનિષ્ટ તત્ત્વના અસ્તિત્વ માટે કોઈને જવાબદાર લેખતા નથી, તે સમજી શકાય એમ નથી.

વિશ્વના માત્ર ત્રણ ધર્મો અનિષ્ટની જવાબદારી સમજાવવા પ્રયાસ કરે છે. કન્ફ્યુશિયનધર્મ અનુસાર આજ્ઞા–પાલનનો અભાવ તથા શ્રેષ્ઠ ગુણનો માનવમાં અભાવ એ અનિષ્ટ માટે જવાબદાર છે. આનો અર્થ એમ થયો કે કન્ફ્યુશિયનધર્મ અનુસાર માનવ પોતે અનિષ્ટને માટે જવાબદાર છે. જરથુસ્તધર્મમાં અનિષ્ટની જવાબદારી એંગ્રામઇન્યુ પર મૂકવામાં આવી છે. આપણે આગળ જોયું છે તેમ જરથુસ્તધર્મમાં અનિષ્ટનાં દળોની નેતાગીરી એંગ્રામઇન્યુના હાથમાં છે. પરંતુ અહીં એક વાત એ પણ નોંધવી જોઈએ કે અનિષ્ટ માટેની જવાબદારી એંગ્રામઇન્યુની હોવા છતાં નર્કમાં જ્યારે એંગ્રામઇન્યુ એના અનુયાયીઓને જુએ છે ત્યારે એમને એ સહભાગી તરીકે, સહાયક તરીકે, આજ્ઞાધીન તરીકે સ્વીકારતો નથી, પરંતુ એમના તરફ એક પ્રકારની ઘૃણા સેવે છે.

અનિષ્ટની જવાબદારીનો ખ્યાલ બહુ જ સુંદર રીતે ખ્રિસ્તીધર્મમાં પ્રાપ્ત થાય છે. અનિષ્ટનું સાચું વિશ્લેષણ કરતાં, અને અનિષ્ટને એના સર્વગ્રાહી અર્થમાં

અવલોકતાં, ખ્રિસ્તીધર્મ, ઈશ્વર, સમાજ અને વ્યક્તિ એ ત્રણેને અનિષ્ટ માટે જવાબદાર ગણે છે. ઈશ્વર અનિષ્ટ માટે જવાબદાર છે કારણકે માનવનું સર્જન ઈશ્વરના હાથે થયું હોવા છતાં એણે માનવને અનિષ્ટ કરવાની સ્વતંત્રતા આપી. ઈશ્વરે જ્યારે સૃષ્ટિનું પ્રથમ સર્જન કર્યું ત્યારે અનિષ્ટ તત્વનો અભાવ હતો. પરંતુ માનવની સ્વતંત્રતાને પરિણામે અનિષ્ટ નીપજ્યું અને તેથી અનિષ્ટના અસ્તિત્વમાં ઈશ્વરની જવાબદારી નકારી શકાય નહીં. અનિષ્ટ માટે ઈશ્વર ઉપરાંત વ્યક્તિ પોતે પણ જવાબદાર છે. વ્યક્તિને પસંદગીની સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી પણ જો તે સ્વૈચ્છિક રીતે અનુચિતનો સ્વીકાર કરે અને સારું કામ કરવાને બદલે પાપકર્મ કરે તો એ માટે વ્યક્તિ પણ એટલી જ જવાબદાર છે. પરંતુ ખ્રિસ્તીધર્મમાં ઈશ્વર અને વ્યક્તિ ઉપરાંત અનિષ્ટની જવાબદારી સમાજની ઉપર પણ નાંખવામાં આવી છે. પાપ અવકાશમાં નીપજતું નથી. સંજોગો, પરિસ્થિતિ એને માટે જવાબદાર હોય છે. સમાજ પોતે જ એક આવી પરિસ્થિતિ છે અને પોતે જ આવો એક સંજોગ પણ છે. પાપની વૃદ્ધિમાં સમાજે વંશ પરંપરાગત પાપને ચાલુ રાખ્યું, તથા એની વ્યાપકતા વધવા દીધી એટલે અંશે, અનિષ્ટ માટે સમાજ પણ જવાબદાર છે.

ખ્રિસ્તીધર્મનો, અનિષ્ટ માટેની સમાજની આ જવાબદારીનો ખ્યાલ, આધુનિક સમયમાં સવિશેષ ધ્યાન ખેંચી રહ્યો છે. જગતમાં પ્રવર્તતી અસમાનતાનું કારણ સમાજ પોતે જ છે એ ખ્યાલ પર વિવિધ રાજકીય વિચારણાઓ પ્રાપ્ત થાય છે. અનિષ્ટના અસ્તિત્વમાં વ્યક્તિનો હિસ્સો જે હોય તે, પરંતુ સમાજના હિસ્સાનો સ્વીકાર એટલે સુધી થાય છે કે, જ્યાં સર્વ અનિષ્ટો માટે એકલો સમાજ જ જવાબદાર ગણાય છે, અને વ્યક્તિને એમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે. અથવા તો એમ કહેવું વધુ વાજબી કહેવાશે કે અનિષ્ટની જવાબદારી સમાજના શિરે ઢોળ્યા પછી એનો ભાર સમાજના એક નિશ્ચિત વર્ગ પર ઢોળવામાં આવે છે. કેમ જાણે તે વર્ગ અનિષ્ટને માટે સંપૂર્ણપણે એકલો જ જવાબદાર ન હોય?

જો અનિષ્ટનું અસ્તિત્વ હોય, અને જો એ માટે કોઈને જવાબદાર લેખી શકાય એમ ન હોય તો, પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે અનિષ્ટ કેવી રીતે નીપજે છે?

હિંદુધર્મ અનુસાર અનિષ્ટ એ ભ્રાંતિમય છે અને જ્યાં સુધી જીવને બ્રહ્મ સ્વરૂપનું અજ્ઞાન હોય ત્યાં સુધી આ ભ્રાંતિ ચાલુ રહે છે. અનિષ્ટને માટે કોઈ જવાબદાર નથી એમ કહેવામાં હિંદુધર્મ અનિષ્ટ વિશે આવી સમજ આપે છે. ઇસ્લામધર્મ અનિષ્ટ નીપજવા વિશે એમ સમજાવે છે કે સાચો મુસ્લિમ

તે છે જે અલ્લાહને શરણે જાય અને માનવી અલ્લાહને શરણે જતો નથી એથી અનિષ્ટ નીપજે છે. બૌદ્ધધર્મ અનિષ્ટના નીપજવા વિશે તૃષ્ણાને આગળ કરે છે. 'સર્વ રોગનું મૂળ તૃષ્ણા છે' એમ બૌદ્ધધર્મમાં કહેવાયું છે અને તૃષ્ણાના ત્યાગનો માર્ગ રજૂ કરવામાં આવ્યો છે. તૃષ્ણા ત્યાગવા સિવાય બીજો કોઈ માર્ગ નથી કારણ કે તૃષ્ણા કદીયે તૃપ્ત થતી નથી અને જ્યાં સુધી તૃષ્ણા હોય ત્યાં સુધી અનિષ્ટ અનિવાર્ય છે.

અનિષ્ટનો સ્વીકાર થયો એટલે એમાંથી માર્ગ સૂચવવાનું પણ ધર્મનું કાર્ય બને છે. ખરી રીતે ધર્મ, ઈશ્વર-જીવ વચ્ચેના સંબંધોમાં જે કંઈ અવરોધો હોય એને દૂર કરવા માટે નિશ્ચયી હોય છે. અનિષ્ટ આવો એક અવરોધ છે અને એથી જ ધર્મમાં અનિષ્ટની વિચારણા પર ભાર મૂકવામાં આવે છે. પ્રત્યેક ધર્મ, અનિષ્ટનું વિમોચન કેમ કરી શકાય અને એમાંથી મુક્ત શી રીતે થઈ શકાય તેની રજૂઆત કરે છે. પરંતુ અનિષ્ટ વિમોચનની વિવિધ પ્રકારની રીત પણ ધર્મોમાં રજૂ થઈ છે. કેટલાકમાં જ્ઞાનપ્રાપ્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તો બીજા કેટલાકમાં દેહકષ્ટ અને તૃષ્ણા માર્જનની વાતો રજૂ થઇ છે, તો કેટલાકમાં માનવપ્રેમની અને અન્યમાં ઈશ્વરશરણની વાતો રજૂ કરવામાં આવી છે.

આમ, આપણે એ જોઈ શકીશું કે અનિષ્ટમાંથી મુક્તિ મેળવવા માટે જ્ઞાનની, કર્મની કે ભક્તિની રજૂઆત થઇ છે. ભક્તિનો આશ્રય લેનાર ધર્મોમાં ઇસ્લામ અને તાઓ ધર્મનો સમાવેશ કરી શકાય અલ્લાહને શરણે જવાથી અનિષ્ટને દૂર કરી શકાય છે. તાઓધર્મ અનુસાર જગતના અવ્યક્ત માર્ગ તાઓને અનુસરવાથી અનિષ્ટમાંથી મુક્ત થવાય છે એમ કહેવાયું છે. આ એમાં ઇસ્લામને વિશે વધારામાં એટલું કહેવું જરૂરી છે કે ઇસ્લામ બિનમુસ્લિમનો— અલ્લાહનું શરણ સ્વીકારતો નથી તેનો—અનિષ્ટ તરીકે સ્વીકાર કરે છે અને એથી એ અનિષ્ટને દૂર કરવા માટે બળના ઉપયોગની વાત સ્વીકારે છે.

બૌદ્ધધર્મ, અનિષ્ટની મુક્તિ માટે, વાસનાઓને કાબૂ કરવાની, તથા જૈનધર્મ એ ઉપરાંત દેહને કષ્ટ આપવાની વાત કરે છે. તપશ્ચર્યા જૈનધર્મનો માર્ગ છે અને તૃષ્ણા ત્યાગ એ બૌદ્ધધર્મનો માર્ગ છે. એક તરફ દેહને જ અનિષ્ટના કારણરૂપે ગણી, તેની શુદ્ધિથી મુક્ત થવાય, એવી માન્યતા રજૂ કરવામાં આવી છે, તો બીજી તરફે હિંદુધર્મમાં બ્રહ્મજ્ઞાનની વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ એટલું નોંધવું જોઈએ કે હિંદુધર્મમાં મુક્તિના માર્ગ તરીકે માત્ર જ્ઞાનની વાત નથી. જ્ઞાન એક માર્ગ નિશ્ચિત છે, પરંતુ ભક્તિમાર્ગ અને કર્મમાર્ગની પણ એમાં વિચારણા થઈ છે. આથી એમ કહી શકાય કે જગતના વિવિધ ધર્મોમાં, જે જે

માર્ગોની વિશિષ્ટરૂપે રજૂઆત થઈ છે, તે બધા જ માર્ગોનો, જો કોઈ એક ધર્મમાં સ્વીકાર કરવામાં આવ્યો હોય તો તે, હિંદુધર્મમાં થયો છે.

કન્ફ્યુશિયન અને ખ્રિસ્તી ધર્મમાં સમાજસેવાનાં કાર્યોને અગત્ય આપવામાં આવી છે અને એની સાથે કન્ફ્યુશિયનધર્મમાં સમાજના નિયમોના પાલનની વિચારણા થઈ છે ત્યારે, ખ્રિસ્તીધર્મમાં સમાજસેવાનાં કાર્યો ઉપરાંત અનિષ્ટમાંથી મુક્તિ મેળવવા માટે પ્રેમભાવ અને ઈશ્વરકૃપાની વાત રજૂ થઈ છે.

અનિષ્ટમાંથી મુક્ત થવાના અત્રે સૂચવાયેલા વિવિધ માર્ગો વ્યક્તિજીવનમાંથી અનિષ્ટની નાબૂદી કેમ થાય તે સૂચવે છે. પરંતુ પ્રશ્ન એ છે કે અનિષ્ટ માત્ર વ્યક્તિજીવનમાં જ નહીં પરંતુ સમાજજીવનમાં પણ વ્યાપ્ત છે. આથી જેમ વ્યક્તિ અનિષ્ટમાંથી મુક્ત બની પોતાનો ઉત્કર્ષ સાધી શકે એમ સમાજના ઉત્થાન માટેની કોઈ વ્યવસ્થા કે વિચારણા આ ધર્મોમાંથી પ્રાપ્ત થાય છે ખરી કે કેમ?

સમાજ ઉત્થાનની વ્યવસ્થામાં હિંદુધર્મમાં વર્ણ વ્યવસ્થાનો વિચાર થયો છે. એની વિસ્તૃત વિચારણા આપણે બીજા વિભાગમાં કરી છે એટલે એનું પુનરાવર્તન અહીં નહીં કરીએ. ખ્રિસ્તીધર્મમાં સમાજ ઉત્થાનનો પાયો પરસ્પરના પ્રેમ અને સહકાર તથા પ્રભુની કૃપા પર આધારિત કરવામાં આવ્યો છે. સમાજનું સાચું ઉત્થાન ત્યારે જ શક્ય છે જ્યારે આ સૃષ્ટિ પર પ્રભુનું સામ્રાજ્ય સ્થપાય. તાઓધર્મમાં પ્રકૃતિ અનુસાર જીવન ગાળવું એ એક માત્ર યોજના વ્યક્તિના તેમ જ સમાજના ઉત્થાન માટે વિચારાઈ છે. જૈનધર્મ અને બૌદ્ધધર્મમાં સમાજના ઉત્થાનને પ્રાધાન્ય આપવામાં આવ્યું નથી. કારણ કે કેન્દ્રસ્થાને વ્યક્તિની જ વિચારણા થઈ છે. કન્ફ્યુશિયનધર્મમાં, સમાજના ઉત્થાનના માર્ગ તરીકે, પરસ્પરના સારા સંબંધોની ખિલવણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જ્યાં સુધી અનિષ્ટ તત્ત્વનો વિનાશ ન થાય ત્યાં સુધી સમાજના ઉત્થાનની શક્યતા સંભવિત નથી એમ કહી જરથુસ્તધર્મ સમાજના ઉત્થાનને માટે ઇષ્ટને પડખે માનવજાતે રહેવું જોઈએ, અને સાથે અનિષ્ટનો સામનો કરવો જોઈએ એવો વિચાર રજૂ કરે છે. સામાજિક ઉત્થાનની ઇસ્લામની વિચારણા વ્યક્તિગત ઉત્થાનને મળતી છે. અલ્લાહનું શરણ બધા સ્વીકારે ત્યારે જ સમાજ ઉત્થાન શક્ય છે અને એથી ઇસ્લામની સત્તા વધારવાને માટે જરૂર પડે તો બળનો ઉપયોગ પણ કરવો જોઈએ એવો ઇસ્લામનો આદેશ છે. કદાચિત્ એથી જ ઇસ્લામના પ્રસારણમાં બળનો ઉપયોગ થયો છે અને એ રીતે જ એનો પ્રસાર અન્ય દેશોમાં થયો છે. અને જો મુસલમાનોનો આ ઝનૂની વિસ્તાર પ્રયાસ ફ્રાંસમાં રોકવામાં ન આવ્યો હોત તો

સંભવતઃ યુરોપનું ધાર્મિક અને રાજકીય માળખું આજે જુદા પ્રકારનું હોત. એનો થોડો ખ્યાલ પામી શકાય એ માટે એટલું નોંધવું જોઈએ કે ઇસ્લામના બળને સ્પેનમાંથી હડસેલવામાં આવ્યા છતાં તુર્કીમાં એમણે સ્થાન જમાવ્યું હતું, અને કમાલ આતાતૂર્કના સમય સુધીની તૂર્કીની ઇસ્લામ બળે જે પરિસ્થિતિ હતી, સંભવતઃ એ પ્રકારની પરિસ્થિતિમાં સમસ્ત યુરોપ અને કદાચિત્ સારું વિશ્વ મુકાયું હોત.

આમ, આપણે એ જોઈ શકીશું કે ધર્મને માટે અનિષ્ટની વિચારણાનો પ્રશ્ન મહત્ત્વનો છે. પ્રવર્તમાન ધર્મો એ પ્રશ્નને કેટલું મહત્ત્વ આપે છે, એને આધારે એ ધર્મનો કેટલો વિકાસ થયો છે એનો ખ્યાલ આવી શકે. આદિમ ધર્મમાં અનિષ્ટનો સ્વીકાર ન હોય એ સમજી શકાય એમ છે. કારણકે ત્યાં તો જે કંઈ બને છે તે સર્વજીવવાદની ભાવના અનુસાર સમજાવવામાં આવે છે. અનિષ્ટની સમજણ જીવવાદનો આશ્રય લઈને કે અનેકેશ્વરવાદનો આશરો લઈ આપવામાં આવે ત્યારે અનિષ્ટની સર્વગ્રાહીતા અને વ્યાપકતાનો સ્પષ્ટ ખ્યાલ પમાતો નથી. પરંતુ જ્યારે એકેશ્વરવાદની કક્ષાએ અનિષ્ટના પ્રશ્નની વિચારણા કરવામાં આવે ત્યારે એ પ્રશ્નને વિવિધ દૃષ્ટિબિંદુઓથી અવલોકવો જરૂરી બને છે.

૭. કર્મ : પરિણામ : મરણોત્તર અવસ્થા :

ઉપર આપણે ધર્મોનો નીતિવિચાર રજૂ કર્યો. એમાં વ્યક્તિ જ્યાં સુધી સમાજમાં જીવે છે ત્યાં સુધી એણે કાર્ય કરવાનું છે એમ સ્વીકારીને, સમાજના અન્ય જીવો સાથેનું કાર્ય શેના પર આધારિત થવું જોઈએ, એની વાત કરી. વ્યક્તિને રુચિકર કાર્ય થાય તો એને સંતોષ થાય તેમ જ અન્યને પણ વ્યક્તિના એવા કાર્યથી સંતોષ થાય એ એનું સહજ પરિણામ હોય. છતાં પણ એવા પ્રસંગો આવે છે, જ્યારે વ્યક્તિ એવાં કાર્યો કરે, જે એણે કરવાં જોઈએ નહીં. આવાં કાર્યોનું પરિણામ જુદું આવે એ પણ સમજી શકાય એવી વાત છે. આ ઉપરાંત, કાર્ય કરવાથી પસંદગી કે નાપસંદગી થતી હોય એમ સ્વીકારીએ એટલે કાર્યનું પરિણામ આવે છે એમ સ્વીકારવા બરાબર થાય. એવું કહી શકાય ખરું કે વ્યક્તિ જે જે કર્મ કરે છે એ બધાનું જ પરિણામ એને તત્કાળ અથવા ચાલુ જીવન દરમ્યાન મળી જાય છે? માનવજીવનની આયુમર્યાદાનો સ્વીકાર કરીએ તો આ પ્રશ્નનો ઉત્તર સ્પષ્ટ હકારમાં આપવો શક્ય નથી અને એથી જ એ અંગે પણ ધર્મમાં વિચારણા કરવામાં આવી છે. આમ ઉપર રજૂ કરેલ મથાળામાં ત્રણેયને સાંકળવામાં આવ્યા છે.

વિવિધ ધર્મોનો આપણે જે અભ્યાસ કર્યો છે તેને આધારે આ પ્રશ્ન સાથે, સંકળાયેલી કેટલીક બાબતોમાં બધા ધર્મોની એકમતી જોઈ શકાય છે. તેની રજૂઆત આમ કરીએ :

એક, આત્માના અમરત્વનો ખ્યાલ.
બે, સત્કર્મની ભાવનાનો સ્વીકાર.
ત્રણ, કર્મ પરિણામની ભાવનાનો સ્વીકાર.
ચાર, નૈતિક ન્યાયની ભાવનાનો સ્વીકાર.

આ દરેક મુદ્દા વિશે જે તે ધર્મની વિચારણા કરતી વખતે આપણે વિચાર કર્યો છે. એથી આને વિશે અહીં વિશેષ કંઈ નહીં કહીએ. આમ છતાં એટલું નોંધવું જોઈએ કે પ્રવર્તમાન પ્રત્યેક ધર્મ એક નૈતિક કે આધ્યાત્મિક સિદ્ધાંતની સર્વોપરિતા સ્વીકારે છે. નૈતિક ન્યાયનો ખ્યાલ પણ આ સર્વોપરિતાની સાથે સુસંગત હોવો જરૂરી છે. આવી સુસંગતતા સમજવાને માટે નૈતિક ન્યાયનો પાયો શું છે એનો ખ્યાલ મેળવવો જોઈએ.

જો પ્રત્યેક કર્મનું પરિણામ હોય, અને કર્મ કર્યાં તો પુણ્ય પ્રકારનું કે પાપ પ્રકારનું હોય, અને પુણ્ય કર્મ નૈતિક આચરણના ધર્મે આપેલા આધાર અનુસાર હોય અને પાપકર્મ એવા આધાર વિરુદ્ધ હોય, તો પુણ્યનું પરિણામ બદલો (reward) અને પાપનું પરિણામ શિક્ષા (punishment) હોવું જોઈએ. આમ, પુણ્યનો બદલો અને પાપની શિક્ષા એ નૈતિક ન્યાયનો પાયો છે.

આપણી વિચારણાના આ મુદ્દા સુધી તો બધા ધર્મોમાં એક પ્રકારની સંમતિ જોવા મળે છે. પરંતુ હવે અહીં જ પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે પુણ્યનો બદલો અને પાપની શિક્ષા

કર્યાં ?
કયારે ? અને
કેવી રીતે મળશે ?

આ પ્રશ્નોના ઉત્તરની બાબતમાં ધર્મોની એકમતી નથી. જુદા જુદા ધર્મોમાં આમાંના એક કે વધારે કે બધા જ પ્રશ્નોનો, જુદી રીતે જવાબ આપવામાં આવ્યો છે.

પ્રત્યેક ધર્મની આ પ્રશ્નોને વિશેની વિચારણા સમજી શકાય એ માટે ધર્મોને બે વિભાગમાં વહેંચવા અનુકૂળ રહેશે.

એક, પૂર્વજન્મનો સ્વીકાર કરતા ધર્મો :

આ વર્ગમાં હિંદુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ અને શીખધર્મનો સમાવેશ થાય છે. સામાન્યપણે એમ કહી શકાય કે આ ધર્મો કર્મ અને એનાં પરિણામમાં માનવા ઉપરાંત પુણ્ય અને પાપનો બદલો, જો આ જન્મમાં નહીં મળે તો અત્યાર પછીના જન્મમાં મળશે, એમ સ્વીકારે છે. ટૂંકમાં, આ ધર્મજૂથ એમ સ્વીકારે છે કે કર્મનું પરિણામ પૂર્ણ થયું નથી ત્યાં સુધી જન્મોજન્મની પ્રક્રિયા ચાલુ રહે છે.

બીજું, ન્યાયના દિવસનો સ્વીકાર કરતા ધર્મો :

આ વર્ગમાં જરથુસ્તધર્મ, ખ્રિસ્તીધર્મ અને ઇસ્લામધર્મનો સમાવેશ થાય છે. સામાન્યપણે એમ કહો શકાય કે આ ધર્મો પણ કર્મ અને એનાં પરિણામમાં તો માને જ છે. પરંતુ વર્તમાન જીવનને અંતે અન્ય કોઈ જીવન નથી. પરંતુ પ્રત્યેક વ્યક્તિનો તેણે કરેલાં કાર્ય અનુસારનો ન્યાય એક દિવસ કરવામાં આવશે.

આ પ્રશ્નની સમજણ આપવાને માટે, આ બે પ્રકારનાં ધર્મજૂથો પાડ્યાં પછી, હવે આપણે એ જૂથમાંના પ્રત્યેક ધર્મ વિશે આ પ્રશ્ન અંગે થોડી વિગતે વિચારણા કરીએ.

હિંદુધર્મ :

કર્મના સિદ્ધાંતનું હિંદુધર્મમાં મહત્ત્વનું સ્થાન છે. ઐતિહાસિક દૃષ્ટિએ કર્મનો સિદ્ધાંત હિંદુધર્મમાં પ્રારંભથી છે કે પછીથી ઉપસ્થિત થયેલ છે એ મતભેદનો વિષય હોવા છતાં, હિંદુધર્મમાં એ ઓતપ્રોત થયો છે એનો ખ્યાલ, હિંદુધર્મની આપણે બીજા વિભાગમાં કરેલી ચર્ચામાંથી આવશે.

અનિષ્ટના પ્રશ્નની ચર્ચા કરતી વખતે આપણે એ જોયું છે કે હિંદુધર્મમાં અનિષ્ટને સ્થાન નથી. એ જ પ્રમાણે પાપને પણ હિંદુધર્મમાં કોઈ સ્થાન નથી. જીવ–બ્રહ્મ ઐક્યના અજ્ઞાનમાંથી પાપ નીપજે છે.

હિંદુધર્મમાં કર્મના વિવિધ પ્રકારો સ્વીકારવામાં આવ્યા છે એ પણ આપણે હિંદુધર્મની વિચારણા કરતી વખતે જોયું છે. એથી જે કર્મોનું પરિણામ હજી સુધી ભોગવ્યું નથી એવાં કર્મોના પરિણામ ભોગવવાને માટે જીવે પુનર્જન્મ લેવો પડે છે.

જૈનધર્મ :

કર્મ સિદ્ધાંતનું જૈનધર્મમાં અગત્યનું સ્થાન છે. પૂર્વજન્મનાં કાર્યોનાં ફળ ભોગવવાનાં બાકી રહ્યાં હોય તે માટે જીવે સંસારમાં જન્મ લેવો પડે છે. કહેવાયું

છેઃ "હું હવે તમને ક્રમેક્રમે આઠ પ્રકારના કર્મો સમજાવીશ. આ કર્મોના બંધનથી જીવને જન્મ-મરણના ચક્રમાં ફરવું પડે છે."[૪૦] આટલું જ નહીં પરંતુ પ્રાણીઓને ઇજા કરવાથી અથવા તો તેમની હિંસા કરવાથી પાપાચરણ થાય છે, અને એના ભોગાયટનને માટે પણ જન્મ લેવો પડે છે એમ જણાવતા કહેવાયું છેઃ "આ પ્રાણીઓને ઇજા કરવાથી મનુષ્યો પોતાના આત્માને જ ઇજા કરે છે અને અનેકવાર તેમની કોટિમાં તેમને જન્મ લેવો પડે છે."[૪૧]

પાપની વિચારણા જૈનધર્મમાં કરવામાં આવી છે. પરંતુ પાપના મૂળ તરીકે સ્ત્રી છે એમ ભારપૂર્વક કહેવાયું છે. "મહાવીરની દૃષ્ટિએ બધા પાપનું મૂળ કારણ સ્ત્રીઓ છે. આ પ્રમાણે મહાવીરે જગતનું સાચું સ્વરૂપ જોયું."[૪૨] અને વળી કહેવાયું છેઃ "જગતમાં સ્ત્રીઓ વધારેમાં વધારે મોહ કરનારો પદાર્થ છે. આ અભિપ્રાય ઋષિઓએ દર્શાવ્યો છે. પુરુષે સ્ત્રીઓ વિશે વાત કરવી નહીં, તેમના તરફ જોવું નહીં, તેમનો સાથે વાતચીત કરવી નહીં, તેમને પોતાના છે એમ માનવું નહીં અને તેમનું કામ કરવું નહીં."[૪૩] આમ જનધર્મમાં સર્વ પતનનું કારણ સ્ત્રી છે એમ માનવામાં આવે છે પરંતુ પ્રત્યેક પતનમાં સ્ત્રી એકલી જ પાપનું કારણ છે એમ શી રીતે ઘટાવી શકાય?[૪૪] ખ્રિસ્તીધર્મના પાપના વિચારમાં માત્ર ઇવને જ નહીં પરંતુ સાથે આદમને પણ એટલો જ જવાબદાર ગણ્યો છે. શું આ જ કારણથી જૈનધર્મમાં તપશ્ચર્યાને અતિ પ્રાધાન્ય આપવામાં આવ્યું હશે?

જૈનધર્મની સંઘભાવનામાં સ્ત્રીઓનો એક અલાયદો સંઘ સ્થાપવામાં આવ્યો હોય છે. સ્ત્રી સાધ્વી પણ બની શકે છે એનો આમાં સ્પષ્ટ સ્વીકાર છે અને સાથે એમ પણ સમજવું રહ્યું કે સાધ્વી સ્ત્રી પતનનું કારણ બની શકે નહીં.

બૌદ્ધધર્મ :

કર્મના સિદ્ધાંતને બૌદ્ધધર્મ એક શક્તિ તરીકે સ્વીકારી એ અમૂર્ત નિયમને કડક તરીકે ઓળખાવે છે તથા પાપ અને પુણ્યનો બદલો એ શક્તિ જ આપે છે એમ જણાવે છે. "પાપી માણસ આકાશમાં, સમુદ્રમાં કે પર્વતોની ખીણોમાં પેસે તો પણ ત્યાં એવું એકેય સ્થાન નથી જ્યાં માણસ પોતાના ખોટા કામની

---

૪૦ સેક્રેડ બુકસ ઓફ ધી ઇસ્ટ, ૪૫ : ૧૯૨
૪૧ એજ, ૪૫ : ૨૯૨
૪૨ એજ, ૨૨ : ૮૧
૪૩ એજ, ૨૨ : ૪૮
૪૪ છેવટે આપેલી નોંધ જુઓ.

શિક્ષામાંથી છૂટી જઈ શકે."૪૫ વળી કર્મનાં પરિણામોને માટે વ્યક્તિ પોતે જ જવાબદાર છે અને એ માટે અન્ય કોઈ જવાબદાર નથી એમ દર્શાવતાં કહેવાયું છે; "જો પ્રાણીઓ સાચી રીતે પોતાના ખરાબ કર્મોનાં પરિણામોનો વિચાર કરે તો તેઓ પોતે જ તેમનો તિરસ્કાર કરશે અને કદી પણ તેવાં કર્મો કરશે નહીં."૪૬

નૈતિક ન્યાયના પાલનને પરિણામે જે પ્રકારની સજા અપાય છે તે વિશે કહેવાયું છે: "નરકના સિપાહીઓ પાપી માણસોને નરકના રાજા યમની પાસે ખેંચીને લઈ જાય છે. યમ રાજા તેમને કહે છે, 'તમે જ્યારે પૃથ્વી પર હતા ત્યારે તમને ચેતવણી આપવા માટે બાળક, રોગિષ્ટ, સજા ભોગવતો અપરાધી, વૃદ્ધ પુરુષ અને શબ એ પાંચને મોકલવામાં આવ્યાં હતાં. તેમને તમે નહોતા જોયાં?' અને પેલો પાપી જવાબ આપે છે, 'મેં તેમને જોયાં હતાં.' પછી યમ રાજા કહે છે, 'ત્યારે તમને મનમાં એવો વિચાર ન આવ્યો કે હું પણ જન્મીશ, વૃદ્ધ થઈશ અને મરી જઈશ. એથી મારે બધાં જ સારાં કર્મો કરવાની કાળજી રાખવી જોઈએ.' અને પેલો પાપી માણસ ઉત્તર આપે છે, 'ભગવન! હું એ પ્રમાણે વિચાર નહોતો કરી શકયો.' આ પછી યમ રાજા તેને સજા આપતા કહે છે: 'આ તારાં પાપ-કર્મોને માટે તારા માતા-પિતા, સગા, મિત્રો અથવા સલાહકારો જવાબદાર નથી. તેં એકલાએ જ આ પાપ-કર્મો કર્યાં છે અને તારે એકલાએ જ તેનું ફળ ભોગવવું જોઈએ.'૪૭

બૌદ્ધધર્મમાં પુનર્જન્મનો સ્વીકાર થયો છે અને પોતાનાં કર્મો પ્રમાણે વ્યક્તિએ સંસારમાં ફરીથી જન્મ લેવો પડે છે.

હવે આપણે ધર્મોના બીજા જૂથ તરફ વળીએ' જે ન્યાયના દિવસનો સ્વીકાર કરે છે.

જરથુસ્તધર્મ, ઇસ્લામધર્મ અને ખ્રિસ્તીધર્મમાં એવું માનવામાં આવે છે કે પ્રત્યેક માનવીને ન્યાયના દિવસે તેમનાં સારાં અને ખરાબ કર્મો માટે ઈશ્વર ફળ આપશે. કોઈપણ મનુષ્ય આ કર્મફળ પ્રાપ્તિમાંથી છટકી શકતો નથી.

ખ્રિસ્તીધર્મમાં પાપને એક હકીકત તરીકે સ્વીકારવામાં આવે છે અને વ્યક્તિની પોતાની સામે તેમ જ સમાજની સામે તથા ઈશ્વરની સામે પાપ આચરવામાં આવે છે. બાઇબલમાં તથા ખ્રિસ્તીધર્મનાં અન્ય પુસ્તકોમાં મરણોત્તર અવસ્થા વિશે વિવિધ રીતે કહેવાયું છે. મનુષ્યોને પોતાનાં કર્મો પ્રમાણે ભવિષ્યમાં

૪૫ સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ, ૧૦ : ૧, ૩૫,
૪૬ એજ, ૧૯ : ૧૫૮
૪૭ મોનીઅર વિલિયમ્સ, બુદ્ધિઝમ, પા. ૧૧૪, ૧૧૫

ન્યાય મળશે એમ સ્વીકારાયું છે. સારું આચરણ કરનાર માણસોને આનંદ પ્રાપ્ત થશે અને ખરાબ આચરણ કરનારાઓ દુઃખી થશે. "ઈશ્વરને કોઈ છેતરી શકતો નથી. માણસ જેવું વાવશે તેવું લણશે."[૪૮]

ખ્રિસ્તીધર્મમાં આ વિચાર સ્વીકારાયો છે. પણ સાથે ક્ષમાનો વિચાર પણ રજૂ થયો છે. "પાપનું ફળ મરણ છે, પણ ઈશ્વરની બક્ષિસ અમર જીવન છે."[૪૯] પાપીઓને ઈશ્વર ક્ષમા આપે છે એમ જિસસે કહ્યું છે. પરંતુ ઈશ્વર પાપીને ત્યારે જ ક્ષમા બક્ષે છે જ્યારે પાપી માણસ એના પાપનું પ્રાયશ્ચિત્ત કરે. એકલું પ્રાયશ્ચિત નહીં પરંતુ, પોતાના તરફ પાપ કરનારાને પણ પાપી માણસ જ્યારે ક્ષમા આપે ત્યારે ઈશ્વર એવા પાપીઓને ક્ષમા આપે છે. કારણકે ઈશ્વર બધા માણસોનો સત્કાર કરે છે.[૫૦]

ઇસ્લામધર્મમાં પણ, જે વ્યક્તિ અલ્લાહનું શરણ સ્વીકારે છે અને તેમની સમક્ષ દીન થાય છે તેમને અલ્લાહ ક્ષમા આપે છે, વળી એમાં પણ કહેવાયું છે કે અલ્લાહ પાપી માણસોને શિક્ષા કરશે અને પુણ્યશાળી માણસોને સારું ફળ આપશે.[૫૧]

એ જ પ્રમાણે ન્યાયના દિવસની વાત પણ ઇસ્લામમાં સ્વીકારવામાં આવી છે. "જગતનો જ્યારે અંત આવશે ત્યારે બધા મરી ગયેલા માણસો એક દિવસે ફરીથી જીવતા થશે."[૫૨] અને વધુમાં, "વાજા વાગશે અને તમે જોશો કે બધા પોતાની કબરમાંથી અલ્લાહ પાસે જશે."[૫૩] આમ, કુરાનમાં અલ્લાહના ન્યાય આપવાના દિવસનો સ્વીકાર થયો છે. અનેક આયાતોમાં મહમદે બહુ દબાણપૂર્વક કહ્યું છે કે ભવિષ્યમાં એક એવો દિવસ આવશે જ્યારે અલ્લાહ પાપી લોકોને શિક્ષા કરશે અને પુણ્યશાળી જીવોને સારાં ફળ આપશે. દરેક જીવના સારાં અને ખરાબ કર્મોને રાઈના એક દાણાના વજન સુધીની ચોકસાઈથી તોલવામાં આવશે."[૫૪]

---

૪૮ ગેલેટીઅનસ, ૬ : ૭

૪૯ રોમન્સ, ૬ : ૨૩

૫૦ મેથ્યુ, ૫ : ૨૩–૨૪

૫૧ રોડવેલ, ૨ : ૨૪; ૪ : ૪૪

૫૨ એજ, ૫૦ : ૪૧

૫૩ એજ, ૩૬ : ૫૧

૫૪ રોડવેલ, ૭ : ૫ – ૮; ૨૧ : ૪૮; ૨૩ : ૧૦૩ – ૧૦૫

ઇસ્લામમાં સ્વર્ગ અને નર્ક વિશે ઘણું કહેવાયું છે. એની ચર્ચા આપણે આગળ પણ કરી છે. પવિત્ર માણસો સ્વર્ગમાં જાય છે, અને ત્યાં વિવિધ પ્રકારના આનંદ અનુભવે છે. જે માણસો અલ્લાહનું શરણ સ્વીકારતા નથી એવા પાપી માણસો નરકમાં જાય છે અને ત્યાં અનેક પ્રકારના દુઃખ સહન કરે છે.

કર્મ, તેનું પરિણામ, તે વિશેનો ન્યાય અને ન્યાયના દિવસે કે પુનર્જન્મરૂપે ભોગાયટનની વિવિધ ધર્મમાં મળતી માહિતીની આપણે ઉપર રજૂઆત કરી. એ બધાના સારરૂપે જાણવું પામી શકાય કે પ્રત્યેક ધર્મ માનવ-માનવ વચ્ચે સદાચારી જીવનનો આગ્રહ રાખે છે, જેથી માનવ અને ઈશ્વર વચ્ચેનું ધાર્મિક જીવન શક્ય બને.

નોંધ

જનધર્મમાં સ્ત્રીને પાપના મૂળ કારણ તરીકે સ્વીકારવામાં આવે છે તેનું કારણ સ્ત્રી દૈહિક વાસનાના સંતોષનું કારણ બને છે તે હોય. પરંતુ એક મત એવો પણ પ્રચલિત છે કે જાતીય સુખ એ આધ્યાત્મિક પૂર્ણતા માટે જરૂરી છે અને આધ્યાત્મિક સાધનામાં સ્ત્રી સમાગમ એ એક અંગ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

આ અંગે વિડજરી આમ કહેપપ છે :

The dependence of human nature is seen in one of its most intense forms in the demands of sex. At their lowest these may be predominantly physical: but the intensity of the need does not *ipso facto* lessen the more idealised and spiritual the relation becomes. Here, in fact, it is true to say that the "pangs of unrequited love" are more poignant the more idealised it is. The suffering from lack of physical satisfaction is trivial compared with the pain of mental alienation. It is not without reason that the suffering of the seperation of the lovers has been made symbolic of the suffering of the soul alienated from god. But sex has played another part in religion besides this symbolism. In the ecstasy of sex satisfaction, a sort of result of a unification of a

૫૫ વિડજરી, એ. જી., ધી કમ્પેરેટીવ સ્ટડી ઑફ રિલિજિયન્સ, બરોડા, ૧૯૨૨, પા. ૨૦૯-૧૦

Mana within and a *Mana* without, sorrow and suffering are at least momentarily forgotten. Sex union has therefore found admission in the practices of some religions as a form of redemption from suffering. Thus, to give but one example, in certain forms of Tantric Hinduism, in the Panchatattva Sadhana, intercourse with women, one of the five, "M" s, constitutes a factor in the means of redemption.*

* The five 'm's are madya, mangsa, matsya, mudra, maithuna, meaning wine, meat, fish, grain, woman. The relations between the sexual and religion need a careful and more sympathetic and exhaustive treatment than they have yet received. The modern psycho-analytical methods might yield fruitful results in this connection. Of the reality of the sexual in Tantric Hinduism, the evidences of literature and sculpture leave no room for doubt, in spite of the wish to do so by some pious Hindus who have not enquired into its underlying significance.

૮. **મુક્તિ :**

આપણે જીવના સ્વરૂપની વિચારણા કરતી વખતે એ કહ્યું કે માનવી સમક્ષ એક આદર્શ છે જેની પ્રાપ્તિને માટે એ પ્રયત્નશીલ છે. આ કયો આદર્શ ? એ જો એક શબ્દમાં કહેવું હોય તો એને **મુક્તિ** તરીકે ઓળખાવી શકાય.

પ્રત્યેક ધર્મમાં મુક્તિને વિશે વિચારણા કરવામાં આવી છે. આવી વિચારણા જે તે ધર્મની રજૂઆત કરતી વખતે આપણે કરેલી છે. એટલે તેની વિગતમાં ન ઊતરતાં એના મહત્ત્વના અંગનો અહીંયાં ઉલ્લેખ કરીને મુક્તિ વિશેની જે વિવિધતા ધર્મોમાં પ્રાપ્ત થાય છે તેની વિચારણા કરીશું. મુક્તિનો પ્રશ્ન જીવનું જે સ્વરૂપ ધર્મ સ્વીકારે છે એની સાથે નિકટ રીતે સંકળાયેલ છે.

હિંદુધર્મમાં જીવને બ્રહ્મ સ્વરૂપના આવિર્ભાવ તરીકે સ્વીકારાય છે અને એથી જીવની મુક્તિ એટલે બ્રહ્મલીનતા. આ બ્રહ્મલીનતા પ્રાપ્ત કરવાને માટે ત્રણ સાધનો

સ્વીકારવામાં આવ્યાં છે—જ્ઞાન, ભક્તિ અને કર્મ. આ ત્રણેને એકમેકથી વિરોધી ગણવાના નથી, ત્રણેય એકમેકના પૂરક છે અને અનેક કિસ્સાઓમાં ત્રણેય એકસાથે ઉપયોગમાં લેવાય એવું પણ બને. મુક્તિના બે પ્રકાર—સદેહ અને વિદેહ મુક્તિ તરીકે સ્વીકારાયા છે. એ ઉપરથી એમ કહી શકાય કે દેહ પોતે જ મુક્તિની અવસ્થા પ્રાપ્ત કરવામાં અવરોધક છે એમ નથી.

જૈનમતમાં મુક્તિની પ્રાપ્તિ માટે સંયમપૂર્ણ જીવન અને તપશ્ચર્યા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. મોક્ષ મેળવવાના સાધન તરીકે જ્ઞાન, દર્શન અને સદાચારનો સ્વીકાર થયો છે.

બૌદ્ધધર્મમાં મુક્તિના ખ્યાલને નિર્વાણ તરીકે સ્વીકારવામાં આવે છે. માનવ જીવનની દુઃખભરી અવસ્થામાંથી મુક્તિને નિર્વાણ તરીકે ઓળખીએ તો નિર્વાણ અવસ્થા ઉત્તમ સુખદાયી અવસ્થા છે એમ કહેવાય. પરંતુ એ સુખમય અવસ્થા એ કયા સુખની અવસ્થા? આત્મતત્ત્વ પોતે જ અનિત્ય હોય તો એને કયું સુખ? આ વિશે ગૌતમ બુદ્ધનું આ કથન પ્રકાશ પાથરે છે: "જેમને પુનર્જન્મથી કંટાળો આવ્યો છે અને જે ડાહ્યા માણસોએ અસ્તિત્વના કારણભૂત બીજોનો નાશ કર્યો છે, અને જેમની વાસનાઓ વધતી નથી તે બધા દીવાની માફક નાશ પામે છે."[૫૬]

આમ, નિર્વાણ અવસ્થામાં આત્મતત્ત્વની કોઈ અવસ્થા હોતી નથી. આથી નિર્ગુણને એક અભાવાત્મક પરિસ્થિતિ તરીકે વર્ણવી શકાય અને એ એક નિર્ગુણ શાંતિની અવસ્થા છે એમ કહી શકાય.

ઇસ્લામધર્મમાં મુક્તિનો માર્ગ અલ્લાહના શરણમાં અપાયો છે. મુક્તિને માટેનો શબ્દ ઇસ્લામ છે. જે કોઈ અલ્લાહનું શરણ સ્વીકારે છે અને અલ્લાહ સમક્ષ દીનભાવે એમના આદેશ અનુસાર વર્તે છે એ મુક્તિ મેળવે છે.

ખ્રિસ્તીધર્મમાં પ્રભુમય જીવન અને ઈશ્વરકૃપા, એના સુભગ સંમિલનથી મુક્તિ પ્રાપ્ત થાય છે એમ કહેવાયું છે. પ્રભુમય જીવન એ મુક્તિની પૂર્વતૈયારી છે. પ્રભુમય જીવન એટલે પ્રભુના સર્જેલા બધા જ જીવો તરફ સમભાવ અને સ્નેહ. જે જીવ આવું પ્રભુમય જીવન જીવે છે એને પ્રભુની કૃપા પ્રાપ્ત થાય છે અને એમ થતાં એ મુક્તિ પ્રાપ્ત કરી શકે છે.

જરથુસ્તધર્મમાં મુક્તિનો માર્ગ, સત્યને પડખે રહી અનિષ્ટનો સામનો કરવામાં, અહૂર મઝદને સહકાર આપવામાં, રહેલો છે. જીવ સદાયે ઇષ્ટને પડખે રહે અને અનિષ્ટના મોહમાં ન ફસાય એ માટે એણે સારા વિચાર, સારી વાણી

---

૫૬ સક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ, ૧૦ : ૨–૩૯

અને સારાં કાર્યોમાં રચ્યાપચ્યા રહેવું જરૂરી છે. જે વ્યક્તિ આવી રીતે વર્તે છે તે મુક્તિ પામે છે.

આમ, આપણે એ જોઈએ છીએ કે વિવિધ ધર્મોમાં મુક્તિનો ખ્યાલ વિવિધ રીતે આપવામાં આવ્યો છે. બંધનનું જે કારણ અને તેનું નિવારણ તે મુક્તિ. હિંદુધર્મમાં બંધનનું કારણ અજ્ઞાન છે અને એથી જ્ઞાનપ્રાપ્તિ એ મુક્તિની અવસ્થા છે. એ જ પ્રમાણે બૌદ્ધધર્મમાં બંધન અને દુઃખનું કારણ 'તૃષ્ણા' છે અને એથી તૃષ્ણાના ત્યાગમાં મુક્તિની પ્રાપ્તિ સમાયેલી છે. એ જ રીતે જૈનધર્મમાં જડ અને આત્મ તત્ત્વનું સંમિશ્રન એ બંધનનું કારણ હોઈ શરીર ઉપાધિને દૂર કરવા માટે તપશ્ચર્યાનો માર્ગ સૂચવવામાં આવ્યો છે અને આત્મ તત્ત્વની જડતત્ત્વમાંથી વિમુક્તિ એ મુક્તિ છે. ઇસ્લામમાં અલ્લાહનું શરણ ન સ્વીકારવું એમાં અનિષ્ટ રહેલું છે અને અલ્લાહનું સંપૂર્ણ શરણ સ્વીકારવામાં મુક્તિની પ્રાપ્તિ સમાયેલી છે. એ જ રીતે તાઓધર્મમાં તાઓમાર્ગના શાંતિપૂર્વકના અનુસરણથી મુક્તિ પ્રાપ્ત થાય છે. ખ્રિસ્તીધર્મ અને જરથુસ્તધર્મ માટે પણ એ જ રીતે કહી શકાય. પ્રત્યેક ધર્મે પોતે જે એક આદર્શ રજૂ કર્યો એ આદર્શની પ્રાપ્તિમાં મુક્તિ સમાયેલી છે, અને એ પ્રાપ્તિને માટેના માર્ગોનું અનુસરણ કરવાથી એ પ્રાપ્ત કરી શકાય એવી આશા દરેક ધર્મ રજૂ કરે છે.

અહીં મહત્ત્વની વાત એ છે કે ધર્મ, જીવનની નિષ્ક્રિયતા પ્રબોધતો નથી, તેમ જ જીવનને અંધકારમય પણ લેખતો નથી. હકીકતોનો સ્વીકાર કરીને, એક નવા આદર્શની પ્રેરણા, પ્રત્યેક ધર્મ આપે છે અને એ આપવાની સાથે એટલો વિશ્વાસ પણ આપે છે કે એ આદર્શ સિદ્ધ કરી શકાય એમ છે. આ રીતે પ્રત્યેક ધર્મ, માનવીના વર્તમાન જીવનનું વિશ્લેષણ આપી, તેના સત્ય સ્વરૂપને અનુરૂપ એનોઆદર્શ શો હોઈ શકે એનો ખ્યાલ આપીને, એ આદર્શ પ્રાપ્તિને માટેનો માર્ગ પણ પ્રબોધે છે. ધર્મનું આ રચનાત્મક અને ઊજળું પાસું છે.

૯ સામાજિક ઉત્થાન :

કોઈ પણ પ્રજાની સંસ્કૃતિનું માપ કાઢવાને માટે બીજાં અનેક અંગોની સાથે એના ધર્મનું સ્વરૂપ કેવું છે એનો પણ વિચાર કરવામાં આવે છે. એ જ રીતે લગભગ પ્રત્યેક ધર્મ વ્યક્તિના ઉત્થાનની સાથે સમાજના ઉત્થાન માટે પણ પ્રયત્નશીલ રહે છે. સૃષ્ટિ અને વ્યક્તિ બનેને ઈશ્વરના સર્જન તરીકે સ્વીકારી વ્યક્તિના આધ્યાત્મિક ઉત્કર્ષને માટેનો માર્ગ રજૂ કરતો ધર્મ એ પણ સ્વીકારે જ છે કે વ્યક્તિ એકાંકી નહિ પણ સામૂહિક છે, અને આથી જ ધર્મો વ્યક્તિગત વિકાસની સાથે સામાજિક વિકાસને માટે પણ પ્રયત્નશીલ રહે છે.

વિવિધ ધર્મોનો સમાજ ઉત્થાનનો ખ્યાલ અહીં આપણે રજૂ કરીશું અને તે આધારે એમની વચ્ચેના સંબંધોની વિચારણા કરીશું.

વ્યક્તિજીવન અને સમાજજીવનની વ્યવસ્થાના સાધન તરીકે હિંદુધર્મમાં ચાર આશ્રમ, ચાર પુરુષાર્થ અને ચાર વર્ણોની વાતો થઈ છે. આ સર્વ અંગોની વિસ્તૃત રજૂઆત હિંદુધર્મની ચર્ચા કરતી વખતે આપણે કરેલી છે, એથી એની પુનરુક્તિ અહીં નહીં કરીએ.

જૈનધર્મ અને બૌદ્ધધર્મમાં સંઘત્વની ભાવના આ અંગે નોંધનીય છે. बुद्धं शरणं गच्छामि, धम्मं शरणं गच्छामि, संघं शरणं मच्छामि। એ બૌદ્ધધર્મનો મંત્ર બૌદ્ધધર્મની સંઘત્વની ભાવનાનો ખ્યાલ આપે છે. વ્યક્તિ, બુદ્ધ સ્વરૂપે જ ઈશ્વરતત્ત્વનું શરણ સ્વીકારે, એ પૂરતું નથી, ધર્મનું આચરણ પણ એટલું જ મહત્ત્વનું છે. પરંતુ વ્યક્તિગત રીતે ધર્મનું આચરણ કે બુદ્ધનું શરણ ગમે એટલા મહત્ત્વના હોય તોયે, જ્યાં સુધી વ્યક્તિ સમાજનું શરણ સ્વીકારતી નથી, સંઘ-ભાવનાને અનુરૂપ કાર્ય કરતી નથી ત્યાં સુધી એના અન્ય બે પ્રયાસો પણ મર્યાદિત રહે છે. સામાજિક ઉત્થાનમાં આ ભાવનાએ શો ભાગ ભજવ્યો છે એ તો બૌદ્ધધર્મના વિવિધ પ્રદેશોમાં થયેલા વિસ્તરીકરણથી અને તે પારકી ભૂમિમાં સ્વીકાર્ય બન્યાથી જાણી શકાય છે.

જરથુસ્તધર્મમાં સામાજિક ઉત્થાનનો વિચાર સ્વીકારાયો છે. સમાજજીવન એક સંઘર્ષ સમાન છે અને એ સંઘર્ષમાં વ્યક્તિ એક પક્ષે કે બીજે પક્ષે રહી શકે છે. પરંતુ પ્રત્યેક વ્યક્તિ પાસે એવી આશા રાખવામાં આવે છે કે સમગ્ર સમાજનાં મૂલ્યોની પડખે રહેલાં બળોને એ સાથ આપે અને એમ કરીને સમાજના ઉત્કર્ષના કાર્યમાં સહાયરૂપ થાય. પરંતુ આ માટે નૈતિક જીવનની અગત્ય પર ભાર મૂકવા સિવાય જરથુસ્તધર્મે કંઈ વિશેષ કર્યાનું જાણી શકાતું નથી. વ્યક્તિના પોતાના જીવનમાં જરૂરી ફેરફારો શી રીતે લાવી શકાય, જેથી વ્યક્તિ સહજ રીતે શુભનાં બળોની પડખે રહે એ એ માટેની જીવનઘડતરની કોઈ તાલીમ કે પદ્ધતિ આ ધર્મમાં રજૂ થઈ નથી.

કુદરતના ક્રમ અનુસારના જીવનઘડતર પર તાઓધર્મ ભાર મૂકે છે. સૃષ્ટિના ક્રમને અવરોધવાથી વ્યક્તિનો અને સમાજનો વિકાસક્રમ રૂંધાય છે. સૃષ્ટિક્રમ એક ગૂઢ તાઓતત્ત્વ અનુસાર ચાલી રહ્યું છે અને માનવીનું કર્તવ્ય જે છે એની સાથે એકરૂપ થવામાં સમાયેલું છે. 'પ્રકૃતિ અનુસારનું જીવન' એ મંત્ર માનવીના વ્યક્તિગત ઉત્થાનમાં કે સમાજના ઉત્કર્ષમાં કેટલો ફાળો આપી શકે એ અલગ વિચારણાનો પ્રશ્ન છે. પ્રકૃતિને અનુરૂપ બનતો માનવી પોતાના કે સમાજના ઘડતર માટે પ્રય-

ત્તશીલ છે એમ શી રીતે કહી શકાય ? સંસ્કૃત માનવી તો પ્રકૃતિને સમજીને, એને નાથીને, એને પોતાને અને સમાજને અનુકૂળ બનાવવા પ્રયત્ન કરે છે–નહીં કે પોતે પ્રકૃતિને અનુકુળ બને. માનવ સંસ્કૃતિના વિકાસમાં એક તબક્કે એ ક્રમ હતો કે મનુષ્ય પ્રકૃતિને સાનુકૂળ બને, પરંતુ માનવ સંસ્કૃતિના વિકાસની સાથે તથા સૃષ્ટિ અને તેના નિયમોની વધુ સમજને પરિણામે એ ક્રમ બદલાયો અને પ્રકૃતિ માનવને અને સમાજને સાનુકૂળ બને એ માટેના પ્રયત્નો થયા, થતા રહે છે અને થતા રહેશે.

પ્રકૃતિ વિરુદ્ધનું જીવન જીવવાની વાત અહીં નથી એની નોંધ લેવી જોઈએ. પ્રકૃતિના નિયમો અનુસાર સહજ રીતે જીવન જીવાય એ એક વાત, પરંતુ પ્રકૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરી તે જ્ઞાનને આધારે જીવન અને સમાજનું ઘડતર થાય એ બીજી વાત. આ દૃષ્ટિએ લાઓત્ઝેધર્મનો સમાજઘડતરમાં અપાયેલો ફાળો મૂલવવો જોઈએ.

હિંદુધર્મની જેમ વ્યક્તિઘડતરનો અને સમાજજીવન ઘડતરનો એક સુંદર ખ્યાલ ખ્રિસ્તીધર્મમાં રજૂ થયો છે. ખ્રિસ્તીધર્મનો આપણે કરેલો અભ્યાસ એ ધર્મના ત્રણ વિચારો સમજાવે છે. પ્રભુનું સામ્રાજ્ય, માનવ બંધુત્વ અને પ્રેમ તથા સહકારયુક્ત સહ–અસ્તિત્વ. જો પ્રત્યેક માનવ પ્રભુનું ફરજંદ હોય તો એમનામાં ભ્રાતૃભાવની ભાવના સહજ રીતે જ હોવી જોઈએ. એમ ન હોય ત્યાં એ માટેની તપાસ કરી જે કારણો જવાબદાર હોય તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આવી રીતે ભ્રાતૃભાવ કેળવેલ માનવી પોતાના સહબાંધવો સાથે સહકાર નહીં કરે તો શું અસહકાર કરશે ? હકીકતમાં તો ભ્રાતૃભાવનાથી તેમજ સહકાર અને સ્નેહભર્યા જીવનથી જ પ્રત્યેક માનવી પ્રભુના સામ્રાજ્યનો સભ્ય થઈ શકે છે.

આજની દુનિયાના વિવિધ ઝંઝાવાતોમાં ક્રાઇસ્ટનો આ વિચાર ભરદરિયે અટવાતી માનવજાત માટે દીવાદાંડી સમાન છે. વ્યક્તિનું ઉત્થાન, વ્યક્તિ–વ્યક્તિ મટી અન્ય સાથે સમરૂપ બને એમાં છે. સમાજનું ઉત્થાન, એ સ્નેહના સહ–અસ્તિત્વના પાયા પર રચાય એના પર છે. વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે અને વ્યક્તિ–સમાજ વચ્ચે સંબંધ સાંકળનાર પ્રેમ છે. એ પ્રેમ ત્યારે જ ફૂરે જ્યારે પ્રત્યેક વ્યક્તિ બીજી અન્ય વ્યક્તિમાં એ જ દિવ્યપ્રદાન જુએ, જે તે પ્રભુના બાળક તરીકે પોતાનામાં જુએ છે.

સમાજનો ઉત્કર્ષ કોઈ ભૌતિક આધાર પર સંભવિત નથી એવો સ્પષ્ટ નિર્દેશ શું ક્રાઇસ્ટના આ ખ્યાલમાંથી મળતો નથી ? આર્થિક સંપત્તિ, ભૌતિક સમૃદ્ધિ, શસ્ત્ર તાકાત, ધિક્કાર કે અદેવ ભાવના પર સ્થાપિત સમાજ ઉત્કર્ષ સાધી

શકે નહીં એવું એમના આ બોધમાંથી નિષ્પન્ન થતું નથી ? સાચો સમાજ તે છે જે ઈશ્વરનું સામ્રાજ્ય બને. પણ સમાજ, ઈશ્વરનું સામ્રાજ્ય શી રીતે બને ? એ ત્યારે જ સંભવી શકે જ્યારે સમાજનું ઘડતર નૈતિકતા અને ધાર્મિકતાના પાયા પર થયું હોય.

૧૦. આદરણીય માનવી :

કોઈપણ ધર્મમાં સમાવિષ્ટ થયેલ માનવજૂથ કયા પ્રકારના માનવીનો આદર કરે છે એ પ્રશ્નના ઉત્તરને આધારે ડૉ. સોન્ડર્સ ધર્મોનો તફાવત રજૂ કરવાનો પ્રયાસ કરે છે. આ આદરણીય માનવીનો નિર્ણય કરતી વખતે એ ધર્મજૂથના નૈતિક આદર્શોનો જ નહીં પરંતુ એમની દૈવભાવનાના વિચારને પણ ગણતરીમાં લેવામાં આવે છે.

ચીનાઓ : રાજકુંવર માનવો
જાપાનીઓ : શિસ્તબદ્ધ સૈનિક
હિબ્રૂઓ : સાચો માણસ
હિંદુઓ : સાધુ માણસ
ખ્રિસ્તીઓ : સંત માણસ
મુસ્લિમો : અલ્લાહનો ગુલામ માણસ

અહીંયાં રજૂ કરેલ આદરણીય માનવીનો ખ્યાલ કેટલે અંશે જે તે ધર્મના હાર્દની સાથે સુસંગત છે એ કહેવું મુશ્કેલ છે. સામાન્ય રીતે હિંદુઓ સાધુને આદરણીય આદર્શ પુરુષ તરીકે સ્વીકારે છે એમ કહેવું અર્ધસત્ય જેવું છે. જેમ એ સાધુને આદરણીય ગણે છે એમ જ બીજા સર્વને પણ ગણે છે—જેમકે, એના માતા, પિતા, ગુરુ વગેરે.

એ જ રીતે જાપાનની પ્રજા શિસ્તબદ્ધ સૈનિકનો, આદર્શ માનવી તરીકે આદર કરે છે, એ એમના ધર્મમાંથી કઈ રીતે ફલિત થાય છે એ સમજવું મુશ્કેલ છે; અને બીજા ધર્મો વિશે પણ આમ કહી શકાય.

૧૧. ઉદ્ધારકનો ખ્યાલ :

જે ધર્મોમાં માનવ અને ઈશ્વરને એક તરીકે લેખવામાં આવ્યા નથી એ ધર્મોમાં ખાસ કરીને હિબ્રૂધર્મ, જરથુસ્તધર્મ અને ખ્રિસ્તીધર્મોમાં ઉદ્ધારકનો ખ્યાલ રજૂ થયો છે.

હિબ્રૂધર્મમાં મૂળથી આવો ખ્યાલ હતો કે કેમ એ નિશ્ચિત નથી. હિબ્રૂઓ જ્યારે પોતાના વતનમાંથી દેશનિકાલ થયા અને બેબિલોનિયામાં રહ્યા હતા ત્યારે,

તેઓને જરથુસ્તધર્મના અનુયાયીઓ સાથે સંપર્ક થયો, અને એને પરિણામે આ બે ધર્મોના સિદ્ધાંતો પર પરસ્પર અસર થઈ હોય એમ મનાય છે. દેવો અને દાનવોના વર્ગોની જરથુસ્તધર્મની ભાવના, તેમ જ પુનરુત્થાન અને ઈશ્વરના ન્યાયની માન્યતા, તેમ જ ભાવિમાં મહાન ઉદ્ધારકના પ્રત્યક્ષીકરણનો ખ્યાલ, વગેરેની અસર હિબ્રૂધર્મ પર થઈ હોય એમ મનાય છે.

મસીયાહના ખ્યાલમાં એવા ધર્મપ્રવર્તક અને મોક્ષદાતાનો વિચાર કરવામાં આવ્યો છે જેઓ ભવિષ્યમાં ધર્મ અનુયાયીઓના પુનરુત્થાનને માટે પ્રત્યક્ષ થાય. આવા ઉદ્ધારકમાં વિશ્વાસ રાખવાની વાત યહૂદીધર્મમાં કરવામાં આવી છે

જે માણસ પુણ્ય કર્મ કરે છે એ તો ઈશ્વરાદેશ અનુસાર કાર્ય કરતો હોવાથી એને તો યોગ્ય ન્યાય મળી રહેશે. પરંતુ જેઓએ પાપાચરણ કર્યું હોય એમનું શું ? ઈશ્વરના ન્યાયીપણા અને એમની દયાભાવનાની વચ્ચે સમન્વય સાંધતો એવો આ મસીયાહનો ખ્યાલ છે. જે માણસો પાપાચરણ કરે છે તેઓ પણ પોતાનાં કર્મોનું પ્રાયશ્ચિત્ત કરતા જ હોય એમ સ્વીકારવામાં આવે છે અને આવા માણસોને મસીયાહ મદદરૂપ થાય છે. એ એમના ઉદ્ધારક નેતા બને છે, અને એ રીતે એમની મારફતે ઈશ્વરનો હેતુ પાર પડે છે.

હિબ્રૂધર્મના અનુયાયીઓને એટલી શ્રદ્ધા હતી કે જેહોવા ભાવિમાં કોઈ મસીયાહને જરૂરથી મોકલશે. આવા નેતાનો ઉલ્લેખ રાજા[૫૭] તરીકે અથવા તો ભરવાડ[૫૮] તરીકે અથવા તો ભક્ત અને સેવક તરીકે[૫૯] કરવામાં આવ્યો છે.

ખ્રિસ્તીધર્મમાં મસીયાહનો ખ્યાલ હિબ્રૂધર્મમાંથી કે જરથુસ્તધર્મમાંથી આવ્યો છે એ ચોક્કસ કરવું શક્ય નથી. કારણ કે 'નવા કરાર'માં એવી નોંધ મળે છે કે જિસસના જન્મ પછી પૂર્વ પ્રદેશમાંથી કેટલાક વિદ્વાન માનવીઓ જિસસને જોવા માટે આવ્યા હતા. એમ કહેવાય છે કે આ માણસો જરથુસ્તધર્મના પુરોહિતો હતા.[૬૦] આથી મસીયાહનો વિચાર જરથુસ્તધર્મના આ અનુયાયીઓના સંપર્કના પરિણામે છે, કે જેમાંથી ખ્રિસ્તીધર્મ ઉદ્ભવ્યો છે એ હિબ્રૂધર્મની અસર છે, એ નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

---

૫૭ જેરેમિયાહ, ૨૩ : ૫; ૩૦ : ૯

૫૮ મિકાહ, ૫ : ૨ – ૫; એઝેકિયન ૩૪ : ૨૩; ૩૭ : ૨૪

૫૯ ઈસાઈઆહ, ૫૨ : ૧૩ – ૧૫; ૫૩ : ૧ – ૧૨; એઝેકિયન ૩૪ : ૨૪

૬૦ મેથ્યુ, ૨ : ૧

બીજી એક બાબત પણ નોંધવા જેવી છે. બાઇબલમાં જરથુસ્તધર્મના અનુયાયીઓના વખાણ કરવામાં આવ્યા છે. ઈસાઈઆહમાં[૬૧] એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જેહોવાએ એક જરથુસ્તી રાજા સાયરસને બોલાવ્યા ત્યારે તેમને ઈશ્વરના અવતારી પુરુષ તરીકે સંબોધ્યા હતા. આ જ પ્રમાણે જિસસને માટે મસીયાહનો થયેલો શબ્દપ્રયોગ તેઓ અવતારી પુરુષ હતા એમ સૂચવવા વપરાયેલ હોય એ સંભવિત છે. જેહોવાએ સાયરસને ઈશ્વરના અવતારી પુરુષ તરીકે સંબોધવા ઉપરાંત 'મારા ભરવાડ'[૬૨] તરીકેનું સંબોધન પણ કરેલું છે. અહીંયાં એ નોંધવું જોઈએ કે હિબ્રૂધર્મમાં ઇસાઈઆહનો બ્યાલ હોવા છતાં, અને ખ્રિસ્તીધર્મ હિબ્રૂધર્મની સાથે પોતાનો સંપર્ક જાળવવા ઉપરાંત, એમનાં શાસ્ત્રોનો સ્વીકાર કરવા છતાં પણ, જિસસને 'મસીયાહ' તરીકે સ્વીકારતા નથી.

૧૨. ધર્મનો રચનાત્મક વિકાસ :

આદિમ ધર્મમાંથી સંસ્કૃતધર્મની ઉત્પત્તિ કેવી રીતે થઈ છે એનો ઉલ્લેખ અન્યત્ર થયો છે. જગતના પ્રવર્તમાન બધા જ ધર્મો આવી રીતે આદિમ ધર્મની પશ્ચાદ્‌ભૂમાંથી ઉપસ્થિત થયા છે. આ ધર્મોનો રચનાત્મક વિકાસ કયા સ્વરૂપે થયો છે એનો ઉલ્લેખ શૉડર બ્લોમે[૬૩] એમના ૧૯૩૧ના ગીફર્ડ લેકચર્સમાં કર્યો છે.

એમના મંતવ્ય અનુસાર પ્રત્યેક ધર્મનો વિશિષ્ટ વિકાસ અમુક સ્વરૂપે થયો છે એમ કહી શકાય. પ્રવર્તમાન ધર્મોને અનુલક્ષીને એમણે સૂચવેલો વિકાસ આ રીતે રજૂ કરી શકાય.

જરથુસ્તધર્મ	: અનિષ્ટની સામેના સંઘર્ષ તરીકે
જૈનધર્મ	: મનોવિજ્ઞાન તરીકે
બૌદ્ધધર્મ (હિનયાન)	: મનોવિજ્ઞાન તરીકે
હિબ્રૂ પયગંબરો	: અંતરાત્માયુક્ત આચરણ તરીકે
ચીનાઈ સાધુઓ	: અંતરાત્માયુક્ત આચરણ તરીકે
હિબ્રૂધર્મ	: આવિષ્કાર (revelation) તરીકે
ખ્રિસ્તીધર્મ	: એકમ અદ્વિતીય આવિષ્કાર તરીકે

અહીંયાં શૉડર બ્લોમ વિવિધ ધર્મોના વિકાસનું સ્વરૂપ રજૂ કરવા પ્રયત્ન કરે છે. એમણે હિબ્રૂધર્મ અને ખ્રિસ્તીધર્મ તેમ જ હિબ્રૂ પયગંબર અને ચીનાઈ

૬૧ ઈસાઈઆહ, ૪૫ : ૧

૬૨ એજ, ૪૪ : ૨૮

૬૩ શૉડર બ્લોમ, ધી લિવિંગ ગોડ,; ઑકસફર્ડ યુનિ. પ્રેસ, ૧૯૩૩

સાધુઓ તરફથી પ્રાપ્ત થયેલા ધર્મોના સ્વરૂપની રજૂઆત કરી એ સામાન્ય રીતે સ્વીકારી શકાય.

જૈનધર્મનો રચનાત્મક વિકાસ મનોવિજ્ઞાન તરીકે થયો છે કે જ્ઞાનમીમાંસા તરીકે થયો છે, એ પ્રશ્ન ચર્ચાસ્પદ છે. આપણે અન્યત્ર કરેલી રજૂઆત અનુસાર બૌદ્ધ-ધર્મ મનોવિજ્ઞાનનો આશ્રય લઈને આગળ વધ્યું છે, જ્યારે જૈનધર્મ જ્ઞાનમીમાંસાનો આશ્રય લઈને આગળ વધેલ છે. આથી જ એનો રચનાત્મક વિકાસ કદાચ જ્ઞાનમીમાંસા તરીકે કહેવો વધુ વાજબી રહેશે. વળી તપશ્ચર્યા પર જે ભાર જૈનધર્મમાં મૂકવામાં આવે છે એવો ભાર જગતના અન્ય કોઈ ધર્મમાં મૂકવામાં આવતો નથી. તપશ્ચર્યામય જીવન એ જ સાચું જીવન છે, એમ જૈનધર્મ પ્રતિપાદિત કરતો હોય, તો એના રચનાત્મક વિકાસને તપશ્ચર્યા તરીકે કેમ ન ઓળખાવી શકાય? ભાક્તને એમણે આવી રીતે ઓળખવાનો પ્રયાસ કર્યો છે.

એ જ રીતે જરથુસ્તધર્મના રચનાત્મક વિકાસને એમણે અનિષ્ટ સામેના સંઘર્ષ તરીકે ઓળખાવ્યો છે. વિવિધ ધર્મોની વિચારણા કરતી વખતે આપણે એ જોયું છે કે પ્રત્યેક ધર્મ અનિષ્ટના અસ્વીકાર માટે બોધ આપે છે. અનિષ્ટની સામેના સંઘર્ષ તરીકે તો ઇસ્લામધર્મ પણ કયાં ભાર નથી મૂકતો? જરથુસ્તધર્મનો રચનાત્મક વિકાસ અનિષ્ટની સામેના સંઘર્ષ કરતાં પણ ઇષ્ટ અને અનિષ્ટના યુદ્ધની કલ્પનાની પૂર્ણાહુતિ એમણે જે રીતે રજૂ કરી છે એમાં વધુ વાજબી રીતે વ્યતીત થાય છે.

ગમે તે એક ધર્મનો રચનાત્મક વિકાસ અમુક વિશિષ્ટ પ્રકારનો છે એમ કહેવાના પ્રયત્નમાંથી આવી સ્થિતિ સર્જાય છે. શું આપણે એમ ન કહી શકીએ કે પ્રત્યેક ધર્મનો રચનાત્મક વિકાસ માનવ-દેવ સ્વરૂપની પિછાનમાં છે?

૩.૩ ધર્મ–યુગલ–જૂથ તુલના

પ્રવેશક :

આગલા પ્રકરણમાં આપણે, અમુક ધર્મબોધ વિષય લઈને, તે ઉપર વિવિધ ધર્મોનાં મંતવ્યો શા છે, એની તુલનાત્મક વિચારણા કરી. અહીં આપણે બે કે વધારે ધર્મો લઈને તેમનો તુલનાત્મક વિચારણા હાથ ધરીશું.

આ ગ્રંથના બીજા વિભાગમાં વ્યક્તિગત ધર્મની રજૂઆત કરતી વખતે જે ચર્ચાઓ કરી છે તેને અનુલક્ષીને, તેમ જ ત્રીજા વિભાગના બીજા પ્રકરણમાં જે ચર્ચાઓ કરી છે તે લક્ષમાં રાખી, ત્યાં રજૂ ન થયેલા એવા કેટલાક મુદ્દાઓની અહીંયાં વિચારણા કરીશું. આથી પુનરુક્તિ દોષમાંથી મુક્ત રહેવાશે. જોકે થોડી અનિવાર્ય એવી પુનરુક્તિ થાય પણ ખરી. ધર્મ–યુગલની તુલનાત્મક વિચારણા હાથ ધરવામાં આપણો ઉદ્દેશ કોઈપણ બે કે વધારે ધર્મોનાં વિવિધ અંગોની જે તે ધર્મની વિચારણાનો તુલનાત્મક ખ્યાલ મેળવવાનો છે.

આ વિચારણા કરતી વખતે જે ધર્મ–યુગલની તુલના કરતા હોઈએ તેમાં સામ્ય અને વિરોધના સામાન્ય મુદ્દાઓ સ્પષ્ટ કરી, એક સામાન્ય પ્રકારની સમાલોચના આપવાનો પ્રયાસ કરીશું. આ કાર્ય પદ્ધતિસર થઈ શકે એ માટે જે ધર્મોની વચ્ચે તુલના કરવાના હોઈએ, તેમના બોધના કોઠાઓ રજૂ કરી ઉપર આલેખ્યા અનુસારની વિચારણા હાથ ધરીશું.

૧. હિંદુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ :

	હિંદુધર્મ	જૈનધર્મ	બૌદ્ધધર્મ
૧. સ્થાપના	: ઈ. સ. પૂ. ૨૦૦૦	ઈ. સ. પૂ. ૫૯૯	ઈ. સ. પૂ. ૫૬૦
૨. સ્થાપક	: કોઈ નહિ.	વર્ધમાન-મહાવીર	ગૌતમ બુદ્ધ
૩. ધર્મસ્વરૂપ	: મૂળ ધર્મ	વિરોધી-વિચલક	વિરોધી-વિચલક
૪. પ્રસાર	: ભારત	ભારત	પૂર્વના દેશો
૫. ધર્મશાસ્ત્રો	: વેદ વ. સંસ્કૃતમાં	અંગો-પ્રાકૃતમાં	ત્રિપિટીકા-પાલીમાં
૬. ઈશ્વર	: બ્રહ્મ (નિર્ગુણ) ઈશ્વર (સગુણ)	નહિ-પાછળથી મહાવીર અને તીર્થંકરો	નહિ – પાછળથી બુદ્ધ
૭. જીવ	: બ્રહ્મ આવિર્ભાવ	સત્ય	અસત્ય
૮. પાપનું કારણ	: બ્રહ્મસ્વરૂપનું અજ્ઞાન	શરીર ઉપાધિ	તૃષ્ણા
૯. પાપ-વિમોચન માર્ગ	: બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિ	તપશ્ચર્યા	તૃષ્ણા પર કાબૂ
૧૦. તપશ્ચર્યા	; ઐચ્છિક	અતિ મહત્ત્વની	મહત્ત્વની
૧૧. કર્મ	; કર્મ સિદ્ધાંત સ્વીકાર	કર્મસિદ્ધાંત સ્વીકાર	કર્મસિદ્ધાંત સ્વીકાર
૧૨. મોક્ષ	: બ્રહ્મએકત્વ	જગતના મોહમાંથી આત્માની મુક્તિ	શાંતિ અવસ્થા નિર્વાણ
૧૩. જગત	: માયા-સ્વરૂપ-અસત્ય	સત્ય	અસત્ય
૧૪. નીતિ	: વ્યાવહારિક દૃષ્ટિએ અગત્ય, પરમાર્થિક દૃષ્ટિએ જરૂર નહીં.	નિષેધ યાદી	માર્ગ તરીકે અગત્ય

આ કોઠા ઉપરથી આપણે એ જોઈ શકીશું કે આ ત્રણ ધર્મોનાં વિવિધ ચૌદ અંગોનો એમાં ખ્યાલ આપવામાં આવ્યો છે. આ ત્રણેય ધર્મોનો સમગ્ર ખ્યાલ આવી શકે એ માટે આ કોઠો તૈયાર કર્યો છે. એમાં રજૂ થયેલાં વિવિધ અંગોની ચર્ચા આ ગ્રંથના બીજા વિભાગમાં, અને આ વિભાગના બીજા પ્રકરણમાં આગળ થયેલી છે. એથી અહીંયાં આપણે માત્ર એવા મુદ્દાઓ પર લક્ષ્ય આપીશું, જે મહત્ત્વના હોય.

આ ત્રણેય ધર્મો ભારતમાં ઉદ્ભવ પામ્યા, એ સિવાય લગભગ બધી જ બાબતમાં એમનામાં તફાવત છે. હિંદુધર્મ ઈશ્વરનો નિર્ગુણ અને સગુણ સ્વરૂપે બહુ વ્યાપક ખ્યાલ આપે છે, જ્યારે જૈનધર્મ અને બૌદ્ધધર્મ, ઈશ્વર વિશેની

વિચારણાની ગડમથલમાં પડતા નથી. અને આમછતાં, ધાર્મિક લાગણીને અતિ જરૂરી એવી દેવભાવના આ બંને ધર્મોમાં પાછળથી પ્રવેશે છે, અને જૈનધર્મમાં મહાવીરને, અને બૌદ્ધધર્મમાં બુદ્ધને દેવસ્થાને સ્થાપવામાં આવે છે.

જૈનધર્મ અને બૌદ્ધધર્મ બંને, હિંદુધર્મના વિરોધી હોઈ, બંનેમાં હિંદુધર્મના ધર્મશાસ્ત્રોનો સ્વીકાર થતો નથી, અને એથી એ બંને ધર્મો માટે પોતાના આગવાં ધર્મશાસ્ત્રો આપવાની જરૂરિયાત ઉપસ્થિત થઈ હતી. ઈશ્વરનો ખ્યાલ આ શાસ્ત્રોમાં રજૂ કરવામાં ન આવ્યો હોવા છતાં, પ્રમાણ તરીકે શાસ્ત્રોની અગત્ય આ બંને ધર્મોએ સ્વીકારી એ સ્પષ્ટ થાય છે. જે શાસ્ત્ર-પ્રમાણ હિંદુધર્મમાં એમણે સ્વીકાર્યું નહીં, એવું શાસ્ત્ર-પ્રમાણ એમના ધર્માનુયાયીઓ એમના ધર્મગ્રંથ માટે સ્વીકારે એવી રજૂઆત એમના તરફથી થઈ.

અનિષ્ટ અથવા પાપની સમસ્યાની વિચારણા આપણે અન્યત્ર કરી છે. અહીંયાં એ નોંધવું જોઈએ કે પાપનાં કારણ તરીકે ત્રણેય ધર્મો વિશિષ્ટ પ્રકારની રજૂઆત કરે છે. હિંદુધર્મની દૃષ્ટિએ બ્રહ્મ સ્વરૂપનું અજ્ઞાન સર્વ અનિષ્ટોના મૂળમાં છે—જો અનિષ્ટ હોય તો. જ્યારે જૈનધર્મમાં માનવીય દેહ સર્વ પાપનું મૂળ છે અને બૌદ્ધધર્મમાં તૃષ્ણા એ અનિષ્ટનું મૂળ છે. હિંદુધર્મ જ્યારે જ્ઞાનપ્રાપ્તિ પર ભાર મૂકે છે, ત્યારે જૈનધર્મ તપશ્ચર્યા પર ભાર મૂકે છે અને બૌદ્ધધર્મ તૃષ્ણાના ત્યાગ પર ભાર આપે છે. આમ, આપણે જોઈ શકીશું કે બૌદ્ધધર્મ મનની આકાંક્ષા પર, જૈનધર્મ દેહના કાર્ય પર અને હિંદુધર્મ જ્ઞાન ઉપર ભાર આપે છે.

સૃષ્ટિ વિશેનો ખ્યાલ તત્ત્વજ્ઞાનનો વિષય હોવા છતાંય ધર્મમાં એ વિષય એ રીતે અગત્યનો બને છે કે ઈશ્વર પરમસત્ય હોય અને એ જો સર્વ સત્તાધારી હોય તો એ સર્વ સર્જક પણ હોવા જ જોઈએ, અને એથી જગત એનું સર્જન છે એમ કહેવું જોઈએ. હિંદુધર્મમાં સંપૂર્ણ અદ્વૈતની સ્થિતિમાં બ્રહ્મ સિવાય અન્ય કંઈનો સ્વીકાર કરવામાં આવતો નથી અને એથી જેમ જીવ એ બ્રહ્મનો આવિર્ભાવ છે, એ જ પ્રમાણે જગત પણ બ્રહ્મનો આવિર્ભાવ છે, અને એથી બ્રહ્મજ્ઞાનની દૃષ્ટિએ જગત અને જીવનું સ્વતંત્ર અસ્તિત્વ અસત્યરૂપ છે. એ લક્ષ્યમાં લેવાવું જોઈએ કે બૌદ્ધધર્મ પણ જીવ અને જગત બંનેને અસત્ય તરીકે લેખે છે. પરંતુ જે કારણસર એ આ બંનેને અસત્ય લેખે છે, તે હિંદુધર્મના કારણ કરતાં ભિન્ન છે. બૌદ્ધ તત્ત્વજ્ઞાનમાં શૂન્યવાદ અને ક્ષણવાદનો સ્વીકાર થયો છે. આ આધારે જીવ અને જગત બંને ક્ષણિક છે અને એથી અસત્ય છે. આમ હિંદુધર્મમાં જીવ અને જગત બંને અસત્ય હોવા છતાં બ્રહ્મ સત્ય છે એમ સ્વીકારાય છે, ત્યારે બૌદ્ધધર્મમાં

જીવ અને જગત બંનેને અસત્ય તરીકે સ્વીકારી, અન્ય કોઈ તત્ત્વને સત્યસ્થાને સ્થાપવામાં આવ્યું નથી. આની તુલનામાં જૈનધર્મમાં જીવ અને જગત બંનેને સત્ય તરીકે સ્વીકારવામાં આવ્યાં છે. જૈનધર્મમાં જરથુસ્તધર્મની જેમ દ્વૈતવાદ છે એ આપણે નોંધવું જોઈએ. જૈનધર્મનો દ્વૈતવાદ જડ અને ચેતન તત્ત્વના સ્વીકારમાં સમાયેલો છે, જ્યારે જરથુસ્તધર્મનો દ્વૈતવાદ ઇષ્ટ અને અનિષ્ટ તત્ત્વોના સ્વીકારમાં રહેલો છે. જૈનધર્મ જડને અનિષ્ટ તરીકે સ્વીકારી એની સાથે જે જે કંઈ સંકળાયેલ છે, તે પણ અનિષ્ટમય બને છે એવો બોધ આપે છે. જીવ અને જગત બંનેને સત્ય તરીકે સ્વીકારી જૈનધર્મ જરથુસ્તધર્મની જેમ આત્મતત્ત્વ અને જડતત્ત્વને એકમેકની સાથે મૂકે છે. આમ બંધ પછી આત્મતત્ત્વ જડતત્ત્વથી નિર્લેપ રહે એ માટે તપશ્ચર્યાનો માર્ગ સૂચવે છે. આમ, આપણે જોઈશું કે જીવ અને જગતના ઉપદેશમાં હિંદુધર્મ અને બૌદ્ધધર્મ વચ્ચે સમાનતા છે, પરંતુ એ માત્ર બાહ્ય સ્વરૂપની અને એ બંનેને આ મુદ્દા પર જૈનધર્મ સાથે તફાવત છે.

અહીંયાં આપણે જૈનધર્મ અને બૌદ્ધધર્મની, હિંદુધર્મમાંથી થયેલી ઉત્પત્તિનો ખ્યાલ કરતા નથી. કારણકે એ વિચાર આપણે અન્ય તુલના કરતી વખતે હાથ ધરીશું. એક જ હિંદુધર્મમાંથી ઉપજેલા જૈનધર્મ અને બૌદ્ધધર્મ માત્ર હિંદુધર્મથી જ જુદાં છે એમ નહિ, પરંતુ એ બંને ધર્મો અંદરોઅંદર પણ ઘણી બાબતોમાં જુદાં છે એનો સામાન્ય ખ્યાલ અહીંયાં આવશે. એ બે ધર્મોના બોધની તુલના આગળ ઉપર હાથ ધરીશું.

૨. હિંદુધર્મ – જૈનધર્મ :

		હિંદુધર્મ	જૈનધર્મ
૧. સ્થાપક	:	કોઈ નહિ	વર્ધમાન – મહાવીર
૨. ધર્મ સ્વરૂપ	:	મૂળ ધર્મ	વિરોધી – વિચલક
૩. ધર્મગ્રંથો	:	વેદ વ. સંસ્કૃતમાં	અંગો – પ્રાકૃતમાં
૪. ઈશ્વર	:	બ્રહ્મ–ઈશ્વર	નહિ
૫. જીવ	:	બ્રહ્મ આવિર્ભાવ	સત્ય
૬. કર્મ	:	કર્મ સિદ્ધાંત સ્વીકાર	કર્મ સિદ્ધાંત સ્વીકાર
૭. પુનર્જન્મ	:	પુનર્જન્મ સ્વીકાર	પુનર્જન્મ સ્વીકાર
૮. મોક્ષ	:	બ્રહ્મ–એકત્વ: ધર્મવિધિ, ઈશ્વરકૃપાનો સ્વીકાર	સ્વપ્રયત્નથી જ પ્રાપ્તિ

૯. યજ્ઞ	: સ્વીકાર	અસ્વીકાર : તપશ્ચર્યા, આત્મ-ત્યાગ, અહિંસા
૧૦. જીવન-વ્યવસ્થા	: આશ્રમની વ્યવસ્થા	કંઈ નહિ.
૧૧. સમાજ-વ્યવસ્થા	: વર્ણાશ્રમ	કંઈ નહિ.

બંનેના દીર્ઘકાલના સહઅસ્તિત્વને પરિણામે થયેલા ફેરફારો :

હિંદુધર્મ	જૈનધર્મ
સગુણ ઈશ્વરનો સ્વીકાર જેવા કે, રામ, કૃષ્ણ, વિષ્ણુ, શિવ, શક્તિ વગેરે.	સગુણ ઈશ્વરનો સ્વીકાર જેમ કે મહાવીર
અનેકેશ્વરવાદ	અનેકેશ્વરવાદ
મૂર્તિપૂજા (જૈનધર્મનો અસર)	મૂર્તિપૂજા (સ્થાનકવાસીમાં નહીં)
મંદિર	મંદિર
પુરોહિત	પુરોહિત
વર્ણવ્યવસ્થા	વર્ણવ્યવસ્થા–દેવમંડળમાં પણ.

જૈનધર્મનો ઉદ્ભવ હિંદુધર્મમાંથી થયો હોવા છતાં એ એમાં પુનર્જન્મના સ્વીકાર સિવાય અન્ય બધી જ બાબતોમાં તફાવત છે.

હિંદુધર્મ અને જૈનધર્મમાં જીવની વિચારણા અલગ રીતે કરવામાં આવી છે. હિંદુધર્મ એક તત્ત્વવાદી છે, જ્યારે જૈનધર્મ દ્વિતત્ત્વવાદી છે.

હિંદુધર્મ અને જૈનધર્મમાં બીજો મહત્ત્વનો તફાવત યજ્ઞ ભાવનામાં છે. હિંદુધર્મમાં યજ્ઞનો સ્વીકાર થયો છે, જ્યારે જૈનધર્મ એનો અસ્વીકાર કરે છે. કોઈપણ ધાર્મિક વિધિનો જૈનધર્મમાં અસ્વીકાર છે, અને છતાં કાળાનુક્રમે જૈનધર્મમાં અનેક પ્રકારની વિધિઓ દાખલ થઈ છે, એ ધર્મના ચાલકબળ તરીકે વિધિનું કેટલું મહત્ત્વ છે, એનો ખ્યાલ આપે છે. હિંદુધર્મમાં વ્યક્તિજીવન વ્યવસ્થા અને સમાજજીવન વ્યવસ્થાનો બોધ અપાયેલો છે જ્યારે જૈનધર્મમાં એવું કાંઈ નથી.

હિંદુધર્મ અને જૈનધર્મની તુલના કરીએ ત્યારે જે મહત્ત્વની વાત કરવાની છે તે એ કે હિંદુધર્મ અને જૈનધર્મ બંને ભારતમાં જ મર્યાદિત રહ્યા છે. આ બંને ધર્મોના ખૂબ લાંબા ગાળાના સહઅસ્તિત્વને પરિણામે બંને ધર્મ પર અરસપરસ અસર થઈ છે, અને એને પરિણામે બંને ધર્મોમાં કેટલાક મહત્ત્વના ફેરફારો થયા છે.

આ ફેરફારોની આપણે વિચારણા કરીએ એ પહેલાં કોઈ પણ એક કે વધારે ધર્મોના એક જ ભૌગોલિક પ્રદેશમાં દીર્ઘકાલીન સહઅસ્તિત્વને પરિણામે આવા ફેરફારો કેવી રીતે થાય છે, એ પ્રક્રિયાનો થોડો ખ્યાલ મેળવી લઈએ. ચીનના ધર્મો વિશે વિચારણા કરતી વખતે આપણે એ જોયું છે કે ચીનમાં કન્ફ્યુશિયન, તાઓ અને બૌદ્ધ ધર્મો પ્રજાજીવનમાં એવા તો ઓતપ્રોત થયા, જેથી ત્રણેય ધર્મોનું સ્વતંત્ર અસ્તિત્વ હોવાં છતાં, અરસપરસની વ્યાપક અસર થઈ. ભારતમાં હિંદુધર્મ અને જૈનધર્મના દીર્ઘકાલીન સહઅસ્તિત્વને પરિણામે લગભગ આવી જ અસર થયેલી જોવામાં આવે છે. અહીંયાં જો કે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે હિંદુધર્મ અને ઇસ્લામધર્મ પણ દીર્ઘકાલ સુધી સાથે રહ્યા છે અને છતાં એમાં આવી ઓતપ્રોતતા જોવામાં આવતી નથી. એ સંભવિત છે કે હિંદુધર્મ અને જૈનધર્મના મહત્ત્વના તફાવત હોવા છતાં, બંને ધર્મોમાં એક જ ભૂમિ અને પ્રજ્ઞની ભાવના વ્યક્ત થાય છે, અને એથી જે-થોડાઘણા તફાવતો છે એ પણ ઓગળી જતાં, બંને ધર્મો અમુક આચારની બાબતો બાદ કરતાં, લગભગ એકસમાન જ બની જાય છે. હિંદુધર્મ અને ઇસ્લામધર્મ વચ્ચે એકેશ્વરવાદના મહત્ત્વના મુદ્દા વિશે સામ્ય હોવા છતાં એ બે ધર્મો લાંબા સમયના સહઅસ્તિત્વ છતાં ઓતપ્રોત થઈ શક્યા નથી એના એક કારણ તરીકે મુસ્લિમધર્મના હાર્દને રજૂ કરી શકાય.

હિંદુધર્મમાં અવતારનો સ્વીકાર પહેલેથી જ થયેલો છે અને એમાં અનેક અવતારો સ્વીકારવામાં આવ્યા છે એની વિચારણા અન્યત્ર આપણે કરી છે. હિંદુધર્મના આ સગુણ ઈશ્વરની ભાવનાની અસર જૈનધર્મ પર થઈ છે અને એને પરિણામે જૈનધર્મમાં પણ પાછળથી મહાવીરનો સગુણ ઈશ્વર તરીકે સ્વીકાર થયો છે. આમ, જૈનધર્મમાં ઈશ્વરભાવના નહોતી ત્યાં ઈશ્વરભાવના દાખલ થઈ છે, એટલું જ નહીં સગુણ ઈશ્વરની ભાવના પણ દાખલ થાય છે, એટલું જ નહીં પરંતુ હિંદુધર્મની અનેકેશ્વરવાદની ભાવના પણ જૈનધર્મને સ્પર્શી જાય છે અને તેથી એમાં પણ અનેકેશ્વરવાદ પ્રવેશે છે. આવું ત્રીજું ક્ષેત્ર વર્ણવ્યવસ્થાનું છે. હિંદુધર્મમાં વર્ણવ્યવસ્થાનો ખ્યાલ સ્વીકારાયો જ છે, જૈનધર્મમાં એ ખ્યાલ નહોતો પરંતુ પાછળથી એમાં વર્ણવ્યવસ્થાનો ખ્યાલ દાખલ થયો. એટલું જ નહીં, પરંતુ એના દેવમંડળમાં પણ આ વિચારની અસર વર્તાય છે. એક તરફે હિંદુધર્મની જો જૈનધર્મ પર આવી અસર પરિણમી છે, તો બીજી તરફે જૈનધર્મની હિંદુધર્મ પર અસર થઈ છે. સ્થાનકવાસી જૈનોમાં મૂર્તિપૂજાની ભાવના નથી. પરંતુ અન્ય

જનસમાજમાં મૂર્તિપૂજાનું સ્થાન છે, અને સામાન્ય માન્યતા એવી પ્રવર્તે છે કે જૈનધર્મની અસર નીચે જ હિંદુધર્મમાં મૂર્તિપૂજા પ્રવેશી છે.

૩. જૈનધર્મ–બૌદ્ધધર્મ :

		જૈનધર્મ	બૌદ્ધધર્મ
૧.	સ્વરૂપ	: હિંદુધર્મ વિરોધ	હિંદુધર્મ વિરોધ
૨.	સ્થાપક	: વર્ધમાન–મહાવીર	ગૌતમ–બુદ્ધ
૩.	હિંદુધર્મ વિરોધ	: વેદોનો અસ્વીકાર ઈશ્વરવાદ–અનેકેશ્વરવાદનો અસ્વીકાર–બ્રહ્મવાદનો અસ્વીકાર	વેદોનો અસ્વીકાર ઈશ્વરવાદ–અનેકેશ્વરવાદનો અસ્વીકાર – બ્રહ્મવાદનો અસ્વીકાર
૪.	ધર્મગ્રંથ	: અંગો–પ્રાકૃત	ત્રિપીટિકા–પાલી
૫.	ઈશ્વર	: મહાવીર–ઈશ્વર તરીકે	બુદ્ધ–ઈશ્વર તરીકે
૬.	જીવ	: સત્ય	અસત્ય
૭.	દયા	: સર્વ–જીવ દયાભાવ	સર્વ–જીવ દયાભાવ
૮.	તપશ્ચર્યા	: અતિ મહત્ત્વની-મોક્ષ પ્રાપ્તિમાર્ગ	મહત્ત્વની–અંતિમ નહીં
૯.	મોક્ષ	: મોહમુક્તિ	શાંતિ અવસ્થા, નિર્વાણ
૧૦.	યજ્ઞ	: વાસના–યજ્ઞ	તૃષ્ણા–યજ્ઞ
૧૧.	નીતિ	: સાપેક્ષ દૃષ્ટિએ મહત્ત્વનું નહીં માત્ર નિષેધ યાદી	ખાસ મહત્ત્વનું–માર્ગ તરીકે અણુવ્રત, મહાવ્રત
૧૨.	જગત	: જગત સત્ય	શૂન્ય
૧૩.	ધર્મસંઘ	: સ્થાપ્યો	સ્થાપ્યો

હિંદુધર્મમાં જન્મેલા વર્ધમાન અને ગૌતમ બંનેએ, પચાસ વર્ષના ગાળામાં, હિંદુધર્મની સામે પ્રચંડ વિરોધ પ્રદર્શિત કરીને, અનુક્રમે જૈનધર્મ અને બૌદ્ધધર્મને જન્મ આપ્યો. પ્રચલિત હિંદુધર્મની સામે એમનો વિરોધ લગભગ સમાન પ્રકારનો હતો. યજ્ઞોમાં થતી હિંસા, પુરોહિતવાદનો વ્યાપક પકડ, વર્ણવ્યવસ્થાનો કડક અમલ અને જનસમુદાયથી વિમુખ એવી ભાષામાં શાસ્ત્રો–એ બંનેના, હિંદુધર્મ સામેના વિરોધના પાયામાં હતા, અને એથી એ બે એની વચ્ચે ઘણા મુદ્દાઓમાં સામ્ય હોય એ સમજી શકાય એમ છે. પરંતુ લગભગ સમાન પશ્ચાદ્‌ભૂમાં સર્જાયેલાં અને લગભગ સમાન પાયા પર આધારિત થયેલા આ બે ધર્મોનો વિકાસ

અલગ રીતે થયો છે, એમના ઉપદેશો ભિન્ન રહ્યાં છે, એમણે પ્રયોગેલી જીવન-પ્રણાલી અલગ અલગ રહી છે અને એમણે આપેલા ઉપદેશોનો આધાર પણ જુદો રહ્યો છે.

જૈનધર્મ દ્વૈતવાદી છે, જ્યારે બૌદ્ધધર્મ શૂન્યવાદી છે અને એથી એમના જીવ અને જગતના વિચારોમાં એટલી ભિન્નતા રહેલી છે. ગૌતમ બુદ્ધ બૌદ્ધદર્શન પામ્યા એ પહેલાં, જે પ્રક્રિયામાંથી તેઓ પસાર થયા એમાં એમણે એટલું પ્રાયશ્ચિત્ત કર્યું કે દેહ કષ્ટ યા બાહ્ય તપશ્ચર્યા, જીવનધ્યેયની પ્રાપ્તિમાં સહાયક અને એમ નથી, એવી પ્રતીતિ એમને થઈ. આ માત્ર એમનો બોધ હતો એમ નહીં પરંતુ એમના પોતાના અનુભવમાં સિદ્ધ કરેલી હકીકત હતી, અને એથી જ્યારે જૈનધર્મમાં તપશ્ચર્યા પર અપાર ભાર મૂકવામાં આવે છે ત્યારે બૌદ્ધધર્મમાં એવો કોઈ ભાર મૂકવામાં આવતો નથી.

જૈનધર્મમાં તપશ્ચર્યા પર જે અતિ ભાર મૂકવામાં આવે છે એ જ કારણને લીધે કદાચિત્ તે ધર્મ હિંદુસ્તાનનો બહાર પ્રસરી શક્યો નહિ હોય. માનવીનું ઘડતર એવું છે, કે એને દેહ, બુદ્ધિ, હૃદય એ ત્રણેયના સંતોષની જરૂરિયાત હોય છે. જે કોઈ ધર્મ આ ત્રણમાંથી ગમે તે એકનો સદંતર ઇન્કાર કરે એ ધર્મ કયાં તો, મર્યાદિત અનુયાયીઓ પૂરતો જળવાઈ રહે, અથવા તો બાહ્યાચારમાં અટવાઈ પડે. બૌદ્ધધર્મની શરૂઆતની કક્ષાએ જ એનું સ્વરૂપ પલટાતું થયું અને હિનયાન અને મહાયાન એવા એ ધર્મના બે ફાંટા પડયા. જે પરિસ્થિતિ જૈનધર્મની થઈ, લગભગ એવી જ બૌદ્ધધર્મના હિનયાન માર્ગની થઈ. આ બંને પ્રકારો વિશે જો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવામાં આવે તો ધર્મપ્રસારનાં અવરોધક બળોનો કદાચ ખ્યાલ પામી શકાય.

જૈનધર્મ અને બૌદ્ધધર્મમાં જે ત્યાગની વાત છે એ, એકમાં 'વાસનાની' અને બીજામાં 'તૃષ્ણાની'. વાસના એ દૈહિક છે અને તૃષ્ણા માનસિક છે. દૈહિક વાસનાનો તપશ્ચર્યાપૂર્વક બળથી સામનો કરવામાં આવે તો પણ મનનો વાસનાભાવ તૃષ્ણા શું નાબૂદ થશે જ? એથી ઊલટું મનની તૃષ્ણા જ કાબૂમાં લેવામાં આવે તો દેહનો વાસનાભાવ આપોઆપ અદૃશ્ય થાય. બુદ્ધનો આ વિચાર મનોવૈજ્ઞાનિક પાયા પર રચાયેલો છે, જ્યારે જૈનધર્મનો આ વિચાર બાહ્યાચાર પર આધારિત છે. આથી બૌદ્ધધર્મમાં માનસિક તૃષ્ણાના ઊર્ધ્વીકરણની વાત છે અને જેમ જેમ મનનું ઊર્ધ્વીકરણ થતું જાય તેમ તેમ તૃષ્ણા નિર્મૂળ થતી જાય અને દૈહિક વાસના આપોઆપ અદૃશ્ય થાય. એથી ઊલટું, જો દેહવાસનાને તપશ્ચર્યાના બળથી દબાવવામાં આવે, તો એ સંભવ છે કે ધર્મ અનુયાયીના ભયને લીધે, કે આદેશોના

પાલનની સૂઝવિહોણી, પણ વિશ્વાસભરી ભાવનાને લીધે, દૈહિક વાસનાઓને બાધ રીતે દબાવવામાં આવે તો યે તે માનવીની ચેતન અવસ્થામાંથી મરી પરવારી છે, એમ કહી શકાય ખરું ? પ્લેટો કહે છે તેમ 'ખરાબ માણસો જે કરે છે તેના સારા માણસો સ્વપ્ન જુએ છે.' અને વાસનાના માર્જનમાંથી જ દેહ અને મનની વિકૃતિઓ જન્મી નથી ? સિગમંડ ફ્રોઇડનો મનોવિશ્લેષણનો સિદ્ધાંત આના પર આધારિત છે. એટલું જ નહિ, પરંતુ એમના પછી મનોચિકિત્સા-વિદ્યાનો જે વિકાસ થયો છે તે એમ સૂચવે છે, કે માનવીના અસંતુષ્ટ આત્માને સાજો કરવા એ પ્રયત્નશીલ રહે છે. એક અર્થમાં શું પ્રત્યેક ધર્મ પણ આ જ કાર્ય કરતો નથી ? અને એથી જૈનધર્મ પણ આત્મતત્ત્વને સિદ્ધ કરવા માટે જ આ માર્ગ રજૂ કરે છે. પરંતુ સંભવિતતા છે કે તપશ્ચર્યાના માર્ગને લીધે આત્માની ખોજને બદલે આત્મા ખોવાનો પ્રસંગ નીપજે. તપશ્ચર્યાને પ્રાધાન્યપણે સ્થાપતા જૈનધર્મના અનુયાયીઓમાં, તેમ જ એના સાધુગણમાં તપશ્ચર્યાનું પ્રમાણ કેટલું છે અને મનોચિકિત્સા માટે કેટલા દર્દીઓ છે એની વિસ્તૃત તપાસ ન થાય ત્યાં સુધી, આ વિશે કંઈ ચોક્કસ રીતે કહી શકાય નહિ. છતાં પણ એટલું તો જરૂર કહેવાય કે દેહને અને દેહની જરૂરિયાતને નીચી કક્ષાની ગણી તેનો સદંતર અસ્વીકાર કરવામાં આવે, એટલું જ નહીં પરંતુ તેનો અનાદર કરવામાં આવે, એ માનવસ્વભાવનો સાથે કેટલે અંશે સુસંગત છે એ વિચારણાનો પ્રશ્ન છે.

૪. હિંદુધર્મ-ખ્રિસ્તીધર્મ :

		હિંદુધર્મ	ખ્રિસ્તીધર્મ
૧. ઈશ્વર	:	નિર્ગુણ બ્રહ્મ, અદ્વૈત સત્, ચિત, આનંદ, પાપ-પુણ્ય અને મન-વાણીથી પર	સગુણ ઈશ્વર સ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ, પ્રેમકારુણ્યની મૂર્તિ
૨. જીવ	:	બ્રહ્મ આવિર્ભાવ	પ્રભુ-પિતાનો પુત્ર, સ્વતંત્ર
૩. અનિષ્ટ	:	અસત્ય અવિદ્યા તથા વર્ણધર્મ-ભંગને લીધે સર્વ દુઃખો અને જન્મોજન્મ	સત્ય અનિષ્ટ-ઈશ્વર, સમાજ અને સ્વ સામે. અનિષ્ટની સામેની લડાઈમાં બધા ખ્રિસ્તી જોડાય
૪. મુક્તિ	:	બ્રહ્મએકત્વ	પાપ-નિવારણ

ધર્મ-યુગલ-જૂથ તુલના

૫. મુક્તિ–			
	પ્રાપ્તિ માર્ગ :	ત્રણ માર્ગો જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ	ઈશ્વર કૃપા, ઈશ્વર માટેના પ્રેમથી અને ઈશ્વરાદેશના પાલનથી
૬. જગત	:	માયા સ્વરૂપ–અસત્ય	પ્રભુનું સર્જન. નૈતિક અને આધ્યાત્મિક જીવન જીવવાની તક આપે છે
૭. સમાજ			
વ્યવસ્થા	:	વર્ણાશ્રમ ધર્મ	પ્રભુનું સામ્રાજ્ય, માનવભ્રાતૃત્વ

હિંદુધર્મ અને ખ્રિસ્તીધર્મમાં અગત્યના એવા બધા જ વિષયોમાં તફાવત છે. ખ્રિસ્તીધર્મની ઈશ્વરની કલ્પના એના ત્રિસ્વરૂપના વિચારમાં રજૂ થઈ છે. આ ત્રિસ્વરૂપમાં પ્રત્યેક અંશ અલગ અલગ રીતે સ્વીકારાયો છે. હિંદુધર્મમાં પરમ ઈશ્વરની નિર્ગુણ સ્વરૂપે અને ઈશ્વરની ભાવના સગુણ સ્વરૂપે રજૂઆત પામી છે. પરંતુ નિર્ગુણ ઈશ્વર અને સગુણ ઈશ્વર એ ભિન્ન નથી પણ એક જ છે. એ અદ્વૈત ભાવના ઉપર, હિંદુધર્મમાં સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

એવી જ રીતે જીવ વિચાર વિશે પણ હિંદુધર્મ અને ખ્રિસ્તીધર્મમાં મૂળભૂત તફાવત છે. જીવ એ બ્રહ્મ–તત્ત્વ કરતાં નિરાળો નથી, અને એથી જીવનું અસ્તિત્વ હોવાં છતાં એનામાં દિવ્યશક્તિ છે, જેનું પ્રત્યક્ષીકરણ એને થઈ શકે. ખ્રિસ્તીધર્મમાં જીવને પ્રભુના પુત્ર તરીકે સ્વીકારવામાં આવ્યો છે અને તેમ છતાં એ સંપૂર્ણપણે ઈશ્વરત્વ પામી શકે એવો સ્વીકાર થયો નથી. ખ્રિસ્તીધર્મમાં પાછળથી દાખલ થયેલા રહસ્યવાદી વિચારો આનો સ્વીકાર કરે છે એ અલગ વાત છે.

જો બ્રહ્મ જ સર્વસ્વ હોય તો અનિષ્ટ માટે કોઈ સ્થાન હોઈ શકે નહિ અને એથી હિંદુધર્મમાં અનિષ્ટને અસત્ય તરીકે ઓળખાવાય છે. ખ્રિસ્તીધર્મમાં તો અનિષ્ટનો સ્પષ્ટ રીતે સ્વીકાર થાય છે. હિંદુધર્મના અનિષ્ટના અસ્વીકારને કેટલીક વેળા યોગ્ય રીતે સમજવામાં આવતો નથી. પરમતત્ત્વ એ એક જ હોવાથી અને જીવ અને જગત એના આવિર્ભાવ હોવાથી, એ સત્ય નહિ તો પણ એના અંશરૂપ છે. અનિષ્ટના અનુભવોને હિંદુધર્મ એ રીતે સમજાવવાનો પ્રયાસ કરે છે. એક તો, સમસ્ત વિશ્વ આયોજનમાં અનિષ્ટ એ રીતે નિર્માયું છે કે એને મુકાબલે ઇષ્ટ સમજાય અને ઇષ્ટ પ્રાપ્તિને માટે પ્રયાસ થતો રહે. બીજું, જગતમાં અનિષ્ટ જેવું કંઈ છે જ નહીં અને જે કંઈ છે તે વધુ ઇષ્ટ કે ઓછું ઇષ્ટ એમ જ ઓળખાવી શકાય.

આ જ પ્રમાણે મુક્તિ અને મુક્તિ-પ્રાપ્તિના માર્ગ વિશે પણ આ બે ધર્મોમાં તફાવત છે. ખ્રિસ્તીધર્મ પાપ-નિવારણ પર ભાર મૂકે છે અને આમ કરીને એનો ઝોક દૃષ્ટ આચરણ અથવા નિયમપાલન તરફ વધારે હોય એમ વર્તાય છે. હિંદુધર્મમાં બ્રહ્મએકત્વની અવસ્થાની પ્રાપ્તિ, જે જ્ઞાનને પરિણામે પ્રાપ્ત થાય, અથવા તો ભક્તિમાર્ગે કે કર્મને માર્ગે પ્રાપ્ત થાય છે, તેના પર ભાર મૂકાય છે. મનુષ્ય-સ્વભાવનાં વિવિધ અંગોને લક્ષમાં રાખીને હિંદુધર્મમાં મુક્તિના માર્ગો સૂચવાયા છે, જ્યારે ખ્રિસ્તીધર્મમાં આદેશ પાલન, પ્રભુપ્રેમ અને પ્રભુકૃપાને મુક્તિના માર્ગ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ખ્રિસ્તીધર્મની કલ્પના એક સત્તાધારી વ્યવસ્થા સાથે સરખાવી શકાય. ઈશ્વર એક એવા સત્તાધીશ છે જેના આદેશનું પાલન કરવામાં આવે તો જ એની કૃપા પ્રાપ્ત થઈ શકે અને તો જ મુક્તિ મળે. આવી સત્તાભાવના (Authoritativeness)નો હિંદુધર્મમાં અભાવ છે, અને એથી જ પરબ્રહ્મ તત્ત્વને પામવાને માટે, પોતાની પ્રકૃતિને અનુરૂપ અને અનુકૂળ થઈ પડે એ પ્રકારના વિવિધ માર્ગો આયોજ્યા છે.

જીવને વિશે જે કહ્યું એ જગતને વિશે પણ કહી શકાય. ખ્રિસ્તીધર્મ જગતને અસત્ય તરીકે નહીં, પરંતુ સત્ય તરીકે અને પ્રભુના સર્જન તરીકે સ્વીકારે છે. એટલું જ નહીં પરંતુ એ એમ પણ સ્વીકારે છે કે સૃષ્ટિ એ તો એક એવું સ્થાન છે જ્યાં માનવીને નૈતિક અને આધ્યાત્મિક જીવન જીવવાની તક મળે છે. આ દૃષ્ટિએ ખ્રિસ્તીધર્મમાં માનવદેહનો અને સૃષ્ટિનો યોગ્ય સ્વીકાર થયેલો જોવામાં આવે છે.

સમાજવ્યવસ્થા વિશેના હિંદુધર્મ અને ખ્રિસ્તીધર્મના ખ્યાલો પણ ભિન્ન છે. હિંદુધર્મની સમાજ-વ્યવસ્થા, એના વર્ણવ્યવસ્થાના ઉપદેશમાંથી સમજી શકાય છે. ખ્રિસ્તીધર્મમાં માનવ ભ્રાતૃભાવ પર ભાર મૂકી પ્રભુના સામ્રાજ્યનો વિચાર કરવામાં આવ્યો છે. માનવ ભ્રાતૃભાવ અને પ્રભુનું સામ્રાજ્ય, આદર્શો તરીકે ખરેખર સુંદર છે, પરંતુ વ્યવહારમાં સમાજ-વ્યવસ્થા કયા પાયા ઉપર થઈ શકે એનો સચોટ ખ્યાલ હિંદુધર્મ આપવા પ્રયાસ કરે છે. એવું બને કે હિંદુધર્મની સૂચવાયેલી વર્ણવ્યવસ્થા સામે વાંધો હોય, પરંતુ સમાજ-વ્યવસ્થા માટે સમાજના જૂથોની કંઈક વ્યવસ્થા અનિવાર્ય છે એનો ઇન્કાર કેમ થઈ શકે?

ખ્રિસ્તીધર્મમાં દયા, પરોપકાર, પ્રેમ જેવા નૈતિક મૂલ્યો પર સવિશેષ ભાર મૂકવામાં આવે છે. એની સામે હિંદુધર્મમાં જ્ઞાનમૂલ્યો પર વધુ ભાર મુકાય છે. જીવનના સમગ્ર ફલકને આવરી લેવા છતાં, હિંદુધર્મ મુખ્યત્વે જ્ઞાન પ્રાધાન્ય છે,

જ્યારે ખ્રિસ્તીધર્મ સદ્‌ગુણ પ્રધાન છે. ખ્રિસ્તીધર્મના બહોળા ફેલાવવામાં કદાચ આ બાબત કારણભૂત ન હોય — કારણકે ધર્મોનો ફેલાવો કેટલીક વેળા એના બોધ પર નહીં, ફેલાવાના જે માર્ગો એ અખત્યાર કરે છે એના પર આધારિત હોય છે – તો યે એના સ્વીકારમાં આ એક મહત્ત્વનું કારણ બને છે.

૫. બૌદ્ધધર્મ–ખ્રિસ્તીધર્મ :

		બૌદ્ધધર્મ	ખ્રિસ્તીધર્મ
૧.	સ્વરૂપ	: હિંદુધર્મના વિરોધમાં, વિચલનથી	હિબ્રૂધર્મના વિરોધમાં, સુમેળથી
૨.	સ્થાપક	: ગૌતમ બુદ્ધ	જીસસ ક્રાઇસ્ટ
૩.	ઈશ્વર	: શાંત રહે છે–પાછળથી બુદ્ધ ઈશ્વર તરીકે	ત્રિસ્વરૂપ
૪.	જીવ	: અસત્ય–ક્ષણિક–નિરર્થક	સત્ય, ઈશ્વરનું સંતાન
૫.	પાપ	: ભાવનાજન્ય–અતૃપ્ત વાસના	ઈશ્વરના આદેશનો ભંગ
૬.	પાપવિમોચનઃ	વાસનાનું દમન–સદ્‌માર્ગ	સદ્‌માર્ગ–ઈશ્વર કૃપા
૭.	મોક્ષ	: શાંતિ અવસ્થા–નિર્વાણ	પાપરહિત જીવ
૮.	ધર્મ ઉદ્ધારક	: નથી	માને છે.
૯.	કર્મ	: કર્મ સિદ્ધાંત સ્વીકારે છે. કર્મ અમૂર્ત છે.	ઈશ્વર મનુષ્યની માનવતા વિકસાવવા કર્મ સિદ્ધાંતનો ઉપયોગ કરે છે
૧૦.	નીતિ	: બૂમ અગત્ય–ઈશ્વરથી સ્વતંત્ર.	ઈશ્વર આધારિત અને ઈશ્વર દીધેલ આદેશપાલન તે નીતિ
૧૧.	માનવદેહ	: પીડાકારક અને પ્રતિબંધરૂપ	નૈતિકજીવન તથા આધ્યાત્મિક જીવન શક્ય બનાવે છે

ભારતમાં ઉત્પન્ન થયેલો પરંતુ આજે એશિયાના વિવિધ દેશોમાં પ્રચલિત થયેલો બૌદ્ધધર્મ અને દુનિયાના લગભગ બધા જ દેશોમાં પ્રસરેલા ખ્રિસ્તીધર્મમાં ઘણું સામ્ય છે. બંને ધર્મોમાં કરુણા, દયા અને પ્રેમ પર ખૂબ ભાર મૂકવામાં આવે છે. પરંતુ એમના સામ્યનું ઊંડાણ આ બાહ્ય બાબતો કરતાં પણ સવિશેષ છે.

આ બંને ધર્મોનો ઉદ્‌ભવ લગભગ સમાન પ્રકારે થયો છે. પ્રવર્તમાન હિંદુધર્મના અસ્વીકાર અને તેના વિરોધમાંથી બૌદ્ધધર્મ જન્મ્યો, અને એ જ રીતે હિબ્રૂધર્મના વિરોધમાંથી ખ્રિસ્તીધર્મની ઉત્પત્તિ થઈ. પરંતુ ઉત્પત્તિની આ સમાનાવસ્થા હોવા છતાં, પોતાના મૂળ ધર્મને અનુલક્ષીને આ બંને ધર્મોમાં મહત્ત્વનો તફાવત છે. બૌદ્ધધર્મે હિંદુધર્મનો સદંતર અનાદર કર્યો. એણે હિંદુધર્મનાં શાસ્ત્રો સ્વીકાર્યાં નહીં અને હિંદુધર્મમાં ઉપદેશાયેલ અનેક બોધોનો વિરોધ

કર્યો. હિંદુધર્મના થતા આચરણમાંથી એમનો વિરોધ જન્મ્યો હતો. એથી એનો એ અસ્વીકાર કરે એ સ્વાભાવિક હતું. તો બીજી તરફે જિસસના હિબ્રૂધર્મના વિરોધનો પ્રકાર તદ્દન ભિન્ન છે. એમણે હિબ્રૂધર્મના સ્થાપકનો, હિબ્રૂધર્મના પયગંબરોનો, હિબ્રૂધર્મનાં શાસ્ત્રોનો સ્વીકાર કર્યો અને હિબ્રૂ અનુયાયીઓને પણ પ્રેમભાવથી પોતાના ધર્મજૂથમાં સમાવવા પ્રયત્ન આદર્યો. આમ, બુદ્ધનો માર્ગ વિચલનનો હતો, જિસસનો માર્ગ સુમેળનો હતો.

ખ્રિસ્તીધર્મમાં ઈશ્વરનો ખ્યાલ પહેલેથી જ બહુ સ્પષ્ટ રીતે આપવામાં આવ્યો છે અને ઈશ્વરનું સ્વરૂપ લોકભોગ્ય બને એ માટે હિબ્રૂધર્મના જેહોવાના એકેશ્વરવાદને ત્રિસ્વરૂપની રીતે રજૂ કરવામાં આવ્યો છે. ગૌતમ બુદ્ધ ઈશ્વરનો ઇન્કાર કરે છે કે અનાદર કરે છે એમ કહી શકાય નહીં. એમના સમયને માટે જે મહત્ત્વની બાબત હતી એના પર ભાર મૂકી એમણે તાત્ત્વિક પ્રશ્નોની ચર્ચામાં ઊતરવાની જરૂરિયાત જોઈ નહીં અને એથી ઈશ્વરનો કોઈ ખ્યાલ એમણે રજૂ કર્યો નહીં. અને છતાંય ઈશ્વરના ખ્યાલ વિનાનો ધર્મ કાળક્રમે ઈશ્વરનો ખ્યાલ દાખલ કરે જ.[૬૪] એ રીતે બૌદ્ધધર્મમાં પણ ઈશ્વરનો ખ્યાલ દાખલ થયો અને બુદ્ધને એ સ્થાને બેસાડવામાં આવ્યા.

---

૬૪ The religious consciousness demands a personal God: no profound & enduring relation to the non-personal in practicable "

–પ્રિંગલે પેટ્ટીશન, ધી ફિલોસોફિકલ રેડીકલ્સ, લંડન, ૧૯૦૭, પા. ૨૧૦

" The centre of religious thought must always be the conception of God. Despite the differences in the thoughts of God in different traditions, the meaning of God in terms of experience is the same for all men. The worship of God is the deepest of all common bonds, in the human family."

–હોકિંગ રિલિજિયન્સ એન્ડ મોડર્ન લાઈફ, પા. ૩૬૬

God is a discovery; the idea of God is an invention. Religious experience turns on the discovery of God. The constantly changing ideas of God may be said to be the inventions by which the meaning & significance of the basic discovery are made avilable for life "

–ફ્રુમ્આઈન, વિધર ક્રિશ્ચિયાનીટી, સંપાદક–હાઉ, ન્યુયોર્ક–૧૯૨૯, પા. ૭૧

દેવભાવનાની આ પ્રબળતા વિશે થોડી રજૂઆત જરૂરી છે. માનવીની વિવિધ જરૂરિયાતોમાં આધ્યાત્મિક જરૂરિયાત પણ એક છે. એનો સ્વીકાર કેટલાક વિચારકો અને ખાસ કરીને ભૌતિકવાદીઓ તથા માનવતાવાદીઓ કરતા નથી. માનવીને કેટલીક વ્યક્તિગત દૈહિક જરૂરિયાતો ઉપરાંત કેટલીક સામાજિક જરૂરિયાતો છે એ સાચું. પરંતુ પ્રત્યેક માનવીને એક યા બીજા સમયે પોતાની આધ્યાત્મિક જરૂરિયાત વર્તાય છે. દૈહિક સુખની અનેક સગવડો હોવા છતાં, ભૌતિક આનંદને માટેની સંપૂર્ણ સ્થિતિ સર્જાયેલી હોવા છતાં, એની આધ્યાત્મિક ભૂખ કદીક ઊઘડે છે, એનો ગૌતમ બુદ્ધ સિવાય બીજો કયો વધુ સારો પ્રત્યક્ષ પુરાવો હોઈ શકે? પોતાના પુત્રને વિશેની ભવિષ્યવાણી સાંભળીને ગૌતમના પિતાએ તેમની દૈહિક અને ભૌતિક જરૂરિયાતો સંતોષવા માટે એટલું બધું ધ્યાન આપ્યું કે એ જ જાણે દુનિયામાં સર્વસ્વ છે એવો ખ્યાલ ગૌતમને આવે. અને આમ છતાં, એમનામાં રહેલી આધ્યાત્મિક જરૂરિયાત આ સર્વ વૈભવ અને સુખમાં સંતોષાઈ નહીં. આ સુખ તો એમને દુઃખમય લાગ્યું અને સત્ય સુખની શોધમાં એમણે જ્યારે સર્વનો ત્યાગ કરીને મહાભિનિષ્ક્રમણ કર્યું ત્યારે તેઓ અંતરની આધ્યાત્મિક જરૂરિયાતની શોધમાં જઈ રહ્યા હતા એમ કેમ ના કહેવાય?

પ્રત્યેક માનવમાં આવી એક આધ્યાત્મિક જરૂરિયાત રહેલી છે અને એથી દેહના ભોગો, સંસારનાં સુખો, નીતિના આદેશો, આચરણ, બુદ્ધિની વિલક્ષણતા અને તર્કની પ્રાપ્તિ એને સંતોષી શકતી નથી. સમાજની વ્યક્તિ તરીકે ઇષ્ટ પ્રકારનો સમાજ-વ્યવહાર પણ એને સંતોષી શકતો નથી. એને લગની છે, એક એવા તત્ત્વની શોધની જે માત્ર ભૌતિક તત્ત્વ નથી, માત્ર નૈતિક કે સામાજિક તત્ત્વ નથી, પરંતુ એક એવું મહાન તત્ત્વ જેમાં આ બધાંય તત્ત્વોનું સમન્વયપૂર્વકનું સંમિશ્રણ થયું હોય. એ તત્ત્વ એવું હોય જેની સાથે એ નિર્મળભાવે વાર્તાલાપ કરી શકે-ભાષાના ઉપયોગ વિના, જેની સાથે એકત્વ પામી શકે-ભાવાત્મક રીતે. માનવીની આવી આધ્યાત્મિક જરૂરિયાત દેવભાવનામાં જ સંતોષાય છે પોતાનામાં રહેલી આવી આધ્યાત્મિક જરૂરિયાતની શોધમાં નીકળેલા ગૌતમે, બુદ્ધ સ્વરૂપે અન્ય માનવીઓમાં પણ, આવી જ આધ્યાત્મિક જરૂરિયાત રહેલી છે એ ન જોયું. દેવ-ભાવનાનો ખ્યાલ ન આપ્યો, તોયે એમના તરફ એમના ઉપદેશોને લીધે આકર્ષાયેલા એમના અનુયાયીઓને જ્યારે આ આધ્યાત્મિક જરૂરિયાત લાગી ત્યારે, એમણે બુદ્ધને જ દેવસ્થાને સ્થાપ્યા.

જીવનના સ્વરૂપ વિશે પણ બૌદ્ધધર્મ અને ખ્રિસ્તીધર્મમાં મહત્ત્વનો તફાવત છે. ખ્રિસ્તીધર્મ જ્યારે માનવીને ઈશ્વરના સંતાન તરીકે નવાજે છે ત્યારે બૌદ્ધ-

ધર્મ એના ક્ષણિકવાદની સાથે સુસંગત રહી જીવને ક્ષણિક વર્ણવે છે, અને એના શૂન્યવાદ સાથે સાથે સુસંગત રહી એને નિરર્થક તરીકે ઓળખાવે છે. અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જો ખરેખર જીવ પોતે ક્ષણિક હોવાથી અસત્ય હોય તો એણે અન્ય કોઈ અવસ્થા પ્રાપ્ત કરવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

મોક્ષની બાબતમાં પણ ખ્રિસ્તીધર્મ અને બૌદ્ધધર્મમાં મૂળભૂત તફાવત છે બૌદ્ધધર્મ એ સ્પષ્ટપણે જણાવે છે કે પ્રત્યેક માનવીએ પોતાની મુક્તિ પોતાની મેળે જ હાંસલ કરવાની છે અને એમાં અન્ય કોઈ સહાય કરી શકે એમ નથી. આમ બૌદ્ધધર્મમાં સ્વઆધારે અને સ્વપ્રયત્ને જ નિર્વાણની અવસ્થા પ્રાપ્ત કરવી શક્ય છે, જ્યારે ખ્રિસ્તીધર્મમાં મોક્ષપ્રાપ્તિને માટે વ્યક્તિના પોતાના પ્રયત્નો ઉપરાંત ઈશ્વરની કૃપા ઉપર પણ એટલો જ ભાર મૂકવામાં આવે છે.

આ સિવાયના અન્ય મુદ્દાઓની ચર્ચા અન્યત્ર થયેલી હોઈ એની રજૂઆત નહીં કરીએ.

૬. હિંદુધર્મ-શીખધર્મ

		હિંદુધર્મ	શીખધર્મ
૧	સ્થાપક	: કોઈ નહિ	નાનક
૨	ધર્મસ્વરૂપ	: મૂળ	સમન્વયકારી
૩	ધર્મગ્રંથો	: વેદ વ. સંસ્કૃતમાં વિપુલ સાહિત્ય	ગ્રંથસાહેબ-ગુરુમુખી.
૪	ઈશ્વર	: બ્રહ્મ (નિર્ગુણ) ઈશ્વર (સગુણ) અનેકેશ્વરવાદ-બ્રહ્મવાદ	પરબ્રહ્મ-ગૂઢ નિર્ગુણતત્ત્વ. એકેશ્વરવાદ – બ્રહ્મવાદ
૫	જીવ	: બ્રહ્મ આવિર્ભાવ	સત્ય
૬	મોક્ષ	: બ્રહ્મએકત્વ	બ્રહ્મજ્ઞાન, બ્રહ્મએકત્વ
૭	મોક્ષપ્રાપ્તિ માર્ગ	: જ્ઞાન, ભક્તિ. કર્મ	સત નામ જપ
૮	કર્મ	: કર્મ સિદ્ધાંત સ્વીકાર	કર્મસિદ્ધાંત સ્વીકાર
૯	પુનર્જન્મ	: પુનર્જન્મ સ્વીકાર	પુનર્જન્મ સ્વીકાર
૧૦	જગત	: મિથ્યા	તુચ્છ
૧૧	કર્મકાંડ	: વ્યાવહારિક સત્તાએ સ્વીકાર	કર્મકાંડ તપ વ. નો અસ્વીકાર
૧૨	જીવન-વ્યવસ્થા	: આશ્રમધર્મ	કંઈ નહિ
૧૩	સમાજ-વ્યવસ્થા	: વર્ણધર્મ	વર્ણધર્મ વિરોધ

જે રીતે જનધર્મ અને બૌદ્ધધર્મ હિંદુધર્મમાંથી ઉદ્ભવ્યા છે એ રીતે શીખધર્મ હિંદુધર્મમાંથી ઉદ્ભવ્યો નથી. પરંતુ હિંદુધર્મ અને ઇસ્લામધર્મના દીર્ઘકાલીન સહઅસ્તિત્વને પરિણામે એ બંનેના સમન્વયકારી પ્રયાસ તરીકે શીખ-ધર્મ ઉદ્ભવ્યો છે એમ કહી શકાય.

હિંદુધર્મ અને જૈનધર્મની તુલના કરતી વખતે આપણે એ જોયું કે, એ બંને ધર્મોમાં મૂળ સ્વરૂપે અનેક ભેદ હોવા છતાં, એક જ પ્રદેશમાં દીર્ઘકાલના સહ-અસ્તિત્વને પરિણામે, અરસપરસની અસર વ્યાપક પ્રમાણમાં અને મહત્ત્વના બોધ વિષયોમાં તથા આચરણમાં થઈ છે. તે વેળા આપણે એવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે હિંદુધર્મ અને ઇસ્લામનું પણ એક જ પ્રદેશમાં દીર્ઘકાલનું સહઅસ્તિત્વ હોવા છતાં પરસ્પરની આવી અસર વર્તાતી નથી. અહીંયાં આપણે હિંદુધર્મ અને શીખધર્મનો તુલના કરીએ છીએ. હવે પછી ઇસ્લામ અને શીખ ધર્મની તુલના કરીશું. એ બંને તુલનાને પાસપાસે મુકીશું ત્યારે સમજાશે કે હિંદુધર્મ અને ઇસ્લામધર્મની એકબીજાની પરસ્પર વ્યાપક અસર ન થઈ હોવા છતાં, એની અસર જરૂર હતી એનો નિર્દેશ શીખધર્મમાંથી પ્રાપ્ત થાય છે.

જૈનધર્મ અને બૌદ્ધધર્મનો ઉદ્ભવ હિંદુધર્મના વિરોધમાંથી થયો અને એથી એમણે વિચલનનો માર્ગ લીધો. શીખધર્મે હિંદુધર્મની સામે એવો કોઈ બળવો પોકાર્યો હોય એવું જાણવામાં નથી અને છતાં હિંદુધર્મના બધા ય અંશોનો એમાં સ્વીકાર નથી, એના કેટલાક અંશોનો ફેરફાર કરી એમાં સુધારો કરવામાં આવ્યો છે, એ વાત પણ એટલી જ સાચી. આથી હિંદુધર્મને મુકાબલે જો જૈનધર્મને અને બૌદ્ધધર્મને વિચલક તરીકે ઓળખાવવામાં આવે તો શીખધર્મને સમન્વયી તરીકે જરૂર ઓળખાવી શકાય.

શીખધર્મનો ધર્મગ્રંથ હિંદુધર્મના ધર્મગ્રંથ કરતા ભિન્ન છે અને છતાં એટલું નોંધી શકાય કે જેમ હિંદુધર્મના ધર્મગ્રંથો ધર્મશાસ્ત્રોમાં સતત સમાવિષ્ટ થતા રહ્યા, તેમ જ શીખધર્મના ધર્મગ્રંથ વિશે પણ થયું.

ઈશ્વરના ખ્યાલમાં શીખધર્મે હિંદુધર્મના પરબ્રહ્મનો ખ્યાલ સ્વીકાર્યો. બ્રહ્મનું નિર્ગુણ તત્ત્વ શીખધર્મમાં સ્વીકારાયું અને એથી હિંદુધર્મનો બ્રહ્મવાદ એણે સ્વીકાર્યો. પરંતુ એની સાથે જ હિંદુધર્મમાં પ્રાપ્ત ઈશ્વરનું સગુણ સ્વરૂપ તેમ જ અનેકેશ્વરવાદની ભાવના શીખધર્મમાં સ્થાન પામી નહીં. આમ, ઈશ્વર ભાવનામાં શીખધર્મ પર ઇસ્લામના એકેશ્વરવાદની વ્યાપક અસર છે, એ સ્પષ્ટ રીતે જોઈ શકાશે.

હિંદુધર્મના ધર્મ સ્વરૂપનો સ્વીકાર કરીને, એની અનેકેશ્વરવાદની ભાવનાને તેમજ સગુણ ઈશ્વરના ખ્યાલને દૂર કરવાનો પ્રયાસ માત્ર શીખધર્મમાં ગુરુ નાનક દ્વારા

થયો છે એમ નહીં, પરંતુ એવો પ્રયાસ બ્રહ્મોસમાજના સ્થાપક રાજા રામમોહન રૉયના હાથે પણ થયો છે એ આપણે હિંદુધર્મની વિચારણા વખતે જોયું છે.

એ જ રીતે જીવના ખ્યાલમાં, હિંદુધર્મ અને શીખધર્મ વચ્ચે મહત્ત્વનો ભેદ છે. ઇસ્લામધર્મની જેમ શીખધર્મ જીવને સત્ય તરીકે સ્વીકારે છે અને એને બ્રહ્મના આવિર્ભાવ તરીકે સ્વીકારતો નથી.

ધાર્મિક વિધિ વિશે પણ શીખધર્મ અને હિંદુધર્મમાં આવો જ તફાવત છે. હિંદુધર્મમાં વ્યાવહારિક સત્તાની કક્ષાએ વિધિ પ્રકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે, પરંતુ શીખધર્મમાં વિધિનો, તપશ્ચર્યાનો તથા કર્મકાંડનો સંપૂર્ણ અભાવ છે, એટલું જ નહીં પણ એનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. આ બાબતમાં પણ શીખધર્મ ઇસ્લામધર્મની વધુ નજીક છે.

બીજું, એક ક્ષેત્ર કે જેમાં હિંદુધર્મ અને શીખધર્મ વચ્ચે તફાવત છે તે હિંદુધર્મના વર્ણધર્મ સ્વીકારનો અને શીખધર્મના વર્ણધર્મ વિરોધનો. પ્રભુના સાન્નિધ્યમાં સર્વ જીવ સમાન છે એ આધારે શીખધર્મમાં માનવ–માનવ વચ્ચેના કોઈપણ ભેદનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. માનવ સમાનતાનો આ આદર્શ ઇસ્લામમાં પ્રાપ્ત થાય છે અને શીખધર્મમાં આનો સંપૂર્ણ સ્વીકાર થયો છે. આમ, આપણે જોઈશું કે અનેક બાબતોમાં શીખધર્મ હિંદુધર્મ કરતાં ઇસ્લામધર્મની વધુ સમીપ છે, અને છતાં કેટલીક બાબતોમાં શીખધર્મ હિંદુધર્મની વધુ સમીપ છે. આવા સમાન ક્ષેત્રમાં મોક્ષના વિચારની રજૂઆત કરી શકાય. હિંદુધર્મ તેમ જ શીખધર્મમાં મોક્ષ અવસ્થાનો સમાન સ્વીકાર છે. બ્રહ્મજ્ઞાન કે બ્રહ્મએકત્વમાં મોક્ષની પ્રાપ્તિ છે એમ બંને સ્વીકારે છે. ઈશ્વર ઐકયના આ રહસ્યવાદી (mystical) અનુભવનું ધર્મમાં અગત્યનું સ્થાન છે. જે જે ધર્મોએ ઈશ્વર અને જીવ અલગ કહ્યાં છે તે ધર્મોમાં પણ એક તબકકે જીવ–ઈશ્વર ઐકય ભાવના દાખલ થઈ છે, અને તે દ્વારા વિશિષ્ટ પ્રકારની જીવની આધ્યાત્મિક જરૂરિયાત સંતોષવામાં આવી છે. જીવ–ઈશ્વરના એકત્વની આ અનુભૂતિ વિવિધ પ્રકારે થયેલી આલેખવામાં આવે છે અને આવી અનુભૂતિના આધારે એક ધર્મ બીજા ધર્મની વધુ સમીપ આવે છે.

પરંતુ, આ બ્રહ્મએકત્વની અનુભૂતિ પ્રાપ્ત કરવાના માર્ગોમાં હિંદુધર્મ જ્ઞાન, ભક્તિ અને કર્મનો સમાવેશ કરે છે, ત્યારે શીખધર્મમાં સતનામ જપનો સ્વીકાર થયેલો છે. જપનું સ્થાન હિંદુધર્મમાં પણ સ્વીકારાયું છે પરંતુ તે વિશેષ કરીને ભક્તિ માર્ગમાં. જ્યારે ઇસ્લામમાં જપનું વિશિષ્ટતાપૂર્વકનું સ્થાન છે કારણકે એ ધર્મ અનુસાર જીવે અલ્લાહનું શરણ સ્વીકારવાનું છે અને એથી મોક્ષની

અવસ્થા વિશે હિંદુધર્મ અને શીખધર્મમાં સમાનત્વ હોવા છતાં, એની પ્રાપ્તિને માટે શીખધર્મને ઇસ્લામધર્મ સાથે વધુ સમાનત્વ છે.

હિંદુધર્મની જેમ જ શીખધર્મ પણ કર્મ સિદ્ધાંતનો સ્વીકાર કરે છે અને પુનર્જન્મનો સ્વીકાર કરે છે. આ બંને સિદ્ધાંતો હિંદુધર્મમાં મહત્ત્વના છે પરંતુ હિંદુધર્મનો કર્મ સિદ્ધાંત પ્રારબ્ધવાદ તરફ દોરી જતો નથી એની સ્પષ્ટતા હિંદુધર્મની વિચારણામાં આપણે કરી છે. શીખધર્મનો કર્મવાદ પ્રારબ્ધવાદ તરફ ઝૂકતો હોય એમ વર્તાય છે.

૭. ઇસ્લામ-શીખ ધર્મ :

	ઇસ્લામધર્મ	શીખધર્મ
૧. સ્થાપક	: મહમદ	નાનક
૨. ધર્મશાસ્ત્ર	: કુરાન-એરેબિક	ગ્રંથસાહેબ-ગુરુમુખી
૩. ઈશ્વર	: અલ્લાહ, એકેશ્વરવાદી, સર્વોપરી સત્તા, મૂર્તિપૂજા વિરોધી	ગુરુનામ-સતનામ-એકેશ્વરવાદી, સર્વોપરી સત્તા, મૂર્તિપૂજા વિરોધી
૪. જીવ	: સત્ય	સત્ય
૫. મોક્ષ	: ન્યાયનો દિવસ-જીવનો સંપૂર્ણ છૂટકારો નહીં	બ્રહ્મજ્ઞાન, બ્રહ્મએકત્વ
૬. મોક્ષપ્રાપ્તિમાર્ગ	: અલ્લાહનું શરણ, નામ જપ, પ્રાર્થનાપૂર્વક ધર્મનિષ્ઠ જીવન	ગુરુનું શરણ, નામ, જપ પ્રાર્થનાપૂર્વક ધર્મનિષ્ઠ જીવન
૭. કર્મ	કર્મ સિદ્ધાંત સ્વીકાર કિસ્મત	કર્મ સિદ્ધાંત સ્વીકાર પ્રારબ્ધવાદ
૮. જગત	: સત્ય-ભોગ માટે	તુચ્છ
૯. કર્મકાંડ	: અસ્વીકાર, ઉપવાસ-રમઝાનમાં	અસ્વીકાર, એવું કંઈ નહીં
૧૦. ગુરુ-પરંપરા	: મહમદ પછી ખલીફા પરંપરા	ગુરુ-પરંપરા
૧૧. સંગઠન	ધાર્મિક લશ્કરી જૂથ,-લડાયક ભાવના	ધાર્મિક લશ્કરી જૂથ, લડાયક ભાવના

હિંદુધર્મ અને શીખધર્મની તુલના કરતી વખતે ઇસ્લામધર્મ અને શીખધર્મ વચ્ચેની સમાનતાના કેટલાક મુદ્દાઓનો આપણે ઉલ્લેખ કર્યો. એ મુદ્દાઓની રજૂઆત કરીને પાછી અહીંયાં નહીં કરીએ. અહીંયાં આપણે એ બાબતો તપાસવા પ્રયાસ

કરીશું કે ઇસ્લામ અને શીખ ધર્મમાં કયા મહત્ત્વના તફાવતો છે, તથા જે પ્રશ્નોમાં એમની વચ્ચે સમાનતા છે તે એક સરખી છે કે વિવિધ પ્રકારની છે.

શીખધર્મના સ્થાપક ગુરુ નાનક અને ઇસ્લામધર્મના સ્થાપક મહમદના વ્યક્તિગત જીવનનો જે ખ્યાલ આપણે પ્રાપ્ત કર્યો છે, એ પરથી એક બાબત સ્પષ્ટ થશે કે નાનકનું ઘડતર અને ચારિત્ર્ય વિશિષ્ટ પ્રકારનું હતું, અને છતાંય મહમદના, એમના ધર્મ દ્વારા અપાયેલા, બોધની અસર નાનક પર બહુ સ્પષ્ટપણે પડી હતી.

બે ધર્મો જુદા છે એથી એ બંનેનાં ધર્મશાસ્ત્રો અલગ હોય એ સમજી શકાય એવી બાબત છે. પરંતુ ધર્મશાસ્ત્ર અંગે ઇસ્લામ અને શીખ ધર્મ વચ્ચે જે સમાનતા છે તે એ કે મહમદના પોતાના સમયમાં કુરાનની રચના થઈ ન હતી, અને એ જ પ્રમાણે ગુરુ નાનકના સમયમાં ગ્રંથસાહેબની રચના થઈ ન હતી. આ બંને ધર્મ-સંસ્થાપકોના દેહવિલય પછી જ એમણે ઉપદેશેલા ધાર્મિક બોધનો એમના ધર્મના ધર્મશાસ્ત્રમાં સમાવેશ કરવામાં આવ્યો.

શીખધર્મ અને ઇસ્લામધર્મ વચ્ચે જો કોઈ અતિ મહત્ત્વનો સમાન વિચાર હોય તો તે પરમતત્ત્વનો છે. સૃષ્ટિનું પરમતત્ત્વ એક છે અને તેનો આશ્રય અને શરણ બધાએ જ સ્વીકારવું જોઈએ, એની ભારપૂર્વક રજૂઆત જેમ ઇસ્લામમાં કરવામાં આવી છે તેમ શીખધર્મમાં પણ કરવામાં આવી છે, એકેશ્વરવાદની બાબતમાં ઇસ્લામ કે શીખ ધર્મ કોઈપણ પ્રકારની બાંધછોડ કરતા નથી અને છતાં પરમતત્ત્વને માટે ઇસ્લામ સમાન પ્રકારનો જ શબ્દ-પ્રયોગ કાયમ કરે છે અને એને અલ્લાહ, ખુદા કે રહીમ તરીકે પુકારે છે. કોઈપણ ઇતર ધર્મના પરમતત્ત્વના નામનો શબ્દ પોતાના પરમતત્ત્વને માટે વાપર્યો હોય તો તે માત્ર શીખધર્મે. પરમતત્ત્વનું વર્ણન ન કરી શકાય પરંતુ એનું નામાભિધાન તો શક્ય છે અને પરમતત્ત્વ જો ખરેખર પરમતત્ત્વ જ હોય તો એને શેક્સપિયર કહે છે તે અનુસાર 'નામમાં શું ?' તેમ ગમે તે નામે સંબોધી શકાય. આથી શીખધર્મમાં પરમતત્ત્વના સંબોધનનાં અનેક નામો છે. આમ તો ઘણા ધર્મોમાં પરમતત્ત્વને ઉદ્બોધવાને માટે એક કરતાં વધારે નામોનો ઉપયોગ થાય છે, પરંતુ એ બધાં પોતાના જ ધર્મના, શીખધર્મની જેમ વિવિધ ધર્મોનાં નામો નહીં.

એ જ રીતે મોક્ષ અને મોક્ષપ્રાપ્તિની બાબતમાં ઇસ્લામ અને શીખ ધર્મ વચ્ચે મહત્ત્વનો તફાવત છે. હિંદુધર્મની સાથે શીખધર્મની એ બાબતમાં સમાનતા છે કે મોક્ષની અવસ્થાને તે બ્રહ્મજ્ઞાન તરીકે અથવા બ્રહ્મએકત્વ તરીકે વર્ણવે છે. ઇસ્લામમાં મોક્ષની આવી કોઈ અવસ્થાનો સ્વીકાર થયેલો નથી. એમાં તો ન્યાયના

દિવસનો વિચાર રજૂ થયો છે અને ન્યાયના દિવસે પણ પ્રત્યેક જીવનો સંપૂર્ણ છૂટકારો થશે એવું કહેવાયું નથી.

મોક્ષના વિચારની બાબતમાંના આ તફાવત ઉપરાંત મોક્ષની પ્રાપ્તિને માટેના ઇસ્લામ અને શીખ ધર્મના માર્ગો સમાન લાગે એ સંભવિત છે. કારણકે એ બંને ધર્મોમાં નામજપ પર અને ધર્મનિષ્ઠ જીવન પર ભાર મૂક્વામાં આવ્યો છે. પરંતુ એ સાથે એ નોંધવું જોઈએ કે જીવનની ઉચ્ચતર અવસ્થા પ્રાપ્ત કરવા માટે ઇસ્લામ જ્યારે અલ્લાહના શરણનો વિચાર મૂકે છે ત્યારે શીખધર્મ ગુરુશરણની વાત મૂકે છે.

શીખધર્મમાં 'ગુરુ'નો પ્રયોગ અલ્લાહના સમાનાર્થી તરીકે થતો નથી અને એથી બ્રહ્મએકત્વની પ્રાપ્તિના પ્રયાસમાં ગુરુના શરણનો સ્વીકાર એટલે કોઈ માર્ગદર્શકનો આધાર એવો થાય છે. ઇસ્લામધર્મમાં અલ્લાહના શરણ સિવાય અન્ય કોઈના શરણની વાત સ્વીકારાઈ નથી, જ્યારે અહીંયાં ગુરુશરણનો વિચાર સ્વીકારાયો છે.

કર્મના સિદ્ધાંતની બાબતમાં ઇસ્લામ અને શીખ ધર્મ વચ્ચે સમાનતા પ્રવર્તે છે. પરંતુ એ સમાનતા માત્ર સિદ્ધાંત સ્વીકાર પૂરતી પરિમિત નથી. એના તાત્પર્યની બાબતમાં પણ એ એની વચ્ચે સમાનતા છે. ઇસ્લામમાં કિસ્મતવાદનું પ્રાધાન્ય છે અને શીખધર્મમાં એને અનુરૂપ પ્રારબ્ધવાદનું પ્રાધાન્ય છે. આ બાબતમાં હિંદુધર્મમાં કર્મ સિદ્ધાંતનો સ્વીકાર થયેલો હોવા છતાં, આ બંને ધર્મોથી હિંદુધર્મ અલગ પડે છે. એની રજૂઆત શીખધર્મની હિંદુધર્મ સાથેની તુલના વખતે આપણે કરી. ઇસ્લામ અને શીખધર્મ બંનેમાં જે સર્વોપરી તત્ત્વનો સ્વીકાર થયો છે, એ સર્વોપરી તત્ત્વ સર્વોપરી સત્તાના અર્થમાં છે. એ સર્વોપરી સત્તાનું પ્રાબલ્ય એટલું છે કે એમની ઇચ્છા વિના કંઈજ નીપજતું નથી એવો દૃઢ ખ્યાલ ઇસ્લામ અને શીખ ધર્મ બંનેમાં પ્રવર્તે છે. માનવી જે કંઇ કરે છે એ પરમ સત્તાના આદેશ અનુસાર કરે છે અને એ સત્તાથી અલગ એવી કોઈ કાર્ય સ્વતંત્રતા એમને નથી. પરમતત્ત્વની સર્વોપરી સત્તાના સ્વીકારની સાથે જીવની સ્વતંત્રતાનો જ્યારે અસ્વીકાર કરવામાં આવે ત્યારે એમાંથી પ્રારબ્ધવાદ જન્મે છે.

જગતના ખ્યાલ વિશે પણ ઇસ્લામધર્મ અને શીખધર્મ વચ્ચે મહત્ત્વનો ફેર છે. ઇસ્લામમાં જગતને અલ્લાહના સર્જન તરીકે સત્ય સ્વીકારવામાં આવે છે. જગત ભોગ માટે છે અને એથી એનું અસ્તિત્વ વ્યક્તિના વિકાસમાં અવરોધક લેખવામાં આવતું નથી. શીખધર્મમાં જગતને તુચ્છ તરીકે વર્ણવીને એને કોઈ મહત્ત્વ આપવામાં આવતું નથી.

હિંદુધર્મ, શીખધર્મ અને ઇસ્લામધર્મ એ ત્રણેયનો સર્વગ્રાહી વિચાર કરતાં એમ કહી શકાય કે આધ્યાત્મિક અનુભવની બાબતમાં શીખધર્મ હિંદુધર્મની વધુ સમીપ છે, જ્યારે અન્ય બાબતોમાં શીખધર્મને ઇસ્લામધર્મ સાથે વધુ નિકટતા છે.

૮. હિબ્રૂધર્મ-ખ્રિસ્તીધર્મ :

	હિબ્રૂધર્મ	ખ્રિસ્તીધર્મ
૧. સ્થાપક	: મોઝીઝ	જિસસ
૨. ધર્મ સ્વરૂપ	: મૂળ ધર્મ	સુધારકધર્મ
૩. પ્રસાર	: સ્થાનીય	સર્વત્ર
૪. ધર્મગ્રંથ	: જૂનો કરાર	જૂનો તથા નવો કરાર
૫. ઈશ્વર	: એક પરમ પવિત્ર ઈશ્વર એકેશ્વરવાદ	ત્રિસ્વરૂપ
૬. જીવ	: ઈશ્વર સર્જન	ઈશ્વર પુત્ર
૭. પાપ	: ધાર્મિક ક્રિયાભંગ એ પાપ	નૈતિક સિદ્ધાંતનો ભંગ એ પાપ
૮. પાપ-વિમોચન માર્ગ	: ઈશ્વરકૃપા	ઈશ્વરકૃપા, સ્વપ્રયત્ન
૯. મોક્ષ	: પવિત્ર જીવન	પવિત્ર જીવન
૧૦. મોક્ષ-પ્રાપ્તિ માર્ગ	: ધર્મનિયમ આચરણ	ઈશ્વરકૃપા સ્વપ્રયત્ન
૧૧. કર્મકાંડ	: વધારે પડતો ભાર	એવું નહીં
૧૨. જગત	: સત્ય-ઈશ્વર સર્જન	સત્ય-ઈશ્વર સર્જન

જૈનધર્મ અને બૌદ્ધધર્મની જેમ ખ્રિસ્તીધર્મ પણ હિબ્રૂધર્મમાંથી ઉદ્ભવ્યો છે, પરંતુ તેમની જેમ ખ્રિસ્તીધર્મ એના મૂળ ધર્મની સાથે સંપૂર્ણ વિરોધી ન બનતા, વિચલક નહીં પરંતુ સુધારક ધર્મ તરીકે આગળ આવ્યો છે.

હિબ્રૂધર્મના મુકાબલે ખ્રિસ્તીધર્મનો પ્રસાર અને વિસ્તરણ ખૂબ વ્યાપક રહ્યું છે. હિબ્રુધર્મ ખ્રિસ્તીધર્મના સ્થાપક જિસસનો મસીયાહ તરીકે સ્વીકાર કરતો ન હોવા છતાં, ખ્રિસ્તીધર્મના ધર્મગ્રંથમાં હિબ્રુધર્મના 'જૂના કરાર'નો સમાવેશ થાય છે.

હિબ્રૂધર્મની ઈશ્વર કલ્પના એકેશ્વરવાદની છે. આ એકેશ્વરવાદની કલ્પનાનો વિકાસ હિબ્રૂધર્મમાં કેવી રીતે થયો એનો વિચાર એ ધર્મની વિચારણા કરતી વખતે કરવામાં આવ્યો છે. ખ્રિસ્તીધર્મમાં એવા નિર્ગુણ એક ઈશ્વરનો નહીં પરંતુ ત્રિસ્વરૂપી એક ઈશ્વરનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને એથી ધર્મ અનુયાયીની

જે ધાર્મિક ભાવના સગુણ ઈશ્વર સ્વરૂપમાં સંતોષાય છે એ ખ્રિસ્તીધર્મમાં પરિપૂર્ણ થાય છે, જ્યારે હિબ્રૂધર્મમાં એમ થતું નથી.

હિબ્રૂધર્મમાં ક્રિયાકાંડ પર ભાર મૂકવામાં આવે છે અને ધાર્મિક વિધિના ભંગને પાપ સમાન મનાય છે. એથી ઊલટું ખ્રિસ્તીધર્મમાં નૈતિક સિદ્ધાંતનો આધાર સ્વીકારવામાં આવ્યો છે અને એ અનુસારનું આચરણ આદેશવામાં આવ્યું છે. એવા નૈતિક સિદ્ધાંત પર પ્રસ્થાપિત થયેલા આદેશોનો ભંગ કરવાથી પાપ નીપજે છે, અને છતાં એ પાપનું વિમોચન પણ થઈ શકે છે, અને એ વિમોચનના માર્ગ તરીકે હિબ્રૂધર્મ જ્યારે માત્ર ઈશ્વરકૃપાનો સ્વીકાર કરે છે ત્યારે ખ્રિસ્તીધર્મ ઈશ્વરકૃપા ઉપરાંત સ્વપ્રયત્ન ઉપર પણ ભાર મૂકે છે. આમ, આપણે જોઈશું કે હિબ્રૂધર્મ અને ખ્રિસ્તીધર્મ વચ્ચે ઘણાં સમાન તત્ત્વો છે. એ બે ધર્મોનો સંબંધ મૂળ અને ઉદ્ભવેલાનો હોવા છતાં જે પ્રક્રિયા આપણે હિંદુધર્મ અને બૌદ્ધધર્મના સંબંધમાં, અથવા તો હિંદુધર્મ અને જૈનધર્મના સંબંધમાં અવલોકી એવી પ્રક્રિયા અહીંયાં નીપજી નથી. હિંદુધર્મે બૌદ્ધધર્મનાં મહત્ત્વપૂર્ણ અંગોનો સ્વીકાર કરીને બૌદ્ધધર્મને દેશવટો દીધો એવું કંઈ હિબ્રૂધર્મ કરી શક્યો નથી, અથવા તો દીર્ઘ-કાલના સહઅસ્તિત્વને પરિણામે જે મૂળગામી ફેરફારો હિંદુધર્મ જૈનધર્મમાં દાખલ કરાવી શક્યો એવા કોઈ ફેરફારો હિબ્રૂધર્મ ખ્રિસ્તીધર્મમાં દાખલ કરાવી શક્યો હોય એમ માલૂમ પડતું નથી. મૂળ અને ઉદ્ભવેલા ધર્મોના સંબંધની પ્રક્રિયા ઉપરાંત જે એક ત્રીજી પ્રક્રિયા આપણને જોવા મળી તે શીખધર્મમાં બે ધર્મોના દીર્ઘકાલના અસ્તિત્વને પરિણામે સમન્વયકારી ત્રીજા ધર્મનો ઉદ્ભવ થયો. હિબ્રૂધર્મના અને ખ્રિસ્તીધર્મના સહઅસ્તિત્વથી ભવિષ્યમાં આવો કોઈ સમન્વયકારી ધર્મ ઉદ્ભવ પામશે ખરો ?

અહીંયાં આપણે ધર્મજૂથ કે ધર્મયુગલની તુલનાત્મક વિચારણા કરી. આવી રીતે બીજા અનેક ધર્મોની પણ તુલનાત્મક વિચારણા કરી શકાય. પરંતુ એ બધી શક્યતાઓનો અહીંયાં સમાવેશ કર્યો નથી — એ ધર્મો અગત્યના નથી એટલા માટે નહીં, એમની વચ્ચે તુલના થઈ શકે નહીં એટલા માટે નહીં, પરંતુ એમને વિશે મહત્ત્વના મુદ્દાઓનું સ્પષ્ટીકરણ તેમ જ તુલનાત્મક બાજુઓનો પણ બીજા વિભાગમાં ઉલ્લેખ કરી લેવામાં આવ્યો છે તેથી.

પ્રવેશક :

ધર્મના તુલનાત્મક અધ્યયનની પદ્ધતિઓ, એના અધ્યયનના વિવિધ દૃષ્ટિ-બિંદુઓની શક્યતાઓનો તેમ જ ધર્મના તુલનાત્મક અભ્યાસીનું વલણ કેવા પ્રકારનું હોવું જોઈએ એવા પદ્ધતિ વિષયક પ્રશ્નોની ચર્ચા કરી, આપણે ધાર્મિક સત્ય અને ઇતિહાસની દૃષ્ટિએ ધર્મના બદલાતા સ્વરૂપનું અવલોકન કર્યું. સાથે જ આપણે માનવ-જીવનમાં શાશ્વત કહી શકાય એવું શું એ પ્રશ્ન ઉપસ્થિત કરી ધર્મજીવનની આવશ્યકતાનો પ્રથમ વિભાગમાં સ્વીકાર કર્યો.

બીજા વિભાગમાં આપણો પ્રયાસ જગતના પ્રવર્તમાન અગિયાર ધર્મોની તુલનાત્મક રૂપરેખા આપવાનો રહ્યો. પ્રત્યેક ધર્મમાં કયા મહત્ત્વના મુદ્દાઓ ચર્ચાયા છે, તેમ જ એક ગતિશીલ બળ તરીકે ધર્મનો કેવો અને કેટલો વિકાસ થયો છે એનો, અન્ય ધર્મોને અનુલક્ષીને, આપણે એ વિભાગમાં ખ્યાલ મેળવ્યો.

આ ત્રીજા વિભાગમાં આપણે ધર્મ વિશેના કેટલાક સામાન્ય પ્રશ્નોની વિચારણાથી શરૂઆત કરી, ધર્મના સંગઠક, પ્રગતિકારક તેમ જ અવરોધક બળોનો ખ્યાલ મેળવ્યો. એ પછી આપણે ધર્મબોધનો કોઈ એક નિશ્ચિત વિષય કે વિષય જૂથ લઈને વિવિધ ધર્મોને અનુલક્ષીને એની તુલના કરી. એમ કર્યા પછી ધર્મ-યુગલને પડખે મૂકીને તેમના સમાન અને વિરોધી તત્ત્વોની વિચારણા કરી એની તુલનાત્મક દૃષ્ટિએ સમીક્ષા કરવાનો પ્રયાસ કર્યો.

આપણા અત્યાર સુધીના ધર્મ અભ્યાસે કેટલીક અગત્યની બાબતો પર પ્રકાશ ફેંકયો, અને આપણે એ જોઈ શકયા છીએ કે પ્રત્યેક ધર્મની વિશિષ્ટતા હોવા છતાં, દરેક ધર્મનું અલાયદું નામ-રૂપ હોવા છતાં, પ્રત્યેક ધર્મમાં એવા મહત્ત્વનાં તત્ત્વો છે, જેને સમાન તરીકે સ્વીકારી શકાય. ધર્મોના તુલનાત્મક અધ્યયનનો નિષ્કર્ષ એ જ છે કે ધર્મોની જુદાઈમાંથી, એમાં પ્રાપ્ત થતી સાર્વત્રિક સ્વરૂપની સમાનતાને અવલોકી, એ સમાનતાના પાયા પર, કોઈ ભાવિ ધર્મની રચના થઈ શકે એમ છે કે કેમ એનો વિચાર કરવો.

આથી ત્રીજા વિભાગના આ છેલ્લા પ્રકરણમાં, આપણે શરૂઆતમાં પ્રવર્તમાન ધર્મની વિશિષ્ટતાઓ તારવવા પ્રયાસ કરીશું, અને ત્યાર બાદ સામાન્ય રીતે જેને ધર્મના કટ્ટર વિરોધી તરીકે સ્વીકારવામાં આવે છે એ સામ્યવાદ પણ, આ વિશિષ્ટતાઓને અનુલક્ષીને, ધર્મજૂથમાં સમાવિષ્ટ થઈ શકે એમ છે કે કેમ, એની વિચારણા કરીશું. આ બધી વિચારણાને પરિણામે ભાવિ ધર્મના પાયા પ્રાપ્ત કરવાનો આપણો પ્રયાસ રહેશે.

આવા પાયાનો ખ્યાલ પામ્યા પછી, એવા પાયા ઉપર કોઈ ઇમારત રચવાનો પ્રયાસ થયો છે કે કેમ એ જાણવાની જિજ્ઞાસાએ, ધર્મ સમન્વયના થયેલા વિવિધ પ્રયાસોનો ઉલ્લેખ કરીશું. એમ કરીને ભાવિ ધર્મનું જે કંઈ દિશાસૂચન પ્રાપ્ત થઈ શકે એ પ્રાપ્ત કરવા કટિબદ્ધ બનીશું.

આ છે આ ગ્રંથના છેવટના વિભાગના છેવટના ભાગમાં આપણે હાથ ધરવાના પ્રશ્નોની રૂપરેખા.

૧. પ્રવર્તમાન ધર્મોની વિશિષ્ટતાઓ :

બીજા ભાગમાં આપણે જગતના પ્રવર્તમાન ધર્મોની તુલનાત્મક રૂપરેખા રજૂ કરી. એ ઉપરથી આપણે એ જોઈ શકયા છીએ કે પ્રત્યેક ધર્મ એના પુરોગામી આદિમ ધર્મથી જુદા સ્વરૂપનો થયેલ છે. પ્રત્યેક ધર્મને એક પશ્ચાદ્‌ભૂ છે અને એને અનુલક્ષીને જે તે ધર્મે એક અવસ્થામાંથી બીજી અવસ્થા તરફ પ્રયાણ કર્યું છે. આપણે એ પણ જોયું કે ધર્મોની વિવિધતામાં પણ, પ્રત્યેક ધર્મમાં એવાં અંગો છે, જે બીજા ધર્મોમાં પણ કયાં તો તે જ સ્વરૂપે યા અન્ય સ્વરૂપે રજૂ થાય છે.

આદિમ જાતિના ધર્મની આપણે અહીંયાં વિશિષ્ટરૂપે રજૂઆત કરી નથી છતાં પણ ઇતિહાસ દૃષ્ટિએ ધર્મના બદલાતા સ્વરૂપની વિચારણા વખતે જે આકૃતિ (પાન ૧૬) આપી છે એના પરથી આદિમ જાતિના વિવિધ ધર્મપ્રકાર કયા છે એનો ખ્યાલ

પામી શકાશે. પ્રત્યેક જાતિનો જેમ જેમ વિકાસ સધાય તેમ તેમ તેની સંસ્કૃતિનું સ્વરૂપ પલટાય એ નિશ્ચિત છે.

આદિમ જાતિને પણ એક ધર્મ–સ્વરૂપ છે, એ એટલું સૂચવવા પૂરતું છે કે, એને પણ ધર્મની અને ધર્મમાં સમાવિષ્ટ એવા પ્રશ્નોની સમજણ છે, અને છતાંય એની સમજણનું સ્તર સુસંસ્કૃત માનવીની સમજણ જેવું જ છે એમ કેવી રીતે કહી શકાય? એ કક્ષાના માનવીનો સર્વ પ્રકારનો વિકાસ સુસંસ્કૃત માનવી સમાન જ છે એમ પણ કઈ રીતે કહી શકાય?

આદિમ જાતિનો માનવી જીવનનો વ્યવહાર કરે છે, પરંતુ તેની રીતે. એને એનો સમાજ છે, એનાં બંધનો છે, પણ એ તે કક્ષાની દૃષ્ટિએ. આદિમ માનવી પણ સાધનોનો ઉપયોગ કરે છે, વાણીનો ઉપયોગ કરે છે અને ક્વચિત્ ભાષાનો પણ ઉપયોગ કરે છે, અને છતાંય એ એની શરૂઆત જ હોય એમ લાગે છે. આ દૃષ્ટિએ વિચારતા એમ કહી શકાય કે જીવન પ્રણાલી, ભાષાનો ઉપયોગ, ઓજારોનો વપરાશ, ઉત્પાદનના પ્રકાર વગેરે બાબતમાં એક માનવજૂથ બીજા માનવજૂથથી ભિન્ન હોઈ શકે. આવાં બે ભિન્ન જૂથોમાં કયું વિકસિત અને કયું અણવિકસિત, કયું સુસંસ્કૃત અને કયું આદિમ એ નક્કી કરવાને માટેનો યોગ્ય માર્ગ બે જૂથોમાંનું કયું સહજ પ્રકારનો વ્યવહાર કરે છે અને કયું જટિલ પ્રકારનો વ્યવહાર કરે છે એના પરથી કહેવામાં રહેલો છે. જેમ કે કોઈપણ એક જૂથ ભાષાનો ઉપયોગ માત્ર શબ્દોચ્ચારની દૃષ્ટિએ કરતો હોય, અને બીજો વર્ગ વાચા ઉપરાંત એનું આલેખન પણ કરતો હોય તો, પાછલું સમાજજૂથ આગલા કરતાં વધુ સુસંસ્કૃત છે એમ સહજ રીતે કહી શકાય.

સામાન્ય વ્યવહાર વિશે જે વાત કરી એ જ વાત માનવજીવનના વિવિધ ક્ષેત્રને લાગુ પાડીને કયું જૂથ આદિમ છે અને કયું જૂથ સુસંસ્કૃત છે એ કહી શકાય. આ જ હકીકત માનવીના ધાર્મિક જીવનના ક્ષેત્રને પણ લાગુ પાડી શકાય.

અહીં આપણે એથી એ સમજવાનો પ્રયાસ કરીશું કે માનવજીવનની ધાર્મિક માન્યતાઓ અને આચરણો વિવિધ જૂથોમાં ભિન્ન શી રીતે હોઈ શકે? આની વિચારણા કરતા જે પદ્ધતિ બર્ટે[૬૫] અપનાવી છે એ આવકારદાયક છે. એમણે આદિમ જાતિના ધર્મની વિવિધ પ્રાર્થનાઓ એકત્રિત કરી અને એ આધારે પ્રાર્થનાના પ્રકારનું પૃથક્કરણ કર્યું. એ પૃથક્કરણના આધારે કેટલાંક મહત્ત્વનાં તારણો કર્યાં

૬૫ બર્ટ ઇ. એ., મેન સીકસ ધી ડીવાઈન, પા. ૩૬

અને એમાં એમ જણાયું કે પ્રત્યેક માનવીને અને માનવજૂથને કંઈક માનવીય જરૂરિયાત છે જે પૂર્ણ કરવાને એ ઇચ્છે છે, પરંતુ સાથે, કદાચિત એ પૂર્ણ ન થઈ શકે એમ પણ એ જાણે છે. આવી જરૂરિયાત વ્યક્તિની પોતાની હોય અથવા તો એક નાના જૂથની હોય, અથવા તો એ જરૂરિયાત એક જાતિની પણ સંભવી શકે, અને જે જરૂરિયાતને માટે દૈવીતત્ત્વને સંબોધવામાં આવે છે એ જરૂરિયાતના પ્રકારમાં પણ ફેર હોઈ શકે. એ જરૂરિયાત કયાં તો ખોરાક પ્રાપ્ત કરવા માટેની હોય અથવા તો તંદુરસ્તી અને તાકાત મેળવવા માટે હોય, અથવા તો દીર્ઘજીવનની પ્રાપ્તિ માટે અથવા તો બાળક મેળવવાની હોય. આ ઉપરાંત, એવી પ્રાર્થના પોતાની જૂથ પરની તાકાત વધારવાની દૃષ્ટિએ, ગુલામો મેળવવા માટેની હોય, અથવા તો સંઘર્ષમાં જીત માટે અથવા તો મુસાફરીની સફળતા માટે પણ હોય. આ બધા પરથી એ ફલિત થાય છે કે આદિમ જાતિનો માનવી પોતાના તથા પોતાના જૂથના ક્ષેત્રની બહાર દૃષ્ટિ દોડાવી શકતો નથી, એટલું જ નહીં પરંતુ જીવનની પ્રાથમિક અને ઐહિક જરૂરિયાતો સિવાય બીજી જરૂરિયાતો પણ હોઈ શકે એનો એને ખ્યાલ હોય એમ લાગતું નથી.

આદિમ માનવી પોતાના જૂથ સાથે અને જે સૃષ્ટિમાં એ જીવે છે તેની સાથે વ્યવહાર શી રીતે કરે છે? એની આત્મીયતા પોતાના જ જૂથ કે જાતિ પૂરતી મર્યાદિત છે. અન્ય જૂથ કે જાતિઓના અસ્તિત્વનો એને ખ્યાલ નથી એમ નહીં, પરંતુ તેઓ એના વિરોધીઓ છે, દુશ્મનો છે, એવો જ ખ્યાલ એ સેવે છે. એ અને એવાં બીજાં જૂથો અને જાતિઓની સાથેનો એનો સંબંધ સંઘર્ષનો સંબંધ હોય છે. સૃષ્ટિ સાથેના એના સંબંધમાં એની સમજણનું ફલક મર્યાદિત છે. નદીના પાણીમાં પ્રવાહ અવિરત રીતે વહે જાય છે તે એ જુએ છે અને જાણે છે, એ જ રીતે સૂર્ય દૃશ્યમાન થાય છે, મધ્યાકાશે આવે છે અને આથમે છે એ પણ એ જુએ છે અને જાણે છે. એ બધી બાબતો એ સ્વીકારી લે છે. છતાં પણ જ્યારે નદીમાં પૂર આવે, સૂર્ય દિવસના ભાગમાં દેખાતો બંધ થાય અને સર્વત્ર અંધકાર વ્યાપી જાય ત્યારે કંઈક બન્યું છે એવો ભાવ એને જરૂર થાય છે. વળી સૃષ્ટિમાં જે કંઈક બને છે તે અકારણ નીપજતું નથી એવું પણ એની સામાન્ય બુદ્ધિ એને કહે છે. પણ એની સમજણ કક્ષા દરેક બનાવને કોઈક સત્તા સાથે સાંકળે છે. આમ, કયાં તો એ કોઈ ભૂત-પ્રેતની, કોઈ મૃતાત્માની, કોઈ પૂર્વજની કે કોઈ દૈત્યની સત્તા સ્વીકારે છે, સહજ રીતે જે કંઈ બને છે તે બને જ જાય છે. પણ જે કંઈ વિશિષ્ટ-રૂપે બને છે તે માટે આવી કોઈ સત્તા કારણભૂત છે અને એથી તેને સંતોષવાનો એની રીતે તે પ્રયાસ કરે છે.

આ છે આદિમ જાતિના વિવિધ ધર્મપ્રકારનો આધાર.

આ પશ્ચાદ્‌ભૂમાં આપણે પ્રવર્તમાન ધર્મની વિશિષ્ટતાઓ રજૂ કરીશું અને આ પશ્ચાદ્‌ભૂને અનુલક્ષીને એ વિશિષ્ટતાઓની વિચારણા હાથ ધરીશું.

વિશ્વના જે અગિયાર ધર્મોનો રૂપરેખા આપણે ઉપર રજૂ કરી એમાં, આ પશ્ચાદ્‌ભૂને અનુલક્ષીને એવાં કોઈ તત્ત્વો અવલોકી શકાય ખરાં જેને પ્રવર્તમાન ધર્મોની વિશિષ્ટતાઓ તરીકે ઓળખી શકાય?

પ્રત્યેક ધર્મનું સામાન્ય સ્વરૂપ લક્ષમાં રાખીને આવી વિશિષ્ટતાઓ આપવી શકય છે. આ વિશિષ્ટતાઓ નીચે મુજબ છે :

૧. જૂથ નૈતિક નિયમ નહિ, સાર્વત્રિક નૈતિક નિયમનો સ્વીકાર.
૨. અનેકેશ્વરવાદનો નહિ, એકેશ્વરવાદનો સ્વીકાર.
૩. માત્ર દેહભાવનો નહિ, આત્મભાવનો સ્વીકાર.
૪. ઐહિક સુખનો જ નહિ, પરમ આનંદનો સ્વીકાર.

કોઈપણ ધર્મની વિસ્તૃત ચર્ચામાં ઊતર્યા સિવાય, ધર્મોનો ઉપર રજૂ કરેલી રૂપરેખાના આધારે, આપણે આ વિશિષ્ટતાઓની વિચારણા કરીશું.

ક. સાર્વત્રિક નૈતિક નિયમ

આદિમ માનવીના ધર્મમાં સાર્વત્રિક સ્વરૂપની નૈતિક જવાબદારીના ખ્યાલનો અભાવ હતો. શુભ અને સાચું એની દૃષ્ટિએ તે હતું, જે સમગ્ર નહિ, પરંતુ એને પોતાને અને એના જૂથને અનુરૂપ થાય કે અનુરૂપ હોય. આપણે આગળ જોયું તેમ પોતા સિવાયનાં અન્ય સામાજિક જૂથો એને માટે વિરુદ્ધ સ્વરૂપના જ નહિ પરંતુ દુશ્મન સ્વરૂપનાં હતા. આથી પોતાને માટે જે પ્રાપ્ત કરવાનો પ્રયાસ તે, અન્યને પ્રાપ્ત ન થાય એ માટેના પ્રયાસની સાથે એકરૂપ થતો. પોતાના જૂથના સભ્ય તરફના વ્યવહારને માટે એક નિયમ, અને બીજા જૂથના સભ્યને માટે જુદા પ્રકારનો નિયમ સ્વીકારાયો. જૂથ પ્રત્યેની વફાદારી એ જ મહત્ત્વની વાત, અને એ સિવાય અન્ય કંઈનું ઝાઝું મહત્ત્વ નહીં. જૂથ પ્રત્યેની બેવફાઈ એ જ અનિષ્ટ, એ જ ગેરવાજબી, એ જ પાપ.

જેમ જેમ માનવ અને માનવજૂથો સુસંસ્કૃત બનતાં ગયાં તેમ તેમ આ માન્યતા અને વ્યવહારમાં પરિવર્તન થતું ગયું. એક જૂથને માટે નહિ પરંતુ બહોળા જનસમુદાયને માટે નૈતિક કાયદો છે એમ સ્વીકારાયું. નૈતિક કાયદાની સત્તા એક જૂથ પૂરતી જ મર્યાદિત છે એમ નહિ પરંતુ એની સત્તા સાર્વત્રિક છે એમ

સ્વીકારાયું. જે વ્યવહાર મારા જૂથની કે મારી જાતિની વ્યક્તિના સંબંધમાં ગેરવાજબી છે, એ જ વ્યવહાર અન્ય જૂથ કે જાતિની વ્યક્તિના સંબંધમાં પણ ગેરવાજબી જ છે એમ મનાતું થયું.

ખ. એકેશ્વરવાદ :

બીજા વિભાગમાં ધર્મોની આપેલી રૂપરેખામાં આપણે એ જોયું કે કેટલાક ધર્મો દ્વૈતીતત્ત્વોનો સ્વીકાર કરતા નથી, બાકીના અન્ય ધર્મો જે દ્વૈતતત્ત્વનો સ્વીકાર કરે છે એમાં કેટલાક એક કરતાં વધારે તત્ત્વોને સ્વીકારે છે. આમ છતાં જે તે ધર્મની વિચારણા વખતે આપણે એ પણ જોયું છે કે જે ધર્મોમાં દ્વૈતવાદ, સર્વેશ્વરવાદ કે અનેકેશ્વરવાદના પ્રવાહો જોઈ શકાય છે તે ધર્મો પણ તેમના સમગ્ર આલેખનમાં એકેશ્વરવાદી જ છે.

આ એકેશ્વરવાદની ભાવના માત્ર ઈશ્વર સંબંધિત નહીં, પરંતુ સૃષ્ટિ સંબંધિત પણ છે. સમસ્ત સૃષ્ટિ જો એક હોય તો જાતિઓ ભિન્ન કઈ રીતે હોઈ શકે ? વળી સૃષ્ટિમાં તુટક તુટક બનતા બનાવો અલગ અલગ દેવને કારણે નથી, પરંતુ સમગ્ર સૃષ્ટિનો ક્રમ એક જ પરમતત્ત્વ આધારિત છે એ સ્વીકાર માનવ સંસ્કૃતિના ઉચ્ચતર સ્તરે જ સંભવ્યો છે. વ્યક્તિજીવન સંચાલનનો અને સૃષ્ટિ–વ્યવહાર સંચાલનનો નિયમ એકમેકથી અલગ નથી પરંતુ એક પરમતત્ત્વની ભાવનામાંથી એ નિષ્પન્ન થાય છે, અને એથી એક જ દૈવીતત્ત્વ સૃષ્ટિના સર્જન, સંચાલન અને સમાપ્તિનું કારણ હોઈ શકે. આ એક એવી વિશિષ્ટતા છે જે આદિમ જાતિના માનસીમાં સંભવી શકે નહીં.

પ્લેટોએ કહ્યું છે કે જો દેવ અનિષ્ટ કરે તો તે દેવ નથી. આદિમ જાતિનો દેવ એવો કલ્પવામાં આવેલો જે તે જાતિને માટે ઇષ્ટ કરે અને સાથે જ અન્ય જાતિનું અહિત પણ કરે. સાચી દેવભાવના નૈતિક ભાવનાથી વિમુખ હોઈ શકે નહીં. સંપૂર્ણ ઈશ્વર ભાવનામાં દેવભાવના અને નૈતિક ભાવનાનું સુયોગ્ય સામંજસ્ય રચાયેલું હોવું જોઈએ. જગતનું પરમતત્ત્વ અને જગતમાં પ્રવર્તતો ચાલક સિદ્ધાંત અને જગતનો નૈતિક કાયદો એકમેકથી વિરુદ્ધ હોઈ શકે નહિ. આદિમ માનસીનો ધર્મ, આ વિરોધના સ્વીકાર પર આધારિત હતો. સુસંસ્કૃત માનસીનો ધર્મ આ ત્રણેયના એકરાગિતા પૂર્વકના સંબંધ પર આધારિત છે.

એકેશ્વરવાદની ભાવનાએ ધર્મમાં વિવિધ સંપ્રદાયો અર્પ્યા છે. ધાર્મિક અનુભવની અનુભૂતિ માટે નિર્ગુણ સ્વરૂપનો એક ઈશ્વર સંતોષ આપી શકે નહીં, એક ઈશ્વરના પરમતત્ત્વની ભાવના જ્ઞાન સિવાયના અન્ય માર્ગોથી પ્રાપ્તિ થઈ શકે નહિ, એ બધી બાબતો મહત્ત્વની હોવા છતાં, અહીંયાં આપણે એની વિગતમાં

નહિ ઊતરીએ. આપણે માત્ર એટલું જ નોંધીએ કે આદિમ માનવીની દેવ-કલ્પના કરતાં સુસંસ્કૃત માનવીની દેવ કલ્પના અનેકગણી વિશાળ અને વિસ્તૃત છે.

ઉપર આલેખાયેલ ધર્મોની રૂપરેખામાં આપણે એ જોયું છે કે એકેશ્વરવાદની કલ્પના સ્વીકારવા છતાં, એ એક ઈશ્વર, સ્થળનિર્મિત બનાવવામાં આવ્યો હતો. એક પ્રજા જ ઈશ્વરની વહાલી પ્રજા હોય, અને એક ઈશ્વર જાણે એમની એકલાની જ મિલકત હોય, એ રીતનો ખ્યાલ પણ એકેશ્વરવાદી ધર્મોમાં અજાણ્યો નથી, અને છતાં એ સંપૂર્ણપણે સ્વીકારાયો પણ નથી એ પણ એટલું જ સાચું.

૭. આત્મભાવ :

પોતાની જાત માટેનો આદિમ માનવીનો અને સુસંસ્કૃત માનવીનો ખ્યાલ સંપૂર્ણપણે ભિન્ન છે. પ્રત્યેક ધર્મની રૂપરેખા આપતી વખતે જે તે ધર્મમાં જીવનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે. એ ઉપરથી એટલું તો સહજ રીતે સ્પષ્ટ થશે કે સુસંસ્કૃત માનવી પોતાની જાતને પોતાના દેહ પૂરતી જ મર્યાદિત રાખતો નથી. દેહ અને એની ઇન્દ્રિયો ઉપરાંત એનામાં બીજા કેટલાંક વિશિષ્ટ તત્ત્વો છે એનો એ સ્વીકાર કરે છે. આ તત્ત્વોમાં માનવીની તર્કશક્તિ, એની આંતરિક નૈતિક શક્તિ તેમ જ એના અંતરાત્માની શક્તિનો સમાવેશ થાય છે. જ્યાં સુધી માનવીએ એના જીવનની આ અનેકવિધ શક્તિઓનો પરિચય કેળવ્યો ન હતો ત્યાં સુધી એની દૃષ્ટિ બાહ્ય સૃષ્ટિ તરફ રહી હતી. જ્યારે એ આ સમજ્યો ત્યારથી એને પોતાનો જ વિસ્તૃત ખ્યાલ આવ્યો. એટલું નહિ, પરંતુ બધું જ જોવાની જાણે એને એક નવીન દૃષ્ટિ પ્રાપ્ત થઈ. પોતે સમાજનું એક અંગ છે, અને એથી સમાજ તરફ એની કંઈક ફરજ છે એ એણે, આદિમ માનવની જેમ, સ્વીકાર્યું.

પરંતુ, આદિમ માનવ, સમૂહના વ્યવહાર નિયમો, નીતિનિયમો તે સંપૂર્ણ છે એમ સ્વીકારી, એનું આચરણ એ પ્રકારે કરતો રહ્યો, અને એથી એની નૈતિકતા ફ્રિગત પ્રકારની સમાજકેન્દ્રિત બની. એની નૈતિકતાની ફલક ત્યાં જ અટકી. સુસંસ્કૃત માનવી આવા સમાજ વ્યવહારના નિયમો સ્વીકારતો નથી એવું નથી, પરંતુ જેમ સમાજ પ્રત્યે એની કંઈક ફરજ છે તે જ રીતે વિશાળ માનવસમાજ પ્રત્યે એની કંઈ ફરજ છે એમ એ સમજે છે, અને આથી જ્યારે મર્યાદિત સમાજ નિયમ અને વિસ્તૃત માનવસમાજના નિયમ વચ્ચે ઘર્ષણ થાય છે ત્યારે, સુસંસ્કૃત માનવી, બહોળા માનવસમાજના નિયમ તરફ વધારે ઢળે છે. આટલું જ નહિ, પોતાના સમાજ અને બહોળા માનવસમાજ પ્રત્યેની પોતાની ફરજ ઉપરાંત, સુસંસ્કૃત માનવ પોતાની પોતાના પ્રત્યેની ફરજ પણ સમજે છે, અને એથી જ્યારે

પણ મર્યાદિત સમાજ કે વિસ્તૃત સમાજનું નિયમન એના આંતરિક સ્વરૂપની સાથે સંઘર્ષમાં આવે ત્યારે, એ કોઈપણ સમાજના બંધન સ્વીકારતો નથી, અને પોતાની પોતા પ્રત્યેની ફરજ અદા કરે છે.

ધર્મના ઇતિહાસમાં મહાવીર, બુદ્ધ, જિસસ ક્રાઈસ્ટ, માર્ટિન લ્યુથર, વગેરે આનાં જીવંત ઉદાહરણો છે.

માનવનું આત્મતત્ત્વ, એની દેહભાવના, બુદ્ધિભાવના, નીતિભાવના અને આંતર્ભાવનાને આવરી લઈ એક અન્ય ફલક પર પણ વિસ્તરે છે. એ ફલક એના પોતાના આધ્યાત્મિક સ્વરૂપની છે. સૃષ્ટિનું એક પરમતત્ત્વ પોતાથી અલગ નથી, પોતે એ પરમતત્ત્વની સમીપ જવા સર્જાયેલો છે, એની સાથેનો ભેદ અન્ય કોઈ આવરણોને આભારી છે એમ એ સમજે છે. સમાજમાં રહેવા છતાં એ ઈશ્વરની સાથે એકરૂપ થવા સદાયે પ્રયત્નશીલ છે. એનો આ પ્રયત્ન શી રીતે સિદ્ધ થઈ શકે એની વિચારણા પ્રવર્તમાન પ્રત્યેક ધર્મે કરેલી છે. પોતાનામાં અસ્તિત્વમાન દૈવતત્ત્વનો જાણ, એ દૈવતત્ત્વની–પરમ દૈવતત્ત્વની પ્રાપ્તિની શક્યતાનો સ્વીકાર તથા એવી પ્રાપ્તિને માટેના માર્ગની રજૂઆત, એ સુસંસ્કૃત માનવીના ધર્મની વિશિષ્ટતા છે.

ઘ. પરમ આનંદ :

માનવ દેહધારી હોવા છતાં દેહ એ જ સર્વસ્વ નથી, અને એ સિવાયનાં વિવિધ અંગો પણ માનવજીવનમાં મહત્ત્વનાં છે એના સ્વીકારમાં જ, દૈહિક સુખ કરતાં કંઈક વીશેષ સુખનો સ્વીકાર સમાવિષ્ટ થાય છે.

ઇન્દ્રિયોનો તેમના વિષય સાથેનો સંપર્ક, તેમને વિશેનું જ્ઞાન આપવા ઉપરાંત એક પ્રકારના સુખની પ્રતીતિ પણ કરાવે છે, અને પછીથી તો ઇન્દ્રિય અને વિષયોનો સંપર્ક એક સહજ બાબત બની જાય છે. આદિમ માનવીને માટે ઇન્દ્રિય સુખમાં જ જીવનનો આનંદ પરિમિત થતો હતો. પરંતુ જેમ જેમ સુસંસ્કૃત માનવી પોતાના જીવનની વિવિધતાનો તેમ જ વિશાળતાનો ખ્યાલ પામતો ગયો તેમ તેમ એના સુખનો ખ્યાલ પણ બદલાતો ગયો. દૈહિક સુખ સંપૂર્ણ નથી, એથીયે વિશેષ આનંદદાયી સુખ પ્રાપ્ત કરી શકાય એમ છે, અને સુખની પરમ–સીમા આનંદનીય અવસ્થા છે એમ ધીમે ધીમે એણે સ્વીકાર્યું. આ પરમ આનંદની અવસ્થા માનવી ત્યારે જ પ્રાપ્ત કરી શકે જ્યારે પોતે જેને જીવનનું ધ્યેય સ્વીકાર્યું હોય તેને એ પ્રાપ્ત કરે. પ્રત્યેક પ્રવર્તમાન ધર્મ આવું એક જીવનધ્યેય નિર્દિષ્ટ કરે છે અને એની પ્રાપ્તિમાં જ પરમ આનંદ સમાયેલો છે એમ સૂચવે છે.

આ પરમ આનંદનો અનુભવ ઇન્દ્રિય સુખાનુભવ સાથે સુસંગત છે કે કેમ એ અલગ પ્રશ્ન છે અને એનો ઉત્તર જે તે ધર્મ પોતાની સમગ્ર વિચારણાની દૃષ્ટિએ આપે છે. પરંતુ આ વિશે તફાવત હોવા છતાં, માનવજીવનમાં પરમ આનંદનું સ્થાન છે તથા એ પ્રાપ્ય છે, એમ તો પ્રત્યેક પ્રવર્તમાન ધર્મ સ્વીકારે છે.

આમ, આપણે એ જોઈ શકીએ છીએ કે બહુ જ વિસ્તૃત પ્રકારની વિશિષ્ટતાઓ પ્રવર્તમાન ધર્મોમાં છે. આ પુસ્તકના બીજા વિભાગમાં ધર્મ ધર્મ વચ્ચેના તફાવત આપણે જોયા. પરંતુ એ તફાવતોમાં પણ જે કંઈ સામ્ય છે એની અહીંયાં આપણે વિચારણા કરી. વિસ્તૃત ફલકના આ સામ્યને અનુલક્ષીને ભાવિ ધર્મ-સ્વરૂપની કલ્પના કરી શકાય.

૨. સામ્યવાદ ધર્મ છે ?

મથાળાનો પ્રશ્ન જોઈને સહજ રીતે એ જિજ્ઞાસા થાય કે ધર્મના તુલનાત્મક અધ્યયનમાં આ પ્રશ્ન ક્યાંથી ? અને શા માટે ? આવી જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. જનસામાન્ય એમ માને છે કે સામ્યવાદ એક રાજ્ય-વ્યવસ્થા છે અને એ એક એવી રાજ્ય-વ્યવસ્થા છે જેનો ધર્મ સામે માત્ર વિરોધ છે એટલું જ નહિ પરંતુ ધર્મનું નામોનિશાન મિટાવવા માટે એ કટિબદ્ધ છે. કારણકે કાર્લ માર્કસે કહ્યું છે : "પ્રજાના સાચા (real) સુખને માટે તેમનાં ભ્રાંતિક (illusory) સુખ સમાન ધર્મને નાબૂદ કરવો જોઈએ".[૬૬] આવી રાજ્ય-વ્યવસ્થાનો અહીંયાં અભ્યાસ શા માટે ? એ પ્રશ્ન પણ એટલો જ મહત્વનો છે.

પરંતુ એ પ્રશ્નનો ઉત્તર શરૂઆતને તબકકે આપી શકાય તેમ નથી. આપણે જે કંઈ રજૂઆત કરવાની છે એ કરી દીધા પછી આ પ્રશ્નનો ઉત્તર આપવા આપણે વધુ સુસજ્જ હોઈશું.

જનસમુદાયનો એક એવો પણ ખ્યાલ છે કે સામ્યવાદ ધર્મમાં માનતો નથી, એટલું જ નહિ પરંતુ ઈશ્વરમાં પણ માનતો નથી. અને જેમ એ ધર્મનું નિકંદન કાઢવા કટિબદ્ધ થયો છે એવી રીતે માનવ-વિચારમાંથી ઈશ્વરનું નિકંદન કાઢવા કટિબદ્ધ છે.

એ સાચું છે કે સામ્યવાદ ઈશ્વરનો સ્વીકાર કરતો નથી, ઈશ્વરનો ઇન્કાર કરે છે. પરંતુ સામ્યવાદનો ઈશ્વરનો ઇન્કાર સમજવાને માટે ઈશ્વર એટલે શું એ સમ-

---

૬૬ માર્કસ એન્ડ એન્જલ્સ, ઓન રિલિજિયન, ન્યુયોર્ક, ૧૯૬૪, પા. ૪૨

જવું જરૂરી છે. જે વિવિધ ધર્મોનું અધ્યયન આપણે કર્યું એને આધારે ઈશ્વર વિશે આપણે શો ખ્યાલ મેળવ્યો ? જનસામાન્યને મન ઈશ્વર એટલે શું ?

સામાન્ય માનવીને મન ઈશ્વરના ખ્યાલ સાથે એક અગમ્ય, ગૂઢ સત્તા સદાયે સંકળાયેલી રહી છે. આ ગૂઢ સત્તા દ્રશ્યમાન નથી અને છતાંય કાર્યરત છે એવી ભાવના પણ સદાયે પ્રવર્તે છે. એટલું જ નહિ પરંતુ આ સત્તા સૃષ્ટિનું ચાલક બળ છે અને એ સૃષ્ટિને શાંતિ, ન્યાય અને સમાનતા તરફ દોરી જાય છે એવી પણ એક ભાવના જનસમુદાયમાં છે. ઈશ્વરનો સ્પષ્ટપણે સ્વીકાર ન કરતા ધર્મોમાં પણ આ જોઈ શકાય છે. અને ધર્મમાં ઈશ્વરનો ખ્યાલ શો છે ? આપણે ધર્મોની વિચારણામાં એ જોયું છે કે ધર્મ ઈશ્વરી તત્ત્વનો એક સર્વોપરી સત્તા તરીકે સ્વીકાર કરે છે. એ સત્તા જ સર્જક બળ છે અને સંચાલક બળ પણ છે. પરિવર્તનનું કારણ પણ એ જ બળ છે અને સંહાર, નવસર્જન પણ એ જ કરે છે. આવી એક પરમ સત્તા સૃષ્ટિમાં ક્રમબદ્ધ રીતે કાર્ય કરી રહી છે અને એનાં ક્રમમાં અવરોધ ન નાંખતા એની સાથે સહકારથી માનવીએ કાર્ય કરવું જોઈએ એમ શું બધા જ ધર્મો કહેતા નથી ?

અને જો સામ્યવાદ પણ આ જ વાત આવી જ રીતે કરે તો તેને આપણે ધર્મ તરીકે સ્વીકારીએ ખરા કે કેમ ? પ્રબળ ધર્મભાવના એ શીખવે છે કે અન્ય તમારી સાથે કેવી રીતે વર્તે છે એનો વિચાર નહિ કરો. તમારે એની સાથે કેમ વર્તવું જોઈએ એનો વિચાર કરો. આ ન્યાયે સામ્યવાદ પોતે ગમે તે મંતવ્ય ધરાવતો હોય તો પણ જે અબાધિત સત્ય દરેક ધર્મને વિશે તેમ જ ધર્મ અનુયાયીને વિશે આપણે ઉપર રજૂ કર્યું છે તે સામ્યવાદ વિશે સ્થાપી શકીએ તો એને ધર્મ તરીકે ઓળખવામાં સંકોચ કે લઘુદ્રષ્ટિ શા માટે રાખવી જોઈએ ?

ધર્મના ઈશ્વરના ખ્યાલમાં સામાન્ય રીતે શું સમાવિષ્ટ થાય છે એ આપણે ઉપર જોયું. હવે આપણે ધર્મમાં મુખ્યત્વે કરીને કયા કયા તત્ત્વોનો સમાવેશ થાય છે તેની વિચારણા કરીએ. વિવિધ ધર્મોનો આપણે ઉપર કરેલો અભ્યાસ એ બતાવે છે કે લગભગ પ્રત્યેક ધર્મમાં પરમતત્ત્વનો, કર્મફળનો, મુક્તિનો, બંધુત્વનો વિચાર કરવામાં આવ્યો હોય છે. આ ઉપરાંત કેટલીક ધાર્મિક માન્યતાઓનો અને વિધિઓનો પણ વિચાર કરવામાં આવે છે અને કદીક કદીક ધર્મના પ્રચાર માટે, અનુયાયીનું સંખ્યાબળ વધારવા માટે ધર્મમાં પરિવર્તન જેવી પ્રક્રિયાનો પણ ઉલ્લેખ હોય છે. ધર્મનો કયો અભ્યાસી એમ કહી શકશે કે આ બધી બાબતોનો ધર્મના અભ્યાસમાં સમાવેશ થતો નથી ?

જો આપણે એમ સ્વીકારીએ કે ધર્મમાં આ બધી બાબતો અને પ્રશ્નો વિશે વિચારણા કરવામાં આવે છે, એ વિશે એક કે બીજા પ્રકારનું મંતવ્ય બાંધવામાં આવે છે, પછી ભલે એ મંતવ્યોમાં વિરોધ હોય, અસમાનતા હોય. એટલું જ નહિ પરંતુ ધર્મબોધના આ અને આવા વિષય ઉપર જે વિવિધ મંતવ્યો વિવિધ ધર્મોમાં રજૂ થયાં હોય એની આપણે તુલના કરીએ છીએ અને એ તુલનાને આધારે યોગ્ય સમીક્ષા પણ કરીએ છીએ.

આથી, જો આપણે એમ સ્થાપિત કરી શકીએ કે સામ્યવાદને પણ આ વિવિધ ધાર્મિક વિષયો વિશે કંઈક ને કંઈક કહેવાનું છે, ભલે પછી એણે જે કહેવાનું હોય તે અન્ય ધર્મોમાં કહેવાયું હોય કે ન કહેવાયું હોય, આ વિષયોનો બોધ અન્ય ધર્મોના બોધ સાથે સમાન હોય કે ભિન્ન હોય, તોયે કયા તાર્કિક કારણસર આપણે એનો ધર્મ તરીકે ધિક્કાર કરી શકીશું ?

એથી, હવે આપણે પ્રત્યેક બોધ વિષય લઈ ને સામ્યવાદે એ વિશે શું કહેવાનું છે એની મિતાક્ષરી રજૂઆત બટ્ટ[૬૭] અનુલક્ષીને કરીએ.

પરમતત્ત્વ :

ધર્મમાં પરમતત્ત્વની ભાવના કેટલી મહત્ત્વની છે તથા વિવિધ ધર્મમાં એ ભાવના કઈ રીતે વ્યક્ત થઈ છે એની વિચારણા આપણે આગળ કરી છે. સામ્યવાદમાં પણ આવી એક પરમતત્ત્વની ભાવના છે. એ પરમતત્ત્વની ભાવનાનું નામ ઈશ્વર નથી. પણ એથી શું ? તાઓધર્મમાં પરમતત્ત્વની ભાવના છે પણ એનો ઉલ્લેખ 'તાઓ' તરીકે થયો છે, એવી જ રીતે કન્ફ્યુશિયનધર્મમાં પરમતત્ત્વનો ઉલ્લેખ 'હેવન' તરીકે થયો છે, અને બૌદ્ધધર્મમાં તો એનો ઉલ્લેખ 'અનિત્ય' તરીકે–શૂન્ય તરીકે થયો છે એમ કહીએ તો ચાલે. કારણકે એ ધર્મમાં કોઈ પરમતત્ત્વ ન સ્વીકારાયા છતાં પરિવર્તનની શાશ્વતા એ જ પરમતત્ત્વ છે એવી સ્પષ્ટ રજૂઆત થઈ છે. આમ, પરમતત્ત્વનો સ્વીકાર મહત્ત્વનો છે, એનું નામકરણ નહીં.

સામ્યવાદમાં આવું કયું પરમતત્ત્વ છે ? સામ્યવાદ ઇતિહાસની નક્કરતાનો સ્વીકાર કરીને આગળ વધે છે. એ એટલું પણ સ્વીકારે છે કે એવો એક અનિવાર્ય કાયદો ગતિમાન છે જેને આધારે ઇતિહાસનો વિકાસ થાય છે. સામ્યવાદી વિચારધારા એ વસ્તુ વધુ સ્પષ્ટ રીતે જણાવે છે કે સામાજિક ઉત્ક્રાંતિ એક નિશ્ચિત માર્ગે થાય છે અને ભવિષ્યમાં જે એક આદર્શ છે તેની સિદ્ધિ પ્રાપ્ત કરશે. આમ, ભવિષ્યનો એક આદર્શ સમાજ, જેની પ્રાપ્તિ ઇતિહાસની પ્રક્રિયામાંથી પસાર થઈ થવાની છે, એની નિશ્ચિતતા આપણને સામ્યવાદમાંથી પ્રાપ્ત થાય છે.

---

૬૭ બટ્ટ, પા. ૪૫૫

વિવિધ ધર્મોના અભ્યાસમાં આપણે એ જોયું કે પરમતત્ત્વની ભાવનાની સાથે ઈશ્વર ભાવના પણ સંકળાયેલી છે. ઘણીયે વેળા તે ધર્મસંસ્થાપકને જ ઈશ્વરસ્થાને સ્થાપવામાં આવે છે. સામ્યવાદમાં પણ આવી પ્રક્રિયા અજાણી નથી. ચીની સામ્યવાદમાં આ વધુ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ચીનના એક લોકપ્રિય ગીતમાં[૬૮] આ પ્રતીત થાય છે :

The East is red
The sun rises
On the horizon of China
Appears the great Hero MAO Tse Tung
He is the great saviour of the people.

વળી, માઓની પ્રતિકૃતિ ઘર, શાળા, કારખાનાં અને ઑફિસોમાં રાખવામાં આવે છે. ઘણાં ઘરોમાં તો પૂજાને માટેની પુરાણી તકતીઓને દૂર કરી એને સ્થાને માઓની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું છે. કારખાનાના એક ઓરડાના ખૂણાને લાલ પડદાથી જુદો પાડી ત્યાં માઓની પ્રતિમા મૂકવામાં આવે છે અને કામદારો પ્રત્યેક દિન આવીને માઓ પ્રત્યેની વફાદારીના શપથ લે છે.[૬૯]

મુક્તિ :

પ્રત્યેક ધર્મ એમ કહે છે કે માનવીની વર્તમાન અવસ્થા પલટાવવી જરૂરી છે. માનવીનું વર્તમાન અસ્તિત્વ બંધનરૂપ છે અને એમાંથી એણે મુક્તિ પ્રાપ્ત કરવાની છે. શું સામ્યવાદ પણ આવી મુક્તિની વાત કરતો નથી ? અમીર અને ઉમરાવના આર્થિક, સામાજિક અને રાજકીય શોષણમાંથી તથા એમના વર્ચસ્વમાંથી મુક્તિ મેળવવાને માટે સામ્યવાદ હંમેશા ખડો છે. જે અવસ્થામાં માનવી મુકાયો છે એ અવસ્થાનું પરિવર્તન લાવવા માટે સામ્યવાદ કટિબદ્ધ છે, અને જેમ પ્રત્યેક ધર્મમાં મુક્તિની પ્રાપ્તિને માટે એક કે વધારે માર્ગો સૂચવાયા છે, એમ સામ્યવાદ પણ મુક્તિના માર્ગો સૂચવે છે.

કદાચિત્ અહીં પ્રશ્ન થશે કે સામ્યવાદ માનવીની આધ્યાત્મિક મુક્તિની નહીં પરંતુ આર્થિક, સામાજિક અને રાજકીય મુક્તિની વાત કરે છે. સામ્યવાદની

૬૮ માયર્સ, જે. ટી., રિલિજિયસ આસ્પેક્ટ્સ ઑફ ધી કલ્ટ ઑફ માઓ ત્સે તુંગ, કરન્ટ ડેવલપમેન્ટસ, ૧૯૭૨, ગ્રંથ ૧૦, અંક ૩, પા. ૨

૬૯ વેચ હેલમ્સ, ધી ડીઈફીકેશન ઑફ માઓ, સેટરડે રિવ્યુ, ૧૯-૯-૧૯૭૦, પા. ૨૫ (એજ પા. ૭)

મુક્તિનો ખ્યાલ આવો છે, એની આજના તબક્કે ના કહેવાય એમ નથી. પરંતુ, સામ્યવાદ રાજ્યવિહીન સમાજના આદર્શને વરેલો છે અને એથી એવા સામ્યવાદમાં સર્વ પ્રકારની–આધ્યાત્મિક સહિતની મુક્તિ કેમ ન સંભવી શકે ? વળી, એમ કેમ ન સ્વીકારાય કે આર્થિક, સામાજિક અને રાજકીય મુક્તિ એ તો આધ્યાત્મિક મુક્તિ પ્રાપ્ત કરવાનાં વિવિધ સોપાનો છે ?

વળી, કદાચ એમ પણ કહેવાય કે મુક્તિના માર્ગ તરીકે સામ્યવાદ હિંસાનો આશરો લે છે, જે ધર્મની વિરુદ્ધ છે. જો સુસંગત રીતે આપણે આ સ્વીકાર્યું હોત તો વાત અલગ હતી. પરંતુ શું જરથુસ્તધર્મમાં અનિષ્ટની સામેના યુદ્ધમાં હિંસાના ઉપયોગનો સ્વીકાર નથી ? શું ઇસ્લામની જેહાદની ભાવનામાં હિંસક બળોનો ઉપયોગ નથી ? શું શીખધર્મના ખાલસાના વિચારમાં હિંસા સ્વીકારાઈ નથી ? આ બધા ધર્મોમાં હિંસાનો સ્વીકાર કરવામાં આવ્યો હોય અને હિંસાના માર્ગ દ્વારા મુક્તિ પ્રાપ્તિની શક્યતા વિચારાઈ હોય, છતાંય એમનો ધર્મ તરીકે સ્વીકાર કરવામાં આવે, અને સામ્યવાદમાં હિંસા અને બળનો સ્વીકાર થયો છે, માટે એનો ધર્મ તરીકે ઇન્કાર કરવામાં આવે, એમાં કઈ તર્કબદ્ધતા રહી ? કઈ તર્ક સુસંગતતા રહી ?

કર્મ-ફળ ભાવના :

વિશ્વના પ્રત્યેક ધર્મમાં કર્મ–ફળ ભાવનાનો સ્વીકાર થયો છે. કેટલાક ધર્મોમાં કર્મ–ફળ ભાવનાને અનુલક્ષીને પુનર્જન્મની વિચારણા કરવામાં આવી છે તો કેટલાકમાં આ એક જ જન્મ છે એમ સ્વીકારી ઈશ્વરના ન્યાયના દિવસની વિચારણા રજૂ થઈ છે. એ વિચારણા સાથે એમ પણ સૂચવાયું છે કે કરેલાં કર્મોનો બદલો યોગ્ય રીતે દરેકને મળશે. જેણે પુણ્યો કર્યાં છે તેમને તેનો બદલો અને જેઓએ પાપ કર્યાં છે તેમને તેની શિક્ષા મળી રહેશે.

સામ્યવાદમાં પણ આવાં કર્મ–ફળનો વિચાર નથી થયો શું ? જે ધર્મો પુનર્જન્મનો વિચાર રજૂ કરે છે, તેઓ પુનર્જન્મના સિદ્ધાંતને કોઈપણ વૈજ્ઞાનિક કે અનુભવના પાયા પર આધારિત કરી શકે એમ નથી, અને છતાં જેમ એના સમર્થનમાં આધાર પ્રાપ્ત નથી તેમ એના વિરોધમાં પણ આધાર પ્રાપ્ત નથી, અને તેથી જેને અનુકૂળ આવે તે એ માન્યતાનો સ્વીકાર કરે છે. એ જ પ્રમાણે જે ધર્મો ઈશ્વરના ન્યાયના દિવસની વાત કરે છે એ પણ, એ દિવસ વિશે ચોક્કસ કંઈ જ કહી શકતા નથી. જ્યારે સામ્યવાદ તો કર્મ–ફળ સિદ્ધાંતનો સ્વીકાર અને એના પરિણામ વિશે નિશ્ચિતતાપૂર્વક કહે છે. એટલું જ નહીં પણ એને પ્રત્યક્ષ પણ કરી બતાવે છે. કર્મના નિયમની પ્રક્રિયાની જેમ જ ક્રાંતિના નિયમની એક

પ્રક્રિયાનો સામ્યવાદ સ્વીકાર કરે છે. કર્મના સિદ્ધાંત અનુસાર જેમ માનવીને એના કર્મનો બદલો મળે છે તેમ ક્રાંતિના સિદ્ધાંત અનુસાર પણ જેણે જેવાં કર્મો કર્યાં હોય તે અનુસારનો એને બદલો મળે છે. ગરીબ પ્રજાના શોષકો અને મૂડીવાદીઓ શેતાન જેવા છે, અને એથી જ્યારે ક્રાંતિનો સિદ્ધાંત ગતિશીલ બને છે અને ક્રાંતિ જ્યારે સફળ થાય છે ત્યારે, આ શોષણખોરો અને મૂડીવાદીઓ તેમ જ સત્તાધિપતિઓને તેમનાં કર્મોનાં ફળ મળે છે, અને એ માટેની શિક્ષા એમને પ્રાપ્ત થાય છે. શોષિત વર્ગો, ગરીબ વર્ગો જેમણે ખૂબ ભોગવ્યું છે; એમને હવે એ જ નિયમ અનુસાર સારાં ફળોની પ્રાપ્તિ થાય છે, સ્વાતંત્ર્યની હવા મળે છે, સંપૂર્ણ તકો મળે છે અને જીવન વિકાસને માટેનું ઘડતર થાય છે.

ભ્રાતૃભાવ ભાવના :

દરેક ધર્મમાં ભ્રાતૃભાવની ભાવનાનો કંઈક ને કંઈક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ખ્રિસ્તીધર્મમાં પ્રભુના સામ્રાજ્યની વાત છે, તો હિંદુધર્મમાં બ્રહ્મ-ઐક્યની વાત છે. ઇસ્લામમાં મુસ્લિમ બિરાદરીની વાત છે, તો જરથુસ્તધર્મમાં જૂથ સાથીદારીની વાત છે. સામ્યવાદમાં પણ આવો વિચાર બે સ્વરૂપે રજૂ થયો છે. એક, તો એમાં એમ કહેવાય છે કે જગતના શ્રમજીવીઓ તમે એક થાઓ અને એ રીતે વિશ્વના વિશાળ જનસમુદાયનો એક સંઘ સ્થપાય એવી ભાવના એમાં વ્યક્ત થાય છે. પરંતુ, બીજી રીતે વિચાર કરીએ તો સામ્યવાદમાં વર્ગવિહીન સમાજરચનાનો આદર્શ અપાયો છે – એક એવો સમાજ જેમાં વર્ગ-વર્ગ વચ્ચે ભેદ ન હોય, એક એવો સમાજ જેમાં ઉચ્ચ-નીચના ભેદ ન હોય, એક એવો સમાજ જેમાં અમીર અને ગરીબના ભેદ ન હોય. એટલું જ નહિ, આવા સમાજની આદર્શ કલ્પના આગળ વધારીને સામ્યવાદ એમ પણ કહે છે કે એ એક એવો સમાજ હશે જેમાં રાજ્યકર્તા અને પ્રજા જેવા ભેદો પણ નહિ હોય. કારણકે એ આદર્શ સમાજરચનામાં રાજ્ય જેવી સંસ્થા પણ લુપ્ત થઈ ગઈ હશે.

વિચારભાવના : (Creed)

પ્રત્યેક ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મમાં જે વિચારો રજૂ કરવામાં આવ્યા હોય છે એને દૃઢતાપૂર્વક સ્વીકારે છે એટલું જ નહિ, પરંતુ એનો પ્રસાર કરવા માટે પણ તૈયાર બને છે. ધર્મ માન્યતાઓના આવા સ્વીકારમાં હિબ્રૂ અને ઇસ્લામ જેવા ધર્મોમાં તો એક પ્રકારનું ઝનૂની તત્ત્વ પણ દૃષ્ટિગોચર થાય છે.

સમાજવાદને પણ આવું એક વિચારબળ છે. એમની પણ આવી માન્યતાઓ છે અને એ માન્યતાઓને તેઓ એટલા જ ઝનૂનીભાવથી વળગી રહ્યા છે, જે

ઝનૂનીભાવથી કેટલાક ધર્મ અનુયાયીઓ તેમની ધાર્મિક માન્યતાઓને વળગે છે તથા તેના પ્રસારને માટે પ્રયત્નશીલ રહે છે.

ધર્મ-પરિવર્તન :

ખાસ કરીને ખ્રિસ્તીધર્મમાં ધર્મ-પરિવર્તનનો સવિશેષે સ્વીકાર થયો છે. કોઈપણ એક વ્યક્તિ એક ધર્મજૂથમાંથી બીજા ધર્મજૂથમાં આવે એને પરિવર્તનની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. વળી, કોઈપણ એક વ્યક્તિ પોતાના સ્વીકારેલા એક જીવન-માર્ગને બદલે, બીજા નિશ્ચિત આદર્શયુક્ત જીવન-માર્ગનું પરિગ્રહણ કરે તેને પણ પરિવર્તનની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. આવું પરિવર્તન સામ્યવાદમાં પણ છે. રશિયામાં પ્રવર્તતા સામ્યવાદમાં આવા પરિવર્તનને 'Purges' તરીકે ઓળખવામાં આવે છે અને ચીનના સામ્યવાદમાં 'brain wash' તરીકે ઓળખાવાય છે.

આમ, આપણે એ જોઈ શકીશું કે ધર્મના વિવિધ બોધ વિષયને અનુલક્ષીને વિચાર કરવામાં આવે તો સામ્યવાદમાં પણ એ બોધ વિષયો વિશે ચોક્કસ માન્યતાઓ ધરાવવામાં આવે છે અને એથી સામ્યવાદને પણ ધર્મ તરીકે જરૂર સ્વીકારી શકાય.

એ ખરું કે એ ધર્મનો ઈશ્વર આજે જે કોઈ સરમુખત્યાર સત્તાસ્થાને હોય તે બને. પરંતુ જાપાનના શિન્તોધર્મમાં પણ આવું કયાં નથી બન્યું ? એ સરમુખત્યારના બોધામૃતો તે ધર્મશાસ્ત્રો બને, અને એનું રહેઠાણ મંદિર બને એ સંભવિત છે. પરંતુ આ બધું બને છે એનું કારણ એ છે કે માનવના હૃદયમાં જે આધ્યાત્મિક ઝંખના છે એ ઝંખનાની સિદ્ધિ માટે જે કોઈ માર્ગ પ્રાપ્ત થાય તે ગ્રહણ કરવા એ તૈયાર બને છે. ધર્મ વ્યક્તિની અને સમાજની કેટલીક મહત્ત્વની જરૂરિયાત પૂર્ણ કરે છે.[૭૦] વળી, નોટિંગહામ કહે છે તેમ 'જ્યાં જ્યાં માનવસમાજ વસે છે ત્યાં ત્યાં ધર્મનું એક સાર્વત્રિક કાર્ય છે." [૭૧]

સામ્યવાદ દૈહિક અને ભૌતિક જરૂરિયાતો પૂરી પાડીને માનવીની એ ક્ષેત્રોની ચિંતા દૂર કરે છે. પરંતુ એમ કરીને જ એની આધ્યાત્મિક ભાવનાનો ઉપયોગ એની પોતાની તરફ અને એની વિચારસરણી તરફ વાળીને પોતાને ઈશ્વરસ્થાને સ્થાપે છે અને પોતાના ઉપદેશોને ધર્મશાસ્ત્રને સ્થાને સ્થાપે છે. સામાન્ય માનવની આ ભાવના-પોતાનું હિત કરનારને દેવસ્થાને સ્થાપવાની ભાવનાનો ઉપયોગ સામ્યવાદી સરમુખત્યાર આ રીતે કરી શકે છે. પરંતુ આમ કયાં સુધી થતું રહેશે ?

---

૭૦ માયર્સ, જે. ટી., પા. ૧

૭૧ નોટિંગહમ ઇ. કે., રિલિજિયન એન્ડ સોસાયટી, ન્યૂયોર્ક, ૧૯૫૪, પા. ૧

આપણે ઉપર જોયું એ સ્વરૂપના સામ્યવાદમાં વ્યક્તિ કેન્દ્રસ્થાને નથી પરંતુ રાજકીય જૂથ એ જ કેન્દ્રસ્થાને છે. વ્યક્તિની મહત્તા નથી, મહત્તા સત્તાધારી જૂથની છે. કાયદો વ્યક્તિએ ઘડેલો નથી, જૂથે આપેલો છે. આ દૃષ્ટિએ વિચારતા સામ્યવાદ ધર્મ ખરો, પરંતુ એ આદિમ ધર્મ સ્વરૂપનો છે, અને જેમ પ્રત્યેક આદિમ ધર્મની કાળાનુક્રમે સાંસ્કૃતિક ધર્મમાં ઉત્ક્રાંતિ થઈ છે એમ, આ નવોદિત ધર્મ સામ્યવાદની ઉત્ક્રાંતિ પણ એક સુસંસ્કૃત માનવધર્મમાં થશે એવી આશા કેમ ન રાખી શકાય?

૩. ધર્મ સમન્વયના કેટલાક પ્રયાસો :

એવાં અનેક બિંદુઓ છે જ્યાં વિવિધ ધર્મોનું મિલન થાય છે એ આપણે જોયું. એક અનંતની શોધમાં નીકળેલા વિવિધ ધર્મ–માર્ગોને જુદી જુદી દિશામાંથી નીકળતી અને વહેતી ભિન્ન ભિન્ન નદીઓ સાથે સરખાવી શકાય, અને જેમ બધી નદીઓ છેવટે તો મહાસાગરમાં એક થાય છે એમ શું વિવિધ ધર્મો પણ આવી રીતે અનંતની ખોજના મહાસાગરમાં લીન થશે ખરા? શું બધાયે ધર્મો એક એવા પ્રવાહમાં મળી શકે ખરાં કે જ્યાં પ્રવાહની ભિન્નતા ન હોય, અને હોય માત્ર પાણીની–તત્ત્વની–સમાનતા? ભાવિ ધર્મ તરફ નજર ફેંકીએ ત્યારે આવા સમન્વયકારી પ્રયાસનો, માનવ ઇતિહાસમાં થયેલો પ્રયાસ વિસરાવો જોઈએ નહિ. એથી જ હવે આપણે ધર્મ સમન્વયના વિવિધ પ્રયાસોની રૂપરેખા મેળવી લઈએ.

કાળક્રમમાં થયેલા આવા પ્રયાસો નીચે પ્રમાણે છે :

ક.	મનિચીયાનીઝમ	ઈ. સ. ૨૧૫
ખ.	સૂફીમત	ઈ. સ. ૮૧૫
ગ.	બહાઈમત	ઈ. સ ૧૮૪૪
ઘ.	થિયોસોફી	ઈ. સ. ૧૮૭૫
ચ.	ઈશ્વર સામ્રાજ્ય ચળવળ	ઈ. સ. ૧૯૪૦
છ.	રામકૃષ્ણ વિચારધારા	
જ.	ગાંધી વિચારધારા	

ક. મનિચીયાનીઝમ :

ખ્રિસ્તીધર્મના ઉદ્‌ભવ પછીની શરૂઆતની સદીઓમાં હિંદ તરફથી જે ધર્મસંપ્રદાયો પૂર્વમાં પ્રસર્યા તેણે પશ્ચિમી જગત ઉપર વિશેષ અસર કરી. આ બધા સંપ્રદાયો આધ્યાત્મિક જ્ઞાન દ્વારા માનવીને મોક્ષ આપવાનો દાવો કરતા હતા.

હિંદુધર્મના યોગમાં જે ચેતન અવસ્થાઓ પ્રાપ્ત થાય તેવી પદ્ધતિઓ આપવાનો આ સંપ્રદાયો પ્રયાસ કરતા હતા. એની સાથે જ પરમતત્ત્વ અથવા તો ગૂઢ તત્ત્વમાંથી નિષ્પન્ન થતી બાબતો અંગે માહિતી આપતા હતા. એમના આવા ઉદ્‌ઘોધોમાંના ઘણાખરા આજે આપણને અર્થહીન લાગે. પરંતુ આપણે એનો તિરસ્કારપૂર્વક ધિક્કાર કરવો જોઈએ નહિ. કારણકે તે સમયનું સેક્યુલર વિજ્ઞાન જેને માનવામાં આવતું હતું તેનું તે પ્રતિનિધિત્વ કરતું હતું. દેવ-જ્ઞાનવાદ (gnosticism) ને ન્યાય આપવા માટે આપણે એનો વિચાર ખ્રિસ્તીધર્મ અને પૂર્વના ધર્મોની વ્યાપક જટિલતા વચ્ચે સંબંધ સ્થાપવાના સત્ય પ્રયાસ તરીકે, કરવો જોઈએ.

આવા પ્રયત્નોમાં એક પ્રખ્યાત અને વિશિષ્ટ પ્રયત્ન 'મની'નો છે. મનીનો જન્મ એક પર્શિયન ઉમદા કુટુંબમાં ઈ. સ. ૨૧૫માં બેબિલોનમાં થયો હતો. પૂર્વની પુરાણી સંસ્કૃતિઓમાંથી મનીએ સૃષ્ટિ-સર્જનના ખ્યાલો મેળવ્યા. એમણે જરથુસ્તધર્મમાંથી વૈશ્વિક અને મૃત્યુ, અને તે પછીની અવસ્થા અંગેના સિદ્ધાંતો લીધા. ભારતીય બોધમાંથી તપશ્ચર્યાયુક્ત જીવન-વ્યવસ્થાનો વિચાર લીધો. આ બધાના સંમિશ્રણમાં એમણે ખ્રિસ્તીધર્મના કેટલાંક અંગોનો ઉમેરો કર્યો આથી એમની પદ્ધતિની અસર અનેકગણી વધી. આનું પરિણામ એ આવ્યું કે એક નવા ધર્મનું, ઇસ્લામ જેવા જ એક સ્વતંત્ર ધર્મનું સર્જન થયું અને એ ધર્મ મનિચીયાનીઝમ તરીકે ઓળખાવવા માંડયો.

મનિચીયાનીઝમની વિશેષતા એ છે કે ખ્રિસ્તીધર્મની સાથેના સંપર્કમાં એ વધુ અંશે ખ્રિસ્તી થવાનું વલણ ધરાવે છે. એ જ પ્રમાણે તુર્કસ્તાનમાં જ્યાં બૌદ્ધધર્મ સાથે એનો સંપર્ક છે ત્યાં એ બૌદ્ધ દૃષ્ટિબિંદુની સમીપ રહેવાનું વલણ ધરાવે છે.

પરંતુ આવા વલણ છતાં એ એક વિશિષ્ટ ધર્મ રહ્યો છે અને એમાં એનો તેજસ્વી મેધાવી દૃષ્ટિગોચર થાય છે.

ઈ. સ. ની ચોથી સદીમાં મનિચીયનધર્મના અનુયાયીઓ સંખ્યાની દૃષ્ટિએ વધ્યા અને એમની અસર પણ વધી. હિપ્પોના સંત અગસ્ટાઈનને એમના ધર્મના અનુયાયી બનાવવામાં એમને સફળતા મળી. ત્યાર પછીની ઘણી સદીઓ સુધી પૂર્વ યુરોપમાં મનિચીયાનીઝમની સાથે સરખાવી શકાય એવી વિચારણા અસ્તિત્વમાં રહી.

આધુનિક થિયોસોફીને કોઈપણ અર્થમાં મનિચીયન ચળવળના સીધા પરિપાક તરીકે ઓળખાવી શકાય એમ નથી. આમ છતાં, પૂર્વનો વિચિત્ર ધાર્મિક પદ્ધતિઓના જૂથનો, એ વારસ છે એમ માનવાને શંકા નથી.

મનિચીયાનીઝમનો વધુ માહિતી પ્રો. બર્બીટે આપેલાં ડોનેલાન ભાષણોમાંથી પ્રાપ્ત થાય છે. એમના મનિચીયાનીઝમના તથા વિજ્ઞાનવાદ ઉપર આપેલાં ભાષણો આ વિચારધારા વિશે ઘણી માહિતી આપે છે.

એલબરી અને પોલોટસ્કીના સંપાદનમાં પ્રાપ્ત થયેલ ટર્ફન તથા ઇજિપ્તના અન્ય સ્થાનોમાં શોધાયેલા દસ્તાવેજો પરથી મનીના ઉપદેશ વિશેનું આપણું જ્ઞાન વધુ સમૃદ્ધ બન્યું છે. પ્રોફેસર અર્નસ પોચે પેરિસમાં કરેલું મનિચીયાનીઝમ પરનું કામ ઈ. સ. ૧૯૪૫ પછી આ ધર્મ ઉપરનું મહત્ત્વપૂર્ણ કાર્ય છે.

જગતમાં મનિચીના ધર્મ અનુયાયીઓ આજે ક્યાંય હોય એવું જાણમાં નથી.[૭૨]

ખ. સૂફીમત :

સામાન્યતઃ એવી માન્યતા પ્રવર્તે છે કે સૂફીમતનો ઉદ્‌ભવ ઇસ્લામના સ્થાપક મહમદના કથનમાંથી થયો છે. આવી માન્યતા ધરાવનારા એવું પણ માને છે કે મહમદને જ્યારે અલ્લાહનો પયગામ મળ્યો ત્યારે તે એ સ્વરૂપે પ્રાપ્ત થયો હતો. એમાંના એક સ્વરૂપનું દર્શન કુરાનમાં જે બોધ સમાયેલ છે તેમાં પ્રાપ્ત થાય છે અને બીજો એમના હૃદયમાં જે સંદેશ પ્રાપ્ત થયેલો હતો એમાં સમાવિષ્ટ થાય છે.

સૂફીમતના બીજા મહમદનાં કથનોમાં અને કુરાનમાં હોવાનું આ એક વર્ગ માને છે, તો બીજા કેટલાક વિચારકો આ મતના મૂળ ભારતીય રહસ્યવાદમાં જુએ છે અને સૂફીમતના વિકાસને એને અનુલક્ષીને સમજાવવાનો પ્રયાસ કરે છે.

'સૂફી' શબ્દના વિવિધ અર્થો પ્રાપ્ત છે. 'સૂફા' એટલે પવિત્રમાંથી 'સૂફી' શબ્દ પ્રાપ્ત થયો છે એમ કેટલાક માને છે. બીજા કેટલાક એની ઉત્પત્તિ 'આસાબસ'-માંથી થયાનું માને છે. બીજા કેટલાક વળી એમ માને છે કે આ શબ્દની ઉત્પત્તિ ઇસ્લામના શરૂઆતના દિવસોમાં જે ફકીરો ગરીબી અને દુન્યવી ત્યાગના પ્રતીક-રૂપે ઊનનાં વસ્ત્રો વાપરતાં એમાંથી થઈ છે.

સૂફી શબ્દના આ અર્થો ઉપરાંત સૂફીમતને સમજવા માટે અબુસૈયદે[૭૩] સૂફીમતનો આપેલ વિવિધ વ્યાખ્યાઓ રજૂ કરવી ઠીક રહેશે.

એક, જે તમારા હાથમાં છે તેને ત્યાગો, જે તમારા મગજમાં છે એને વિસરો, અને તમારા પર જે કંઈ ગુજરે એની સામે વિરોધ ન દર્શાવો.

બે, સૂફીમત બે મહત્ત્વની બાબતો છે—એક દિશામાં અવલોકન કરવું અને એક માર્ગે જીવન વ્યતીત કરવું.

---

૭૨ બુકે, એ. સી : કમ્પરેટીવ રિલિજિયનમાં પા. ૨૯૦–૯૧ પર આપેલ નોંધ પરથી

૭૩ ગ્લીમ્પસીસ ઑફ વર્લ્ડ રિલિજિયન્સ જયકો, પા. ૨૫૭

ત્રણ, સૂફીમતનું નામ એના આદર્શને અનુલક્ષીને આપવામાં આવ્યું છે. માનવી જ્યારે સંપૂર્ણ પૂર્ણતા પ્રાપ્ત કરે ત્યારે તે પ્રભુમય બને છે.

ચાર, સૂફીમત એવી માનસિક તથા દૈહિક અવસ્થા પ્રબોધે છે જ્યાં ભૂખમાં આનંદ, ગરીબીમાં અમીરી, સેવામાં પ્રભુમયતા, નમ્રતામાં સર્વજ્ઞતા, ગુલામીમાં સ્વાતંત્ર્ય, મૃત્યુમાં જીવન, કડવાશમાં મીઠાશ, નાશમાં ગર્વનો અનુભવ કરી શકાય.

પાંચ, પ્રભુ જે કંઈ કરે છે એમાં આનંદ માનનાર વ્યકિત સૂફી છે, કારણ કે પોતે જે કંઈ કરે છે એનાથી પ્રભુ ખુશ રહે.

છ, સૃષ્ટિના ક્રમમાં ઈશ્વરના આધિપત્યને અનુસરી જે કંઈ બને એનો શાંતિપૂર્વક સ્વીકાર એ સૂફીમતની વિશિષ્ટતા છે.

સાત, સાચો સૂફી તે જ છે જે પોતાની જાતને ભૂલીને પ્રભુમાં તન્મય બને છે, કારણકે જે વ્યક્તિ પોતાનામાં જ તન્મય રહે છે એ કદીયે પ્રભુની નિકટ જઈ શકે નહિ.

સૂફીમતની વિશિષ્ટતાઓ :

અબુસૈયદે આપેલ સૂફીમતના વિવિધ ખ્યાલોને અનુલક્ષીને સૂફીમતની કેટલીક વિશિષ્ટતાઓ સ્પષ્ટ થાય છે. ઈશ્વરની ભીતિ તથા ઈશ્વરના ન્યાયમાં વિશ્વાસ એ બે મહત્વના મુદ્દાઓ છે. વળી સૂફીમતાનુસાર દુન્યવી સુખનો ત્યાગ પણ મહત્વનો બને છે. આમ કરવામાં સૂફીમત વૈરાગ્ય ભાવનાને પ્રાધાન્ય આપે છે, એટલું જ નહિ પરંતુ વૈરાગ્ય ભાવનાને એ તબક્કે લઈ જાય છે જ્યાં વ્યકિત પોતે પોતાને માટે પણ વૈરાગ્ય અનુભવે. આમ ત્યારે જ બની શકે જ્યારે વ્યક્તિ પ્રભુ–તન્મય બને. આ માટે સૂફીમતમાં મનન અને સમાધિનું સ્થાન પણ સ્વીકારાયેલ છે.

સૂફીમતનું રહસ્યવાદી સ્વરૂપ રબિયાના આ કથનમાં પ્રાપ્ત થાય છે. : "પ્રભુ, જો હું નર્કના ભયથી તારી પૂજા કરું તો મને નર્કમાં બાળજે, અને જો હું સ્વર્ગની આશાએ તારી પૂજા કરું તો મને સ્વર્ગમાંથી બાકાત રાખજે. પરંતુ હું જો તારી પૂજા તારે માટે જ કરું તો તારું દિવ્ય સૌંદર્ય મારાથી છૂપાવીશ નહીં." વળી, બીજા એક સૂફી કહે છે એ પ્રમાણે પૂર્ણ પ્રેમ માત્ર એવા જ પ્રેમીમાંથી નીપજે છે જે પોતાને માટે જ આશા રાખી કઈ કરતો નથી. મૂલ્યની આશા શી કામની ? આપણે માટે તો મૂલ્ય કરતાં, ભેટ કરતાં એનો આપનાર જ મહાન છે.

આ પ્રમાણે આપણે એ જોઈ શકીશું કે સૂફીમત સવિશેષે રહસ્યવાદી બની રહે છે. પ્રભુપ્રાપ્તિને માટે પોતાના સત્ય સ્વરૂપનું તેમ જ પોતાના અસત્ય સ્વરૂપનું

જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે, અને તેમ છતાં માત્ર બુદ્ધિથી જ ઈશ્વરનું સ્વરૂપ ન તો જાણી શકાય, ન તો અનુભવી શકાય. એ માટે તો ઈશ્વરીકૃપાની અને ઈશ્વરી સહાયની આવશ્યકતા રહે છે.

સૂફીમતનો ઐતિહાસિક વિકાસ :

સૂફીમતની વિશિષ્ટતાઓ ઇસ્લામધર્મની ઉત્પત્તિની સાથે સાથે દૃષ્ટિગોચર થવા છતાં એનો ખરો ઐતિહાસિક વિકાસ ઈ. સ.ની ૮મી સદીના ઉત્તરાર્ધમાં થયેલો માલૂમ પડે છે. આ સમયે સર્વેશ્વરવાદ, થિયોસોફી, ઈશ્વરવાદ તથા દૈવીએકત્વ ભાવના જેવા બિનમુસ્લિમ અંશો સૂફીમતના મૂળ વિચારમાં ભળ્યા. આથી સૂફીમતનો વિકાસ થયો અને સાથે જ એનો ફેલાવો પણ થયો.

આ તબક્કે સૂફીમતના વિકાસમાં મહત્ત્વનો ફાળો મંસુર તથા ઇમામ ગઝાલીએ આપ્યો. મંસુરના સર્વેશ્વરવાદના વિચારોને પરિણામે મુસ્લિમો સૂફીઓને પોતાનાથી અલગ ગણતા. ઇમામ-અલ-ગઝાલીએ સૂફીમતનું ઇસ્લામમાં સ્થાન નિશ્ચિત કર્યું. ઇસ્લામના પ્રખર ઈશ્વરવાદી તરીકે ગઝાલીનો સ્વીકાર થાય છે. ગઝાલીએ ઈશ્વરના સ્વરૂપને તથા ઈશ્વર સાથેના એકત્વને જુદી રીતે રજૂ કર્યો. ઈશ્વરમાં લીનતા અને એની સાથેના એકત્વ તરીકે નહીં, પરંતુ ખ્રિસ્તી મતાનુસાર એકત્વને એમણે સ્વીકાર્યું. એમના મતાનુસાર 'ત્વહિદ' એટલે એકત્વ અને 'ત્વક હુલ' એટલે વિશ્વાસ અને શ્રદ્ધા. એ બંને એકમેકની સાથે અનિવાર્યપણે સંકળાયેલા છે. આ રીતે ગઝાલી કેટલાક નૈતિક અને આધ્યાત્મિક વિચારોના પ્રણેતા બન્યા છે.

સૂફીમતનો શ્રેષ્ઠતમ સમય ઈ. સ. ની ૧૩મી સદીથી શરૂ થાય છે. આ સમયના મહત્ત્વના સૂફીમત પ્રચારકો તરીકે ફરીદુદ્દીન અત્તર, જલાલુદ્દીન રૂમી, શેખ સાદિક અને ગામીનો ઉલ્લેખ કરી શકાય. આ વિચારકોના વિચારોની અસર ઇસ્લામ પર પ્રબળ રીતે રહી છે. આ સમયમાં સૂફીમતે જે સ્થાન પ્રાપ્ત કર્યું હતું એનો ખ્યાલ ગામી વિશેના આ કથનમાંથી આવે છે : "પર્શિયાના રહસ્યવાદો અને સર્વેશ્વરવાદી વિચારનું ગામીમાં બહુ સ્પષ્ટ અને સંપૂર્ણપણે નિરૂપણ થયું છે. ગામીએ વિકસાવેલ અંતિમ તત્ત્વનો અનંત સૌંદર્ય તરીકેનો ખ્યાલ સવિશેષ ધ્યાન ખેંચે છે." ગામીના મતાનુસાર ઈશ્વર અનંત સૌંદર્ય છે અને એ સૌંદર્યના પ્રત્યક્ષીકરણ માટે જ સૃષ્ટિનું સર્જન થયું છે. સૌંદર્યમાંથી સ્નેહ જન્મે છે અને સ્નેહમાંથી આનંદ-પ્રાપ્તિના માર્ગે જઈ શકાય છે. એ આનંદમાં બધા જ ભેદો ઓગળી જાય છે. પ્રેમી અને પ્રેમિકા એક બને છે. સંપૂર્ણ સૌંદર્યમાંથી પૂર્ણ

પ્રેમ નીપજે છે અને પૂર્ણ પ્રેમમાંથી પૂર્ણ આનંદાવસ્થા પ્રાપ્ત થાય છે. સૌંદર્યને માટેની આકાંક્ષા, જીવ અને શિવની વચ્ચેના તાદાત્મ્યની ઝંખનાના માર્ગ સમાન છે.

સૂફીમતના વિકાસ વિશે એવલીલ અંડરહીલ કહે છે : રબીઆ (૭૧૭–૮૩૧)ના પ્રભાવશાળી વ્યક્તિત્વમાં રજૂ થઈ, શહીદ–અલ–હલજ (મન્સુર) (૯૨૨) દ્વારા સંચલિત થયેલ, મુસ્લિમ રહસ્યવાદ, અલ ગઝાલી (૧૦૫૫–૧૧૧૧) ના 'એકરાર'માં સાહિત્યિક સ્વરૂપ પામે છે. અને એનો પ્રશિષ્ટ સમય ૧૩મી સદીમાં પ્રાપ્ત કરે છે, જ્યારે રહસ્યવાદી કવિઓ અત્તર (૧૧૪૦–૧૨૩૪), શાદી અને સંત જલાલુદ્દીન (૧૨૦૭–૧૨૭૩) એનું સિંચન કરે છે. આ મુસ્લીમ રહસ્યવાદ ૧૪મી સદીમાં હાફીઝ (૧૩૦૦–૧૩૮૮) અને એના ૧૫મી સદીના અનુગામી કવિ જામી (૧૪૧૪–૧૪૯૨)માં પ્રેમલક્ષણા સ્વરૂપ પ્રાપ્ત કરે છે.

એનો આ વિકાસ તવારીખમાં મુસ્લિમ રહસ્યવાદ, ઇસ્લામનો મૂળ ભાવનાને અનુરૂપ નહિ એવાં કેટલાંક તત્ત્વો સમાવે છે, અને આથી મહમદે પ્રબોધેલા અલ્લાહના ખ્યાલ, જીવન માર્ગ અને અલ્લાહ અને માનવના સંબંધ વિશેના ઇસ્લામી મૂળ વિચારોથી આ રહસ્યવાદી વિચારધારા અલગ પડે છે. આમ છતાં, એટલું તો સ્વીકારવું જ રહ્યું કે આવા અંશોને પોતામાં સમાવિષ્ટ કરવા છતાં, મુસ્લિમ રહસ્યવાદે ઇસ્લામમાં એક આગવું સ્થાન જાળવ્યું છે.

પ્રભુપ્રાપ્તનાં સોપાનો :

ઈશ્વર સાથેના તાદાત્મ્યતાના અનુભવ ઉપર સૂફીમતનો ઝોક છે એ આપણે આગળ જોયું. પ્રભુપ્રાપ્તિના આધ્યાત્મિક માર્ગ પરનો પથિક પોતાનું ધ્યેય પ્રાપ્ત કરે એ માટે કેટલાંક મહત્ત્વનાં સોપાનો સૂફીમતમાં આલેખવામાં આવ્યાં છે વિવિધ ધર્મોમાં રજૂ થયેલ સાધનાના માર્ગોની સાથે સૂફીમતનાં આ સોપાનો સરખાવી શકાય. આવાં સાત સોપાન રજૂ કરવામાં આવે છે.

૧. પ્રભુસેવા :

ઈશ્વરની સેવા એ પ્રભુપ્રાપ્તિના માર્ગનું પ્રથમ પગથિયું છે. આ તબક્કે જીવ પોતાના દુષ્કૃત્યો માટે પ્રાયશ્ચિત્ત કરે છે અને એમ કરી પોતાના આત્માની પવિત્રતા પ્રાપ્ત કરે છે. આત્મશુદ્ધિ વિના પ્રભુપ્રાપ્તિ શક્ય નથી એ અહીંયાં ભારપૂર્વક સૂચવાયું છે.

૨. પ્રભુપ્રેમ :

આત્મશુદ્ધિ કર્યા બાદ જીવને દુન્યવી કોઈ વસ્તુમાં મમતા કે મોહ રહેતો નથી અને ઇશ્વરપ્રાપ્તિની એકમાત્ર ઝંખના એને રહે છે. પ્રભુની સેવા દ્વારા એનો સ્નેહ

પ્રાપ્ત કરવા એ પ્રયત્નશીલ રહે છે. પ્રભુના વિયોગથી એ દુ:ખી થાય છે અને સર્વત્ર ઈશ્વરના દર્શનને માટે ઝંખે છે. દુન્યવી સર્વને ત્યાગીને પ્રભુપ્રેમમાં એ મગ્ન બને છે અને ઈશ્વરના ગુણોના સર્વસ્થાને પ્રત્યક્ષ દર્શન કરતા એ એને પામવા પ્રયત્નશીલ રહે છે. દુન્વયી તૃષ્ણા ત્યાગીને એ એક પ્રકારની ફકીરી સ્વીકારે છે અને એમ કરી પ્રભુની પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે કોશિશ કરે છે.

૩. સર્વત્યાગ :

પ્રભુસેવા અને પ્રભુપ્રેમનાં સોપાનો વટાવી જીવ એક એવી કક્ષાએ આવે છે જ્યારે આત્મ–પવિત્રતાની પ્રાપ્તિને કારણે પ્રભુપ્રાપ્તિના માર્ગે જીવ આગળ વધે છે. આ તબક્કે એને સર્વ કંઈ પ્રભુમય લાગે છે અને એના સિવાય અન્ય કંઈનું અસ્તિત્વ નથી એવો અનુભવ એને થાય છે.

૪. જ્ઞાનાવસ્થા :

સાધનાના આ તબક્કે જીવને જ્ઞાનપ્રાપ્તિ થાય છે અને તે ઈશ્વરના સ્વરૂપ અને ગુણ વિશે ચિંતન કરે છે. આ ચિંતન દ્વારા એ પોતાનું હૃદય ઈશ્વરને સમર્પિત કરે છે. અને પોતાના મનની સર્વ વૃત્તિઓ સંકેલીને ઈશ્વરના વિચારમાં નિમગ્ન બને છે.

૫. દૈવીએકત્વનું રૂપ :

આ તબક્કે ઈશ્વરમાં ધ્યાનમગ્ન બનેલ જીવ ઈશ્વરના જપમાં મગ્ન બને છે. વ્યક્તિ, વ્યક્તિ મટીને સમષ્ટિ બને છે; જીવ, જીવ મટીને શિવ બને છે; અને જીવ–શિવનો ભેદ મટતાં આધ્યાત્મિક એકત્વનો અનુભવ પ્રત્યક્ષ થાય છે. આ તબક્કે સઘળી સ્વાર્થાંધતા નાશ પામે છે. કારણકે સ્વાર્થાંધતા સિવાયનું અન્ય નર્ક કોઈ નથી અને જીવ આત્મસમર્પણભાવ અનુભવે છે. કારણકે એના સમાન કોઈ સ્વર્ગ નથી.

૬. સમીપત્વ :

અલૌકિક દૈવીએકત્વના આ અનુભવમાં પણ જીવ ઈશ્વર સાથેના એકત્વનો અનુભવ કરવા છતાં ઈશ્વર એના સમીપ નથી. પરંતુ આ કક્ષાએ જીવ પોતાનું પોતાપણું વિસારી, પોતાને જ ઈશ્વર સ્વરૂપે જુએ છે. એના સ્વાર્થીપણાની ધૂમ્રસેર એનાથી જુદી પડી જીવ જ્યોતિસ્વરૂપે પ્રકાશે છે. જીવનો આ જ્યોતિસ્વરૂપની

પ્રાપ્તિ, સાધનાનું એ પગથિયું છે, જેના પરથી માત્ર એક છલાંગ મારી સાધક સિદ્ધિનું શિખર પ્રાપ્ત કરી શકે છે.


૭. પ્રભુએકત્વ :

આ તબક્કે જીવની સમક્ષ પ્રભુ પ્રત્યક્ષ થાય છે અને જીવની જ્યોત સમષ્ટિની જ્યોતમાં વિલીન થાય છે. જીવનું વ્યક્તિત્વ સમાપ્ત થઈ સમષ્ટિમય બની જાય છે. જીવ અને શિવનું એકત્વ જીવને આ તબક્કે પ્રત્યક્ષ થાય છે.

હિંદુધર્મની ચર્ચા કરતી વખતે આપણે જીવનમુક્તની અવસ્થાની જે વિચારણા કરી છે તેની સાથે આ અવસ્થાને સરખાવી શકાય.

પ્રભુપ્રાપ્તિના માર્ગે જીવે જેમ ઉત્ક્રાંતિ સાધવાની છે તેમ પરમતત્ત્વે પણ જીવના મિલનને માટે અવક્રાંતિ કરવાની રહે છે. જીવની ઉત્ક્રાંતિ અને પરમતત્ત્વની અવક્રાંતિમાંથી સૂફીવાદી રહસ્યમય અનુભવ પ્રાપ્ત થાય છે. ઉત્ક્રાંતિ અને અવક્રાંતિની આ પ્રક્રિયાઓ શ્રી અરવિંદ ઘોષના દર્શનમાં સ્પષ્ટ રીતે આલેખાયેલ છે. એમની આ રજૂઆત નીચે આપેલા કોઠા ઉપરથી સ્પષ્ટ થશે.

શ્રી અરવિંદ અનુસાર ઉત્ક્રાંતિ–અવક્રાંતિ પ્રક્રિયા :



આધ્યાત્મિક અનુભવની પ્રાપ્તિ માટે જીવ પોતાની તૈયારી જેટલે અંશે કરી શકે તેટલે અંશે પરમતત્ત્વ જીવની સમીપ આવે છે. એની રજૂઆત કરતા પ્રો. નીકોલ્સન કહે છે : માનવ એક એવું નાનું વિશ્વસ્વરૂપ છે જેમાં વિવિધ ગુણો એકત્રિત થયા છે. વિશ્વતત્ત્વ (Absolute), એના વિવિધ અંશોમાં, માનવમાં જ મૂર્તિમંત થાય છે. બીજી રીતે કહીએ તો માનવ પ્રકૃતિમાં પોતાને સંપૂર્ણપણે

આવિષ્કારિત કરી, વિશ્વતત્ત્વ, માનવના માધ્યમ દ્વારા, પોતાના સ્વ-સ્વરૂપમાં વળે છે. અથવા તો, ઈશ્વર અને માનવ એક સંપૂર્ણ માનવીમાં એકત્વ પ્રાપ્ત કરે છે– એવો માનવ જે પયગંબર કે સંત છે અને જેનું, માનવ અને ઈશ્વર વચ્ચેના મધ્યસ્થીનું કાર્ય, વિશ્વતત્ત્વના સત્ અને આભાસના સમન્વયકારી કાર્ય સમાન છે. આમ, વિશ્વતત્ત્વની માનવમાં આવિષ્કાર પામવાની ઊર્ધ્વગામી પ્રક્રિયા અને વળી પાછા એ જ તત્ત્વમાં વિલીન થવાની પ્રક્રિયા આત્માના એકત્વના અનુભવમાં પ્રત્યક્ષ થાય છે.

આ ઉપરાંત સૂફીમતમાં ખુરશીદ અથવા પીરનો સ્વીકાર કરવામાં આવે છે. સંતોને માનની લાગણીથી અવલોકવામાં આવે છે તેમ જ એમના સ્થાનકોએ યાત્રા કરવાનું પણ સૂચવવામાં આવે છે.

ઉપસંહાર :

આમ, આપણે એ જોઈ શક્યા કે સૂફીમત એક રહસ્યવાદી મત છે. જીવ-બ્રહ્મના એકત્વને પ્રાધાન્ય આપીને એ મત માનવના અંતિમ દૈવી અંશનો સ્વીકાર કરે છે. ધાર્મિક અનુભવનું હાર્દ જીવ-શિવ એકત્વમાં સમાયાનું સૂફીમત કહે છે. જે ધાર્મિક અનુભવ કોઈપણ એક વ્યક્તિ માટે શક્ય છે એ સર્વને માટે પણ શક્ય બની શકે છે. આવો અલૌકિક ધાર્મિક અનુભવ ધર્મના વાડાઓ કે મર્યાદાઓનો સ્વીકાર કરતો નથી અને આવો અલૌકિક અનુભવ મર્યાદિત વ્યક્તિ કે જૂથને માટે જ છે એનો પણ સૂફીમત ભારપૂર્વક ઇન્કાર કરે છે. એના વિકસેલા સ્વરૂપમાં સૂફીમતને કોઈ પણ એક નિશ્ચિત ધર્મ સાથે સાંકળી શકાય એમ નથી બલ્કે, એ મતના ધાર્મિક અનુભવના સમાનપણાની રજૂઆતને કારણે ધર્મ સમન્વયનાં દર્શન થઈ શકે છે

૭. બહાઈમત :

ધર્મ સમન્વયના વિવિધ પ્રયાસોમાં બહાઈમતનું પણ અગત્યનું સ્થાન છે આ મતનો ઉદ્દેશ રજૂ કરતાં રેમી કહે છે : બહાઈ દર્શનનો ઉદ્દેશ સર્વ લોકોનું ધાર્મિક એકત્વ પ્રાપ્ત કરવાનું છે.[૭૪]

બધા લોકોનું ધાર્મિક એકત્રીકરણ ત્યારે જ થઈ શકે જ્યારે "જાતિઓનું એકત્રીકરણ થાય."[૭૫]

---

૭૪ રેમી, સી. એમ : ધી યુનિવર્સલ કોન્સીયસનેસ ઓફ ધી બહાઈ રિલિજિયન, ઇટાલી, ૧૯૨૫, પા. ૧૨

૭૫ મીની, ટી. કે : ધી રીકન્સીલીયેશન ઓફ રેસીસ એન્ડ રિલિજિયન, લંડન, ૧૯૧૪, પ્રીફેસમાંથી

જાતિ–જાતિ વચ્ચે, પ્રજા–પ્રજા વચ્ચે, તેમ જ વિવિધ ધર્મ અનુયાયી જૂથો વચ્ચે એકત્રીકરણના જે માર્ગો ધર્મના ઇતિહાસમાં જોવા મળે છે તે મુખ્યત્વે ત્રણ છે. મનામણી (persuasion), બળજબરી ('persecution) અને વટલાવ (proselytization). જે જે ધર્મોએ પોતાના પ્રદેશ વિસ્તારવા પ્રયાસ કર્યો તે ધર્મોએ આ ત્રણ પૈકીના એક કે વધારે કે બધા જ માર્ગોનો ઉપયોગ કર્યો છે. મનામણીનો માર્ગ શાંત અને સૌમ્ય હોય છે, જ્યારે બળજબરીનો માર્ગ હિંસક અને આક્રમક હોય છે. વટલાવનો માર્ગ હકીકતમાં તો કાયરપણાની જ નિશાની છે.

બહાઈ ધર્મમાં જે એકત્રીકરણની વાત છે એ ધાર્મિક એકત્રીકરણ ધર્મ-રૂપાંતરથી નહીં, અને તેથી ધર્મરૂપાંતરના આ ત્રણેય માર્ગોમાંથી એકેય દ્વારા નહીં, પરંતુ એ ધાર્મિક એકત્વ ભાવાત્મક પ્રકારનું છે એમ કહેવામાં બહાઈમતની વિશિષ્ટતા રહેલી છે.

આમ બહાઈમત સ્વીકારવાને માટે કોઈએ પણ પોતાનો ધર્મ છોડવાની જરૂર નથી.[૭૬] પોતે જે ધર્મમાં જન્મ્યા હોય અને ઉછર્યા હોય એ ધર્મની જ માન્યતા ચાલુ રાખવા છતાં બહાઈમતનો સ્વીકાર કરી શકાય છે.

આમ કઈ રીતે થઈ શકે ? એ વિશે બહાઈ મતનું કહેવું છે કે પોતાના જ ધર્મમાં એવાં જે તત્ત્વો જોવામાં આવે તેની યોગ્ય રીતની સમજ આપીને આમ કરી શકાય આથી પોતાના ધર્મના ધર્મ-ખ્યાલો અને વિધિઓને રૂપક તરીકે સમજવવા જોઈએ.

આવી સમજણના એક–બે દાખલાઓ અહીં રજૂ કરીએ. ઉપવાસની વિધિ અનેક ધર્મોમાં છે. ઇસ્લામધર્મમાં પણ એનું સ્થાન છે. ઉપવાસની સમજ આપતા સોહરાબ કહે છે :[૭૭]

સાચો ઉપવાસ તો અહમના આદેશાનુસારની વાસનાઓના ઉપભોગથી અલિપ્ત રહેવામાં છે. સાચો ઉપવાસ તે જ છે જે માનવીના અહમનો નાશ કરી એનું અંતઃકરણ પવિત્ર કરે; દૈહિક વાસનાઓને સ્થાને આધ્યાત્મિક જાગૃતિનું સ્થાપન કરે; અને માનવીના નૈતિક ધડતરને પવિત્ર કરી પ્રભુપ્રેમનો પાવનકારી અગ્નિ પ્રજ્વલિત કરી જીવનમાંથી અજ્ઞાનતા અને ઉશ્કેરાટ દૂર કરી એને નમ્રતાથી સભર કરે.

---

૭૬ વિડગેરી, એ. જી : લિવિંગ રિલિજિયન્સ એન્ડ મોડર્ન થોટ, ન્યુયોર્ક, ૧૯૩૬, પા. ૨૧૯

૭૭ સોહરાબ એમ. એ., અબ્દુલ બહા ઇન ઇજિપ્ત, ન્યુયોર્ક, ૧૯૨૯, પા. ૧૪૮

એ જ પ્રમાણે નર્ક અને સ્વર્ગની વિચારણાની સમજણ આપતાં ફ્રેલ્ટસ આમ કહે છે :૭૮

મનમાં દુષ્ટ વિચારો અને આશયો પ્રબળ બને અને વાસનાઓનો ભોગ બનાય તથા ઐહિક પ્રવૃત્તિઓને પ્રાધાન્ય અપાય એ જ નર્ક. એ અવસ્થામાં માનવી પ્રભુ વિમુખ બને છે અને પોતાનાં અજ્ઞાનને કારણે દુઃખી થાય છે. એમાંથી મુક્તિ એ જ સ્વર્ગ. પ્રેમ, દયા અને સત્કર્મોથી માનવી ઈશ્વર સાથેનું એકત્વ સ્થાપે એ જ મુક્તિ—એ જ સ્વર્ગ પ્રાપ્તિ.

આવા પ્રયત્નો માત્ર બહાઈ મતવાદીઓમાં જ જોવા મળે છે એવું નથી. કેટલાયે ખ્રિસ્તીધર્મના અનુયાયીઓ તેમ જ હિંદુધર્મના અનુયાયીઓ તેમનાં શાસ્ત્રોમાં અપાયેલા બોધોને રૂપક તરીકે ઘટાવીને તે રીતે સમજાવવા પ્રયાસ કરે છે. રામાયણ અને મહાભારત જેવાં પુરાણોને ગાંધીજીએ પણ રૂપકો તરીકે જ આવકાર્યા હતા. આટલું જ નહિ પરંતુ હિંદુધર્મના અનેક સંતપુરુષોએ હિંદુ ધર્મશાસ્ત્રોમાં રજૂ થયેલ વિવિધ ખ્યાલોનું આધ્યાત્મિક અર્થઘટન આપવાનો ખાસ પ્રયત્ન પણ કર્યો છે.

બહાઈમતની શરૂઆત ૧૯મી સદીમાં પર્શિયામાં 'બાબ' નામના માણસે ચાલુ કરેલો ચળવળમાંથી થઈ હતી. એમણે જે બોધ આપ્યો એને શરૂઆતમાં બાબીવાદ તરીકે પણ ઓળખવામાં આવતો હતો. મુસલમાનોના શીયા સંપ્રદાયના બાર ઇમામોના બોધ પર આ મત સ્થપાયો હતો. શીયામતનો એવી માન્યતા છે કે બારમા ઇમામ સદ્ગાય જીવંત છે અને જ્યારે પણ જરૂર પડશે ત્યારે ઇસ્લામ-ધર્મને એના મૂળ પવિત્ર સ્વરૂપમાં ફરી પ્રસ્થાપિત કરશે.

આપણે આગળ જોયું છે કે ઇસ્લામધર્મમાં અવતારવાદનો ખ્યાલ સ્વીકારવામાં આવ્યો નથી. હિંદુધર્મમાં અવતારવાદનો ખ્યાલ છે. લગભગ તેવો જ ખ્યાલ શીયા સંપ્રદાયમાં પ્રચલિત છે.

ઈ. સ. ૧૮૪૪માં મીરઝા અલી મહમદ જેને બાબ તરીકે ઓળખવામાં આવે છે, તેઓએ પોતે 'બાબ' છે એમ જાહેર કર્યું. બાબનો અર્થ થાય છે દ્વાર. એથી અદ્રશ્ય ઇમામ એમની મારફતે માનવોને સંદેશ આપે છે એમ એમના કથનનો અર્થ હતો. એમને અનેક અનુયાયીઓ પ્રાપ્ત થયા. આ ચળવળની એક વિશિષ્ટતા

૭૮ ફ્રેલ્ટસ ઈ: અબ્બાસ એરેંડી, લીઝ લાઈફ એન્ડ ટીચિંગ—ન્યુયોર્ક, ૧૯૧૨, પા. ૬૬૪

એ હતી કે કુરાન વાક્યને બ્રહ્મવાક્ય તરીકે સ્વીકારી શકાય નહિ. એવો મત એમણે પ્રસ્થાપિત કર્યો. બાબને થયેલ જ્ઞાનને આધારે એક નવા પુસ્તકની રચના થઈ અને બાબના 'કાર્યની સાત સાબિતી'ની કુરાનની સમકક્ષ પુસ્તક તરીકે ગણના થવા માંડી.

બાબના મત અનુસાર કોઇપણ સંદેશ છેવટના સંદેશ સમાન નથી. જ્યારે પણ જમાનાની નવીન જરૂરિયાતો ઉપસ્થિત થાય ત્યારે એક નવા પયગંબર પધારે છે. એમને ઇસ્લામધર્મના અનુયાયીઓ તરફથી ઘણું દુઃખ દેવામાં આવ્યું અને ૧૮૫૦માં એમનો વધ કરવામાં આવ્યો. બહાઈ મતના સ્થાપક તરીકે એમનું સ્થાન મહત્વનું છે.

બાબના મૃત્યુ પછી બહા-ઉલ્લાએ એમના અનુયાયીઓનું નેતૃત્વ લીધું. એમણે જાહેર કર્યું કે બાબ તો માત્ર દ્વાર જ હતા, પરંતુ પ્રભુ મારી સમક્ષ પ્રત્યક્ષ થશે અને એમના નામ પરથી બાબીમત બહાઈમત બન્યો. બાબીમતમાં ઇસ્લામની અસર સંપૂર્ણપણે વર્તાય છે. કોઇપણ નવી ધાર્મિક ચળવળની શરૂઆતમાં આમ હોવું કદાચ અનિવાર્ય પણ બને. પરંતુ બહાઈમતમાં ઇસ્લામનું કોઈ બંધન નથી. એ એકધર્મી ન બનતા સાર્વત્રિક બને છે.

બહા ઉલ્લા પછી એમનું સ્થાન અબ્દુલ બહાએ લીધું, અને એ ત્રણેનો ઉલ્લેખ ત્રિસ્વરૂપ તરીકે કરવામાં આવે છે.૭૯

બહાઈમત વિશે જુદા જુદા વિચારકોએ રજૂ કરેલ વિચારને અનુલક્ષીને એના સ્વરૂપનો ખ્યાલ આપણે પામી શકીશું. સ્ક્રીન કહે છે :૮૦

"માનવજાતની એકતા અને ધર્મોની મૂળભૂત એકતાનું જ્ઞાન એ ઈશ્વરની આધુનિક સુસંસ્કૃત સમાજને દેણ છે."

"પ્રત્યેક પયગંબરે ઉપદેશેલ સિદ્ધાંતો એકસમાન છે. એમનામાં ભેદ નથી."

"સારા ભ્રાતૃત્વ માટે જ બધા ધર્મો પ્રબોધાયા છે. બધા જ ધર્મોના મૂળભૂત પાયામાં છે : બરાબરી, એકતા અને પ્રેમ."

"બહાઈમતમાં પુરોહિતો નથી, કારણ કે વિધિ-પ્રણાલીથી જાતિભાવના નીપજે છે અને એને પરિણામે આધ્યાત્મિક (spiritual) અને અઆધ્યાત્મિક યા બીન-ધર્મી (secular)ની વચ્ચે આધિપત્ય માટેનો સંઘર્ષ થાય છે. તાત્ત્વિક માન્યતાઓ પર કે એના બાહ્ય સ્વરૂપ સમાન વિધિઓ પર બહાઈમત જરાયે ભાર મૂકતો નથી."

૭૯ બહાઈ, હોલી, એચ : ધી રિપરિટ ઑફ ધી એજ, ન્યુયોર્ક, ૧૯૨૧, પા. ૪૬

૮૦ સ્ક્રીન, એફ. એચ : બહાઈઝમ, ધી રિલિજિયન ઑફ બ્રધરહુડ એન્ડ ઇટ્સ પ્લેસ ઇન ધી ઇવોલ્યુશન ઑફ ધી ક્રીડ, લંડન, ૧૯૧૯ પા. ૫૭

બહાઇમતની સમજૂતી આપતા હૉલી[૮૧] કહે છે :

"બહાઈ ચળવળ તો આજના યુગના હાર્દ સમાન છે."

બહાઇમત વિશે પોતાનો વિચાર રજૂ કરતાં વ્હાઇટહેડ[૮૨] કહે છે :

પોતાના પહેલાં થઈ ગયેલા વિવિધ ધર્મોમાં પ્રબોધાયેલ બોધને બહાઇમત અનુમોદન આપે છે અને પૂર્ણ કરે છે, અને સાથે જ દૈવિક સામંજસ્ય અને શાંતિ સ્થાપવા માટેની આધુનિક માનવસમાજની આધ્યાત્મિક જરૂરિયાતને પોષે એવી વ્યવહારુ તાત્ત્વિક વિચારણા આપે છે.

બહાઇમત વિશે ઉપર રજૂ કરેલા વિવિધ વિચારો ઉપરથી એવું તારણ દોરી શકાય કે આધુનિક યુગને માટે બહાઇમત અનુકૂળ અને સ્વીકાર્ય છે. ધર્મ અને વિજ્ઞાન બે એકમેકના વિરોધી નહીં પરંતુ પૂરક છે, અને તેથી એ બંને વચ્ચે સમન્વય સાધી શકાય છે એ આપણે બહાઇમતમાંથી જોઈ શકીએ છીએ. ધર્મના ઉચ્ચતર સ્વરૂપને માટે સંસ્કૃતિ અને વિજ્ઞાન અનિવાર્ય છે અને એથી એ બંને ધર્મની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હોવા જોઈએ. ધર્મ અને વિજ્ઞાનના આ ઘનિષ્ટ સંબંધની રજૂઆત કરતા ગાર્ડનર[૮૩] કહે છે :

ધર્મ અને વિજ્ઞાનની બે પાંખો ઉપર માનવીની બુદ્ધિ ઉડ્ડયન કરીને માનવ આત્માની ઉચ્ચતર કક્ષાઓ હાંસલ કરે છે. માત્ર એક જ પાંખથી ઊડવું શક્ય નથી. જો માનવ માત્ર ધર્મની પાંખ ઉપર જ ઊડવાનો પ્રયાસ કરે તો એ વહેમના વમળમાં અટવાઈ જાય, અને જો એ માત્ર વિજ્ઞાનની પાંખ ઉપર જ ઉડવાનો પ્રયાસ કરે તો એ નર્યા ભૌતિકવાદની ગર્તામાં સરી પડે.

વિજ્ઞાન અને ધર્મના આવા સમન્વય વિશે હૉલી કહે છે :[૮૪] સૃષ્ટિની સમગ્ર વસ્તુઓમાં દૈવતત્ત્વનાં દર્શન કરવાં જેથી એક નાનું રજકણ પણ મહાન સૂર્ય સમાન બની રહે, જેથી સામાન્ય પથ્થર પણ મહત્ત્વપૂર્ણ બને, એ અગત્યનું છે. અનંત ઉત્ક્રાંતિની પ્રક્રિયાને પરિણામે જડતત્ત્વ માનવમંદિરની સેવાર્થે પ્રાપ્ત થયું છે એની સિદ્ધિ, અને એમ થતાં, માનવ જે સ્વયં પૂર્ણતાનો એક અલ્પાંશ

૮૧ એજ, પા. ૭૧

૮૨ વ્હાઇટહેડ એ. એન : સાયન્સ એન્ડ મોડર્ન વર્લ્ડ, પા. ૨૭૪–૨૭૫

૮૩ ગાર્ડનર, પી : મોડર્નીટી એન્ડ ચર્ચીઝ, લંડન, ૧૯૦૯, પા. ૨૨૯

૮૪ એજ, પા. ૧૧૧

છે તે પોતાને એ રીતે જોતો થાય, તો પુરાણા દાર્શનિકોનું દર્શન ફરીને સમગ્ર માનવજાતનું સાર્વત્રિક શિક્ષણ બની રહે.

વિજ્ઞાન અને ધર્મના એક સ્વીકાર્ય સમન્વય તરીકે બહાઈમતનો સ્વીકાર અનેક વિચારકોએ કર્યો છે. એમાં વ્હાઈટહેડ જેવા તત્ત્વજ્ઞ વિજ્ઞાનીઓનો પણ સમાવેશ થાય છે. બહાઈમતમાં આધુનિક માનવીની એકંદર આકાંક્ષાનો પડઘો પડતો હોત તો બહાઈમતનો સ્વીકાર બહુ જ ઝડપી થવો જોઈતો હતો. પરંતુ એમ થયું નથી એ હકીકત છે. આથી એવું માનવાને કારણ મળે છે કે બહાઈમત બુદ્ધિવાદીઓને અનુકૂળ અને સ્વીકાર્ય બન્યો હોય, પરંતુ એક સામાન્ય માનવીની ધર્મની આકાંક્ષાને એ સંપૂર્ણપણે સંતોષી શકયો ન હોય. ખરેખર આમ થયું છે કે કેમ એની વિચારણા કરી શકીએ એ માટે બહાઈમતમાં ધર્મના વિવિધ વિષયો અંગે કેવી વિચારણા કરવામાં આવી છે એનો ખ્યાલ મેળવવો જરૂરી છે.

ઈશ્વર :

બહાઈમતમાં ઈશ્વરને એક અવ્યક્ત, અપૌરુષેય અને છતાંય સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત તત્ત્વ તરીકે સ્વીકારવામાં આવે છે. માનવીની બુદ્ધિ, ઈશ્વરનું સંપૂર્ણ સ્વરૂપ ગ્રહણ કરી શકે એમ નથી, કારણ કે ઈશ્વરના સ્વરૂપમાં એવાં તત્ત્વોનો સમાવેશ થયો છે જે માનવબુદ્ધિને ગ્રાહ્ય બની શકે એમ નથી.

ઈશ્વરના સ્વરૂપનો ખ્યાલ આપતાં બહાઈમતના અનુયાયી હોલી[૮૫] કહે છે : ઈશ્વર પ્રેમ અને શાંતિ છે. ઈશ્વર સત્ય છે. એ પરમજ્ઞાની છે. એની શરૂઆત નથી, નથી એનો અંતઃ એનો ઉત્પત્તિ થઈ નથી. એ ઉત્પત્તિ કર્તા નથી. તોયે એ બધાનું મૂળ છે અને અકર્તા કારણ છે. ઈશ્વર પવિત્ર તત્ત્વ છે અને એ કોઈપણ સ્થળે કે દરેક સ્થળે સીમિત છે એમ કહી શકાય નહીં.

ઈશ્વર અનંત છે. એથી મર્યાદિત શબ્દો દ્વારા ઈશ્વરના સ્વરૂપનું વર્ણન ન થઈ શકે. આમ છતાં, માનવીની પ્રબળ ઇચ્છા ઈશ્વરને અક્ષરદેહે પ્રગટ કરવાની રહી છે એથી એ એને પ્રેમ, સત્ય જેવા શબ્દોથી નવાજે છે, કારણ કે એના મર્યાદિત અનુભવમાં આ શબ્દો ઉચ્ચ કક્ષાનાં ઉમદા તત્ત્વો છે. જોકે ઈશ્વર કંઈ સર્જતો નથી તોયે ઈશ્વરનું પ્રથમ તત્ત્વ 'પ્રેમ', સર્જનાત્મક સિદ્ધાંત છે. પ્રેમ ઈશ્વરમાંથી નિષ્પન્ન થાય છે અને એ પવિત્ર તત્ત્વ છે.

અને આગળ ચાલતા હોલી કહે છે :

---

૮૫ હોલી, એચ. જે : બહાઈ સ્કીપ્ચરસ, ન્યુયોર્ક, ૧૯૨૪, વિભાગ ૬૦૯

ઈશ્વર એ આશ્ચર્યકારક અને આનંદદાયક તત્ત્વ છે. પોતાના જ્ઞાનની પ્રાપ્તિ માનવ કરી શકે, પોતાને પ્રેમ કરી શકે, ઉચ્ચતર ગુણોની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે, અનંતના સંસર્ગમાં રહી પરમતત્ત્વની સિદ્ધિ પામી શકે એ માટે, પ્રભુએ માનવનું સર્જન કર્યું; પરંતુ માનવે એ બધા તરફ દુર્લક્ષ જ સેવ્યું છે. એ તો ઈશ્વરજ્ઞાન સિવાયના અન્ય જ્ઞાનની પ્રાપ્તિમાં જ મંડયો રહ્યો છે.

બહાઈમતના ઈશ્વરના ખ્યાલ વિશે આપણે એ જોઈ શકીએ છીએ કે જે જે ધર્મોએ ઈશ્વરતત્ત્વને નિર્ગુણ સ્વરૂપે સ્વીકારેલ છે તેમણે ઈશ્વરના સ્વરૂપ વિશે જેવું વર્ણન આપ્યું છે, લગભગ એવું જ વર્ણન ઈશ્વર વિશે બહાઈમતમાં આપવામાં આવ્યું છે. સર્વ કર્તૃત્વ ઈશ્વરને અર્પીને એમ કહેવામાં આવ્યું છે કે માનવી બધી વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ છે, પરંતુ ઈશ્વરના જ્ઞાનની પ્રાપ્તિને માટે નહિ. ઈશ્વર, જ્ઞાનનો વિષય છે કે પ્રેમનો એ પ્રશ્ન બહાઈમતની વિચારણામાંથી દૂર રહ્યો નથી અને એટલે જ બહાઈમતના એક પ્રવક્તા અબ્દુલ બહા[૮૬] કહે છે :

ઈશ્વરના પ્રેમ કરતાં અન્ય કંઈક વિશેષ નથી કે નથી આશીર્વાદ સમાન. ઈશ્વરપ્રેમમાં, માંદાને માવજત, ઘાયલને સાંત્વન અને સમસ્ત સૃષ્ટિને આનંદ પ્રાપ્ત થાય છે. ઈશ્વરપ્રેમ દ્વારા જ માનવ સંપૂર્ણ જીવનની પ્રાપ્તિ કરી શકે છે બધા જ ધર્મોનું હાર્દ ઈશ્વરપ્રેમ છે, અને એજ બધા ધાર્મિક બોધનો પાયો છે.

શીરડીના સાંઈબાબાએ આવો જ પ્રેમધર્મ પ્રબોધ્યો છે. માનવ અસ્તિત્વના કેન્દ્રવર્તી સ્નેહના ચાર પ્રકાર વર્ણવતા અબ્દુલ બહા કહે છે :[૮૭]

૧. ઈશ્વર એકત્વ તરફનો ઈશ્વરપ્રેમ : જિસસે કહ્યું છે : પ્રભુ પ્રેમ છે.

૨. ઈશ્વરનો એમના સંતાન અને સેવકો માટેનો પ્રેમ.

૩. માનવનો ઈશ્વર માટેનો પ્રેમ.

૪. માનવનો માનવ માટેનો પ્રેમ.

આ ચારે પ્રકારના પ્રેમ ઈશ્વરમાંથી ઉદ્ભવે છે.

એ જ પ્રમાણે બહાઈમતમાં માનવસ્વભાવ, અમરત્વ, દુ:ખ, પ્રાર્થના, સમાધિ, ધ્યાન વગેરે વિશે પણ મંતવ્યો રજૂ થયાં છે. આ બધાંને વિશે બહાઈ મતના મુખ્ય પ્રવક્તા અબ્દુલ બહાએ[૮૮] જે કંઈક રજૂઆત કરી છે એને આધારે થોડું અવલોકન કરીશું.

---

૮૬ ટોકસ બાય અબ્દુલ બહા, પા. ૭૪

૮૭ એજ, પા. ૧૬૯

૮૮ એજ, પા. ૫૩–૫૪

માનવસ્વભાવ :

માનવસ્વભાવનો ખ્યાલ આપતા અબ્દુલ બહા કહે છે : માનવમાં બે સ્વરૂપ છે. એનું આધ્યાત્મિક અથવા ઊર્ધ્વ સ્વરૂપ, અને એનું ભૌતિક અથવા નિમ્ન સ્વરૂપ. એકમાં, એ ઈશ્વર સમક્ષ પ્રયાણ કરે છે; બીજામાં, એ માત્ર દુનિયા માટે જીવે છે. માનવમાં આ બંને સ્વરૂપો પ્રત્યક્ષ છે; ભૌતિક સ્વરૂપના આધિપત્યમાં એ જૂઠો, ક્રોધી અને અન્યાયી બને છે. આધ્યાત્મિક સ્વરૂપના આધિપત્યમાં એ સ્નેહાળ, દયાળુ, ભલેો, સાચેો અને ન્યાયી બને છે. જો માનવનું આધ્યાત્મિક સ્વરૂપ માનવ પર સદાય માટે આધિપત્ય ભોગવે તો તે માનવ સંત છે.

જીવનું આવું સ્વરૂપ રજૂ કર્યા પછી બહાઇમતમાં એ જીવના અમરત્વ માટે આમ૮૯ કહેવાયું છે :

દૈવી પૂર્ણતા અસીમ છે અને એથી આત્માના વિકાસની તકો પણ અસીમ છે. માનવના જન્મથી જ માનવ આત્માનો વિકાસ શરૂ થાય છે. એની બુદ્ધિ ખીલે છે અને જ્ઞાનમાં વધારો થાય છે. જ્યારે દેહ મૃત્યુ પામે છે ત્યારે પણ આત્મા જીવિત રહે છે. આ આત્મા અમર છે. મૃત્યુની એના પર કોઈ સત્તા નથી, આ આત્માને જન્મ પણ નથી અને મૃત્યુ પણ નથી.૯૦

જીવન અનંત હોવા છતાં માનવીની વ્યક્તિગત ચેતના એવી નથી એમ આ મતમાં જણાવવામાં આવ્યું છે અને એની સાથે એમ પણ ભારપૂર્વક કહેવાયું છે કે દૈવીતત્ત્વ સાથે એકત્વ સાધવાથી અમરત્વ પ્રાપ્ત કરી શકાય છે.૯૧

દુઃખ :

જીવની દુઃખ અવસ્થા અનિવાર્ય છે એટલું જ નહીં પરંતુ પૂર્ણતાની પ્રાપ્તિ માટે દુઃખ અનિવાર્ય છે એવો મત અહીંયાં રજૂ થયો છે. દુઃખ વિશે કહેવાયું છે:

માનવની કસોટી બે પ્રકારે થાય છે. એક તો, એના પોતાનાં કર્મોના પરિપાકરૂપે અને બીજું, ઈશ્વરના વફાદાર સેવક હોવાને નાતે. જિસસનું દૈહિક દુઃખ આ બીજા પ્રકારમાં સમાવિષ્ટ છે. દુઃખ અને વેદના અકરમાત આવતા નથી

---

૮૯ એજ, પા. ૮૮

૯૦ એજ, પા. ૫૯

૯૧ બહાઈ સ્ક્રીપ્ચરસ, વિભાગ ૬૧૪

પરંતુ માનવને પૂર્ણ કરવા માટે ઈશ્વરદયાથી તે મળે છે. દ્વૈત વિના સંપૂર્ણત્વ પ્રાપ્ત થતું નથી."[૯૨]

આવો જ ભાવ હિંદુધર્મના ભક્તિ સાહિત્યમાં પણ પ્રાપ્ત થાય છે. ઈશ્વર સાચા ભક્તની અનેક કસોટીઓ કરે છે, અને તાવી નાંખે છે અને જ્યારે એ આ બધી વિપત્તિઓમાંથી પાર ઊતરે છે ત્યારે જ ઈશ્વર એને તારે છે.

પ્રાર્થના :

પ્રત્યેક ધર્મની જેમ બહાઈમતમાં પણ પ્રાર્થના પર ભાર મૂકવામાં આવ્યો છે. બહાઈ ધર્મશાસ્ત્રમાં[૯૩] કહેવાયું છે :

માનવ માટે પ્રાર્થના અનિવાર્ય અને ફરજિયાત છે. કોઈ પણ બહાના હેઠળ માનવને પ્રાર્થનામાંથી મુક્ત ન કરી શકાય, સિવાય કે માનસિક રીતે એ અસ્થિર હોય યા તો વિશિષ્ટ પ્રકારનાં વિઘ્નો આવી પડે. પ્રાર્થનાનું હાર્દ આમ છે : પ્રાર્થનામાં માનવ અને ઈશ્વર વચ્ચે સંબંધ બંધાય છે, કારણકે પ્રાર્થનામાં માનવ ઈશ્વરાભિમુખ થાય છે અને ઈશ્વરના સાનિધ્યભર્યા સાહચર્યમાં એના પ્રેમ અને દયાની ઝંખના કરે છે.

ધ્યાન :

બધા જ ધર્મોમાં ધ્યાનને એકસરખું મહત્ત્વ આપવામાં આવ્યું નથી. ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિ-પછીના આવેલા સામાજિક પરિવર્તનમાં જીવન-વ્યવહાર એવો અને એટલો જટિલ બન્યો છે કે જગતના કેટલાક માનવીઓને ધ્યાન માટે સંપૂર્ણ નિષ્કાળજી રહી છે. બહાઈમતમાં ધ્યાનને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. ધ્યાનથી અનંત શાંતિની અવસ્થા તો પ્રાપ્ત થાય છે જ, પરંતુ સાથે પોતાના જીવતરની મહત્તા પણ એ દ્વારા સમજાય છે. અબ્દુલ બહા[૯૪] ધ્યાન વિશે કહે છે :

રહસ્યના દરવાજા ખોલવાની કુંચી ધ્યાન છે. ધ્યાનાવસ્થામાં માનવ, સમસ્ત સૃષ્ટિમાંથી પોતાને અલગ કરે છે અને આંતર-ધ્યાનસ્થ બને છે. એની આ અવસ્થામાં માનવ વિશાળ આધ્યાત્મિક જીવન સાગરમાં ડૂબકી મારે છે અને તત્ત્વરૂપનાં રહસ્યોની સૂઝ પ્રાપ્ત કરે છે.

ઇસ્લામમાંથી ઉદ્ભવેલ બહાઈમત કાળાનુક્રમે કેટલો પલટાતો રહ્યો છે અને

૯૨ અબ્દુલ બહા, પા. ૪૪-૪૫

૯૩ બહાઈ રફરન્સ વિભાગ ૮૬૯

૯૪ એજ, વિભાગ ૧૬૩

એના વિકસિત છેવટના સ્વરૂપમાં મૂળ ઇસ્લામધર્મથી કેટલો ભિન્ન થયો છે એ ઉપર થયેલી આ રજૂઆતથી આપણે સમજી શકીએ છીએ.

બહાઇમતનું હાર્દ 'રહસ્યાવાદ' છે. આધુનિક યુગમાં પણ આત્માની જરૂરિયાત સંતોષવા માટે પ્રાર્થના અને ધ્યાનનો સ્વીકાર કરી બાહ્ય એકત્વનો અનુભવ સિદ્ધ કરવાનો માર્ગ બહાઇમત આપણી સમક્ષ પ્રત્યક્ષ કરે છે. આપણે સૂફીમતની વિચારણામાંથી પણ એ જ નિષ્કર્ષ મેળવ્યો કે માનવીની ધાર્મિક ભાવનાનું ઉર્ધ્વીકરણ એક રહસ્યમય (mystical) અવસ્થામાં જ છે. છેવટે 'સ્વ' વિસરીને સમષ્ટિ સાથે એકરૂપ બનવાના આ વિવિધ ધર્મ-સમન્વયના પ્રયાસોનો એક સમાન સૂર છે અને છતાં ન તો સૂફીમત, ન તો બહાઇમત સાર્વત્રિક સ્વીકાર પામ્યા છે. આમ કેમ થયું એ પ્રશ્ન મહત્ત્વનો છે. ધર્મના સમન્વયના બીજા પ્રયાસો માટે આવું કેમ થયું એની વિચારણા જે તે પ્રસંગે કરીશું, પરંતુ બહાઇમતમાં એવું કેમ થયું એનો ઉલ્લેખ કરી લઇ એ.

બહાઇમતનું મોટું દુર્ભાગ્ય વર્ણવતાં વ્હાઇટ[૯૫] કહે છે :

It is unfortunate that though universal peace and brotherly love occupy so prominent a place in their teachings, the Bahāmi movement has suffered from considerable inner conflicts between different groups, most often on question of organisation and seat of power and authority.

આમ, આવા સમન્વયકારી ધર્મપ્રયાસમાં પણ સંસ્થાકીય વ્યવસ્થા અને સત્તા પ્રવેશે તો એનો કેવો અંજામ આવે એ સ્પષ્ટ થાય છે.

ઘ. થિયોસોફી :

થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના ઈ. સ. ૧૮૭૫માં ન્યુયોર્કમાં થઈ. રશિયન નાગરિકત્વ ધરાવતા મેડમ બ્લેવેટસ્કી તથા ઇંગ્લેંડના એક સમયના લશ્કરી અધિકારી કર્નલ ઓલકોટે થિયોસોફીને એક પ્રબળ પંથમાં પલટાવવાનો મહત્ત્વપૂર્ણ પ્રયાસ કર્યો. 'થિયોસોફી'નો અર્થ 'બ્રહ્મવિદ્યા' અથવા 'દૈવીજ્ઞાન' (Divine-wisdom) એમ થઈ શકે. કારણ કે 'theos' એટલે ઈશ્વર અને 'sophia' એટલે જ્ઞાન. એવું કહેવાય છે કે આ શબ્દનો ઉપયોગ થિયોસોફી સોસાયટીની

૯૫ વ્હાઇટ, આર., ધી બહાઇ રિલિજિયન એન્ડ ઇટસ એનીમી બહાઇ ઓર્ગેનાઇઝેશન, રેપ્લેઠ, ૧૯૨૯

સ્થાપના થઈ તે પહેલાં પણ એલેકઝાંડ્રિયામાં ગ્રીક તત્ત્વજ્ઞ યાઝ્યલીકસે ઈ. સ.ની ત્રીજી સદીમાં કર્યો હતો. એમણે આ શબ્દપ્રયોગ ગ્રીક રહસ્યોમાં ઈશ્વરનું આંતરિક જ્ઞાન પ્રાપ્ત કરવાના અર્થમાં પ્રયોજ્યો હતો. આ રીતે થિયોસોફી એટલે પરમ-તત્ત્વના જ્ઞાનની પ્રાપ્તિનો માર્ગ એમ કહી શકાય. પરમતત્ત્વના જ્ઞાનની પ્રાપ્તિનો પ્રયાસ દુનિયાના વિવિધ દેશોમાં થયેલો છે. આમાં ખાસ કરીને ઉપનિષદો, પાયથાગોરસ અને પ્લેટો તેમ જ દુનિયાના અનેક રહસ્યવાદીઓનો સમાવેશ થઈ શકે.

હિંદુ, બૌદ્ધ તથા જૈન ધર્મોમાં વ્યક્તિગત મોક્ષપ્રાપ્તિને જીવનના ધ્યેય તરીકે સ્વીકારવામાં આવે છે. આમ છતાં 'પ્રભુના જન તો મુક્તિ નવ માગે, માગે જન્મોજન્મ અવતાર રે" અનુસાર મુક્તત્વ સિવાયનું જીવન પણ સ્વીકારાયું છે. આવા જીવો જીવનમુક્ત તરીકે અસ્તિત્વ ધરાવે છે. આ જ અનુસાર બૌદ્ધ-ધર્મમાં પણ બોધિસત્ત્વનો આદર્શ રજૂ થયો છે.

હિંદુધર્મ અને બૌદ્ધધર્મમાં રજૂ થયેલ આત્મત્યાગનો આ વિચાર, અને વ્યક્તિગત મુક્તત્વ કરતાં માનવજાતના કલ્યાણને અર્થે જીવનપ્રાપ્તિને પ્રાધાન્ય આપનો વિચાર, થિયોસોફી સ્વીકારે છે. એના મતાનુસાર પ્રત્યેક માનવ, બીજા સાથે સંકળાયેલ છે અને એથી માનવ-માનવમાં ભિન્નતા નહીં પરંતુ ભ્રાતૃત્વ છે સાચી રીતે કોઈ પણ માનવી સંપૂર્ણ રીતે પોતાના ઉપર જ આધાર રાખી શકે નહીં અને એથી મોક્ષ કે નિર્વાણ પ્રાપ્તિ માટે પણ એ એકલો-અટૂલો કાર્યરત રહે એ સંભવી શકે નહીં. વળી માનવી મુક્તત્વની પ્રાપ્તિ, પોતાની બૌદ્ધિક શક્તિ અનુસાર જ કરી શકે એવું થિયોસોફીનો મત સ્વીકારાતો નથી. પરંતુ એની સાથે જ ભાવનાબળ પણ એટલું જ મહત્ત્વનું છે, એમ સૂચવે છે. આ ભાવના બળનું પ્રત્યક્ષીકરણ માત્ર પ્રભુભક્તિમાં જ નહીં પરંતુ દીન અને દુઃખી માનવજાત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવામાં અને તેમની સેવા કરવામાં પણ રહેલ છે. થિયોસોફીના એક પ્રવક્તા કહે છે: સૃષ્ટિના કર્મના ભારને થોડો હલકો કરવાનો પ્રયાસ કરો અને અંધકારનાં બળોના વિજયપ્રાપ્તિના પ્રયાસોની સામે સખત હાથે કાર્ય કરનારાઓને તમારી સહાય આપો.[૯૬]

આમ, થિયોસોફીના મતાનુસાર સ્વસિદ્ધિ નહીં પરંતુ માનવહિતની સિદ્ધિને

---

૯૬ કલ્ચરલ હેરિટેજ ઑફ ઇન્ડિયા, ગ્રંથ-૪ પા. ૬૫૦

પ્રાધાન્ય આપવામાં આવે છે. થિયોસોફીના મહત્ત્વના વિચારોનું યથાર્થ નિરૂપણ ડૉ. એની બેસંટે કર્યું છે.૯૭ તેની રજૂઆત અહીંયાં કરીએ.

થિયોસોફીના મુખ્ય સિદ્ધાંતો :

એક, સત્ય સ્વરૂપ :

થિયોસોફી એક એવા પરમતત્ત્વનો સ્વીકાર કરે છે જે નિત્ય, સર્વવ્યાપી, સર્વાધારક, સ્વઅસ્તિત્વમય છે. સમગ્ર સૃષ્ટિ તેમ જ એમાંના જીવો એ પરમતત્ત્વમાંથી નીપજે છે, અને સર્વ અસ્તિત્વ એ પરમતત્ત્વમય બની રહે છે. આ પરમતત્ત્વ સૃષ્ટિમાં વ્યાપ્ત હોવા છતાં એનાથી અપર પણ છે

બે, પરમતત્ત્વ અને જગત-સંબંધ :

પરમતત્ત્વ સૃષ્ટિમાં વ્યાપ્ત છે અને તે સૃષ્ટિમાં લોગોસ (logos) તરીકે અથવા તો શબ્દ તરીકે પ્રત્યક્ષ થાય છે. વિવિધ ધર્મો એને કર્તા, સંચાલક અને સંહારક તરીકે સ્વીકારે છે તેમ જ અનેક નામરૂપે એની પ્રાર્થના કરે છે.

ત્રણ, સાધુસંતો :

પરમતત્ત્વના આદેશોની સમજ એમની નિકટતમ એવા ઋષિઓ, સાધુઓ અને સંતો તથા પયગંબરો દ્વારા પ્રાપ્ત થાય છે. યુગે યુગે આવા મહાનુભાવો ધર્મ અને નીતિનાં સનાતન સત્યોની પુનર્ઘોષણા કરે છે અને પલટાતા યુગને અનુરૂપ એવા ધર્મ અને નીતિનાં સ્વરૂપો રજૂ કરે છે. આ મહાનુભાવોને બીજા અનેક જીવો તરફથી સહકાર પ્રાપ્ત થાય છે. આવા જીવોમાં દેવતાઓનો પણ સમાવેશ થાય છે.

ચાર, પુનર્જન્મ અને મોક્ષ :

સમગ્ર સૃષ્ટિ પરનો માનવસમાજ એક એવું ઉત્ક્રાંતિ પામેલું જૂથ છે જેમાં સમાવિષ્ટ પ્રત્યેક માનવીની ઉત્ક્રાંતિની અવસ્થા વિવિધ પ્રકારની છે. જન્મોજન્મ, પ્રત્યેક જીવ પોતાનો વિકાસ સાધે છે, અને પોતાના વિવિધ અનુભવોના ભાથાને આધારે પોતાના ચારિત્ર્યનું ઘડતર કરે છે. પોતે કરેલાં કાર્યોનું દુઃખ ભોગવતા એ જન્મોજન્માંતરના ચક્રમાં ફરે છે. જ્યારે પૃથ્વી, સ્વર્ગ અને મધ્યસ્તર અંગેનું એને જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને જ્યારે એ માનવીય પૂર્ણતા પ્રાપ્ત કરે છે, ત્યારે એ પૂર્ણતા પામેલ ન્યાયી માણસોના સહવાસમાં રહે છે અને અન્ય જીવોને તેમના ઉત્ક્રાંતિ કાર્યમાં સહાયભૂત થવામાં પ્રવૃત્તિમાન બને છે.

---

૯૭ એજ, પા. ૬૪૦

થિયોસોફીનાં મહત્ત્વનાં મંતવ્યોની ઉપર કરેલી રજૂઆતથી આપણે એ સ્પષ્ટ રીતે કહી શકીએ કે થિયોસોફી ઈશ્વરીય અંશનો અને દેવતત્ત્વનો સ્વીકાર કરે છે, એટલું જ નહીં પરંતુ માનવ-વિકાસ અને માનવ-પૂર્ણતાની ઉત્ક્રાંતિનો સ્વીકાર પણ કરે છે. આને અનુલક્ષીને થિયોસોફી કર્મ, પુનર્જન્મ, મોક્ષ, માનવીય સ્તરો વગેરે અંગેનો પણ વિસ્તૃતપણે ખ્યાલ આપે છે. આ પુસ્તકની મર્યાદામાં એ બધાનો વિગતવાર ઉલ્લેખ કરવો શક્ય નથી.

થિયોસોફીનું મહત્ત્વનું તત્ત્વ રજૂ કરતાં એક પ્રવક્તા[૬૮] કહે છે : માનવનો આત્મા અમર છે અને એનાં વિકાસ અને ભાવિની અમર્યાદિત શક્યતાઓ છે.

માનવજીવનને ઉત્પત્તિ આપનાર પરમતત્ત્વ માનવમાં તેમ જ માનવની બહાર પ્રવર્તમાન છે તેમ જ તે નિત્ય, અમર તથા પરોપકારી છે. એ પરમતત્ત્વને સાંભળી શકાતું નથી. પરંતુ જે કોઈ વ્યક્તિ એનું દર્શન કરવા ઇચ્છે છે, એટલે કે એનો અનુભવ કરવા ઇચ્છે છે, તે એ પરમતત્ત્વને અનુભવી શકે છે.

પ્રત્યેક માનવીના જીવનનું ઘડતર એના પોતાના જ હાથમાં છે. માનવી પોતે જ પોતાને નિયમોને આધીન બનાવે છે, પોતાને માટે ગર્વ કે ગ્લાનિ કરે છે, અને પોતાના જીવનને પૂર્ણતામય કે મલિન બનાવે છે.

વિવિધ ધર્મોના સમન્વયના પ્રયાસ તરીકે થિયોસોફી ઈશ્વરના સંચાલનની સમજ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. વ્યક્તિ પોતાના ચારિત્ર્યનું ઘડતર ઈશ્વરના સંચાલનના સિદ્ધાંતો અનુસારનું કરી શકે તેમ જ અન્ય માનવજીવો પણ એવી જ રીતિ અખત્યાર કરી શકે એવો થિયોસોફી મતવાદીઓનો પ્રયત્ન હોય છે.

વ્યક્તિગત મુક્તિ જ જો જીવનનું ધ્યેય હોય તો થિયોસોફીમાં સંગઠનની આવશ્યકતા ભાગ્યે જ રહેત. કારણકે વ્યક્તિગત સિદ્ધિની પ્રાપ્તિ સમૂહગત સંગઠન દ્વારા ભાગ્યે જ સિદ્ધ થઈ શકે છે. આપણે ઉપર જોયું છે તેમ, થિયોસોફીનો આદર્શ વ્યક્તિગત સિદ્ધિ નહીં, પરંતુ માનવસમાજના ઉત્થાનનો રહ્યો છે અને એથી એની સિદ્ધિને માટે નિષ્ઠાપૂર્વક ઈશ્વરસેવા અને માનવ-ઉત્થાન પ્રાપ્ત કરવાના સંકલ્પબળવાળા નિષ્ઠાવાન કાર્યકરોમાં બંધુત્વભાવના જાગૃત કરી એમને સંગઠિત કરવાની આવશ્યકતા રહે છે. આથી જ થિયોસોફી એક ધર્મ સંગઠન તરીકે અસ્તિત્વ ધરાવે છે અને આગળ વધવા પ્રયત્નશીલ છે.

---

૬૮ એજ, પા. ૬૫૦

૪. ઈશ્વરસામ્રાજ્ય ચળવળ :

ઉપર શિન્તોધર્મની વિચારણા કરતી વખતે આપણે આ ધર્મ-વિચાર વિશે થોડી વાત કરી હતી. અહીંયાં આપણે એની રજૂઆત ધર્મ સમન્વયના એક પ્રયાસ તરીકે કરીએ. લગભગ ૧૯૪૦ની આસપાસ જાપાનમાં ટોયો હીકો કાગાવાએ એક નવી ચળવળની શરૂઆત કરી. આ ચળવળની વિશિષ્ટતા એ હતી કે એમણે એમાં વિવિધ ધર્મોની ભાવનાનો સમાવેશ કર્યો.

આ ચળવળને ઈશ્વરસામ્રાજ્ય ચળવળ તરીકે ઓળખાવવામાં આવે છે. ખ્રિસ્તીધર્મ અનેક દેશોમાં પ્રસરેલો હોવા છતાં, જાપાનમાં કાગાવાએ જે ચળવળ શરૂ કરી છે એને સમાન ચળવળ બીજે ક્યાંય જોવા મળતી નથી.

આમ, તો આ ચળવળ ગરીબોના સામાજિક અને આર્થિક ઉત્કર્ષને માટે પ્રયત્નશીલ છે અને એથી ખાસ કરીને કામદાર અને ખેડૂતના ઉત્થાનને માટે એ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. સહકારી સોસાયટી દ્વારા માનવ ભ્રાતૃભાવ ભાવના કેળવી, ઈશ્વરનું સામ્રાજ્ય સ્થાપી શકાય એવું આ ચળવળનું માનવું છે, અને એમ કરીને અખ્રિસ્તી સામ્યવાદનો સામનો કરી શકાય.

ખ્રિસ્તીધર્મનો ઈશ્વરના સામ્રાજ્યવાદનો ખ્યાલ લઈને, કાગાવાએ જાપાનના મિકાડોની દૈવીભાવના સાથે એનો સમન્વય કરી, ઈશ્વરનું સામ્રાજ્ય પતીતોદ્ધાર વિના સંભવિત નથી એમ કહી, સામાજિક પ્રવૃત્તિનો પણ સાથે સમાવેશ કર્યો. આમ, એમણે તત્કાલીન સામાજિક વિચારધારામાંથી પતીતોદ્ધારનો ખ્યાલ મેળવ્યો અને શિન્તોધર્મના મિકાડોના દૈવત્વને ખ્રિસ્તીધર્મના પ્રભુના સામ્રાજ્ય સાથે ભેળવી એક નવા જ વિચારની દેણ દીધી.

આ ચળવળ કેવી ગતિ પ્રાપ્ત કરે છે તથા એનું સ્વરૂપ કેવું રહે છે, એ ભવિષ્યની એની પ્રગતિ અને વિકાસ પરથી અવલોકવાનું રહેશે.

૭. રામકૃષ્ણ વિચારધારા :

રામકૃષ્ણ પરમહંસનું નામ આધુનિક ધર્મ વિચારધારામાં મોખરે રહે છે. રામકૃષ્ણ વિશે ગાંધીજીએ કહ્યું છે.[૬૬] The story of Ramkrishna Paramhans' life is a story of religion in practice. His life enables us to see God face to face. In this age of scepticism, Ramkrishna presents an example of a bright

૬૬ ધી કલ્ચર હેરિટેજ ઓફ ઇન્ડિયા, ગ્રંથ ૪, પા. ૬૫૮

and a living faith which gives solace to thousands of men and women who would otherwise have remained without spiritual life.

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં હિંદુસ્તાનની સાંસ્કૃતિક અવસ્થા વિશાદમય રહી છે. ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોને ઉખેડવાના પ્રયાસો એકતરફે થતા રહ્યા તો બીજી તરફે એ સંસ્કૃતિ જાળવવાને માટે તેમ જ એના મૂળ વધુ સજ્જડ બને એ માટેના પ્રયાસો પણ થતા રહ્યા. ૧૯મી સદીની શરૂઆતમાં સ્વામી સહજાનંદ દ્વારા સ્થાપિત સ્વામીનારાયણ સંપ્રદાય, ઈ. સ. ૧૮૨૮માં રાજા રામમોહનરોય દ્વારા સ્થપાયેલ બ્રહ્મોસમાજ તેમ જ લગભગ ઈ.સ. ૧૮૬૭માં પાંડુરંગ, ભાંડારકર અને રાનડે જેવા વિચારકો દ્વારા પ્રવૃત્તિમય બનેલ પ્રાર્થનાસમાજ તથા ઈ. સ. ૧૮૭૫માં સ્વામી દયાનંદ દ્વારા સ્થાપિત આર્યસમાજ, આના ઉદાહરણ તરીકે આપી શકાય.

આ બધા પ્રયાસોને પરિણામે ભારતીય સંસ્કૃતિના હચમચેલા પાયા ઊખડતા અટક્યા. આમ છતાં, તે સમયના ભારતીય સમાજે બ્રહ્મોસમાજ અને આર્યસમાજને ઝાઝી મચક આપી નહિ. હિંદુસમાજનું ધર્મઅર્પિત માળખું મૂળભૂત રીતે પલટવાની સમાજ-સુધારકોની તમન્ના એમને આકર્ષી શકી નહિ અને એથી રૂઢિચુસ્ત ધાર્મિકો અને નવા સુધારકો વચ્ચે એક પ્રકારનું ઘર્ષણ રહ્યું.

લગભગ આ જ તબક્કે શ્રી રામકૃષ્ણ પરમહંસ પ્રત્યક્ષ થયા અને તેમના જીવન અને કાર્યને પરિણામે હિંદુ-નવસર્જનની પ્રક્રિયા શક્ય બની પોતે પ્રાપ્ત કરેલ આત્મ-સાક્ષાત્કારને પરિણામે એક ફિરસ્તા, પયગંબર અને સંતના વિશ્વાસથી એમનાં મંતવ્યો રજૂ કરતાં.

ઈ. સ. ૧૮૩૬ના ફેબ્રુઆરીની અઢારમી તારીખે રામકૃષ્ણનો જન્મ પશ્ચિમ બંગાળના હુગલી પરગણામાં રૂઢિચુસ્ત બ્રાહ્મણને ઘેર થયો હતો. એમનું શરૂઆતનું જીવન કંઈ ખાસ વિશિષ્ટ પ્રકારનું ન હતું. એમની ૧૯ વર્ષની ઉંમરે એમના મોટાભાઈને કલકત્તા નજીક રાણીરસમની નામની તવંગર પરંતુ પછાત જાતિની સ્ત્રીએ બંધાવેલ મંદિરમાં મુખ્ય પૂજારી તરીકે નીમવામાં આવ્યા રામકૃષ્ણને એમના ભાઈ સાથે રહેવાનું થયું. પરંતુ, પોતાના રૂઢિચુસ્ત વિચારો સાથે એમને એ સુસંગત લાગ્યું નહિ. એમની ૨૦ વર્ષની ઉંમરે એમના મોટાભાઈનું મૃત્યુ થતાં મુખ્ય પૂજારીપદ એમને શિરે આવ્યું. તે સમયથી એમના જીવનના અંતભાગ સુધી આ મંદિર જ એમનું રહેઠાણ તથા એમની આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું મુખ્ય

સ્થાન રહ્યું. આ મંદિરનું મુખ્ય પૂજારીપદ સ્વીકારવાથી રામકૃષ્ણના આધ્યાત્મિક જીવનની શરૂઆત થઈ એમ કહીએ તો ખોટું નથી. એ મંદિરની પાસે એક કાલી મંદિર પણ હતું અને રામકૃષ્ણે, કાલીભક્ત તરીકે, એમના શરૂઆતના આધ્યાત્મિક અનુભવોની પ્રતીતિ કરી.

આધ્યાત્મિક સાધના :

રામકૃષ્ણ પરમહંસ પોતે રૂઢિચુસ્ત હોવા છતાં જે પ્રકારની વિવિધ આધ્યાત્મિક સાધનામાંથી તેઓ પસાર થયા એણે એમનું આધ્યાત્મિક દર્શન આપ્યું એટલું જ નહિ પરંતુ એમનું સમગ્ર વ્યક્તિત્વ પણ ઘડ્યું.

શ્રી રામકૃષ્ણ તાંત્રિક, વૈષ્ણવ, અદ્વૈત, બૌદ્ધ, ઇસ્લામ અને ખ્રિસ્તી સાધનામાંથી પસાર થયા. આ બધાને પરિણામે એમના વ્યક્તિત્વમાં, એમના વિચારમાં અને એમનાં કાર્યોમાં સમન્વયકારી વલણ સ્પષ્ટપણે છતું થયું.

એમનું આ સમન્વયકારી વલણ, ભક્તિ અને જ્ઞાનનો જે સમન્વય એમણે સાધ્યો છે, એમાં સ્પષ્ટ થાય છે. તેઓ કહે છે;[૧૦૦] When I think of the Supreme Being as inactive, neither creating nor preserving nor destroying, I call Him Brahmana or Purusa, the impersonal God. When I think of Him as acting, creating, preserving, destroying, I call Him sakti or maya or prakriti, the personal God. But the distinction betwean them does not mean a difference. The personal and the impersonal are the same Being, like milk and its whiteness, or the diamond and its lustre, or the serpent and its undulation. It is impossible to conceive of the one without the other. The Divine Mother and Brahmana are one.

આધ્યાત્મિક સાધનાના વિવિધ માર્ગોએ પર્યટન કરી રામકૃષ્ણ એ મંતવ્ય પર આવ્યા કે દૈવી તત્ત્વના એ જ સમાન સ્વરૂપની સર્વ માર્ગો દ્વારા પ્રાપ્તિ થાય છે. અદ્વૈત અને બૌદ્ધ સાધનામાંથી પસાર થયા પછી પોતાના હૃદયના ઊંડાણમાંથી શ્રી રામકૃષ્ણ પ્રાર્થના કરે છે : "O Mother ! let me remain in

૧૦૦ એજ, પા. ૬૭૨

contact with men. Do not make me a dry ascetic." અને એમને દેવી માનો આદેશ મળે છે: "Stay on the threshold of relative consciousness for the love of humanity." આમ, માનવજાતથી વિમુખ થઈ એકાંત વૈરાગ્ય માર્ગનો આશરો લેવાનું એમણે ઉચિત ન માન્યું અને માનવજાતના પ્રેમને માટે દૈવી શક્તિએ એમને જનસમુદાય સેવા અર્થે સમાજમાં રહેવાનો આદર્શ આપ્યો. માનવસેવાના કાર્યની પ્રેરણા એમના આ આધ્યાત્મિક અનુભવોમાંથી પ્રાપ્ત થઈ.

રામકૃષ્ણનો બોધ :

શ્રી રામકૃષ્ણે જીવ-શિવ એકત્વ ખૂબ સ્પષ્ટ રીતે રજૂ કર્યું છે. પ્રત્યેક જીવ ઈશ્વર સ્વરૂપ છે એમ તેઓ માનતા. જીવ-શિવ એકત્વની રામકૃષ્ણની ભાવના સામાન્ય ભક્તની એવી ભાવના કરતા સવિશેષ ચઢિયાતી હતી. સર્વ જીવ તરફ દયાભાવની ભાવના રામકૃષ્ણ વાજબી નહોતા લેખતાં. કારણકે જો જીવ શિવ સ્વરૂપે હોય તો એક જીવ બીજા જીવને એટલે કે શિવને માત્ર દયાભાવ શી રીતે બતાવી શકે? એમણે કહ્યું છે: "They talk of mercy to the creatures! how audacious it is to think of showing mercy on the Jiva who is none other than 'Siva'. One has to regard the creature of God as Himself and proceed to serve it with a devout heart, instead of taking up the pose of doling out mercy"[૧૦૧]

રામકૃષ્ણના આ કથન વિશે સ્વામી વિવેકાનંદે એમના એક સાથીદારને કહ્યું: "I have heard today a saying of unparalled significance. If time permits I shall communicate to the world the profound impact of this marvellous utterence."

માનવસેવા દ્વારા પ્રભુભક્તિની રીત સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરીને સિદ્ધ કરી. દરિદ્રનારાયણમાં પ્રભુ પ્રત્યક્ષ થાય છે, અને એમની સેવા દ્વારા જ આધ્યાત્મિક મૂલ્યો સિદ્ધ કરી શકાય એમ છે એમ એમણે સ્વીકાર્યું અને એ અનુસારનું કાર્ય કર્યું.

---

૧૦૧ કલ્ચરલ હેરિટેજ ઑફ ઇન્ડિયા ગ્રંથ ૪, પા. ૬૮૧

રામકૃષ્ણ મિશન દ્વારા જનસેવાનાં જે અનેક કાર્યો કાયમી સ્વરૂપે તેમ જ તત્કાલ સ્વરૂપે હાથ ધરવામાં આવે છે તે આની સાક્ષી સમાન છે.

સેવાનો આદર્શ :

દરિદ્રનારાયણની સેવા દ્વારા પ્રભુસેવાનો રામકૃષ્ણનો બોધ કેટલીક વેળા બૌદ્ધ-ધર્મમાં રજૂ થયેલા કરુણાભાવ સાથે, અને ખ્રિસ્તીધર્મમાં રજૂ થયેલા દયાભાવ સાથે, એકરૂપ હોય એમ માનવામાં આવે છે. પરંતુ હકીકતમાં આમ નથી. કારણકે બૌદ્ધધર્મમાં કોઈપણ સ્વરૂપે પ્રભુની પૂજા સ્વીકારવામાં આવી નથી અને ખ્રિસ્તીધર્મમાં પોતાના પાડોશીને પોતાની માફક જ સ્નેહ કરવાનું કહેવાયું છે. પરંતુ ત્યાં 'રવ'નો અર્થ અદ્વૈતની જેમ ઈશ્વર અથવા 'બ્રહ્મન્' થતો નથી. આથી ખ્રિસ્તીધર્મ પોતાના બાંધવની તરફ અપાર સ્નેહ રાખવાનું અને એનાં દુઃખોને પોતીકાં બનાવવાનું જ સૂચવે છે. આ બંને ધર્મોમાં માનવસેવા એ માત્ર એક આધ્યાત્મિક વ્યવહાર બને છે અને એનું મૂલ્ય માત્ર નૈતિક મૂલ્ય બની રહે છે. રામકૃષ્ણ માનવસેવાના આદર્શને એક જુદા જ સ્તરે રજૂ કરે છે. દરિદ્રનારાયણની સેવામાં જ ઈશ્વરભક્તિ સમાયેલી છે, એમાં જ આધ્યાત્મિક વ્યવહાર અને આધ્યાત્મિક સાધના રહેલાં છે તેમ જ એ દ્વારા પ્રભુપ્રાપ્તિનું ધ્યેય સિદ્ધ થઈ શકે એમ છે, એવી સ્પષ્ટ રજૂઆત રામકૃષ્ણે કરી છે. માનવજાતની ઈશ્વરપ્રાપ્તિ માટેની વિવિધ ધાર્મિક સાધનાઓમાં રામકૃષ્ણ એક વિશિષ્ટ પ્રકારની સાધનાનો ઉમેરો કરે છે.

જ. ગાંધી વિચારધારા :

ધર્મ–સમન્વયના વિવિધ પ્રયાસોમાં ગાંધીજીનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. ધર્મ સમભાવની ભાવના જાગ્રત કરવા ઉપરાંત ધર્મના પાયા પર રચાયેલ જીવનને એમણે પ્રાધાન્ય આપ્યું. માનવ પ્રવૃત્તિનાં વિવિધ ક્ષેત્રોમાં ઉન્નતિ અને વિકાસના પરીક્ષણને માટે એમણે ધર્મની પારાશીશી આગળ ધરી.

વીસમી સદીના બીજા દશકામાં એમણે ભારતને પોતાની પ્રવૃત્તિનું ક્ષેત્ર બનાવ્યું. તે સમયે એમણે ઉચ્ચારેલ વાણી, કર્મ પશ્ચાદ્‌ભૂમાં એમના ધર્મ-સમન્વયના પ્રયાસોએ આકાર લીધો તે, સમજાવે છે. એમણે કહ્યું : [૧૦૨] મારો એ દૃઢ અભિપ્રાય છે કે આજનું યુરોપ ન તો ઈશ્વરના હાર્દનું પ્રતિનિધિત્વ કરે છે કે ન તો એ ખ્રિસ્તીધર્મના હાર્દને રજૂ કરે છે. એ તો માત્ર સેતાનના

---

૧૦૨ યંગ ઇન્ડિયા, ૮–૫–૧૯૨૦

હાદ્દને જ રજૂ કરે છે. વળી, સેતાન પોતાના હોઠ પર જ્યારે ઈશ્વરનું નામ ધારણ કરે છે ત્યારે, સેતાનની સફળતા અનેકગણી હોય છે. યુરોપ, ખરી રીતે તો મેનન (Mammon)ની જ પૂજા કરે છે. જિસસ ક્રાઇસ્ટે કહ્યું છે કે ઈશ્વરના સામ્રાજ્યમાં અમીર માનવીને પ્રવેશ મેળવવા કરતા, સોયના કાણામાંથી ઊંટને પસાર થવું સરળ છે.

જિસસના કહેવાતા અનુયાયીઓ એમની ભૌતિક પ્રાપ્તિને એમના નૈતિક વિકાસની પારાશીશી માને છે.

અહીંયાં એ જોઈ શકાશે કે માનવજીવનનાં વિવિધ ક્ષેત્રોને માપવાને માટે ગાંધીજીએ સ્વીકારેલ પારાશીશી એ ધર્મ છે, અને એથી એમની વિચારધારામાં ધાર્મિક અને ભૌતિકનો ભેદ સ્વીકારાયેલો જ છે, એટલું જ નહિ પરંતુ આ ભેદ કેટલીક વેળા ધર્મણનું સ્વરૂપ પણ ધારણ કરે એમ સ્વીકારાયું છે.

ધર્મ-સમન્વયના ગાંધીજીના પ્રયાસ સમજવાને માટે દુનિયાના કેટલાક મુખ્ય ધર્મો વિશે એમણે ઉચ્ચારેલાં કથનો સમજવા જરૂરી છે.

બૌદ્ધધર્મ વિશે તેઓ કહે છે :[૧૦૩] બુદ્ધના ઉપદેશો હિન્દુસ્તાનમાં જ પરિપૂર્ણ થયા અને હકીકતમાં એમ જ હોય કારણકે ગૌતમ હિંદુઓના હિંદુ હતા. હિંદુ-ધર્મમાં જે શ્રેષ્ઠતમ હતું એ બધુંયે એમનામાં ઘનિષ્ઠ રીતે સ્વીકારાયું હતું અને વેદના કેટલાક મૃતઃપ્રાય ઉપદેશોને એમણે નવજીવન આપ્યું. હકીકતમાં બુદ્ધે હિંદુધર્મનો ઇન્કાર કર્યો નથી, એમણે તો હિંદુધર્મનો પાયો વિસ્તાર્યો છે. હિંદુધર્મને એમણે એક નવીન જીવન અને નૂતન અર્થઘટન આપ્યાં છે.

ઈશ્વર જેવી સત્તા દ્વેષમય હોય, પોતાનાં કાર્યો માટે પ્રાયશ્ચિત્ત કરવું પડે એવી હોય અને દુન્યવી રાજાઓની જેમ એમના આહકો તરફથી લાંચ અને પ્રલોભનોને પાત્ર હોય એ બાબતોનો એમણે સબળતાપૂર્વક ઇન્કાર કર્યો હતો. વળી, ઈશ્વર જો સર્વ સૃષ્ટિનો કર્તા હોય તો એવા ઈશ્વરના આનંદને માટે જીવિત પ્રાણીઓની હિંસા કરી, તેમના લોહીનો એને અભિષેક આપવાના વિચારનો પણ એમણે પ્રબળ વિરોધ કર્યો. પરંતુ આમ કરવામાં એમણે તો ઈશ્વરને એના સાચા સ્થાને પુનઃસ્થાપિત કર્યો. એમણે એક એવા અનંત અને નિશ્ચિત નૈતિક નિયમની રજૂઆત કરી અને સમસ્ત સૃષ્ટિ પર એનું જ આધિપત્ય પ્રવર્તે છે એમ કહ્યું. એમનો આ નિયમ તે જ ઈશ્વર.

---

૧૦૩ એજ, ૨૪-૧૧-'૨૭

એ જ પ્રમાણે ગાંધીજીએ[૧૦૪] ખુબ ભારપૂર્વક જણાવ્યું છે કે જેટલે અંશે રામકૃષ્ણ, મહમદ, કે જરથુસ્ત દૈવી છે તેટલે જ અંશે જિસસ પણ દૈવી છે. એમણે એમ પણ ભારપૂર્વક કહ્યું કે વેદ કે કુરાન કે બાઇબલનો પ્રત્યેક શબ્દ ઈશ્વર ઓઘેલ છે એમ પણ નથી અને તેથી જ એમણે બાઇબલ, ગીતા અને કુરાનને ધર્મપુસ્તકો તરીકે સ્વીકાર્યાં અને કહ્યું કે આ બધાયે પુસ્તકો સામાન્યતઃ ઈશ્વરપ્રેરિત છે, છતાં એમાં એવુંયે ઘણું છે જે ઈશ્વરપ્રેરિત લાગતું નથી.

જેમ ખ્રિસ્તીધર્મ, હિંદુધર્મ અને બૌદ્ધધર્મ શાંતિના ધર્મો છે તેમ ઇસ્લામ પણ શાંતિનો ધર્મ છે એવું મંતવ્ય એમણે રજૂ કર્યું અને સાથે જ એમણે કહ્યું[૧૦૫] કે બધાયે ધર્મોનું ધ્યેય શાંતિ છે, ભલે એમાં ઔંસ તફાવત રહ્યા.

ઇસ્લામના વિશિષ્ટ ફાળા તરીકે એમણે ઇસ્લામના એકેશ્વરવાદ અને પોતાના ધર્મપંથીઓમાં ભાતૃભાવનો વ્યાવહારિક અમલ આગળ ધર્યાં. એમની દૃષ્ટિએ[૧૦૬] આ બે વિશિષ્ટતાઓ હતી. કારણકે હિંદુધર્મમાં પણ ભ્રાતૃભાવના હોવા છતાં તે ખુબ તાત્ત્વિક પ્રકારની બની રહી અને વળી તાત્ત્વિક હિંદુધર્મ એકેશ્વરવાદી હોવા છતાં વ્યવહારમાં હિંદુધર્મ ઇસ્લામ જેટલો એકેશ્વરવાદી નથી એનો ઇન્કાર કરી શકાય એમ નથી.

એ જ પ્રમાણે હિંદુધર્મ વિશે પોતાના વિચારો રજૂ કરતા એમણે[૧૦૭] કહ્યું છે : મેં જાણેલા ધર્મોમાં હિંદુધર્મ મને સવિશેષ સહનશીલ લાગ્યો છે. કોઈ પણ બદ્ધકથનથી (dogma) એમાં રહેલી સ્વતંત્રતાને પરિણામે એ ધર્માનુયાયીને મળતી સ્વતંત્રતાની મારા પર ઊંડી છાપ પડી છે. હિંદુધર્મ એક બંધિયાર મર્યાદિત ધર્મ ન હોવાને કારણે પોતાના અનુયાયીઓને બીજા ધર્મો માટે માનની ભાવના જાગ્રત કરવા ઉપરાંત બીજા ધર્મોમાં રહેલાં શુભતત્ત્વોને આવકારી પોતાના ધર્મમાં સમાવિષ્ટ કરવાની એ તક આપે છે. બધા જ ધર્મોમાં અહિંસા સમાન તત્ત્વ છે. પરંતુ એમ છતાં હિંદુધર્મમાં એની થયેલી રજૂઆત અને વ્યવહાર ઉચ્ચ સ્વરૂપના રહેલા છે. હું જ્યારે આમ કહું છું ત્યારે જૈનધર્મ અને બૌદ્ધધર્મને હિંદુધર્મથી જુદા ગણતો નથી. માત્ર સર્વ માનવ–જીવોની જ નહિ પરંતુ સર્વ જીવોની એકતામાં હિંદુધર્મ માને છે. મારા મતે ગૌ–પૂજા માનવતાની ઉત્ક્રાંતિમાં

---

૧૦૪ એજ, ૬–૩–'૩૭

૧૦૫ એજ, ૨૦–૧–'૨૭

૧૦૬ એજ, ૨૧–૩–'૨૯

૧૦૭ એજ, ૨૦–૧૦–'૨૭

એક વિશિષ્ટ પ્રદાન છે. સર્વ જીવોની પવિત્રતા અને એકતા એમાં પ્રત્યક્ષ રીતે વ્યવહારમાં મુકાય છે. પુનર્જન્મની માન્યતા આજ માન્યતાનું સીધું પરિણામ છે.

અને એ જ પ્રમાણે અવિરતપણે સત્યની શોધના પરિણામથી જ વર્ણાશ્રમ ધર્મનો વિચાર ઉપસ્થિત થયો છે. હિંદુધર્મના ગાંધીજીના અત્રે રજૂ થયેલા વિચારોમાંથી કોઈ રખે એમ માની લે કે ગાંધીજી હિંદુધર્મના કેટલાંક પાસાંઓનો અસ્વીકાર નહોતા કરતાં. એમણે બહુ સ્પષ્ટ રીતે કહ્યું છે કે પ્રત્યેક ધર્મમાં સચ્ચાઈનો કેટલોક અંશ રહ્યો છે. એ અંગે એમણે[૧૦૮] કહ્યું છે : બધા ધર્મો વધતે ઓછે અંશે સાચા છે. બધા જ ધર્મો એક જ ઈશ્વરમાંથી નીપજતા હોવા છતાં બધા જ ધર્મો અપૂર્ણ છે. કારણ કે એ ધર્મોની પ્રાપ્તિ આપણને અપૂર્ણ માનવો દ્વારા થઈ છે. આ જ હકીકતને એમણે ભારપૂર્વક રજૂ કરતા કહ્યું: કોઈ પણ એક ધર્મ સંપૂર્ણ નથી.[૧૦૯]

ધર્મોની આ મર્યાદાના દર્શનમાંથી જ ગાંધીજીના સર્વધર્મ-સમભાવની અને ધર્મ-સમભાવની ભાવના જન્મૃત થઈ. પોતાની કલ્પનાના ભારતમાં ધર્મના સ્થાન વિશે તેઓ[૧૧૦] લખે છે : મારી કલ્પનાના ભારતમાં કોઈ એકમાત્ર ધર્મનો વિકાસ નહિ પરંતુ બધા ધર્મો એકમેક પ્રતિ સમભાવમય અને સહિષ્ણુ હોય એમ હું ઇચ્છું છું. સર્વ ધર્મો એક સ્થળે, એક સાથે રહી શકે એમ હું માનું છું.

વિવિધ ધર્મોના મુખ્ય બોધ :

જુદા જુદા ધર્મો વિશેનાં ગાંધીજીનાં મંતવ્યો આપણે જોયાં. બધા ધર્મોમાં સત્યનો અંશ હોવા છતાં કોઈ પણ એક ધર્મ સંપૂર્ણ નથી અને એથી જ ધર્મ-વિરોધ નહિ પરંતુ ધર્મ-સમન્વય માનવસમાજ માટે હિતકર છે એ પણ આપણે જોયું.

ગાંધીજીના મતે વિવિધ ધર્મોમાં આવાં સમન્વયકારી તત્ત્વો કયાં છે? આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે ગાંધીજીના વિચાર-ફલકની ઝલક મેળવવી જરૂરી થઈ પડે છે. એટલું જ નહિ પરંતુ એમના જીવનના વિવિધ પ્રસંગો અને પ્રવૃત્તિઓને પણ અવલોકવી જરૂરી બને છે. આ પુસ્તકની કદમર્યાદામાં આવી રજૂઆત શક્ય નથી. એથી ગાંધીજીના જીવન-વિચારના નિષ્કર્ષમાંથી આવાં જે સમન્વયકારી તત્ત્વો

---

૧૦૮ યંગ ઇન્ડિયા, ૨૯-૫-'૨૪

૧૦૯ એજ, ૨૩-૪-'૩૧

૧૧૦ એજ, ૨૨-૧૨-'૨૭

હાથ લાગે છે તેની અહીંયાં રજૂઆત કરીએ. ગાંધીજીએ આવાં ત્રણ મહત્ત્વનાં તત્ત્વો સ્વીકાર્યાં છે :

એક, પ્રેમ;
બે, અહિંસા;
ત્રણ, સત્ય અને સત્યાગ્રહ.

પ્રેમ :

પ્રત્યેક ધર્મમાં પ્રેમનું સ્થાન મહત્ત્વનું છે. પ્રભુ પ્રત્યેના પ્રેમમાં જ માનવજાત અને સમસ્ત સૃષ્ટિ માટેનો પ્રેમ સમાવિષ્ટ થાય છે. પ્રેમની ભાવનામાંથી જ કોઈપણ જીવને કોઈપણ પ્રકારની ઇજા નહીં કરવી જોઈએ એવું ફલિત થાય છે. પ્રેમમાંથી જ એકત્વની ભાવના જન્મી શકે છે અને પ્રત્યેક ધર્મમાં જીવન ઉત્કર્ષનું જે ધ્યેય પ્રસ્થાપિત કરેલું છે એની સિદ્ધિનો આધાર પ્રેમના પાયા પર નિર્ભર છે. આથી, સર્વે ધર્મોના ધર્મ તરીકે પ્રેમધર્મને આલેખી શકાય. ગાંધીજીએ સર્વ ધર્મોમાંથી ખેંચેલા અહિંસા અને સત્યનાં તત્ત્વો પ્રેમમાંથી જ નિષ્પન્ન થાય છે.

અહિંસા :

અહિંસાનો વિચાર મુખ્યત્વે કરીને બૌદ્ધધર્મ અને જૈનધર્મમાં પ્રાધાન્યપણે પ્રબોધાયેલો જોવા મળે છે. પરંતુ એમણે એ સિદ્ધાંતને વિશાળ ફલક પર મૂક્યો. આ લેખકે અન્યત્ર કહ્યું છે[૧૧૧] એમ મહાત્મા ગાંધીજીએ પણ બુદ્ધ અને મહાવીરનો અહિંસાનો પેગામ સ્વીકાર્યો તથા એ સિદ્ધાંતનો પુનરુદ્ધાર કરી, એ સિદ્ધાંતને માનવજીવનનાં આધુનિક અંગોમાં લાગુ પાડ્યો. ગાંધીજીએ સામાજિક, રાજકીય તથા આર્થિક ક્ષેત્રોમાં અહિંસાના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું અને એમ કરીને અહિંસાના સિદ્ધાંત પર રચાયેલ એક નવીન જીવનદૃષ્ટિ અને નવીન સમાજ-રચનાનો ખ્યાલ આપ્યો. વિશ્વ સમસ્તને એના વિવિધ કોયડાઓનો આ રીતે એમણે એક નવીન માર્ગ સૂચવ્યો.

ગાંધીજીના અહિંસાના ખ્યાલને સમજવામાં કેટલી વેળા ગેરસમજૂતી થયેલી જોવા મળે છે. ગાંધીજીનો અહિંસાનો ખ્યાલ ઉપરછલ્લો નથી પરંતુ ગહન છે એ સમજાવતા ડૉ. દેસાઈ કહે છે:[૧૧૨] અહિંસા બે રીતે જોઈ શકાય : એક, નકારાત્મક રીતે અને બીજી, હકારાત્મક રીતે. નકારાત્મક રીતે અહિંસા એટલે હિંસા

૧૧૧ દેસાઈ, બી. જી., નીતિશાસ્ત્ર, વડોદરા વિશ્વવિદ્યાલય, ૧૯૬૪, પા. ૨૬૩
૧૧૨ એજ, પા. ૨૬૫–૨૬૬

ન કરવી કે ઇજા ન કરવી કે શબ્દ, વિચાર અને કાર્યમાં હિંસા ન કરવી કે ઇજા ન કરવી એટલો જ અર્થ થાય. પરંતુ અહિંસાનો અર્થ આટલો જ નથી. આ તો આપણને અહિંસાનો નકારાત્મક ખ્યાલ આપે છે. હકારાત્મક બાજુએ વિચાર કરતા અહિંસા દયા, ભલાઈ અને આત્મત્યાગનો ખ્યાલ આપે છે. સૃષ્ટિ માત્રના જીવને માટે માનસિક, વાચિક કે કાંઈક ખોટો ખ્યાલ ન લાવવો એ તો એમના પ્રત્યે લક્ષ્ય ન આપીને પણ બની શકે. પરંતુ અહિંસામાં આ નકારો ઉપરાંત હકાર તો સમગ્ર સૃષ્ટિના પ્રત્યેક જીવને માટે પ્રેમ અને લાગણી હોવી જોઈએ એમાં રહેલો છે. મહાત્મા ગાંધીજીને માટે સત્યની પ્રાપ્તિનો પાયો અહિંસા, અને સત્યની પ્રાપ્તિ પણ અહિંસાથી જ થઈ છે, એ સિવાય નહીં. જેમ જેમ અહિંસાનો વિકાસ થાય તેમ તેમ સત્યની વધુ ને વધુ દૃષ્ટિ પ્રાપ્ત થાય.

ગાંધીજીની અહિંસા એ કાયરની અહિંસા નથી એ સમજાવતા ગાંધીજી[૧૧૩] કહે છે : જો કાયરતા અને હિંસાની વચ્ચે જ પસંદગી કરવાની હોય તો હું નિશ્ચિતપણે હિંસાની પસંદગી કરવાની સલાહ આપું. વળી ગાંધીજીની અહિંસા એક કલ્પના નથી કે માત્ર આદર્શ જ નથી એનો ખ્યાલ આપતાં ગાંધીજી કહે છે:[૧૧૪] હું સ્વપ્નદર્શી નથી. હું તો એક વ્યાવહારિક આદર્શવાદી વ્યક્તિ હોવાનો દાવો કરું છું. અહિંસાધર્મ માત્ર ઋષિઓ અને સંતોને માટે નથી, એ તો આમ જનસમુદાય માટે પણ છે. જેમ પશુ જગતનો નિયમ હિંસા છે તેવી જ રીતે મનુષ્ય જાતિનો નિયમ અહિંસા છે.

ગાંધીજીની અહિંસા નિષ્ક્રિય નથી પરંતુ સક્રિય છે. એ વિશે પોતાનો મત સ્પષ્ટ કરતા તેઓ કહે છે[૧૧૫] : સક્રિય અહિંસાનો અર્થ છે સ્વેચ્છાથી દુઃખ સહન કરવું. એટલે કે કોઈપણ અન્યાયની સામે દીનતાપૂર્વક ઝૂકી ન જતાં, પોતાના આત્માની સમગ્ર શક્તિથી એ અત્યાચાર અને અન્યાયનો વિરોધ કરવો જોઈએ. અને, એક સંતપુરુષની ભવિષ્ય દૃષ્ટિનો ખ્યાલ આપે એવું કથન કરતાં એમણે કહ્યું : માનવીના અસ્તિત્વને સાર્થક કરતા આ આત્માના નિયમનું પાલન કોઈપણ એક વ્યક્તિ પોતાના માનના રક્ષણ માટે, પોતાના ધર્મના કે પોતાના આત્માના રક્ષણને માટે ઉપયોગ કરી શકે છે, એટલું જ નહીં એ સામ્રાજ્યના પતનનું કારણ પણ બની શકે છે.

---

૧૧૩ ગાંધી સંસ્મરણ ઔર વિચાર, ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન, દિલ્હી, ૧૯૬૮, પા. ૫૦૧

૧૧૪ એજ, પા. ૫૦૨

૧૧૫ એજ, પા. ૫૦૩

આમ, આપણે જોઈશું કે પ્રેમના તત્ત્વમાંથી નિષ્પન્ન થતો અહિંસાનો વિચાર માત્ર નિષ્ક્રિય ન રહેતાં સક્રિય પણ બને છે, અને એ રીતે સત્યની સાથે સંકળાય છે. અહીંયાં એ નોંધવું જોઈએ કે નિત્સેએ ખ્રિસ્તીમતના પ્રેમના સિદ્ધાંતની કરેલી ટીકા, ગાંધીજીના પ્રેમના વિચારને લાગુ પાડી શકાય એમ નથી. કારણકે ગાંધીજીના પ્રેમના વિચારમાંથી એવી અહિંસાનો વિચાર નીપજે છે જે પડકારમાં કે સંઘર્ષમાં પણ પરિણમે.

સત્ય :

અહિંસા પડકારમાં કે સંઘર્ષમાં કયારે પરિણમે ? સત્યની સ્થાપનાને માટે તેમ જ સત્યની પ્રાપ્તિને માટે અહિંસા આવશ્યક છે. આ અંગે ડૉ. દેસાઈ કહે છે[૧૧૬] : મહાત્મા ગાંધીજીના મતે સત્યની પ્રાપ્તિનો પાયો અહિંસા; અને સત્યની પ્રાપ્તિ પણ અહિંસાથી જ થઈ છે, એ સિવાય નહીં. જેમ જેમ અહિંસાનો વિકાસ થાય તેમ તેમ સત્યની વધુ ને વધુ દૃષ્ટિ પ્રાપ્ત થાય.

આથી જ ગાંધીજીએ પ્રબોધેલ સત્યાગ્રહને અહિંસા સાથે સાંકળવામાં આવે છે અને એ રીતે સવિનય અસહકાર (civil disobedience) અથવા તો અહિંસક પ્રતિકાર (non-violent resistence)નો ખ્યાલ પ્રાપ્ત થાય છે.

સવિનય કાનૂનભંગ :

સવિનય કાનૂનભંગ વિષે આપણે ગાંધીજીના કેટલાક વિચારો અત્રે રજૂ કરીએ.

"મારો એ નિશ્ચિત મત છે કે સવિનય કાનૂનભંગ એ એક પવિત્ર પ્રકારની બંધારણીય ચળવળ છે અને એથી જો એનું સવિનય સ્વરૂપ એટલે કે અહિંસક સ્વરૂપ માત્ર છદ્મ પ્રકારનું હોય તો તે ટીકાપાત્ર અને નિમ્ન કક્ષાનું બને છે."[૧૧૭]

"અસહકાર સવિનય હોવા માટે, સહૃદયી, માનપૂર્વકનો, સંયમશીલ તેમ જ સિદ્ધાંત આધારિત હોવો જોઈએ, અને કદીયે તોછડાઇભર્યો કે અસ્પષ્ટ હોવો જોઇએ નહિ. સવિનય અસહકારમાં કદીયે ધિક્કાર કે નુકસાનની ભાવના થવી જોઈએ નહિ. સવિનય અસહકાર સંપૂર્ણપણે અહિંસક હોવો જોઈએ. કારણકે એનો ચાલક સિદ્ધાંત પોતે દુઃખ ભોગવીને તેમ જ પ્રેમપૂર્વક વિરોધીને જીતવામાં સમાયેલ છે.[૧૧૮]

---

૧૧૬ એજ, પા. ૨૬૬

૧૧૭ યંગ ઇન્ડિયા, ૧૫-૧૨-૧૯૨૧

સહકાર અને અસહકાર એ સામાન્ય વ્યવહારની નીતિ છે. સાચા અને ન્યાયીને સહકાર પ્રાપ્ત થાય અને અન્યાયીને અસહકાર પ્રાપ્ત થાય એ સહજ છે.

ઇતિહાસ ઉપર ઉડતી નજર કરવાથી પણ એ સમજી શકાશે કે અસહકાર એ પુરાણી રીતિ છે. યુદ્ધ એ પણ એક પ્રકારનો અસહકાર જ છે. પરંતુ યુદ્ધ એ આસુરી અસહકાર છે. આ વિશે ગાંધીજી કહે છે:[૧૧૯] હિંદુસ્તાનના લોકોની સમક્ષ મેં રજૂ કરેલો અસહકાર દૈવી અસહકાર છે એમ કહેવામાં મને જરાયે ધૃષ્ટતા થતી નથી. જે અસહકારમાં હિંસા છે તેમાં હારજીત પણ રહેલી છે, પરંતુ જે અસહકારમાં માત્ર કુરબાની અને આત્મત્યાગ છે તેમાં જીત સિવાય બીજું કંઈ નથી. આ પ્રકારના અસહકારનો કોઈ વિરોધ કરી શકે એમ હું માનતો નથી. જે કોઈ દૈવી અસહકાર કરે છે તે ન્યાયની પ્રાપ્તિ થતા સુધી સહકાર કરતો નથી.

અહિંસામાંથી જ સત્ય નિષ્પન્ન થાય છે એ આપણે આગળ જોયું. સત્યના આગ્રહ માટે ગાંધીજી પોતે સતત જાગૃત હતા અને લોકોને પણ સત્યના આગ્રહ માટે સતત જાગૃત રહેવું જોઈએ એમ તેઓ માનતા. કારણકે મનુષ્યનું ગૌરવ આત્માની શક્તિને આધીન રહી વર્તવામાં રહ્યું છે. કેટલીક વેળા આત્મશક્તિને સત્યાગ્રહથી ભિન્ન ગણી સત્યાગ્રહના વિચારને ખોટી રીતે રજૂ કરવામાં આવે છે. આ વિશે સ્પષ્ટતા કરતા ગાંધીજી કહે છે: [૧૨૦] ઘણી વેળા સત્યાગ્રહ શબ્દનો અર્થ ખૂબ ખોટી રીતે કરવામાં આવે છે અને છૂપી હિંસા એમાં સમાવિષ્ટ છે એવું સૂચવાય છે. પરંતુ આ શબ્દના પ્રયોજક તરીકે મને એ કહેવાની છૂટ હોવી જોઈએ કે એ શબ્દમાં કોઈ પણ પ્રકારની હિંસા—પછી તે સ્પષ્ટ સ્વરૂપની હોય કે અસ્પષ્ટ સ્વરૂપની, વિચાર, શબ્દ કે કાર્યની હોય—એ સમાવિષ્ટ નથી. વિરોધીને પોતાને કે એને કોઈ પણ પ્રકારની કટુવાણી કાઢવી અથવા તો એને ઇજા પહોંચાડવી કે એનું બૂરું ઇચ્છવું એ સત્યાગ્રહના ભંગ સમાન છે. સત્યાગ્રહ હંમેશાં સૌમ્ય છે, આક્રમક નહિ. સત્યાગ્રહ કદીયે ક્રોધ કે મલિનતામાંથી નીપજી શકે નહીં.

સત્યાગ્રહની વધુ સમજ આપતા ગાંધીજી કહે છે:[૧૨૧] સીધા પગલાની એક અતિ અસરકારક રીતિ તરીકે સત્યાગ્રહને અપનાવનાર, સત્યાગ્રહનો આશરો લેતા

---

૧૧૮ એજ, ૨૪-૩-'૨૦ તથા ૩-૧૧-'૨૧

૧૧૯ ગાંધી સંસ્મરણ ઔર વિચાર, પા. ૫૦૦

૧૨૦ હરિજન, ૧૫-૪-'૩૩

૧૨૧ યંગ ઇન્ડિયા, ૨૦-૧૦-'૨૭

પહેલાં, બીજા બધા જ માર્ગો અજમાવી લે છે. એથી અધિકારીને એ સતત મળતો રહેશે, આમ જનસમુદાયને એ અપીલ કરશે, જનસમુદાયના વિચારવહેતરમાં એ ફાળો આપશે અને પોતાને સાંભળવા જે કોઈ તૈયાર હોય એ બધાની સમક્ષ એ શાંતિથી, સ્વસ્થતાથી પોતાના વિચારો રજૂ કરશે અને આ બધું કર્યા પછી એ સત્યાગ્રહનો આશરો લેશે.

સત્યાગ્રહને વિશે ગાંધીજી બધુમાં કહે છે :[૧૨૨] સત્યાગ્રહ અને અસહયોગ તથા સવિનય અવજ્ઞા જે સત્યાગ્રહની શાખાઓ સમાન છે એ કષ્ટ સહેવાના તેમ જ આત્મબલિદાનનાં નવાં નામો છે. પૂર્ણ હિંસાના વાતાવરણમાં જે ઋષિઓએ અહિંસાનો નિયમ શોધી કાઢયો એ ન્યૂટનના વ્યક્તિત્વ કરતા મહાન વ્યક્તિત્વધારી છે. તેઓ વેલિંગ્ટન કરતા મહાયોદ્ધા હતા. શસ્ત્રવિદ્યામાં તેઓ પ્રવીણ હતા. એમ છતાં શસ્ત્રોની નિરર્થકતા તેઓ સમજી શકયા અને એથી એમણે થાકેલા અને હારેલા સમાજને એમ શીખવ્યું કે એમની મુક્તિનો માર્ગ હિંસા નહીં પરંતુ અહિંસા છે.

સત્યની પ્રાપ્તિને માટે પ્રતિકારનો આશ્રય લેવાય ત્યારે પણ તે પ્રતિકાર અહિંસાત્મક હોવો જોઈએ એ ગાંધીજીની ધ્યેયપ્રાપ્તિની સાધનાની એક અવનવી દેણ છે.

ઉપસંહાર :

ગાંધીજીના આવા સમન્વયકારી વલણનું તાત્પર્ય સમજાવતાં ટેનિસન કહે છે: [૧૨૩]

"India, then, for matriarchal, historical, geogrophical and spiritual reasons, still honours the Saint above the film-star, political boss, the base-ball hero. But the type of saint that India honours has changed. After centuries of meditative sloth, sannyasins have come down from Himalayan peaks, emerged from forest hide-outs, stripped themselves of ashes and excrement in order to endure the rigours of love in the all too human dust from which their fore-runners shook them-

૧૨૨ ગાંધી સંસ્મરણ ઔર વિચાર, પા. ૫૦૩

૧૨૩ ટેનિસન : ઇન્ડિયાસ વોકિંગ સેઇન્ટ, ન્યુયોર્ક, ૧૯૫૫, પા. ૧૮૨

selves free. For this, western virture can claim it's own share of credit. Western virtue has been crossed with Indian vision. It is this that has given but the most exciting and important spiritual movement of our time."

ગાંધીજીની વિચારધારાના મૂળ ભારતીય સંસ્કૃતિમાં સમાયેલા છે. ગાંધીજીનો ઈશ્વરનો વિચાર અને એનો સત્ય તરીકેનો સ્વીકાર એ ખૂબ વિશિષ્ટરૂપે રજૂઆત પામ્યા છે. આમ છતાં, સત્યને ઈશ્વર તરીકે અને ઈશ્વરને સત્ય તરીકે સ્વીકારવામાં ગાંધીજીએ આદર્શ પ્રાપ્તિને માત્ર ધર્મક્ષેત્ર માટે મર્યાદિત ન રાખતા જીવનના અન્ય વિવિધ ક્ષેત્રો પર પણ પ્રસરાવી છે. સર્વધર્મ પ્રત્યેની સમદૃષ્ટિ અને એમાંથી નીપજતી ધર્મ સહિષ્ણુતાને પરિણામે, ગાંધીજીએ વિવિધ ધર્મોમાંનું જે શ્રેષ્ઠ છે તેનો સ્વીકાર કરી સ્વત્વની તથા સમાજના શ્રેષ્ઠત્વની પ્રાપ્તિને, માનવજીવનનું ધ્યેય બનાવી, એની પ્રાપ્તિ માટે પ્રેમ, અહિંસા અને સત્યનો ત્રિવિધ સ્વરૂપનો વિશિષ્ટ માર્ગ રજૂ કર્યો છે. માનવજાતના વિકાસમાં ધર્મના આ સનાતન મૂલ્યો ક્યારેક વિસરાયેલા જોવા મળે છે. તેમ છતાં, એ મૂલ્યોની અવારનવાર પુનઃ પ્રતિષ્ઠા થતી પણ જોવા મળે છે. માનવ આવાં મૂલ્યોની પ્રાપ્તિ કરી શકે એ માટે, માનવધર્મનું કેવું સ્વરૂપ હોવું જરૂરી છે એનો કંઈક ખ્યાલ ઉપર રજૂ કરેલ ગાંધી વિચારધારામાંથી પ્રાપ્ત થાય છે.

૪ ઉપસંહાર

આમ, આપણે જોઈ શકીશું કે ઇતિહાસના જુદા જુદા કાળે અને જુદા જુદા ભૌગોલિક પ્રદેશમાં ધર્મ–સમન્વયના વિવિધ પ્રયાસો થયા છે. આપણે રજૂ કરેલા પ્રયાસો ઉપરાંત બીજા કેટલાક પ્રયાસોનો પણ સમાવેશ થઈ શકે. જેમ કે, એક તત્ત્વ પર સ્થપાયેલ બ્રહ્મોસમાજ, પ્રેમધર્મ પર સ્થપાયેલ સાંઈસમાજ અને પૂર્ણયોગ પર સ્થપાયેલ અરવિંદ પંથ. આ પ્રયાસોમાંથી બે મહત્ત્વના મુદ્દાઓ નિષ્પન્ન થાય છે. એક તો, વિવિધ ધર્મોના મિલનસ્થાન શક્ય છે એનો સ્વીકાર અને બીજું, ગઈ અને ચાલુ સદીમાં આ દિશામાં સવિશેષ પ્રયાસો થયા છે તે હકીકત.

ધર્મનો ઉત્પત્તિ માનવીની આધ્યાત્મિક જરૂરિયાત પૂર્ણ કરવાને માટે થઈ છે એમ આપણે અન્યત્ર નોંધ્યું. માનવીની અન્ય જરૂરિયાતોની જેમ, એની આધ્યાત્મિક જરૂરિયાત પણ સ્વીકારાય તો, એની વિવિધ જરૂરિયાતો સંતોષવાને માટે જેમ ભિન્ન છતાં સમાન માર્ગો સંભવી શકે, તેવી રીતે, માનવીની

આધ્યાત્મિક જરૂરિયાત સંતોષવા, ભિન્ન છતાં સમાન માર્ગો હોઈ શકે. ધર્મ-સમન્વયના બધા જ પ્રયાસોનો પાયો આ રહ્યો છે.

ઓગણીસમી સદી પહેલાં આ દિશાના પ્રયત્નોને મુકાબલે ગઈ અને ચાલુ સદીમાં આવા પ્રયાસો સવિશેષે થયા છે, તે જ એ સૂચવે છે કે પલટાતા સમય, સંજોગ, સમાજ અને પરિસ્થિતિમાં પણ માનવીની આધ્યાત્મિક જરૂરિયાત સાર્વત્રિક રહી છે અને શાશ્વતરૂપે ટકી છે.

ઔદ્યોગિક ક્રાંતિથી શરૂ થયેલ સામાજિક પરિવર્તન માનવીના સમાજ-જીવનની સાથે જ એના કૌટુંબિક અને વ્યક્તિગત જીવનને પણ અસરકર્તા રહ્યું છે. શાંત અને નિર્મળ ગ્રામ્યજીવનના સ્થાને શહેરીજીવનના મંડાણ મંડાયા. સાદાઈભર્યા જીવનનું સ્થાન વૈભવભર્યા જીવને લીધું. ભૌતિક જરૂરિયાતો અનેકગણી વધી. જીવનના કેન્દ્રસ્થાને નૈતિક અને ધાર્મિક કાયદાને બદલે ભૌતિક અને આર્થિક કાયદાનું પ્રસ્થાપન થયું. આમ, ઔદ્યોગિક ક્રાંતિના સંચારણ સાથે ભૌતિકવાદના પ્રસારને વેગ મળ્યો. અર્થવાદની ઝડપી ગતિએ એને પ્રોત્સાહન આપ્યું. બંનેએ એકત્ર થઈ રાજ્યશાસનનો કબજો લીધો અને ત્રણેના આ મજિયારા પ્રયાસમાં વિજ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોએ સહકાર આપ્યો. તાંત્રિકવિદ્યા અનેકગણી વિકસી. સૃષ્ટિનાં અનેક રહસ્યો એક તરફે ઉકેલાયા, તો બીજી તરફે સૃષ્ટિની ગહનતાનાં પણ દર્શન થતાં રહ્યાં. વીસમી સદીના મધ્ય ભાગે માનવી અને માનવ-સમાજ એક સંઘર્ષની અવસ્થામાં આવ્યા. વ્યક્તિજીવન અને સમાજજીવનનાં મૂલ્યો એકમેકની સામે ટકરાયાં, એક તરફે ધાર્મિક મૂલ્યો અને બીજી તરફે સેક્યુલર મૂલ્યોનો સંઘર્ષ શરૂ થયો. એ સંઘર્ષમાં ધર્મનું, ધાર્મિક મૂલ્યોનું માર્જન કરવાના અનેકવિધ પ્રયાસો થયા. ધડોભર સેક્યુલરીઝમનું સામ્રાજ્ય સ્થપાયું હોય અને વિસ્તરતું હોય એમ લાગ્યું. પરંતુ માનવીની આધ્યાત્મિક જરૂરિયાતનો સદંતરપણે ઇન્કાર કરી શકાય નહીં, કે એને કાયમને માટે દબાવી દઈ શકાય નહીં, એનાં પ્રત્યક્ષ દર્શન, વીસમી સદીના પૂર્વાર્ધમાં એ માટેના થયેલા વિવિધ પ્રયાસો, કરાવે છે.

આજે વીસમી સદીના અંતે આવી ઊભેલા માનવી માટે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે વિશ્વનો કોઈ એક ધર્મ એની આધ્યાત્મિક અને ધાર્મિક જરૂરિયાત સંતોષશે કે એના સંતોષને માટે એક નવો જ માર્ગ અખત્યાર કરવો પડશે? માત્ર ધર્મોના સમન્વયીકરણની પ્રક્રિયા જ આ જરૂરિયાત સંતોષશે કે એ જરૂરિયાત સંતોષવા માટે એક વધુ વિસ્તૃત પ્રકારના સમન્વયીકરણની જરૂરિયાત રહેશે? એવું

સમન્વયીકરણ, જે માત્ર ધર્મોના અર્કના સમન્વયીકરણ ઉપરાંત, માનવજીવન અને માનવસમાજના વિવિધ પરિવર્તનોનું પણ સમન્વયીકરણ કરે, અને એ સમન્વયીકરણમાં ઔદ્યોગિક પ્રગતિ, તાંત્રિક વિકાસ અને વૈજ્ઞાનિક સિદ્ધિનું સમન્વયીકરણ પણ સમાયું હોય.

આથી, વીસમી સદીના માનવીને એક એવા ધર્મની જરૂર છે જે એના સમગ્ર અસ્તિત્વના કોઈ તત્ત્વનો ધિક્કાર ન કરે, અને છતાંયે એનાં સર્વ તત્ત્વોનો સ્વીકાર કરીને એની સિદ્ધિને માટેનો માર્ગ મોકળો કરે. ધાર્મિક અને સેક્યુલરના ભેદને બાજુએ મૂકી, માનવીય અને દૈવીયનો સમન્વય સાધતા, એક એવા સમાજનું પ્રબોધન કરે, જે ખરેખર માનવીની સિદ્ધિરૂપ બની, દેવભાવનાથી ઓતપ્રોત થયેલો હોય. આવા સર્વગ્રાહી ધર્મની રચના, કાળના ભાવિના ગર્ભમાં છે. માનવીનું જે સ્વરૂપ છે એ જ રહે તો એક વસ્તુ નિશ્ચિત છે કે એકવીસમી સદીના માનવીને પણ ધર્મની જરૂરિયાત રહેવાની છે, અને છતાં એ વાત પણ એટલી જ નિશ્ચિત છે કે કોઈપણ એક ધર્મ એ જરૂરિયાત સંતોષી શકે નહીં. એવી સંભવિતતા સાવ નકારી શકાય નહીં કે સામ્યવાદનું શ્રેષ્ઠ અને ધર્મનું શ્રેષ્ઠ એકત્ર થઈને, એક એવા ધર્મની પ્રાપ્તિ કરાવે, જેમાં માનવીના સામાજિક સર્વદેશીય ઉત્થાનની સાથે, એના વ્યક્તિગત સર્વાંગી વિકાસને માટે પણ સ્થાન મળે. એક એવો ધર્મ જે વ્યક્તિ જીવનનાં શ્રેષ્ઠતમ અંગોને સિદ્ધ કરવા પ્રવૃત્ત બનવા છતાં, સમાજજીવનને વ્યવસ્થિત કરવાનું કાર્ય નહીં ચૂકે. આવો ધર્મ વ્યક્તિની આધ્યાત્મિકતાની જરૂરિયાતનો સ્વીકાર કરે એટલું જ નહીં, પરંતુ સમાજની આધ્યાત્મિકતાની જરૂરિયાતનો પણ સ્વીકાર કરે, અને એક એવા આદર્શ તરફ વળે, જ્યાં માનવીનો આત્મા, સર્વત્ર પ્રવર્તમાન દૈવી આત્મતત્ત્વ સાથે એકરૂપ થઈ, અવલોકાતો રહે.

પ્રવર્તમાન ધર્મોની વિશિષ્ટતાઓને લક્ષમાં લઈ, ધર્મ–સમન્વયના વિવિધ પ્રયાસો તથા આધુનિક રાજકીય અને મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાની દિશાને અનુલક્ષીને ભાવિના ધર્મનાં આવાં દર્શન નથી થઈ શકતા ?

વિભાગ ૧ તથા ૩
સંદર્ભ ગ્રંથસૂચિ

અલપોર્ટ, ગોર્ડન : **ધી ઇન્ડીવીડ્યુઅલ એન્ડ હીઝ રિલિજિયન,** મેકમિલન, ન્યુયોર્ક, ૧૯૫૦

એલ્ડ્રોચ, વીર્ગલ સી : **ધી હાઈ એન્ડ હોલી** જર્નલ ઓફ રિલિજિયન, નં. XXXIV, ૧૯૫૪.

એલવીલા, જી. : **ઓરીજીન એન્ડ ગ્રોથ ઓફ ધી કન્સેપ્શન ઓફ ગોડ,** લંડન, ૧૮૯૨.

એંગ્સ, એસ. : **ધી મિસ્ટરી, રિલિજિયન એન્ડ ક્રિશ્ચિયાનીટી,** લંડન, ૧૯૨૫.

ઇલિંગવર્થ, જે. આર : **પર્સનાલીટી–હ્યુમન એન્ડ ડિવાઈન,** લંડન, ૧૮૯૪.

કર્મકાર, એ. પી. : **રિલિજિયન્સ ઓફ ઇન્ડિયા,** મીરા પબ્લિશિંગ હાઉસ, લોનાવાલા, ૧૯૫૦.

ક્લાર્ક, જેમ્સ એફ. : **ટેન ગ્રેટ રિલિજિયન્સ,** હગટ્ન મીફ્લીન, ૧૯૧૩.

કુક, એસ. એ. : **ધી સ્ટડી ઓફ રિલિજિયન્સ,** લંડન, ૧૯૧૪.
: **ધી ફાઉન્ડેશન્સ, ઓફ રિલિજિયન્સ,** લંડન, ૧૯૧૪.

